# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# વાર્ષિક વહીવટી અહેવાલ

# ૨૦૦૮-૦૯

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# ૨૦૦૮-૦૯ વાર્ષિક વહીવટી અહેવાલ

## અનુક્રમણિકા


| **પ્રકરણ નંબર** | **પ્રકરણનું નામ** | **પાના નંબર** |
|---|---|---|
| | અનુક્રમણિકા | |
| | મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન | |
| | આંકડાકીય વિશ્લેષણ | |
| ૧ | હદ વસતિ અને બંધારણ | |
| ૨ | **સામાન્ય વહીવટી તંત્ર** | |
| ૨.૧ | સેક્રટરી ઓફિસ | **૧ થી ૧૧** |
| ૨.૨ | સેન્ટ્રલ ઓફિસ | ૧૨ થી ૧૫ |
| ૨.૩ | ટેક્ષ વિભાગ | ૧૬ થી ૨૦ |
| ૨.૪ | કોમ્પ્યુટર ખાતુ | ૨૧ થી ૨૫ |
| ૨.૫ | ઈલેક્શન ખાતુ | ૨૬ થી ૨૮ |
| ૨.૬ | વેલફેર ખાતુ | ૨૯ થી ૩૧ |
| ૨.૭ | ગુમાસ્તાધારા ખાતુ | ૩૨ થી ૩૨ |
| ૨.૮ | લીગલ ખાતુ | ૩૩ થી ૩૬ |
| ૨.૯ | હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા | ૩૭ થી ૪૩ |
| ૨.૧૦ | નાંણા ખાતુ | ૪૪ થી ૬૩ |
| ૨.૧૧ | સેન્ટ્રલ રેકર્ડ ખાતુ | ૬૪ થી ૬૯ |
| ૨.૧૨ | પ્લાનીગ એન્ડ ફાયનાન્સ સેલ | ૭૦ થી ૮૧ |
| ૨.૧૩ | કંટ્રોલ રૂમ | ૮૨ થી ૮૩ |
| ૨.૧૪ | મ્યુનિસિપલ સ્નાનાગાર | **૮૪ થી ૮૭** |
| ૨.૧૫ | સંસ્કાર કેન્દ્ર ( મ્યુઝિયમ ) | ૮૮ થી ૯૦ |
| ૨.૧૬ | વીજીલન્સ ખાતુ | ૯૧ થી ૯૩ |
| ૨.૧૭ | પબ્લીસીટી ખાતુ | ૯૪ |
| ૨.૧૮ | સેન્ટ્રલ સ્ટોર્સ | ૯૫ થી ૯૮ |
| ૨.૧૯ | ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ | ૯૯ થી ૧૦૩ |
| ૨.૨૦ | સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ | ૧૦૪ |
| ૨.૨૧ | ઓડિટ ખાતુ | ૧૦૫ થી ૧૦૭ |
| ૨.૨૨ | હેરીટેજ | ૧૦૮ |
| ૩ | **એસ્ટેટ એન્ડ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ** | |
| ૩.૧ | એસ્ટેટ વિભાગ | ૧૦૯ થી ૧૨૭ |

| | | |
|---|---|---|
| ૩.૨ | નગરવિકાસ ખાતુ | ૧૨૮ થી ૧૩૪ |
| ૪ | **ઈજનેર વિભાગ** | |
| ૪.૧ | વોટર પ્રોજેક્ટ | ૧૩૫ થી ૧૪૦ |
| ૪.૨ | બ્રીજ ડિવીઝન | ૧૪૧ થી ૧૪૩ |
| ૪.૩ | રોડ પ્રોજેક્ટ | ૧૪૪ થી ૧૪૫ |
| ૪.૪ | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૧૪૬ થી ૧૫૦ |
| ૪.૫ | સાબરમતી રીવરફ્રન્ટ ડેવ.કો.લી. | ૧૫૧ |
| ૪.૬ | પાણી પુરવઠો તથા દુધેશ્વર વોટર વર્કસ | ૧૫૨ થી ૧૭૫ |
| ૪.૭ | ઈજનેર મધ્ય ઝોન | ૧૭૬ થી ૧૮૧ |
| ૪.૮ | ઈજનેર પૂર્વ ઝોન | ૧૮૨ થી ૧૮૫ |
| ૪.૯ | ઈજનેર પશ્ચિમ ઝોન | ૧૮૬ થી ૧૯૧ |
| ૪.૧૦ | ઈજનેર ઉત્તર ઝોન | ૧૯૨ થી ૧૯૫ |
| ૪.૧૧ | ઈજનેર દક્ષિણ ઝોન | ૧૯૬ થી ૧૯૭ |
| ૪.૧૨ | ઈજનેર નવા પશ્ચિમ ઝોન | ૧૯૮ થી ૨૦૨ |
| ૪.૧૩ | બગીચા ખાતુ | ૨૦૩ થી ૨૦૯ |
| ૪.૧૪ | દીવા બત્તી(લાઇટ ખાતુ) | ૨૧૦ થી ૨૧૨ |
| ૪.૧૫ | સેન્ટ્રલ વર્કશોપ | ૨૧૩ થી ૨૧૭ |
| ૪.૧૬ | સેન્ટ્રલ લેબોરેટરી | ૨૧૮ થી ૨૨૦ |
| ૪.૧૭ | સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગ | ૨૨૧ થી ૨૨૬ |
| ૪.૧૮ | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૨૨૭ થી ૨૨૯ |
| ૪.૧૯ | જનમાર્ગ-બી.આર.ટી.એસ. | ૨૩૦ થી ૨૩૨ |
| ૪.૨૦ | હાઉસીંગ પ્રોજેકટ | ૨૩૩ થી ૨૩૫ |
| ૪.૨૧ | જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ | ૨૩૬ થી ૨૩૯ |
| ૫.૦૦ | ફાયર બ્રિગેડ | ૨૪૦ થી ૨૪૯ |
| ૫.૧ | કોમ્યુનિકેશન વિભાગ | ૨૫૦ થી ૨૫૩ |
| ૬ | **આરોગ્ય અને તબીબી સેવાઓ** | |
| ૬.૧ | જન્મ મરણ ખાતુ | ૨૫૪ |
| ૬.૨ | રોગ પ્રતિકારક રસીઓ | ૨૫૫ |
| ૬.૩ | એપેડેમિક સેલ | ૨૫૫ |
| ૬.૪ | તબીબી વિભાગ | ૨૫૫ |
| ૬.૫ | ચેપીરોગ હોસ્પિટલ | ૨૫૬ |
| ૬.૬ | ન્યુ ચેસ્ટ ક્લીનીક ( ટી.બી. હોસ્પિટલ ) | ૨૫૬ |
| ૬.૭ | સ્લોટર હાઉસ | ૨૫૬ |
| ૬.૮ | મેલેરિયા વિભાગ | ૨૫૭ |

| | | |
|---|---|---|
| ૬.૯ | પબ્લીક હેલ્થ લેબોરેટરી | ૨૫૭ |
| ૬.૧૦ | ફ્લાઈંગ સ્કવોર્ડ | ૨૫૭ |
| ૬.૧૧ | સંકલિત બાળ વિકાસ યોજના | ૨૫૮ |
| ૬.૧૨ | બાળ લકવા નાબુદી અભિયાન | ૨૫૯ |
| ૬.૧૩ | કુટુંબ કલ્યાણ એકમ | ૨૫૯ |
| ૬.૧૪ | સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ | ૨૭૮ |
| ૬.૧૫ | અર્બન કોમ્યુનીટી ડેવ. ( યુ.સી.ડી ) | ૨૭૯ થી ૨૮૩ |
| ૬.૧૬ | હેલ્થ ખાતાની ઝોન લેવલે થતી કામગીરી<br>૧. મધ્ય ઝોન<br>૨. ઉત્તર ઝોન<br>૩. દક્ષિણ ઝોન<br>૪. પૂર્વ ઝોન<br>૫. પશ્ચિમ ઝોન<br>૬.નવા પશ્ચિમ ઝોન | ૨૮૪ થી ૨૯૩ |
| ૭ | **કન્ઝરવન્સી સેવાઓ** | |
| ૭.૧ | રેફ્યુઝ વિભાગ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) | ૨૯૪ થી ૨૯૭ |
| ૭.૨ | ઢોર ત્રાસ અંકુશ વિભાગ (સી.એન.સી.ડી.) | ૨૯૮ થી ૩૦૧ |
| ૮ | **તબીબી સેવાઓ (હોસ્પિટલો )** | |
| ૮.૧ | શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ | ૩૦૨ થી ૩૧૮ |
| ૮.૨ | શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ | ૩૧૯ થી ૩૨૭ |
| ૮.૩ | શ્રીમતી શા.ચી.લા. મ્યુ. જનરલ હોસ્પિટલ | ૩૨૮ થી ૩૩૩ |
| ૮.૪ | શેઠ ચી.હ. નગરી આંખની હોસ્પિટલ | ૩૩૪ થી ૩૪૫ |
| ૯ | **સાર્વજનિક કેળવણી (સ્કૂલ બોર્ડ )** | |
| ૯.૧ | પ્રાથમિક શિક્ષણ | ૩૪૬ થી ૩૫૧ |
| ૯.૨ | માધ્યમિક શાળાઓ | ૩૫૨ થી ૩૫૬ |
| ૯.૩ | શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ | ૩૫૭ થી ૩૬૮ |
| ૯.૪ | પુસ્તકાલયો અને વાંચનાલયો | ૩૬૯ થી ૩૭૯ |
| ૯.૫ | બાલભવન | ૩૮૦ થી ૩૮૫ |
| ૯.૬ | વ્યાયામ વિદ્યાલય | ૩૮૬ થી ૩૮૭ |
| ૯.૭ | શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય | ૩૮૮ થી ૪૦૧ |
| ૧૦ | અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ | ૪૦૨ થી ૪૧૦ |

# વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૦૮-૦૯

## મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ઔદ્યોગિક, વ્યાવસાયીક, રોજગાર, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક દ્રષ્ટિએ રાષ્ટ્રનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું શહેર એટલે અમદાવાદ. ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૯૪(૧) મુજબ આ અમદાવાદ મહાનગરપાલિકાનો સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવું છું. અમદાવાદ શહેર કે જે આગળ વધવા સાથે ફરજીયાત સેવાઓની સાથે સાથે મહત્તમ મરજીયાત સેવાઓ પણ પુરી પાડવા કટીબધ્ધ છે. જે વધતા જતાં નાણાંકીય તેમજ કામગીરીના ભારણને પહોંચી વળવા તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે અને સહીયારા પ્રયત્નો તથા કુશળ વહીવટી માર્ગદર્શન તેમજ સંચાલન વડે ઉપલબ્ધ થતાં નાણાંનો શહેરી સમાજની સગવડો તથા જરૂરીયાત માટે ઉપયોગ કરવા કટીબધ્ધ છે. આ ઉપયોગના મુલ્યાંકનની પારાશીશીરૂપ વાર્ષિક વહીવટી અહેવાલ શહેરની તમામ ગતિવીધીઓનું પ્રતિબીંબ પાડે છે.

હાલના સાયબર યુગમાં અમદાવાદ શહેરની વિકાસશીલ શહેર તરીકેની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલ પ્રતિષ્ઠાને અનુરૂપ શહેરનો સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ તેમજ વિવિધ ક્ષેત્રે સુઆયોજીત વિકાસ કરવાના પ્રયત્નોના પરિણામ દેખાવા લાગ્યા છે.હાલમાં અ.મ્યુ.કો.ના કુલ ૪૪૮.૧૬ ચો.કિ.મી વિસ્તારમાં રાજય સરકાર ધ્વારા જાહેરનામુ બહાર પાડી ઠ.નં- કેવી/૩/૨૦૦૮/અમન/૯૦/૨૦૦૮/૧૫૭ તા:૧૭/૦૧/૦૮ થી ચાંદખેડા તથા મોટેરા નગર પાલીકાના ૧૬ ચો.કિ.મી. વિસ્તાર અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં સમાવેશ કરવામાં આવેલ છે આમ જુની લીમીટ ૪૪૮.૧૬ ચો.કિ.મી. ૨ નગરપાલિકાના ૧૬.૦૦ ચો.કિ.મી. મળી કુલ ૪૬૪.૧૬ ચો.કિ.મી.નો વિસ્તાર થયેલ છે. આમ અ.મ્યુ.કોર્પો.ની સેવાઓ આપવાની જવાબદારી વધુ વિસ્તૃત થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ બોર્ડની ૪૮ બેઠકો મળી, જેમાં ૧૮૬૭ કામનો નિકાલ થયેલ. જેથી બેઠક દીઠ કામના નિકાલની સરેરાશ ૩૮.૯૦ થઈ. સ્ટેન્ડીંગ કમિટીની ૫૯ બેઠકોમાં ૧૮૩૦ કામોનો નિકાલ થયેલ હતો. ટ્રાન્સપોર્ટ કમિટીની ૨૬ બેઠકોમાં ૨૧૫ કામોનો નિકાલ થયેલ. ઉપરાંત જુદી જુદી સ્પેશ્યલ કમિટીઓની કુલ ૨૨૪ બેઠકોમાં ૨૩૨૦ કામોનો નિકાલ થયેલ. વર્ષ દરમ્યાન મળેલ કોઈ પણ મિટીંગ કોરમના અભાવે નિષ્ફળ નિવડી ન હતી.

મ્યુનિ. કોર્પોરેશનની નાણાંકીય જવાબદારીઓ પુરી પાડવા આવક મેળવવામાં પ્રોપર્ટી ટેક્ષની આવક મુખ્ય સ્રોત છે. જેની વસુલાત વધુ સઘન તથા પરિણામલક્ષી કામગીરીને લઈને લક્ષાંક મુજબની રહી છે. ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૧૫૫૪૧૬.૬૮ લાખ રહેલ છે અને રેવન્યુ ખર્ચ રૂા. ૯૧૦૪૪.૨૬ લાખ થયેલ છે. આમ ખર્ચ કરતાં આવક રૂા.૬૪૩૭૨.૪૨ લાખ વધુ થયેલ છે.

પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩૪૯૪૯.૮૩ લાખ થઇ છે.અને ઓકટ્રોય આવક સામે સરકારશ્રીની ગ્રાંટ રૂા.૮૨૬૭૧.૪૪ મળેલ છે. એકદંરે ગત વર્ષની સરખામણીમાં રેવન્યુ આવકમાં રૂા.૧૦૧૧૦.૧૮ લાખ વધારો થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ. કોર્પોરેશનનું શરૂઆતનું દેવું રૂા. ૧૯૪૫૦.૪૭ લાખનું હતું .જયારે વર્ષ દરમ્યાન તેમાંથી રૂ.૫૩૮૧.૨૪ લાખ વર્ષ દરમ્યાન ભરપાઈ થતાં, વર્ષાન્તે દેવું રૂા.૧૪૦૬૯.૨૩ લાખ બાકી રહ્યું હતું.

અન્ય કોર્પોરેશનો શહેરના નાગરિકોને નાગરિક સેવા તથા સગવડો પુરી પાડતી જે ફરજો નિભાવે છે, તે જોતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન એ દેશની શ્રેષ્ઠ સેવાઓ આપતી મ્યુનિ. કોર્પોરેશન પૈકીની એક કોર્પોરેશન છે. ઉદાહરણીય સેવાઓ આપવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે એ સનાતન સત્યના સિધ્ધાંતરૂપ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ભારતીય સંવિધાનના-૭૪માં સુધારાને અનુરૂપ વિકેન્દ્રીકરણની નિતી અપનાવી શહેરી વિસ્તારના જુની લીમીટ અને નવી લીમીટના વોર્ડ મળી કુલ ૫૭ વોર્ડ બનાવી અને તેને છ ઝોનમાં વહેંચી પ્રાથમિક જરૂરિયાતની સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, સફાઈ, લાઈટ તથા આરોગ્યની સેવાઓ તમામ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવું વહીવટી માળખું ગોઠવેલ છે, વહીવટી તંત્રમાં કાર્યદક્ષ અધિકારીઓની સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા વર્કનોમ્સ, તાલીમ, કોમ્પ્યુટરાઈઝેશન સંસ્થામાં નવા જોડાતાં કર્મચારીઓને તાલીમ, કોર્પોરેશનની તમામ વિભાગોની કામગીરીનો પરિચય, વિશેષ જાણકારી તથા કર્મચારીઓ, અધિકારીઓની સારી કાર્યક્ષમતા-કામગીરીને પ્રમાણપત્ર, ઈન્સેન્ટીવ વિગેરેથી બિરદાવી પ્રોત્સાહીત કરવામાં આવે છે, જ્યારે બિન કાર્યક્ષમ તથા ભ્રષ્ટ પુરવાર થતાં કર્મચારીઓને શિક્ષા, દંડ, વિજીલન્સ ખાતા મારફત કડક તપાસ તથા દેખરેખ રાખવામાં આવે છે. શહેરના સાંસ્કૃતિક વિકાસ તેમજ સ્મારકોની જાળવણી વિગેરે માટે તથા અન્ય કામગીરી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યવસાયીકોની સેવાઓ વિગેરે દ્વારા શહેરના નાગરિકોને મહત્તમ સુખાકારી પ્રાપ્ત કરવા વહીવટીતંત્રને તૈયાર કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

શહેરના નાગરિકો તથા પર્યટકોને આકર્ષણસમા કાંકરિયા તળાવ અને બાળકોના પ્રિય એવા પ્રાણીસંગ્રાલય, બાલવાટિકા વિગેરે આધુનિક ઉપકરણોથી વધુ આકર્ષક અને લોકભાગ્ય બનાવાયેલ છે. વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ૨૭૭૯૯૯૪ મુલાકાતીઓએ આ સંકુલની મુલાકાત લીધી હતી. શહેરના નાગરિકોની સુવિધા માટે તથા તરણસ્પર્ધાના આયોજનો માટે અન્ય રાજ્યોની સરખામણીમાં ખુબ જ ઓછા દરે શહેરમાં ૧૮ સ્નાનાગારોની સુવિધાઓ ઉપલબ્ધ છે.

કાંકરિયા તળાવ ઐતિહાસીક હોવાથી તેની મુલાકાતે ખુબજ પ્રમાણમાં મુલાકાતીઓ આવતા હોવાથી આ તળાવનો વિકાસ કરવામાં આવતાં તળાવની ફરતેચોપાટી પર ગ્રેનાઇટ સ્ટોન ફલોરીગ,ગ્રીન પેચીસ અને બીગ ટ્રી પ્લાન્ટેશન લગાવવામાં આવેલ છે,અને વાલીઓ તેમજ બાળકોના મનોરંજન માટે અટલ એકસપ્રેસ ટ્રેન મુકવામાં આવેલ છે.જેનું ઉદ્દ્ઘાટનમાન.મુખ્ય મંત્રીશ્રી,નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે.તેમજ આ ઉદ્દ્ઘાટન પ્રસગે ગુજરાત રાજયના વિવિધ મંત્રીશ્રીઓ હાજર રહેલ હતા.તાઃ૨૫/૧૨/૦૮ થી તાઃ૩૧/૧૨/૦૮ સુધી જાહેર જનતા માટે કાંકરિયા લેક ફ્રન્ટ વિનામૂલ્યે ખુલ્લુ મુકવામાં આવેલ હતુ. અને તાઃ૦૭/૦૧/૦૯ સુધી કાંકરિયા લેક ફ્રન્ટમાં પ્રવેશ ફી મારફતે મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. જેનો ૧૨,૭૮,૨૮૯ લાખ નાગરીકોએ લાભ લીધેલ.જેનો સારો પ્રતિસાદ મળેલ છે.

કલારસિકો અને જ્ઞાનપિપાસુઓને સંતોષવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ સંસ્કાર કેન્દ્ર તથા વાંચનાલયો દ્વારા અવિરત ચાલતી રહે છે.

ધી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઈઓ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ હેઠળ તૈયાર થયેલ બિલ્ડીંગ બાયલોઝના અમલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શહેરના કોટ વિસ્તારની બિલ્ડીંગ બાયલોઝ સ્કીમ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ

કંન્ટ્રોલ રેગ્યુલેશનનો આધાર લઈને રહેઠાણ તથા વ્યાપારી સંકુલોનો પદ્ધતિસર વિકાસ નિષ્ણાંત સ્થપતિઓની સલાહ લઈને કરવામાં આવી રહ્યો છે.

નગર વિકાસ ખાતામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના બાંધકામની ૧૩૮૭ અરજીઓ આવી. જેમાં અગાઉની નિકાલ થયા વગરની ૧૪૩ અરજીઓ ઉમેરતાં કુલ ૧૫૩૦ અરજીઓ પૈકી ૧૩૬૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૧૬૨ અરજીઓ બાકી રહી હતી. અમલીકરણ વિભાગ દ્વારા ૩૩૯ રહેઠાણ તથા ૧૧૨ બિનરહેઠાણના મળી એમ કુલ ૪૫૧ કેસોમાં અમલ થયેલ છે. શહેરી વિસ્તારમાં નાગરિક સેવાઓ માટે અગવડરૂપ બનતાં તથા ગેરકાયદેસરના દબાણો તથા જાહેર મિલકતોમાં થતાં દબાણો દૂર કરવા આ પ્રકારના બાંધકામો તોડી પાડવા, લારી-ગલ્લા દૂર કરવા તથા ભારે દંડ વસુલ કરવા જેવા પગલાં લેવાય છે. અહેવાલી વર્ષમાં સમગ્ર શહેરમાંથી કુલ ૩૮૦૦૨ દબાણ દૂર કરવામાં આવ્યા હતા.

નાગરિક સેવાઓમાં સૌથી અગ્રતાક્રમે મુકી શકાય તેવી શુદ્ધ પીવાલાયક પાણી પુરી પાડવાની સેવાઓ છે. અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદીન સરેરાશ ૯૨૦૦.૦૨ લાખ લીટર્સ શહેરમાં પાણી પુરૂ પાડવામાં આવ્યું, એટલે કે વ્યક્તિદીઠ દૈનિક સરેરાશ ૧૫૬.૦૦ લીટર્સ પાણી આપવામાં આવ્યું. કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ૮૪ મીલીયન લીટર ક્ષમતાની ક્લીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૯૭ ટયૂબવેલ સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ તમામ વિસ્તારોને ૩૨ ટયૂબવેલ સ્ટેશન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે.અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરની આશરે ૫૦ લાખની વસ્તીને ૧૨૯ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દ્વારા દરરોજનું ૯૨૫ થી ૧૦૦૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે.

જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા નવા પીરાણા ખાતે ૧૮૦ એમ.એલ.ડી.કેપેસીટીનો પ્લાન્ટ બનાવવા અત્યાર સુધીમાં રૂા.૫૧.૩૦ કરોડનો ખર્ચ થયેલ છે.

સાબરમતીના પૂર્વ કિનારાને સમાંતરે નાંખેલ ઈન્ટરસેપ્ટર ડ્રેનેજ લાઈનમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા માટે જુના પીરાણા ખાતે ૬૦ એમ.એલ.ડી. કેપેસીટીનો પ્લાન્ટ બનાવવા અત્યાર સુધીમાં રૂા.૧૨.૩૭ કરોડનો ખર્ચ થયેલ છે.

સાબરમતીના પૂર્વ કિનારાને સમાંતરે નાંખેલ ઈન્ટરસેપ્ટર સુએજ લાઈનમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા માટે જુના પીરાણા ખાતે ૩૫ એમ.એલ.ડી. કેપેસીટીનો પ્લાન્ટ બનાવવા અત્યાર સુધીમાં રૂા.૭.૧૦ કરોડનો ખર્ચ થયેલ છે.

પશ્ચિમ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવા અત્યાર સુધીમાં પેકેજ-૧ અને ૨ માં મળી કુલ રૂા.૩૫.૨૮ કરોડના ખર્ચે ૪૫.૮૮૭ કી.મી.લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે

ઉત્તર ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવા અત્યાર સુધીમાં પેકેજ-૧,૨,૩ અને ૪ માં મળી કુલ રૂા.૩૫.૨૮ કરોડના ખર્ચે ૩૩.૧૩૭ કી.મી.લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

મધ્ય ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈનના મેન્ટેનન્સની કામગીરી માટે અત્યાર સુધીમાં રૂા.૫.૦૫ કરોડના ખર્ચે ૩.૮૨૦ કી.મી. સ્ટોર્મ વોટર ડ્રેઈનની મેન્ટેનન્સની કામગીરી કરેલ છે.

પૂર્વ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવા અત્યાર સુધીમાં પેકેજ-૧ અને૨ માં મળી કુલ રૂા.૨૬.૦૫ કરોડના ખર્ચે ૩૫.૫૭૧ કી.મી.લંબાઈમાં સ્ટ્રોર્મ વોટર ડ્રેઇનની કામગીરી કરેલ છે.

દક્ષિણ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવા અત્યાર સુધીમાં પેકેજ ૧,૨ અને ૩માં મળી કુલ રૂા.૧૬.૫૧ કરોડનાં ખર્ચે ૨૯.૩૫ કી.મી.લંબાઈમાં સ્ટ્રોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

શહેરના પૂર્વ અને દક્ષિણ ઝોનમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્વસ્તિક ક્રોસ રોડથી હાટકેશ્વર આવકાર હોલ દક્ષિણી બ્રીજ થઈ ખોડિયારનગરથી સાબરમતી નદી સુધી આર.સી.સી. ડકટ બનાવવા અત્યાર સુધીમાં રૂા.૨૯.૦૮ કરોડના ખર્ચે ૭.૫૬૫ કી.મી.લંબાઈમાં આર.સી.સી. ડકટ બનાવવાની કામગીરી કરેલ છે.

આ ઉપરાંત અમદાવાદ શહેરમાં નવા સમાવિષ્ટ થયેલા નવા પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં નર્મદાનું પાણી બાકી રહેતા ગામોના  વિસ્તારોને પુરુ પાડી શકાય તે માટેની ટ્રંક મેઈન્સ લાઈનો નાખવાનું કામ ૬૯ કરોડના ખર્ચે કરવાનુ ં આયોજન કરેલ છે. જે અંગેના ટેન્ડરો બહાર પાડવાની પ્રક્રિયા ચાલુ છે. તેમજ ઘાટલોડીયા ખાતે નવુ વોટરડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનુ તથા નેટવર્કનુ કામ કરવા અંગે રૂા. ૪૭૨ લાખનુ ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. આ ઉપરાંત નવા પશ્ચિમ ઝોનના અન્ય વિસ્તારોમાં પણ પાણી પુરવઠા યોજનાના કામો કરવાનું આયોજન હાથ ધરેલ છે.

જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ શહેરમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી કરવાની થાય છે. જેમાં નવા પશ્ચિમ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરીના પેકેજ-૧ થી ૧૨(સોલા,ચાંદખેડા,મોટેરા,ત્રાગડ,થલતેજ,મકરબા વિગેરે), નવા સમાવિષ્ટ થયેલ પૂર્વ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરીના પેકેજ-૧ થી ૬ તથા નવા પશ્ચિમ વિસ્તારોમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી પૈકી પેકેજ-૮(સોલા,થલતેજ,આંબલી)અને પેકેજ-૯(મેમનગર,વસ્ત્રાપુર,વેજલપુર)ની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. સદર પેકેજના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે. સદર કામગીરીમાં નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક નાંખવાના પેકેજ ૧ થી ૧૨ માં અંદાજીત ખર્ચ રૂા.૧૪૬.૦૪ કરોડનો થશે. નવા પૂર્વ વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૬૩.૨૯ કરોડનો થશે. નવા પશ્ચિમ વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨૪.૧૪ કરોડનો થશે.

બી.આર.ટી.એસ.અંતર્ગત શિવરંજની જંકશન ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ રૂા.૧૯.૧૦ કરોડ ના ખર્ચે કરવામાં આવેલ છે.

હેલ્મેટ જંકશન ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ રૂા.૧૫.૧૫ કરોડ ના ખર્ચે કરવામાં આવેલ છે.
એ.ઇ.સી. સોલા ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ રૂા.૧૮.૫૫ કરોડ ના ખર્ચે કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીની જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન(JnNURM)હેઠળ ફેઝ-૧ માટે રૂા.૪૯૩.૩૨ કરોડનાં પ્રોજેક્ટને તથા ફેઝ-૨નાં રૂા.૪૮૮.૧૩ કરોડનાં જનમાર્ગ પ્રોજેક્ટને મંજુરી મળેલ છે.

ફેઝ-૧માં રોડની મધ્યમાં બી.આર.ટી. લેનમાં બસ શેલ્ટર તૈયાર કરવામાં આવી રહેલ છે. આ બસ શેલ્ટરમાં બન્ને ડાયરેકશનથી બે - બે બસ એક સાથે ઊભી રહી શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. બસ શેલ્ટરમાં એન્ટ્રી માટે ટર્ન સ્ટાઇલ ટીકીટીગ સિસ્ટમ છે. બસ શેલ્ટરનું પ્લેટફોર્મ લેવલ બસનાં લેવલે રહેશે. શેલ્ટરનાં દરવાજા બસનાં દરવાજા સાથે સિન્ક્રોનાઇઝ કરાયેલ છે. તેમજ પેસેજર્સ માટે જરુરી એડવાન્સ માહીતી, એરીયા રૂટ મેપ, એલ.ઇ.ડી. પેસેન્જર્સ ઇન્ફરમેશન સિસ્ટમ વિગેરેની સુવિધાથી સુસજ્જ છે. સિનિયર સીટીઝન તેમજ શારીરીક વિકલાંગ વ્યકિતઓ માટે સ્પેશીયલ રેમ્પની સુવિધા છે. જેમાં સ્પેશીયલ કલરનાં ટેકટાઇલ ટાઇલ્સ લગાવેલ છે જે અંધજનોને બસમાં જવા- આવવા માટે મદદરૂપ રહેશે.

નાગરિકોની અવરજવર અને માલસામાનની ઝડપી સુવિધાજનક હેરાફેરી માટે અડચણમુક્ત પહોળા અને સરળ રોડ જરૂરી છે. હાલમાં વાહનોની વધતી જતી સંખ્યા જોતાં રોડ રીસરફેઇસ તથા પહોળા બનાવવાનું આયોજન અને અમલ કરાયેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન સમગ્ર શહેરમાં ૨૦૩.૪૨ કી.મી. લંબાઈના કુલ રૂા.૩૮૩૫.૩૩ લાખના ખર્ચે રસ્તા રીસરફેઇસ કરવામાં આવ્યા છે. તેમજ ૧૦૨.૫૪ કી.મી. લંબાઇના કુલ રૂા.૧૧૪૧.૪૧ લાખના ખર્ચે રસ્તા પાકા અને પહોળા કરવામાં આવ્યા છે.

શહેરી વિસ્તારમાં ટ્રાફિક સીગ્નલો પાસે થતો ટ્રાફિકનો અતિશય ધસારો અને શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરના ક્રોસીંગો પાસે જામ થતાં ટ્રાફીકના ધસારાથી ઉભી થતી અગવડો નિવારવા ફ્લાયઓવર્સ અને અન્ડરપાસીસ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.અહેવાલી વર્ષમાં કુલ ૬ ફલાય ઓવર્સ , અન્ડરપાસ અને કલ્વર્ટ બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.તથા કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં લઈ વધતા જતાં ટ્રાફીક તથા રાત્રી દરમ્યાન પણ અવરજવરથી ધમધમતાં રહેતાં રસ્તાઓ સહિત તમામ વોર્ડમાં સ્ટ્રીટલાઈટની સુવિધા વધુ સક્ષમ બનાવવા જાહેર માર્ગો ઉપર સોડિયમ ફીટીંગ્સ લગાડાયેલ છે. કુલ નવી સોડીયમ લાઈટોની સંખ્યા વધારીને ૩૯૪૭૩ જેટલી કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરના જૂના અને નવા વિસ્તારોમાં એકંદરે કુલ ૧૭૨ નવા સ્વીચીંગ પોઈન્ટ્સ તથા સ્ટ્રીટલાઈટ સુધારવાના અનેક કામો કરવામાં આવ્યા. ચાલી અને ઝૂંપડપટ્ટીઓમાં પણ ૧૧ વોલ્ટ સી.એફ.એલ. ટ્યુબલાઈટની સંખ્યા ૧૮૧૯૪ થી વધારીને ૧૯૧૯૧ જેટલી કરવામાં આવી.વર્ષના અંતે ૬૯૪ ફલડ લાઈટ કાર્યરત કરવામાં આવી. અહેવાલી વર્ષમાં ૩૬૧૦૬ હજાર કી.વો. વીજ વપરાશ થયેલ. જેનો કુલ ખર્ચ રૂા.૧૩૫૯.૫૪ લાખ જેટલો થયેલ.

નાગરિકોના આરોગ્યરૂપી સુખનો આધાર એવી શહેરની સફાઈ કામગીરીમાં જાહેર રસ્તાઓ, પોળો, સોસાયટીના કચરાની નિયમિત સફાઈ અંગે તંત્રને હંમેશા સતર્ક રખાય છે. એકઠા થયેલા કચરા સહિત કચરાપેટીમાં ઠલવાતા અન્ય કચરાને જેસીબી મશીન, લોડર મશીન, ટીપર મશીન, ટ્રક વિગેરે વાહનો દ્વારા ઉપાડી નિયત જગ્યાએ ડમ્પીંગ સાઈટ પર ઠાલવી જંતુનાશક દવાઓ છાંટી ઉપર માટી પુરાણનો થર કરી નિકાલ કરાય છે. અહેવાલી વર્ષમાં કુલ ૮૦૫૪૫૫ મેટ્રીક ટન કચરાનો નિકાલ થયેલ.

શહેરી નાગરિકોના આરોગ્યની જાળવણી તેમની રોગપ્રતિકારક શક્તિની જાળવણી જાહેર આરોગ્યની જાળવણી, ખાદ્ય પદાર્થો ને પ્રદૂષણમુક્ત રાખવા તેમજ રોગોના ઉપદ્રવોને ઉગતા જ ડામવા વિગેરે જેવી પ્રાથમિક અગત્યની મ્યુનિ. કોર્પોરેશનની જવાબદારી અંગે યોજનાબધ્ધ કાર્યક્રમો યોજવા, અન્ય આવશ્યક પગલાં લેવા હંમેશા જાગૃત રીતે કામગીરી હાથ ધરાય છે. આ માટે શહેરમાં ૧૪ ડીસ્પેન્સરી, ૧૦ પ્રસુતિગૃહો, ૧ દાંતના દવાખાના અને ૩ રેફરલ હોસ્પીટલોની સેવા ઉપલબ્ધ છે.શહેરમાં ચાલી અને ઝૂંપડપટ્ટી વિસ્તારની વસ્તીનું જીવનધોરણ ઉંચું લાવવા તેના રહીશો, ઔદ્યોગીક ગૃહો, પ્રાઈવેટ સેક્ટર, સ્વૈચ્છીક-સામાજિક સંસ્થાઓના સહયોગથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે ‘‘પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજના’’ હેઠળ વ્યવસ્થિત અમલ કરેલ છે.સ્લમ વિસ્તારના રહીશોના આરોગ્યની જાળવણી અને બાળકોને રોગમુક્ત રાખવાના વિશેષ પ્રયાસો, વિવિધ કાર્યક્રમો અને મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા કરવામાં આવેલ છે. શહેરની ત્રણેય જનરલ હોસ્પિટલોમાં અત્યાધુનિક સાધનો વસાવી દાન વિગેરે મળવાથી નવી સુવિધાઓ મળવાથી જન સામાન્યને મહત્તમ તબીબી સેવા મળે તેનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

શહેરના નાગરીકોની આરોગ્યની જાળવણી માટે શહેરમાં ૩ જનરલ હોસ્પિટલો ચલાવવામાં આવે છે.જેમ કે વા.સા.હોસ્ટિપલ ૧૧૧૫ પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૫૦૨૨૯ અને બહારના

દર્દી તરીકે કુલ ૫૪૨૩૨૯ દર્દી તરીકે સારવાર આપેલ છે.કુલ ખર્ચ રૂા.૪૭૨૮.૫૦ લાખ તથા વા.સા.હોસ્પિટલનું ૭૯ પથારીઓ ધરાવતું અધ્યતન ટ્રોમા સેન્ટર પણ કાર્યરત છે,એલ.જી.હોસ્પિટલ ૪૭૦ પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૨૮૧૬૩ અને બહારના દર્દી તરીકે કુલ ૨૯૩૧૨૦ દર્દી તરીકે સારવાર આપેલ છે. કુલ ખર્ચ રૂા.૧૨૭૩.૦૦ લાખ અને શા.ચી.લા.હોસ્પિટલ ૪૮૮ પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૨૧૫૯૨ અને બહારના દર્દી તરીકે કુલ ૩૬૩૦૭૭ દર્દી તરીકે સારવાર આપેલ છે. કુલ ખર્ચ રૂા.૧૨૯૯.૯૧ લાખ થયેલ છે.આ હોસ્પિટલોની ખુબજ સારી સેવાઓ આપે છે.

મોટી ઉધરસ, ધનુર, ડીપ્થેરીયા, ઓરી તથા બાળલકવા જેવા બાળકોની માંદગી અને મૃત્યુ માટે કારણભૂત રોગો સામે રક્ષણ આપવા રસીકરણની વ્યવસ્થા વીનામૂલ્યે મળે તેવી સગવડ કરવામાં આવેલ છે. બાળકો તથા સગર્ભા માતાઓને રોગોથી રક્ષણ આપવાના પૂર્વ પ્રયાસરૂપે પોલિયો, ત્રિગુણી, બી.સી.જી., ટી.ટી., ઓરી અને દ્વિગુણી જેવી રસીઓ દરેક વિસ્તારના જન્મ નોંધણી કેન્દ્રો, રેફરલ હોસ્પીટલ, મ્યુનિ. મેટરનીટી હોમ, કામદાર રાજ્ય વીમા કેન્દ્રો વિગેરે મળીને કુલ ૫૭ કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે અને ૫૭ વોર્ડમાં અર્બન સેન્ટરો કાર્યરત થયેલા છે.બાળલકવા નાબુદીના વૈશ્વિક સ્તરે ચાલતા અભિયાનના ભાગરૂપે વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૦૬.૪૬% સિધ્ધી હાંસલ કરેલ છે.

રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી યોજના હેઠળ જરૂરિયાત મુજબ દવાઓનો છંટકાવ કરવા ફોગીંગ મશીનો થી ધુમાડો કરવાની કામગીરી રાજ્ય સરકારશ્રી દ્વારા પૂરી પડાતી વિના મૂલ્યે દવાઓની સહાયથી કરવામાં આવે છે. મેલેરિયા રોગના દર્દી પારખવા લેવાયેલ લોહીના ૫૪૩૫૧૬ નમુના પૈકી ૩૯૭૬ પી.વાઇવેક્સ,૧૯૩૩ પી ફાલ્સીપેરમ કુલ૫૩૭૫ અને ડેન્ગ્યુના ૪૦૧ જેટલા કેસોને દર્દી તરીકે જાહેર કરવામાં આવેલ.

સામાજિક તથા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો તથા માતાઓને આરોગ્ય તથા શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા કેન્દ્ર સરકારશ્રીની સહાયથી ૫ યુનિટોમાં આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.આઇ.સી.ડી.એસ.ઘટક-૧ થી ૫ ધ્વારા ૧૪૦૨ આંગણવાડીઓ મંજુર કરવામાં આવે છે.

આંકડાકિય પરિસ્થિતિ જોતાં ૨૦૦૮ ના વર્ષમાં મરણ દરનું પ્રમાણ દર હજારે ૭.૧૬ અને જન્મ દરનું પ્રમાણ હજારે ૨૦.૪૮ રહેલ છે.

ઝૂંપડપટ્ટી અને ચાલી વિસ્તારમાં રહેતા અને ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના સર્વાંગી વિકાસાર્થે, રાજ્ય સરકારશ્રીના સહયોગથી પ્લાન ઓફ એક્શન હેઠળ તેઓ સ્વપ્રયત્નોથી આત્મનિર્ભર બને તેવી સેવાકીય પ્રવૃત્તિઓ અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવે છે.જે પૈકી સરકારશ્રીની સંકટ મોચન યોજના હેઠળ શહેરી ગરીબ એવા લાભાર્થીઓને કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતના અવસાનથી પડેલ આંશિક ખોટને પુરવા માટે વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ગ્રાંટની ચુકવણી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૨૧૫૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ જયારે અગાઉ મંજુર કરેલ લાભાર્થીઓ સહિત કુલ ૯૬૭ લાભાર્થીઓને ૯૬.૭૦ લાખની સહાય અહેવાલી વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના હેઠળ વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબના ૫૧૭ લાભથીઓને બેંકો મારફતે લોન સહાય મંજુર કરવામાં આવેલ જેમાં ૯૭.૩૨ લાખ સબસીડી ચુકવેલ હતી.

ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. શહેરમાં બનતા આગના બનાવો ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે પુર અને અતિવૃષ્ટિમાં ત્વરીત અને અત્યંત જોખમી સેવા પણ ફાયરબ્રિગેડના કર્મચારીઓ સરળતાથી બજાવે છે. આધુનિક ટૅકનોલોજીથી સજ્જ સાધનોવાળા વાહનોથી ૧૨ ફાયર સ્ટેશનો સાથે ફાયરબ્રિગેડનું તંત્ર હંમેશા સજાગ કામગીરી કરે છે. ૧૭ એમ્બ્યુલન્સ ગાડીઓ, ૧૮ નાની શબવાહીની અને ૨

મોટી શબવાહીની બસ નાગરિક સેવામાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષમાં મ્યુનિ. હદમાં રૂા. ૪૧૭૨.૦૦ લાખનું તથા મ્યુ. હદ બહાર રૂા.૭૩૬૭.૭૦ લાખનું આગ અને પાણીથી નુકશાન થયું હતું.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રાથમિક શિક્ષણ સમિતી અને ૧૯૨૦ થી નગરના લાખો બાળકો કે જેમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા બાળકો સવિશેષ છે તેમને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડે છે. સમિતીના નિતીવિષયક નિર્ણયો શિક્ષણ સમિતિ લે છે. જેનો વહીવટ સ્કુલબોર્ડ શાસનાધિકારી કરે છે. અહેવાલ વર્ષમાં જુદા જુદા માધ્યમોની કુલ ૪૬૨ શાળાઓ મારફતે ૧૫૮૫૪૮ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેલ. શિક્ષક દીઠ સરેરાશ સંખ્યા ૩૮.૪૬ વિદ્યાર્થીની રહેલ છે. વર્ગદીઠ વિદ્યાર્થીની સરેરાશ ૪૧.૭૨ ની હતી. કુલ શિક્ષકોની સંખ્યા ૪૧૨૧ હતી.પ્રાથમિક શિક્ષણ વિભાગ માટે સરકારશ્રી તરફથી સને ૨૦૦૮-૦૯ માં રૂા.૧૨૭૭૪.૯૯ લાખની ગ્રાંટ મળેલ છે. જેની સામે સને ૨૦૦૮-૦૯માં રૂા.૧૫૬૩૩.૪૬ લાખનો ખર્ચ થયેલ છે. શિક્ષણ કાર્યક્ષમતા વધારવા માટે શિક્ષકોને પ્રશિક્ષિત કરવા તેમજ અભ્યાસક્રમ બદલાય ત્યારે શિક્ષકોને નવી તરાહથી માહિતગાર કરવા ''નૂતન તાલીમ વિભાગ'' હેઠળ શિબિરો યોજી શિક્ષકોને વધુ વ્યાવસાયિક દ્રષ્ટિકોણ સાથે સુસજ્જ કરવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ સેવા એ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મરજિયાત સેવાઓ પૈકીની એક સેવા છે. અદ્યતન તબીબી અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તબીબી અભ્યાસ માટેની મ્યુનિ. મેડિકલ કોલેજનું સંચાલન કરે છે.જેમાં પ્રથમ ટર્મમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૨૪ અને બીજી ટર્મમાં ૬૨૩ હતી સને ૨૦૦૮-૦૯ ની કુલ આવક રૂા.૧૦૪૧.૧૪ લાખની થયેલ છે જયારે ૦૮-૦૯ના વર્ષ દરમ્યાન રૂા.૧૨૦૪.૩૨ લાખનો ખર્ચ થયેલ છે.

માધ્યમિક શિક્ષણ માટે એક ગર્લ્સ હાઈસ્કૂલ સહીત પાંચ માધ્યમિક શાળાઓ દ્વારા મધ્યમવર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓને લાભ અપાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનવાંચ્છુઓ તથા સંસ્કૃત ભાષાના જ્ઞાન દ્વારા વેદ, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વેદાંત, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે વિષયોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળાનું સંચાલન થાય છે. પુસ્તકાલય, વાંચનાલયો, બાલભવનો, વ્યાયામ શાળા જેવી સુવિધાઓ પણ પુરી પડાય છે.

વાંચન શોખીન અને જ્ઞાન પિપાસુઓના હાર્દમાં અગ્રેસર એવા ''માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય'' ઉપરાંત ૧૨ પુસ્તકાલય, ૧૨ વાંચનાલય અને ૫ બાલભવન કાર્યરત છે.ઉપરાંત ફરતું બાળ પુસ્તકાલય ના ૨૭ સેવા કેન્દ્ર ફરતું મહિલા પુસ્તકાલય ના ૩૩ સેવા કેન્દ્ર તથા ઓડીયો વિડીયો મોબાઈલ લાયબ્રેરીના ૧૫ સેવા કેન્દ્રો કાર્યરત છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, ઓડિટોરિયમ, ટાઉનહોલ, પિકનિક હાઉસ વગેરે સામાજિક, ધાર્મિક કે અન્ય હેતુ માટે ભાડે આપી અહેવાલી વર્ષમાં રૂા. ૧૧૬.૦૧ લાખ આવક મેળવેલ છે. પ્રાથમિક શાળાના મકાન પણ આ રીતે ભાડે અપાય છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેવાલક્ષી વહીવટમા ંસંલગ્ન સ્વાયત્ત સંસ્થા એ.એમ.ટી.એસ. છે જેનો વહીવટ ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા થાય છે. ૧૯૪૭માં ૧૧૨ બસોથી કુલ ૩૮ રૂટ ઉપર બસો મૂકી એ.એમ.ટી.એસ.ની શરૂઆત થયેલ. અ.મ્યુ.ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા અહેવાલ વર્ષ દરમ્યાન કુલ્લે ૮૧૬ બસો રોડ ઉપર મુકવામાં આવેલ જેમાં ડીઝલ આધારિત બસોની સંખ્યા ૩૯૩ છે અને સી.એન.જી.ગેસ આધારિત બસો ૪૨૩ નો સમાવેશ થાય છે તે બસોનો નામ. સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ પર્યાવરણ જાળવણી ના ભાગરૂપે

પ્રારંભ કરવામાં આવેલ. ઉત્તરોત્તર શહેરના વિકાસ સાથે વાહન સેવામાં પણ પ્રગતિ થયેલ છે. અહેવાલ વર્ષમાં સંસ્થાએ દરરોજ સરેરાશ ૮૨૦૪૬૪ મુસાફરોને સેવા આપેલ છે. વિદ્યાર્થીઓ માટે કન્સેશન દરે શાળા સુધી અવરજવર, શહેરના જોવાલાયક સ્થળો માટે લક્ઝરી ટુરિસ્ટ કોચ, શારીરિક અપંગો માટે અડધા દરે, સ્વાતંત્ર્ય સેનાની અને અંધ વ્યક્તિઓને વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવામાં આવે છે. સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીની સગવડ પણ આપવામાં આવે છે.

અહેવાલ વર્ષમાં એ.એમ.ટી.એસ.ની સેવાઓનો કુલ ખર્ચ રૂા. ૨૧૩૭૨.૮૧ લાખ થયો. જેની સામે આવક રૂા. ૧૧૨૯૬.૦૩ લાખ થઈ. જેથી કુલ ખોટ રૂા. ૧૦૦૭૬.૭૮ લાખની થઈ. આ સેવામાં સંસ્થાને સતત ખોટ થતી રહી છે. છતાં પણ શહેરીજનોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કોર્પોરેશન તરફથી લોન સહાય પૂરી પાડીને પણ આ સેવા ચાલુ રખાયેલ છે.

સંનિષ્ઠ પ્રયાસો અને આયોજનબધ્ધ પગલા દ્વારા મહત્તમ આવક મેળવવા અને તે દ્વારા શ્રેષ્ઠ વિકાસ સાધવા તથા સેવા પૂરી પાડવાના ધ્યેયને લક્ષમાં રાખી થયેલ અસરકારક કામગીરીના પરિણામ સ્વરૂપ અહેવાલ વર્ષમાં રૂા. ૪૯૩૮૫.૯૩ લાખના કેપીટલ ખર્ચે વિકાસના કામો કરવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરશનની આવક તથા સેવાઓ સુધારવા મ્યુનિ. અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલ ખંતપૂર્વકની કામગીરી ખરેખર બિરદાવવાપાત્ર રહેલ છે. જે થકી શહેરના વિકાસ કાર્યોના ઝડપી પરિણામો મળેલ છે.

શહેરના નાગરિકો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારોના સુંદર સાથ સહકાર અને માર્ગદર્શન તેમજ ખામીઓ પ્રત્યેના અંગૂલીનિર્દેશ કોર્પોરેશનની કામગીરીની કાર્યક્ષમતા તથા ગુણવત્તા માટે નોંધપાત્ર રીતે મળતો રહેલ છે. શહેરના જાગૃત અને લોકાભિમુખ અખબારો દ્વારા કોર્પોરેશનની સિધ્ધિઓની પ્રસિધ્ધી તથા ઉણપો પ્રત્યે દોરાયેલ ધ્યાનના કારણે વહીવટી તંત્ર વધુ જાગૃત અને ઉત્સાહિત બનેલ છે. જેની ખાસ નોંધ લઈ સૌનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

**મ્યુનિસિપલ કમિશનર**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## આંકડાકીય વિશ્લેષણ
## ૨૦૦૮-૦૯

(૧) વહીવટી એકમ — અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન<br>સરદાર પટેલ ભવન, દાણાપીઠ<br>અમદાવાદ ૩૮૦૦૦૧

(૨) વહીવટી એકમનું વિવરણ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ક | ઈલેક્શન વોર્ડ | ૩૬ | ૪૩ | ૫૭ |
| ખ | કાઉન્સીલરોની સંખ્યા | ૧૦૫ | ૧૨૭ | ૧૨૯ |
| ગ | કાયદાકીય સમિતિઓ | ૩ | ૩ | ૨ |
| ઘ | અન્ય સમિતિઓ | ૯ | ૧૨ | ૧૪ |

(૩) વસતિ અને વિસ્તાર

| અ.નં. | વિગત | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વસતિ<br><br>(ક) પુરુષ<br>(ખ) સ્ત્રી | ૨૦૫૯૭૨૫<br>૧૦૯૯૮૯૯<br>૯૫૯૮૨૬ | ૨૮૭૬૭૧૦<br>૧૫૨૨૯૭૫<br>૧૩૫૩૭૫૫ | (જુની)૩૫૨૦૦૮૫<br>(નવી) ૯૮૫૪૫૨<br>૧૮૬૭૨૪૯<br>૧[illegible]૨૮૩૬ |
| ૨ | સ્ત્રીઓનું પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોએ) | ૮૭૩ | ૮૮૯ | ૮૮૫ |
| ૩ | શિક્ષણનું પ્રમાણ | ૬૪.૦૮ | ૬૬.૮૭ | ૮૨.૯૧ |
| ૪ | કુલ વિસ્તાર ( ચો. કી.મી.) | ૯૮.૧૫ | ૧૯૦.૮૪ | ૧૯૦.૮૪ |
| ૫ | વસતિની ઘનતા ( દર ચો. કી.મી. દીઠ ) | ૨૦૯૮૫ | ૧૫૦૭૪ | ૧૮૪૪૫ |
| ૬ | અનુસુચિત જાતિ | ૨૬૯૨૩૦ | ૩૭૬૧૨૭ | ૪૨૬૭૪૩ |
| ૭ | અનુસુચિત જનજાતિ | ૧૫૩૦૩ | ૨૩૦૯૫ | ૩૪૧૨૧ |

૪ જન્મ મરણના આંકડા

| અ.નં. | વિગત | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નોંધાયેલ જન્મ | ૭૦૪૧૧ | ૮૨૯૯૨ | ૧૦૪૭૬૧ |
| ૨ | જન્મનું પ્રમાણ | ૩૪.૧૮ | ૨૮.૮૫ | ૨૦.૪૮ |
| ૩ | નોંધાયેલ મૃત્યુ | ૨૩૧૬૩ | ૨૯૨૭૨ | ૩૬૬૩૨ |
| ૪ | મૃત્યુ પ્રમાણ | ૧૧.૨૫ | ૧૦.૧૮ | ૭.૧૬ |
| ૫ | બાળ મરણો | ૪૫૩૧ | ૩૩૪૨ | ૨૩૪૭ |
| ૬ | બાળ મરણનું પ્રમાણ | ૬૪.૩૫ | ૪૦.૨૭ | ૨૧.૩૭ |
| ૭ | માતૃ મરણ | ૪૭ | ૨૨ | ૭૫ |
| ૮ | માતૃ મરણનું પ્રમાણ | ૦.૬૭ | ૦.૨૭ | ૦.૭૧ |

(૫) તબીબી સેવાઓ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ચેપી રોગની હોસ્પિટલ | ૧ | ૧ | ૧ |
| ૨ | પથારીની સંખ્યા | ૧૧૦ | ૧૧૦ | ૧૧૦ |
| ૩ | નગરી આંખની હોસ્પિટલ | ૧ | ૧ | ૧ |
| ૪ | પથારીઓની સંખ્યા | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૫ | ન્યુ ચેસ્ટ ક્લીનીક | ૧ | ૧ | ૧ |
| ૬ | પથારીઓની સંખ્યા | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૭ | જનરલ હોસ્પિટલ | ૩ | ૩ | ૩ |
| ૮ | પથારીઓની સંખ્યા+ટ્રોમા સેન્ટર | ૧૬૦૫ | ૧૭૫૪ | ૨૧૬૪ |
| ૯ | રેફરલ હોસ્પિટલ | - | ૫ | ૩ |
| ૧૦ | પથારીઓની સંખ્યા | - | ૧૬૨ | ૬૦ |
| ૧૧ | પ્રસુતિગૃહોની સંખ્યા | ૨૨ | ૧૮ | ૧૦ |
| ૧૨ | પથારીઓની સંખ્યા | ૫૯૪ | ૪૬૦ | ૧૫૭ |
| ૧૩ | ઓ.પી.ડી. દવાખાનાની સંખ્યા | ૩૫ | ૨૮ | ૧૪ |
| ૧૪ | દાંતના દવાખાનાની સંખ્યા | ૪ | ૪ | ૧ |

(૬) લોકોની સુવિધાઓ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાણી પુરવઠો<br>(ક) દૈનિક ( લાખ લીટર્સ)<br>(ખ) સરેરાશ પ્રતિ વ્યકિતદીઠ (લીટર્સ) | <br>૪૩૬૧.૯૯<br>૧૯૯.૯૦ | <br>૪૨૩૪.૩૭<br>૧૪૭.૧૯ | <br>૯૨૦૦.૦૨<br>૧૫૬.૦૦ |
| ૨ | વર્ષાન્તે પાણીની પાઈપલાઈનની લંબાઈ (કી.મી.) | ૧૬૯૩.૬૭ | ૨૦૮૨.૦૨ | ૩૦૭૧.૨૪ |
| ૩ | વર્ષાન્તે પાણીના જોડાણો ( સંખ્યા ) | ૧૬૦૩૫૯ | ૨૦૮૭૫૦ | ૨૮૭૬૨૦ |
| ૪ | રસ્તાની લંબાઈ (કી.મી.)<br>(ક) પાકા રસ્તા<br>(ખ) કાચા રસ્તા<br>(ગ) દર ચો.કી.મી. વિસ્તાર દીઠ રસ્તાની લંબાઈ | ૧૦૫૪.૩<br>૯૪૦.૦૦<br>૧૧૪.૩<br>૧૦.૭ | ૧૨૧૪.૦<br>૧૦૧૫.૪<br>૧૯૮.૬<br>૬.૪ | ૨૬૪૫.૦૧<br>૨૧૨૯.૧૧<br>૫૧૫.૯૦<br>૭.૦૦ |
| ૫ | ગટરલાઈનની લંબાઈ (કી.મી.) | ૯૩૨.૫ | ૧૦૬૦.૩ | ૧૫૪૯.૬૦ |
| ૬ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન ( કી.મી.) વરસાદીપાણીના નિકાલની લાઈન | ૨૨૯.૦ | ૨૬૮.૪ | ૬૩૭.૧૦ |
| ૭ | દીવા બત્તીની સંખ્યા<br>(ક) ટયુબ લાઈટ<br>(ખ) મરક્યુરી લાઈટ<br>(ગ) સોડિયમ લાઈટ<br>(ઘ) સામાન્ય ગોળાઓ<br>(ચ)ફ્લડ લાઈટ | ૩૯૭૯૮<br>૧૩૪૬૩<br>૧૩૦૭૧<br>૧૬૫<br>૧૩૦૯૯<br>- | ૬૦૯૯૩<br>૨૯૮૧૨<br>૧૫૫૨૫<br>૧૫૨૧<br>૧૪૧૩૫<br>- | ૮૯૫૨૩<br>૨૬૭૩૧<br>૩૦૬૪<br>૩૯૪૭૩<br>૩૭૦<br>૧૯૧૯૧+ ૬૯૪ |
| ૮ | (ક) સફાઈ કામદારો (કાયમી)<br>(ખ) કચરાનો નિકાલ (પ્રતિદીન સરેરાશ મેટ્રીક ટન )<br>(ગ) પ્રતિ વ્યકિતદીઠ સરેરાશ કચરાનો નિકાલ ( ગ્રામમાં ) | ૩૮૭૬<br>૮૬૭<br>૪૧૭ | ૭૦૧૫<br>૧૬૭૧<br>૫૬૮ | ૭૨૮૧<br>૨૨૦૬<br>૪૩૪ |
| ૯ | (ક) અગ્નિશામક મથકો<br>(ખ) આગના બનાવો<br>(ગ) આગના બનાવોમાં નુકશાન ( રૂ. લાખમાં ) | ૯<br>૬૧૦<br>૨૦૬.૫૦ | ૯<br>૭૭૮<br>૧૧૭૬.૮૪ | ૧૨<br>૧૧૯૬<br>૪૧૭૨.૦૦ |

(૭) સાર્વજનિક કેળવણી

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્રાથમિક શાળાઓ | ૪૯૬ | ૫૫૫ | ૪૬૨ |
| ૨ | વિદ્યાર્થીઓ | ૨૧૬૯૦૩ | ૨૫૭૯૪૨ | ૧૫૮૫૪૮ |
| ૩ | શિક્ષકો | ૫૫૭૮ | ૬૪૮૯ | ૪૧૨૧ |
| ૪ | મેડીકલ કોલેજ | ૧ | ૧ | ૧ |
| ૫ | માધ્યમિક શાળાઓ | ૧ | ૫ | ૫ |

(૮) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કુલ બસોની સંખ્યા | ૬૬૨ | ૭૩૨ | ૧૦૦૧ |
| ૨ | રસ્તા ઉપર ફરતી બસો | ૫૫૧ | ૬૧૨ | ૮૧૬ |
| ૩ | કુલ રૂટસની સંખ્યા | ૨૦૮ | ૨૩૨ | ૧૫૬ |
| ૪ | રૂટસ કી.મી. | ૨૧૭૩.૯૦ | ૨૭૦૧.૮૨ | ૨૯૯૨.૧૦ |
| ૫ | મુસાફરોની સંખ્યા ( લાખમાં) | ૩૦૬૩ | ૨૬૩૩ | ૨૯૯૪ |
| ૬ | પ્રતિદીન મુસાફરોની સરેરાશ સંખ્યા ( લાખમાં ) | ૮.૭૯ | ૭.૧૯ | ૮.૨૦ |
| ૭ | બસ / વસતિનું પ્રમાણ | ૪૭૫૦ | ૫૯૬૬ | ૬૨૫૦ |
| ૮ | પ્રતિદીન સરેરાશ આવક ( રૂ. હજારમાં) | ૩૨૭ | ૯૯૩ | ૩૦૯૪ |
| ૯ | પ્રતિદીન સરેરાશ ખર્ચ ( રૂ.હજારમાં) | ૪૦૪ | ૧૨૧૨ | ૫૮૫૬ |
| ૧૦ | પ્રતિદીન સરેરાશ ખોટ ( રૂ. હજારમાં) | ૭૭ | ૨૧૯ | ૨૭૬૨ |

(૯) નાંણાકીય માહિતી ( રૂ. લાખમાં )

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રેવન્યુ આવક | ૫૦૦૩.૯૭ | ૧૭૪૬૫.૫૨ | ૧૫૫૪૧૬.૬૮ |
| ૨ | રેવન્યુ ખર્ચ | ૫૨૪૯.૭૭ | ૧૭૪૮૫.૧૩ | ૯૧૦૪૪.૨૬ |
| ૩ | આવક/ ખર્ચનો તફાવત | -૨૪૫.૮૦ | -૧૯.૬૧ | ૬૪૩૭૨.૪૨ |
| ૪ | કરની વસુલાત<br>(ક) ઓકટ્રોય<br>(ખ) પ્રોપર્ટી ટેક્ષ | ૪૦૬૩.૮૭<br>૨૭૯૨.૧૫<br>૧૨૭૧.૭૨ | ૧૩૩૦૨.૯૮<br>૯૭૨૪.૮૪<br>૩૫૭૮.૧૪ | ૧૧૭૬૨૧.૨૭<br>---<br>૩૪૯૪૯.૮૩ |
| ૫ | ખાસ કાયદા મુજબની આવક | ૬.૪૫ | ૨૩.૯૮ | ૯૯.૩૯ |
| ૬ | માલ મિલ્કતમાંથી તથા કરદર સિવાયની | ૩૦૨.૯૭ | ૧૩૯૭.૩૭ | ૧૦૮૮૬.૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | તથા અધિકારનીરૂએ થતી આવક | | | |
| ૭ | સરકારી ગ્રાંટ | ૫૭૮.૫૬ | ૨૫૫૧.૧૬ | ૮૨૬૭૧.૪૪ |
| ૮ | બીજી આવક | ૫૨.૧૨ | ૧૯૦.૦૩ | ૧૨૫૧૮.૩૭ |
| ૯ | રેવન્યુ ખર્ચ | ૫૨૪૯.૭૭ | ૧૭૪૮૫.૧૩ | ૯૧૦૪૪.૨૬ |
| | એ. એસ્ટાબ્લીશમેન્ટ | ૧૭૬૯.૪૫ | ૬૯૨૦.૮૩ | ૩૫૮૭૩.૭૪ |
| | બી. વહીવટી અને જનરલ ખર્ચ | ૨૦૪.૬૪ | ૫૩૨.૨૧ | ૨૩૭૮.૬૯ |
| | સી. વીજળી એનર્જી પાવરફ્યુઅલ | ૩૫૯.૯૯ | ૧૮૫૫.૩૫ | ૯૦૪૪.૨૦ |
| | ડી. મરામત નિભાવ | ૪૩૨.૦૧ | ૧૩૬૮.૭૮ | ૮૦૬૮.૮૮ |
| | ઈ. વિશેષ ખર્ચ/સર્વિસ પ્રોગ્રામ ખર્ચ | ૮૮.૬૫ | ૨૪૦.૭૨ | ૪૮૪૧.૯૪ |
| | એફ. ગ્રાંટ | ૧૦૯૯.૭૪ | ૪૧૬૩.૮૫ | ૨૩૯૩૧.૯૧ |
| | જી. લોન ચાર્જીસ | ૧૨૮૧.૩૨ | ૨૩૭૬.૩૪ | ૬૮૮૨.૫૬ |
| | એચ. અન્ય ખર્ચ/રીઝર્વ ફંડ (કોન્ટ્રીબ્યુશન) | ૧૩.૯૭ | ૨૭.૦૫ | ૨૨.૩૪ |
| ૧૦ | મુખ્ય સદર મુજબ રેવન્યુ ખર્ચ | | | |
| | એ. સામાન્ય કારભાર અને કરની વસુલાત | ૪૧૪.૯૦ | ૨૧૦૧.૭૧ | ૧૩૨૯૪.૭૧ |
| | બી. પ્રોપર્ટી લેન્ડ એક્વી. એન્ડ મેનેજમેન્ટ | ૧૨૪.૬૦ | ૩૫૧.૩૦ | ૨૨૯૭.૧૫ |
| | સી. લોકોની સલામતી | ૧૬૯.૪૩ | ૫૮૬.૮૦ | ૩૭૪૦.૮૫ |
| | ડી. પાણી પુરુ પાડવું | ૩૫૨.૭૬ | ૧૮૯૩.૦૫ | ૧૨૦૭૬.૯૫ |
| | ઈ. કન્ઝરવન્સી સેવાઓ | ૨૭૫.૩૯ | ૧૦૧૧.૬૯ | ૩૬૦૯.૮૨ |
| | એફ. લોકોની તંદુરસ્તી | ૧૫૦.૭૩ | ૩૯૨.૩૩ | ૧૬૫૬.૪૬ |
| | જી. રસ્તા સાફ- ધોવા- કચરો ઉપાડવો | ૩૬૫.૭૪ | ૧૫૦૦.૫૩ | ૧૧૦૮૬.૦૮ |
| | એચ. વૈદકિય સેવાઓ | ૫૬૮.૦૭ | ૧૮૨૫.૪૬ | ૮૩૭૩.૪૫ |
| | આઈ. માર્કેટ- કતલખાના | ૮.૬૮ | ૧૦.૨૬ | ૩૪.૪૧ |
| | જે. જન્મ-મરણની નોંધણી | ૧૨.૯૬ | ૨૭.૫૬ | ૧૯૨.૭૨ |
| | કે. બગીચા-સંગ્રહસ્થાન રમતગમતના મેદાનો | ૮૩.૧૮ | ૨૪૨.૩૩ | ૧૦૦૮.૮૮ |
| | એલ. માહિતી પ્રસારણ | ૮.૮૨ | ૧૫.૭૧ | ૯૦૯.૩૩ |
| | એમ. જાહેર બાંધકામ | ૭૦.૪૯ | ૨૨૯.૯૫ | ૩૪૦૦.૨૦ |
| | એન. રસ્તા-પુલો-ફુટપાથ અને વરસાદી ગટરો | ૧૭૧.૪૩ | ૫૮૮.૩૭ | ૧૬૨૮.૪૯ |
| | ઓ. સાર્વજનિક કેળવણી | ૮૮૯.૧૦ | ૩૪૭૯.૩૬ | ૧૮૪૮૯.૬૧ |
| | પી. લોન ચાર્જીસ | ૧૨૮૧.૩૨ | ૨૩૭૬.૩૪ | ૬૮૮૨.૩૭ |
| | ક્યુ. લાયસન્સ દબાણ અને શોપ્સ એક્ટનો વહીવટ | ૨૮.૮૬ | ૮૧.૭૦ | ૩૩૨.૪૨ |
| અ.નં | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૮-૦૯ |
| | આર. પરચુરણ ખર્ચ | ૨૭૩.૨૪ | ૭૭૦.૬૭ | ૨૦૩૦.૩૬ |
| | કુલ | ૫૨૪૯.૭૭ | ૧૭૪૮૫.૧૩ | ૯૧૦૪૪.૨૬ |
| ૧૧ | કેપીટલ વર્કસનું ખર્ચ | ૧૨૩૮.૪૭ | ૨૧૬૦.૩૩ | ૧૦૩૧૨૧.૮૯ |
| | ૧. રસ્તા-ફુટપાથ-પોળ પેવમેન્ટ | ૧૫૨.૦૪ | ૬૩.૩૨ | ૨૬૨૩૨.૯૩ |
| | ૨. પુલો | ૨૬.૯૩ | ૨૧.૮૬ | ૬૦૬૬.૨૨ |
| | ૩. સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૫૮.૮૯ | ૫.૩૬ | ૧૩૩૮૩.૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૪. મકાનો | ૧૬૩.૮૭ | ૨૪.૭૪ | ૪૯૦૫.૭૯ |
| | ૫. લાઈટીંગ | ૫૭.૦૪ | ૧૬.૮૭ | ૪૮.૩૨ |
| | ૬.જાહેર સ્થળો | ૧૬.૨૪ | ૮.૦૫ | ૫૨૭૦.૬૦ |
| | ૭.પ્લાન્ટ-મશીનરી અને ઇકવીપમેન્ટ | ૪૩.૩૯ | ૪૫.૫૫ | ૩૮૮.૪૭ |
| | ૮.મોટર ટ્રાન્સપોર્ટના સાધનો | - | - | ૨૪૧.૯૭ |
| | ૯. આર્થિક રીતે નબળા વર્ગ અંગે ના કામો | ૫૮.૩૬ | ૩.૪૮ | ૬૬૨૮.૨૧ |
| | ૧૦.પબ્લીક જાજરૂ અને પેશાબખાના | ૬.૪૨ | ૧.૨૧ | ૨૮૦.૩૭ |
| | ૧૧.એકવીઝીશનના કામો | ૪૫૭.૯૭ | ૭૨૩.૩૭ | ૩૨૦.૨૫ |
| | ૧૨.ઓફિસ ફર્નીચર ફીક્ષચર્સ ઇકવી. | ૯.૬૦ | ૧૮.૧૬ | ૭.૬૮ |
| | ૧૩.વોટર પ્રોજેકટ | ૧૪૮.૦૭ | ૪૧૪.૬૩ | ૬૦૫૦.૮૨ |
| | ૧૪.ડ્રેનેજ પ્રોજેકટ | ૩૧.૫૦ | ૨૫.૬૩ | ૫૬૨૨.૦૧ |
| | ૧૫.સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ | ૬.૭૯ | - | ૫૧.૭૨ |
| | ૧૬.જી.એમ.એફ.બી.ની ગ્રાંટ | | | ૬૫૧.૫૩ |
| | ૧૭.એમ.એલ.એ.ગ્રાંટમાંથી કરવાના કામો | - | - | ૬૦૨.૭૪ |
| | ૧૮.એમ.પી.ગ્રાંટમાંથી કરવાના કામો | - | - | ૪૯૪.૦૭ |
| | ૧૯.એન.આર.સી.પી.ગ્રાંટમાથી કરવાના કામો | - | - | ૧૧૬.૯૬ |
| | ૨૦.રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ બોર્ડ | - | ૭૦.૬૯ | ૧૩૯૦૫.૨૫ |
| | ૨૧.જી.આઇ.ડી.સી.એફલ્યુઅન્ટ ડીસપોઝલ સ્કીમ | - | - | ૧.૬૯ |
| | ૨૨.દસમા નાણાપંચની ભલામણ અંગેની ગ્રાંટ | - | - | ૯૩.૩૧ |
| | ૨૩.ઇ.ડબલ્યુ.એસ.હાઉસીગ પ્રોજેકટ | - | - | ૪.૩૫ |
| | ૨૪ .જી.એસ.ડી.એમ.એ/એ.ડી.બી.ની ગ્રાંટ | | | ૦ |
| | ૨૫.ઇ.ગવર્નન્સ | - | - | ૯૦.૫૬ |
| | ૨૬.એ.એમ.ટી.એસ.ને લોન | ૦.૯૦ | ૧૮.૫૦ | ૧૦૩૪૯.૪૮ |
| | ૨૭.ટી.સી.આઇ.ડી.એસ. પ્રોજેકટના કામો. | - | - | ૭૭.૭૩ |
| | ૨૮.વામ્બે પે એન્ડ યુઝ ટોયલેટ | - | - | ૧૩.૯૨ |
| | ૨૯.લાઇટ ડ્રેનેજ જી.આઇ.ડી.સી. | - | ૫૩૩.૭૧ | -- |
| | ૩૦ અન્ય | | | ૨૧૮.૬૮ |
| | ૩૧અમદા જન.લી. | | | ૫૦૦.૦૦ |
| | ૩૨ અ.મ્યુ.કો.મેડી.એજયુ.ટ્રસ્ટ | | | ૫૦૦.૦૦ |

**પત્રક ૨**

**૨૦૦૧ની વસતિ ગણતરીના આધારે તૈયાર કરવામાં આવેલ મ્યુનિસિપલ ઈલેક્શન વોર્ડ મુજબની વસતિ**

| અ.નં. | ઈલેક્શન વોર્ડનું નામ | વસતિ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ખાડિયા | ૫૪૫૭૦ |
| ૨. | કાલુપુર | ૬૧૧૦૬ |
| ૩. | દરિયાપુર | ૬૩૦૮૧ |
| ૪. | શાહપુર | ૬૨૬૯૪ |
| ૫. | રાયખડ | ૬૪૬૪૬ |
| ૬. | જમાલપુર | ૬૬૫૩૬ |
| ૭. | પાલડી | ૭૪૯૫૭ |
| ૮. | વાસણા | ૧૦૩૫૬૯ |
| ૯. | ગાંધીગ્રામ | ૬૭૧૨૨ |
| ૧૦. | નવરંગપુરા | ૬૦૨૩૦ |
| ૧૧. | સરદારપટેલ સ્ટેડીયમ | ૭૨૮૭૮ |
| ૧૨. | નારણપુરા | ૮૩૨૭૨ |
| ૧૩. | નવા વાડજ | ૬૮૩૧૩ |
| ૧૪. | જુના વાડજ | ૭૧૯૪૭ |
| ૧૫. | સાબરમતી | ૭૩૦૭૪ |
| ૧૬. | દુધેશ્વર | ૬૮૦૨૬ |
| ૧૭. | માધુપુરા | ૭૦૫૯૮ |
| ૧૮. | ગીરધરનગર | ૬૬૫૪૦ |
| ૧૯. | અસારવા | ૫૩૯૪૬ |
| ૨૦. | નરોડા રોડ | ૮૩૭૫૧ |
| ૨૧. | સરસપુર | ૭૧૦૫૨ |
| ૨૨. | પોટલીયા | ૮૦૪૭૧ |
| ૨૩. | કુબેરનગર | ૮૭૫૯૭ |
| ૨૪. | સરદારનગર | ૯૯૮૭૩ |
| ૨૫. | સૈજપુર | ૭૯૬૩૭ |
| ૨૬. | ઠક્કરબાપાનગર | ૧૨૯૧૭૯ |
| ૨૭. | નરોડા મુઠીયા | ૯૪૨૩૬ |
| ૨૮. | બાપુનગર | ૯૦૦૩૧ |
| ૨૯. | રખિયાલ | ૭૫૧૧૧ |
| ૩૦. | ગોમતીપુર | ૬૮૪૭૬ |
| ૩૧. | રાજપુર | ૭૩૦૯૬ |
| ૩૨. | અમરાઈવાડી | ૭૬૫૧૩ |
| ૩૩. | ભાઈપુરા હાટકેશ્વર | ૧૦૨૬૬૫ |
| ૩૪. | નિકોલ રોડ | ૧૨૦૩૧૪ |
| ૩૫. | ઓઢવ | ૧૦૬૪૫૧ |
| ૩૬. | ખોખરા મહેમદાબાદ | ૭૧૫૭૭ |

| | | |
|---|---|---|
| ૩૭. | મણીનગર | ૮૭૯૦૦ |
| ૩૮. | કાંકરીયા | ૬૯૫૧૭ |
| ૩૯. | બહેરામપુરા | ૭૭૫૪૮ |
| ૪૦. | દાણીલીમડા | ૧૧૦૩૧૩ |
| ૪૧. | બાગેફીરદોશ | ૧૨૧૯૯૮ |
| ૪૨. | વટવા | ૧૨૧૭૨૫ |
| ૪૩. | ઈસનપુર | ૧૧૩૯૪૯ |
| | કુલ | ૩૫૨૦૦૮૫ |
| **નવા ઉમેરાયેલા નગર પાલિકા અને ગ્રામ પંચાયત ૧૪ ફેબ્રુ અને ૨૦ જુલાઈ ૨૦૦૬ (૨૦૦૧)ની વસ્તી ગણતરીના આધારે** | | |
| | **નગર પાલિકા** | |
| ૧ | થલતેજ | ૪૨૭૧૩ |
| ૨ | બોડકદેવ | ૨૦૭૭૮ |
| ૩ | મકરબા | ૧૮૦૪૭ |
| ૪ | વસ્ત્રાપુર | ૨૪૬૫૬ |
| ૫ | નવા નરોડા | ૪૪૫૫૪ |
| ૬ | નવા ઓઢવ | ૨૧૪૭૪ |
| ૭ | નવા નિકોલ | ૧૭૦૩૬ |
| ૮ | વેજલપુર | ૧૧૩૪૪૫ |
| ૯ | મેમનગર | ૩૭૨૮૪ |
| ૧૦ | ચાંદલોડીયા | ૫૫૭૬૭ |
| ૧૧ | સરખેજ ઓકાફ | ૨૩૪૧૨ |
| ૧૨ | કાળી | ૩૪૨૨૦ |
| ૧૩ | જોધપુર | ૪૪૩૮૮ |
| ૧૪ | ઘાટલોડીયા | ૧૦૬૬૮૪ |
| ૧૫ | વસ્ત્રાલ | ૪૧૯૧૯ |
| ૧૬ | રાણીપ | ૮૭૯૦૬ |
| ૧૭ | રામોલ | ૨૭૫૫૦ |
| | **ગ્રાંમ પંચાયત** | |
| ૧૮ | શાહવાડી | ૮૮૨૭ |
| ૧૯ | ત્રાગડ | ૨૧૪૨ |
| ૨૦ | ચેનપુર | ૪૫૯૨ |
| ૨૧ | આંબલી | ૨૬૪૧ |
| ૨૨ | ભાડજ | ૨૨૮૧ |
| ૨૩ | નિર્ણયનગર | ૯૫૫૬ |
| ૨૪ | પીપલજ | ૨૪૦૯ |
| ૨૫ | વણઝાર | ૨૯૯૬ |
| ૨૬ | સોલા | ૬૧૩૪ |
| ૨૭ | વિઝોલ | ૬૯૩૩ |
| ૨૮ | કમોડ | ૨૦૫૨ |

| | | |
|---|---|---|
| ૨૯ | છારોડી | ૧૧૩૫ |
| ૩૦ | ગોતા | ૧૩૮૪૩ |
| ૩૧ | મકતમપુરા | ૧૪૩૯૮ |
| ૩૨ | બાકરોલ-<br>બાદરાબાદ | ૨૩૬૧<br>૪૬૫ |
| ૩૩ | લાંભા-ઈન્દીરાનગર | ૧૬૭૨૨ |
| ૩૪ | ફતેહવાડી-નરીમાનપુરા | ૫૩૯૬ |
| ૩૫ | હંસપુરા | ૧૩૬૬ |
| ૩૬ | ગ્યાસપુર | ૧૦૦૬૮ |
| ૩૭ | જગતપુર | ૪૪૭૧ |
| ૩૮ | હેબતપુર | ૨૦૫૧ |
| ૩૯ | શીલજ | ૪૩૪૧ |
| ૪૦ | સૈજપુર-ગોપાલપુર | ૫૪૬૬ |
| ૪૧ | લક્ષ્મીપુરા | ૬૨૦ |
| ૪૨ | ઓગણજ | ૫૮૭૭ |
| ૪૩ | નવા વટવા | ૪૩૧૩ |
| ૪૪ | નવા અસારવા | ૩૫૧૮ |
| ૪૫ | ચાંદખેડા | ૫૫૫૦૪ |
| ૪૬ | મોટેરા | ૨૧૧૪૧ |
| | કુલ | ૯૮૫૪૫૨ |

# પ્રકરણ ૧
# હદ વસતિ અને બંધારણ

ગુજરાત રાજ્યનું મોખરાનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર એવું અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે૨૦ – ૧ ઉત્તર અક્ષાંસ અને ૭૨-૪૭ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. ભારતના શહેરોમાં સાતમા ક્રમે આવતું આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ ઉપર આવેલ છે અને અન્ય શહેરો તેમજ નગરો સાથે રેલ્વે રસ્તા અને વિમાની સેવાઓથી સંકળાયેલ છે. તા. ૬-૬-૭૦ ના રોજ ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર મુકામે ફેરવવામાં આવ્યું ત્યાં સુધી તે ગુજરાત રાજ્યનું પાટનગર હતું. અમદાવાદ શહેર ભારતના યુગપુરુષ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે. દેશને સ્વતંત્રતા મળી તે પૂર્વે અમદાવાદ મ્યુનિસિપાલીટીનું નોકરશાહી સ્વરૂપ બદલીને તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલ, બળવંતરાય પ્રમોદરાય ઠાકોર, ગણેશ વાસુદેવ માવલંકર ( દાદા સાહેબ), હરીપ્રસાદ વ્રજરાય દેસાઈ તથા મણીલાલ ચતુરભાઈ જેવા મહાનુભાવોનો ગૌરવવંતો ફાળો છે.

અમદાવાદ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા - મ્યુનિસિપલ કોર્પોરેશન - બ્રીટીશ અમલની ભેટ છે. અંગ્રેજ શાસનમાં નગરસેવાનો ભાર પ્રજાજનો પોતે પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી સુધરાઈનો પ્રથમ દાખલો આખા હિંદને અમદાવાદે પુરો પાડયો છે. જે અમદાવાદની વિશિષ્ટતાઓ પૈકીની એક ગૌરવભરી ઘટના કહી શકાય.

<u>હદઃ-</u> સને ૧૮૮૭ માં શહેરનો કુલ વિસ્તાર ૫.૭૨ ચો.કી.મી.હતો. ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીમાં શહેરનો વિસ્તાર વધીને ૫૨.૪૭ ચો.કી.મી. થયેલો. ૧૯૫૧ થી ૧૯૬૧ ના વર્ષો દરમ્યાન આ વિસ્તાર વધીને ૯૨.૯૮ ચો.કી.મી. થયેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં શહેરના વિસ્તારમાં કોઈ વધારો થયેલો નથી. ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયગાળામાં વધેલા વિસ્તારો સહિત શહેરનો કુલ વિસ્તાર ૯૮.૮૪ ચો.કી.મી. થવા પામ્યો હતો. છેલ્લે ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૮૬ થી શહેરના પૂર્વ વિભાગોના ૯૨.૦૦ ચો.કી.મી. વિસ્તારો મ્યુનિસિપલ લીમીટમાં ભેળવવામાં આવતા શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી. જેટલો થયેલ છે.

**<u>વસતિઃ-</u>** અમદાવાદ શહેરની વસતિ ૧૮૭૨ માં ૧૧૬૯૭૨ હતી. તે ૧૯૫૧ માં ૮૩૭૧૬૩ થઈ અને ત્યારબાદ ક્રમે ક્રમે વધતા ૨૦૦૧ ની વસતિ ગણતરી મુજબ ૩૫૧૫૩૬૧ થઈ છે. આમ, ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીના ૮૦ વર્ષના ગાળામાં શહેરની વસતિ લગભગ ૭ ગણી થઈ અને ૧૯૫૧ થી ૨૦૦૧ સુધીના ૫૦ વર્ષના સમયગાળામાં શહેરની વસતિ વધીને લગભગ સવા ચાર ગણી જેટલી થવા પામી છે. વસતિની ગીચતા જે ૧૮૭૨ માં દર ચો.કી.મી. ૨૧૯૭૭ ની હતી તે ૧૯૭૧ માં ઘટીને ૧૭૦૫૩ ની થઈ. તેમજ ૧૯૮૧ માં વળી પાછી વધીને ૨૦૯૮૫ થયેલ. પરંતુ ત્યારબાદ ૧૯૮૬ માં પૂર્વનો ઓછી વસતિવાળો ઔદ્યોગિક વિસ્તાર મ્યુ. લીમીટમાં સમાવવાને કારણે ૨૦૦૧ માં ઘટીને ૧૮૪૨૦ થઈ છે.

શહેરનું વિભાજન છ ઝોન અને ૫૭ વોર્ડમાં કરવામાં આવેલ છે. ૨૦૦૧ ની જુની હદ વસતિ ગણતરી મુજબ કુલ વસ્તી ૩૫૨૦૦૮૫ શહેરમાં રહેણાકના ઘરોની કુલ સંખ્યા ૫૫૨૧૬૪ છે. કુલ વસતિમાં પુરુષોની સંખ્યા ૧૮૬૩૮૮૬ અને સ્ત્રીઓની સંખ્યા ૧૬૫૧૪૭૫ છે. જે પૈકી ૧૪૪૭૩૮૦ પુરુષો અને ૧૧૦૫૩૫૧ સ્ત્રીઓ ભણેલા છે. એટલે કે અક્ષરજ્ઞાનની ટકાવારી પુરુષોમાં ૭૮.૩૪ અને સ્ત્રીઓમાં ૬૭.૭૨ ટકા છે. સરેરાશ અક્ષરજ્ઞાનની ટકાવારી ૭૩.૩૮ છે.

**<u>બંધારણ :-</u>** ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ શહેરનો વહીવટ ચાલે છે. આ કાયદાની કલમ ૪(૧) મુજબ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા

૨. સ્થાયી સમિતી

૩. મ્યુનિસિપલ કમિશનર

૪.પરિવહન સમિતિ

૫. પરિવહન વ્યવસ્થાપક

આ ઉપરાંત અધિનિયમની કલમ ૪(૨) મુજબ પ્રાથમિક કેળવણી અંગેની મહાનગરપાલિકા ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ ના મુંબઈ પ્રાથમિક કેળવણી અધિનીયમના ઠરાવ અનુસાર બજાવવી અને સદરહું અધિનિયમના હેતુઓ માટે શહેરમાંની સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ અંગે શાસનાધિકારીશ્રી નિમવાનો અધિકાર મ્યુ.કોર્પોરેશનનો છે.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ અને તેમાં થયેલ સુધારા વધારા મુજબ સમગ્ર કોર્પોરેશનનો વહીવટ કરવામાં આવે છે. મ્યુ. બોર્ડ નિતી વિષયક નિર્ણયો લે છે. જેનો અમલ મ્યુ. કમિશનર કરે છે. તેઓ મ્યુ. સેક્રેટરી અને મ્યુ. ચીફ ઓડિટર સિવાયની તમામ ઓફિસોનું સંચાલન કરે છે. એક્ટની જોગવાઈ મુજબ સ્ટેન્ડીગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી એ કાયદાકીય ( સ્ટેટચ્યુટરી) સમિતીઓ છે. અન્ય સમિતીઓ પણ વહીવટના જુદા જુદા ખાતાઓના નિતીવિષયક નિર્ણયો લે છે. ટ્રાન્સપોર્ટ મેનેજર પરિવહન સેવાઓનું અને શાસનાધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ એમ.જે. લાયબ્રેરીનું સંચાલન ટ્રસ્ટડીડ મુજબ બોર્ડ ઓફ ડાયરેક્ટર મારફતે કરવામાં આવે છે.

# ૨.૧ સેક્રેટરી ઓફીસ

૦૮-૦૯

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વહીવટ ચલાવવામાં આવે છે. કોર્પોરેશનનો વહીવટ બે ભાગમાં વહેંચાયેલ છે. (૧) ચુંટાયેલ સભ્યશ્રીઓનું બનેલ બોર્ડ અને (૨) મ્યુનિસિપલ કમિશનરશ્રી

મ્યુ.બોર્ડમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા નીતિવિષયક નિર્ણયો લેવામાં આવે છે. જેનો મ્યુનિસિપલ કમિશનરશ્રી અમલ કરે છે. ચીફ ઓડિટ ઓફિસ તથા સેક્રેટરી ઓફિસનું સંચાલન સ્ટે.કમિટી કરે છે. જ્યારે અ.મ્યુ.ટ્રા.સ.નું સંચાલન ટ્રાન્સપોર્ટ મેનેજર કરે છે. પ્રાથમિક શાળાઓનું સંચાલન એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર- સ્કુલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયનું સંચાલન ટ્રસ્ટ ડીડ અન્વયે સ્વતંત્ર બોર્ડ દ્વારા કરવામાં આવે છે. તે સિવાયનાં કોર્પો.નાં તમામ ખાતાઓનું સંચાલન મ્યુનિ.કમિશનરશ્રી, મ્યુનિ.બોર્ડે લીધેલ નીતિ વિષયક નિર્ણયનાં આધારે કરે છે.

**૨.૧ સેક્રેટરી ઓફિસઃ-**

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીના સમય માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચુંટાયેલાં ૧૨૯ સભ્યશ્રીઓએ વહીવટ ચલાવ્યો હતો. તા.૧૩-૧૦-૨૦૦૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ થયા બાદ તા.૨૩-૧૦-૨૦૦૫ થી નવું બોર્ડ અસ્તિત્વમાં આવેલ હતું. જેમાં ૧૨૯ કાઉન્સીલરશ્રી  શહેરનાં જુદા જુદા વોર્ડમાંથી ચુંટાઈને આવ્યા હતા. કુલ ૧૨૯ બેઠકોમાં બિન અનામત ૬૫ તથા અનામત ૬૪ બેઠકોનો સમાવેશ થાય છે.

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ-૪૮ બેઠકોમાં કુલ ૧૮૬૭ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.એટલેકે બેઠકદીઠ સરેરાશ ૩૮.૯૦ કામોનો નિકાલ થયો હતો.જયારે અગાઉની સાલ એટલે કે તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીના સમય દરમ્યાન ૪૫ બેઠકોમાં કુલ ૧૩૮૪ કામોનો એટલે કે બેઠકદીઠ સરેરાશ ૩૦.૭૬ કામોનો નિકાલ થયો હતો.

અહેવાલી વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતુ પત્રક ૨.૧.૧. તથા જુદી જુદી કમિટીઓના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળનાર માન.સભ્યશ્રીઓની માહિતી દર્શાવતુ પત્રક ૨.૧.૨.માં સામેલ છે.

અહેવાલી  વર્ષ દરમ્યાન મ્યુ.કોર્પોની મળેલ કુલ મીટીંગોમાં સભ્યશ્રી ઓની હાજરી દર્શાવતી માહિતી સામેલ પત્રક ૨.૧.૩.માં દર્શાવવામાં આવી છે જયારે મીટીંગ પ્રમાણે સભ્યશ્રીઓની હાજરીની વિગતવાર માહિતી પત્રક ૨ઃ૧ઃ૪ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન અ.મ્યુ.કોર્પાની એક પણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.અહેવાલી વર્ષમાં સ્ટેન્ડીંગ કમીટીની  કુલ ૫૯ બેઠકોમાં ૧૮૩૦ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો એટલે કે બેઠકદીઠ સરેરાશ  ૩૧.૦૧ કામોનો નિકાલ થયો હતો જયારે ટ્રાન્સપોર્ટ કમીટીની કુલ ૨૬ બેઠકોમાં ૨૧૫ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો જે બેઠકદીઠ સરેરાશ ૮.૨૬ કામોનો નિકાલ થયો હતો. અન્ય સ્પેશીયલ કમીટીઓમાં નિકાલ થયેલ કામોની માહિતી સામેલ પત્રક ૨.૧.૫.માં દર્શાવેલ છે.જે મુજબ બેઠકદીઠ સરેરાશ સૌથી વધુ સરેરાશ નિકાલ ૪૧.૦૮ કામોના રોડઝ એન્ડ બીલ્ડીંગ કમિટી અને બેઠકદીઠ સરેરાશ સૌથી ઓછો ૧.૫  જેટલા કામોનો નિકાલ માધ્યમિક શાળા સંચાલન સમિતી કમીટીમાં થયો હતો. અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી કિશોરભાઇ સી.રાઠોડ બી.એ., એલ  એલ. બી., એમ.એલ.ડબલ્યુ એ તા.૦૧/૦૪/૦૮ થી તા.૩૧/૩/૦૯ સુધી મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતુ.

# નમુનો-૧
## પત્રક ૨.૧.૧
### સને ૨૦૦૮/૨૦૦૯ના વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મહાનગરપાલિકાનું નામ :- | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ૨. | જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ | ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો. એક્ટ ૧૯૪૯ |
| ૩. | નિયુક્ત બેઠકો સહિત બેઠકોની કુલ સંખ્યા | ૧૨૯ |
| ૪. | (ક) નિયુક્ત કરેલ સભ્યો<br>(ખ) મતદાર વિભાગ દ્વારા ચુંટાયેલ સભ્યો | -<br>૧૨૯ |
| ૫. | (ક) મહિલા અનામત<br><br>(૧) સામાન્ય ૩૩<br>(૨) અનુ.જાતિ ૬<br>(૩) પછાત જા તિ ૪<br>કુલ ૪૩<br>(ખ)<br>(૧) અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૭ પૈકી ૬ મહિલા અનામત)<br>(૨) અનુસુચિત જન જાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૩ પૈકી ૪ મહિલા માટે અનામત)<br>(૩) આદિ જાતિ માટે અનામત બેઠકો<br>કુલ અનામત બેઠકો | ૪૩<br><br><br><br><br><br><br>૧૧<br><br>૯<br><br>૧<br>૬૪ |
| ૬. | સામાન્ય બેઠકો | ૬૫ |
| ૭. | કુલ બેઠકો | ૧૨૯ |
| ૮. | આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા<br>(તાઃ૦૧/૦૪/૦૮ થી ૩૧/૦૩/૦૯) | ૪૮ |
| ૯. | આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઇ હોય તેવી બેઠકોની સંખ્યા. | નથી |
| ૧૦. | આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા. | ૩૪ |
| ૧૧. | દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી | ૯૩.૧૧% |

| | | |
|---|---|---|
| (૧) | માન. મેયરશ્રી | શ્રી અમિતભાઇ પી. શાહ<br>(તા.૦૧-૦૪-૨૦૦૮ થી તા.૨૩-૪-૨૦૦૮)<br>શ્રી કાનાજી શંકરજી ઠાકોર<br>( તા.૨૩-૦૪-૦૮ થી તા.૩૧-૦૩-૨૦૦૯) |
| (૨) | માન. ડે.મેયર શ્રી | શ્રી દિનેશભાઇ કે. મકવાણા<br>( તા.૦૧-૦૪-૦૮ થી તા.૧૪-૦૪-૨૦૦૮)<br>ડો.કલ્પનાબેન પી.ભટ્ટ<br>(તાઃ૨૩-૦૪-૨૦૦૮ થી ૩૧-૦૩-૨૦૦૯) |
| (૩) | માન.ચેર પર્સનશ્રી સ્ટે.કમિટિ | શ્રીમતી મધુબેન સી.પટેલ<br>(તા.૦૧-૦૪-૨૦૦૮ થી તા.૦૧-૦૫-૨૦૦૮)<br>શ્રી અસિતભાઇ આર.વોરા<br>(તાઃ૧૧-૦૫-૨૦૦૮ થી ૩૧-૦૩-૨૦૦૯) |
| (૪) | માન.ચેરમેનશ્રી ટ્રાન્સપોર્ટ કમિટિ | શ્રી અસીતભાઇ આર.વોરા<br>(તા.૦૧-૦૪-૨૦૦૮ થી તા.૩૦-૦૪-૨૦૦૮)<br>શ્રી પ્રવિણભાઇ બી.પટેલ<br>(તાઃ૧૧-૦૫-૨૦૦૮ થી ૩૧-૦૩-૨૦૦૯) |

## સ્પેશીયલ કમિટીઓ

અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુ.કોર્પોરેશને બી.પી.એમ.સી.એકટની કલમ-૩૦ અન્વયે વખતો વખત નિમેલ હયાત સ્પે.કમિટીઓના ગઠબંધનમાં સ્ટે.ક.ઠ.ન. ૧૭૨૮ તાઃ૨૭/૦૩/૦૮ તથા મ્યુ.કોર્પો.ઠ.ન.૧૩૮૨ તાઃ૨૮/૦૩/૦૮ ની મળેલ મંજુરી અનુસાર ફેરફાર થતાં કેટલીક સ્પે.કમિટીઓ એકત્ર કરી નવી સ્પે.કમિટીઓ બનાવવામાં આવેલ છે.તેમજ કેટલીક નવી જ કમિટીઓ બનાવવામાં આવેલ છે.

ઉપરોકત વિગત અનુસાર (૧) હેલ્થ કમિટી તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી એક૭ કરી,હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી(૨)માધ્યમિક શાળા સંચાલન કમિટી બંધ કરી તે સમિતિના કાર્યક્ષેત્ર અન્વયેના કામો સ્ટે.કમિટીમાં મુકવા.(૩)રીક્રીએશનલ એન્ડકલ્ચરક કમિટીને પુનઃગઠિત કરી રીક્રીએશનલ કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી (૪)ટાઉન પ્લાનીગ કમિટી તથા એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી એકત્ર કરી ટાઉન પ્લાનીગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી (૫)હાઉસીંગ એન્ડ ઇમપ્રુવમેન્ટ કમિટીને પુનઃગઠિત કરી હાઉસીંગ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ.ડબલ્યુ.એસ આવાસ યોજના કમિટી (૬)ઓકટ્રોય કમિટી તથા ટેક્ષ કમિટીને એકત્ર કરી રેવન્યુ કમિટી તથા(૭)મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઝ કમિટી તેમજ (૮)મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી નામની નવી કમિટીઓ બનાવવામાં આવેલ છે.આમ અગાઉની જુની તથા પુનઃગઠિત તેમજ નવી બનાવેલ સ્પે.કમિટીઓના ચેરમેનશ્રીઓની માહિતી નીચે જણાવ્યા મુજબની છે.

## પત્રક-૨.૧.૨
### સ્પેશીયલ કમિટીઓ

| | | |
|---|---|---|
| ૧. | ચેરમેન શ્રી વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | શ્રી.મનુભાઇ જે.કાથરોટીયા<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮)<br>શ્રી હસમુખભાઇ જે.પટેલ<br>(તાઃ૧૧-૦૫-૦૮ થી ૩૧-૦૩-૦૯) |
| ૨. | ચેરમેન શ્રી રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | શ્રીગૌતમભાઇ એન.શાહ<br>(તા.૧-૪-૦૮ થી ૧૦-૦૫-૦૮)<br>શ્રી.મનુભાઇ જે.કાથરોટીયા<br>(તાઃ૧૧-૦૫-૦૮ થી ૩૧-૦૩-૦૯) |
| ૩. | ચેરમેન શ્રીહેલ્થ કમિટી | શ્રી.ભુષણકુમાર એ. ભટ્ટ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૪. | ચેરમેન શ્રીટાઉન પ્લાનીગ કમિટી | શ્રી.પ્રવીણકુમાર બી.પટેલ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૫ | ચેરમેન શ્રી હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | શ્રી. નરેશભાઇ એસ.વ્યાસ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૬. | ચેરમેન શ્રી હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | શ્રી. પ્રફુલભાઇ એમ.રાવલ<br>(તા.૧૧-૦૫-૦૮ થી તા.૩૧-૩-૦૯) |
| ૭. | ચેરપરસન રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટી | શ્રી. કલ્પનાબેન એન.રાવલ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૮. | ચેરમેન શ્રીહોસ્પિટલ કમિટી<br><br>ચેરપરસન શ્રી હોસ્પિટલ કમિટી | શ્રી.નાગેશભાઇ એસ.દેવપલ્લી<br>(તા.૧-૪-૦૮ થી તા.૩૧-૩-૦૮)<br>શ્રી ટીનાબેન બી.પટેલ<br>(તાઃ૧૧-૦૫-૦૮ થી ૩૧-૦૩-૦૯) |
| ૯. | ચેરમેન શ્રી લીગલ કમિટી | શ્રી. દીપકભાઇ એન.ભટ્ટ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮)<br>શ્રી બાબુભાઇ ઝડફીયા<br>((તાઃ૧૧-૦૫-૦૮ થી ૩૧-૦૩-૦૯ |

| | | |
|---|---|---|
| ૧૦. | ચેરમેન શ્રીએસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | શ્રી. હસમુખભાઇ એસ.પટેલ<br>(તા.૧-૪-૦૮ થી તા.૩૧૩- ૦૮) |
| ૧૧. | ચેરમેન શ્રીઓક્ટ્રોય કમિટી | શ્રી. દક્ષેશભાઇ કે મહેતા<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૧૨. | ચેરમેન શ્રી ટેક્ષ કમિટી | શ્રી.દેવેન્દ્રપ્રસાદ એસ.ભટ્ટ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮) |
| ૧૩. | ચેરમેન શ્રીમાધ્યમિક શાળા સંચાલન સમિતી | શ્રી.કલ્પનાબેન પી.ભટ્ટ<br>(તા.૧-૪-૦૮ થી તા.૦૮-૦૫-૦૮) |
| ૧૪. | ચેરમેન શ્રી સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈમેન્ટ કમિટી | શ્રી.અમિતભાઇ શાહ<br>(તા.૧-૪-૦૮ થી તા.૧૦-૦૫-૦૮)<br>શ્રી કાનાજી એસ.ઠાકોર<br>(તા:૧૧-૦૫-૦૮ થી ૩૧-૦૩-૦૯ |

અહેવાલનાવર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીના સમયમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ-૪૮ મીટીગોમાં સભ્યશ્રીએ આપેલ હાજરીની વિગત તથા તારીખવાઇઝ સભ્યશ્રીઓની સરેરાશ હાજરીની માહિતી આ સાથે સામેલ અનુક્રમે પત્રક ૨.૧.૩ માં દર્શાવવામાં આવેલ છે.

**પત્રક ૨.૧.૩**

**તા.૦૧/૦૪/૨૦૦૮ થી ૩૧/૩/૨૦૦૯ સુધીમાં મળેલ મ્યુ. બોર્ડની મિટીંગમાં**
**મ્યુ. કાઉન્સીલરશ્રીઓની હાજરી દર્શાવતું પત્રક**

| અનુ. નં | સભ્યશ્રીનું નામ | કુલ મીટીંગોની સંખ્યા | કુલ હાજરીની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | શ્રીબિરાજબેન જયેશભાઇ સુરતી | ૪૮ | ૪૮ | |
| ૨. | શ્રી મયુરભાઈ નટવરલાલ દવે | ૪૮ | ૪૮ | |
| ૩. | શ્રી ભૂષણકુમાર અશોકકુમાર ભટ્ટ | ૪૮ | ૪૮ | |
| ૪. | શ્રી ભાવનાબેન હરીશભાઇ નાયક | ૪૮ | ૪૭ | |
| ૫. | શ્રી કૃષ્ણવદન સોમનાથભાઈ બ્રહમભટ્ટ | ૪૮ | ૪૮ | |
| ૬. | શ્રી સુરેન્દ્ર કાંતિલાલ બક્ષી | ૪૮ | ૪૮ | |
| ૭. | શ્રી નાઝમીન મોહંમદશફી બાસ્તાવાલા | ૪૮ | ૪૩ | |
| ૮. | શ્રી વિનોદચંદ્ર ભેરુભાઈ મોદી | ૪૮ | ૪૮ | |
| ૯. | શ્રી હસનખાન સમશેરખાન પઠાણ | ૪૮ | ૪૨ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | શ્રી ફાલગુનીબેન શ્રેયાંસભાઇ શાહ | ૪૮ | ૪૮ | |
| ૧૧. | શ્રી વિનોદભાઇ કચરાભાઇ પટેલ | ૪૮ | ૩૦ | |
| ૧૨. | શ્રી રૂકનોદ્દીન મોહંમદહુસેન મોમીન | ૪૮ | ૪૬ | |
| ૧૩. | શ્રી અનિશાબેગમ યુસુફઅલી મિરઝા | ૪૮ | ૧૮ | તાઃ૨-૯-૮ ના રોજ અવસાન |
| ૧૩/૧ | શ્રી અતિયાબીબી ફારૂકભાઇ શેખ | ૪૮ | ૧૮ | |
| ૧૪. | શ્રી લીયાકતઅલી ડોસુમીયા ઘોરી | ૪૮ | ૪૪ | |
| ૧૫. | શ્રી મહંમદરફીક ગુલામમુસ્તુફા શેખ | ૪૮ | ૪૩ | |
| ૧૬. | શ્રી રાબીયાબેન સમશુભાઇ છીપા | ૪૮ | ૪૮ | |
| ૧૭. | શ્રી ઈમરાન યુસસુફભાઇ ખેડાવાલા | ૪૮ | ૪૪ | |
| ૧૮. | શ્રી મોહંમદયુસુફ મોહંમદઈકબાલ સૈયદ | ૪૮ | ૪૭ | |
| ૧૯. | શ્રી  બીજલબેન રૂપેશભાઇ પટેલ | ૪૮ | ૪૫ | |
| ૨૦. | શ્રી દિપકભાઇ નવનીતલાલ ભટ્ટ | ૪૮ | ૪૭ | |
| ૨૧. | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૪૮ | ૩૫ | |
| ૨૨. | શ્રી કલ્પનાબેન નવિનચંદ્ર રાવલ | ૪૮ | ૪૭ | |
| ૨૩. | શ્રી અમીત પોપટલાલ શાહ | ૪૮ | ૪૮ | |
| ૨૪. | શ્રી ધીરૂભાઇ હરીભાઇ પાલેજા | ૪૮ | ૪૭ | |
| ૨૫. | શ્રી શર્મિષ્ઠાબેન  ઈશ્વરલાલ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૨૬. | શ્રી મોહનભાઇ વાલજીભાઇ રાઠોડ | ૪૮ | ૪૮ | |
| ૨૭. | શ્રી ભરતભાઇ રતિલાલ પટવા | ૪૮ | ૪૮ | |
| ૨૮. | શ્રી માલીનીબેન ભરતગીરી અતીત | ૪૮ | ૪૪ | |
| ૨૯. | ડો. અનીલભાઇ મીઠાભાઇ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૩૦. | શ્રી પ્રફુલભાઇ મહેશભાઇ રાવલ | ૪૮ | ૪૮ | |
| ૩૧. | શ્રી ગીતાબેન યોગેશભાઇ પટેલ | ૪૮ | ૧૭ | |
| ૩૨. | ડો.કમલેશભાઇ બાબુભાઇ પટેલ. | ૪૮ | ૪૮ | |
| ૩૩. | શ્રી જતીનભાઇ રસીકભાઇ શાહ | ૪૮ | ૪૫ | |
| ૩૪. | શ્રી ઉર્વાબેન રાજેન્દ્રભાઇ અધ્વર્યુ | ૪૮ | ૪૭ | |
| ૩૫. | શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ | ૪૮ | ૪૪ | |
| ૩૬. | શ્રી નીતીન વાડીભાઇ પટેલ | ૪૮ | ૪૩ | |
| ૩૭. | શ્રી મીનાબેન સુખદેવ પંડયા | ૪૮ | ૪૩ | |
| ૩૮. | શ્રી હેમાક્ષુભાઇ નટવરલાલ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૩૯. | શ્રી  રમેશભાઇ દલાભાઇ દેસાઇ | ૪૮ | ૩૭ | |
| ૪૦. | શ્રી હંસાબેન પ્રવિણભાઇ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૪૧. | શ્રી સવજીભાઇ કુબેરભાઇ પરમાર | ૪૮ | ૪૮ | |
| ૪૨. | શ્રી નારણભાઇ જીવાભાઇ પટેલ | ૪૮ | ૪૬ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩. | શ્રી ચંચળબેન શામળભાઇ પરમાર | ૪૮ | ૪૧ | |
| ૪૪. | શ્રી ઉદેસીંગ દલપુજી સોલંકી | ૪૮ | ૪૪ | |
| ૪૫. | શ્રી સુરેન્દ્ કાનમલ જીરાવાલા | ૪૮ | ૪૮ | |
| ૪૬. | શ્રી દર્શનાબેન મુકેશકુમાર વાઘેલા | ૪૮ | ૪૭ | |
| ૪૭. | શ્રી મદનસિંહ નારાયણસિંહ લોધા | ૪૮ | ૪૮ | |
| ૪૮. | શ્રી પુરષોતમદાસ ઇશ્વરલા વાઘેલા | ૪૮ | ૪૪ | |
| ૪૯. | શ્રી સુનીતાબેન પ્રતાપભાઇ આગજા | ૪૮ | ૪૪ | |
| ૫૦. | શ્રી કાનાજી શંકરજી ઠાકોર | ૪૮ | ૪૧ | |
| ૫૧. | શ્રી પ્રવીણકુમાર ભગવાનદાસ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૫૨. | શ્રી કેસરબેન જગદીશભાઇ પરમાર | ૪૮ | ૪૭ | |
| ૫૩. | શ્રી જીતેન્દ્રભાઇ કનૈયાલાલ રાણા | ૪૮ | ૪૭ | |
| ૫૪. | શ્રી નીતીનકુમાર કચરાભાઇ શાહ | ૪૮ | ૪૮ | |
| ૫૫. | શ્રી મીનાક્ષીબેન અમરીશભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૫૬. | શ્રી રમેશભાઇ ભવનભાઇ પટ્ટણી | ૪૮ | ૪૧ | |
| ૫૭. | શ્રી બિપીનભાઇ અંબાલાલ પટેલ | ૪૮ | ૪૦ | |
| ૫૮. | શ્રી મેનાબેન ભીખુભાઇ પટ્ટણી | ૪૮ | ૪૮ | |
| ૫૯. | શ્રી વસંતભાઇ કરસનભાઇ પરમાર | ૪૮ | ૪૭ | |
| ૬૦. | શ્રી ગોરધનભાઇ બેચરભાઇ પટેલ | ૪૮ | ૩૦ | |
| ૬૧. | શ્રી શાંતાબેન શાંતિલાલ પંચાલ | ૪૮ | ૪૮ | |
| ૬૨. | શ્રી ચન્દ્રકાન્ત ખુશાલભાઇ બોરીસા. | ૪૮ | ૪૭ | |
| ૬૩. | શ્રી ભાસ્કરભાઇ મણીલાલ ભટ્ટ | ૪૮ | ૩૪ | |
| ૬૪. | શ્રી કિરણબેન ભાવીકકુમાર પટેલ | ૪૮ | ૪૮ | |
| ૬૫. | શ્રી હરીશભાઇ રામજીભાઇ વાઘેલા | ૪૮ | ૪૩ | |
| ૬૬. | શ્રી જયસુખભાઇ મનુભાઇ સાવલીયા | ૪૮ | ૪૬ | |
| ૬૭. | શ્રી તારાબેન સોમાભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૬૮. | શ્રી મહાદેવભાઇ વશરામભાઇ દેસાઇ | ૪૮ | ૪૭ | |
| ૬૯. | શ્રી બલરામ ખુબચંદ થાવાણી | ૪૮ | ૪૩ | |
| ૭૦. | શ્રી આશાબેન મુળચંદ ટેકવાણી | ૪૮ | ૪૭ | |
| ૭૧. | શ્રી અશોક પરમાનંદ હાસાણી | ૪૮ | ૪૮ | |
| ૭૨. | શ્રી બિપિન રામરૂપ સિક્કા | ૪૮ | ૪૫ | |
| ૭૩. | શ્રી ક્રિશ્નાબેન પ્રફુલભાઇ ઠાકર | ૪૮ | ૪૬ | |
| ૭૪. | શ્રી દિનેશભાઇ કોદરભાઇ મકવાણા | ૪૮ | ૪૭ | |
| ૭૫. | શ્રી દિપકભાઇ નારણભાઇ મકવાણા | ૪૮ | ૩૯ | |
| ૭૬. | શ્રી અરુણાબેન સતીષભાઇ શાહ | ૪૮ | ૪૮ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૭. | શ્રી મનુભાઇ જયરામભાઇ કાથરોટીયા | ૪૮ | ૪૮ | |
| ૭૮. | શ્રી દેવચંદ રણછોડભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૭૯. | શ્રી ડો.કલ્પના પ્રકાશચંદ્ર ભટ્ટ | ૪૮ | ૪૮ | |
| ૮૦. | શ્રી વલ્લભભાઇ કુબેરભાઇ પટેલ | ૪૮ | ૪૩ | |
| ૮૧. | શ્રી ભરતભાઇ રતીલાલ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૮૨. | શ્રી જાનકીબેન રવિન્દ્રસિંહ ચૌહાણ | ૪૮ | ૪૪ | |
| ૮૩. | શ્રી નાગેશભાઇ શંભૈય્યા નાગૈય્યા દેવપલ્લી | ૪૮ | ૪૩ | |
| ૮૪. | શ્રી બાબુભાઇ દેવરાજભાઇ ઝડફીયા | ૪૮ | ૪૫ | |
| ૮૫. | કુમારી રત્નાબેન ડાહયાભાઇ વોરા | ૪૮ | ૪૦ | |
| ૮૬. | શ્રી મહેન્દ્રભાઇ બાબુભાઇ વાઘેલા | ૪૮ | ૪૫ | |
| ૮૭. | શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ | ૪૮ | ૩૨ | |
| ૮૮. | શ્રી ભાનુબેન બચુભાઇ મકવાણા | ૪૮ | ૩૯ | |
| ૮૯. | શ્રી ડાહયાભાઇ વીરાભાઇ પરમાર | ૪૮ | ૪૮ | |
| ૯૦. | શ્રી મહંમદઇકબાલ કાસમભાઇ શેખ | ૪૮ | ૪૬ | |
| ૯૧. | શ્રી સમુબેન અંબાલાલ નાડીયા | ૪૮ | ૪૪ | |
| ૯૨. | શ્રી મુસ્તાકઅહેમદ સિકંદરખા પઠાણ | ૪૮ | ૪૧ | |
| ૯૩. | શ્રી હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | ૪૮ | ૪૨ | |
| ૯૪. | શ્રી સવિતાબેન હર્ષદભાઇ શ્રીમાળી | ૪૮ | ૪૮ | |
| ૯૫. | શ્રી રમેશભાઇ રત્નાભાઇ  દેસાઇ | ૪૮ | ૪૪ | |
| ૯૬. | શ્રી જયેશભાઇ કાન્તીલાલ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૯૭. | શ્રી આશાબેન જગદીશભાઇ મિસ્ત્રી | ૪૮ | ૪૬ | |
| ૯૮. | શ્રી ગણપતભાઇ મોતીભાઇ પરમાર | ૪૮ | ૪૫ | |
| ૯૯. | શ્રી અરવિંદભાઇ વિશ્વનાથ ચૌહાણ | ૪૮ | ૩૭ | |
| ૧૦૦. | શ્રી મધુબેન ચંદુભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૦૧. | શ્રી ધનજીભાઇ શામજીભાઇ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૧૦૨. | શ્રી વનરાજસિંહ ઝીલુભા ઝાલા | ૪૮ | ૪૬ | |
| ૧૦૩. | શ્રી ટીનાબેન ભરતભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૦૪. | શ્રી હર્ષદભાઇ પુરુષોત્તમભાઇ ભટ્ટ | ૪૮ | ૪૧ | |
| ૧૦૫. | શ્રી વાસુદેવભાઇ વિરજીભાઇ  પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૦૬. | શ્રી સ્મિતાબેન પરાગભાઇ નાઇક | ૪૮ | ૪૨ | |
| ૧૦૭. | શ્રી નયનકુમાર જયદેવભાઇ બ્રહમભટ | ૪૮ | ૪૩ | |
| ૧૦૮. | શ્રી મહેન્દ્રભાઇ પરષોતતમદાસ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૦૯. | શ્રી ઉષાબેન હસમુખભાઇ શાહ | ૪૮ | ૪૪ | |
| ૧૧૦. | શ્રી અસીતભાઇ રવિન્દ્રપ્રસાદ વોરા | ૪૮ | ૪૮ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૧. | શ્રી રમેશભાઇ નરેન્દ્ભાઇ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૧૧૨. | શ્રી નિશાબેન કલ્પેશકુમાર ઝા | ૪૮ | ૪૫ | |
| ૧૧૩. | શ્રી બળવંતભાઇ મોહનભાઇ પરમાર | ૪૮ | ૪૭ | |
| ૧૧૪. | શ્રી ધર્મેન્દ્ ચંપકલાલ શાહ | ૪૮ | ૪૫ | |
| ૧૧૫. | શ્રી કમળાબેન કાંતિભાઇ ચાવડા | ૪૮ | ૪૦ | |
| ૧૧૬. | શ્રી કાંતાબેન હરીશકુમાર પરમાર | ૪૮ | ૪૭ | |
| ૧૧૭. | શ્રી શકીલઅહેમદ ગનીભાઇ શેખ | ૪૮ | ૪૧ | |
| ૧૧૮. | શ્રી પુષ્પાબેન દિનેશભાઇ મિસ્ત્રી | ૪૮ | ૪૮ | |
| ૧૧૯. | શ્રી નરેશભાઇ શંકરલાલ વ્યાસ | ૪૮ | ૨૪ | |
| ૧૨૦. | શ્રીજીગરભાઇ અશોકભાઇ પંડયા | ૪૮ | ૪૫ | |
| ૧૨૧. | શ્રી નૈરૂતી અશ્વિનભાઇ ચૌધરી | ૪૮ | ૪૧ | |
| ૧૨૨. | શ્રી હસમુખભાઇ સોમાભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૨૩. | શ્રી અશોકભાઇ રણછોડદાસ પટેલ | ૪૮ | ૪૭ | |
| ૧૨૪. | શ્રી આશાબેન યોગેશભાઇ પટેલ | ૪૮ | ૪૮ | |
| ૧૨૫. | શ્રી અતુલકુમાર રાવજીભાઇ પટેલ | ૪૮ | ૪૪ | |
| ૧૨૬. | શ્રી દેવેન્દ્રપ્રસાદ શિવપ્રસાદ ભટ્ટ | ૪૮ | ૪૮ | |
| ૧૨૭. | શ્રી રમાબેન કીર્તિકુમાર જોષી | ૪૮ | ૪૮ | |
| ૧૨૮. | શ્રી નરેશકુમાર નારણભાઇ રબારી | ૪૮ | ૪૮ | |
| ૧૨૯. | શ્રી દક્ષેશભાઇ કનુપ્રસાદ મહેતા | ૪૮ | ૪૮ | |

**★ નિશાનીવાળા સભ્યશ્રી કુલ મીટીંગોની એકંદર સંખ્યાના ૨/૩ (બે તૃતીયાંશ) કરતા ઓછી મીટીંગોમાં હાજર હતા. તા.૦૧-૦૪-૦૮ થી તા.૩૧-૦૩-૦૯ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પો.ની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.**

## પત્રક ૨.૧.૪
### તા.૧.૪.૨૦૦૮ થી તા. ૩૧.૩.૨૦૦૯ સુધી માસવાર મળેલ મ્યુ.બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી દર્શાવતુ પત્રક

| અ.નં. | તારીખ | મીટીંગ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | ખાલી જગા | હાજર સભ્ય સંખ્યા | હાજરીની ટકાવારી | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૧૯-૦૪-૦૮ | ૧ | ૧૨૯ | - | ૯૯ | ૭૬.૭૪ | - |
| ૨. | ૨૩-૦૪-૦૮ | ૫ | ૧૨૯ | - | ૧૨૭ | ૯૮.૪૫ | - |
| ૩. | ૦૯-૦૫-૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૧૩ | ૮૭.૬૦ | - |
| ૪. | ૨૭-૦૫-૦૮ | ૬ | ૧૨૯ | - | ૧૨૧ | ૯૩.૮૦ | - |
| ૫. | ૧૦-૦૬-૦૮ | ૩ | ૧૨૯ | - | ૧૨૧ | ૯૩.૮૦ | - |
| ૬. | ૨૯-૦૭-૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૧૬ | ૮૯.૯૨ | - |
| ૭. | ૨૨-૦૮-૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૨૪ | ૯૬.૧૨ | - |
| | | ૩ | ૧૨૯ | - | ૧૨૩ | ૯૫.૩૪ | |
| ૮. | ૨૨-૦૯-૦૮ | ૧ | ૧૨૮ | ૧ | ૧૦૦ | ૭૮.૧૨ | - |
| ૯. | ૨૩-૦૯-૦૮ | ૧ | ૧૨૮ | ૧ | ૧૧૯ | ૯૨.૯૭ | - |
| | | ૧ | ૧૨૮ | ૧ | ૧૧૭ | ૯૧.૪૦ | |
| ૧૦. | ૨૧-૧૦-૦૮ | ૩ | ૧૨૮ | ૧ | ૧૨૧ | ૯૪.૫૩ | - |
| ૧૧. | ૨૫-૧૧-૦૮ | ૧ | ૧૨૮ | ૧ | ૧૦૨ | ૭૯.૬૯ | - |
| ૧૨. | ૨૬-૧૧-૦૮ | ૩ | ૧૨૯ | - | ૧૨૧ | ૯૩.૮૦ | - |
| ૧૩. | ૧૬-૧૨-૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૦૮ | ૮૩.૭૨ | - |
| ૧૪. | ૧૭-૧૨-૦૮ | ૩ | ૧૨૯ | - | ૧૨૧ | ૯૩.૮૦ | - |
| ૧૫. | ૨૩-૦૧-૦૯ | ૩ | ૧૨૯ | - | ૧૨૪ | ૯૬.૧૨ | - |
| ૧૬. | ૧૦-૦૨-૦૯ | ૧ | ૧૨૯ | - | ૧૧૬ | ૮૯.૯૨ | - |
| ૧૭. | ૧૭-૦૨-૦૯ | ૧ | ૧૨૯ | - | ૧૨૧ | ૯૩.૮૦ | - |
| ૧૮. | ૧૮-૦૨-૦૯ | ૧ | ૧૨૯ | - | ૧૨૩ | ૯૫.૩૫ | - |
| ૧૯. | ૨૫-૦૨-૦૯ | ૩ | ૧૨૯ | - | ૧૧૯ | ૯૨.૨૫ | - |
| ૨૦. | ૩૦-૦૩-૦૯ | ૩ | ૧૨૯ | - | ૧૨૪ | ૯૬.૧૨ | - |

## પત્રક ૨.૧.૫ (અ)

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓ એ કરેલ કામગીરી નીચેના પત્રકમાં દર્શાવવામાં આવી છે.

### સ્ટેચ્યુટરી કમિટીઓ

| અ.નં | કમિટીનું નામ | બેઠકનીસંખ્યા | નિકાલ કરેલકામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સ્ટેન્ડીગ કમિટી | ૫૯ | ૧૮૩૦ |
| ૨. | ટ્રાન્સપોર્ટ કમિટી | ૨૬ | ૨૧૫ |

## પત્રક ૨.૧.૫ (બ)
### સ્પેશીયલ કમિટીઓ

| અનુ. નં | કમિટીનું નામ | બેઠકોની સંખ્યા | નિકાલ કરેલ કામની સંખ્યા | બેઠકદીઠ સરેરાશ નિકાલ થયેલ કામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | ૨૧ | ૬૦૭ | ૨૮.૯૦ |
| ૨ | રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | ૨૫ | ૧૦૨૭ | ૪૧.૦૮ |
| ૩ | હેલ્થ કમિટી | ૨ | ૮ | ૪.૦૦ |
| ૪ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | ૧ | ૪ | ૪.૦૦ |
| ૫ | હેલ્થ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | ૧૪ | ૧૫૨ | ૧૦.૮૫ |
| ૬ | ટાઉન પ્લાનીગ કમિટી | ૨ | ૮ | ૪.૦૦ |
| ૭ | એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | ૧ | ૧ | ૧.૦૦ |
| ૮ | ટાઉન પ્લાનીગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | ૨૪ | ૫૨ | ૨.૧૬ |
| ૯ | હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | ૦ | ૦ | ૦ |
| ૧૦ | હાઉસીગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ. ડબલ્યુ. એસ. આવાસ યોજના કમિટી | ૧૩ | ૧૮ | ૧.૩૮ |
| ૧૧ | રીક્રીએશનલ એન્ડ કલ્ચરલ કમિટી | ૨ | ૧૫ | ૭.૫ |
| ૧૨ | રીક્રીએશન કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી | ૨૦ | ૧૨૫ | ૬.૨૫ |
| ૧૩ | હોસ્પિટલ કમિટી | ૨૨ | ૧૧૯ | ૫.૪૦ |
| ૧૪ | લીગલ કમિટી | ૨૧ | ૩૩ | ૧.૫૭ |
| ૧૫ | ઓકટ્રોય કમિટી | ૩ | ૪ | ૧.૩૩ |
| ૧૬ | ટેક્ષ કમિટી | ૩ | ૬ | ૨.૦૦ |
| ૧૭ | રેવન્યુ કમિટી | ૧૦ | ૧૬ | ૧.૬ |
| ૧૮ | મટીરીયલ્સ મેનેજમેન્ટ એન્ડ પરચેઇઝ કમિટી | ૧૩ | ૬૪ | ૪.૯૨ |
| ૧૯ | મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી | ૨૧ | ૩૩ | ૧.૫૭ |
| ૨૦ | માધ્યમિક શાળા સંચાલન સમિતી | ૨ | ૩ | ૧.૫ |
| ૨૧ | સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈન્મેન્ટ કમીટી | ૪ | ૨૫ | ૬.૨૫ |

# ૨.૦૨ સેન્ટ્રલ ઓફીસ

## ૨૦૦૮-૦૯

**બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ** ૯૪ મુજબ તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક , બઢતી / બદલી સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશનરશ્રી કરે છે. અને તેના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફીસ મારફતે કરવામાં આવે છે. આ ઓફીસ મ્યુનિ.કમિશનરશ્રી અને ડે.મ્યુનિ.કમિશનરશ્રી (વહીવટ) ની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફીસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

૧. શિરસ્તેદાર વિભાગ

૨. હેડ કલાર્ક વિભાગ

૩. સંકલન વિભાગ

***<u>શિરસ્તેદાર વિભાગ :-</u>***

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક ફેરબદલી , બઢતી ,કર્મચારીઓના સીનીયોરીટી લીસ્ટ બનાવવા , કર્મચારીઓને કાયમ કરવા , ખાતાકીય પરીક્ષા લેવી , ઇનસર્વિસ ટ્રેનિંગ વિગેરે કામગીરી કરે છે. હાઇકોર્ટ દિવાની કોર્ટ , લેબર કોર્ટમાં એસ્ટા.અંગેના તમામ કેસો અંગેની માહીતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ , ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા , વિવિધ ખાતાઓમાં જગા ભરવી , બઢતી ઇન્ટરવ્યુ અગેંની તજવીજ કરવી , રાજય સરકારના ક્ષેત્રમાં આવતી જગાઓની મંજુરી લેવી , મહેકમ અંગે રાજય સરકારશ્રી સમક્ષ પત્ર વ્યવહાર , પોલીસી (નીતી) ના હુકમ , ભરતી , અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઇલોની જાળવણી વગેરે કામ કરે છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નકકી કરાવવા સ્ટે.કમીટીની મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રોસ્ટર વિભાગ દ્વારા રાજય સરકારની નીતી અનુસાર રોસ્ટરનું અમલીકરણ કરાવવાની કામગીરી, રાજય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહીતી પૂરી પાડવી , કર્મચારીઓના રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વગેરે કામગીરી કરે છે. જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

| અનુ.નં | વિગત | ૨૦૦૮/ ૨૦૦૯ |
|---|---|---|
| ૧. | રોસ્ટર અભિપ્રાય (વર્ગ ૧ થી ૪ )ની વિવિધ જગાઓ માટે | ૭૨ |
| ૨. | જી.ડી.ઇએસટી.ઠરાવની સંખ્યા | ૬૧૪ |
| ૩. | જુદા જુદા વર્ગ અને જગ્યાઓ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા (ઇન્ટરવ્યુ બ્રાંચની) | ૧૨૪૨ |
| ૪. | જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઇન્ટરવ્યુ થયા તેની સંખ્યાં | ૧૬૯ |
| ૫. | ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ અને<br>પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા | ૮૮૧ /<br>૯૩ |

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો ના જુદા જુદા ખાતાઓમાથી આવેલ પત્રો(ફાઇલો)ની સંખ્યા ૫૫૮૯ તેમજ રાજ્ય સરકારશ્રીમાંથી તથ અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા ૬૦૯ છે.તેમજ માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની સંખ્યા ૨૫૨ છે.

રાજય સરકારશ્રીની નીતી અનુસાર હાલમાં ફાઇલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧, ૨ અને ૩ માં આવતાં કલેરીકલ વહીવટી / ટેકનીકલ કેડરનાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર

દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૯૧૨ જેટલાં વાર્ષિક ખાનગી અહેવાલ અત્રે સ્વીકારવામાં આવેલ છે.

**હેડ કલાર્ક વિભાગ :**

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ , સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂમાં આવતી અથવા ટપાલ મારફતે આવે તેને ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધીત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે.

| વર્ષ | પ્રજા તરફથી આવેલ અરજીઓ ની સંખ્યા | રાજયસરકારે કે કેન્દ્ર અથવા સરકારી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા | ખાતાકીય પત્રોની સંખ્યા | મેયરશ્રી, ડે.મેયરશ્રી અને સ્ટે.કમીટીના ચેરમેનશ્રી તરફથી આવેલ પત્રોની સંખ્યા | કાઉન્સીલર શ્રી વત્તા ધારાસભ્યશ્રી ડાયરેકટ મ્યુનિસિપલ કમિશનરશ્રી | કુલ આવેલ અરજીઓ ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૧૪૪૯ | ૮૮૦૧ | ૮૩૪ | ૧૨૬૪ | ૬૪૪ | ૨૨૯૯૨ |

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી કે રાજ્ય સરકાર તરફથી મંગાવવામાં આવતી માહીતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રીત કરી જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુનિ.કમિશનર તરફથી ખાતાના અધિકારીશ્રીઓ અગર કર્મચારીઓને માહીતી સુચના કે આદેશ આપતા પરીપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટિઓના અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડના પરીપત્રો પ્રસિધ્ધ કરી સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, સીક્યુરીટીસુપ્રી.શ્રી, આસી.મેનેજરશ્રીની ઓફીસ અને ઘરના ટેલીફોન બીલોનું ચુકવણું કરવાની વ્યવસ્થા કરે છે, તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુ.કોર્પો સભ્ય હોઇ તેમના વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુનિ.કોર્પોની મિલ્કતો , જમીનો , પ્લોટો , ઓકટ્રોય નાકા , મ્યુ.સ્નાનાગાર , હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ , વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુનિ.કોર્પો દ્વારા જુદી જુદી ખાનગી સીકયુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૦૮ / ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન આવી સાત (૭) સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૯૮૦ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે. અને તેની પાછળ વાર્ષિક રૂા. ૨,૪૩,૩૯,૪૩૯/-/- પુરા ખર્ચ થયેલ છે. આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ સીકયુરીટી બ્રાંચ દ્વારા કરવામાં આવે છે.

તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની બદલી, બઢતી, ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઇએસટી.ઠરાવો, સરકયુલરો, ઓફીસ ઓર્ડર, જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ તેમજ ફાઇનલ પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ, સરકયુલર્સ, વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

## ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઇ મુજબ કર્મચારીઓએ ડીપોર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ ના પ્રકરણ ૮ ના વિનીયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે. અને એલ.એસ.જી.ડી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપર નં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે. અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન. નં ૪૫૮ ૨૦૦૪ - ૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| અ.નં. | પેપરનું નામ | ગુણ |
|---|---|---|
| ૧. | સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ | ૧૦૦ |
| ૨. | ઓફીસ મેનેજમેન્ટ | ૧૦૦ |
| ૩. | બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન<br>(થીયરી અને પ્રેકટીકલ) | ૧૦૦ |

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક, એસ્ટેટ ટી.ડી.ઓ ખાતાના સબ ઇન્સ્પેકટર, ડી.ટી.પી ઓપરેટર તથા જુનીયર કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપરોકત પરીક્ષા આપવાની થાય છે. જે મે તેમજ ડીસેમ્બર માસના છેલ્લા અઠવાડીયાં લેવામાં આવે છે. મે ૨૦૦૮ તથા નવેમ્બર-૨૦૦૮ દરમ્યાન ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારો હાજર રહેલ તેમજ પાસ થયેલ કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **વિગત** | **પરીક્ષા માટે ફોર્મ ભરેલ કર્મચારીની સંખ્યા** | **પરીક્ષા માટે હાજર રહેલ કર્મચારીની સંખ્યા** | **પરીક્ષા માટે ગેર હાજર રહેલ કર્મચારીની સંખ્યા** | **પાસ** | **નાપાસ** |
|---|---|---|---|---|---|
| મે ૨૦૦૮ | ૧૮ | ૧૫ | ૩ | ૧૧ | ૪ |
| નવે.૨૦૦૮ | ૧૨ | ૧૧ | ૧ | ૭ | ૪ |
| **કુલ** | **૩૦** | **૨૬** | **૪** | **૧૮** | **૮** |

## <u>સંકલન વિભાગ (બોર્ડ અને કમિટિ)</u>

અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓ તરફથી રજૂ કરવામાં આવતા કામો તથા મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમિટિમાંથી મંજૂર થયા બાદ સ્ટેન્ડીગ કમિટિ તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજૂર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ,હાઉસીગ,રીક્રીએશનલ,માધ્યમિકશાળા સંચાલન સમિતિ,ટાઉન પ્લાનીગ,રોડ અને બિલ્ડીગ,હોસ્પિટલ,હેલ્થ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,વોટર સપ્લાય,ટેક્ષ,લીગલ વિગેરે ખાસ કમિટિના એકંદરે કુલ ૨૨૪૬ કામોના ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મિટિંગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રીને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર દ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જેતે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમિટિએ અપીલ સબ કમિટિની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમિટિમાં કુલ ૪૪ ઠરાવો કરવામાં આવેલ છે. જે ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજૂરીની કામગીરી ઇન્ડ.રીલેશન ખાતા દ્વારા જરૂરી તજવીજ કરવામાં આવે છે.

### વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કમિટીઓના ઠરાવોની સંખ્યા

| | |
|---|---|
| **૧. સ્ટેન્ડિંગ કમિટિના થયેલ ઠરાવ** | **૧૮૩૦** |
| **૨. અપીલ સબકમિટિ માં થયેલ ઠરાવ** | **૪૪** |
| **૩. ઓડીટ સબ કમિટી** | **૮૪૮** |
| **૪. જુદી જુદી ખાસ કમિટિમાં થયેલ ઠરાવ** | **૨૨૪૬** |
| **૫. સ્ટાફ સિલેક્શન કમિટિમાં થયેલ ઠરાવ** | **૨૫** |
| **૬. મ્યુ.બોર્ડ ની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ** | **૧૮૬૭** |

વર્ષ દરમ્યાન મ્યુ.માસીક બોર્ડની સામાન્ય સભામાં જુદા જુદા ખાતાની માહીતિને લગતાં મ્યુ.કાઉન્સીલરશ્રીઓ તરફથી કુલ ૨૦ પ્રશ્નો લેખિતમાં પુછવામાં આવેલા છે.જે સવાલના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિ.શ્રી દ્વારા તૈયાર કરાવી ડે.મ્યુ.કમિ.શ્રી(વહીવટ) દ્વારા મે.મ્યુ.કમિશનર સાહેબની મંજૂરી મેળવ્યા બાદ મ્યુ.સેક્રેટરીશ્રી ને સદર જવાબની નકલ અત્રેથી મોકલવામાં આવે છે.

વર્ષ ૨૦૦૮/૦૯ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૦૯/૦૧૦ ના સંદર્ભે પ્રશ્નોની માહીતિ પણ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ ૪૮૨ જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા, જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશરશ્રી દ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

# ૨.૩ ટેક્ષ વિભાગ
## ૨૦૦૮-૦૯

મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત્ત સંસ્થા છે. જેની રચના ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ કરવામાં આવેલ છે.એકટમાં કોર્પોરેશનની ફરજિયાત અને મરજિયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલું છે અને તેને અદા કરવા નાણાંકીય સાધનો ફાળવેલા છે.આ વિવિધ પ્રકારના કાર્યો માટે જે આવકના સાધનો છે તે પૈકી પ્રોપર્ટી ટેક્ષ એ એક આવકનું મુખ્ય સાધનો પૈકીનું એક સાધન છે જે કોર્પો.ની કુલ રેવન્યુ આવકનાં ૧૯.૦૯ % થી પણ વધુ આવક આપે છે.

નવી મિલકતોની આકારણી કરવામાં આવે છે અને ખાસ નોટિસ બજાવવામાં આવે છે જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ નીચે ઝોનના ડીવીઝનલ સુપ્રિ.તેમજ વોર્ડ ઇન્સ્પેકટરો સ્થળ તપાસ કરી આકારણીની કામગીરી કરે છે.મિલકતનાં ઉપયોગમાં ફેરફાર થયો હોય, ભાડુઆત બદલાયા હોય , અથવા બાંધકામમાં વધારો થયો હોય તો તેવી મિલકતોની આકારણી સુધારવામાં આવે છે.આકારણી સુધારવાના તમામ કેસોમાં ખાસ નોટિસો બજાવવામાં આવે છે.અહેવાલી વર્ષમાં ૮૩૦૧૯ અરજીઓ આવેલી અને તેનો નિકાલ પણ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૮-૦૯ ના અહેવાલી વર્ષમાં ચાલુ બાકી રૂા.૩૫૭.૬૬ કરોડ .તેમજ પાછલી બાકી રૂા.૯૯૮.૩૨ કરોડ જે મળી કુલ રૂા.૧૩૫૫.૯૮ કરોડ માંગણુ હતુ જેમાંથી અહેવાલી વર્ષમાં રૂા.૨૯૦.૭૩ કરોડની કુલ પ્રોપર્ટી ટેકસની વસુલાત આવવા પામેલ છે.છેલ્લા પાંચ વર્ષમાં ટેક્ષની વસુલાત અને સામાન્ય આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક ૨ઃ૩ઃ૧ તથા ઝોનવાઇઝ છેલ્લા ત્રણ વર્ષની પ્રોપટી ટેક્ષની વસુલાતની માહિતીનું પત્રક ૨ઃ૩ઃ૨ સામેલ છે.

૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા.૧૫૦૩.૫૭ લાખ લાઇફ ટાઇમ વ્હીકલ ટેક્ષ વસુલ કરવામાં આવ્યો છે.વ્હીકલ ટેક્ષ વિભાગમાં ૧ ઇન્સપેકટર,૮ ઇન્ડોર કલાર્કસ ફરજ બજાવે છે.

પત્રક ૨ઃ૩ઃ૩ માંવાહનોના પ્રકાર તથા સંખ્યાની માહિતી સામેલ છે.

પ્રોપર્ટી ટેક્ષ ઉપરાંત લાઇફ ટાઇમ વ્હીકલ ટેક્ષ જુદા જુદા દરોએ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. જેનુ પત્રક ૨ઃ૩ઃ૪ આ સાથે સામેલ છે.જેના માંગણા બીલો કોમ્પ્યુટર ઉપર તૈયાર કરવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન ૧૦૯૦૮૬ યાંત્રિક વાહનો નોંધાયેલા છે.

અહેવાલી વર્ષમાં કરદાતાઓ દ્વારા કરવામાં આવેલી વાંધા અરજીઓનો નિકાલ એપેલેટ ઓફિસરો મારફત કરવામાં આવેલ છે. એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીની સીધી દેખરેખ નીચે એપેલેટ ઓફિસરો કરદાતાઓના વાંધાઓના નિકાલની કાર્યવાહી કરે છે. કરદાતાઓને જરૂરી પુરાવા રજૂ કરવા જણાવવામાં આવેછે. અને જરૂરીયાત મુજબ સ્થળ તપાસ કરી વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.આ સિવાય અહેવાલી વર્ષમાં નામ ટ્રાન્સફર,કબ્જેદાર ફેરફાર,ખાલીબંધ,સ્પેલીગ સુધારો જેવી ટેકસ જનરલની અરજીઓ આવેલ જેનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં આવેલ ૮૫૦૬૨ વાંધા અરજીઓ આવેલી અને તેનો નિકાલ પણ કરવામાં આવેલ છે.કેટેગરીવાઇઝ અરજીઓ અંગેનું પત્રક ૨ઃ૩ઃ૫ સામેલ છે.

મિલકતની આકારણી નક્કી થયા પછી પ્રત્યેક મિલકતના ટેક્ષનાં માંગણા તૈયાર કરવામાં આવે છે. માંગણા બીલો કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે. તેમજ ખાસ નોટિસો પણ કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે. વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી ૫૦૦૦ એન્ટ્રી દીઠ એક વોર્ડની રચના કરવામાં આવેલ છે.જે મુજબ ટેક્ષ ખાતામાં જુની તથા નવી હદમાં કુલ ૨૬૪ વોર્ડો આવેલા છે.અહેવાલી વર્ષમાં ૨૦૦૭-૦૮માં રહેણાંકની મિલકતોની અને બિનરહેણાંકવાળી મિલકતોની મળી કુલ ૧૫,૫૮,૧૨૨ મિલકતોનાં બીલો આપવામાં આવ્યા છે.આ મિલકતના જુદા જુદા વોર્ડમાં માંગણા બીલો સાથે જ આપવામાં આવે છે. બીલની મુદતની તારીખ જુદી જુદી

આપવામાં આવે છે. ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧(ક) અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલ ઉપર ૧૮% લેખે દંડનીય વ્યાજ ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં વર્ષ દરમ્યાન ટેકસ વસુલાત અન્વયે ૪,૮૦,૩૧૮ કાચા વોરંટ ૧૦૪ પાકા વોરંટ ૧૮,૪૧૮ પ્રોપર્ટી સીલ કરવામાં આવેલ.

ટેક્ષની વસુલાત તેમજ કામગીરી માટે ૩૦ ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડન્ટસ ૨૪૧ વોર્ડ ઈન્સ્પેક્ટરો અને ૬૦ ડિવિઝનલ ક્લાર્ક કામગીરી બજાવે છે. અહેવાલી વર્ષમાં તમામ ઝોનના વોર્ડોના કરની પહોંચો ૨૪ સીટી સીવીક સેન્ટરોમાં આવેલ કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર્સ પર બનાવવામાં આવે છે. તથા કાલુપુર બેંકની તમામ શાખાઓમાં ટેક્ષના નાણાં લેવામાં આવે છે.

વોર્ડમાં કરદાતાનાં બીલોમાં સુધારાવધારા તથા તે અંગે કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કામગીરી વાંધાના નિકાલને કારણે આકારણીમાં ફેરફારની કામગીરી તેમજ મિલકતનાં પ્રકારમાં ભાગલાને લીધે અન્ય કોઈપણ કારણસર થયેલ ફેરફારથાય તો તેની કામગીરી વોર્ડ ઈન્સ્પેક્ટર્સ તથા ડિવિ. ક્લાર્ક કરે છે. આકારણી બાબત દર વર્ષે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.બહાર પાડવામાં આવેલ જાહેરનામા તથા ખાસ નોટીસો જે ખાતા દ્વારા આપવામાં આવે છેતેની સામે આવેલ વાંધા અરજીઓની અહેવાલી વર્ષમાં નિકાલ કરવામાં આવેલો.વાંધા અરજીઓના નિકાલ પછી અને માંગણાના બીલો મલ્યા પછી જે કરદાતાઓને અસંતોષ થયેલ હોય તેવા કરદાતાઓ સ્મોલ કોઝ કોર્ટમાં ૧૫ દિવસમાં અપીલ કરી શકે છે. અહેવાલી વર્ષમાં સ્મોલ કોઝ કોર્ટમાં,મેટ્રોપોલીટન કોર્ટ તેમજ હાઈકોર્ટમાં કુલ ૪૮૩ અપીલો થયેલી.

મિલકતની આકારણી બાબતના વાંધાના નિકાલની અને વસુલાતની કામગીરી ટેક્ષ ખાતા મારફતે કરવામાં આવે છે.ડે.મ્યુ.કમિ.(ટેક્ષ)શ્રીની સીધી દેખરેખ નીચે એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીનાંરોજબરોજના સંચાલન નીચે આ વિભાગની કામગીરી સરળ થાય તે હેતુથી ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરો તેમજ આસી.મેનેજરો અને સુપરવાઈઝરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવેલું છે.અને તેમાં પાંચ ઝોન બનાવવામાં આવેલા છે.હાલમાં નવી હદમાં નવો ૫.ઝોન બનાવેલ હોઇ હવે થી કુલ ૬ ઝોનમાં વહીવટી વિકેન્દ્રીકરણ થયેલ છે દરેક ઝોનમાં તેમને લગતા વોર્ડોની કામગીરી કરવામાં આવે છે.પ્રોપર્ટી ટેકસની વસુલાત માટે વર્ષના અંતે ૨૬ સીવીક સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.કરદાતાને દૂર સુધી જવું ના પડે તેવું આયોજન કરવામાં આવેલ છે.

શહેરમાં ચાલતાં સિનેમા થીએટરો પાસેથી શો ટેક્ષ વસુલ લેવામાં આવે છે.ગુજરાત સરકારે જે ચલચિત્રોને કરમુક્તિઆપી હોય તેવા ચલચિત્રો ચાલતા હોય ત્યારે તેને શો ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન રૂા.૪૮.૮૭ લાખ થીએટર શો ટેક્ષ વસુલ કરવામાં આવ્યા હતા.

ખાનગી બગીચાઓ અથવા ઘરવપરાશનાં તેમજ એક હજાર ચો.મી.થી વધુ મોટા બગીચાઓ માટે ગાર્ડન ટેક્ષ વસુલ લેવામાં આવે છે. દર ૧૦૦ કુંડા દીઠ રૂ.૧૨ .૦૦ અને તેના પ્રત્યેક ભાગ માટે નિયત દરે વસુલાત લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બગીચા ટેક્ષની આવક રૂા.૨૭૨૪૦/- થવા આવેલ છે.

## પત્રક ૨.૩.૧

### છેલ્લા પાંચ વર્ષની ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | સામાન્ય રેવન્યુ આવક (રૂા.લાખમાં) | ટેક્ષની વસુલાત (રૂા.લાખમાં) | સામાન્ય રેવન્યુ આવક સામે ટેક્ષની આવકની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૮૦૬૨૨.૫૮ | ૧૬૯૦૦.૦૦ | ૨૦.૯૬% |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૮૯૭૮૬.૩૯ | ૨૦૪૫૬.૯૮ | ૨૧.૯૭% |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૧૧૨૮૬૯.૬૦ | ૨૨૬૩૮.૦૮ | ૨૦.૦૧% |
| ૪ | ૨૦૦૭-૦૮ | ૧૩૮૨૧૨.૧૬ | ૨૪૨૬૭.૩૭ | ૧૭.૫૫% |
| ૫ | ૨૦૦૮-૦૯ | ૧૫૨૨૬૩.૦૭ | ૨૯૦૭૩.૬૩ | ૧૯.૦૯% |

## પત્રક ૨.૩.૨

### ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતુ પત્રક

(રૂા. લાખમાં)ટકાવારી સાથે

| અ.નં. | ઝોન | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મધ્યસ્થ કચેરી | ૧૦.૮૫ (૦.૦૫) | - | - |
| ૨. | મધ્યઝોન | ૪૮૯૭.૮૯ (૨૧.૬૪) | ૪૭૧૮.૦૭ (૧૯.૪૪) | ૪૨૫૯.૦૩ (૧૪.૬૫) |
| ૩. | પશ્ચિમઝોન | ૭૮૨૯.૬૮ (૩૪.૫૯) | ૭૪૪૨.૪૫ (૩૦.૬૭) | ૯૩૩૪.૫૬ (૩૨.૧૧) |
| ૪. | પૂર્વઝોન | ૩૦૨૨.૩૨ (૧૩.૩૫) | ૩૦૪૬.૦૬ (૧૨.૫૫) | ૨૬૧૫.૮૩ (૯.૦૦) |
| ૫. | ઉત્તરઝોન | ૩૦૫૦.૪૨ (૧૩.૪૭) | ૩૦૫૧.૯૩ (૧૨.૫૮) | ૨૯૦૭.૧૦ (૧૦.૦૦) |
| ૬. | દક્ષિણઝોન | ૩૮૨૬.૯૨ (૧૬.૯૦) | ૩૯૯૬.૬૧ (૧૬.૪૭) | ૪૨૮૮.૧૦ (૧૪.૭૫) |
| ૭. | નવા પશ્ચિમ ઝોન | - | ૨૦૧૨.૨૫ (૮.૨૯) | ૫૬૬૯.૬૩ (૧૦૦.૦૦) |
| | કુલ | ૨૨૬૩૮.૦૮ (૧૦૦.૦૦) | ૨૪૨૬૭.૩૭ (૧૦૦.૦૦) | ૨૯૦૭૩.૬૩ (૧૦૦.૦૦) |

## પત્રક ૨.૩.૩ એસેસમેન્ટ અને ટેક્સ ખાતુ
### ૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન જુદી જુદી કેટેગરી વાઇઝ નોંધાયેલ વાહનોની સંખ્યા નું પત્રક

| અ.નં. | વાહનોનો પ્રકાર | કુલ સંખ્યા |
|---|---|---|
| ૧. | મોટર સાયકલ | ૮૦૮૯૫ |
| ૨. | મોટરકાર | ૨૨૭૩૯ |
| ૩. | ટેક્સી | -- |
| ૪. | ઓટો રીક્ષા | ૪૪૪૯ |
| ૫ | મોટર ટ્રક | ૧૯૯ |
| ૬ | પેસેન્જર બસ | ૨૬ |
| ૭ | લોડીગ ટેમ્પો-લોડીગ રીક્ષા | ૭૭૮ |
| ૮ | અન્ય | -- |
| | **કુલ** | **૧૦૯૦૮૬** |

### પત્રક ૨.૩.૪
### આજીવન વાહન વેરાના દર દર્શાવતુ પત્રક (રૂપિયા)
### તાઃ૦૧/૦૪/૦૮ થી આજીવન વાહનવેરાના દરો નીચે મુજબ છે.

| અ.નં. | વાહનનો પ્રકાર | આજીવન કરનો દર રૂા. |
|---|---|---|
| ૧ | સ્કુટર માટરસાયકલ દ્વિચક્રી વાહનો | ૧૦૦૦/- |
| ૨ | ઓટો રીક્ષા | ૧૨૦૦/- |
| ૩ | લોડીગ ટેમ્પો/લોડીગ રિક્ષા | ૧૫૦૦/- |
| ૪ | મોટરકાર તથા જીપ ૧૦૦૦ સી.સી.સુધી તથા પ્રત્યેક વધારાના સી.સી.દીઠ રૂા.૨/- વધારાના લેવાના | ૨૦૦૦/- |
| ૫ | મેટાડોર,મીનીબસ | ૫૦૦૦/- |
| ૬ | ટ્રક તથા મોટી બસ | ૮૦૦૦/- |

આ ઉપરાંત હયાત ટોકન ફી રૂા.૫/- ને બદલે રૂા.૨૫ ટોકન ફી લેવામાં આવશે.

# પત્રક ૨.૩.૫

## વર્ષ ૨૦૦૮-૦૯ નું  નાગરિકો તરફથી ટેક્ષ વિભાગને લગતી કરવામાં આવેલ કેટેગરી વાઇઝ અરજીઓનું  તથા તેના થયેલ નિકાલનું  પત્રક

| અ.નં | કેટેગરી | કુલ મળેલ અરજી | કુલ નિકાલ થયેલ અરજી | કુલ બાકી અરજી |
|---|---|---|---|---|
| ૧ | એપેલેટ અરજી | ૧૮૫ | ૧૮૫ | ૦ |
| ૨ | આકારણી નામંજુર | ૩૮૪ | ૩૮૪ | ૦ |
| ૩ | મિલકતવેરા અંગેની ફરિયાદ | ૧૪૯૬ | ૧૪૬૯ | ૨૭ |
| ૪ | ટેક્ષ આકારણી ઘટાડવા અંગે | ૧૩૧૧૩ | ૧૩૦૬૭ | ૪૬ |
| ૫ | ટેક્ષ વિભાજન | ૩૬૯૮ | ૩૬૬૩ | ૩૫ |
| ૬ | ડુપ્લીકેટ બીલ અંગે | ૨૨૪૭ | ૨૨૩૫ | ૧૨ |
| ૭ | ટેક્ષ જનરલ | ૮૬૩૨ | ૮૬૧૫ | ૧૭ |
| ૦૮ | નવી આકારણી | ૨૬૪ | ૨૫૯ | ૫ |
| ૯ | નવા કબજેદાર અંગે | ૧૦૫૬૬ | ૧૦૪૯૭ | ૬૯ |
| ૧૦ | વપરાશ બદલાવ અંગે | ૩૦૭ | ૩૦૫ | ૨ |
| ૧૧ | ખાલી મિલકત અંગે | ૬૨૮૮ | ૬૨૫૪ | ૩૪ |
| ૧૨ | નામ ટ્રાન્સફર અંગે | ૩૧૫૬૬ | ૩૧૪૭૨ | ૯૪ |
|  | કુલ | ૭૮૭૪૬ | ૭૮૪૦૫ | ૩૪૧ |

## ૨.૪ કોમ્પ્યુટર ખાતુ

૦૮-૦૯

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટીમો જેવીકે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ સીસ્ટમ, એફ.એ.એસ, વોટર મીટર વિગેરેને ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન સફળ સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમય મર્યાદામાં ચોકસાઇ પૂર્વક પૂર્ણ કરી જે તે ખાતે પહોચાડેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઇ-ગર્વનન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીક અપ લીઝ લાઇન દ્વારા કરી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં જુદા જુદા ઝોનમાં કુલ સને ૨૦૦૩-૦૪માં કુલ ૬ સીટી સીવીક સેન્ટરો હતા તેમાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં બીજા ૧૦ નવા સીટી સીવીક સેન્ટરો,સને ૨૦૦૬-૦૭માં વધુ ૧ સિટી સિવીક સેન્ટર તેમજ ૨૦૦૭-૦૮માં વધુ છ સીટી સીવીક સેન્ટરો તેમજ ૨૦૦૮-૦૯માં વધુ ૨ સીટી સીવીક સેન્ટરનો ઉમેરો કરી કુલ ૨૫ સીટી સીવીક સેન્ટરો તથા કાલુપુર કોમર્શીયલ બેંક સાથેના લીંકેજ દ્વારા નીચે દર્શાવેલ સેવાઓ ઉપલબ્ધ કરાયેલ છે.

(૧) પ્રોપર્ટી ટેક્ષ કલેકશન,માસ્ટર મેઇન્ટેનન્સ,વધ /કમી પ્રોપર્ટી ટેક્ષ બિલીંગ વગેરે

(૨) વ્હીકલ ટેક્ષ કલેકશન,નવા રજીસ્ટ્રેશન,વ્હિકલનું બિલીંગ વગેરે

(૩) બિલ્ડીગ પ્લાન એપ્રુવલ અને બિલ્ડીગ યુઝ પરમીશન

(૪) ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, રીન્યુઅલ

(૫) જન્મ-મરણ નોંધણીના પ્રમાણપત્રોનું ઈસ્યુઅન્સ

(૬) કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી ,ગટર,રસ્તા, સ્ટ્રીટલાઇટ, જનરલ કમ્પ્લેઇનની ઓનલાઇન નોંધણી અને ફરિયાદ નિકાલ સ્ટેટસ,

(૭) અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં ફરજ બજાવતા કર્મચારીઓના સર્વિસ બુક રેકર્ડ ડેટાની વિગતો વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.

(૮) અમદાવાદ મ્યુનિ.કોર્પોમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની ૨૦૦૮-૦૯ અંતિત સંપુર્ણ માહિતી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવી છે.

(૯) અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫થી હોકર્સ લાઇસન્સ સીટી સીવીક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૪૪૮ હોકર્સ લાઇસન્સ ઇસ્યુ કરી કુલ રૂ.૧,૬૭,,૫૦૦/- વસુલ કરેલ છે.

(૧૦) અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com દ્વારા નાગરીક ઘર બેઠા પણ કોર્પોરેશનને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.

(૧૧) પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઈસ્યુ કરેલ છે. મકાન એડવાન્સ, વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે છાપી આપવામાં આવેલ છે.કર્મચારીઓના ઇન્કમટેક્ષ ફોર્મ નંબર ૧૬-એ નું પ્રિન્ટીગ કાર્ય સને ૨૦૦૮-૨૦૦૯ માટે સમયસર પ્રિપ્રીન્ટેડ સ્ટેશનરી ઉપર કરી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીની ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટે સી.પી.એફ., જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીગ કરી આપેલ છે.અંદાજીત ૨૦૦૦ રોજીદા કર્મચારીઓના મેન્યુઅલી પગારબીલો બનતા હતા જે હાલ ચાલુ વર્ષથી મેન્યુઅલી ન બનાવતા કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવેલ

છે.તેમજ ઉચ્ચતર પગાર ધોરણની (૯-૧૮-૨૭)ડેટા એન્ટ્રીની કામગીરી હાથ ધરેલ છે. પે રોલ સીસ્ટમના અનુસંધાનમાં મ્યુ.બેંક,વિવિધ ક્રેડીટ સોસાયટીઓની કપાત,મ્યુ.કર્મચારીઓની લોન,કપાત,હેવી ડ્યુટી તેમજ નાઇટ એલાઉન્સના પત્રકોનું ડેટા ચેકીંગ અલગથી કરવામાં આવે છે.ચાલુ વર્ષથી વર્ગ ૧-૨-૩ના કર્મચારીઓનો પગાર જે રોકડમાં ચુકવવામાં આવતો હતો તે હવે બેંક મારફતે ચુકવવાનું નકકી થતા દરેક કર્મચારીઓના બેંક ફોર્મ ની ડેટા એન્ટ્રી તથા ચેકીંગ કરી પે રોલ પ્રોસેસ કરેલ છે.ઉપરાંત વર્ગ ૪ ના કર્મચારીઓના બેંક મારફત પેમેન્ટ માટેની પણ સવલતો ઉભી કરેલ છે.

(૧૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com ના વેબસાઇટ અપડેશનની કામગીરી પણ કરેલ છે.

(૧૩) એલ.આઇ.સી ની દર માસે કપાત સાચી થાય તે માટે ડેટા એન્ટ્રી કરી કપાતની વિગતો એલ.આઇ.સી ને સોફટ કોપી મારફતે પણ મોકલવામાં આવે છે

(૧૪) એમ.જે. લાયબ્રેરીના પે-રોલ નું સફળતાપૂર્વક સંચાલન કરી તેઓની પ્રિમાઇસીસમાં લોડ કરી પ્રતિમાસ પેરોલ તેઓને તેમના વિભાગમાં જ તૈયાર કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૧૫) વાડીલાલ સારાભાઇ હોસ્પિટલની પે-રોલ સીસ્ટમનું સોફટવેર મેઇન્ટેનન્સ વર્ષ દરમ્યાન કરી કર્મચારીઓના પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં પ્રિન્ટ કરી તે વિભાગના કર્મચારીઓને ઇસ્યુ કરેલ છે.

★ કોમ્પ્યુટર વિભાગ દ્વારા કોર્પોરેશનના અન્ય વિભાગોને સહકાર આપવામાં આવે છે.

(૧૬) આ ઉપરાંત નોન શીડ્યુલ રોજિંદા કર્મચારીઓના પગારબીલો હાથથી બનતા હતા જે હવે હાથે ન બનાવતા કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે.

(૧૭) રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમ ને એકાઉન્ટસ વિભાગમાં સર્વર તથા નેટવર્કીંગની મદદથી પેન્શન, પી.એફ., ગ્રેજયુઇટી, હક્ક રજાના હિસાબો તથા જી.આઇ.એસના મોડ્યુલને આવરી લઇ ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવીધા ઉપલબ્ધ કરી અમલીકૃત કરેલ છે.

(૧૮) ઓડીટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ આવરી લઇ વાંધાઓ,તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીંગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૧૯) લીગલ ખાતાના હાઇકોર્ટ,સીટી સીવીલ કોર્ટના તમામ રેકર્ડનુ કોમ્પ્યુટરાઇઝેશન હાથ ધરી પૂર્ણ કરાયેલ છે.

(૨૦) નાણાં વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા કમિટીમાં મુકાતા અહેવાલોના પત્રકોને ગુજરાતી ભાષામાં નાણાં વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામમાં જરૂરી ડેવેલોપમેન્ટ કરી ઉપલબ્ધ કરી આપેલ છે.

(૨૧) ફાઇનાન્સીયલ એકાઉન્ટીંગ સીસ્ટમમાં નાણાકીય વર્ષ દરમ્યાન માસીક રીકન્સીલેસન, રીપોર્ટ મોડીફીકેશન એબસ્ટ્રેક લોડીંગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીંગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું.ગુજરાતી ભાષામાં બજેટની કામગીરી નાણા વિભાગની માંગણી મુજબ તૈયાર કરી આપવામાં આવી માસીક હિસાબો ગુજરાતીમાં અને ત્રીમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવેલ છે.એકાઉન્ટ વિભાગ દ્વારપ્રોપર્ટી ટેક્ષ તેમજ અન્ય સિસ્ટમથી થયેલા રીટર્ન ચેકની અસર જે તે સિસ્ટમમાં ઓન લાઇન પધ્ધતિથી કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૨૨) શહેરના સંસદ અને વિધાનસભાના પ્રતિનિધિઓ એવા સંસદ સદસ્યશ્રીઓ તેમજ વિધાનસભા સદસ્યશ્રીઓ ને તેમના વિસ્તારના વિકાસ કામો માટે મળી ગ્રાંટ સામે દરખાસ્ત થયેલ વિકાસ કામો અને આ કામોની પ્રગતિની ભૌતિક અને નાણાકીય માહિતી દર્શાવતી વિગતો વેબસાઇટ ઉપર એમ.પી./એમ.એલ.એ. ગ્રાંટના ફોલ્ડરમાં તૈયાર કરી મુકેલ છે.

(૨૩) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરી ને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓ ને સંબંધિત વહીવટી આદેશો,વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મુકવાની કાર્યવાહી કરેલ છે.આ હુકમો કોઇ પણ વ્યકિત ઇન્ટરનેટના માધ્યમ ધ્વારા પણ જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.

(૨૪) અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના જુદાજુદા વિભાગો ધ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી .આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગના ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર લોડ કરી મુકવામાં આવેલ છે.જેથી ઇન્ટરનેટ ધ્વારા કોઇપણ વ્યકિત ટેન્ડર જાહેરાત,ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અ.મ્યુ.કો.ને વધુ સારી ઓફર મળી શકે.

(૨૫) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા નિકાલ કરાતા ઘન કચરાની વિગતવાર માહિતી અ.મ્યુ.કો.ની વેબસાઇટ ઉપર અલગથી ફોલ્ડર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ધ્વારા દર્શાવેલ છે.અ.મ્યુ.કો.ના સીટી પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ ધ્વારા હાથ ધરાયેલ તમામ ટી.પી.સ્કીમ (પ્રપોઝડ)ની વિગતવાર માહિતી નકશા સ્વરૂપે નાગરીકોને ઉપલબ્ધ કરવા સારૂ વેબસાઇટ ઉપર સીટી પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ નામના ફોલ્ડર સ્વરૂપે લોડ કરેલ છે.

(૨૬) પ્રોપર્ટી ટેક્ષની સંપુર્ણ સમજ મેળવવા ઇચ્છતા નાગરીકોને સવલત મળી રહે તે સારૂ ટેક્ષશન રૂલ્સ એમેન્ડમેન્ટ-૨૦૦૧ નામના ફોલ્ડર ધ્વારા આખો રૂલ મુળ સ્વરૂપે જ લોડ કરી આપેલ છે.પ્રોપર્ટી ટેક્ષની ગણતરી માટે જંત્રી પણ "પ્રોપર્ટી ટેક્ષ રેડી રેકનર " દ્વારા વેબસાઇટ ઉપર મુકેલ છે.

(૨૭) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વિભાગો ધ્વારા જાહેર કરાતી ટેન્ડર નોટીસોની ગ્લોબલ કક્ષાએ પ્રસિધ્ધિ કરવા સારૂ આ ટેન્ડર નોટીસ અત્રેની વેબસાઇટ ઉપર નિયમિત રીતે લોડ કરવામાં આવે છે.

(૨૮) વ્હીકલ ટેક્ષ સીસ્ટમમાં સીટી સીવેક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૧૦૯૦૮૬ વાહનો પાસેથી રૂા.૧૫,૦૩,૫૬,૮૪૩.૦૦ નો ટેક્ષ રીકવર કરેલ છે.

| વિગત | ટ્રાન્જેકશનની સંખ્યા | રકમ (રૂા.લાખમાં) |
|---|---:|---:|
| ગુમાસ્તાધારા | ૨૫૬૭૬ | ૨૨.૭૮ |
| જન્મ મરણ પ્રમાણપત્ર | ૮૨૨૦૯ | ૩૩.૭૫ |
| પ્રોપર્ટી ટેક્ષ | ૯૧૨૫૪૯ | ૩૨૨૨૨.૨૦ |
| વ્હીકલ ટેક્ષ | ૧૦૯૦૮૬ | ૧૫૦૩.૫૬ |
| રાઇટ ટુ ઇન્ફર્મેશન | ૫૪૩૩ | ૦.૮૫ |
| ટી.ડી.ઓ.ફી | ૪૭૦૮ | ૩૪૧૭.૫૮ |
| બિલ્ડીંગ પ્લાન | ૨૮૬૮ | ૪૦૧૩.૮૩ |
| હેલ્થ લાયસન્સ | ૨૦૮ | ૨.૪૭ |
| હોકર્સ લાયસન્સ | ૪૪૮ | ૧.૬૮ |

**પત્રક ૨.૪.૧**

**સને ૨૦૦૮-૦૯ માં સીટી સીવીક સેન્ટરમાં થયેલ કામગીરી**

**સીટી સીવીક સેન્ટર તથા કલેકશન સેન્ટરની માહિતી દર્શાવતુ**

| અ. નં. | ઝોન | સેન્ટર | સરનામું |
|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | લો ગાર્ડન | એલીસબ્રીજ |
| ૨ | મધ્ય | સરદારબાગ | લાલ દરવાજા |
| ૩ | મધ્ય | ગિરધરનગર | ગિરધરનગર વોર્ડ ઓફિસ |
| ૪ | મધ્ય | રીલીફ રોડ | રૂપમ સિનેમા સામે |
| ૫ | મધ્ય | દાણાપીઠ | મ્યુનિ.કોર્પો.કમ્પાઉન્ડ |
| ૬ | પશ્ચિમ | ઉસ્માનપુરા | ડો.રમણભાઇ પટેલભવન,ઉસ્માનપુરા |
| ૭ | પશ્ચિમ | વાસણા | ગોદાવરી ફલેટની પાસે ,વાસણા |
| ૮ | પશ્ચિમ | નવા વાડજ | નવા વાડજ મસ્ટર ઓફિસ |
| ૯ | દક્ષિણ | રામબાગ | દક્ષિણઝોન ઝોનલ ઓફિસ,રામબાગ |
| ૧૦ | દક્ષિણ | ઈસનપુર | ઈસનપુર વોર્ડ ઓફિસ |
| ૧૧ | દક્ષિણ | બાગેફિરદોશ | બાગેફિરદોશ વોર્ડ ઓફિસ |
| ૧૨ | ઉત્તર | મેમ્કો | રાજીવગાંધી ભવન,નરોડા રોડ |
| ૧૩ | ઉત્તર | નરોડા મુઠીયા | નરોડા મુઠીયા વોર્ડ ઓફિસ |
| ૧૪ | ઉત્તર | સરદારનગર | સરદારનગર લાયબ્રેરીભવન |
| ૧૫ | ઉત્તર | સરસપુર | સરસપુર બાલભવન |
| ૧૬ | પૂર્વ | રખિયાલ | મ્યુ.વિમળભાઇ લાયબ્રેરી |
| ૧૭ | પૂર્વ | વિરાટનગર | વિરાટનગર ઝોનલ ઓફિસ |
| ૧૮ | બેંક | (કલે.સેન્ટર) | |
| ૧૯ | નવા પશ્ચિમઝોન | બોડકદેવ | બોડકદેવ વોર્ડ ઓફીસ |
| ૨૦ | નવા પશ્ચિમઝોન | વેજલપુર | વેજલપુર વોર્ડ ઓફીસ |
| ૨૧ | નવા પશ્ચિમઝોન | મેમનગર | મેમનગર વોર્ડ ઓફીસ |
| ૨૨ | નવા પશ્ચિમઝોન | રાણીપ | રાણીપ વોર્ડ ઓફીસ |
| ૨૩ | નવા પશ્ચિમઝોન | વસ્ત્રાપુર | વસ્ત્રાપુર વોર્ડ ઓફીસ |
| ૨૪ | નવા પશ્ચિમઝોન | ચાંદલોડીયા | ચાંદલોડીયા વોર્ડ ઓફીસ |
| ૨૫ | મધ્ય | કાલુપુર ઓફીસ | જુની ઓકટ્રોય ઓફીસ બિલ્ડીગ,કાલુપુર |

**પત્રક ૨.૪.૨**

**પ્રોપટી ટેક્ષ ની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં | સીવીક સેન્ટર | ટ્રાન્સેકશન | રકમ |
|---|---|---|---|
| ૧ | લોગાર્ડન | ૬૪,૬૯૭ | ૫૧૯૮૭૩૧૩૭ |
| ૨ | મેમ્કો | ૮૮,૯૨૮ | ૨૧૫૧૮૬૮૧૩ |
| ૩ | મણિનગર | ૬૮,૨૭૬ | ૩૦૧૪૫૬૪૬૪ |
| ૪ | રખિયાલ | ૫૧૯૬૩ | ૧૦૦૧૪૬૧૭૧ |
| ૫ | ઉસ્માનપુરા | ૧,૦૭,૫૦૨ | ૬૩૮૮૦૧૯૪૩ |
| ૬ | સરદારબાગ | ૩૮,૯૮૬ | ૧૨૮૪૮૪૩૧૫ |
| ૭ | દાણાપીઠ | ૫૨,૫૮૧ | ૧૭૩૯૪૮૧૭૩ |
| ૮ | રીલીફરોડ | ૪૭,૮૦૦ | ૧૫૯૦૨૧૮૪૨ |
| ૯ | નવાવાડજ | ૧૬,૯૫૫ | ૨૫૨૭૮૭૮૬ |
| ૧૦ | સરદારનગર | ૮,૦૮૫ | ૧૪૩૯૫૭૨૧ |
| ૧૧ | વાસણા | ૨૫,૪૧૨ | ૬૫૬૮૬૦૦૮ |
| ૧૨ | બાગેફિરદોષ | ૩૬,૦૬૫ | ૬૩૦૧૭૯૯૩ |
| ૧૩ | ગિરધરનગર | ૧૯,૧૫૨ | ૭૮૪૩૬૩૮૦ |
| ૧૪ | સરસપુર | ૧૨,૭૩૧ | ૨૫૩૧૬૯૩૨ |
| ૧૫ | નરોડા મુઠીયા | ૧૭,૪૧૦ | ૩૯૨૪૪૨૦૪ |
| ૧૬ | ઈસનપુર | ૩૧,૭૮૩ | ૬૪૦૪૧૭૨૩ |
| ૧૭ | વિરાટનગર | ૪૪,૮૮૯ | ૧૦૬૭૯૦૩૪૧ |
| ૧૮ | વેજલપુર | ૩૭,૮૩૯ | ૮૯૬૫૮૦૨૯ |
| ૧૯ | મેમનગર | ૨૬,૦૪૪ | ૮૮૭૫૭૪૩૩ |
| ૨૦ | રાણીપ | ૩૦,૬૧૪ | ૭૬૯૩૮૧૫૮ |
| ૨૧ | વસ્ત્રાપુર | ૨૭,૧૮૭ | ૯૬૭૨૮૭૧૧ |
| ૨૨ | ચાંદલોડીયા | ૧૪,૮૨૨ | ૨૪૬૯૪૪૮૪ |
| ૨૩ | ઘાટલોડીયા | ૧૬,૮૩૭ | ૨૮૯૪૪૧૬૪ |
| ૨૪ | જોધપુર | ૧૧,૧૧૫ | ૫૯૧૬૪૪૦૦ |
| ૨૫ | ચાંદખેડા | ૫,૩૩૧ | ૭૫૨૧૮૨૮ |
| ૨૬ | બેંક | ૯,૫૪૫ | ૩૦૬૮૬૭૫૧ |
| | કુલ | ૯૧૨૫૪૯ | ૩૨૨૨૨૨૦૯૦૪ |

## ૨.૫ ઈલેકશન ખાતુ

### ૦૮-૦૯

૧. જી.ડી.ઇ.એસ.ટી.નં. એચ/૫૬૨૬ તા.૩/૩/૨૦૦૮ થી ઇલેકશન વિભાગમાં ફરજ બજાવતા ૩૩ કર્મચારી/અધિકારી શ્રીઓને મહાનગરપાલિકાના જુદા-જુદા વિભાગોમાં ફાળવણીથી ફરજ અર્થે નિયુક્તી કરવામાં આવેલ. લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૦૯ સદર્ભે વિધાનસભા મતદારયાદીઓની સંક્ષિપ્ત સુધારણા/સતત સુધારણા કામગીરી અર્થે સંબંધિત વિધાનસભા મતદાર વિભાગોમાં ઇલેકશનખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારી શ્રીઓની નિયુકતી કરવામાં આવેલ. જી.ડી.ઇ.એસ.ટી.નં. એચ/૫૯૩૭ તા.૨૫/૮૫/૨૦૦૮ થી ઇલેકશન વિભાગમાં ફરજ બજાવતા ૬-કર્મચારીશ્રીઓ તથા અગાઉ તા.૩/૩/૦૮ના રોજ ફાળવેલ ૨૦-કર્મચારીઓ મળી કુલ-૨૬ કર્મચારીઓને મહાનગરપાલિકાના વેલ્યુએશન વિભાગમાં ફાળવણીથી ફરજ અર્થે નિયુક્તી કરવામાં આવેલ.

૨. અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી સંદર્ભે ચુંટણી ખર્ચ ગ્રાંટના હિસાબો/જમાખર્ચી કરાવવા બાબતે કલેક્ટર અને જીલ્લા ચુંટણી અધિકારી શ્રીની ચુંટણીશાખાને જમાખર્ચીની કામગીરી પુર્ણ કરાવવા વારંવાર પત્ર તથા રૂબરૂ સંપર્કમાં રહીને હિસાબો ચકાસણી બાબતની કામગીરી કરવામાં આવેલ. સાથે-સાથે રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરીના આદેશાધીન ગ્રામ પંચાયતો/નગર પંચાયતો/નગરપાલિકાઓની પેટા ચુંટણી-૨૦૦૮ ની કામગીરી અર્થે મહાનગરપાલિકા દ્વારા સ્વભંડોળમાંથી ખરીદ કરવામાં આવેલ ઇ.વી.એમ. રૂા.૬૦૦/- ના ભાડાના દરથી ફાળવવામાં આવેલ અને ચુંટણી પ્રક્રિયા પુર્ણ થતા જ તે પરત મેળવવા અંગેની કામગીરીઓ કરવામાં આવેલ.

૩. સચિવ શ્રી, રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર શ્રીના પરિપત્ર ક્રમાંકઃ રાચપ/ચટણ/મનપા/પેટા ચુંટણી/વશી-૨૦૦૮/૧૨૨૬૮ થી ૬૯ તા.૨૩/૯/૨૦૦૮ થી મહાનગરપાલિકાના ઇલે.વોર્ડ નં.૫, રાયખડની પેટા ચુંટણી અંગે પુર્વ તૈયારી બાબતે આદેશ કરવામાં આવેલ તથા પત્ર ક્રમાંકઃ રાચપ/મનપા/અમદ/પે.ચૂં. ચૂંટણી/૨૦૦૮ તા.૩/૧૧/૨૦૦૮ થી સદર વોર્ડની ચુંટણી તા.૨૩/૧૧/૦૮ ના રોજ યોજવા જણાવવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીને અનુલક્ષીને પાળવાની થતી આદર્શ આચારસંહિતા અન્વયે મહાનગરપાલિકાના વિવિધ ડીપાર્ટમેન્ટ સાથે સંયોજન ગોઠવી તેનું સચોટ રીતે કોઇ પણ ગુંચ વિના પાલન કરવામાં આવેલ તથા સદરહુ વોર્ડમાં આવેલ તમામ મતદાન મથકો ઉપર રેમ્પની સગવડ પુરી પાડવા તથા મહાનગરપાલિકા હસ્તકની શાળાઓમાં આવેલ મતદાન મથકો મતદાનને અનુરૂપ બને તે માટે પણ મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો જેવા કે લાઇટ, એન્જીનીયરીગ સાથે સંયોજન ગોઠવી યોગ્ય રીતે આ કામ પૂર્ણ કરવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીમાં જરૂરી અવિલોપ્ય શાહી મૈસુર પેઇન્ટ્સ એન્ડ વાર્નિશમાંથી મેળવવા બાબત પત્ર દ્વારા તે કંપનીમાંથી ભાવ વિગેરે મેળવી અવિલોપ્ય શાહીનો નિયત જથ્થો મંગાવી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ. તથા નિયુકત ચુંટણી અધિકારીશ્રીને રાયખડ વોર્ડની પેટા-ચુંટણી માટે ઉપયોગમાં લેવા જરૂરી પ્રાથમિક તબક્કાનું સાહિત્ય, સાધન-સામગ્રી, જથ્થો, ચુંટણી ગ્રાંટ વિગેરે વર્ગીકૃત કરી ચોકકસ સમયમર્યાદામાં તેઓને પુરું પાડવામાં આવેલ ત્યાર બાદ બીજા તબ્બકામાં મતદાન મથકે ઉપયોગમાં લેવાની થતી તમામ સાધન-સામગ્રીની મતદાન મથક દીઠ કિટસ તૈયાર કરી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ તેમજ મતગણતરી સમયે જરૂરી તમામ સાધન-સામગ્રીનો જથ્થો નિયુકત ચુંટણી અધિકારીશ્રીને સમયમાર્યદામાં પુરો પાડવામાં આવેલ.

૪. ત્યારબાદ તુરત જ સચિવ શ્રી, રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ ચટણ/મનપા/પીડીઇ/મતય/૧/૧૨૦૦૯/ક તા.૨૮/૧/૨૦૦૯ ની માર્ગદર્શક સુચનાઓ અનુસાર, સંબંધિત વિધાનસભા મતવિભાગોની તા.૧/૧/૨૦૦૯ની સ્થિતીએ આખરી પ્રસિધ્ધ થયેલ અને છેલ્લે અમલમાં હોય તેવી મુળ તથા

પુરવણી મતદારયાદીઓ ઉપરથી અમદાવાદ મહાનગરપાલિકાના ઇલે.વોર્ડ નં. ૧ થી ૪૩ ની તા.૧/૧/૦૯ ની સ્થિતીની વોર્ડવાર/ભાગવાર ફોટા વગરની મતદારયાદીઓ તૈયાર કરવા પૂર્વતૈયારી કરવા આદેશ કરવામાં આવેલ તદ્અનુસંધાને કરવાની થતી વિશિષ્ટ અને વિશાળ પ્રકારની કામગીરીઓ હાથ ધરવામાં આવેલ.

**૫.** મતદારયાદીઓની પૂર્વતૈયારીની ચાલુ કામગીરીઓ દરમ્યાન જ લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૦૯ ની તા.૨/૩/૨૦૦૯ જાહેરાત થતા જ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર તેમજ ખાનગી જગ્યાઓ ઉપર ધજા પતાકા, તોરણ, બેનર્સ, પોસ્ટર, હોર્ડીંગ્સ, દિવાલ પરના લખાણો વિગેરે જેવી આચારસંહિતા ભંગને લગતી બાબતો જણાય તો તેને તાત્કાલીક ઉતારી લેવા મિટીંગનું આયોજન કરી ઝોનવાઇઝ ડે.એસ્ટેટ ઓફિસર શ્રીઓની રાહબરી હેઠળ રાઉન્ડ ધ કલોક દબાણની ગાડી, સ્ટાફ વિગેરે રાખી આચારસંહિતા અમલીરકણની કામગીરી સચોટ અને અસરકારક રીતે થાય તે માટે એક ઝુંબેશ ચલાવવા તેમજ અમલીકરણની આ કામગીરીના ભાગરૂપે તા.૨/૩/૦૯ થી તા.૧૬/૫/૦૯ સુધીના સમયગાળા દરમ્યાન ઇલેકશન કંટ્રોલ રૂમ સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે કાર્યરત કરી એસ્ટેટ અને ઇલેકશન વિભાગના કર્મચારીઓને તેમાં સવારે ૮.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધીના સમયગાળા દરમ્યાન શીફ્ટ ડયુટી ફાળવી આચારસંહિતા ભંગને લગતી ફરીયાદો નોંધી સંબંધિત ઝોનમાં તે ફરીયાદનો નીકાલ કરવાની કામગીરીનો મેસેજ/સુચના આપવાની કાર્યવાહી કરવા જણાવેલ તેમજ આ ઇલેકશન કંટ્રોલ રૂમ ખાતે લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૦૯ સંદર્ભેની કોઇ પણ કામગીરી કોઇ પણ વિભાગને લગતી ફરીયાદો પણ નોંધી સંબંધિત વિભાગોને બાબત પરત્વે ઘટતી કાર્યવાહી કરવા નોંધ કરાવવાની કામગીરી આપવામાં આવેલ તથા આચારસંહિતા અમલીકરણ કામગીરીમાં થયેલ ખર્ચ જે તે રાજકીય પક્ષ/ઉમેદવારના ચુંટણી ખર્ચના હિસાબોમાં દર્શાવવા સારૂ સંબંધિત ચુંટણી અધિકારી શ્રીઓ તરફ મોકલવા અને સાથે-સાથે તે વસુલાત કરવા બાબતે વિધાનસભાવાર આ બાબત અંગે થયેલ ખર્ચની વિગતો તૈયાર કરી જે તે રાજકીય પક્ષ/ઉમેદવારોને આ અંગે નાણાં ભરપાઇ કરવા બાબતે નોટીસ પાઠવવાની કામગીરી જે તે ઝોનના એસ્ટેટ વિભાગ તરફથી હાથ ધરવા સુચના/આદેશ કરવામાં આવેલ.

**૬.** મુખ્ય ચુંટણી અધિકારી શ્રી, ગુજરાત રાજ્યની સુચના અનુસાર લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૦૯ સંદર્ભે શારીરીક રીતે અશકત મતદારો સરળતાથી મતદાન મથકમાં પ્રવેશ મેળવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે સારૂ અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ મતદાન મથકો (મહાનગરપાલિકા હસ્તકના તેમજ મહાનગરપાલિકા હસ્તક સિવાયના) ઉપર રેમ્પની સુવિધા મહાનગરપાલિકા તરફથી ઉપલબ્ધ કરવા સારૂ તમામ ઝોનના એડીશનલ સીટી એન્જીનીયર શ્રીઓને આ બાબતે વખતો-વખત મિટીંગનું આયોજન કરી સુચનાઓ આપી સંકલન ગોઠવી આ તમામ મતદાન મથકો ઉપર રેમ્પની સુવિધા મહાનગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવેલ અને આ કામગીરી બાબતનો વિધાનસભા વાર/મતદાન મથક વાર રીપોર્ટ તથા થયેલ ખર્ચની વિગતો સહ અહેવાલ(મહાનગરપાલિકા હસ્તકના મકાનોમાં રેમ્પની સુવિધા પુરી પાડવામાં આવેલ અને તેમાં થયેલ ખર્ચ) તૈયાર કરી સંબંધિત ચુંટણી અધિકારી શ્રીઓને મોકલી આપવા જણાવવામાં આવેલ.

**૭.** લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૦૯ સંદર્ભે મહાનગરપાલિકા હસ્તકની મ્યુનિ.શાળાઓ, બિલ્ડીંગો કે જ્યાં મતદાન મથકો રાખવામાં આવેલ છે તે તમામ જગ્યાઓ ઉપર સફાઇ, પાણી, લાઇટ અંગેની વ્યવસ્થા કરવા મહાનગરપાલિકામાં આ કામગીરી સંભાળતા હેલ્થ, ઇજનેર અને લાઇટ વિભાગ સાથે વખતો-વખત મિટીંગો

ગોઠવી સંબંધિત ચુંટણી અધિકારી શ્રીઓ સાથે આ કામગીરીઓ કરવા બાબતે સંયોજન કરી આ કામગીરી પરિપુર્ણ કરવા આયોજન ગોઠવવામાં આવેલ અને આ અંગે સતત સંપર્કમાં રહી કામગીરીઓ પુર્ણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

વધુમાં, તમામ મતદાન મથક તરફ જતા રસ્તાઓ ઉપરથી રોડા,પુરણી, કાટમાળ, માટી, રેતી વિગેરે જણાય તો તે ઉપાડી લઇ રોજે-રોજ દવાનો છંટકાવ કરી સફાઇ કામગીરી સઘન બનાવવા તમામ ઝોનના ડે.હેલ્થ ઓફિસર શ્રીઓને મિટીંગનું આયોજન કરી સુચના આપવામાં આવી.

ઉક્ત વિગતમાં દર્શાવ્યા પ્રમાણેની લોકસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૯ ની વિશાળ ચાલુ કામગીરીઓ દરમ્યાન જ વિધાનસભા મતદાર વિભાગોની તા.૧/૧/૨૦૦૯ ની સ્થિતીની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પછી તેમાં સુધારણા કરી પુરવણી મતદારયાદીઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ મુળ તથા પુરવણી મતદારયાદીઓના મતદારોની અસર મહાનગરપાલિકાની મતદારયાદીઓમાં આપવા અંગેની કામગીરી કરવા સારૂ ઇલેક્શન ખાતા દ્વારા હાથધરી અમદાવાદ મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડ નં.૧ થી ૪૩ ની સને ૨૦૦૯ ની મુળ તથા પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની આનુસાંગિક કામગીરીઓ પ્રક્રિયામાં છે.

## ૨.૬ વેલ્ફેર ખાતુ

### ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃતિ દ્વારા સંસ્થા અને તેના કર્મચારીઓ વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા અહેવાલી વર્ષમાં નીચે મુજબ રહેવા પામેલ છે.

**(૧) નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીનાં કુટુંબ માટેઃ-**

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓને આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી. ઠ.નં ૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ-૪માં નોકરી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મજબ છે.

| | |
|---|---|
| ગત વર્ષની બાકી અરજીઓ | ૪૯ |
| ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ | ૮૦ |
| વર્ષ ૨૦૦૮/૨૦૦૯ ની કુલ અરજીઓ | ૧૨૯ |
| વર્ષ ૨૦૦૮/૨૦૦૯ માં નિકાલ કરેલ અરજીઓ | ૬૨ |
| વર્ષના અંતે બાકી અરજીઓ | ૬૭ |

આમ વર્ષ ૨૦૦૮/૨૦૦૯ માં કુલ ૪૬ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે.૧૬ અરજીઓ દફતરે કરવામાં આવેલ છે.કુલ ૬૨ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.બાકી કેસો રહેવાનુ કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે.તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

**(૨) મૃત્યુ રાહત યોજનાઃ-**

મૃત્યુ જેવી અણધારી આપતિમાં સહાય**રૂપ** થવા મૃત્યુ રાહત યોજના હેઠળ અવસાન પામેલ મ્યુનિ.કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ના ઠરાવ નં ૧૧૭૧ થી રૂ.૨૫૦૦/-ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૫૧ કર્મચારીઓના વારસદારોને જે તે સંબંધિત ખાતા ધ્વારા આપવામાં આવેલ છે.

**(૩)ઘોડિયાઘરની વ્યવસ્થાઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓના બાળકોની સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃતિ ચલાવવામાં આવે છે. જેમાં બાળકોની સારસંભાળ રાખવા માટ એક આયા તથા એક સફાઇ કામદાર રાખવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં એવરેજ ૬ બાળકો માટે આ વ્યવસ્થાનો લાભ લેવામાં આવેલ હતો.

**(૪) લેડીઝ રૂમઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ માટે લેડીઝ રૂમ ચલાવવામાં આવે છે અને તે લેડીઝરૂમની જરૂરીયાત મુજબ જરૂરી ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતા ધ્વારા પૂરી પાડવામાં આવે છે.

**(૫) ગ્રુપ વીમા યોજના :-**

સ્ટે.ક.ઠ. નં ૧૫૨૨/ તા. ૨૬-૩-૯૮ મુજબ તા.૧-૪-૯૮ થી રાજ્ય સરકારનાં ધોરણે ગ્રુપ વીમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા ધ્વારા વર્ષ દરમ્યાન આપવામાં આવેલ રિબેટની રકમ નીચે મુજબ છે.

| કેટેગરી | કર્મચારીનીસંખ્યા | કુલ જી.આઇ.એસ | રિસ્ક પ્રિમીયમ | રિબેટની કુલ રકમ |
|---|---|---|---|---|
| એ | ૪૯૨ | ૨૩૬૭૨૦૦ | ૬૫૯૨૫૬ | ૧૭૭૪૫૦ |
| બી | ૪૫૫ | ૧૦૯૦૦૦૦ | ૫૬૮૦૦૦ | ૮૧૭૫૦ |
| સી | ૪૦૭૧ | ૪૮૮૪૧૦૦ | ૧૪૬૫૨૩૦ | ૩૯૦૭૨૮ |
| ડી | ૧૩૨૫૦ | ૭૯૪૯૭૫૦ | ૨૩૮૪૯૮૫ | ૬૩૫૯૯૬ |
| કુલ | ૧૮૨૬૮ | ૧૬૨૯૧૦૫૦ | ૫૦૭૭૪૭૧ | ૧૨૮૫૯૨૪ |

આમ વેલ્ફેર ખાતા ધ્વારા આશરે બાર લાખ પંચ્યાસી હજાર નવસો ચોવીસ રૂપિયા જેટલી રકમ ભોગવવાની થાય છે.વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃતિઓ કરવામાં આવે છે.જે પાછળ અંદાજીત રકમ રૂા.૨૦૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૬) ઈજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર મેનહોલ ખતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટે ઠ નં ૧૨૯૬ તા.૧૯.૧.૦૬ તથા મ્યુનિ. કોર્પો.ઠ.ને.૧૦૯૩ તા. ૨૭.૦૨.૦૬ થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગત વર્ષની બાકી અરજીઓ | ૨૭ |
| ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ | ૪૪ |
| વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ની કુલ અરજીઓ | ૭૧ |
| વર્ષ ૨૦૦૮- ૨૦૦૯માં નિકાલ કરેલ અરજીઓ | ૪૦ |
| વર્ષના અંતે બાકી અરજીઓ | ૩૧ |

આમ વર્ષ ૨૦૦૮-૦૯માં કલિ ૩૭ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે.૩ અરજી દફતરે કરવામાં આવેલ છે.કુલ ૪૦ અરજીઓ નો નિકાલ કરવામાં આવેલ છે. જુદા જુદા ખાતાઓ તરફથી અધુરી દરખાસ્તો આવે છે.તથા અરજદારો તરફથી પૂરતા પૂરાવા રજુ કરવામાં આવતા ન હોવાને કારણે વર્ષાતે ૩૧ અરજીઓ પેન્ડીગ રહેલ છે.

## પત્રક ૨.૬.૧

### અવસાન પામેલ કર્મચારીઓનાં આશ્રિતને નોકરી આપવા માટેની આવેલ અરજીઓની માહિતી દર્શાવતું પત્રક

| વર્ષ | ગત વર્ષ સુધીની બાકી અરજીઓ | ચાલુ વર્ષે નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | | | વર્ષાન્તે બાકી અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | નોકરી માટે ભલામણ કરેલ અરજી | ફાઇલ કરેલ અરજીઓ | નિકાલ થયેલ કુલ અરજીઓ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૦૬/૦૭ | ૧૦૬ | ૬૦ | ૧૬૬ | ૮૬ | ૩૮ | ૧૨૪ | ૪૨ |
| | | | | | | | |
| ૦૭/૦૮ | ૪૨ | ૭૪ | ૧૧૬ | ૪૧ | ૨૬ | ૬૭ | ૪૯ |
| | | | | | | | |
| ૦૮-૦૯ | ૪૯ | ૮૦ | ૧૨૯ | ૪૬ | ૧૬ | ૬૨ | ૬૭ |

## ૨.૭ ગુમાસ્તાધારા ખાતુ
## ૦૮-૦૯

સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ ગુમાસ્તાધારો ફેકટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને દા.ત,દુકાનો, વેપારી પેઢીઓ,થીયેટરો વિગેરેને લાગુ પડે છે.આ એકટનો તથા પેમેન્ટ્ઝ ઓહ વેજીસ એકટનો અમલ કરાવવાનું તથા તેને કેસો કોર્ટમાં દાખલ કરી તે અંગેની યોગ્ય નશ્યત કરાવવાનું કામ આ ખાતુ કરે છે.ખાતાની વર્ષ દરમ્યાન વહીવટી કામગીરીની રૂપરેખા નીચે જણાવ્યા પ્રમાણે છે.

સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ ગુમાસ્તાધારો ફેકટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને દા.ત,દુકાનો, વેપારી પેઢીઓ, રેસીડેન્શીયલ હોટલો, રેસ્ટોરન્ટ, ખાનપાનની જગ્યાઓ, સિનેમા, નાટકો, થીયેટરો અને જાહેર આનંદપ્રમોદની તમામ સંસ્થાઓને લાગુ પડે છે.તાઃ૩૧/૦૩/૨૦૦૯ સુધીમાં આવી સંસ્થાઓની કુલ સંખ્યા ૩૧૨૦૭ છે.ગત વર્ષમાં આવી સંસ્થાઓની સંખ્યા ૨૯૫૧૫ હતી.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટનાં કાનૂન ભંગ અંગે પગારમાં કાપકૂપ, કાયદા મુજબની નોટીસ વગર નોકરીમાંથી છૂટા કરવા તથા હક્કરજાનો પગાર અને નોટીસ પગાર ન મળવાને કારણે નોકરો તરફથી લેખિત ફરિયાદો વધુ આવે છે. જે ગુમાસ્તાઓની તેમના હકક પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. પેમેન્ટ ઓફ વેજીસ એક્ટના ભંગ અંગેની ફરિયાદોનો નિકાલ કોર્ટનાં આશ્રય વગર પણ કરવામાં આવે છે. જે સંસ્થાઓમાં બાળ કામદાર માલુમ પડે તેની સામે એક્ટની કલમ ૩૨ મુજબ પગલાં ભરવામાં આવે છે.

એકટના અમલ નીચે ચાલતી નોંધાયેલ સંસ્થાની પ્રતિવર્ષ વધતી જાય છે.અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની હદ પણ વધેલ છે.સરકારે પ્રસિધ્ધ કરેલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ અંગેના રૂલ અનુસાર સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફીની આવક રૂા.૧૬,૩૨,૭૯૫/- થયેલ છે.સને ૧૯૭૮ ના જાન્યુઆરીથી ત્રણ વર્ષની રીન્યુઅલ ફી એક સાથે લેવાનું નક્કી થયેલ હોવાથી બ્લોક મુજબ આવકમા વર્ષોવર્ષ વધઘટ થાય છે.

બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુ.કોર્પો. એકટ ૧૯૪૯ હેઠળ મ્યુ.કોર્પો.નાં વિસ્તારની દુકાનો, વેપારીગૃહો, હોટલો, નાસ્તાગૃહો, સિનેમાગૃહો, અને જાહેર મનોરંજનની સંસ્થાઓ જેવા નાના વેપારીગૃહોના કર્મચારીઓને ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટા. એકટ ૧૯૮૦ જે સંસ્થાઓને લાગુ પડે છે. તેમાં આ યોજના હેઠળ ૧ લી જાન્યુ. ૧૯૮૧થી ગુમાસ્તાઓ માટેની ‘‘ફરજીયાત ગ્રુપ વીમા યોજના’’ દાખલ કરાવવામાં આવેલ છે. આ યોજના અન્વયે જે કર્મચારીઓ પૂર્ણ સમયનાં હોય, ૧૮ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી નીચેની ઉંમરના હોય તેઓને લેવામાં આવે છે. સંસ્થાનાં માલિકે પ્રત્યેક કર્મચારી દીઠ રૂા.૬/- તથા કર્મચારીએ પ્રિમિયમ ફાળા પેટે દર વર્ષે રૂા.૬/- મળી કુલ રૂા.૧૨/- દર વર્ષે ૧૫મી જાન્યુ. અગાઉ ભરવાના હોય છે. વીમાની રકમ મૃત્યુ પામેલ કર્મચારીનાં વારસદારોને વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/- સુધી જીવનવીમા કોર્પો. ચૂકવે છે.

અહેવાલી વર્ષમાં રીન્યુઅલ ફીની આવક કલમ ૭ અને ૮ એટલે કે નવી સંસ્થાઓનાં રજીસ્ટ્રેશન અંગેના ‘એ’ ફોર્મની આવક તથા નોંધણીમાં ફેરફાર અંગેની ‘ઇ’ ફોર્મની આવક અને રજીસ્ટ્રેશનના ડુપ્લીકેટ ફોર્મની આવક મળી એકંદર કુલ આવક રૂા. ૨૨,૪૯,૨૮૬/- ની થયેલ છે જે ગત વર્ષે રૂા.૧૬,૬૩,૦૫૫/- ની થયેલ હતી.

એક્ટ નીચેની સંસ્થાઓમાં કામ કરતાં નોકરો તથા પ્રજાના સહકાર વિના આ એક્ટનો અમલ કરવો મુશ્કેલ છે. આવા નોકરો, નોકરી ગુમાવવાના ભયથી સહકાર આપતા નથી. પરંતુ હાલમાં નોકરોના યુનિયનો અસ્તિત્વમાં આવતા જાય છે. જે એક નવી આશાનું શુભચિન્હ ગણી શકાય.

સને ૧૯૪૮ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.ની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિવર્ષ રીપોર્ટ મ્યુ.કમિશનરશ્રી દ્વારા સરકારશ્રીને મોકલવામાં આવે છે.

## ૨.૮ લીગલ ખાતુ

### ૦૮-૦૯

લીગલ ખાતા દ્વારા મ્યુનિ. કોર્પો.ની તમામ પ્રકારની કાનુની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ખાતા દવારા ડે. મ્યુનિ.કમિશ્નરશ્રીઓને અને ખાતાના અધિકારીઓને પાવર્સ ડેલીગેશન કરવાની, મ્યુ. કોર્પો.ના સ્ટેન્ડિંગ ઓડર્સ, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિનિયમોમાં સુધારા વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી કરવામાં આવે છે.આ ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુ.કોર્પો. વિરુધ્ધ દાખલ થતાં દાવાઓ તથા મ્યુ.કોર્પો. તરફથી કરવામાં આવતાં દાવાઓમાં વકીલ રોકવાની, વકીલોને ફી ચુકવવાની, કોર્ટના ચુકાદાઓનો અમલ કરાવવાની કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરાવવાની, બી.પી.એમ.સી.એકટ તથા પી.એફ.એ. એકટ હેઠળની ફરિયાદો દાવાની કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહસૂચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) મ્યુ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ ૪૯(૧) હેઠળ ડે.મ્યુ.કમિ.શ્રીઓને અને કલમ ૬૯(૧) નીચે મ્યુ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલી વર્ષમાં ઉપરોકત જોગવાઇ હેઠળ કુલ ૪ ડેલીગેશન ડેપ્યુટેશન ઓર્ડર કરવામાં આવેલ છે.

(૨) મ્યુ.કોર્પો.ના બાયલોઝ, રેગ્યુલેશન, સ્ટે.ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આપતી દરખાસ્ત સંબંધે તજવીજ કરવાની કે નવા નિયમો તથા ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાન પત્રો તથા ગેઝેટમાં નોટીસો પ્રસિધ્ધ કરાવવાની તથા મંજૂર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજૂરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં વિનિમયો તથા કર્મચારીઓની ભરતી-બઢતી તથા લાયકાત અંગેના નિયમો અંગે કુલ-૦૪ આર.જી.એન.ઠરાવોથી સુધારા કરવામાં આવેલા છે.અને આર.એલ.એસ.ના ૩ ઓર્ડર કરવામાં આવેલ છે.

(૩) સુપ્રિમકોર્ટ, હાઇકોર્ટ, સિટી સિવિલ કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, સેશન્સ કોર્ટ, મેટ્રોપોલીટન કોર્ટમા મ્યુ. કોર્પો. વિરુધ્ધ થતાં અને મ્યુ.કોર્પો. દ્વારા થતાં કેસોમાં મ્યુ. કોર્પો. તરફથી રજૂઆત(બચાવ)કરવા માટે કોર્ટવાઇઝ એડવોકેટોની પેનલ રોકવા ઉપરાંત કોર્ટ દ્વારા અપાતા ચુકાદાના હુકમા કે એવોર્ડને જે-તે ખાતામાં મોકલી આપી અમલ કરવાની તથા જરૂર જણાય તો જુદા જુદા ચુકાદા વિરુધ્ધ અપીલ કરાવવાની તજવીજ કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં ઉપરોક્ત કોર્ટોમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

(અ) મેટ્રો.મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૬ અને ૮ માં ઓકટ્રોય સ્ટે.ઓર્ડરનો ભંગ, પી.એફ.એ. હેઠળની ફરિયાદો તથા બી.પી.એમ.સી.એકટ હેઠળની ફરિયાદો-દાવાઓ દાખલ થાય છે.સને ૨૦૦૮ના વર્ષ દરમ્યાન શરૂઆતમાં કોર્ટોમાં ૨૨૧૪ કેસો બાકી હતા. વર્ષ દરમ્યાન નવા ૨૦૮ કેસો દાખલ થયેલ છે.તે પૈકી કોર્પોની તરફેણમાં ૬૦ કેસો અને મ્યુનિ.કોર્પોની વિરૂધ્ધ ૩ કેસોનો નિકાલ થયેલ છે.તેમજ વર્ષને અંતે કુલ ૨૩૫૯ કેસો બાકી રહયા હતા.તેમજ કુલ ૬૩ કેસનો નિકાલ થયેલ હતો.

(બ) સીટી સિવિલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૮૫૧૭ દાવા પેન્ડીગ હતા. વર્ષ દરમ્યાન ૫૫૮ દાવા નવા દાખલ થયેલ.૩૯૮ દાવાઓનો નિકાલ થતા વર્ષના અંતે ૮૬૭૭ દાવાઓ બાકી રહેલ હતા. મ્યુ. તરફેણમાં ૩૮ દાવાઓ અને મ્યુનિ.વિરુધ્ધમાં ૮ દાવાઓ અને મ્યુ.કોર્પો.સામે થયેલ અને પાછા ખેંચવામાં આવેલ દાવાઓ ૨૩૬ હતા.ડીસમીસ થયેલ કેસ ૧૬ હતા.આમ કુલ ૩૯૮ દાવાઓ ઉપરોકત કોર્ટોમાં નિકાલ થયેલ હતા.

(ક) હાઇકોર્ટમા ચાલતા કેસોમાં જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવે છે. જે તે કેસોની અગત્યના અને કેસની વિગત (વિષયો)ને લક્ષમાં લઇને પેનલ ઉપરના એડવોકેટોને બ્રીફ આપવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં

હાઈકોર્ટમાં ૩૧૫૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૩૮૭ દાવાઓ નવા દાખલ થયેલ હતા. વર્ષ દરમ્યાન ૧૯૦ કેસોનો નિકાલ થયેલ હતો. તે પૈકી ૧૨૭ કેસો મ્યુનિ. તરફેણમાં જજમેન્ટ આવેલ તથા ૬૩ મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ જજમેન્ટ આવેલ હતા. આમ વર્ષના અંતે ૩૩૫૬ કેસો બાકી રહેલા હતા.

(ડ) સ્મોલ કોઝ કોર્ટ વર્ષની શરૂઆતમાં પ્રોપર્ટી ટેક્ષ સિવાયના કુલ ૨૦૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૩ કેસોનો નિકાલ થયેલ છે, તે પૈકી ૦૩ કેસો મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં અને ૦ કેસો મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધમાં નિકાલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૨૧ કેસો નવા દાખલ થયેલા હતા. વર્ષના અંતે કુલ કેસ ૨૨૭ બાકી રહેલા હતા.

(ઇ ) પ્રોપર્ટી ટેક્ષ અંગે મ્યુનિ. વેલ્યુએશન અપીલો વર્ષની શરૂઆતમાં બાકી ૫૮૩૭ હતી. વર્ષ દરમ્યાન ૫૮૨ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી ૫૧૦ કેસો મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં અને ૭૨ કેસો મ્યુનિ.કોર્પો.ની વિરૂધ્ધમાં નિકાલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૧૬૦ કેસો નવા દાખલ થયેલા હતા. વર્ષાંતે કુલ કેસો ૫૪૧૫ બાકી રહેલા હતા.

(એફ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૪૫ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન કુલ ૧૨ કેસો નવા દાખલ થયેલા છે. તે પૈકી ૦૪ કેસોનો નિકાલ થયેલ છે. કેસોના નિકાલ પૈકી મ્યુનિ. કોર્પો. તરફેણમાં ૦૩ જજમેન્ટ વિરૂધ્ધમાં ૦૧ જજમેન્ટ તેમજ અન્ય રીતે ૦ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષના અંતે કુલ ૫૩ કેસ બાકી રહેલ છે.

ઉપરોક્ત કોર્ટોમાં મ્યુનિ.કોર્પો.ના પેનલ ઉપરના એડવોકેટોને નિયત કરેલ ફી ચુકવવામાં આવે છે. કેસની અગત્યના ધ્યાનમાં લઈ સ્પે.ફી થી પણ સીની.કાઉન્સીલરો રોકવામાં આવે છે. વર્ષ દરમ્યાન મ્યુનિ. એડવોકેટોને રૂા. ૮૯,૮૭,૯૪૧/- પ્રોફેશનલ ફી ચુકવવામાં આવેલ છે.

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા ધ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ સુચનો માર્ગદર્શન, કાનુની અભિપ્રાયો આપવાની કામગીરી સીની. લીગલ આસીસ્ટંટ ધ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત પેનલ ઉપર મ્યુનિ. એડવોકેટ તરીકે રોકેલા શ્રી જે. એમ. વાસુ એડવોકેટ્સ પણ અભિપ્રાય આપવાની કામગીરી સોંપવામાં આવેલ છે અને તેઓએ કાનુની સલાહ/અભિપ્રાય આપેલ છે. તા. ૩૦.૦૯.૦૬ થી પેનલ એડવોકેટ શ્રી જે. એમ. વાસુની નિમણુંક કરવામાં આવેલ છે.

લીગલ ખાતાની કામગીરી સીનીયર લીગલ આસી.શ્રીની સીધી દેખરેખ હેઠળ એક આસી. મેનેજરશ્રી, ઓ. સુપ્રિ.શ્રી, જુની. લીગલ આસી.શ્રી, હેડ કલાર્કશ્રી, સીની. કલાર્ક, જુની. કલાર્ક તથા પટાવાળાઓ સહિત કુલ ૩૧ કર્મચારીઓ ધ્વારા કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન રૂા. ૪૩,૫૭,૧૫૭/- જેટલું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે.

**પત્રક ૨.૮.૧**

**સુપ્રિમકોર્ટમાં ચાલતાં કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૬ | ૧૯૧ | ૯ | ૨૦૦ | ૨ | ૦.૫૦ | ૧૯૮ |
| ૨ | ૨૦૦૭ | ૧૯૮ | ૬ | ૨૦૪ | ૧૬૫ | ૮૦.૮૮ | ૩૯ |
| ૩ | ૨૦૦૮ | ૩૯ | ૬ | ૪૫ | ૦ | ૦.૦૦ | ૪૫ |
| ૪ | ૨૦૦૯ | ૪૫ | ૧૨ | ૫૭ | ૪ | ૦.૭૦ | ૫૩ |

## પત્રક ૨.૮.૨
### હાઈકોર્ટમાં ચાલતા કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૬ | ૪૪૪૬ | ૧૦૮૪ | ૫૫૩૦ | ૯૬૫ | ૧૭.૪૫ | ૪૫૬૫ |
| ૨ | ૨૦૦૭ | ૪૫૬૫ | ૭૮૯ | ૫૩૫૪ | ૨૪૧૧ | ૪૫.૦૩ | ૨૯૪૬ |
| ૩ | ૨૦૦૮ | ૨૯૪૩ | ૩૮૬ | ૩૩૨૯ | ૧૭૦ | ૫.૧૦ | ૩૧૫૯ |
| ૪ | ૨૦૦૯ | ૩૧૫૯ | ૩૮૭ | ૩૫૪૬ | ૧૯૦ | ૫.૩૫ | ૩૩૫૬ |

## પત્રક ૨.૮.૩
### સીટી સિવીલ સેસન્સ  કોર્ટના  કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અ. નં. | વર્ષ | વર્ષની શરૂઆ'માં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસો સામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૬ | ૭૪૮૩ | ૫૧૩ | ૭૯૯૬ | ૧૭૭ | ૨.૧ | ૭૮૧૯ |
| ૨ | ૨૦૦૭ | ૭૮૧૯ | ૫૯૭ | ૮૪૧૬ | ૬૯ | ૦.૮૧ | ૮૩૪૭ |
| ૩ | ૨૦૦૮ | ૮૩૪૭ | ૪૮૬ | ૮૮૩૩ | ૩૧૬ | ૩.૫૮ | ૮૫૧૭ |
| ૪ | ૨૦૦૯ | ૮૫૧૭ | ૫૫૮ | ૯૦૭૫ | ૩૯૮ | ૪.૩૯ | ૮૬૭૭ |

## પત્રક ૨.૮.૪
### મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ  કોર્ટ નં.૬ અને ૮ ના કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૬ | ૧૫૪૫ | ૨૪૫ | ૧૭૯૦ | ૪૪ | ૨.૫ | ૧૭૪૬ |
| ૨ | ૨૦૦૭ | ૧૭૪૬ | ૩૦૩ | ૨૦૪૯ | ૬૮ | ૩.૩ | ૧૯૭૫ |
| ૩ | ૨૦૦૮ | ૧૯૭૫ | ૨૯૫ | ૨૨૭૦ | ૫૬ | ૨.૪૭ | ૨૨૧૪ |
| ૪ | ૨૦૦૯ | ૨૨૧૪ | ૨૦૮ | ૨૪૨૨ | ૬૩ | ૨.૬૦ | ૨૩૫૯ |

## ૨.૯ હીલગાર્ડન, પ્રાણીસંગ્રહાલય અને બાલવાટિકા

૦૮-૦૯

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરિયા તળાવની ફરતે, ઉંચીનીચી ટેકરીઓનો વિકાસ કરી, હીલ ગાર્ડનના વિકાસની સાથે સને ૧૯૫૧માં કમલાનેહરુ ઝૂઓલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના સમયે ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપોનુ પ્રદર્શન કરવામાં આવતુ હતું. પ્રાણીસંગ્રહાલયને ઝૂ ઓથોરીટી નવી દિલ્હીની માન્યતા મળતા તેનાં નીતિનીયમો ને આધારે ઝૂ નો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ ,શિક્ષણ અને સંશોધન હોઇ તે મુજબની કામગીરી થાય છે.દર વર્ષે ઝૂની સમીક્ષા સુચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી તરફથી થાય તેમુજબ પણ તેનો અમલ કરવામાં આવે છે.નવા પ્રોજેકટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નાણાકીય સહાય ગ્રાંટ ધ્વારા કરે છે.

**<u>પ્રાણીસંગ્રહાલયઃ-</u>**

વિશ્વનાં વિવિધ દેશોનાં વિવિધ પશુ પક્ષીઓ અને સરીસૃપો આ પ્રાણીસંગ્રહાલયમાં છે. જેની સંખ્યા ૨૬૦૦ જેટલી અને જાતિઓ ૨૦૦ જેટલી છે.આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. જાનવરોને કુદરતી વાતાવરણ મળી રહે તે રીતે પિંજરામાં માળા અને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવતી હોવાથી પશુ-પક્ષીઓનું સરળતાથી પ્રજનન થાય છે. જેથી તેમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા પામ્યો છે. અત્રેના ઝૂ માં કિંમતી પક્ષીઓ જેવા કે ક્રાઉન્ડપીજીયન, રોઝીપેલીકન, નીકોબારપીજીયન, ગ્રેપ રોટ,ચેટરીંગ લોરી,હીલ મેના ,સ્પૂન બીલ ,વ્હાઇટ-ઇબીશ,કાળીયાર,હાથી,હોગડીયર,સ્પોટેડ ડીયર,સાબરનાં બચ્ચાં,થવાથી તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન સ્લોથીબીયર ૨ જોડી વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા,બિસાલપુર ઝૂ રેસ્કયુ સેન્ટરથી અને ૨ દીપડા વન ખાતા તરફથી લાવવામાં આવેલ છે.તથા ૨ જોડી નીકોબાર કબૂતર અત્રેથી સી.સી.એમ.બી(લેકોન્સ)ને વધુ ઉચ્ચ સંશોધન અભ્યાસ માટે આપવામાં આવેલ છે.

**<u>વેટરીનરી સર્વીસીસઃ-</u>**

ઝૂ માં રાઉન્ડ ધ કલોક વેટરીનરી ડોકટર્સ, જાનવરોનું બારીકાઇથી નીરીક્ષણ કરી, તાત્કાલીક સારવાર આપે છે. જરૂરીયાત મુજબ જાનવરોને ઝૂ હોસ્પિટલ ખાતે ઇન્ડોર પેશન્ટ તરીકે વૈજ્ઞાનિક સારવાર આપવામાં આવે છે. જાનવરોને જરૂરી રસીઓ ડી-વર્મીન, ડીસઇન્ફેકશન તથા સીઝન પ્રમાણે એન્ટીસ્ટ્રેસની સારવાર આપવામાં આવે છે. તે માટે આધુનિક ઓપરેશન થીયેટર, લેબોરેટરી તથા ઇમરજન્સી મેસેજ માટે વાયરલેસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. જાનવરોમાં માલુમ પડતા વિવિધ રોગનાં નિદાન માટે જરૂરી નમૂના મેળવી, રોગસંશોધન કચેરી, પશુપાલન ખાતુ અમદાવાદ વેટરીનરી કોલેજ આણંદ તથા જરૂરીયાત મુજબ પ્રાઇવેટ લેબોરેટરીમાં મોકલી તેમના અહેવાલ મુજબ ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે.અને દરેક કિંમતી જાનવરોની ટ્રીટમેન્ટ તેમજ હીસ્ટ્રી કાર્ડમાં નોંધ કરવામાં આવે છે.

**<u>ઝૂ એજ્યુકેશનઃ-</u>**

ઝૂની મુલાકતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કોલેજ, ઝુલોજી સ્ટુડન્ટ,સેપ્ટ,આઇ.આઇ.એમ.,એન.આઇ.ડી.,ફાઇન આર્ટસના સ્ટુડન્ટસ ઝૂમાં માર્ગદર્શન માટે આવે છે.તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂ અધિકારીશ્રી તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે.ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહ,એનીમલ વેલ્ફેર પખવાડિયાની પણ ઉજવણી કરવામાં આવે છે.તથા એજ્યુ.રૂમમાં ટી.વી.,વી.સી.આર.,ઓવરહેડ પ્રોજેકટર દ્વારા ફિલ્મ શો,સ્લાઇડ શો બતાવવામાં આવે છે.વેટરીનરી કોલેજ સ્ટુડન્ટ દાંતીવાડા અને આણંદથી ઇન્ટર્નશીપ માટે આવે છે.ઝૂ માં આવતાં શૈક્ષણિક મુલાકાતીઓને ઝૂ માં નવું ઇન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી,નવી દીલ્હી ને દરખાસ્ત કરવામાં આવેલ છે.જેની ગ્રાન્ટ આવ્યેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

**<u>એનીમલ રેસ્કયુ પ્રોગ્રામઃ-</u>**

મ્યુનિસિપલ હદમાં શહેરીજનો તથા મહાનુભાવોની ફરીયાદને આધારે શહેરમાં ઉત્પાત મચાવતાં વાંદરા,માંકડા,હાથી તથા સર્પોને પકડવાની કામગીરી ઝૂની ટીમ દ્વારા કરવામાં આવે છે.

**<u>રસાલા ગાર્ડનઃ-</u>**

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરૂઆત થઇ હતી.જેમાં જાત જાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ.જેમાં હરણ,કાચબા,સસલાં,ગીનીપીગ,મગર.વાંદરા, લવબર્ડ, બજરીગર,કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખુબ જ પ્રિય છે.જિરાફનું સ્ટ્રકચર લપસણી સાથે છે.ઉપરાંત ઝૂલા - હીંચકાઓની બાળકો ખુબ જ મજા માણે છે.

**<u>બગીચાઓઃ-</u>**

કાંકરીયા તળાવની ફરતે આવેલ બગીચાઓ,વનટ્રી હીલ ગાર્ડન,નગીનાવાડી,કાંકરીયા પાર્ટીપ્લોટ,ઓપનએર થીયેટર,વિ.ઝૂ ખાતા ધ્વારા વિકસાવી તેમાં કિંમતી ફુલ છોડ લોન પ્લોટ વિ.ઉછેરી સુંદર બગીચા બનાષ્વવામાં આવ્યા છે.નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝીકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે.જેનો અનેરો આનંદ મુલાકાતીઓ ઉઠાવે છે.કાંકરીયા તળાવમાં બોટીગ ચાલુ કરવામાં આવેલ છે.વન ટ્રી હીલ ગાર્ડનમાં ગ્લાઇડર રાઇડસ પ્રોજેક્ટ બનાવવામાં અવેલ છે.જેનો મુલાકાતીઓ અનેરો આનંદ ઉઠાવે છે.

**<u>ચાચા નહેરૂ બાલવાટિકાઃ-</u>**

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નેહરૂ બાલવાટિકા બનાવવામાં આવ્યું છે.જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલુ છે.અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો,સતત પાણી રેલાવતી પનિહારી તથા આધુનિક રમકડા ઉપલબ્ધ છે.ઉપરાંત કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે.બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેકશનો આવેલા છે.

**<u>નાવડી ઘરઃ</u>**-

લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓનાં રમકડાં, ફોટોગ્રાફસ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ જૂની ચલણી નોટો તથા સિકકાઓ ગોઠવવામાં આવ્યા છે.

**<u>બાળ પુસ્તકાલય :</u>**-

બાળકોને મનગમતાં ચિત્રો તથા પુસ્તકો ઉપરાંત રજવાડી લડાઈના સાધનો તથા રંગબેરંગી પતંગીયા ગોઠવવામાં આવ્યા છે.

**<u>ઢીંગલીઘર :-</u>**

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ, મહાપુરૂષોના ફોટોગ્રાફસ મુકી આ ઢીંગલીઘરની આજુબાજુ ગામડાનુ તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યુ છે.

**<u>નભોદર્શન :-</u>**

અહીં આકાશીગ્રહો, નક્ષત્રો, અને તારાઓની ઓળખ તેમજ રાશિઓની માહીતી મળે છે.

**<u>મોડલ રેલ્વે પ્રદર્શન :-</u>**

મે-૯૨ માં આ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યુ. જેમાં વિજળીથી ચાલતી ઓટોમેટીક મોડલ રેલ્વે ટ્રેન દ્વારા બ્રીજ, લોકો શેડ, ક્રોસિંગ વિગેરે બનાવવામાં આવ્યા છે. એક સાથે પાંચ ટ્રેનો દોડતી દર્શાવાય છે.

**<u>બકરાગાડી :-</u>**

ઘોડાગાડી, ઘોડેસ્વારી અને બકરાગાડી દ્વારા બાળકોને મનોરંજન મળે છે. જેની સવારીમાં બાળકોને અનેરો આનંદ મળે છે.

**નૌકાવિહારઃ-**

નભોદર્શનની આજુબાજુ નાનું તળાવ બનાવી ચારે બાજુથી પાણીનો ધોધ પાડી તળાવમાં હલેસા વાળી બોટ મુકવામાં આવી છે.

**પાણીનું ઝરણુંઃ-**

જંગલનું કુદરતી દૃશ્ય ઉભું કરવા ઢીંગલીઘરની પાછળના ભાગમાં એક પાણીનું ઝરણું તથા વાઘની ગુફા બનાવવામાં આવેલ છે.

**ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટરઃ-**

બાળકોને ટ્રાફિક નિયમોની સમજ આપવા, તથા જ્ઞાન સાથે ગમ્મતના હેતુથી અગાઉના સાયકલ ગ્રાઉન્ડમાં લાયોનેસ કલબ ઓફ કર્ણાવતી એ ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટર ઉભું કર્યુ છે. અહીં નાનો પેટ્રોલપંપ, પાર્કીંગ, બસસ્ટેન્ડ, ક્રોસીંગ, ઓવરબ્રીજ, પોસ્ટનો ડબો તથા જાનવરો દ્વારાં ટ્રાફિકના નિયમો સમજાવતાં બોર્ડ મુકવામાં આવેલ છે.

**ઓપનએર થીયેટર :-**

અહીં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.હાલ અહીં નાના મોટા સૌને આનંદ સાથે જ્ઞાન મળે તે હેતુથી વિડીયો પ્રોજેકટ ધ્વારા ડીસ્કવરી તથા નેશનલ જીયોગ્રાફીક અને કાર્ટુન પીકચર રાત્રે ૮ થી ૧૦ સુધી બતાવવામાં આવે છે.

**પ્રાકૃતિક સંગ્રહસ્થાન :-**

ઈ.સ. ૧૯૭૫માં અસ્તિત્વમાં આવેલ છે. જે પ્રાણીસંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે.આ મ્યુઝીયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓને તથા પ્રાણીઓને ૧૫ આકર્ષક ડાયોરમામાં રજૂ કરવામાં આવ્યા છે. જેનાથી મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરૂપ ખડુ થાય છે. તે માટે તેઓને જુદી જુદી સ્થિતિમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતિમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શનસેવા આપવામાં આવે છે. અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

**એમ્યુઝમેન્ટ પાર્કઃ-**

બાલવાટિકાના પાણીના પંપીગ સ્ટેશનની અવાવરુ પડેલ જગ્યામાં તા.૨૦.૫.૯૫થી એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવામાં આવેલ છે.આ એમ્યુઝમેન્ટ પાર્કમાં નાના બાળકો તથા મોટાઓ માટે ખુબ જ આકર્ષણ ઉભું કરેલ છે.તેમાં અનેક પ્રકારની રાઇડસ મુકવામાં આવેલ છે.જેવી કે કોલંબસ કપરકાબી,ટાયગર ટ્રેન, ઉલ્ટા પુલ્ટા,મુન વોકર,જેટ પ્લેન બેબી કાર,નૌકૈવહાર,દેડકાગાડી,એકવા બોલ તથા ૩ થી ૪ નાના બાળકો માટેની કોઈનરાઈટસ મુકવામાં આવેલ છે.

## વોટરપાર્ક :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા પ્રાયવેટ પાર્ટી સાથે પબ્લીક પાર્ટનરશીપના ભાગરૂપે એક સુંદર વોટરપાર્ક બાલવાટિકામાં બનાવવામાં આવેલ છે.જે તા.૧૮/૨/૦૨ના રોજ પબ્લીક માટે ખુલ્લું મુકવામાં આવેલ હતુ..આ વોટરપાર્કમાં જુદા જુદા પ્રકારની સ્લાઇડો નાના બાળકો માટે અલગથી નાની સ્લાઇડ જેવીકે કાઈગ ટ્રી,શાવર ઝુલા,કન્વેયર બેલ્ટ,રીવોલ્વીગ રેન્ટોરંટ સાથેનો અદ્યતન સગવડવાળો વોટરપાર્ક બનાવવામાં આવેલો છે.વોટરપાર્કમાં વોટર સ્લાઇડ ઉપરાંત સોનાબાથ,સ્ટીમબાથ તથા જીમ્નેશીયમ સાથે સાથે બર્થડે પાર્ટી હોલ તથા કોન્ફરન્સની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.આ ઉપરાંત ટ્રેન દ્વારા વાનગીઓ પીરસતો ડાઈનીગ હોલ છે.

**<u>વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ(ફ્રેન્ડસ ઓફ ઝૂ)કરવા માટે પાળવાની શરતોઃ-</u>**

૧.પ્રાણીસંઘાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.અને જે તે પશુ-પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકિત કે સંસ્થાને સર્ટીફીકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઓફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર ચાર પ્રવેશ ટિકીટ નિ:મૂલ્યે આપવામાં આવશે.જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઇ શકશે.

૩.પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઓફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવશે.

૪.જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર,ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી.પાણીના છાંટવા માટે પ્લાસટીકના પાઇપો માટેનો ખર્ચ ફ્રેન્ડસ ઓફ ઝૂ બનનાર વ્યકિત/સંસ્થા આપી શકશે.

૫.જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઇલેકટ્રીક/ઇલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઓફ ઝૂ બનનાર વ્યકિત/સંસ્થા આપી શકશે.

૬.ઝુ ની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકિત માટે વ્હીલચેર,સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઓફ ઝૂ બનનાર વ્યકિત સંસ્થા આપી શકશે.

૭.જાનવરો માટેની હોસ્પીટલમાં જરૂરી મેડીકલ ઇકવીપમેન્ટ,મેડીસીન્સ ખર્ચ ફ્રેન્ડસ ઓફ ઝૂ બનનાર વ્યકિત સંસ્થા આપી શકશે.

૮. પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને બેસવા માટે વિસામાનો ખર્ચ ફ્રેન્ડસ ઓફ ઝૂ બનનાર વ્યકિત/સંસ્થા આપી શકશે.

૯. પ્રાણીસંગ્રહાલયમાં વૃક્ષારોપણ ,ગ્રીન પેચની કામગીરી માટે થનાર ખર્ચ ફ્રેન્ડસ ઓફ ઝૂ આપી શકશે.

૧૦. પ્રાણીસંગ્રહાલયમાથી એડોપ્ટ કરેલા વન્ય પશુ-પક્ષીઓ-સરીસૃપ ઝૂ ની અંદર પાંજરામાં જે તે અવસ્થામાં જે રહેશે.એડોપ્ટ પશુ-પક્ષીઓ-સરીસૃપને વ્યકિત કે સંસ્થાએ હાથ લગાવી,રમાડવાનું કે ખોરાક આપી શકશે નહી.તેમજ પોતાની સાથે પણ લઇ જઇ શકશે નહી.

૧૧સિંહ,વાઘ,હાથી વિગેરે પશુ -પક્ષી અને સરીસૃપને એડોપ્ટ કરનાર ફ્રેન્ડસ ઓફ ઝૂ નું નામ જે તે પાંજરા પાસે
૧૨ ઈંચ ૯ ઈંચ સાઇઝની પ્લેટ ઉપર સંસ્થા/વ્યકિતનું નામ પ્રદર્શીત કરવામાં આવશે.

૧૨.વન્ય પશુ-પક્ષીઓ માટે વીમા પોલીસીના પ્રીમીયમની રકમ પણ ફ્રેન્ડસ ઓફ ઝૂ આપી શકશે.

૧૩. ફ્રેન્ડસ ઓફ ઝૂ જે તે પ્રાણીના ફકત મિત્ર તરીકે ગણાશે.અને ફ્રેન્ડસ ઓફ ઝૂ એડોપ્ટ કરેલા વન્ય પશુ પક્ષી સરીસૃપના માલીક ગણાશે નહી.

૧૪.આ અંગે કોઇ વાદ વિવાદ સર્જાયતો અમદાવાદની કોર્ટની હકુમતમાં(અમદાવાદ જયુરીડીકશન)જ રેહશે.

૧૫.ઉપરોકત દર્શાવેલી શરતો સિવાય કોઇ શરત મ્યુ.કમિશ્નરશ્રીને યોગ્ય જણાયતો તે શરત ઉમેરી શકશે અને કોઇપણ વન્ય પશુ-પક્ષી સરીસૃપ ફ્રેન્ડસ ઓફ ઝૂ તરીકે આપવુ કે નહી તેનો આખરી નિર્ણય મ્યુ.કમિશ્નરશ્રીનો અબાધિત રેહશે.

## પત્રક ૨.૯.૧
## ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા

| ક્રમ | વર્ષ | ઝૂ | બાલવાટિકા | ને.હી.મ્યુઝિયમ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૩૮૫૩૧૩ | ૧૨૭૩૧૪૩ | | ૨૬૫૮૪૫૬ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૪૩૨૨૫૦ | ૧૩૧૭૭૮૦ | | ૨૭૫૦૦૩૦ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૪૭૦૬૦૦ | ૧૧૩૦૩૯૪ | - | ૨૬૦૦૯૯૪ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૩૯૮૪૦૦ | ૧૨૪૩૩૯૬ | - | ૨૬૪૧૭૯૬ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૧૪૮૫૨૧૦ | ૧૨૯૪૭૮૪ | - | ૨૭૭૯૯૯૪ |

## પત્રક ૨.૯.૨
## ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ આવકની માહિતી

| ક્રમ | વર્ષ | ઝૂ | બાલવાટિકા | ને.હી. મ્યુઝિયમ | એમ્યુઝમેન્ટ પાર્ક (૫૬% મુજબ) | વોટરપાર્ક (૩૦% મુજબ) | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૧૬૦૭૬૬૦ | ૩૫૦૯૭૯૩ | - | ૪૨૨૬૮૧૩ | ૧૬૮૨૧૦૦ | ૨૧૦૨૬૩૬૬ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૨૦૮૮૪૦૬ | ૩૬૨૨૫૦૪ | - | ૪૨૬૭૪૧૩ | ૧૭૨૪૧૬૦ | ૨૧૭૦૨૪૮૩ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૩૫૩૪૫૫ | ૩૬૩૭૩૦૫ | - | ૪૨૯૧૭૨૪ | ૧૭૬૭૨૬૪ | ૨૨૦૪૯૭૪૮ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૧૯૯૩૪૫૦ | ૩૪૪૭૨૧૧ | - | ૪૫૯૭૫૧૭ | ૧૮૧૧૪૪૮ | ૨૧૮૪૯૬૨૬ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૧૨૮૭૧૫૦૦ | ૩૫૨૮૧૯૯ | - | ૫૧૨૧૨૫૬ | ૧૮૫૬૭૩૬ | ૨૩૩૭૭૬૯૧ |

## પત્રક ૨.૯.૩
## ફ્રેન્ડઝ ઓફ ઝૂ યોજના તારીજો ૨૦૦૮-૦૯

કુલ પાર્ટીઃ૩૭

કુલ દત્તક લીધેલ પ્રાણીની સંખ્યાઃ૫૭

કુલ આવક રૂા.:૧૦,૯૬,૧૦૦.૦૦

**દત્તક લીધેલ પ્રાણીઓની વિગતઃ**

| પ્રાણીનું નામ | પક્ષીનું નામ | સરીસૃપનું નામ |
|---|---|---|
| હાથી-૨ | મોર-૭ | અજગર-૫ |
| દિપડા-૩ | નીકોબાર કબૂતર-૪ | નાગ-૫ |
| વાઘ-૧ | ગોલ્ડન ફેઝન્ટ-૨ | દરિયાઇ મગર-૩ |
| સિંહણ-૧ | સીલ્વર ફેઝન્ટ-૨ | માર્શ મગર-૨ |
| કાળિયાર-૧ | લવબર્ડ-૪ | જમીનનો કાચબો-૧ |
| રીંછ હિમાલયન-૧ | પેલીકન-૧ | -- |
| રેસસ મંકી-૧ | ઇમુ-૧ | -- |
| બોનેટ મંકી-૧ | આફ્રિકન ક્રેન-૨ | -- |
| વાનર | મુનીયા-૧ | -- |
| -- | બજરીગર-૧ | -- |
| -- | સૂડો પોપટ-૧ | -- |
| -- | ચેટરીંગ લોરી-૧ | -- |
| -- | ક્રાઉન્ડ કબૂતર-૨ | -- |
| કુલ પ્રાણી-૧૨ | કુલ પક્ષી-૨૯ | કુલ સરીસૃપ-૧૬ |

**કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલોપમેન્ટ**

કાંકરિયા તળાવ ઐતિહાસીક હોવાથી તેની મુલાકાતે ખુબજ પ્રમાણમાં મુલાકાતીઓ આવતા હોવાથી આ તળાવનો વિકાસ કરવામાં આવતાં તળાવની ફરતેચોપાટી પર ગ્રેનાઇટ સ્ટોન ફલોરીંગ,ગ્રીન પેચીસ અને બીગ ટ્રી પ્લાન્ટેશન લગાવવામાં આવેલ છે,અને વાલીઓ તેમજ બાળકોના મનોરંજન માટે અટલ એકસપ્રેસ ટ્રેન મુકવામાં આવેલ છે.જેનું ઉદ્ઘાટનમાન.મુખ્ય મંત્રીશ્રી,નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે.તેમજ આ ઉદ્ઘાટન પ્રસગે ગુજરાત રાજયના વિવિધ મંત્રીશ્રીઓ હાજર રહેલ હતા.તાઃ૨૫/૧૨/૦૮ થી તાઃ૩૧/૧૨/૦૮ સુધી જાહેર જનતા માટે કાંકરિયા લેક ફ્રન્ટ વિનામૂલ્યે ખુલ્લુ મુકવામાં આવેલ હતુ.અને તાઃ૦૭/૦૧/૦૯ સુધી કાંકરિયા લેક ફ્રન્ટમાં પ્રવેશ ફી મારફતે મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.જેનો સારો પ્રતિસાદ મળેલ છે.જેની પ્રવેશ ફીની આવક નીચે મુજબ થયેલ છે.

## પત્રક ૨:૯:૪

**કાંકરિયા લેક ફ્રન્ટના મુલાકાતીઓ અને આવકની માહિતી તા:૦૭/૦૧/૦૯ થી તા:૩૧/૦૩/૦૯ સુધી.**

| ક્રમ | કાંકરિયા તળાવના મુલાકાતીઓની સંખ્યા | કાંકરિયા પ્રવેશની આવક | અટલ ટ્રેન મુલાકાતીઓની સંખ્યા | અટલ ટ્રેનની આવક | કુલ આવક રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૨,૭૮,૨૮૯ | ૧,૦૭,૪૦,૬૦૯ | ૨,૮૨,૩૭ | ૪૭,૪૪,૫૯૮ | ૧,૫૪,૮૫,૨૦૭ |

## ૨.૧૦ નાણાં ખાતુ

૦૮-૦૯

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ ચીફ એકાઉન્ટન્ટશ્રીની દેખરેખ નીચે ડે.મ્યુ.કમિ.શ્રીની (ફાઈનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

| અ.નં. | વિભાગનું નામ | અ.નં. | વિભાગનું નામ |
|---|---|---|---|
| ૧. | તિજોરી વિભાગ | ૧૧. | તસલમાત વિભાગ |
| ૨. | એ.એ.જી.વિભાગ | ૧૨. | લોન વિભાગ |
| ૩. | નોકર એડવાન્સ વિભાગ | ૧૩. | સ્ટોર વેરીફીકેશન વિભાગ |
| ૪. | પી.એફ.વિભાગ | ૧૪. | ખાતાવહી વિભાગ |
| ૫. | જી.આઇ.એસ. | ૧૫. | બજેટ વિભાગ |
| ૬. | એવોર્ડ સેલ | ૧૬. | એલ.આઇ.સી.વિભાગ |
| ૭. | નિવૃત્તિના લાભ વિભાગ | ૧૭. | એલ.ટી.સી. વિભાગ |
| ૮. | પેન્શન વિભાગ | ૧૮. | વેલ્ફેર વિભાગ |
| ૯. | પેમેન્ટ વિભાગ | ૧૯. | મેડીકલ રી-ઈમ્બસર્સમેન્ટ વિભાગ |
| ૧૦. | ગ્રાન્ટ વિભાગ | ૨૦. | ઈન્કમટેક્ષ વિભાગ |

અહેવાલી વર્ષમાં નાણાંખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

**(૧) તિજોરી વિભાગ :-**

સમગ્ર કેશ તથા ચેક પેમેન્ટની કામગીરી ઉપરાંત ફીકસ ડીપોઝીટ અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નીચે મુજબનાં નાણાંકીય વ્યવહારો કરવામાં આવ્યા છે.

| અ.નં. | ટ્રાન્ઝેકશન પ્રકાર | ટ્રાન્ઝેકશન નંબર | રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| ૧. | રોકડ રીસીપ્ટ | ૩૪૮૫૯ | ૧૪૭૨૩.૦૦ |
| ૨. | બેંક રીસીપ્ટ | ૧૩૮૪૦ | ૭૨૬૮૯૦.૪૧ |
| ૩. | રોકડ પેમેન્ટ | ૧૪૧૨૨ | ૩૩૯૭.૮૩ |
| ૪. | બેંક પેમેન્ટ | ૪૬૮૬૪ | ૭૦૨૪૪૭.૯૬ |
| ૫. | એડજસ્ટમેન્ટ | ૧૧૨૭૦ | ૬૬૩૯૮.૮૭ |
| | **કુલ** | **૧૨૦૯૫૫** | **૧૫૧૩૮૫૮.૦૭** |

**(૨) એ.એ.જી. વિભાગ :-**

નાણાં ખાતાની એ.એ.જી. વિભાગ દ્વારા કર્મચારીઓના સર્વિસ મેટરોને લગતા પ્રશ્નો બાબતે વિવિધ કર્મચારીઓ – ખાતાઓ મારફતે પૂછવામાં આવતા અભિપ્રાયો નિષ્ણાતરૂપે આપે છે. સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કુલ ૧૧૧૫ અભિપ્રાયો વિવિધ પ્રકારનાં જેવા કે સ્ટેગર્ડ ઈન્ક્રીમેન્ટ, પગાર ફિક્સેશન, સ્પે. રજાઓને લગતાં, સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામાં ને લગતાં, ઘરભાડાને લગતાં વાહન ભથ્થા, સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના પગાર અંગેના અભિપ્રાયો આપવામાં આવે છે.

**(૩) નોકર એડવાન્સ વિભાગ :-**

નાણાં ખાતાનો નોકર એડવાન્સ વિભાગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાયમી અને એકટીંગ કર્મચારીઓને વિવિધ પ્રકારની લોનો આપે છે. તેમાં મુખ્યત્વે મકાન લોન, મોટરકાર લોન, સ્કુટર લોન અને સાયકલ લોન આપે છે. અહેવાલી વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કર્મચારીઓને સદર પ્રકારની કોઇ લોન આપવામાં આવેલ નથી.

**(૪) પી. એફ. વિભાગ :-**

નાણાં ખાતાના પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં કર્મચારીઓને આપવામાં આવેલી લોનમાં પી.એફ. યોજનામાંથી કુલ ૪૮૮૮ કર્મચારીઓને લોન આપવામાં આવેલ છે. તેમાં સી.પી.એફ. યોજનામાંથી રૂા. ૩૬,૧૮,૬૦૦/- અને જી.પી.એફ. યોજનામાંથી રૂા.૧૬,૧૭,૪૪,૨૫૦/- લોન પેટે આપવામાં આવેલા છે અને રીફંડની કુલ ૫૫ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીઓની નોકરીના અંત સમયે ચૂકવવામાં આવતા ફાઈનલ પી.એફ. ફાળાની ચૂકવણી માટે કુલ ૧૦૩૭ સર્વિસ બુકો વર્ષ દરમ્યાન ઈન્વર્ડ થઈ તે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે અને ફાઈનલ પી.એફ.ની ચૂકવણી પેટે કર્મચારીઓને સી.પી.એફ.માંથી રૂા.૮૯,૧૪,૩૪૯/- અને જી.પી.એફ.માંથી રૂા.૧૨,૪૫,૧૭,૩૩૬/- ચૂકવવામાં આવેલા છે. તે ઉપરાંત લીંક ઈન્સ્યુરન્સ પેટે ૧૧૫ કર્મચારીઓને રૂા.૫૪,૪૫,૬૧૧/- ચૂકવવામાં આવેલ છે.

આ ઉપરાંત પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષની વાર્ષિક હિસાબોની સ્લીપો કર્મચારીઓને વહેંચવામાં આવેલ છે. સને ૨૦૦૮-૨૦૦૯ ના વાર્ષિક હિસાબો કર્યા, બ્રોડશીટો બનાવી, દર પાંચ વર્ષે બનાવવામાં આવતા એડવાન્સ રજીસ્ટરો ૨૦૦૮-૨૦૦૯ ના બનાવ્યા. ડી.એ.પી.એફ., ડી.એ. ઈન પી.એફ. તથા એવોર્ડ ૧૯૯૬ની ફાઈલોનું રીચેકીંગ કરી સુધારાની કામગીરી કરી કુલ ૭૦ પી.એફ. બેલેન્સ સર્ટીફિકેટ આપવામાં આવેલ છે.

**(૫) જી.આઈ.એસ. વિભાગ (ગ્રુપ ઈન્સ્યુરન્સ સ્કીમ) :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે કર્મચારીઓ જી.આઈ.એસ. માં જોડાયેલા હોય તેવા કર્મચારીઓમાંથી સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નોકરીમાંથી મુક્ત થયા હોય તેવા ૧૦૮૨ જેટલા કર્મચારીઓના કેસમાં રૂા.૧,૬૫,૧૩,૯૩૪/- જેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

## (૬) એવોર્ડ સેલ :-

સરકારશ્રીના પગારપંચ દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા ઠરાવોનો એવોર્ડ સેલ દ્વારા અભ્યાસ કરી પગારધોરણનું ફિક્સેશન કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૯-૧૮-૨૭ના ઠરાવોનું અમલીકરણ કરી કર્મચારીઓના પગાર ફિક્સેશની કામગીરી કરવામાં આવેલ છે. સદરહુ સેલ જરૂરિયાત મુજબ હંગામી ધોરણે ઉઘાડવામાં આવે છે.

## (૭) નિવૃત્તિના લાભ વિભાગ :- (ટર્મિનલ બેનીફીટ સેલ)

નાણાં ખાતાના ટર્મિનલ બેનિફીટ સેલની કામગીરીમાં મુખ્યત્વે વર્ષ દરમ્યાન વિવિધ કારણોસર નોકરીમાંથી મુક્ત થતાં કર્મચારીઓનાં કેસોમાં કર્મચારીઓને નિવૃત્તિ, સ્વૈચ્છીક રાજીનામું,અનફીટ, બરતરફી, અવસાન સમયે પ્રવર્તમાન નિતિનિયમો મુજબ ગ્રેજ્યુઈટી, મૃત્યુ રાહત યોજના, લેણી નીકળતી રજાના રોકડ નાણાંમાં રૂપાંતર, કોમ્યુટેડ પેન્શન તેમજ પેન્શન બાંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમિયાન ગ્રેજ્યુઈટીનાં કુલ ૧૧૫૯ અભિપ્રાય આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે લગભગ રૂા.૧૬,૪૯,૬૯,૯૩૯/- ચૂકવવામાં આવેલા છે.

મૃત્યુ રાહત યોજના હેઠળ કર્મચારીનું ચાલુ નોકરીએ અવસાન થયું હોય તેવા ૧૨૮ કેસ ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમ્યાન બનેલા છે તેમનાં વારસદારોને રૂા. ૨૫૦૦/- લેખે રૂા.૩,૨૦,૦૦૦/- ચૂકવવામાં આવેલા છે.

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમિયાન લ્હેણી રજાનાં કુલ ૧૧૫૯ અભિપ્રાય આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે લગભગ રૂા.૬,૮૮,૯૩,૮૨૬/- ચૂકવવામાં આવેલા છે.

## (૮) પેન્શન વિભાગ :-

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૧-૧-૮૩થી પેન્શન યોજના રાજ્ય સરકારના ધોરણે પેન્શનના નિતિ નિયમો મુજબ પેન્શનની ચૂકવણી કરવાની કામગીરી કરવામાં આવે છે. સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં કુલ પેન્શનર્સની સંખ્યા ૧૧૬૮૨ થઈ છે. આ તમામ પેન્શનરોને બેંક / મનીઓર્ડર / અને રોકડ મારફતે રૂા.૫૦,૬૧,૧૬,૧૭૯/- વાર્ષિક ચૂકવવામાં આવેલ છે. આ ઉપરાંત મેડીકલ રીઈમ્બર્સમેન્ટ સ્કીમમાં જોડાયેલાં પેન્શનરોનાં તબીબી સારવારના બીલોનાં નાણાં ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે. સારવાર પુસ્તિકા આપવાની કામગીરી થાય છે. આ ઉપરાંત પેન્શનર્સનાં ખોવાઈ ગયેલ, ફાટી ગયેલ તેમજ ફેમિલી પેન્શનનાં કિસ્સામાં નવા પેન્શન કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આવી ૩૫૦ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

પેન્શનરોનાં વાર્ષિક આવકનાં પ્રમાણપત્ર આશરે ૫૦૦૦ જેટલી આવેલી અરજી સંદર્ભે આપવામાં આવેલા છે.

આ ઉપરાંત ૧૫ વર્ષ પૂરા કરતાં પેન્શનરોનાં પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષમાં એક વખત તમામ પેન્શનરોનાં હયાતી બાબતે હયાતી ફોર્મ ભરાવવામાં આવે છે. ત્યારબાદ ફોર્મની ખતવણી કરવામાં આવે છે. હયાતી ફોર્મ ન ભર્યા હોય તેવા પેન્શનરોના સ્ટોપ પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ફેમીલી પેન્શન ચાલુ કરવાની કામગીરી, પેન્શન બંધ કરવાની કામગીરી, સેવા પેન્શન ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે.

મૃત્યુ પામતા પેન્શનર્સનું પેન્શન બંધ કરવુ. વારસદાર નક્કી કરી મૃત્યુ રાહત રકમ તેમને ચૂકવવી. હક્કદાર, વારસદારોનાં કિસ્સામાં ફેમીલી પેન્શન ચાલુ કરવું. સુધારા અપડેટ કરવા, ફેમીલી પેન્શન નક્કી કરવું, બંધ કરવાની તારીખ નક્કી કરવી. તે મુજબ મંજૂરી માંગવી. વર્ષ દરમ્યાન ફેમીલી પેન્શનના કેસો નિકાલની સંખ્યા ૪૬૦ છે.

વર્ષ દરમ્યાન મોંઘવારીમાં વધારો નક્કી થાય ત્યારે વધારા બાદની તારીખથી પેન્શન મૂળ પગારમાં સુધારો પામેલ પેન્શનર્સને અલગ તારવી તેના એરિયર્સની ગણતરી કરવી. વર્ષ દરમ્યાન બે વખત મોંઘવારીમાં વધારો થયેલ છે.

તમામ પેન્શનર્સ માટે શિડ્યુલ લખવામાં આવે છે. સુધારા મુજબ ડેટા અપડેટ કરવામાં આવે છે.

ભવિષ્યની ચોક્કસ તારીખે મૂળ પગારમાં ફેરફાર થતો હોય તેવા પેન્શનર્સ માટે રેડી-રેકનર અપડેટ રાખવાની કામગીરી કરવામાં આવે છે.

બેન્કનાં પેન્શન હેન્ડલીંગ બિલની ચૂકવણી કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જે કોઈ લાભ પેન્શનરને આપવામાં આવે તેનો તાકીદે અમલ કરી લાભ આપવામાં આવે છે.

**(૯) પેમેન્ટ વિભાગ :-**

વિવિધ ખાતાઓમાંથી આવતાં કર્મચારીઓનાં એસ્ટાબ્લીશમેન્ટને લગતાં પગાર બીલો, પગાર પુરવણી, રોજીંદા મજૂરોનાં પુરવણી બીલો, પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ, મલ્ટી પરપઝ મસ્ટરો, ટી.એ.ડી.એ.નાં બીલો, બોનસ, ફેસ્ટીવલ, ફુડ, મોંઘવારીના પુરવણી બીલો, મેડીકલ રીઈમ્બર્સમેન્ટનાં બીલો, ઈન્ક્રીમેન્ટ તફાવતનાં બીલો, ઓડીટ વિભાગનાં પાર્ટ બીલો, એબસ્ટ્રેક્ટ વિગેરની પાસીગની કામગીરી કરવામાં આવે છે.

**(૧૦) ગ્રાંટ વિભાગ :-**

રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ તથા સરકારી લોન મેળવવાની સમગ્ર પ્રક્રિયા, તેનાં હિસાબો મેઈન્ટેઈન કરવાની કામગીરી આ વિભાગ દ્વારાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રૂા.૧૧,૦૫,૯૯,૦૪,૩૩૭/- ની ગ્રાંટ મેળવવાની કામગીરી કરેલ છે.

**(૧૧) તસલમાત વિભાગ :-**

અહેવાલી વર્ષ ૨૦૦૮-૦૯માં ફુડ, ફેસ્ટીવલ તથા એડવાન્સીસના હિસાબોની કુલ ૧૬૪૫૪ એન્ટ્રીઓ નોંધેલ છે. અહેવાલી વર્ષમાં આ વિભાગ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવતા કોમ્પ્યુટરમાં એન્ટ્રીઓ કરી જરૂરી સુધારા વધારા કરેલ છે. આ વિભાગે કરેલ કામગીરી નીચે મુજબ છે.

| અ.નં. | બજેટ હેડ | એન્ટ્રીની સંખ્યા | ઉધારખર્ચ ઉધાર(લાખમાં) | જમાખર્ચી જમા(લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ફેસ્ટીવલ એડવાન્સ | ૭૯૮૬ | ૧૯.૬૦ | ૩૩૪.૮૭ |
| | **ફૂડગ્રેઈન એડવાન્સ** | ૭૮૬૨ | ૩.૨૧ | ૪૪૮.૧૪ |
| | માલસામાન જમીનપ્રાપ્તિ માટે એડવાન્સ | ૪૮૭ | ૧૨૧૧.૪૫ | ૧૨૦૯.૯૨ |
| | મુસાફરી ભથ્થા અંગે એડવાન્સ | ૧૧૯ | ૬.૫૧ | ૪.૬૨ |
| | **કુલ** | **૧૬૪૫૪** | **૧૨૪૦.૭૭** | **૧૯૯૭.૫૫** |

**(૧૨) લોન વિભાગ :-**

પબ્લીક લોન તથા અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવાની તથા લોનનાં વ્યાજ તથા મુદલની ચુકવણી કરવાની ઉપરાંત લોન અને સીકીંગ ફંડના હિસાબો રાખવાની કામગીરી આ વિભાગમાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન પબ્લીક લોન, હુડકો,બોન્ડ ઈસ્યુ, એલ.આઈ.સી. વિ. નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવેલ લોનનાં મુદલ પેટે રૂા.૧૧,૭૧,૨૪,૦૦૦/- તથા વ્યાજ પેટે રૂા.૩,૪૭,૭૧,૬૨૩/- ચુકવણી કરવાની કામગીરી કરેલ છે.

**(૧૩) સ્ટોર વેરીફીકેશન વિભાગ :-**

મ્યુ.કોર્પો.નાં ૧૧૭ ખાતાઓમાં રોજમેળ, ઈમ્પ્રેશકેશ, પોસ્ટેજ, રેવન્યુ તથા મ્યુ.કોર્પો. હસ્તકના દવાખાનાઓમાં દવાઓ, કન્ટીજન્સી, ઈન્જેક્શન્સ, લીનન, ટીકીટ બુક બેલેન્સ, જામીન બોન્ડ, ડેડ સ્ટોક પત્રક, મોર્ટગેજ ડીડ, વિગેરે ચેક કરવાનું કાર્ય કરે છે.

**(૧૪) ખાતાવહી વિભાગ :-**

વાઉચરો તેમજ ચિલનોનું ચેકલીસ્ટ સાથે ચેકીગ કરી કોમ્પ્યુટરમાં જરૂરી સુધારા વધારા કરી, મ્યુ.કોર્પો.નાં હિસાબો કરવાની તથા અનામતનાં હિસાબો રાખવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**(૧૫) બજેટ વિભાગ :-**

મ્યુ.કોર્પો.નું જનરલ બજેટ તૈયાર કરી સ્ટે.કમિટી તથા બોર્ડમાં મંજુર કરાવવાની વિધી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સ્કુલ બોર્ડ, એમ.જે.લાયબ્રેરી તથા વી.એસ.હોસ્પિટલનાં બજેટની મંજૂરી બજેટ વિભાગ દ્વારા લેવામાં આવે છે. એડવાન્સીસનાં બજેટ તૈયાર કરી મંજુરી મેળવવી, કેશફ્લો નીતિ નકકી કરવી, તથા તેના રીલીઝ અંગેની મંજૂરી મેળવવી, બજેટ અંગેના અભિપ્રાયો આપવા, રીએપ્રોપ્રિએશન સ્ટે.કમિટીમાં મંજુર કરાવવા, વિવિધ નાણાંકીય સંસ્થાઓ તથા ગવર્નમેન્ટને નાણાંકીય પરિસ્થિતી અંગેના આંકડાઓ તથા માહિતી પુરા પાડવાની કામગીરી વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સને ૨૦૦૯-૨૦૧૦ નું બજેટ તથા ૨૦૦૮-૨૦૦૯ ના રીવાઈઝ બજેટ તૈયાર કરવામાં આવેલ છે. ઉપરાંત વી.એસ.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરી ત્થા સ્કૂલ બોર્ડનો કેશફ્લો નકકી કરવાની કામગીરી આ વિભાગ સંભાળે છે.

**(૧૬) બેંક રીકન્સીલીએશન (એફ.એ.એસ.) વિભાગ :-**

વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ખાનગી કન્સ્લટન્ટશ્રીએ બેંક તથા બેંક સ્ટેટમેન્ટના હિસાબો વચ્ચેની મેળવણી કરવાની, હિસાબમાં તફાવત શોધવાની, સ્ટેન્ડીગ એન્ટ્રીઓ અલગ તારવવાની તેમજ તેના સંબધિત વાઉચર શોધવાની કામગીરી કરેલ હતી. બેંક રીકન્સીલીએશન વિભાગ દ્વારા ખાનગી કન્સલટન્ટશ્રી સાથે જરૂરી સંકલન અને સ્ટેન્ડીગ એન્ટ્રીઓ અંગે સક્ષમ સત્તાની મંજુરી મેળવી એકાઉન્ટીગ નિયમાનુસાર જરૂરી સુધારાઓ કરવામાં આવેલ.

આ વિભાગમાં બેન્ક બુક તથા બેન્ક સ્ટેટમેન્ટનાં હિસાબો વચ્ચેના તફાવતને શોધી, તેની મેળવણી કરવામાં આવે છે. ઉપરાંત જે તે વિભાગ તરફથી પાસીગ અંગે આવતા બીલોના કોડ ચેક કરવાની કામગીરી એફ.એ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**(૧૭) એલ.ટી.સી. વિભાગ :-**

આ વિભાગમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓના તથા વા.સા.હોસ્પિટલ તથા મેડીકલ કોલેજના કર્મચારીઓના એલ.ટી.સી. અભિપ્રાય આપવામાં આવે છે. તથા મ્યુનિ. કોર્પો.ના કર્મચારીઓના એલ.ટી.સી. બીલો પાસ કરવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પો.ના તમામ કર્મચારીઓ તથા

અધિકારીશ્રીઓના ટી.એ.ડી.એ.નો અભિપ્રાય આપવાની તથા મ્યુનિ. કોર્પો.ના, શેઠ વા.સા.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરીના તમામ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓના વાર્ષિક ઈન્કમટેક્ષ પત્રકો ચેક કરી તેમને ભરવાની થતી ઈન્કમટેક્ષની રકમ નકકી કરવામાં આવે છે.

**(૧૮) વેલ્ફેર વિભાગ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કર્મચારીઓના હિત માટે જેવા કે મકાન ખરીદવા, મકાન રીપેરીંગ, સામાજીક ધાર્મિક કારણોસર કોર્પોરેશનમાં નોકરી કરતાં કર્મચારીઓને વેલ્ફેર લોન આપવામાં આવે છે. જેથી કરીને તેઓ પોતાનું કાર્ય અથવા દેવું ચૂકતે કરી શકે સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ માટે વેલ્ફેર ખાતા દ્વારા કુલ ૧૩,૦૬૫ કર્મચારીઓને રૂા.૯૮,૦૧,૨૮,૫૬૩/- લોન પેટે ચૂકવેલ છે.

**(૧૯) મેડીકલ રી ઈમ્બર્સમેન્ટ વિભાગ :-**

નાણાં ખાતાની મેડીકલ રી-ઈમ્બર્સમેન્ટ બ્રાન્ચ દ્વારા વર્ષ દરમ્યાન કર્મચારીઓ, કાઉન્સીલરશ્રીઓ, પેન્શનરો તથા તેમના આશ્રિતોના મેડીકલ બીલોનું ચેકીંગ કરવાની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કર્મચારીઓના કુલ ૧૭૫૬ બીલોનું ચેકીંગ કરવામાં આવેલ છે અને રૂા.૧૧,૦૭,૮૫,૬૪૧/- રી-ઈમ્બસર્સમેન્ટ પેટે કર્મચારીઓને ચૂકવેલ છે. મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓનું કુલ ૧૦૯ બીલોનું ચેકીંગ કરેલ છે અને રૂા.૪,૯૨,૭૦૮/- રી-ઈમ્બર્સમેન્ટ પેટે ચૂકવેલ છે. જ્યારે પેન્શનરોના કુલ ૧૭૮૪ બીલોના ચેકીંગ અને રૂા.૯૦,૦૬,૫૮૦/- રી-ઈમ્બર્સમેન્ટ પેટે ચૂકવેલ છે. આ ઉપરાંત સ્કુલબોર્ડના કર્મચારીઓના મેડીકલ રી-ઈમ્બર્સમેન્ટ બીલોનું ચેકીંગ પણ કરવામાં આવે છે.

**રેવન્યુ એકાઉન્ટનો સારાંશ :-**

અહેવાલી રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા. ૫૩.૨૨ લાખની હતી. વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૧૫૫૪૧૬.૬૮ લાખ થયેલ છે. ગત વર્ષે રેવન્યુ આવક રૂા. ૧૪૦૦૯૦.૦૦ લાખ સામે રેવન્યુ આવક હતી. આમ રેવન્યુ આવકમાં ૨૦૦૭-૦૮ની સરખામણીમાં એકંદરે રૂા. ૧૫૩૨૬.૬૮ લાખનો વધારો થયેલ છે. આ અંગેની માહિતી દર્શાવતું પત્રક ૨.૧૦.૧ સામેલ કરેલ છે. આવકના મુખ્ય સાધનોની વિગત નીચે મુજબ છે.

સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં સરકારશ્રી તરફથી રૂા. ૮૨૬૭૧.૪૪ લાખ આપવામાં આવેલ છે.

**૧. પ્રોપર્ટી ટેક્ષ :-**

પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર જેવા કે પાણીકર, કોન્ઝર્વન્સી ટેક્ષની ગતવર્ષની આવક રૂા.૨૪૮૩૯.૬૫ લાખની હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૩૪૯૪૯.૮૩ લાખ થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કરની આવકમાં ૨.૪૧% વધારો થયેલ છે.

**૨. મ્યુ.માલમિલ્કતમાંથી કર-દર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક :-**

આ આવક ગતવર્ષે રૂા.૭૪૫૯.૩૨ લાખ હતી જે અહેવાલી વર્ષમાં રૂા.૧૦૮૮૬.૫૮ લાખની થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં રૂા.૩૪૨૭.૨૬ લાખનો તથા ટકાવારીની દ્રષ્ટિએ ૨૬.૪૫%નો વધારો દર્શાવે છે.

**૩. ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન :-**

ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશનની આવક ગત વર્ષે માં રૂા.૧૧૭૬૭.૦૪ લાખ હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૧૪૩૯૦.૪૬ લાખ થયેલ છે.

ગત વર્ષની સરખામણીમાં અહેવાલી વર્ષમાં રેવન્યુ ખર્ચમાં રૂા.૫૩૬.૬૫ લાખનો ઘટાડો તથા ટકાવારીની દ્રષ્ટિએ ૦.૫૯% નો ઘટાડો થયેલ છે. જેમાં એસ્ટાબ્લીશમેન્ટમાં ૫.૧૯%, ઘટાડો, મરામત નિભાવના ખર્ચમાં ૫૦.૧૩%, સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં ૯.૫૧% નો વધારો થયેલ છે. એડમીનીસ્ટ્રેશન અને જનરલ ખર્ચમાં ૧૦.૯૦% નો વધારો થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુ. કોર્પોરેશનની આવક ખર્ચ અને વિવિધ લોન અંગેની માહિતી પત્રક ૨.૧૦.૧ થી ૨.૧૦.૧૦ માં દર્શાવાઈ છે.

**પત્રક ૨.૧૦.૧**

## સને૨૦૦૭-૨૦૦૮ ની સરખામણીમાં ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રેવન્યુ આવક ખર્ચ અને સિલકમાં ફેરફાર દર્શાવતુ પત્રક

(રૂા.લાખમાં)

| અ.નં. | વિગત | ૦૭-૦૮નું ખરેખર | ૦૮-૦૯નું ખરેખર | ૦૭-૦૮ ની સરખામણીમાં વધઘટ | ૦૭-૦૮ની સરખામણીમાં ટકાવારી વધઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૧. | શરૂઆતની સિલક | ૯૪.૧૩ | ૫૩.૨૨ | -૪૦.૯૧ | -૪૩.૪૬% |
| ૨. | આવક | ૧૪૦૦૯૦.૦૦ | ૧૫૫૪૧૬.૬૮ | ૧૫૩૨૬.૬૮ | ૧૦.૯૪% |
| ૩. | ખર્ચ | ૯૧૫૮૦.૯૧ | ૯૧૦૪૪.૨૬ | -૫૩૬.૬૫ | -૦.૫૯% |
| ૪. | વર્ષાંતે સરપ્લસ (૨-૩) | ૪૮૫૦૯.૦૦ | ૬૪૩૭૨.૪૨ | ૧૫૮૬૩.૪૨ | ૩૨.૭૦% |
| ૫. | કુલ સરપ્લસ (૧+૪) | ૪૮૬૦૩.૨૨ | ૬૪૪૨૫.૬૪ | ૧૫૮૨૨.૪૨ | ૩૨.૫૫% |
| ૬. | કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર | ૪૮૫૫૦.૦૦ | ૬૪૪૦૦.૦૦ | ૧૫૮૫૦ | ૩૨.૬૫% |
| ૭. | આખરની સિલક | ૫૩.૨૨ | ૨૫.૬૪ | -૨૭.૫૮ | -૫૧.૮૨% |

## પત્રક ૨.૧૦.૨

## સને ૨૦૦૭-૦૮ ની સરખામણીમાં ૨૦૦૮-૦૯ નાં વર્ષમાં રેવન્યુ આવકમાં મુખ્ય બજેટમાં ટકાવારી ફેરફાર દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડ | રેવન્યુ આવક | | ટકાવારી વધઘટ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭ ૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ઓક્ટ્રોય | ૫૧૨૦૦.૯૩ | - | ૧૭.૪૮ |
| ૨. | ઓક્ટ્રોયના બદલે સરકારશ્રીની ગ્રાન્ટ | ૩૦૮૫૪.૦૫ | ૮૨૬૭૧.૪૪ | |
| ૩. | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર | ૨૪૮૩૯.૬૫ | ૩૪૯૪૯.૮૩ | ૨.૪૧% |
| | **મ્યુ.કર તથા દરનું કુલ** | **૧૦૬૮૯૪.૬૩** | **૧૧૭૬૨૧.૨૭** | ૧૩.૬૦% |
| ૪. | નોન ટેક્ષની આવક | ૭૪૫૯.૩૨ | ૧૦૮૮૬.૫૮ | ૨૬.૪૫% |
| ૫. | ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન | ૧૧૭૬૭.૦૪ | ૧૪૩૯૦.૪૬ | -૧૪.૭૧% |
| ૬. | અન્ય આવક | ૧૩૯૬૯.૦૧ | ૧૨૫૧૮.૩૭ | ૧૪૦.૫૨% |
| | **કુલ** | **૧૪૦૦૯૦.૦૦** | **૧૫૫૪૧૬.૬૮** | ૧૭.૧૩% |

## પત્રક ૨.૧૦.૩

## અ.મ્યુ.કોર્પો.ની છેલ્લા ૨ વર્ષની આવકનો હિસાબ દર્શાવતુ પત્રક

**(રૂા. લાખમાં )**

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઓક્ટ્રોય (નેટ) | ૫૧૨૦૦.૯૩ | ૦ |
| ૨ | ટેક્ષની આવક | | |
| | ૨.૧ જનરલ ટેક્ષ | ૨૦૦૫૯.૪૪ | ૨૦૩૭૧.૨૭ |
| | ૨.૨ પાણીનો ટેક્ષ | ૬૫૪.૬૯ | ૩૯૩૭.૬૭ |
| | ૨.૩ કોન્ઝરવન્સી ટેક્ષ | ૦.૦૦ | ૪૧૧૪.૭૯ |
| | ૨.૪ વ્હીકલ ટેક્ષ | ૬૧૧.૪૪ | ૧૫૪૪.૫૧ |
| | ૨.૫ થીયેટર ટેક્ષ | ૪૬.૭૪ | ૪૯.૧૩ |
| | ૨.૬ વોટર અને સુઅરેઝ ચાર્જીસ | ૩૪૬૭.૩૪ | ૬૪૫.૯૫ |
| | ૨.૭ પ્રોફેશનલ ટેક્સ | ૦.૦૦ | ૪૨૮૬.૫૧ |
| | **કુલ** | **૨૪૮૩૯.૬૫** | **૩૪૯૪૯.૮૩** |
| ૩ | ખાસ કાયદામુજબની આવક | | |
| | ૩.૧ ડબા એક્ટ મુજબની આવક | ૭૫.૯૧ | ૭૫.૧૮ |
| | ૩.૨ એડલ્ટ્રેશન એક્ટ મુજબની આવક | ૦.૮૯ | ૧.૦૭ |
| | ૩.૩ ગુમાસ્તાધારા અંગેની આવક | ૭.૫૬ | ૮.૧૨ |

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૩.૪ નર્સીગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ મુજબની આવક | ૧૦.૪૭ | ૧૩.૫૨ |
| | ૩.૫ ફાયર સેફટી ચાર્જ | ૦.૦૦ | ૦ |
| | ૩.૬ આર.ટી.આઈ. ચાર્જીસ | ૦.૮૮ | ૧.૫૦ |
| | **કુલ** | **૯૫.૭૧** | **૯૯.૩૯** |
| ૪ | નોન-ટેક્ષ આવક | | |
| | ૪.૧ મ્યુ.જમીન તથા મકાનનાંથી આવક | ૨૬૮.૯૪ | ૩૯૯.૦૭ |
| | ૪.૨ મ્યુ.મિલ્કત પર જાહેરખબરની આવક | ૮૯૦.૦૦ | ૧૦૧૩.૬૫ |
| | ૪.૩ વોટર કનેક્શન ફી / ચાર્જીસ | ૪૯૮.૯૬ | ૪૨૪.૪૦ |
| | ૪.૪ નામ ટ્રાન્સફર ફી | ૪.૮૨ | ૬.૯૧ |
| | ૪.૫ એમ્બ્યુલન્સ તથા શબવાહિની ચાર્જીસ | ૧૨.૦૩ | ૧૧.૭૮ |
| | ૪.૬ મેડીકલ સર્વિસ ચાર્જીસ અને ફી | ૫૨૦.૯૩ | ૪૬૯.૬૯ |
| | ૪.૭ પરમીટ ફી | ૨.૦૨ | ૦.૦૨ |
| | ૪.૮ પ્લાન અને મકાન સ્ક્રુટીની ફી | ૨૫૫.૩૨ | ૩૫૦.૬૧ |
| | ૪.૯ માર્કેટ અને સ્લોટર હાઉસ ફી | ૨.૫૪ | ૭.૪૨ |
| | ૪.૧૦ એજ્યુકેશન ફી | ૪૦૫.૫૭ | ૧૪૪૪.૬૧ |
| | ૪.૧૧ રજીસ્ટ્રેશન ફી | ૧૦૫.૭૧ | ૧૧૪.૯૬ |
| | ૪.૧૨ સ્ટેન્ડ ફી | ૧૪.૫૬ | ૧૦.૬૨ |
| | ૪.૧૫ રસ્તા કપાત પુનઃ સ્થાપન ચાર્જ | ૧૩૫૦.૭૮ | ૧૦૨૦.૩૬ |
| | ૪.૧૬ ડ્રેનેજ કનેક્શન ફી / ચાર્જ | ૨૧૭.૭૪ | ૧૯૪.૪૪ |
| | ૪.૧૭ જોખમકારક અને ત્રાસદાયક ધંધાની લાયસન્સ ફી | ૪૫.૦૩ | ૪૯.૧૨ |
| | ૪.૧૮ ફેરિયાની લાયસન્સ ફી | ૧.૧૭ | ૧.૬૧ |
| | ૪.૧૯ ક્વાટર્સ હાયર પરચેઝ વેચાણની આવક | ૧૨.૩૬ | ૧૨.૫૯ |
| | ૪.૨૦ ડેવલપમેન્ટ ચાર્જીસ | ૧૫૭.૮૦ | ૨૧૧.૨૫ |
| | ૪.૨૧ બેટરમેન્ટ ચાર્જીસ | ૨૯.૭૧ | ૨૩.૩૭ |
| | ૪.૨૨ ઝૂ પ્રવેશ ફી જોય રાઈડઝ ફી | ૨૨૬.૬૩ | ૪૦૦.૪૨ |
| | ૪.૨૪ વોટર સપ્લાય ચાર્જ | ૨.૪૬ | ૨.૯૬ |
| | ૪.૨૫ સફાઈનો ચાર્જ | ૨૨.૨૩ | ૧૨.૧૧ |
| | ૪.૨૬ અન્ય સર્વિસ ફી અને ચાર્જીસ | ૬૮૪.૨૨ | ૧૧૨૮.૦૮ |
| | ૪.૨૭ એફ.એસ.આઈ. ફી | ૮૪૮.૧૬ | ૧૫૬૮.૮૬ |
| | ૪.૨૮ ઈમ્પેક્ટ ફી | ૧૬૬.૧૦ | ૭૭.૧૬ |
| | ૪.૩૧ ટ્રી પ્લાન્ટેશન ફી | ૧૬૩.૧૦ | ૨૪૨.૯૯ |
| | ૪.૩૨ નોન ટી.પી. ડેવલપમેન્ટ અને ડ્રાફ્ટ ટી.પી. આવક | ૪૫૪.૭૨ | ૧૫૮૮.૧૩ |
| | **કુલ** | **૫૮૪૮.૧૬** | **૧૦૭૮૭.૧૯** |

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ગ્રાંટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | | |
| | ૫.૧ પ્રાથમિક કેળવણીની ગ્રાંટ | ૧૦૯૩૦.૦૦ | ૧૨૭૬૦.૦૦ |
| | ૫.૨ માધ્યમિક કેળવણીની ગ્રાંટ | ૧૩૨.૦૦ | ૧૪૦.૧૨ |
| | ૫.૩ વ્યાયામ કેળવણીની ગ્રાંટ | ૧.૦૦ | ૧.૦૦ |
| | ૫.૫ એજ્યુકેશન સેસની ગ્રાંટ | ૪૫૦.૦૯ | ૧૧૬૭.૩૯ |
| | ૫.૬ ટ્રાફિક સિગ્નલ સબસીડી | ૦.૦૦ | ૦ |
| | ૫.૭ મોટર વ્હીકલ એક્ટ ગ્રાંટ | ૨૭.૧૦ | ૨૩.૪૦ |
| | ૫.૮ રસ્તા મરામત - નિભાવ સબસીડી | ૧૦.૭૧ | ૧૦.૭૧ |
| | ૫.૯ રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝુંબેશની ગ્રાંટ | ૬.૯૩ | ૦ |
| | ૫.૧૦ રોગ પ્રતિકારક રસી મુકવાની ગ્રાંટ | ૦.૦૦ | ૦.૦૭ |
| | ૫.૧૧ અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ ગ્રાંટ (યુ.સી.ડી.) | ૭.૮૮ | ૨૬.૨૭ |
| | ૫.૧૨ પી.પી. પ્રોગ્રામની યોજનાની ગ્રાંટ | ૧૫.૫૦ | ૧૭.૧૪ |
| | ૫.૧૩ આઈ.સી.ડી.એસ. ગ્રાંટ | ૫૪.૬૮ | ૭૪.૭૧ |
| | ૫.૧૪ ફેમીલી પ્લાનીગ ગ્રાંટ | ૬૫.૨૦ | ૬૭.૭૩ |
| | ૫.૧૫ એકટ મુજબ થતો દંડ | ૫૬.૫૪ | ૭૦.૬૯ |
| | ૫.૧૬ અન્ય રેવન્યુ ગ્રાંટ | ૩.૪૨ | ૨૧.૦૭ |
| | ૫.૧૭ દાન | ૫.૯૯ | ૧૦.૧૬ |
| | ૫.૨૫ ઓકટ્રોયની અવેજીમાં ગ્રાન્ટ | ૩૦૮૫૪.૦૫ | ૮૨૬૭૧.૪૪ |
| | **કુલ** | **૪૨૬૨૧.૦૯** | **૯૭૦૬૧.૯૦** |
| ૬. | અન્ય આવક | | |
| | ૬.૧ પુસ્તકો ચોપાનીયા ફોર્મ્સ અને માલસામાન વેચાણની આવક | ૩૯૨.૯૭ | ૪૨૮.૧૦ |
| | ૬.૨ પ્રિમીયમની આવક | ૨૫૨૦.૫૭ | ૧૬૮.૩૨ |
| | ૬.૩ કેપીટલ કામો અંગે થયેલ આવક | ૧૮૮૯.૪૯ | ૧૦૧૨.૯૩ |
| | ૬.૪ વેપારી તથા કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલી દંડની રકમ | ૯૦.૪૨ | ૧૬૫.૯૭ |
| | ૬.૫ વ્યાજની આવક | ૮૨૭૫.૯૪ | ૮૧૮૦.૯૧ |
| | ૬.૬ પરચુરણ આવક | ૫૩૫.૧૮ | ૨૨૨૫.૫૬ |
| | ૬.૭ ચણતર ફી | ૨૬૪.૪૪ | ૩૩૬.૫૮ |
| | **કુલ** | **૧૩૯૬૯.૦૧** | **૧૨૫૧૮.૩૭** |
| | **કુલ રેવન્યુ આવક** | **૧૪૦૦૯૦.૦૦** | **૧૫૫૪૧૬.૬૮** |

## પત્રક ૨.૧૦.૪

### મુખ્ય બજેટ હેડ પ્રમાણે છેલ્લા બે વર્ષનું રેવન્યુ ખર્ચ દર્શાવતુ પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડ | ૨૦૦૭ ૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | **સામાન્ય કરભાર અને કરની વસુલાત** | ૧૩૫૮૨.૭૭ | ૧૩૨૯૪.૭૧ |
| ૨. | મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ | ૨૩૦૬.૩૯ | ૨૨૯૭.૧૫ |
| ૩. | લોકોની સલામતી | ૩૨૩૯.૮૧ | ૩૭૪૦.૮૫ |
| ૪. | પાણી પૂરૂ પાડવું | ૧૧૦૩૨.૫૦ | ૧૨૦૭૬.૯૫ |
| ૫. | કોન્ઝરવન્સી | ૩૪૩૪.૮૧ | ૩૬૦૯.૮૨ |
| ૬. | લોકોની તંદુરસ્તી | ૧૫૯૬.૧૮ | ૧૬૫૬.૪૬ |
| ૭. | રસ્તા સાફ,ધોવા,છાંટવા તથા કચરો ઉપાડવા | ૧૧૯૩૮.૨૩ | ૧૧૦૮૬.૦૮ |
| ૮. | વૈદકીય મદદ | ૭૨૯૫.૧૦ | ૮૩૭૩.૪૫ |
| ૯. | માર્કેટ અને કતલખાના | ૩૩.૭૫ | ૩૪.૪૧ |
| ૧૦. | જન્મ મરણની નોંધણી | ૧૭૭.૧૦ | ૧૯૨.૭૨ |
| ૧૧. | બગીચા,સંગ્રહસ્થાન,રમતગમતનાં મેદાનો-સાધનો | ૯૨૭.૭૯ | ૧૦૦૮.૮૮ |
| ૧૨. | માહિતી અને પ્રકાશન | ૬૩૮.૮૦ | ૯૦૯.૩૩ |
| ૧૩. | જાહેર બાંધકામ | ૩૮૨૪.૧૯ | ૩૪૦૦.૨ |
| ૧૪. | રસ્તા, પુલો, ફૂટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૧૬૩૭.૯૩ | ૧૬૨૮.૪૯ |
| ૧૫. | સાર્વજનિક કેળવણી | ૧૬૪૩૯.૩૪ | ૧૮૪૮૯.૬૧ |
| ૧૬. | લોન ચાર્જીસ | ૧૦૯૦૭.૮૯ | ૬૮૮૨.૩૭ |
| ૧૭. | લાયસન્સીગ, રીમુઅલ ઓફ એન્ક્રોચમેન્ટ એન્ડ એડમી ઓફ શોપ્સ એક્ટ | ૩૧૬.૨૬ | ૩૩૨.૪૨ |
| ૧૮. | પરચુરણ | ૨૨૫૨.૦૭ | ૨૦૩૦.૩૬ |
| | **કુલ** | **૯૧૫૮૦.૯૧** | **૯૧૦૪૪.૨૬** |

## પત્રક ૨.૧૦.૫
## મુખ્ય પેટા વિભાગો મુજબ રેવન્યુ ખર્ચનું વર્ગીકરણ

| અ. નં. | પેટા વિભાગનું નામ | ૨૦૦૭-૦૮ (રૂા.લાખમાં) | ૨૦૦૮-૦૯ (રૂા.લાખમાં) | ટકાવારી વધઘટ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ | ૩૭૮૩૯.૨૪ | ૩૫૮૭૩.૭૪ | -૫.૧૯% |
| ૨. | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૨૧૪૪.૮૫ | ૨૩૭૮.૬૯ | ૧૦.૯૦% |
| ૩. | મરામત અને નિભાવ | ૫૩૭૪.૭૪ | ૮૦૬૮.૮૮ | ૫૦.૧૩% |
| ૪. | એનર્જી-વીજળી-બળતણ અને કન્ઝયુએબલ સ્ટોર્સ | ૯૪૮૯.૯૪ | ૯૦૪૪.૨૦ | -૪.૭૦% |
| ૫. | સર્વિસીસ તથા પ્રોગ્રામનાં ખર્ચા | ૪૪૨૧.૫૮ | ૪૮૪૧.૯૪ | ૯.૫૧% |
| ૬. | ગ્રાંટ, સબસીડી, કોન્ટ્રીબ્યુશન | ૨૧૨૮૪.૩૯ | ૨૩૯૩૧.૯૧ | ૧૨.૪૪% |
| ૭. | લોન ચાર્જીસ | ૧૦૯૩૪.૨૪ | ૬૮૮૨.૫૬ | -૩૭.૦૫% |
| ૮. | અન્ય ખર્ચ | ૯૧.૯૩ | ૨૨.૩૪ | -૭૫.૭૦% |
| | **કુલ** | **૯૧૫૮૦.૯૧** | **૯૧૦૪૪.૨૬** | -૦.૫૯% |

## પત્રક ૨.૧૦.૬
### મ્યુનિસિપલ કોર્પોરેશનના છેલ્લા બે વર્ષમાં વિભાગવાર રેવન્યુ ખર્ચનો હિસાબ દર્શાવતુ પત્રક

(રૂા.લાખમાં)

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ક | સામાન્ય કરભાર અને કરની વસુલાત | | |
| | ૧. કોર્પો કમિટી અને સેક્રેટરી ઓફીસ | ૩૬૩.૮૫ | ૩૩૭.૩૦ |
| | ૨. ચીફ ઓડીટરની ઓફિસ | ૧૪૧.૩૮ | ૧૪૪.૬૦ |
| | ૩. મ્યુ. કમિશનરશ્રીનું પર્સનલ એસ્ટા. | ૫.૯૦ | ૫.૭૩ |
| | ૪. મ્યુ. કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ | ૫૫૪.૪૯ | ૫૭૯.૨૧ |
| | ૫. લીગલ ડીપાર્ટમેન્ટ | ૯૩.૮૨ | ૧૩૫.૨૪ |
| | ૬. ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ડીપાર્ટમેન્ટ | ૪૫.૬૧ | ૪૫.૧૧ |
| | ૭. આયોજન અને આંકડાખાતુ | ૩૯.૨૫ | ૪૩.૩૦ |
| | ૮. ટાઈપીસ્ટ પુલ | ૮૭.૦૭ | ૯૧.૧૨ |
| | ૯. સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ | ૨૫.૭૩ | ૨૭.૫૪ |
| | ૧૦. નાણાંખાતુ | ૧૫૨૭.૬૧ | ૧૦૯૫.૬૦ |
| | ૧૧. સેન્ટ્રલ સ્ટોર્સ ઓફિસ | ૯૦.૯૭ | ૯૧.૨૦ |
| | ૧૨. મેટ્રો. મેજીસ્ટ્રેટની ઓફિસ | ૩૦.૪૭ | ૩૩.૯૮ |
| | ૧૩. બસ અંગેનું ખર્ચ | ૧૮.૭૧ | ૨૨.૫૩ |

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૧૪. મ્યુ. ઓફિસનાં ટેલીફોન અંગેનું ખર્ચ | ૩૪.૮૪ | ૪૪.૨૫ |
| | ૧૫. ઈ.ડી.પી. સેલ કોમ્પ્યુટર ખાતુ | ૧૫૫.૨૫ | ૨૯૧.૯૯ |
| | ૧૬. ઈલેક્શન ખાતુ | ૧૫૨.૨૩ | ૮૮.૧૮ |
| | ૧૭. ઓક્ટ્રોય ખાતુ | ૧૧૬૫.૨૪ | ૦ |
| | ૧૮. એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડીપાર્ટમેન્ટ | ૮૪૪.૬૭ | ૧૧૫૩.૬૯ |
| | ૧૯. સરકારી એજ્યુકેશન સેસ ખાતુ | ૧૯.૭૯ | ૨૨.૨૬ |
| | ૨૦. ઓફિસનાં મકાનો | ૧૦૯.૯૬ | ૧૪૬.૦૦ |
| | ૨૧. પ્રોવિડન્ડ ફંડ, પેન્શન , ગ્રેજ્યુઈટી, કોન્ટ્રીબ્યુશન | ૮૦૨૩.૫૧ | ૮૮૩૬.૮૬ |
| | ૨૨. વીજીલન્સ ખાતુ | ૫૨.૪૨ | ૫૯.૦૨ |
| | **કુલ** | **૧૩૫૮૨.૭૭** | **૧૩૨૯૪.૭૧** |
| **ખ** | **મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ** | | |
| | ૧. એસ્ટેટ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ | ૧૮૭૬.૩૬ | ૧૯૨૫.૧૦ |
| | ૨. ટાઉન ડેવલપમેન્ટ | ૩૫૫.૫૮ | ૨૯૧.૬૧ |
| | ૩. એડીશનલ ટાઉન પ્લાનીંગ ખાતુ | ૦.૭૪ | ૮.૪૨ |
| | ૪. એસ્ટેટ એક્વીઝીશન ખાતુ | ૬૨.૫૦ | ૬૨.૫૫ |
| | ૫. અર્બન સીટી ડેવલપમેન્ટ સંકલીતનગર | ૪.૨૪ | ૪.૧૮ |
| | ૬. એસ્ટેટ હુડકો – હાઉસીંગ | ૬.૯૭ | ૫.૨૯ |
| | **કુલ** | **૨૩૦૬.૩૯** | **૨૨૯૭.૧૫** |
| ગ | **લોકોની સલામતી** | | |
| | ૧. બંબાખાતુ | ૮૩૮.૬૧ | ૮૯૭.૪૩ |
| | ૨. રોશની ખાતુ | ૨૩૩૫.૧૭ | ૨૭૭૨.૪૫ |
| | ૩. ટ્રાફિક કન્ટ્રોલ | ૩૬.૫૭ | ૪૩.૬૩ |
| | ૪. કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ | ૨૯.૪૬ | ૨૭.૩૪ |
| | **કુલ** | **૩૨૩૯.૮૧** | **૩૭૪૦.૮૫** |
| **ઘ** | **પાણી પૂરૂ પાડવું** | | |
| | ૧. દૂધેશ્વવોટર વર્કસ | ૫૭૪.૮૧ | ૬૮૨.૯૦ |
| | ૨. બીજા પાણીનાં પંપીગ સ્ટેશનો | ૬૬૦૯.૪૮ | ૫૭૨૩.૯૩ |
| | ૩. પાણીની વહેંચણી | ૧૦૧૨.૩૭ | ૯૯૮.૮૨ |
| | ૪. કોતરપુર વોટર વર્કસ | ૭૭૨.૦૧ | ૯૬૪.૭૯ |
| | ૫. રાસ્કા વોટર પ્રોજેકટ | ૨૦૬૩.૮૩ | ૩૭૦૬.૫૧ |
| | **કુલ** | **૧૧૦૩૨.૫૦** | **૧૨૦૭૬.૯૫** |
| **ચ** | **કન્ઝરવન્સી** | | |
| | ૧. પીરાણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | ૧૬૮.૧૪ | ૧૨૯.૩૦ |

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૨. વાસણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | ૧૩૦.૫૮ | ૧૩૬.૬૫ |
| | ૩. જમાલપુર ડ્રેનેજ પંપીગ સ્ટેશન | ૮૯.૪૯ | ૮૩.૩૧ |
| | ૪. ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીગ સ્ટેશન | ૭૨.૬૬ | ૪૪.૩૪ |
| | ૫. બ્રાંચ સુએજ પંપીગ સ્ટેશન | ૫૦૮.૧૫ | ૫૧૪.૧૫ |
| | ૬. ડ્રેનેજ લાઈન | ૧૧૪૮.૫૮ | ૧૩૫૧.૮૬ |
| | ૭. સુએજ ફાર્મ | ૮૮.૭૭ | ૪૧.૩૬ |
| | ૮. વાસણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૩૩.૩૫ | ૫૭.૨૧ |
| | ૯. પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૧૯૩.૫૨ | ૧૬૮.૯૦ |
| | ૧૦. સેન્ટ્રલ લેબોરેટરી | ૯૭.૦૫ | ૯૭.૮૧ |
| | ૧૧. જાજરૂ અને પેશાબખાના | ૧૪૦.૩૨ | ૧૬૯.૪૪ |
| | ૧૨. ખાળકૂવા | ૨૦૫.૨૧ | ૨૦૬.૭૮ |
| | ૧૩. ઓ.કે. ચેમ્પીયન | ૫૪૫.૨૪ | ૫૯૬.૦૯ |
| | ૧૭. ન્યુ પીરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૭.૧૮ | ૯.૪૮ |
| | ૧૮. ન્યુ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૬.૫૭ | ૩.૧૪ |
| | **કુલ** | **૩૪૩૪.૮૧** | **૩૬૦૯.૮૨** |
| છ | **લોકોની તંદુરસ્તી** | | |
| | ૧. હેલ્થ ખાતુ | ૬૩૦.૬૫ | ૬૧૫.૨૯ |
| | ૨. પબ્લીક હેલ્થ લેબોરેટરી | ૧૬.૨૮ | ૧૮.૫૬ |
| | ૩. ડીસ્ઈન્ફેક્શન્સ | ૫.૩૪ | ૫.૭૯ |
| | ૪. મચ્છર નિવારણ | ૩૦૭.૯૯ | ૩૫૮.૬૧ |
| | ૫. રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝૂંબેશ | ૧૧૬.૭૧ | ૧૧૭.૦૩ |
| | ૬. ક્ષય નિવારણ | ૩.૧૬ | ૧.૩૦ |
| | ૭. હાનીકારક પ્રાણીઓનાં ઉપદ્રવથી બચવા | ૫૪.૬૫ | ૪૭.૪૩ |
| | ૮. વિસ્તૃત રોગ પ્રતિકારક રસી મુકવાની યોજના | ૧૬.૩૫ | ૮.૬૪ |
| | ૯. અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ | ૩૯.૮૭ | ૬૨.૦૬ |
| | ૧૦. ઢોરત્રાસ અંકુશ વિભાગ | ૧૭૯.૩૮ | ૨૦૦.૯૮ |
| | ૧૧. આઈ.સી.ડી.એસ. ૧ થી ૫ | ૫૩.૦૭ | ૫૩.૩૫ |
| | ૧૨. શહેરી કુટુંબ કલ્યાણ | ૭૩.૮૭ | ૭૪.૩૨ |
| | ૨૧. ચાર મુદ્દા હેલ્થ પ્રોગ્રામ | ૯૮.૮૬ | ૯૩.૧૦ |
| | **કુલ** | **૧૫૯૬.૧૮** | **૧૬૫૬.૪૬** |
| જ | **રસ્તા સાફ ધોવા, છાંટવા તથા શહેરનો કચરો ઉપાડવા** | | |
| | ૧. રસ્તા સાફ કરવા | ૯૩૬૧.૫૦ | ૮૬૦૫.૨૩ |
| | ૨. શહેરનો કચરો ઉપાડવા | ૨૧૦૮.૬૦ | ૨૧૦૫.૦૬ |

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૩. ચાલી,સોસાયટી તથા ઝૂંપડપટ્ટીમાં સફાઈ | ૪૬૮.૧૩ | ૩૭૫.૭૯ |
| | **કુલ** | **૧૧૯૩૮.૨૩** | **૧૧૦૮૬.૦૮** |
| ઝ | **વૈદકીય મદદ** | | |
| | ૧. દવાખાના | ૨૭૦.૭૮ | ૨૮૧.૯૨ |
| | ૨. મેટરનીટી હોમ | ૨૭૮.૮૩ | ૨૭૮.૫૮ |
| | ૩. એલ.જી.હોસ્પિટલ | ૧૨૬૦.૭૮ | ૧૩૨૬.૦૩ |
| | ૪. શા.ચી.લા. હોસ્પિટલ | ૧૧૮૯.૫૦ | ૧૨૩૮.૨૪ |
| | ૫. શેઠ ચી.હ.નગરી હોસ્પિટલ | ૨૪૪.૦૪ | ૨૫૬.૫૧ |
| | ૬. ટી.બી.ક્લીનીક | ૪૦.૦૬ | ૪૦.૭૧ |
| | ૭. ચેપી રોગ હોસ્પિટલ | ૫૫.૫૨ | ૫૮.૯૮ |
| | ૮. એમ્બ્યુલન્સ | ૩૧.૬૮ | ૨૭.૮૩ |
| | ૯. ગ્રાંટ મેડીકલ (વી.એસ.હોસ્પિટલની ગ્રાન્ટ) | ૩૮૭૧.૪૫ | ૪૮૧૫.૧૪ |
| | ૧૦. પી.પી.પ્રોગ્રામ | ૫૨.૪૬ | ૪૯.૫૧ |
| | **કુલ** | **૭૨૯૫.૧૦** | **૮૩૭૩.૪૫** |
| ટ | **માર્કેટ અને કતલખાના** | | |
| | ૧. માર્કેટ | ૨.૩૭ | ૪.૬૫ |
| | ૨. કતલખાના | ૩૧.૩૮ | ૨૯.૭૬ |
| | **કુલ** | **૩૩.૭૫** | **૩૪.૪૧** |
| ઠ | **જન્મમરણની નોંધણી** | | |
| | ૧. જન્મમરણની નોંધણી | ૧૭૭.૧૦ | ૧૯૨.૭૨ |
| | **કુલ** | **૧૭૭.૧૦** | **૧૯૨.૭૨** |
| ડ | **બગીચા,સંગ્રહસ્થાન અને રમતગમતનાં મેદાનો- સાધનો** | | |
| | ૧. બગીચા | ૫૫૫.૫૫ | ૬૩૧.૬૪ |
| | ૨. રમતગમતનાં મેદાનો –સાધનો વિ. | ૪.૫૮ | ૧.૬૬ |
| | ૩. ફૂવારા તથા શહેર સુશોભન | ૯.૬૮ | ૧૦.૯૪ |
| | ૪. સ્ટેડીયમ | ૧.૮૯ | ૦.૬૯ |
| | ૫. ઝૂ ડીપાર્ટમેન્ટ | ૧૯૯.૪૦ | ૨૧૬.૯૫ |
| | ૬. મ્યુઝીયમ (સંસ્કાર કેન્દ્ર) | ૧૬.૭૧ | ૧૩.૬૮ |
| | ૭. સ્વીમીગ પુલ (સ્નાનાગાર) | ૧૩૧.૨૫ | ૧૨૬.૮૦ |
| | ૮. ફીઝીયોથેરાપી સ્કુલ | ૮.૭૩ | ૬.૫૨ |
| | **કુલ** | **૯૨૭.૭૯** | **૧૦૦૮.૮૮** |
| ઢ | **માહિતી અને પ્રકાશન** | | |
| | ૧. માહિતી અને ફરિયાદ ખાતુ (કન્ટ્રોલ રૂમ) | ૮.૭૯ | ૨૧.૧૫ |

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૨. મ્યુ.સેન્ટ્રલ લાયબ્રેરી | ૬.૦૫ | ૬.૦૩ |
| | ૩. પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ | ૬૨૩.૯૬ | ૮૮૨.૧૫ |
| | **કુલ** | **૬૩૮.૮૦** | **૯૦૯.૩૩** |
| **ણ** | **જાહેર બાંધકામ** | | |
| | ૧. ઈજનેર ખાતુ (સામાન્ય દેખરેખ) | ૨૧૨૩.૪૮ | ૧૮૦૧.૨૫ |
| | ૨. વર્કશોપ નં.૨ (રોલર) | ૧૩૯.૯૩ | ૧૬૪.૦૦ |
| | ૩. સેન્ટ્રલ વર્કશોપ | ૧૫૬૦.૭૮ | ૧૪૩૪.૯૫ |
| | **કુલ** | **૩૮૨૪.૧૯** | **૩૪૦૦.૨૦** |
| **ત** | **રસ્તા,પુલો,ફુટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રેઈન** | | |
| | ૧. રસ્તા, પુલો, ફૂટપાથ | ૧૫૪૨.૬૯ | ૧૪૯૬.૫૯ |
| | ૨. સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૯૪.૪૫ | ૧૩૦.૯૭ |
| | ૩. બ્રીજ | ૦.૭૯ | ૦.૯૩ |
| | **કુલ** | **૧૬૩૭.૯૩** | **૧૬૨૮.૪૯** |
| **થ** | **સાર્વજનિક કેળવણી** | | |
| | ૧. પ્રાથમિક કેળવણી | ૧૪૮૨૫.૦૬ | ૧૬૭૫૩.૨૮ |
| | ૨. મ્યુ.ગર્લ્સ હાઈસ્કુલ | ૩૬.૩૮ | ૩૦.૫૧ |
| | ૩. મ્યુ.માધ્યમિક શાળાઓ અને તેની કેન્દ્રીય કચેરી | ૧૧૦.૧૯ | ૧૦૭.૮૫ |
| | ૪. મ્યુ. વ્યાયામ વિદ્યાલય | ૩૫.૪૬ | ૫૦.૦૧ |
| | ૫. મ્યુ. મેડીકલ કોલેજ | ૧૦૫૮.૧૮ | ૧૨૦૪.૪૧ |
| | ૬. પુસ્તકાલય | ૧૦૫.૬૮ | ૧૦૪.૪૭ |
| | ૭. બાળ પુસ્તકાલય | ૧૧.૫૭ | ૧૩.૪૪ |
| | ૧૧. એમ. જે. લાયબ્રેરીને ગ્રાન્ટ | ૨૫૬.૮૨ | ૨૨૫.૬૩ |
| | **કુલ** | **૧૬૪૩૯.૩૪** | **૧૮૪૮૯.૬૧** |
| **દ** | **લોન ચાર્જીસ** | | |
| | ૧. લોનનું વ્યાજ | ૫૩૧.૯૪ | ૩૨૦.૪૮ |
| ૬૨ | રાજ્ય કર્મચારી વીમા સંગઠન | ૧૦-૩-૦૯ | રસોઇ | ૧૦૦૧.૦૦ |
| ૬૩ | દિગંબર જૈન સમાજ | ૬-૪-૦૯ થી ૭-૪-૦૯ | મહાવીર જયંતિ ઉજવણી | ૪૦૦૦૦.૦૦ |
| ૬૪ | અલ્પાબેન પટેલ | ૨૯-૫-૦૯ થી ૩૧-૫-૦૯ | ચિત્ર પ્રદર્શન ગેલેરી | ૬૦૦.૦૦ |
| ૬૫ | ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુ. અમ. | ૧૦-૪-૦૯ થી ૧૧-૪-૦૯ | જમણવાર | ૧૦૦૦૦.૦૦ |
| | | કુલ | | ૫૬૩૪૭૭.૦૦ |

# ૨.૧૬ વિજિલન્સ ખાતુ

## ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના વહીવટી વિભાગનાં તમામ ખાતાઓની નિયમિતતા બાબતની દેખરેખ વિજિલન્સ ખાતા દ્વારા રાખવામાં આવે છે.વહીવટી વિભાગના વહીવટી તથા ટેકનીકલ ખાતાના અધિકારી/કર્મચારીઓ વિરૂદ્ધ આવેલ ફરીયાદોની તપાસ કરી યોગ્ય નિકાલ કરવાની તથા મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓનું ચેકીંગ તેમજ કર્મચારીઓની હાજરી ચેકીંગ કરી ખાતાઓને કાર્યક્ષમ રાખવાની કામગીરી વિજીલન્સ ખાતા મારફતે કરવામાં આવે છે.વિજીલન્સ ખાતાની કામગીરી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. (અ )જનરલ (બ) ટેકનીકલ

**(અ) જનરલ :-**

મ્યુ.કોર્પોરેશનનાં તમામ ખાતાની વહીવટી કામગીરી ઉપર દેખરેખ જનરલ વિભાગ દ્વારા રાખવામાં આવે છે. વિજિલન્સ ખાતાની જનરલ કામગીરી ત્રણ આસી. મેનેજર દ્વારા કરવામાં આવે છે.

(૧) **આસી.મેનેજર જનરલ - ૧ :-**

વિજિલન્સ ખાતાની વહીવટી કામગીરી ઉપરાંત ટેકસ ખાતાને લગતી વિજીલન્સ તપાસની કામગીરી કરવામાં આવે છે.ઉપરાંત વહીવટી ક્ષતિઓ જણાય ત્યાં સરકયુલરો કરાવી વહીવટી પધ્ધતિ સુધારવા માટે કામગીરી કરાય છે.

ટેકસઃ- વિજિ.ખાતાના ટેકસ વિભાગના અધિકારીશ્રીઓ ધ્વારા શહેરમાં આવેલ પ્રોપર્ટી ટેકસને લગતી કોમર્સીયલ તથા રહેઠણની એન્ટ્રીઓની આવતી ફરીયાદોમાં તપાસ કરી જે કિસ્સાઓમાં મિલ્કતની આકારણી કરવામાં આવેલ ન હોય અગર આકારણી કરવા પાત્ર હોય તેના કરતા ઓછી કરી હોય તેવા કિસ્સાઓ શોધી કાયદેસરની આકારણી કરવા ટેક્ષ ખાતાને રીપોર્ટ મારફતે જાણ કરવામાં આવે છે તથા વર્ષ દરમ્યાન ખાતા ધ્વારા કરેલ રીપોર્ટ અંગે જરૂરી કાર્યવાહી થઇ છે કે કેમ તેની પણ તપાસ રાખવાનું કામ કરે છે.

(૨) **આસી.મેનેજર જનરલ ૨ :-**

આસી.મેનેજર(જન-૨) ધ્વારા હેલ્થ ખાતાના રેફ્યુઝ, મેલેરીયા, સેનીટેશન, દવાખાના, મેટરનીટી હોમ, લેબોરેટરી, ફુડ વગેરે વિભાગ તથા લાયબ્રેરી, સ્વીમીંગ પુલ, બાલભવન તથા ફાયર બ્રિગેડ વિ.ખાતાની વહીવટી તથા અધિકારી/કર્મચારી વિરૂધ્ધ આવેલ ફરિયાદોના નિકાલની તેમજ તે ઉપરાંત સ્ટાફની હાજરી ચેંકીગની કામગીરી કરવામાં આવે છે.

(૩) **આસી.મેનેજર જનરલ ૩ :-**

**આસી.મેનેજર જનરલ ૩ ધ્વારા** એકાઉન્ટ, એસ્ટેટ તથા ટી.ડી.ઓ.ની નોન ટેકનીકલ ફરિયાદો તેમજ તે વિભાગના અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ આવેલ ફરીયાદોના નિકાલની કામગીરીની તથા સ્ટાફ હાજરી ચેકિંગ વિગેરેને લગતી કામગીરી કરવામાં આવે છે.

(બ) **ટેકનીકલ :-**

મ્યુનિ.કોર્પોરેશનના ટેકનીકલ કામગીરી સાથે સંકળાયેલ ખાતાઓની વિજિલન્સ તપાસને લગતી કામગીરી વિજિલન્સ ખાતાના ટેકનીકલ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

મ્યુનિ.કોર્પો.ના ટેકનીકલ ખાતાઓને લગતી ફરિયાદોનો નિકાલ આ વિભાગમાં થાય છે.ઈજનેર ખાતાની ટેકનીકલ કામગીરી માટે મ્યુનિ.કોર્પો.ના છ ઝોન તથા પ્રોજેકટ માટે બે વિજીલન્સ ઓફીસર ટેક.ની નિમણૂંક કરવામાં આવેલ છે.તેઓશ્રી દ્વારા મ્યુનિ.કોર્પો.દ્વારા ટેન્ડરો મંગાવી કરાવવાના થતા કામોનું સુપરવીઝન, ફરીયાદોના નિકાલ તથા સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી કરવામાં આવે છે. એસ્ટેટ/ ટી.ડી.ઓ. ખાતાની કામગીરી માટે વિજિલન્સ ખાતે વિજિલન્સ ઓફીસર તથા સબ ઈન્સ્પેકટરની નિમણૂંક કરવામાં આવેલ છે. જેઓ

સમગ્ર અમદાવાદ મ્યુનિ.કોર્પો.ની હદમાં થતાં ગેરકાયદેસર દબાણો તથા બાંધકામોને લગતી ફરીયાદોનો નિકાલ સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી તેમજ કોઇ ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોની તપાસ કરવામાં આવે છે.

લાઇટ,સેન્ટ્રલ વર્કશોપ,એસ.ટી.પી.,દૂધેશ્વર વોટર વર્કસ,ટયુબવેલ સ્ટેશનો તથા ફેંચવેલોને લગતી કામગીરી માટે વિજિલન્સ ઓફીસર(ઇલે.એન્ડ મીકે.)ની નિમણૂંક કરવામાં આવેલ છે.જેઓ દ્વારા ઉપરોક્ત ખાતાઓને લગતી ફરીયાદોનો નિકાલ,સ્ટાફની હાજરી ચેકીગ તથા ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોના નિકાલની કામગીરી ઉપરાંત વર્કશોપ તેમજ એ.એમ.ટી.એસ.ખાતા દ્વારા કરવામાં આવતી સ્ક્રેપ માલની હરાજી તથા માલની ડીલીવરી સમયે હાજર રહી સુપરવીઝનની કામગીરી કરવામાં આવે છે. વિજિલન્સ જનરલ અને ટેકનીકલ વિભાગની છેલ્લા બે વર્ષ દરમ્યાનની કામગીરી પત્રક ૨.૧૭.૧અને ૨.૧૭.૨માંદર્શાવેલછે

**અહેવાલી વર્ષ ૨૦૦૮-૦૯ માં વિજીલન્સ ખાતાએ કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત :-**

**જનરલઃ-**

★ટેક્ષ ખાતાના ઉત્તરઝોન વિભાગમાં આવેલ અનિલ સ્ટાર્ચ મીલના માપ સબંધે તત્કાલીન ડે.મ્યુનિ.કમિશ્નર સાહેબ(ઉત્તરઝોન)દ્વારા વિજીલન્સ વિભાગના અધિકારી સાથેની અન્ય ખાતાન સ્ટાફ સાથેની ટીમ તૈયાર કરી વિજીલન્સ સાથેની ટીમ દ્વારા લેવાયેલ માપ માન્ય રાખી ખોટુ માપ લઇ અયોગ્ય કરવા બદલ વેલ્યુએશન તથા ટેક્ષ ખાતાના સંબંધિત અધિકારી/કર્મચારીના ખુલાસા માંગવાનો હુકમ કરેલ છે.

★મેયર સાહેબ દ્વારા કરાયેલ ફરીયાદના અનુસંધાને સેન્ટ્રલ વર્કશોપમાં ચાલતા ડીઝલ ચોરીના કૌભાંડ બાબતે વિજીલન્સ તપાસ કરતા સુપરવાઇઝરી સ્ટાફ દ્વારા ડ્રાઇવરોને જવાબદાર ગણી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

★જન્મની નોંધણીના ખોટા દાખલા આપવા બાબતની ફરિયાદ ને આધારે વિજીલન્સ તપાસ કરી ગમે તે વ્યકિત ખોટા રેશનકાર્ડના પુરાવા,એ્ફીડેવીટ રજુ કરી મેળવી લેતા હોવાથી હેલ્થ વિભાગ ક્ષતિઓ દૂર કરવા યોગ્ય સીસ્ટમ ગોઠવવા જરૂરી વ્યવસ્થા કરવા હુકમ કરાવેલ છે.

★સને ૨૦૦૬-૦૭માં રાણીપ નગરપાલિકાનો અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં સમાવેશ થયા બાદ જે તે સમયે રાણીપ નગરપાલિકાની કારોબારી સમિતિ દ્વારા થયેલ નાણાંકીય ખર્ચના ઠરાવોની વિગતો તપાસી તે અંગેનો અહેવાલ શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરને મોકલી આપવા બાબતના સમક્ષ સત્તાના હુકમ અન્વયે વિજીલન્સ જન-૦૨ દ્વારા હાથ ધરાયેલ તપાસ અને રજુ કરવામાં આવેલ અહેવાલ ઉપર મા.મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રીએ રાણીપ નગરપાલિકા દ્વારા ત્રણ પે એન્ડ યુઝ ટોઇલેટ બ્લોકસના કામો માટે N.G.O. નો એડવાન્સ પેમેન્ટ પેટે ચુકવાયેલ રૂા.૫,૯૧,૫૧૦/- કામો સમયસર પૂરા નહી થવાના કારણોસર રીકવર કરવા સૂચના આપેલ છે.

<u>ટેકનીકલઃ-</u>

★ જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પાઇપ તથા ડકટ લાઇનના કામોમાં કવોલીટી કંટ્રોલ ટીમ સાથે રહી પ્રોજેકટની ગુણવત્તા સુધારવાની કામગીરી કરેલ છે.

સને ૨૦૦૮-૦૯માં કુલ ૪૧ કેસોમાં વિજીલન્સ ચેકીગ કરી ફરીયાદનો નિકાલ કરી શિક્ષાત્મક પગલાં લેવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પત્રક ૨.૧૬.૧

### વિજિલન્સ જનરલ વિભાગની છેલ્લા બે વર્ષની કામગીરી દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતની બાકી ફરિયાદો | ૧૫૮ | ૨૧૭ |
| ૨ | વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૧૨૨ | ૧૨૧ |
| | કુલ ફરિયાદો | ૨૮૦ | ૩૩૮ |
| ૩ | વર્ષ દરમ્યાન તપાસેલ ફરિયાદો | ૬૩ | ૧૨૭ |
| ૪ | વર્ષાન્તે બાકી ફરિયાદો | ૨૧૭ | ૨૧૧ |

## પત્રક ૨.૧૬.૨

### વિજિલન્સ ટેકનીકલ વિભાગની છેલ્લા બે વર્ષની કામગીરી દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતની બાકી ફરિયાદો | ૬૪૨ | ૭૩૭ |
| ૨ | વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૧૦૯ | ૩૦૬ |
| | કુલ ફરિયાદો | ૭૫૧ | ૧૦૪૩ |
| ૩ | વર્ષ દરમ્યાન તપાસેલ ફરિયાદો | ૧૪ | ૧૭૮ |
| ૪ | વર્ષાન્તે બાકી ફરિયાદો | ૭૩૭ | ૮૬૫ |

## ૨.૧૭ પબ્લિસિટી ખાતુ.
### ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાનાર જાહેર સમારંભો, સન્માન સમારંભ, ઉદ્‌ઘાટન સમારંભ, જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભ, લોકાર્પણવિધિ, શિલારોપણ વિધિ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી તેમજ પ્રેસનોટ પ્રસિધ્ધી અને મ્યુ. કોર્પોના વિવિધ ખાતાઓના કામોને લગતી જાહેર ખબરો દૈનિકોમાં છપાવવા સંબંધી કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે. ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના કામો સંબંધી દૈનિકોમાં પ્રસિધ્ધ થતા સમાચારોના પ્રેસકટીંગ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મેયરશ્રી અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી સમક્ષ રજૂ કરી જે તે ખાતાને જરૂરી કાર્યવાહી માટે પબ્લિસિટી ખાતા દ્વારા જણાવવામાં આવે છે.

ખાતા ધ્વારા સંગીતક્ષેત્રે અને નાટયક્ષેત્રે નિવૃત થયેલા અશકત અને અર્થિક રીતે નબળા કલાકારોને આર્થિક સહાય અને વૈદકીય સારવારની મ્યુનિ કોર્પો.ની મંજુરીની અપેક્ષાએ આર્થિક સહાય કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ.કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ ધ્વારા વિકાસના કામોને લગતી જાહેર ખબરો,ટેન્ડર નોટીસો પ્રસિધ્ધ કરવામાં આવી હતી.વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન,બજેટની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરિકોને જાણ થાય તેવા સુચનો માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિધ્ધ કરાવવાની વ્યવસ્થા ખાતા ધ્વારા કરવામાં આવી હતી.

રાજય સરકાર ધ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશની પ્રચાર પ્રસારની કામગીરી પણ આ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં શહેરના જુદા જુદા વોર્ડોમાં વિવિધ કામોના ઉદઘાટન સમારંભો,પ્રતિમા અનાવરણ વિધિ ,નામાભિધાનવિધિ,ખાતમુહુર્તવિધિ,પ્રદર્શન સાંસ્કૃતિક કાર્યક્રમ,સત્કાર સમારંભને લગતા વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા ધ્વારા થયા હતા.આ ફંકશનોના પ્રીન્ટીગ,ફોટોગ્રાફીના કામો મહોત્સવ ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી જુદા જુદા સ્થળે પોસ્ટર,બેનરો હોર્ડીગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા ધ્વારા કરવામાં આવી હતી.

## ૨.૧૮ સેન્ટ્રલ સ્ટોર્સ
## ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરની જનતાની સુખ સગવડો ને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડવા અને અમદાવાદ શહેરના વિકાસ માટે કરવામાં આવતા કામો માટે સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરીયાત પ્રમાણેના માલ ખરીદ કરવામાં આવે છે.અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓને તેમના ઈન્ડેન્ટો મુજબ માલ ઈસ્યુ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સની છેલ્લા પાંચ વર્ષની ખરીદી અને ઈસયુની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

| વર્ષ | ઉઘડતી સિલક (રૂપિયામાં) | ખરીદી (રૂપિયામાં) | ઈસ્યુ (રૂપિયામાં) | વર્ષ આખરે બાકી બેલેન્સ (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫૧૨૬૧૧૩૨/- | ૧૮૭૫૫૮૧૧૨/- | ૧૩૪૪૯૫૦૧૯/- | ૧૦૪૩૨૪૨૨૫/- |
| ૨૦૦૫-૦૬ | ૧૦૪૩૨૪૨૨૫/- | ૮૨૨૭૮૨૪૦/- | ૧૨૩૩૬૧૨૮૦/- | ૬૩૨૪૧૧૮૫/- |
| ૨૦૦૬-૦૭ | ૬૩૨૪૧૧૮૫/- | ૧૪૧૧૬૦૧૮૪/- | ૧૨૫૦૧૦૬૬૪/- | ૭૯૩૯૦૭૦૫/- |
| ૨૦૦૭-૦૮ | ૭૯૩૯૦૭૦૫/- | ૧૮૨૬૬૨૯૫૧/- | ૧૫૭૨૨૪૧૭૬/- | ૧૦૪૮૨૯૪૮૦/- |
| ૨૦૦૮-૦૯ | ૧૦૪૮૨૯૪૮૦/- | ૪૩૦૪૨૩૨૦૩/- | ૪૦૪૭૬૮૮૨૭/- | ૧૩૦૪૮૪૮૫૬/- |

સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ કરેલ ખરીદી તથા ઈસ્યુ કરેલ માલની સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સના હીસાબોની વિગત નીચે જણાવ્યા મુજબ છે.જેમાં સને ૨૦૦૮-૦૯ ના માલની માસ વાર ખરીદી તથા ઈસ્યુની રકમ દર્શાવવામાં આવી છે.સેન્ટ્રલ સ્ટોર્સમાં ખરેખર ખરીદી થયેલ છે.તેમજ ચીફ એકાઉન્ટ ખાતે મોકલવામાં આવેલ એબ્સ્ટ્રેક્ટના હિસાબી આંકડા ઉપરથી છે.જેનો ખર્ચ સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિ.સેન્ટ્રલ સ્ટોર્સ બજેટહેડ ઉપર પાડેલ છે.તથા જમાં કરાવેલ રકમોની છે.

| માસ | ખરીદીની રકમ (રૂપિયા લાખમા) | ઈસ્યુની રકમ (રૂપિયા લાખમા) |
|---|---|---|
| એપ્રિલ | ૩.૨૫ | ૯૬.૯૫ |
| મે | ૭૯.૧૩ | ૨૨૪.૨૩ |
| જુન | ૩૧૯.૯૨ | ૧૯૦.૫૮ |
| જુલાઈ | ૪૧૮.૬૮ | ૪૧૮.૬૮ |
| ઓગસ્ટ | ૧૪૧૮.૦૧ | ૩૪૬.૪૧ |
| સપ્ટેમ્બર | ૩૧૮.૫૮ | ૫૧૯.૪૮ |
| ઓકટોમ્બર | ૨૩૬.૨૯ | ૨૬૪.૧૮ |
| નવેમ્બર | ૧૯૨.૨૮ | ૪૩૫.૧૬ |
| ડીસેમ્બર | ૧૧૨.૨૦ | ૪૩૦.૬૦ |
| જાન્યુઆરી | ૧૧૭.૩૪ | ૨૯૮.૬૪ |
| ફેબ્રુઆરી | ૨૮.૬૫ | ૨૩૨.૧૫ |
| માર્ચ | ૭૮૨.૫૬ | ૫૯૨.૧૬ |
| કુલ | ૪૩૦૪.૨૩ | ૪૦૪૭.૬૮ |

સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન કરાયેલ ખરીદી અને ઈસ્યુની માહિતી ઉપર જણાવેલ છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇજનેર ખાતા માટે બ્લેક ટ્રેપ મેટલ,લીક્વીડ ક્લોરીન ગેસ,ઈંટો,સ્ટોન વેર પાઈપ વિગેરેની ખરીદીની મંજુરી

મેળવી રેઈટ કોન્ટ્રાક્ટ કરેલ છે.અને માલ મંજુરી મુજબનો ઈજનેર ખાતામાં બારોબાર લેવામાં આવેલ છે.અને માલનું પેમેન્ટ ઈજનેર ખાતા મારફતે બારોબાર કરવામાં આવે છે. બ્લીચીંગ પાવડર ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી,કોપર સલ્ફેટ,ફટકડી વિગેરેની ખરીદીની મંજુરીથી જે તે ખાતાના બજેટહેડમાં ખર્ચ પાડીને માલ સામાન મેળવવામાં આવે છે.

સેન્ટ્રલ સ્ટોર્સના સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમા થયેલ કુલ ખરીદી                                રૂા લાખમાં

(૧) ૧૫૧ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતે ખર્ચ પાડીને ખરીદ કરવામાં આવેલ તેની રકમ                રૂા. ૪૩૦૪.૨૩

(૨) અન્ય જુદા-જુદા ખાતે ખર્ચ પાડીને સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમ્યાન
સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે કરેલ ખરીદીની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | ખાતાનું નામ | આઈટમ | રમક (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | દુધેશ્વર વોટર વર્કસ | ફટકડી | --- |
| ૨ | રાસ્કા વિયર પ્રોજેક્ટ | ક્લોરીન ગેસ | ૮૭.૮૨ |
| | | **કુલ ખર્ચ** | ૪૩૯૨.૦૫ |

(૩) દુધેશ્વર વોટર વર્કસ ખાતાએ ક્લોરીન ગેસની ખરીદી કરી ખાતામાં બારોબાર ખર્ચ પાડેલ છે.

અનુક્રમ નંબર ૧ થી ૨ ખરીદી અંગેનો કુલ ખર્ચ                                રૂા. ૪૩૯૨.૦૫

| | |
|---|---|
| ઉઘડતી સિલક | ૧૦૪૮.૨૯ |
| ખરીદી | ૪૩૦૪.૨૩ |
| ઈસ્યુ ૨૦૦૮ ૦૯ | ૪૦૪૭.૬૮ |
| તારીખ ૩૧/૦૩/૨૦૦૮ ના રોજ બંધ સિલક | ૧૩૦૪.૮૪ |

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ ખરીદી રૂા. ૪૩૦૪.૨૩ લાખમાં કરી છે.છેલ્લા પાંચ વર્ષમાં ખરીદી કરવા અંગે નીકળેલ (૧) ટેન્ડરો (૨) ઈન્કવાયરી અને ભાવ માંગ (૩) બજાર પરચેઈજ અને ઓફરથી કરવાની જે વિધિ કરેલ માલ-સામાનની માંગણી નીચે જણાવ્યા મુજબ છે.

**ટેબલ ડી**

| અ.નં. | વર્ષ | ટેન્ડરની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૬૭ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૦૫ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૫૬ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૮૯ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૫૬ |

**ટેબલ ઈ**

| અ.નં. | વર્ષ | રકમ | ઓફર્સ તથા બજાર પરચેઈજની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૭૨૯૫૧૩૨૭/- | ૧૭ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૫૯૮૨૭૮/- | ૪ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૮૦૪૩૬૨/- | ૩૨ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૭૩૦૮૫૨/- | ૬૯ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૧૨૬૪૦૮૯/- | ૭૮ |

સમાચાર પત્રોમાં જાહેર ખબર આપી ટેન્ડરો દ્વારા અને ભાવ માંગ દ્વારા ખરીદી કરવામાં આવેલ છે.કેટલીક આઈટમોની ખરીદી વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટથી અને કેટલી આઈટમોની ખરીદી વસ્તુઓ ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવાનું આવશ્ક બને છે.જેથી આર્થિક ફાયદા સામે સારી ગુણવત્તાવાળો માલ ખરીદવામાં આવે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીગ કરાવવા અંગે આવતા ઈન્ડેન્ટોના આધારે પ્રિન્ટીગ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રિન્ટીગ કામ કરાવવા અંગેની વિગત નીચે મુજબ છે.

**ટેબલ એફ**

| અ.નં. | વર્ષ | ટેન્ડરની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૬૫ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૩૩૯ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૩૩૨ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૪૧૨ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૪૩૩ |

સેન્ટ્રલ સ્ટોર્સના જુદા-જુદા વિભાગ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ખાતામાં માલ ઈસ્યુ કરવામાં આવે છે.તેની વર્ષવાર ઈન્ડેન્ટોની સંખ્યા નીચે મુજબ છે.

| ઈસ્યુ વિભાગ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|---|
| કન્ટી-જન્સી ૧-૨ | ૨૭૭૦ | ૩૩૯૭ | ૨૯૮૦ | ૨૭૬૫ | ૩૯૬૯ |
| પ્રિન્ટીગ | ૪૦૫ | ૯૨૧ | ૪૮૦ | ૫૧૯ | ૪૩૩ |
| હાર્ડવેર | ૫૧૬ | ૬૫૭ | ૭૭૦ | ૬૬૪ | ૮૦૪ |
| સીમેન્ટ | ૪૦૮ | ૪૨૫ | ૩૮૨ | ૩૧૪ | ૩૩૬ |
| ડ્રેસ | ૨૫૫ | ૪૨૭ | ૨૦૭ | ૧૪૬ | ૫૬૫ |
| સ્ટીલ | ૧૬૮ | ૧૫૯ | ૧૫૪ | ૧૨૬ | ૧૨૦ |
| સી.પી.સી. | ૨૩૭૭ | ૯૪૫૧ | ૨૯૭૭ | ૩૮૯૫ | ૩૪૦૧ |
| એબ્સ્ટેક્ટ | ૬૮૯૯ | ૮૪૩૭ | ૫૪૭૮ | ૬૩૫૩ | ૭૪૯૦ |

આ મુજબ સેન્ટ્રલ સટોર્સ ખાતાના સને ૨૦૦૭-૦૮ ની સાલના વાર્ષિક અહેવાલમાં ખરીદી અને ઇસ્યુ અંગેની સઘળી બાબતો દર્શાવવામાં આવી છે.મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા સેનટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટે થઇને કુલ વાર્ષિક ખરીદી ૪૩૦૪.૨૩ લાખમાં કરવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ તરફથી માલની જરૂરીયાત મુજબના ઇન્ડેન્ટ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા માલ ઇસ્યુ કરવામાં આવે છે.અને આ ઇસ્યુ થયેલ માલ સામાનનો ઉપયોગ કરીને અમદાવાદ શહેરની જન્તાની સુખાકારી અને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડીને શહેરના વિકાસ માટેની અને પ્રાથમિક જરૂરીયાતવાળા કામો સરળતાથી અને ઝડપથી કરવામાં આવેલ છે.અમદાવાદ શહેરની પ્રાથમિક સગવડ પુરી પાડવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સઘળા ખાતાઓને માલ ઇસ્યુ કરી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના કર્મચારીઓએ ખંત અને ઉત્સાહથી સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાનની કામગીરી સંપૂર્ણ પુરી પાડેલ છે.

વિભાગ પ્રમાણેની ખરીદી અને ઇસ્યુની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગનું નામ | ખરીદી લાખમાં | ઇસ્યુ લાખમાં |
|---|---|---|---|
| ૧ | કન્ટી જન્સી ૧-૨ | ૧૪૦.૫૪ | ૧૬૮.૭૬ |
| ૨ | પ્રિન્ટીગ | ૩૪.૫૫ | ૩૮.૨૯ |
| ૩ | હાર્ડવેર | ૧૧૮.૧૬ | ૧૧૬.૦૪ |
| ૪ | સીમેન્ટ | ૧૮.૭૭ | ૧૬.૨૦ |
| ૫ | ડ્રેસ | ૮.૩૦ | ૭.૦૮ |
| ૬ | સ્ટીલ | ૭.૬૫ | ૭.૧૩ |
| ૭ | સી.પી.સી. | ૩૯૭૬.૨૬ | ૩૬૯૪.૧૮ |
| | **કુલ** | **૪૩૦૪.૨૩** | **૪૦૪૭.૬૮** |

# ૨.૧૯ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન વિભાગ

૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) લેબર સેલ

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ૫૮ જેટલા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવા ૭૯ જેટલા કન્સીલીએશન કેસો યુનિયનો ધ્વારા મુકવામાં આવ્યા હતા અને તમામના જવાબો પાઠવવામાં આવ્યા હતા અને અસરકારક રજૂઆતોને કારણે ૭૩ જેટલા કેસોનો નિકાલ થયેલ હતો.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટોમાં મુદ્તના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૮૮ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૧૦૪ નવા દાખલ થયેલ. આમ કુલ ૪૯૨ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૩૩ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૪૫૯ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૧૬૪ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન નવા ૧૦૩ કેસો દાખલ થયેલ. આમ કુલ ૨૬૭ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૨૪ કેસોની નિકાલ થયેલ છે અને વર્ષ અંતે ૨૪૩ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-ર (પી) અન્વયે સમાધાન કરાવવાની કલમ-૩૩(ર) (બી) અન્વયે એપ્રુવલ એપ્લીકેશન કામગીરી તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ કલમ-૩૩ (ર) (બી) અન્વયે ખાતાકીય તપાસના અંતે બરતરફ કે દૂર કરવામાં આવતા કર્મચારીઓના સંબંધમાં ૪૫ એપ્લીકેશનો ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ સમક્ષ ફાઈલ કરવામાં આવી હતી. રક્ષીત કામદારો અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાંમ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-લેબર ઓફિસર મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૨૫૩ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય ૪૪૦ અરજી આવેલ. આમ કુલ ૬૯૩ અરજીઓ પૈકી ૫૧૮ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને બાકી ૧૬૯ અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

(ર) ઈન્કવાયરી સેલઃ-

ઈન્કવાયરી સેલમાં સાત ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૧૮૫ કેસોમાં ચાર્જશીટ, ૪૦૧ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૪૬ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે. ૨૧૩ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે. ૮ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૩ માસ માટે,૧૭ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૬ માસ માટે,૫૮ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ એક વર્ષ માટે, ૨ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે,૪૫ કેસોમાં એક ઇન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૩૫ કેસોમાં બે ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૩૦ કેસોમાં ત્રણ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૧૪ કેસોમાં ચાર ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે , ૧૬ કેસમાં પાંચ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૯ કેસોમાં ચાલુ ગ્રેડમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૧૮ કેસોમાં દંડની શિક્ષા ,૪૮ કેસોમાં રીમુવલ/ ડીસમીસલ ના હુકમો કરવામાં આવેલા છે. વધુમાં ૮ કેસોમાં પેન્શન કાપની શિક્ષાના હુકમો કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલિસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૦૮-૨૦૦૯ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

## પત્રક ૨.૧૯.૧

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો ધ્વારા કન્સીલીએશન ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | વર્ષની શરુઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાંતે બાકી રહેલ કેસો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૨૬૮ | ૦૯૩ | ૩૬૧ | ૦૮૦ | ૨૮૧ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૨૮૧ | ૩૯૩ | ૬૭૪ | ૩૫૮ | ૩૧૬ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૩૧૬ | ૦૭૩ | ૩૮૯ | ૦૫૯ | ૩૩૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૩૦ | ૦૯૯ | ૪૨૯ | ૦૮૬ | ૩૪૩ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૩૪૩ | ૦૭૯ | ૪૨૨ | ૦૭૩ | ૩૪૯ |

## પત્રક ૨.૧૯.૨

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો ધ્વારા કન્સીલીએશન ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | વર્ષની શરુઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાંતે બાકી રહેલ કેસો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૫૦૪ | ૦૨૪ | ૫૩૮ | ૦૪૩ | ૪૯૫ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૪૯૫ | ૦૧૮ | ૫૧૩ | ૦૨૦ | ૪૯૩ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૪૯૩ | ૦૦૪ | ૪૯૭ | ૧૦૯ | ૩૮૮ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૮૮ | ૦૧૯ | ૪૦૭ | ૦૫૦ | ૩૫૭ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૩૫૭ | ૧૦૩ | ૪૬૦ | ૦૨૪ | ૪૩૬ |

## પત્રક ૨.૧૯.૩

### ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો ધ્વારા કન્સીલીએશન ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | વર્ષની શરુઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાંતે બાકી રહેલ કેસો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૩૮૩ | ૦૫૮ | ૪૪૧ | ૦૬૬ | ૩૭૫ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૩૭૫ | ૦૪૨ | ૪૧૭ | ૦૬૮ | ૩૪૯ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૩૪૯ | ૦૬૭ | ૪૧૬ | ૧૧૪ | ૩૦૨ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૦૨ | ૦૩૧ | ૩૩૩ | ૧૬૯ | ૧૬૪ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૬૪ | ૧૦૪ | ૨૬૮ | ૦૩૩ | ૨૩૫ |

## પત્રક ૨.૧૯.૪

### ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતું પત્રક

| અ. નં. | વિગત | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| ૧ | કર્મચારીઓનેઆપેલશોકોઝ નોટીસની સંખ્યા | ૫૫૬ | ૪૨૧ | ૩૧૯ | ૪૮૯ | ૪૦૧ |
| ૨ | કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા | ૩૦૦ | ૨૧૩ | ૧૨૯ | ૨૨૦ | ૧૮૫ |
| ૩ | સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા | ૧૧૮ | ૦૪૫ | ૦૪૮ | ૦૫૩ | ૦૪૬ |
| ૪ | હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસોની સંખ્યા | ૧૫૯ | ૧૦૩૮ | ૩૩૨ | ૦૭૭ | - |
| ૫ | ૧ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા | ૦૧૩ | ૦૦૨ | ૦૩૧ | ૦૩૧ | - |
| ૬ | ૧/૨ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા | ૦૪૨ | ૫૩૮ | ૦૭૯ | ૦૨૪ | - |

## પત્રક ૨.૧૯.૫

### નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી-નિયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દર્શાવતું પત્રક

| વર્ષ | ગતવર્ષની બાકી અરજીઓ | વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | ના મંજુર કરેલ અરજીઓ | વર્ષાન્તે બાકી અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૦૦૪-૦૫ | ૨૩૮ | ૩૨૫ | ૫૬૩ | ૩૬૬ | ૪ | ૧૯૩ |
| ૨૦૦૫-૦૬ | ૧૯૩ | ૨૬૯ | ૪૬૨ | ૧૬૬<br>+૭૫ (સ્વૈ.<br>૨૪૧ નિવૃત્ત) | ૪ | ૨૧૭ |
| ૨૦૦૬-૦૭ | ૨૧૭ | ૪૨૧ | ૬૩૮ | ૪૯૭ | - | ૧૪૧ |
| ૨૦૦૭-૦૮ | ૧૪૧ | ૪૩૬ | ૫૭૭ | ૩૨૪ | - | ૨૫૩ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૩ | ૪૪૦ | ૬૯૩ | ૫૧૮ | ૬ | ૧૬૯ |

## ૨.૨૦ સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ

૦૮-૦૯

મ્યુનિ.કોર્પોરેશનનાં જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ, ટી.ડી.ઓ., લીગલ, બગીચા ખાતુ, સી.એન.સી.ડી., સ્લોટરહાઉસ, ઝૂ,બાલવાટિકા, બાલભવન, મ્યુ.સેકન્ડરી સ્કુલ,ગુમાસ્તાધારા,મધ્યઝોન વિગેરે ખાતાઓ દ્વારા કેન્દ્ સરકાર, રાજય સરકાર તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થા સાથે જે પત્રવ્યવહાર કરવામાં આવે છે. તેના પત્રો જુદી જુદી માહિતીઓ, પત્રકો, ટેન્ડર ફોર્મ, સરકયુલરો ટાઈપ કરવાની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત રાજય સરકારના અધિકારીઓ સાથે યોજાતી જુદી જુદી મીનીટસ અત્રે કોમ્પ્યુટર ઉપર ટાઈપ કરવામાં આવે છે.આ ઉપરાંત મ્યુનિ.કોર્પો.ના મધ્યઝોન ખાતા ધ્વારા બહાર પાડવામાં આવતા ટેન્ડર ફોર્મ,જરૂરી મંજુરીઓ પણ અત્રે ટાઈપ કરવામાં આવે છે.તદ ઉપરાંત જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગ્યા નથી તેવા તમામ ખાતાનું કોમ્પ્યુટરનું કામ તેમજ ટાઈપકામ અત્રે કરવામાં આવે છે.તદ ઉપરાંત અન્ય ખાતાના ટાઈપીસ્ટ રજા ઉપર જાય ત્યારે તે ખાતાનું કામ પણ અત્રે કરવામાં આવે છે.

સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ ખાતામાં આવેલ ઝેરોક્ષ મશીનો તેમજ કોપી પ્રીન્ટર મશીનો ધ્વારા કોર્પો.ના તમામ ખાતાઓની આવેલ ઝેરોક્ષને લગતી તેમજ પ્રીન્ટરને લગતી તમામ કામગીરી કરવામાં આવે છે.કોર્પોરેશનના તમામ ખાતાઓનું સાઈકલોસ્ટાઈલનું કામ અત્રેથી કરવામાં આવે છે.સરેરાશ દરરોજની ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલી કોપીઓ કાઢવામાં આવે છે.તદ ઉપરાંત સેન્ટ્રલ ઓફિસ તથા ચીફ.એકા.ખાતાના સરકયુલરો જી.ડી.એસ.ટી.ની કોપીઓ તેમજ અન્ય ખાતાઓની જરૂરી નોંધ તેમજ માહિતીની કોપી પ્રીન્ટર ઉપર નકલો કાઢવામાં આવે છે.કોપી પ્રીન્ટર મશીનો ધ્વારા બલ્કમાં કોપીઓ નીકળે છે.આ ઉપરાંત અત્રે આવેલ ફેકસ મશીન ધ્વારા રાજય સરકારમાં,કેન્દ્ર સરકારમાં,જુદી જુદી અર્ધસરકારી કચેરીઓમાં,સંસ્થાઓમાં પત્ર વ્યવહાર પણ કરવામાં આવે છે.

# ૨.૨૧ ચીફ ઓડિટ ખાતુ

## ૦૮-૦૯

મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના તથા ટ્રાન્સપોર્ટ ફંડના,શેઠ વા.સા,જન.હોસ્પિટલ,અને શેઠ મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક અને ખર્ચના હિસાબી રેકર્ડ તપાસવાનું તથા આ ખાતાઓની કામગીરી કાનુન મુજબ થાય છે કે કેમ?તે તપાસવાનું કામ આ ખાતુ કરે છે.તેમજ શેઠ મા.જે.પુસ્તકાલય તથા એ.એમ.ટી.એસ.વિભાગનાં એસ્ટાબ્લીશમેન્ટ સિવાયનાં તમામ બીલોનું પ્રિઓડીટ કરવામાં આવે છે.મ્યુ.કોર્પોની કામગીરી છ ઝોનમાં ઝોનવાઇઝ કરવામાં આવે છે.અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હસ્તકનાં જુદા જુદા સ્ટોર્સ,તમામ મ્યુ.હોસ્પીટલો અને દવાખાના ,બાલભવન,લાઇબ્રેરી,શેઠ.મા.જે.પુસ્તકાલય,શેઠ વા.સા.હોસ્પીટલ અને એ.એમ.ટી.એસ.વિભાગના તમામ સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન ખાતાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. સ્ટેન્ડીગ કમિટીના સીધા વહીવટ હેઠળ ચીફ ઓડિટ ખાતાના વડાની કામગીરી ચીફ ઓડિટરશ્રી સંભાળે છે,ચીફ ઓડિટખાતાની કામગીરી નીચે મુજબ પેટા વિભાગમાં વહેચાયેલી છે.

**મ્યુ.ચીફ ઓડિટરશ્રી-પત્રક-૨.૨૧.૧**

| ડે. મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૧ | મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૨ | | મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૩ |
|---|---|---|---|
| ૧.એ.એમ.ટી.એસ. | ૧. એસ્ટાબ્લીશમેન્ટ/RTI | | હાલમાં આ જગ્યા ખાલી |
| ૨.શેઠ વા.સા.હોસ્પી. | ૨. વાર્ષિક અહેવાલ | | |
| ૩. એમ.જે.લાયબ્રેરી | ૩. પૂર્વ ઝોન | | |
| આસી.મેનેજરની જગ્યા ખાલી હોવાથી તેઓશ્રી દ્વારા નીચેની કામગીરી સંભાળવામાં આવે છે. | આસી.મેનેજરની જગ્યા ખાલી હોવાથી તેઓશ્રી દ્વારા નીચેની કામગીરી સંભાળવામાં આવે છે. | | |
| ★આઉટડોર ઓડિટ(ટેમ્પ) | આસી.મેનેજરશ્રી.૧<br>આસી.મેનેજરશ્રી.૨ | | |
| ★ઇ.ગવર્નન્સ | ખાલી જગ્યા | ખાલી જગ્યા | |
| ★કોમ્પ્યુટર | શ્રી મિનેશ ઠક્કર(ફાળવણી) | શ્રી હિનાબેન ભાઠાવાલા(ફાળ વણી) | |
| | ★મધ્યઝોન | ★ઈજનેર પ્રોજેકટ | |
| | ★૬.ઝોન | | |
| | ★૫.ઝોન | | |

★તાઃ૨૦/૦૧/૦૭ થી આસી.મેનેજર તરીકે શ્રી મિનેશ જે. ઠક્કરે ચીફ ઓડિટ ખાતે ફાળવણીથી કામગીરી કરેલ છે.

★તાઃ૦૭/૦૧/૨૦૦૮ થી આસી.મેનેજર તરીકે શ્રી હિનાબેન ભાઠાવાલા ચીફ ઓડિટ ખાતે ફાળવણીથી કામગીરી કરેલ છે.

**સને ૯૦-૯૧ થી ૨૦૦૮-૦૯ ના વર્ષ સુધી બાકી વાંધાની વિગત દર્શાવતું પત્રક-૨.૨૧.૨**

| અ.નં | વિગત | શરૂના બાકી વાંધા | નવા નિકળેલ વાંધા | દફતરે થયેલ વાંધા | બાકી વાધા |
|---|---|---|---|---|---|
| ૧ | આઉટડોર પોસ્ટ ઓડિટ | ૮૦૩૮ | ૧૫૭ | ૨૬૮ | ૭૯૨૭ |
| ૨ | એકાઉન્ટ ગ્રુપ | ૩૫૯૪ | ૬૪૪ | ૮૬૯ | ૩૩૬૯ |
| ૩ | ઈજનેર ગ્રુપ | ૧૪૨૩ | ૩૦૪ | ૧૩૪ | ૧૫૯૩ |
| ૪ | ઓક્ટ્રોય ગ્રુપ | ૯૫ | ૦ | ૯૫ | ૦ |
| ૫ | દક્ષિણ ઝોન | ૨૫૬૦ | ૨૪૫ | ૬૭૯ | ૨૧૨૬ |
| ૬ | મધ્ય ઝોન | ૧૯૩૮ | ૨૮૪ | ૩૪૨ | ૧૮૮૦ |
| ૭ | પૂર્વ ઝોન | ૧૬૦૨ | ૨૨૮ | ૧૬૩ | ૧૬૬૭ |
| ૮ | ઉત્તરઝોન | ૧૭૦૦ | ૩૭૨ | ૯૭૩ | ૧૦૯૯ |
| ૯ | પશ્ચિમ ઝોન | ૧૫૨૯ | ૧૬૬ | ૨૦૯ | ૧૪૮૬ |
| ૧૦ | નવા.પશ્ચિમ ઝોન | ૦ | ૪૩૨ | ૫૧ | ૩૮૧ |
| ૧૧ | ઈજનેર પ્રોજેક્ટ | ૦ | ૧૯૨ | ૩૫ | ૧૫૭ |
| ૧૨ | સ્પે.ઓડિટ | ૧૬ | ૧૩૮ | ૧૨ | ૧૪૨ |
| ૧૩ | પ્રિઓડિટ | ૮૮૦ | ૦ | ૦ | ૮૮૦ |
| ૧૪ | પ્રિઓડિટ પ્રો.પાસ | ૮૫૮ | ૦ | ૦ | ૮૫૮ |
| ૧૫ | મ્યુ.કમિ.શ્રી તથા ડે.મ્યુ.કમિ. શ્રીને સમક્ષ રજુ કરેલ મહત્વની બાબતોના પત્રો | ૨૧૭૯ | ૧૪૭ | ૧૪ | ૨૩૧૨ |
| ૧૬ | ટેક્ષ | ૮૦ | ૦ | ૦ | ૮૦ |
| | **મ્યુ.કોર્પો.ના વાંધાઓ** | **૨૬૪૯૨** | **૩૩૦૯** | **૩૮૪૪** | **૨૫૯૫૭** |
| ૧૭ | એ.એમ.ટી.એસ | ૧૮૦૭ | ૯૮૨ | ૧૦૪૭ | ૧૭૪૨ |
| ૧૮ | વા.સા.હોસ્પિટલ | ૫૮૦૦ | ૨૩૬ | ૧૮૦ | ૫૮૫૬ |
| ૧૯ | મા.જે.પુસ્તકાલય | ૧૯૧૦ | ૪૫ | ૭૧ | ૧૮૮૪ |
| | **કુલ ટોટલ વાંધાઓ** | **૩૬૦૦૯** | **૪૫૭૨** | **૫૧૪૨** | **૩૫૪૩૯** |

ચીફ ઓડિટ ખાતા દ્વારા લીધેલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓના વાંધાઓનો ઝડપી નિકાલ થાય તે દ્રષ્ટિએ જુદા જુદા સરકયુલરો કરી જુદા જુદા ખાતાઓની રૂબરૂ મુલાકાત લઇ વાંધાના નિકાલ અંગે જરૂરી માર્ગદર્શન આપવા માટે સ્ટાફને જે તે ખાતે મોકલવામાં આવેલ.વાંધાના ફોલોઅપની કામગીરીને કારણે વાંધાવાળા જે બીલો જુદા જુદા ખાતાઓમાં પડી

રહેલા વાંધાઓનો નિકાલ કરવામાં આવતાં ઘણી રીકવરી થયેલ છે. સને ૦૮-૦૯ ના વષને અંતે બાકી રહેતા વાંધાની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

**પત્રક-૨.૨૧.૩**

**સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન વાંધા નિકાલ અને ફોલોઅપને કારણે નીચે મુજબની રીકવરી થયેલ છે.**

| અ.નં. | ગ્રુપ/ઝોનનું નામ | રીકવરીની રકમ |
|---|---|---|
| ૧ | આઉટડોર પોસ્ટ ઓડીટ | ૧૮,૩૯૪.૦૦ |
| ૨ | એકાઉન્ટ | ૧૬,૯૨,૦૭૮.૦૦ |
| ૩ | ઈજનેર | ૧૪,૧૩૨.૦૦ |
| ૪ | ઓકટ્રોય | ---------- |
| ૫ | દક્ષિણઝોન | ૩૦,૭૪,૬૫૪.૦૦ |
| ૬ | મધ્યઝોન | ૩,૦૪,૨૧૧.૦૦ |
| ૭ | પૂર્વઝોન | ૧,૨૨,૩૫૨.૦૦ |
| ૮ | ઉત્તરઝોન | ૨,૩૨,૭૩૫.૦૦ |
| ૯ | પશ્ચિમઝોન | ૪,૧૪,૦૬૧.૦૦ |
| ૧૦ | નવા.પશ્ચિમઝોન | ૧,૩૪,૫૬૪.૦૦ |
| ૧૧ | ઈજનેર પ્રોજેકટ | ૨૪,૧૩૯.૦૦ |
| ૧૨ | સ્પે.ઓડિટ | ---------- |
| ૧૩ | એ.એમ.ટી.એસ. | ૩,૬૪,૧૩૧.૦૬ |
| ૧૪ | વા.સા.હોસ્પીટલ | ૯,૫૭૭.૦૦ |
| ૧૫ | મા.જે.પુસ્તકાલય | ૨૨,૧૦૯.૦૦ |
| | કુલ | ૬૪,૨૭,૧૩૯.૦૬ |

ચીફ ઓડીટ ખાતા દ્વારા જુદા જુદા ખાતા દ્વારા પાડેલ ખર્ચ તથા આવેલ આવક અંગેના વાઉચરોનું ટ્રેસીગ સ્ક્રુટીની કરી તે અંગેની વિગતો એકત્ર કરી તથા વાર્ષિક અહેવાલ તૈયાર કરી સ્ટે.કમીટીમાં તથા ટ્રા.કમીટીમાં તથા એમ.જે.લાયબ્રેરી વ્યવસ્થાપક મંડળમાં તથા વી.એસ.હોસ્પીટલ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે છે.

ચીફ ઓડીટખાતાની કામગીરીના કારણે મ્યુ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાંથી સ્વચ્છ અને સરળ કામગીરી મેળવી શકાય છે.

## ૨.૨૨ હેરીટેજ વિભાગ

### ૦૮-૦૯

અમદાવાદ શહેર આશરે ૬૦૦ વર્ષ પુરાણું ઐતિહાસિક શહેર છે.અમદાવાદ શહેરમાં ભારતીય શૈલીના કેટલાક જગ વિખ્યાત ઈસ્લામિક સ્થાપત્યો ઉપરાંત બેનમુન હિંદુ અને જૈન મંદિરો આવેલા છે.તેના સ્થાપત્ય વારસામાં લાકડાની કોતરણી યુકત ઈમારતો મહત્વનું સ્થાન ધરાવે છે. આ શહેરમાં પ્રાચીન નગર આયોજનમાં સંખ્યાબધ પોળોની બાંધણી અને જીવન શૈલીની આગવી વિશિષ્ટતા છે.

અમદાવાદ શહેરના ગૌરવવંતા વારસાની શહેરના નાગરીકોને તેમજ દેશ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ મહામૂલા વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા અંગે નાગરીકોમાં જાણકારી વધે તેમજ પરસ્પર સહકારથી તેનો ઉતરોત્તર વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ.કોર્પો.ધ્વારા હેરીટેજ ખાતુ કામગીરી કરે છે.

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના હેરીટેજ ખાતા ધ્વારા તબકકાવાર હેરીટેજને લગતા સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.જેની વિગતો નીચે મુજબ છે.

(૧) **હેરીટેજ વોકીંગ ટુર :-** અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના સહયોગથી શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણીવાળા મકાનો, ઐતિહાસીક સ્થાપત્યો, મંદિરોનો પગપાળા ચાલીને ગાઈડ દ્વારા પરિચય કરાવવા અંગે હેરીટેજ વોકીંગ ટુરનું આયોજન કરવામાં આવેલ છે.આ વોકીંગ ટુર શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮ વાગે પ્રથમ સ્લાઈડ શો બતાવ્યા બાદ શરૂ કરવામાં આવે છે. અને નકકી કરેલા રૂટ ઉપરના રસ્તાથી પસાર થઈ જુમ્મા મસ્જિદ ખાતે આ ટુર સમાપ્ત થાય છે.

(૨) **કવિ શ્રી દલપતરામ જયંતી ઉજવણી :-** ગુજરાતી ભાષાના મહાન કવિ અને સમાજસુધારક કે જેઆની પ્રતિમા લાંબેશ્વરની પોળ(હેરીટેજ વોક રૂટ) કે જયાં તેઓ રહેતા હતા. તે મકાનમાં કવિ દલપતરામ સ્મારક બનાવી મુકવામાં આવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માન.મેયરશ્રી,મ્યુનિ.પદાધિકારીઓ અને જાહેર જનતા ધ્વારા કવિશ્રીની જન્મ જયંતિની પુષ્પાંજલીના કાર્યક્રમ ધ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

(૩) **ચબૂતરાઃ-** ચબુતરા એ પોળની એક લાક્ષણિકતા છે.અમદાવાદ કોટ વિસ્તારની ઘણી પોળોમાં લાકડાની કોતરણીયુકત તેમજ પથ્થરના નકશીકામયુકત ચબુતરા આવેલ છે.આવા ચબુતરા કે જે અમદાવાદની આગવી ઓળખ છે.તેને પણ રીપેરીગ /રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે.તે અંગે મ્યુ.કોર્પોરેટર તેમના બજેટમાંથી સહયોગ કરે છે.જે અંતર્ગત નીચે મુજબના ચબુતરા રીપેરીગ કરેલ છે.

કારંજના ચબુતરાનું રીપેરીગ કામ કરવામાં આવેલ છે.

(૪) **રીસ્ટોરેશન ઓફ ટ્રેડીશનલ હાઉસીંગઃ-**અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલ હેરીટેઝ મુલ્ય ધરાવતા મકાનોને હેરીટેજ વિભાગ, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા વિના મૂલ્યે ટેકનીકલ માર્ગદર્શન આપવામાં આવે છે.જેના ભાગરૂપે વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન આવા હેરીટેજ મુલ્ય ધરાવતા ઘણાં મકાનોનું સમારકામ ચાલુ છે.

(૫) **રીસ્ટોરેશન ઓફ ફોર્ટ વોલઃ-**અમદાવાદ શહેરના ફરતે આવેલ કોટનું પણ રીપેરીગ/રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે.જેમ કામા હોટલની સામે તથા રોયલ એપાર્ટમેન્ટ પાછળ આવેલ કોટનું રીપેરીગ/રીસ્ટોરેશનનું કામ કરવામાં આવેલ છે.

(૬) **ડેવલોપમેન્ટ ઓફ અખાભગત ચોકઃ-**અમદાવાદ શહેરના ખાડીયા વોર્ડમાં આવેલ દેસાઈની પોળમાં લોકભાગીદારીથી અખાભગત ચોકનું ડેવલોપમેન્ટનું કામ કરવામાં આવેલ છે.

# ૩.૧ એસ્ટેટ એન્ડ ટાઉન પ્લાનીંગ વિભાગ

## ૦૮-૦૯

ગુજરાતના અગ્રસ્થાન ધરાવતા અમદાવાદ શહેરના ઔધોગિકરણ તથા શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને કારણે તથા વાણિજય ક્ષેત્રે પણ મોખરાનું સ્થાન ધરાવતા શહેર ઉપરનું ભારણ સતત વધતુ જ રહે છે. શહેરની આજુબાજુના વિસ્તારોમાંથી અનેક નાગરિકો ધંધા રોજગારની શોધમાં શહેરમાં આવતા જ રહે છે. જેના પ્રમાણમાં શહેરમાં નવા બાંધકામનું પ્રમાણ ઓછુ હોવાને કારણે રહેવાલાયક મકાનોની અછત સ્વાભાવિક રીતે વર્તાય છે. શહેરના સુવ્યવસ્થિત આયોજનાર્થે તથા તેના અમલની મહત્વની કામગીરી અ.મ્યુ.કો.ના એસ્ટેટ અને નગરવિકાસ ખાતા દ્વારા બજાવવામાં આવે છે.

એસ્ટેટ વિભાગની કામગીરીનું સંકલન તથા નીતિ-વિષયક નિર્ણયો ડે. મ્યુનિ.કમિ.(એસ્ટેટ)શ્રી ના માર્ગદર્શન હેઠળના એસ્ટેટ ઓફિસર તથા ટાઉન ડેવલપમેન્ટ વિભાગની કામગીરી નગરવિકાસ અધિકારી ડે. મ્યુનિ. કમિ. (યુ.ડી.) શ્રીના અંકુશ હેઠળ સંભાળે છે.

**<u>૩.૧ એસ્ટેટ વિભાગ :-</u>**

એસ્ટેટ ખાતુ બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ અન્વયે મળેલ સત્તાનુસાર વિવિધ કામગીરી સંભાળે છે. મ્યુ.કોમ્યુનીટી હોલ ભાડેથી આપવા, પગથિયા ફી વસુલ કરવી, મ્યુ.જમીન લાયસન્સ ફી થી આપવી, કાંકરીયા નૌકાવિહારનું આયોજન કરવું. મ્યુ.હદ અંગેની કામગીરી સંભાળવી, રોડ લાઇનો મુકવી, રસ્તાઓના નામ આપવા, હુડકો યોજના હેઠળ મકાનો ફાળવવા, ફેરીયાઓને લાયસન્સ આપવા, લારી સ્ટેન્ડ નકકી કરવા તથા પરવાના આપવા, ભયજનક મકાનો ઉતારવા તથા તેના સમારકામ માટે કોર્પો.એકટ કલમ ૨૬૪ મુજબ નોટિસો આપવી.જશોદાનગર સંકલિતનગર તથા અન્ય રબારી વસાહતોમાં ભાડા ઉઘરાવવાની કામગીરી નગર વિકાસની યોજનાઓ મંજૂર થાય તેના કબ્જા ફેરફારની નોટિસો આપવી, જમીનોની ફેરબદલી કરવી, નગરવિકાસ યોજના અન્વયે મ્યુ.કોર્પો.ની જમીનો સંપાદન કરવી, રસ્તાઓ પહોળા કરવા, સ્લમ કલી.કવાટર્સ, સ્ટાફ કવાટર્સ, મ્યુ. કોર્પોની માલિકીનાં રહેઠાણો, મકાનો, ગોડાઉનો, દુકાનો, માર્કેટ ભાડેથી આપવા તથા ભાડા ઉઘરાવવા, બેટરમેન્ટ ચાર્જના નાણાં વસુલ કરવા, બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે જાહેર રાજમાર્ગ ઉપરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા, મ્યુ.માર્કેટ, હાઉસીગ, હેલ્થ સેન્ટર, શોપીગ સેન્ટર વિગેરે. હેતુ માટેના પ્લોટો -૯૯ વર્ષના ભાડાપટ્ટેથી આપવાની કામગીરી આ ખાતુ સંભાળે છે. ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી જુદી જુદી મિલ્કતોની માહિતી પત્રક ૩.૧.૧ માં દર્શાવી છે.

એસ્ટેટ ખાતાના જુદા જુદા વિભાગોની કામગીરી નીચેજણાવ્યા મુજબની છે.

**<u>રેન્ટ વિભાગ :-</u>**

મ્યુ.કોર્પો.એ બાંધેલ મિલ્કત જેવી કે મ્યુ.માર્કેટ, મીની-સ્ટોલ, છુટા છવાયા ગોડાઉનો, સ્લમ-કવાટર્સ, સ્ટાફ-કવાટર્સ, મીટ- ફીશ માર્કેટ વિ. નું ભાડુ નિયમીત રીતે આ વિભાગ દ્વારા ઉઘરાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવી મિલ્કતોનું ભાડું ઉઘરાવવાથી લાખની ભાડાની તથા પ્રીમીયમની આવક વસુલ આવેલ છે. હાલમાં નવી બાંધેલ દુકાનો ભાડે આપવાના બદલે પ્રિમીયમ લઇ ૯૯ વર્ષના ભાડેપટેથી તથા મીનીસ્ટોલો ૩૦ વર્ષના ભાડાપટાથી આપવાની પ્રથા ચાલુ કરવામાં આવી છે.મ્યુ.કોર્પો.ના જુદા જુદા ૨૯ પ્લોટોમાં કેન્દ્ર સરકારની એન્વાયરમેન્ટલ ઇમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ લોન મેળવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.તેમાંથી અમુક પ્લોટોમાંના છાપરાવાસીઓને લાયસન્સ બનાવી તેમની પાસેથી લાયસન્સ ફી વસુલ કરવામાં આવે છે.દાણીલીમડામાં સાઇટ એન્ડ સર્વિસની યોજના હેઠળના મકાનોને ઉપરદળનું કામ સ્ટેટબેન્ક ઓફ ઇન્ડીયાની લોન અપાવી ૩૧૫ મકાનો બંધાવ્યા છે.મ્યુ.મિલકતની ભાડાની ઉપજ અને અન્ય ઉપજ પત્રક ૩.૧.૨માં દર્શાવેલ છે.

**હુડકો વિભાગ :-**

હુડકોની સહાયથી જુદી જુદી સ્કીમ હેઠળ ઓછી આવક જૂથ રહેઠાણ યોજના આવક જૂથ રહેઠાણ યોજના નં.૧. માં બાપુનગર સ્ટેડિયમ પાસે ૭૨૦ મકાનો, વાડજમાં ૧૫૦ મકાનો, એન.આઇ.જી.સ્કીમ હેઠળ ૧૯૨ મકાનો, ડબલ્યુ.એસ.સ્કીમ હેઠળ ૨૦૪ મકાનો ઓછી આવક જૂથ રહેઠાણ યોજના નં.૩ હેઠળ ૩૯૬ એલોટમેન્ટ કરવામાં આવેલ મકાનોના લોનના હપ્તા વસૂલ કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**લેન્ડ એકવીઝીશન બ્રાન્ચ:**

લેન્ડ એકવીઝીશન એકટ હેઠળ જમીન સંપાદનની તેમજ લેન્ડ સીલીંગ એકટ હેઠળ ફાજલ જાહેર થયેલ જમીનો મેળવવાની કામગીરી આ બ્રાંચ કરે છે. જમીન સંપાદન કરવાની કાર્યવાહીમાં કોર્ટના દાવા થાય તો મ્યુ. એડવોકેટ શ્રી તથા સરકારી વકીલશ્રીને મળી કેસ ચલાવવા તથા તાકીદે નિકાલ કરવા અંગે જરૂરી કામગીરી પણ અત્રેથી થાય છે. અહેવાલી વર્ષમાં બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક ૩.૧.૩ માં દર્શાવેલ છે.

**મીન્સ પ્રોફિટ વિભાગ:**

મ્યુ. રીઝર્વ પ્લોટો (ઝૂંપડા સાથે) નો કબજો, સ્લીપવાળા છાપરાવાસીઓ પાસેથી મ્યુ. કોર્પો.ને નકકી કરેલ ધારાધોરણ મુજબ દર માસે કબ્જેદાર પાસે જઈને મીન્સ પ્રોફીટ વસૂલ કરવામાં આવે છે.

**એસ્ટેટ વેલ્યુએશન વિભાગ :-**

મ્યુ. કર્મચારીઓના બિલ્ડીગ લોનની ફાઇલમાં કર્મચારીઓએ જે તે વિસ્તારમાં ખરીદેલ મકાનના સંદર્ભમાં તેની જમીન કિંમત અને અભિપ્રાય આપવાની કામગીરી આ વિભાગમાં થાય છે. મ્યુ. કોર્પો.ના અન્ય ખાતા તથા ઝોનમાંથી થતી જમીન કે મિલ્કત વેચાણ કે ભાડે આપવા તથા વળતર ચૂકવવા જમીન કિંમત અહી નકકી કરવામાં આવે છે.

**એલ.એન.ડી. વિભાગ :-**

ભયજનક મકાન ઉતારવા જે તે સંબધિતને નોટીસ આપવામાં આવે છે. મકાનોના જોખમી ભયજનક ભાગ આ વિભાગ દ્વારા ઉતારી લેવામાં આવે છે. મકાન મરામત અંગે નોટીસો આપવામાં આવે છે. આ કામગીરીનું ઝોનવાઇઝ પત્રક ૩.૧.૪ માં દર્શાવેલ છે.

**જાહેરખબર વિભાગ:-**

જાહેરાતના બોર્ડની નિયત થયેલ લાયસન્સ ફી વસુલ થઇ પરવાનગી આપવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.આ વિભાગની છેલ્લા બે વર્ષની આવક નીચે મુજબ છે.

| અ.ન. | બજેટ હેડ | ૨૦૦૭-૦૮ રૂ.લાખમાં | ૨૦૦૮-૦૯ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | મ્યુ.મિલ્કત ઉપરની જા x ખ ની આવક | ૪૯૯.૪૨ | ૬૯.૬૯ |
| ૨ | ખાનગી મિલ્કત ઉપરની જા x ખ ની આવક | ૩૮૮.૫૪ | ૯૨.૭૫ |
| ૩ | અનામત ખાતે જમા થયેલ આવક, એડજેસ્ટમેન્ટ | ૧૦.૬૬ | ૩૧૧.૨૬ |
| ૪ | જા x ખ વિભાગની પરચુરણ આવક | ૦.૫૩ | ૧.૧૭ |
| | **કુલ** | **૮૯૯.૧૫** | **૪૭૪.૮૮** |

**લાયસન્સ પરમીટ વિભાગ:**

શહેરની નિયત કરેલ સ્ટ્રીટ લેન્ડવાળી જગામાં પબ્લીક પાર્કિંગ, ટેલિફોન, એસ.ટી.સ્ટેન્ડના રોડ માટેની કામગીરી અત્રેથી કરી તે અંગેની ફી વસૂલ લેવામાં આવે છે. મ્યુ. સ્ટ્રીટ લેન્ડ ઉપર જૂના તથા નવા લારી સ્ટેન્ડોની લાયસન્સ ફી લેવામાં આવે છે.

**એસ્ટેટ દબાણ વિભાગ:**

બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે આવા દબાણો દૂર કરી લોકોની અવરજવર માટે જગા ખુલ્લી કરવામાં આવે છે.આવા દૂર કરેલા દબાણો ગોડાઉનમાં જમા કરાય છે.અહેવાલી વર્ષમાં ૩૮૦૦૨ કુલ દબાણો દૂર કરેલ છે.જ્યારે દબાણ ગોડાઉનની આવક રૂા.૯.૭૬ લાખ રહેવા પામેલ છે. ઝોનવાઇઝ દબાણને માહિતી પત્રક ૩.૧.૬માં દર્શાવેલ છે. કોર્ટ લીટીગેશનમાં થયેલ હુકમો અને અપાયેલ માર્ગદર્શક સિધ્ધાંતોને લઇ શહેરમાંથી દબાણો દૂર કરવાની યોજના સુપ્રિમ કોર્ટે માન્ય રાખતા સીટી સીવીલ કોર્ટે તમામ દાવા તથા હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે તમામ રીટ પીટીશનો કાઢી નાંખેલ તેથી દબાણ દૂર કરવામાં સરળતા રહે છે. એસ્ટેટ દબાણ વિભાગ દ્વારા અ.મ્યુ.કો.ની હદના વિસ્તારમાં (૧)ટાટા ટેલિ.સર્વિસ લિમીટેડ(૨)ભારતી ટેલિ.લિમીટેડ(૩) બી.જી.બ્રોડ બેન્ડ નેટવર્ક ઇન્ડીયા(૪)બિરલા એ.ટી.એન્ડ ટી લિમીટેડ(૫)ફેસલ લિમીટેડ(સેલફોર્સ)ને જમીન ખોદાણ કરી ઓપ્ટીકલ ફાઇબર નાખવા તથા ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા લિમીટેડ, તથા અદાણી એક્ષપોર્ટ લિમીટેડ દ્વારા જમીનમાં ખોદાણ કરી ગેસ પાઇપ લાઇન નાખવાની કામગીરી મંજુરી આપવામાં આવે છે.અ.મ્યુ.કો.ના રીઝર્વ પ્લોટોમાં દરેક ઝોનમાં શાકભાજી બજાર,મીનીસ્ટોલ,રાત્રિ ખાણીપીણી બજાર એન્ડ પાર્ક,ચીલ્ડ્રન પાર્ક વિ.ના આયોજનનું કામકાજ દબાણ વિભાગ કરે છે.

**એસ્ટેટ ડ્રોઈંગ વિભાગ:**

મ્યુ. કોર્પો. એકટ ની કલમ ૨૧૦(૧)એ અને ૨૧૦(૧)બી તથા ૨૯૫ મુજબ તપાસ કરી રોડ લાઇનમાં ફેરફાર કરવાની કામગીરી તથા જમીન સંપાદન,રેવન્યુ ફી, અદલાબદલી વેચાણ ભાડાપટ્ટે સ્કીમ એકવીઝીશન હેઠળ સંપાદન કરેલ જમીનના સ્કેચ રાખવા તેની દાખલા બુકે નોંધ રાખવી, જમીન સેટ-બેકના કેસો લેન્ડ એકવીઝીશન હેઠળ સંપાદન કરવાની જમીનના સ્કેચ બનાવી તેની કોપીઓ પૂરી પાડવા , રોડ લાઇનના સીટી સર્વે મુજબના મૂળ સિરિઝ ૧૦ના સ્કેચ રીવાઇઝ રેકર્ડને ચેક કરી છેલ્લી રોડ લાઇન સ્થિતિ તૈયાર કરવી તથા નવી તૈયાર કરેલ સ્કીમની કોપી મુજબ ફેરો કોપી તૈયાર કરવી વિગેરે કામગીરી હેડ ડ્રાફટમેન મારફતે કરાવવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગની કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૭ આ સાથે સામેલ છે.

**કોમ્પીટન્ટ ઓફિસરની કચેરી:**

ગુજરાત પબ્લિક પ્રીમાઈસીસ એકટ ૧૯૭૨ અન્વયે ટેનન્ટ ઇન-એરીયર્સ પેટા ભાડુત કરારની શરતોના ભંગ, મકાન અને જમીનોમાં ખાલી પ્રત્યક્ષ કબ્જા તથા ટ્રેસપાસર અંગે કેસ દાખલ કરવામાં આવે છે.આ પહેલા કોર્પો.નાં એડવોકેટશ્રી તરફથી ટેનેન્સી ટર્મિનેટની નોટિસ આપવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટ કલમ-૪થી શોકોઝ નોટીસ આપવામાં આવે છે.સામાવાળાને જાતે અથવા વકીલ રોકી ખુલાસો કરવાની તક આપવામાં આવે છે.ત્યારબાદ જજમેન્ટના આધારે એકટ કલમ-૫ મુજબ ઇવીકશન ઓર્ડર બજાવીને મ્યુ. પ્રોપર્ટીનો ખાલી પ્રત્યક્ષ કબ્જો કોર્પો.ને આપવામાં આવે છે.મે. કોમ્પીટન્ટ ઓફિસરશ્રીના જજમેન્ટ વિરૂધ્ધ પાર્ટી બી.પી.એમ.સી.એકટની કલમ-૯ મુજબ અપીલ માટે સીટી સિવિલ કોર્ટમાં જઇ શકે છે.અહેવાલી વર્ષમાં બોર્ડ પર કુલ ૭૨ કેસો છે. જેમાંથી ઇવીકશન કેસો Nil છે. જેમાંથી સ્થળ પર એક મિલ્કતનો કબ્જો લીધો છે. આ વિભાગ દ્વારા અહેવાલી વર્ષમાં થયેલ કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૮ આ સાથે સામેલ છે.

**<u>એસ્ટેટ પબ્લીક હોલ મેનેજમેન્ટઃ</u>**

એસ્ટેટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શેઠ મંગળદાસ ટાઉનહોલ,ટાગોર મેમોરીયલ હોલ,ર્ડા.બાબાસાહેબ આંબેડકર હોલ,મ્યુ. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસ,પાર્ટી પ્લોટ, ઓપન-એર થીએટર, સરદાર પટેલ સ્ટેડિયમ,કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ,કાંકરીયા નૌકાવિહાર વિ.નું સંચાલન તથા બુકિંગનું કામ સંભાળવામાં આવે છે.પ્રોગ્રામ પુરો થયા બાદ તેના રીફંડ બીલો બનાવવામાં આવે છે.તથા ભાડુ ઈલેક્ટ્રીક ચાર્જ,નુકસાનીની રકમ પર ૮% સર્વિસચાર્જ લેવામાં આવે છે.મનોરંજન માટેના મુખ્ય ત્રણ હોલની છેલ્લા બે વર્ષની માહિતી ૩ઃ૧ઃ૧માં દર્શાવેલ છે.અહેવાલી વર્ષમાં મ્યુ.હોલની ડીપોઝીટ તથા ફીની માહિતી પત્રક ૩.૧.૯ માં દર્શાવેલ છે. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસની છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલ વપરાશની વિગત પત્રક ૩.૧.૧૧માં દર્શાવેલ છે.પબ્લીક હોલની છેલ્લા બે વર્ષની ભાડાની આવક પત્રક ૩.૧.૧૨ માં દર્શાવેલ છે.

**<u>ટી.પી.એસ.ના અ.મ્યુ.કો.હસ્તકના જાહેર હેતુ માટે રિઝર્વ પ્લોટની વિગતઃ</u>**

ઝોનમાં આવતા ટી.પી.એસના જાહેર હેતુ માટેના પ્લોટો જાળવણી તથા તેના પર કોઇ દબાણ ન થાય તે માટે ઝોન કચેરીના પગી(વોચમેન) દ્વારા તે સાચવવામાં આવે છે.આ પ્લોટો ફરતે તાર ની વાડ કે દિવાલ કરવામાં આવે છે.એક્વીઝીશન વિભાગમાં ખુલ્લા પ્લોટોની યાદી મેળવી,જુદા જુદા હેતુઓ માટેના ખુલ્લા પ્લોટો અંગે ખાતા તરફથી માહિતી મંગાવીને પ્રો.સર્વેયર વિભાગમાંથી એસ્ટેટ ઓફીસર સમક્ષ મુકી અભિપ્રાય મોકલવામાં આવે છે.

**<u>સુએઝ ફાર્મ :</u>**

અ.મ્યુ.કો એ સમગ્ર શહેરના ગંદા પાણીના નિકાલ,અન્ડર ગ્રાઉન્ડ સીસ્ટમ,ડ્રેનેજ દ્વારા એકત્ર થતાગંદા પાણીના નિકાલ માટે વર્ષો અગાઉ સંપાદન કરેલ જમીન સાબરમતી નદીના પૂર્વ તરફના ભાગે પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ તથા પશ્ચિમ તરફના ભાગે વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે.પીરાણા સુએઝ ફાર્મની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર જ્યારે વાસણા સુએઝ ફાર્મની જમીન ૪૬૦ એકર છે.સ્ટે.ક.ઠ.નં.૨૭૦૪ તાઃ-૩૦/૦૩/૮૯ મુજબ ૧/૩ જમીન લીઝ ડીડથી દસ્તાવેજ કરી આપવાની કાર્યવાહી ચાલે છે.સને ૨૦૦૮-૨૦૦૯ સુધીના કુલ ૧૮૩(ખાતાવહી પ્રમાણે ૧૬૦)દસ્તાવેજ થયેલા છે.

## પત્રક-૩.૧.૧

## એસ્ટેટ ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી મિલ્કતોની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.ન. | મિલ્કતનું નામ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સ્ટાફ કવાટર્સ | ૨૦૯૪ |
| ૨ | લેબર સ્ટાફ કવાટર્સ | ૩૬૯ |
| ૩ | સ્લમ કવાટર્સ | ૫૯૩૦ |
| ૪ | દુકાનો | ૨૮૩૭ |
| ૫ | મીની સ્ટોલ | ૧૫૯૬ |
| ૬ | મોટા સ્ટોલ | - |
| ૭ | મીટ એન્ડ ફીશ સ્ટોલ | ૩૦ |
| ૮ | રેસ્ટોરેન્ટ | - |
| ૯ | ગોડાઉન | ૫૭ |
| ૧૦ | ફેકટરી શેડ | ૯૬ |
| ૧૧ | ઓફિસો | ૨ |
| ૧૨ | દાણીલીમડાસાઈટ | - |
| ૧૩ | લાટી બજાર લીઝ પ્લોટ | ૬૭ |
| ૧૪ | જમીન સાઈટ | ૬ |
| ૧૫ | લીઝ પ્લોટ | ૪૫ |
| ૧૬ | છુટક લીઝ એન્ટ્રી | - |
| ૧૭ | મ્યુ. શાળાઓ | ૬૪ |
| ૧૮ | શાળાના રૂમ | ૧ |
| ૧૯ | બેંન્ક મકાન | ૩ |
| ૨૦ | પોસ્ટ ઓફિસ | ૨ |
| ૨૧ | પોલીસ ચોકી | ૭ |
| ૨૨ | સંકલીત નગર | ૨૨૪૮ |
| ૨૩ | એન્વાયરમેન્ટ સ્કીમ છાપરા | - |
| ૨૪ | એકવીઝીશન ચાલી છાપરા | ૫૮૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચની દુકાનો. | ૭૦ |
| ૨૬ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના મીની સ્ટોલ | ૮ |
| ૨૭ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના ગોડાઉન | ૪ |
| ૨૮ | ઇ.ડબલ્યુ.એસ. દુકાનો | ૨૫૧૦ |
| ૨૯ | મીન્સ પ્રોફીટ છાપરાં | ૧૦૮૮ |
| ૩૦ | કાંકરીયા લેઇક ફ્રન્ટ મીનીસ્ટોલ | ૪૪ |
| ૩૧ | ઇ.ડબલ્યુ.એસ.મકાનો | ૧૭૩૦ |
| ૩૨ | ઝુંપડા | ૧૪૧૬ |
| ૩૩ | મકાન | ૬૪૭ |
| ૩૪ | કેન્ટીન | ૧ |
| ૩૫ | પેટ્રોલપંપ | ૨ |
| ૩૬ | એ.ઇ.સી.સબસ્ટેશન | - |
| | **કુલ** | **૧૬૬૮૯** |

## પત્રક -૩.૧.૨

### મ્યુ. મિલ્કત ભાડાની અન્ય ઉપજની વિગત દર્શાવતું પત્રક.( રૂા.લાખમાં)

| અ.ન. | મિલ્કતનું નામ | ૦૭-૦૮ | ૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ |
| ૧ | મકાન-દુકાન | ૨.૮૨ | - |
| ૨ | સ્લમ સ્કીમ | ૦.૦૨ | - |
| ૩ | ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | | - |
| ૪ | લાયસન્સ ફી | ૯૧.૦૮ | ૮.૦૬ |
| ૫ | લેબર કવાટર્સ | ૦.૧૭ | - |
| ૬ | નિર્વાસિત | ૭.૮૧ | ૩.૦૪ |
| ૭ | રબારી વસાહત | ૦.૦૧ | - |
| ૮ | દાણાપીઠ | | - |
| ૯ | શાક માર્કેટ | | - |
| ૧૦ | મીટ માર્કેટ | | - |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ફીશ માર્કેટ | | - |
| ૧૨ | છૂટી જમીન | ૩.૧૯ | ૦.૯૧ |
| ૧૩ | પ્રિમીયમ | ૦.૭૬ | - |
| ૧૪ | પરચુરણ | ૭૮.૨૮ | ૫૪.૭૨ |
| ૧૫ | દાવા ખર્ચ | - | - |
| ૧૬ | કવાટર્સ હાયર પરચેઝ | ૧.૬૩ | ૧૯.૩૫ |
| ૧૭ | સંકલીતનગર | | - |
| ૧૮ | મીની સ્ટોલ ભાડા | ૦.૪૨ | ૪.૪૯ |
| ૧૯ | સ્કુલ બોર્ડ ભાડા | | - |
| ૨૦ | અન્ય કવાટર્સ ભાડા | ૫.૭૧ | ૧.૨૧ |
| ૨૧ | અન્ય મકાન ભાડા | ૦.૩૯ | - |
| ૨૨ | ગોડાઉન ભાડા | | - |
| ૨૩ | મીન્સ પ્રોફીટ | | - |
| ૨૪ | બેટરમેન્ટ ચાર્જ | ૩૫.૮૨ | ૨૬.૪૯ |
| ૨૫ | નામ ટ્રાન્સફર ફી | ૫.૧૨ | ૧૦.૨૪ |
| ૨૬ | હુડકો | | ૧.૨૧ |
| ૨૭ | સીકયોરીટી ફી / ડીપોઝીટ | ૦.૩૬ | ૫.૨૪ |
| ૨૮ | અન્ય ડીપોઝીટ | ૧.૬૧ | - |
| ૨૯ | ટેમ્પરરી સ્ટોલ લાયસન્સ ફી | ૧.૨૩ | ૧.૯ |
| ૩૦ | **ઈ.ડબલ્યુ.એસ.લાભાર્થી ફાળો** | **૭૭.૮૫** | **૧૫૨.૫૪** |
| ૩૧ | **વહીવટી ચાર્જ** | **૦.૧૩** | **૯.૭૭** |
| | **કુલ** | **૩૧૪.૪૧** | **૨૯૯.૧૭** |

## પત્રક-૩.૧.૩

### સને ૨૦૦૮ –૨૦૦૯ દરમ્યાન એસ્ટેટ એકવી. બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક

| અ.ન. | કેસ નં. | વિગત | ચુકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ---- | નીલ | નીલ |

## પત્રક - ૩.૧.૪

### સને ૨૦૦૮ -૨૦૦૯ દરમ્યાન એલ.એન.ડી. વિભાગની કામગીરી દર્શાવતું પત્રક.

| અ. ન. | વિગત | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | ન.પ.ઝોન | મધ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ભયજનક મકાનો ઉતારવા આપેલ નોટિસ | - | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૨ | ૧૭૫ |
| ૨ | ભયજનક મકાનો ઉતાર્યા | - | - | ૦૨ | ૦૧ | ૦૧ | ૭૨ |
| ૩ | મકાન સમારકામ અંગે આપેલ નોટિસ | - | ૦૨ | ૧૨ | ૧૯ | - | - |
| ૪ | ૧૦ ડી.મુજબ આપેલ સર્ટીફીકેટ | - | - | - | - | - | - |
| ૫ | કોર્પો.એકટ કલમ૩૯૨(૧) બી મુજબ કોર્ટમાં કરેલ ફરિયાદ | - | - | - | - | - | - |
| ૬ | મ્યુ.માલિકીની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો | - | - | - | - | - | - |
| ૭ | મ્યુ.રાજમાર્ગોની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો | - | - | - | - | - | - |
| ૮ | રેવન્યુ ફી મેળવેલ જમીનની વિગતો મેળવવા | - | - | - | - | - | - |
| ૯ | જમીનનો અદલોબદલો કર્યા હોય તેવાં કેસો | - | - | - | - | - | - |
| ૧૦ | વિશેષ ધારામાંથી મુકિત મેળવેલ જમીનની વિગતો | - | - | - | - | - | - |
| ૧૧ | બક્ષીસ દાનમાં મેળવેલ જમીનની વિગતો | - | - | - | - | - | - |
| ૧૨ | મ્યુ.કોર્પો.એકટની ૨૦૫ કલમ મુજબ ખાનગી રસ્તાને મ્યુ.રાજમાર્ગ તરીકે જાહેર કરેલ કેસો. | - | - | - | - | - | - |
|  | કુલ | - | ૦૭ | ૧૬ | ૨૧ | ૦૩ | ૨૪૭ |

## પત્રક –૩.૧.૫

### સને ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન એસ્ટેટ પરમીટ લારી સ્ટેન્ડ વિભાગની લાયસન્સ ફી તથા અન્ય રકમ વસુલ કર્યાની વિગત દશાવતું પત્રક . (રૂા.)

| અ. ન. | બજેટ હેડનું નામ | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | ન.પ.ઝોન | મધ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | લારી સ્ટેન્ડની લાયસન્સ ફી | | | ૩૩૪૪૦૦ | | | |
| ૨ | લારી સ્ટેન્ડ પરચુરણ આવક | | | | | | |
| ૩ | લારી સ્ટેન્ડ અનામત | | | | | | |
| ૪ | અધ્ધર ચંદરવા લાયસન્સ ફી | | | | | | |
| ૫ | નિર્વાસિત પ્લોટોની અનામત સંખ્યા | ૬૦ નંગ | | | | | |
| ૬ | નિર્વાસિત પ્લોટોની લાયસન્સ ફી | ૮૯૧૧ | | | ૧૬૨૦ | | |
| ૭ | ટેમ્પરરી સ્ટેન્ડ લાયસન્સ ફી | ૩૬૦ | | | | | ૧૦૮૯૬૧ |
| ૮ | એસ્ટેટ લાયસન્સ અનામત | | | | | | |
| ૯ | રમતગમતનું મેદાન | ૨૩૯૮૯ | ૫૦૧ | | ૮૭૪૨૪૯ | | |
| ૧૦ | છુટી જમીન/ફ્રી હોલ્ડ લાયસન્સ ફી | | | | | | |
| ૧૧ | પગથિયાં | | | | | | |
| ૧૨ | એસ્ટેટ પરચુરણ (દબાણ) | ૪૫૩૦૦ | | ૭૦૦૩૫૦ | | ૨૮૮૮૯૯ | ૨૫૨૨૨ |
| ૧૩ | નિર્વાસિત પ્લોટ/ટ્રાન્સફર ફી | | | | | | |
| ૧૪ | મ્યુ.પ્લોટોની ભાડાની આવક | ૧૮૧૫૮૮ | ૨૬૩૪૭૩૪ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | એન્ક્રોચમેન્ટ આવક | | | | | | |
| ૧૬ | પરમીટ ફી | | ૬૫૭૨૮૫ | ૪૮૫૯૧૪ | | ૧૨૭૩૦૦૦૭ | ૩૦૪૦૩૧ |
| ૧૭ | એસ્ટેટ લીઝ હોલ્ડર જમીનનું ભાડું | | | | | | |
| | કુલ............ | ૨૬૦૧૪૮ | ૯૨૧૩૫૨૦ | ૧૫૨૫૨૬૪ | ૮૭૫૮૬૯ | ૧૩૦૧૮૯૦૬ | ૪૩૮૨૧૪ |

## પત્રક ૩.૧.૬

### સને ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ઝોનવાઈઝ દૂર કરવામાં આવેલ દબાણની માહિતી દર્શાવતું પત્રક.

| અ.ન. | ઝોનનું નામ | લારી | ગલ્લા | કેબીન | કોલુ | પરચુરણ | કાચા શેડ | પાકાશેડ | ઓટલા | ક્રોસ વોલ (ફુટ) | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | પૂર્વ ઝોન | ૧૧૧ | ૦૫ | -- | ૦૨ | ૩૯૨ | ૧૦૯ | ૧૨૭ | ૧૧૬ | ૫૦ | ૯૧૨ |
| ૨ | પશ્ચિમ ઝોન | ૪૫૦ | ૪૭ | ૦૧ | ૦૨ | ૮૫૧૩ | ૫૨૯ | ૮૦ | ૧૦૧ | ૧૦૩ | ૯૮૨૬ |
| ૩ | ઉત્તર ઝોન | ૯૬ | ૦૧ | -- | -- | ૧૦૨૨ | ૨૪૯ | ૧૫૧ | ૮૮૭ | ૨૯૭ | ૨૭૦૩ |
| ૪ | દક્ષિણ ઝોન | ૧૪૭ | ૦૧ | ૦૧ | -- | ૧૪૫૮ | ૨૦૯ | ૨૪૦ | ૧૨૮ | ૪૬ | ૨૨૩૦ |
| ૫ | ન.પ.ઝોન | ૩૬૬ | ૩૧ | ૦૪ | ૦૨ | ૪૧૧૦ | ૬૨૩ | ૨૧ | ૧૮૪ | ૧૦ | ૫૩૫૧ |
| ૬ | મધ્ય ઝોન | ૧૧૭ | -- | ૧૬ | -- | ૧૪૯૮૪ | ૪૭૪ | ૧૧૦૫ | ૨૪૪ | ૪૦ | ૧૬૯૮૦ |
| કુલ | | ૧૨૮૭ | ૮૫ | ૨૨ | ૦૬ | ૩૦૪૭૯ | ૨૧૯૩ | ૧૭૨૪ | ૧૬૬૦ | ૫૪૬ | ૩૮૦૦૨ |

સને ૨૦૦૮ ૨૦૦૯ વર્ષ દરમ્યાન થયેલ આવક

૧.મેમનગર ગોડાઉન ૩.૮૮,૨૬૭/-

૨. જયભારત દબાણ ગોડાઉન રૂ. ૫,૬૦,૨૫૩/-

૩. સુએઝ ફાર્મ દબાણ ગોડાઉન રૂ. ૪૧,૭૦૭/-

૪. ચકુડીયા મહાદેવ ગોડાઉન (સ્ક્રેપ હરાજી) રૂ૮,૪૬,૦૦૦/-

– – – – –– ---------------------------------------------

રૂ. ૧૫,૨૬,૨૨૭/-

## પત્રક-૩.૧.૭

### એસ્ટેટ ડ્રોઈંગ બ્રાન્ચની સને ૨૦૦૮-૦૯ની કામગીરી દર્શાવતું પત્રક

| અ. ન. | કેસની ટુંકી વિગત | આવેલ કેસની સંખ્યા | રિમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રોડ લાઈનના અભિપ્રાય માટે આવેલ કેસો | ૧૬૨ | ૧૬૨- નિકાલ |
| ૨ | એકવીઝીશન કેસોની સંખ્યા | ૦૦૮ | ૦૦૮- નિકાલ |
| ૩ | લોકેશન કેસોની સંખ્યા | ૦૪૩ | ૦૪૩- નિકાલ |
| ૪ | નામ આપવાના કેસોની સંખ્યા | ૦૨૦ | ૦૨૦- નિકાલ |
| ૫ | દાખલા બુકે નોંધ રાખવાનાં કેસોની સંખ્યા | ૨૦૨ | ૨૦૨- નિકાલ |
| ૬ | રોડ લાઈન મુકવાનાં કેસોની સંખ્યા | ૦૦૮ | ૦૦૩-નિકાલ<br>૦૦૫ અન્ડર પ્રોસીજર |
| ૭ | પૂર્વ વિસ્તારમાટેની અરજી તથા લોકેશન કેસોની સંખ્યા | ૦૦૭ | ૦૦૭- નિકાલ |
| ૮ | માહીતી અધિકાર | ૦૩૩ | ૦૩૩-નિકાલ |
| ૯ | સરકારી પત્રો | ૦૨૪ | ૦૨૪-નિકાલ |
| ૧૦ | ઝોનિંગ અભિપ્રાયના કેસ | ૧૪૪ | ૧૪૪-નિકાલ |
| ૧૧ | અન્ય આવેલ કેસોની સંખ્યા | ૧૬૮ | ૧૬૮-નિકાલ |
| | કુલ | ૮૧૯ | ૮૧૯-નિકાલ |

## પત્રક –૩.૧.૮

### સને ૨૦૦૮ –૨૦૦૯ના વર્ષ ની સી.ઓ.પી. બ્રાન્ચની વિગત દર્શાવતુ પત્રક

| અ.ન. | વિગત | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગત વર્ષના બાકી કેસોની સંખ્યા | ૭૨ |
| ૨ | ચાલુ વર્ષના નવા કેસોની સંખ્યા | - |
| ૩ | કુલ સંખ્યા | ૭૨ |
| ૪ | દફતરે | ૨ |
| ૫ | ઈકવીશન ઓર્ડર થયેલ કેસોની સંખ્યા પણ કબ્જો લેવાનો બાકી | ૫૯૮ |
| ૬ | નિકાલ થયેલ કેસો | ૨ |

| | | |
|---|---|---|
| ૭ | વર્ષના અંતે બાકી રહેલ કેસો | ૭૦ |
| ૮ | તા.૩૧.૩.૦૯ સુધી ઈવીકશન ઓર્ડર થયેલ પરંતુ કબજો લેવાના કેસોની સંખ્યા | - |
| ૯ | અહેવાલી વર્ષમાં કબ્જો લીધેલ કેસોની સંખ્યા | - |
| ૧૦. | નવા કેસ બોર્ડ પરપેન્ડીગ | ૭૦ |

## પત્રક ૩.૧.૯

### સને ૨૦૦૮-૨૦૦૯ મ્યુ.કોમ્યુનીટી હોલ, મેમોરીયલ હોલ, પીકનીક હાઉસ વિ. ભાડે મેળવવા માટેની ડીપોઝીટ અને દૈનિક ભાડાની માહિતી દર્શાવતું પત્રક.

| અ.નં. | લેવામાં આવતા કોમ્યુ.હોલ ભાડાની વિગત | નક્કી થયેલ ભાડાની વિગત | નક્કી થયેલ ડીપોઝીટની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રી લાલાકાકા કોમ્યુ. હોલ -શાહપુર દરવાજા બહાર | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૨ | શ્રી શ્યામપ્રસાદ વસાવડા કોમ્યુ.હોલ ખોખરા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩ | શ્રી ખંડુભાઇ દેસાઇ કોમ્યુ.હોલ અસારવા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૪ | શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક કોમ્યુ.હોલ બાપુનગર | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | ડો.ઓચ્છવલાલ તલાટી હોલ રાયપુર | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૬ | શ્રી નરોત્તમ ઝવેરી કોમ્યુ.હોલ પાલડી | ૩૫૦૦ | ૩૫૦૦ |
જુદા જુદા સ્થળોએ વર્ષાઋતુ દરમ્યાન ભરાઇ જતા પાણીના નિકાલ માટે જુદા જુદા સ્થળોએ રસ્તાઓ ક્રોસ કરી વરસાદી પાણીના નિકાલમાટે (૧૮૯) જેટલી કેચપીટો રૂ.૩૭.૦૬ લાખના ખર્ચે બનાવેલ છે પાણી ભરાઇ જતા જુદા જુદા સ્થળોએ પમ્પો મુકી ભરાઇ ગયેલ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવેલ છે.અને તદઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે કુલ ૧૯૬૯૦.૦૦ મીટર લંબાઈની સ્ટ્રોમ વોટર ડ્રેઈન રૂ.૧૧૧૦.૨૫ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.અને લાઇટખાતુ,પાણીખાતુ,અમદાવાદ ઇલેકટ્રીક સીટી કંપની,ટેલીફોન ખાતુ,ડ્રેનેજ ખાતુ વગેરે ધ્વારા રસ્તાઓ પર કરવામાં આવેલ કાચા ખોદાણના રીઈનસ્ટેટમેન્ટ કામો કરવામાં આવેલ છે.પુર્વઝોનના જુદા જુદા વિસ્તારોમાં આવેલ રસ્તાઓ ઉપરના કુલ ૧૮૮૦૦ મીટર લંબાઇના નાળામાંથી માટી તથા શીલ્ટ કાઢવાનું કામ રૂ.૨૧.૨૧ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

**મરામત અને નિભાવ**

પુર્વઝોનના વિવિધ વિસ્તારોમાં વર્ષ દરમ્યાન પાકા રોડ ઉપર પડેલા ખાડાઓ પુરવા તથા રસ્તા લેવલે કરવા માટેનાં તથા હેવીપેચ વર્કના કામો સંતોષકારક રીતે કરવામાં આવેલ છે.તથા પ્રજાની ફરીયાદ અનુસાર જુદા જુદા સ્થળોએ રીપેર કરવામાં આવેલ છે.

**ડ્રેનેજ ખાતાના કામો**

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન પુર્વઝોનના નવ(૧૦) વોર્ડમાં આવેલ સો.સા.અને ચાલીઓમાં તથા ટી.પી.રોડ ઉપર જુદા જુદા વ્યાસની ૧૩૬૬૬.૪૪ મીટર લંબાઈની ડ્રેનેજની પાઈપલાઈનો રૂ.૨૦૭.૭૪ લાખના ખર્ચે નાખવામાં આવેલ છે. અને ડ્રેનેજની સુવિધા આપેલ છે.

**લોકોસ્ટ સેનીટેશનઃ-**

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન લો કાસ્ટ સેનીટેશન સ્કીમ હેઠળ પુર્વઝોનના નવ વોર્ડમાં ઓછી આવક ધરાવતા કુટુંબોને ચાલીઓ તથા ઝુંપડપટટીઓમાં સંડાસની સુવિધા આપવા લો કાસ્ટ સેનીટેશન સ્કીમ ૯૦/૧૦ હેઠળ આવેલ માંગણીઓ પૈકી કુલ ૮૩૮ જેટલા જાજરૂની સુવિધા આપેલ છે.

**શૌચાલય તથા ડ્રેનેજ કનેકશનઃ-**

સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન પુર્વઝોનના વિવિધ વિસ્તારોમાં જાહેર સંડાસ તથા મુતરડીની સુવિધા પુરી પાડેલ છે.તથા પુર્વઝોનના વિસ્તારોમાં આવેલ રસ્તા ઉપરના સંડાસ તથા પેશાબખાના તથા ચાલીઓમાં આવેલ સંડાસના રીપેરીગ મેન્ટેનન્સના કામો કરવામાં આવેલ છે.વોર્ડમાંથી આવેલ માંગણી મુજબ ૩૭૭ જેટલા ડ્રેનેજ કનેકશન આપવામાં આવેલ છે.

**મરામત વિભાગઃ-**

પુર્વઝોનમાં આવેલ ડ્રેનેજના ત્રણ જેટલા પંપીગ સ્ટેશનો મારફતે આ વિસ્તારોમાં ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે.અને મેનહોલો સાફ કરવામાં આવેલ છે.તથા ડ્રેનેજ લાઇનમાંથી શીલ્ટ રૂા.૪૩.૯૫ લાખ ના ખર્ચે કાઢવામાં આવેલ છે.વળી જરૂરીયાતવાળા સ્થળોએ કુલ ૧૬૧૨ નંગ જેટલા નવા મનહોલ તથા ચેમ્બરો કુલ રૂ.૫૬.૫૨ લાખ ના ખર્ચે બનાવવામા આવેલ છે.

**પાણી અંગેના કામો**

પુર્વઝોનના વિવિધ વિસ્તારોમાં વર્ષ દરમ્યાન પાણીની સુવિધા આપવા તથા પાણીના પ્રેશરનો પ્રશ્ન હલ કરવા માટે ટી.પી. રોડ તથા સોસાયટી ચાલીઓમાં કુલ ૨૨૪૩૪ મીટર લંબાઇની વોટર પાઇપ લાઇન રૂ.૨૩૨.૩૧ લાખના ખર્ચે નાખવામાં આવેલ છે.

**ટયુબવેલ સ્ટેશનો**

વોર્ડમાંજે તે સ્થળોએ વસવાટોને ઘેર ઘેર પાણીના કનેકશનો ના હોય તેવા વિસ્તારોમાં રૂ.૨.૦૫ લાખ ખર્ચે કુલ ૧૨ નંગ જેટલી નવી પબ્લીક ટેપો બનાવી આપવામાં આવેલ છે.તથા જુદી જુદી જગ્યાએ ૬૮ નંગ જેટલા જાહેર પબ્લીક સ્ટેન્ડ પોસ્ટ રીપેર કરી આપવામાં આવેલ છે.

**મરામત અને નિભાવ**

વર્ષ દરમ્યાન કુલ ૫૧૪ જેટલા પાણીના પોલ્યુશનનો નિકાલ કરવામાં આવેલ છે.તેમાં મેઇન લાઇન તથા નાની લાઇનોમાંકુલમળીને ૩૬૫૭ જેટલા લીકેજ રીપેર કરવામાં આવેલા છે.તેમજ જુદાજુદા વોર્ડમાં વર્ષ દરમ્યાન પ્રજાની માંગણીઓ પૈકી કુલ ૬૧૯ નંગ જેટલા પાણીના ઘર વપરાશના અને બિનવસવાટના ૧૦ (નંગ) જેટલા મીટરથી પી.આર.સી. કનેકશનો આપવામાં આવેલા છે.આમ ઉપર જણાવ્યા પ્રમાણે પાણીનો યોગ્ય પુરવઠો જળવાઇ રહે તે માટે કામગીરી કરવામાં આવેલ છે.

**બિલ્ડીંગ ખાતાની કામગીરી :-**

પૂર્વ ઝોનનાં બિલ્ડીગ વિભાગમાં મ્યુ.ઓફિસો, મસ્ટરસ્ટેશનો, શાળાઓ, ઢોરનાંડબ્બાઓ, પુસ્તકાલય, બાલભવન, અખાડા, સ્લમ ક્વાટર્સ, ડ્રેનેજ-પાણીનાં ટયુબવેલ સ્ટેશનો, અન્ડરગ્રાઉન્ડ ટાંકીઓ, બોર કેબીનો, સ્નાનાગાર, બગીચાઓ, દવાખાના, પ્રસુતિગૃહો તથા તેનાં ક્વાટર્સ વિ. માં પોપડા, પ્લાસ્ટર, રંગરોગાન તથા પડદીઓ રીપેર કરવાના મરામત નિભાવની આવતી નાની મોટી ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. કોર્પોરેશનના જાહેર સમારંભ પ્રસંગે સ્ટેજ, મંડપ બાંધવાની વ્યવસ્થા પણ આ વિભાગ ધ્વારા થાય છે.તેમજ મોટા રીપેરના કામો બજેટની મર્યાદામાં કરવામાં આવેલા છે.

પૂર્વઝોનના જુદા જુદા વોર્ડમાં જે તે સ્થળોએ જરૂરીયાતવાળા વિસ્તારોમાં રૂા.૮૨.૪૭ લાખના ખર્ચે કુલ ૮ જેટલા મકાનો નવા બનાવવામાં આવેલા છે.તથા રૂા.૧૫૦.૧૭ લાખના ખર્ચે કુલ ૧૩ જેટલા મકાનો રીપેરીગ/રીનોવેશન કરવામાં આવેલ છે.

માન.સંસદસભ્યોની ગ્રાન્ટ હેઠળ રોડ,પાણી, ડ્રેનેજ, બિલ્ડીગ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈનનાં કુલ મળીને રૂા.૭૭.૦૭ લાખ ના ખર્ચે કુલ ૩૭ કામો તથા ધારાસભ્યશ્રીઓની ગ્રાંટ હેઠળની રોડ, પાણી તથા બિલ્ડીગ વિ.ના કુલ મળીને ૬૯ કામો રૂા.૮૧.૩૬ લાખ ના ખર્ચે પુરા કરવામાં આવેલ છે.

આમ પુર્વઝોન ઇજનેર ખાતા ધ્વારા સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન પ્રજાકીય કામો સંતોષકારક રીતે કરવામાં આવેલ છે.તદ ઉપરાંત મ્યુનિ.કાઉન્સીલરશ્રી ઓ ની સુચના હેઠળ રોડ,પાણી,ડ્રેનેજ,બિલ્ડીગ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈનના કુલ મળી ૪૭૧ કામો રૂ.૨૦૦.૨૮ લાખ ના ખર્ચે પુરા કરવામાં આવેલા છે.

આમ ઇજનેર પુર્વઝોન ખાતા ધ્વારા સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના પ્રજાકીય કામો સંતોષકારક રીતે કરવામાં આવેલ છે.

## પત્રક ૪.૮.૧

**પુર્વ ઝોન સને ૨૦૦૮-૨૦૦૯ વર્ષ દરમ્યાન ઝોન વિસ્તારમાં રેવન્યુ તેમજ કેપીટલ એકાઉન્ટમાં પુર્ણ કરવામાં આવેલ કામોની સંખ્યા અને ખર્ચની વિગત દર્શાવતુ પત્રક.**

| ૧ | **માન.ધારા સભ્ય શ્રીઓની ગ્રાન્ટ હેઠળ કરેલ કામ** | **સંખ્યા** | **ખર્ચ (લાખમાં)** |
|---|---|---|---|
| ક | રોડ | ૩૮ | ૪૬.૪૦ |
| ખ | પાણી | ૫ | ૧૧.૦૭ |
| ગ | ડ્રેનેજ | ૭ | ૦.૮૦ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૦ | ૦.૦૦ |
| ચ | બીલ્ડીગ | ૯ | ૯.૫૧ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૦ | ૦.૦૦ |
| ૨ | **મ્યુનિ.કાઉન્સીલર શ્રીના બજેટ અન્વયે કરેલ કામો** | | |
| ક | રોડ | ૨૦૪ | ૮૨.૩૯ |
| ખ | પાણી | ૨૦ | ૧૨.૫૬ |
| ગ | ડ્રેનેજ | ૮૨ | ૨૫.૨૨ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૪ | ૧.૨૮ |
| ચ | બિલ્ડીગ | ૧૨૧ | ૫૧.૪૫ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૧૨ | ૬.૫૦ |
| ડ | પથ્થર પેવીગ | ૨૦ | ૪.૬૬ |
| ૩. | **માન.સંસદ સભ્યશ્રી ઓની ગ્રાંટ હેઠળ કરેલ કામ.** | | |
| ક | રોડ | ૧૯ | ૨૧.૯૭ |
| ખ | પાણી | ૪ | ૮.૭૦ |
| ગ | ડ્રેનેજ | ૪ | ૧૪.૪૯ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૦ | ૦.૦૦ |
| ચ | બિલ્ડીગ | ૫ | ૩૫.૦૭ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૧ | ૧૦.૦૦ |
| ૪ | **કેપીટલ એકાઉન્ટ બજેટમાં ખર્ચ પાડી કરેલ કામો (ધારા સભ્ય શ્રીઓની ગ્રાટ સિવાયના)** | | |
| ક | રોડ | ૫૩ | ૫૪૯.૯૪ |
| ખ | પાણી | ૫૬ | ૨૨૬.૦૬ |
| ગ | ડ્રેનેજ | ૫૩ | ૧૮૨.૩૭ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૩૫ | ૩૯.૨૬ |
| ચ | બીલ્ડીગ | ૫૨ | ૩૧૫.૮૪ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૩ | ૧૭૦૪.૮૧ |
| **૫** | **રેવન્યુ એકાઉન્ટબજેટમાં ખર્ચ પાડી કરેલ કામો (કાઉન્સીલર શ્રીઓના બજેટ સિવાયના)** | | |
| ક | રોડ | ૧૪૭ | ૫૯.૧૪ |
| | પાણી | ૧૧૫ | ૨૭.૭૦ |
| ગ | ડ્રેનેજ | ૨૭૫ | ૭૨.૩૭ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૮ | ૨.૭૪ |

| | | | |
|---|---|---|---|
| ચ | બીલ્ડીંગ | ૭૫ | ૧૮.૧૫ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઇન | ૫૫ | ૧૭.૦૯ |

**પત્રક ૪.૮.૨**

**૨૦૦૮-૦૯**

| પુર્વઝોન સને ૨૦૦૮-૨૦૦૯ વર્ષ દરમ્યાન ઝોન વિસ્તારમાં આવેલ કામોની આંકડાકીય માહિતી દશાવતું પત્રક | | | |
|---|---|---|---|
| અ.નં. | વિગત | કુલ | |
| ૧ | નવા રસ્તા બનાવ્યા (કિ.મી.)પાકા | ૬.૬૩ | કિ.મી. |
| ૨. | રસ્તા વાઇડનીંગ કર્યા(કિ.મી.) | ૧૨.૨૯ | કિ.મી. |
| ૩ | રસ્તા રીસરફેઇસ કર્યા (ચો.મી.) | ૧૬૬૦૪૧.૦૦ | ચો.મી. |
| ૪ | નવી ડ્રેનેજ લાઇન નાંખી (કિ.મી.) | ૧૩.૬૬ | કિ.મી. |
| ૫ | નવી પાણીની  પાઇપ લાઇન નાંખી (કિ.મી) | ૨૨.૪૪ | કિ.મી. |
| ૬ | નવી સ્ટ્રોમ વોટર ડ્રેઇન નાંખી (કિ.મી.) | ૧૯.૬૯ | કિ.મી. |
| ૭ | નવા ડ્રેનેજ કનેકશન આપ્યા (સંખ્યા) | ૩૭૭ | નંગ |
| ૮ | નવા વોટર કનેકશન આપ્યા (સંખ્યા) | ૬૨૯ | |
| | (અ) ઘરવપરાશ (મીટર વગર) | ૬૧૯ | નંગ |
| | (બ) ઘરવપરાશ  (પી.આર.સી.) | ૧૦ | નંગ |
| ૯ | જુની પાણીની લાઇન બદલવાના કામ (સંખ્યા) | ૫૧ | નંગ |
| ૧૦ | ઘરવપરાશના પાણીની પાઇપ લાઇનમાં સડેલા કનેકશનની ગેલ્વેનાઇઝડ નળીઓ બદલી (સંખ્યા) | ૨૮૧ | નંગ |
| ૧૧ | પાણીના નવા સ્ટેન્ડ પોસ્ટ કર્યા  (સંખ્યા) | ૧૨ | નંગ |
| ૧૨ | પાણીના હયાત સ્ટેન્ડ પોસ્ટ રીપેરીંગ કર્યા  (સંખ્યા) | ૬૮ | નંગ |
| ૧૩ | તુટેલી લાઇનોના સમારકામ કર્યા (સંખ્યા) | ૮૪૬ | નંગ |
| ૧૪ | પાણીના લીકેજ બંધ કર્યા  (સંખ્યા) | ૩૬૫૭ | નંગ |
| ૧૫ | પાણીની મુખ્ય પાઇપોના છેડાઓ ઉપર વોશ આઉટ કર્યા | ૪૨૬ | નંગ |
| ૧૬ | હાઇડ્રન્ટ રીપેરીંગના કામો  (સંખ્યા) | ૦ | નંગ |
| ૧૭ | ૯૦/૧૦ની યોજના અન્વયે નવા જાજરૂ મંજુર કર્યા (સંખ્યા) | ૧૨૧૪ | નંગ |
| ૧૮ | ૯૦/૧૦ની યોજના અન્વયે નવા જાજરૂ તૈયાર થયા (સંખ્યા) | ૮૩૮ | નંગ |

## ૪.૯ ઈજનેર પશ્ચિમઝોન

૦૮-૦૯

નાગરિકોને સેવા મેળવવા માટે ઉચ્ચ અધિકારી સુધી જવુ ન પડે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોપો.દ્વારા વહીવટોનું વિકેન્દ્રીકરણ કરીને શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને પાંચ ઝોનમાં વિભાજન કરી ઝોન પાડેલ છે.જેમાં શહેરનો નદીની પશ્ચિમ તરફનો વિસ્તારને આવરી લીધેલ છે. જેમાં ઈલેકશન વોર્ડનં. ૭ થી ૧૫ નો સમાવેશ કરવામાં આવેલ છે. એટલે કે પાલડી, વાસણા, ગાંધીગ્રામ, નવરંગપુરા, સ્ટેડીયમ, નારણપુરા, જુના વાડજ, નવા વાડજ તથા સાબરમતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

પશ્ચિમ ઝોન દ્વારા દરેક વોર્ડમાં નાગરિકોને મ્યુનિ.કોર્પો.ની તમામ ઈજનેર ખાતાને લગતી તમામ સેવાઓ જેવી કે પાણી,ગટર,રસ્તા, જાહેર શૌચાલયો., બગીચા તથા રમત -ગમતના મેદાનો વિગરે સેવાઓ સરળતાથી મળે તે માટે સબ ઝોનલ ઓફીસોમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ શહેરમાં જુદી જુદી જગ્યાએ નાગરિક સુવિધા કેન્દ્રો બનાવવામાં આવેલ છે. આ સુવિધા કેન્દ્રોમાં જઈ નાગરિકો શહેરના કોઈપણ સ્થળની તેમની ઉપરોક્ત સેવાઓને લગતી ફરિયાદો કોમ્પ્યુટર ઉપર રજીસ્ટર કરાવી શકે છે, અને તે રીતે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવેલ છે.

**<u>રોડ વિભાગ :</u>**

આ વિભાગ મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં પશ્ચિમઝોનમાં આવતા ૯ વોર્ડની જુદી જુદી ટાઉન પ્લાનીંગ સ્કીમમાં રસ્તાઓ પાકા કરવા, પહોળા કરવા, રીસરફેસ કરવા તથા પાકા કરવા અંગે નકશાઓ તૈયાર કરી લેવલ્સ લઈ, અંદાજો તૈયાર કરવા, જે તે યોગ્ય સત્તાની મંજુરી લેવી સ્થળ પર કામ ચાલુ કરાવવાનું થાય છે. આ ઉપરાંત વરસાદી પાણીના નિકાલ અંગે કેચપીટો તૈયાર કરવી, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવી તેમજ રસ્તા, કેચપીટ તેમજ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ વિગેરેનું મારમત નિભાવનું કામ આ મારફતે કરાવવામાં આવે છે.

પશ્ચિમ ઝોનમાં જુદાજુદા વોર્ડમાં આવેલા ટી.પી. રસ્તાઓને સ્ટોર્સ મારફતે મરામત નિભાવની કામગીરી નિયમિત અને વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે.

ટેલીફોન તથા ઈલેક્ટ્રીસીટી કંપની તથા સેલ્યુલર કંપનીઓ દ્વારા રોડ ઓપનીંગની (૨૭૦ પરમિટ) કામગીરી પેટે રૂા. **૫૨૪** લાખ જેટલી રકમ આ વર્ષે જમા લઈ તેમના દ્વારા થયેલ ખોદાણ તદ્‌પરાંત કોર્પોરેશનના ડ્રેનેજ,પાણી, લાઈટ ખાતા દ્વારા જુદા જુદા કારણોસર કરેલ ખોદાણ તેમજ ઘસારાને રીપેર કરવા માટે રસ્તા ઉપર પેચ વર્ક કરવા, ફુટપાથના વોટર ટેબલ કર્બ તથા પથ્થરો ફરી બેસાડવાનું કામ, કેચપીટો તથા સ્ટ્રો.વો.ડ્રે. લાઈન રીપેરીંગ તેમજ સફાઈનું કામ, કેચપીટ ઉપરના ઢાંકણા બેસાડવાનું કામ તેમજ જાહેર જનતા, સામાજીક કાર્યકરો, કન્ટ્રોલ રૂમ માંથી તેમજ નાગરિક સુવિધા કેન્દ્રો માંથી આવેલ ફરીયાદોનો નિકાલ કરવાનું કામ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે રસ્તાની કામગીરીમાં મુખ્યત્વે કાચા રસ્તાઓ પાકા કરવાની કામગીરી **૧૫.૭૪** કિ.મી. લંબાઈ જેટલી કરવામાં આવેલ છે. તથા **૩૫.૫૩** કિ.મી. ના રસ્તાઓની પહોળાઈ વધારવામાં આવેલ છે **૩૯.૧૫** કિ.મી. લંબાઈના રસ્તાઓ રીસરફેસ કરવામાં આવેલ છે. જેના કારણે ટ્રાફીકની અવર-જવરમાં સરળતા થયેલ છે.

આ ઉપરાંત સંસદસભ્યના સુચન અનુસાર તેમણે ફાળવેલ બજેટમાં ચાલુ સાલે રૂા. **૧.૪૦** લાખના રસ્તાના કામો પુરા કરાવવામાં આવેલ છે. માન. ધારાસભ્યશ્રીએ ફાળવેલ બજેટ માંથી રૂા. **૧૬.૨૦** લાખના રસ્તાના કામો પુરા કરવામાં આવેલ છે. ૧૦માં નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂા. **૨૫.૫૩** લાખના રસ્તાના કામો કરેલ છે. તેમજ કાઉન્સીલીરશ્રીના બજેટ માંથી રૂા. **૨૭.૬૫** લાખના, કેપીટલ વર્કસ માં રૂા. **૧૨૩.૦૭** લાખના અને રેવન્યુ બજેટ માંથી રૂા. **૬૨.૭૭** લાખના રસ્તાના કામો કરાવવામાં આવેલ છે.

## ઈજનેર પાણી વહેંચણી વિભાગની કામગીરીઃ-

અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારની આશરે ૭ લાખવસ્તીને ૧૬ ટયુબવેલ સ્ટેશનોના ૬૧ બોર તેમજ અચેર તેમજ સાબરમતી ફેંચવેલ દ્વારા ભુગૅભમાંથી પાણી મેળવીને અને રાસ્કા જળ યોજના માંથી મળતા પાણીને જુદા-જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન ટયુબવલ સ્ટેશનોની ભૂગૅભં ટાંકીઓમાં સંગ્રહીત કરવામાં આવે છે. આ પાણીને કલોરીનેશન કર્યા બાદ પપીંગ સ્ટેશનની મદદથી પાણીની વહેંચણી મેઈન વોટર પાઈપ લાઈનો દ્વારા જુદી જુદી ડાયામીટરની નાની લાઈનોમાં વિભાજીત કરાવી નાગરિકા સુધી કરવામાં આવે છે.

### <u>વોટર પાઈપ લાઈનના કામો :-</u>

પશ્ચિમ ઝોનના નાગરિકોની વધતી જતી પાણીની જરૂરિયાત મુજબ નવી વધારાની વોટર પાઈપ લાઈનો નાંખવામાં આવે છે. વર્ષો જુની એ.સી,પી.વી.સી. તેમજ એચ.ડી.પી.ઈ. વોટર પાઈપ લાઈન કાઢીને નવી લાઈનો નાંખવાના કામો કરવામાં આવે છે.

પશ્ચિમ ઝોનમાં જુદી-જુદી જગ્યાઓએ જુદા-જુદા વ્યાસની ૩૬.૦૭ કિ.મી. નવી વોટર પાઈપ લાઈન નંખાવવામાં આવેલ છે.

### <u>વોટર કનેકશન :-</u>

વર્ષ દરમ્યાન વેસ્ટ ઝોનના નવ વોર્ડમાં કુલ ૧૨૯૩ કનેકશનો આપવામાં આવેલ છે.

### <u>પબ્લીક ટેપો :-</u>

બી.પી. એમ.સી. એકટની તેમજ અમુક કારણોસર પાણીની મુખ્ય વોટર પાઈપ લાઈન નાંખીને સ્વત્રંત પાણીની સવલત જે સ્લમ વિસ્તારના નાગરિકોને આપી શકાય તેમ ન હોય તેમને પાણીની સવલત પણ પબ્લીક ટેપો દ્વારા આપવામાં આવેલ છે. વર્ષે દરમ્યાન નવી ૨૫ ટેપો મુકવામાં આવેલ છે.

વોટર પોલ્યુશન અટકાવવા માટે લીકેજ પાણીની નળીઓ,માલિક માલસામાન આપે તો અને ખાસ કેસમાં મ્યુનિ. કોર્પો. ના ખર્ચે મ્યુનિ.કોપોરેશન તરફથી બદલી આપવામાં આવે છે.

કાઉન્સીલરશ્રીના બજેટમાંથી વોટર પાઈપ લાઈનના ૮.૩૦ લાખના કામો કરેલ છે, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ૦.૮૪ લાખના કામો કરેલ છે, રેવન્યુ ગ્રાન્ટમાંથી ૩૬.૫૩ લાખના કામો કરેલ છે. તેમજ કેપીટલ વર્કૂ એકાઉન્ટમાંથી ૧૦૪.૦૦ લાખના કામો કરેલ છે.

**<u>બિલ્ડીંગ વિભાગ :-</u>**

આ વિભાગ મારફતે મ્યુનિ.કોપો.ની હદમાં પશ્રિમ ઝોનમાં આવતા નવ વોર્ડ પાલડી, વાસણા, ગાંધીગ્રામ,નવરંગપુરા, સ્ટેડિયમ,નારણપુરા,નવાવાડજ,જુનાવાડજ સાબરમતીમાં આવતી મ્યુનિસિપલ મિલ્કતો જેવી કે કોમ્યુનીટી હોલો, ગ્રંથાલયો, વાંચનાલયો, બાલભવનો, રમત ગમતના મેદાનો, હોસ્પીટલો, મેટરનીટી હોમ, સ્નાનાગારો, સ્મશાનગૃહો, બગીચાઓ, શાળાના મકાનો, મધ્યાહન ભોજન રસોઈ કેન્દ્રો, માર્કેટૉ, મીની સ્ટોલો, મ્યુનિ.હોસ્પીટલો માટેના મકાનો, મહુંમ પુરુષોની પ્રતિમાઓ, ઓકટ્રોનાકા, સંસ્કાર કેન્દ્રો, સ્ટાફ કવાટર્સ, મ્યુઝીયમ, મસ્ટર સ્ટેશનો, ફાયરબ્રિગેડ સ્ટેશનો, ટાગોરહોલ, ટાઉન હોલ, સ્લમ કવાટર્સ વિગરે ના મકાનોમાં સુધારા વધારા કરવા, કેપીટલ તથા મરામત નિભાવના કામો જરૂરી જણાય તેવા કામોનું આયોજન કરી સુચીત કામોના અંદાજો વિગેરે તૈયાર કરી, જે તે સત્તાની મંજુરી મેળવી સ્થળ ઉપર કામો ચાલુ કરાવા, પુરા કરાવવાની કામગીરી આ વિભાગ ખોતથી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત જુદા-જુદા મહાનુભાવો-નેતાઓની જન્મ-પુણ્યતિથી પ્રસંગો ઉજવવા માટે તથા નવા મકાનોમં ખાતમુહુંત ઉદધાટન વિધી વિગેરે પ્રસંગોની ઉજવણીમાં કરવામાં આવતી સ્ટેજ,મંડપ વિગેરે બાંધવાની વ્યવસ્થા બિલ્ડીંગ ખાતેથી કરવામાં આવે છે.

પશ્રિમ ઝોન બિલ્ડીંગ ખાતા દ્રારા જુદા-જુદા સ્થળોએ કામ હાથ ધરવાનું થતુ હોઈ, જુદી-જુદી અનુકુળ આવેલ કુલ ૬ બિલ્ડીંગ મેન્ટેનન્સ સ્ટોર્સ દ્રારા રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોર્સમાંથી ઈસ્યુ કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત મ્યુ. કાઉન્સીલરશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

ગાંધીગ્રામ વોર્ડમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું કામ પૂર્ણ, જોગર્સ પાર્કનું કામ ચાલુ.

સ્વીમીંગ પુલ, સ્મશાનગૃહો તથા હોસ્પીટલો, દવાખાના વિ. નું રીપેરીંગ કામ કરાવવામાં આવે છે.

જુના વાડજ વોર્ડમાં સ્મશાનગૃહનું કામ ચાલુ.

સ્ટેડીયમ વોર્ડમાં સ્નાનાગારનું કામ ચાલુ.

હાલમાં વી.એસ. હોસ્પીટલ કમ્પાઉન્ડ ખાતે આવેલ મ્યુનિ.મેડીકલ કોલેજના ત્રીજા માળના એકસટેન્શનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

માનનીય કાઉન્સીલરશ્રીના બજેટમાંથી રૂા. ૩૬.૭૮ લાખના કામો થયેલા છે. કેપીટલ વર્કસ માંથી ૩૬.૧૦ લાખનું કામ થયેલ છે. રેવન્યુ એકાઉન્ટ માંથી રૂા. ૪૦.૧૧ લાખનું કામ થયેલ છે.

## ડ્રેનેજ -ખોદાણ-મેનહોલ તથા ૯૦ટ ૧૦ જાજરૂ બાંધવાની સ્કીમઃ-

ડ્રેનેજ વિભાગ દ્વારા ગટરની નવી લાઈનો નાંખવા, બદલવા, પ.જાજરુ તથા પેશાબખાના બનાવવા તથા જાજરૂ અને પેશાબખાનાના રીપેર કરવા સ્ટ્રોમ વોટર ડ્રેઈન તથા ગટરની લાઈનોનું ડીસીલ્ટીંગ કરવું તથા આ વિસ્તારમાં આવતી ડ્રેનેજ લાઈનોના ચોકીંગની સફાઈની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.પશ્ચિમ ઝોનના સમગ્ર વિસ્તારમાં લો-કોસ્ટ સેનીટેશનના પ્રોજેકટ અન્વયે ૯૦ X ૧૦ ના ૪ ના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ૨૨૯ બંધાયેલ નવા મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશન આપવાની કામગીરી પણ આ ખાતા મારફતે કરવામાં આવે છે.

## <u>ગલી ટ્રેપ સફાઈ :-</u>

પ.ઝોનમાં આવેલ રહેઠાણની ગલીટેપની સફાઈની રોજીંદી કામગીરી કરાવવામાં આવે છે તથા ગામતળના મકાનોના ગલી ટ્રેપના ઢાંકણા ફરીયાદો આવે પુરા પાડવામાં આવે છે તેમજ ખાસ પ્રસંગોએ ગલી ટ્રેપની સામુહિક સફાઈ પણ કરાવવામાં આવે છે.

## <u>ગલી ટ્રેપ ખોદાણ :-</u>

આ વિભાગ દ્વારા ખાચ કરીને ગલીટેપના ચોક અપ થઈ ગયેલા પાઈપો પંકચર કરી લાઈન ચાલુ કરાવવામાં આવે છે અને જો લાઈન ઉપર જુના ટી કનેકશનો હોય તો જરૂર પડે ફરીયાદોનો નિકાલ અર્થે મેનહોલ બનાવી ફરીયાદોનો કાયમી નિકાલ કરવામાં આવે છે.તદ્ઉપરાંત આ વિભાગ દ્વારા મેનહોલ ચેમ્બરને લગતું રીપેરીંગ કામો તથા તેની ઉપરનો તુટેલ તથા ચોરાયેલાં ઢાંકણા બદલવામાં આવે છે.આ ઉપરાંત જે તે વોર્ડમાં આવતા જાહેર શૌચાલયો તથા પે.ખાનાના પરચુરણ રીપેરીગ કામોની કામગીરી જેવી કે ડ્રેનેજ લાઈન બદલવા,ટવીન ચેમ્બર,સાયફન ટેંક, જાજરૂનું અંદરનું રીપેરીંગ, પાણીની લાઈન બદલવી વિગરે કામગીરી કરવામાં આવે છે.

## <u>મેનહોલ વિભાગઃ-</u>

ડ્રેનેજ લાઈનોની ચેકીંગની આવતી રોજબરોજની ફરીયાદોનો નિકાલ આ વિભાગ મારફતે થાય છે. જરૂર પડે તો જે તે જગ્યાએ મેનહોલની સફાઈ પણ કરવામા આવે છે જો લાઈનોમાં બેકીંગ તથા ચોકીંગ તથા ટ્રાફીકનું નડતર હોય તેવી જગ્યાએ રાત્રી સમય દરમ્યાન ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે. તથા ટોળાવર્ક, ગ્રેબ બકેટ, જેટીંગ/કમ્બાઈન્ડ મશીનોનો ઉપયોગ કરી લાઈન ચોકીંગની ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે.

- જાહેર શૌચાલયો તથા પેશાબખાના તથા એકટની કલમ ૧૮૮ મુજબ બનાવેલ જાજરૂના ડ્રેનેજ લાઈન તથા તુટેલા શીટ, ચેનલનો જરૂરી રીપેરીંગ કામો, ચૂટેલા બારણા વિગેરે બદલવા વિગેરે કામગીરી કરાવવામાં આવે છે.
- લોન્કોસ્ટ સેનીટેશન પ્રોજેકટ અન્વયે ૯૦ ટ ૧૦ ના સબસીડીના જાજરૂ નાંખવાની અરજીઓનો નિકાલ અત્રે થી કરવામાં આવે છે.મધ્યવર્ગના ઓછી આવકવાળા લોકલ માટે સબસીડીથી જાજરૂ બનાવવાની મંજુરી અત્રેથી આપવામાં આવે છે.
- ડ્રેનેજ કનેકશન માટે નવા મકાનો તથા હયાત મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશનની સવલત નીતી નિયમ પ્રમાણે ડ્રેનેજ લાઈનો નંખાવવાનો ચાર્જ તથા ડ્રેનેજ કનેકશન નો ચાર્જ ભરાવી ડ્રેનેજ કનેકશનો આપવામાં આવે છે.

- મા.સંસદ સભ્યશ્રીઓ,ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ હેઠળ, ડ્રેનેજ અને જાજરૂને લગતા કામો યોગ્ય સત્તાની મંજુરી મેળવી કામો કરાવવામાં આવે છે.
- રોગચાળા તેમજ ચોમાસા દરમ્યાન ખાતા મારફતે વધારાની કામગીરી યુધ્ધના ધોરણે કરાવવામાં આવે છે જેવી કે ડ્રેનેજ લાઈન તથા મેનહોલ સફાઈ જાજરૂના રીપેર વિગેરે કરાવવામાં આવે છે.
- આ ઉપરાંત ધારાસભ્યશ્રીઓના તથા કોપોરેટરશ્રીઓના તેમના ફાળવેલ બજેટ, રેવન્યુ તથા કેપીટલ બજેટમાં ખર્ચે પાડી જાજરૂ તથા ડ્રેનેજના કામો કરાવવામાં આવે છે.નાની-મોટી કુલ્લે ૧૭.૨૮ કી.મી. ડ્રેનેજ લાઈન નાંખવામાં આવેલ છે.
- ડીપાર્ટમેન્ટ તથા કોન્ટ્રાકટર દ્વારા જુદા-જુદા વોર્ડમાં ડ્રેનેજ લાઈન અને મેનહોલ ડીસીલ્ટીંગ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન મેનહોલ ખાતામાં રોજીંદા મજુરો રાખી જિલ્લા સફાઈની કામગીરી પણ

કરાવવામાં આવેલ છે.

## કેપીટલ વર્કસ :

**(અ) કેપીટલ વર્કસ પેટે ઝોનલ પ્રાયોરીટીના કામો :-**

ઝોનવાઈઝ પ્રાયોરીટી મુજબના કામો કેપીટલ બજેટમાંથી કરવાનું નકકી થયેલ, તે મુજબ જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, સેન્ટ્રલ વર્જ (સેન્ટ્રલ લાઈટીંગ સાથે)તથા અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુરી થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે મુજબ રોડ વિભાગમાં ૧૨૩.૦૭ લાખના, પાણી વિભાગમાં ૧૦૪.૦૦ લાખના તથા ડ્રેનેજ વિભાગમાં ૩૧.૯૫ લાખના, બિલ્ડીંગ વિભાગમાં ૩૮.૦૦ લાખના કામો, હાથ ધરવામાં આવેલ છે.

| મહાનગર સેવા સદન, અમદાવાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેપીટલ બજેટ (પ્રોજેકટ) વિકાસના કામોની વિગત (૨૦૦૮-૦૯ ) | | | | | | |
| અ.નં. | વોર્ડ | કામનુ નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં | કામની પ્રગતિ | ભૌતિક પ્રગતિ | કામ પૂર્ણ થવાની સંભવિત તારીખ |
| ૧ | પાલડી | પાલડી વોર્ડમાં એલીસબ્રીજ સ્મશાનગૃહની કમ્પાઉન્ડ વોલન ઉંચી કરી ગ્રીલ લગાવવા. | ૨૫.૦૦ | કામ ચાલુ | ૭૦% | |
| ૨ | સ્ટેડીયમ | સ્ટેડીયમ વોર્ડમાં સરદાર પટેલ સ્ટેડીયમાં મ્યુનિ.સ્વીમીંગ પુલ રી-ડેવલોપમેન્ટ કરવા. | ૬૪.૨૯ | કામ ચાલુ | ૯૦% | |
| ૩ | નવા વાડજ | નવાવાડજ વોર્ડમાં લાયબ્રેરી બનાવવા. | ૨૫.૦૦ | અંદાજ મંજુરીમાં | | |
| ૪ | નવા વાડજ | નવા વાડજ વોર્ડમાં સ્વીમીંગ પુલ બનાવવા. | ૨૫૦.૪૦ | કામ પુરુ | ૧૦૦% | |
| ૫ | નવા વાડજ | નવા વાડજ વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર અને ફીઝીયોથેરાપી સેન્ટર બનાવવા. | ૨૫.૦૦ | કામ પુરુ | ૧૦૦% | |
| ૬ | સાબરમતી | સાબરમતી વોર્ડમાં કૈલાસનગર, ભીલવાસ, દોલતનગર, અચેર ઠાકોર વાસના પબ્લીક ટોયલેટનું રીપેરીંગ કામ. | ૫.૦૦ | કામ ચાલુ | ૭૦% | |
| ૭ | નારણપુરા | નારણપુરા વોર્ડમાં લાયબ્રેરી | ૫૦.૦૦ | અંદાજ | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | મંજુરીમાં | | |
| ૮ | પાલડી | પાલડી વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા. | ૬૩.૦૦ | કામ ચાલુ | | |
| ૯ | નવરંગપુરા | નવરંગપુરા વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા. | ૪૦.૦૦ | કામ ચાલુ | ૧૦% | |
| ૧૦ | સાબરમતી | સાબરમતી વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા. | ૪૩.૦૦ | કામ પુરુ | ૧૦૦% | |
| ૧૧ | નારણપુરા | નારણપુરા વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા. | ૪૬.૦૦ | કામ પુરુ | ૧૦૦% | |
| ૧૨ | સ્ટેડીયમ | સ્ટેડીયમ વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા. | ૪૬.૦૦ | કામ ચાલુ | ૬૦% | |
| ૧૩ | વાસણા | વાર્સણા વોર્ડમાં સ્વીમીંગ પુલમાં ડોમ બનાવવા. | ૫૮.૦૦ | અંદાજ મંજુરી | | |

પશ્ચિમઝોનમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જુદા જુદા બજેટહેડ હેઠળ રોડ રીસરફેસ કરવા માટે જુદા જુદા વોર્ડમાંD.B.M. તથા A.C. એમ કુલ ૮૩,૫૫૦.૦૦ મે.ટન કામગીરી હાથ પર ધરવામાં આવેલ છે.

## ૪.૧૦ ઇજનેર ઉત્તર ઝોન

### ૦૮-૦૯

અમદાવાદ મ્યુ.કોપોરેશન ઝોન પ્રથા અમલી બનતા પૂર્વ વિસ્તારમાં ઉત્તર ઝોન ની રચના કરવામાં આવેલ છે.ઉત્તર ઝોન નો વિસ્તાર આશરે ૫૦ ચો.કિલો.મીટર અને તે સાથે ૧૦ ઇલેકશન વોર્ડ માં વહેચાયેલા દુરનો અને વિકસતો વિસ્તાર છે. આ ઝોનલ કચેરી મારફતે આ વિસ્તારમાં સઘન વિકાસ કરવા તથા પ્રજાને પાયાની સુવિધા જેવી કે પાકા રસ્તા ,પીવાનુ પાણી, ડ્રેનેજ લાઇન ,મ્યુ.દવાખાના અને શાળાઓને સુવિધા પુરી પાળવા તેમજ રોજ બરોજ ની પ્રજાકીય ફરિયાદોના નિકાલ અર્થે કામગીરી કરવામાં આવે છે.સને ૨૦૦૮/૦૯ વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી કરવામાં આવેલ છે

**રસ્તા પાકા તથા પહોળા કરવા :-** જુદા જુદા ૧૦ વોર્ડમાં વસતા નાગરિકોની સુવિધામાટે વર્ષ દરમ્યાન ૧૭.૯૨૦ કિ.મી લંબાઇના રૂા. ૧૯૯.૯૨ લાખના ખર્ચે રસ્તા પહોળા કરી પાકા કરવામાં આવેલ છે.

**રસ્તા રીસરફેશ :-** જયા જયા પાકા રસ્તાઓની ખરાબ થઇ ગયેલ તેવા રસ્તાઓને જરૂરીયાત મુજબ રસ્તા રીગ્રેડ કરી કુલ રૂા ૮૦૪.૦૧ લાખના ખર્ચે ૩૭.૪૯૫ કિ.મીટર લંબાઇના રસ્તા રીસરફેશ કરવામાં આવેલ છે.

**વરસાદી પાણી નો નિકાલ :-** દર વર્ષની જેમ ચોમાસાની ઋતુ દરમ્યાન નિચાણવાળા વિસ્તારોમાં ભરાઇ જતા વરસાદી પાણીના નિકાલ અર્થે જુદા જુદા સ્થળોએ ફાઇટર પંપો મુકી પાણીનો નિકાલકેનાલ/ ડ્રેનેજમાં કરવામાં આવેલ છે. વરસાદીપાણીનો સહેલાઇથી અને ઝડપથી નિકાલ થાય અને પાણી ભરાઇ ન રહે તે માટે રૂા.૧૨.૩૧૦ લાખના ખર્ચે ૧૫૦ નંગ કેચપીટો બનાવેલ છે તથા નાળાઓની સફાઇ કરાવેલ છે. તથા ચોમાસા પુરવે પ્રી-મોન્શુન એકશન પ્લાન હેઠળ તથા વર્ષ દરમ્યાન ૨૮૭૫ જેટલી કેચપીટો અવારનવાર સાફ કરાવેલ છે.તથા જરૂરીયાત મુજબ પાઇપ લાઇનો નાંખવામાં આવેલ છે.૧૩૨ ફુટ રોડ બાપુનગર દિનેધ ચેમબરથી મેમ્કો ચાર રસ્તા સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ.વો.ડ્રેનેજ નાંખવાનું અંદાજીત રૂા.૪ કરોડ નું કામ ચાલુ છે.

**મરામતના કામો :-** વર્ષ દરમ્યાન પાકા રસ્તાઓ પર પડેલા ખાડા પુરાવવા, રસ્તાઓ લેવલ કરવા ,નાના તથા હેવી પ્રકારના કુલ ૪૨૫૨ ચો.મી પેચ વર્કના કામો રૂા.૧૨.૭ લાખના ખર્ચે તથા પ્રજાની ફરિયાદ અનુસાર જુદા જુદા સ્થળોએ રસ્તાના મરામત કામો કરાવવામાં આવેલ છે વળી રાહદારીઓને ચાલવા માટે ફુટપાથના પથ્થરો લેવલ કરવામાં આવેલ છે.

**વિશિષ્ટ કામગીરી :-** સંસદ સભ્યશ્રી ઓ/ ધારાસભ્યશ્રીઓ અને મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓની ભલામણ અનુસાર ફાળવેલ વર્ષ દરમ્યાન ચાલીઓમાં ૮૬.૮૪ લાખના ખર્ચે ૩૬૩૩૦ ચો.મીટર પથ્થર પેવીગના કામો કરાવવામાં આવેલ છે અને ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ હેઠળ પથ્થર પેવીગની સુવિધા આપવામાં આવેલ છે .

**ડ્રેનેજ ના કામો :-** સને ૨૦૦૮/૦૯ના વર્ષ દરમ્યાન ઉત્તર ઝોનના ૧૦ વોર્ડમાં ટી.પી રસ્તાઓ,ચાલીઓ સોસાયટીમાં ગંદા પાણીના પ્રશ્નો અને નિકાલ કરવા માટે જુદા જુદા ડાયા મીટરની કુલ ૧૩.૯૯૫ મીટરની લંબાઇમાં રૂા.૧૨૮.૪૫ લાખના ખર્ચે ડ્રેનેજ લાઇનો નાંખવામાં આવેલ છે ગંદા પાણીના નિકાલ કરવા માટે ની સુવીધા આપેલ છે.

**લો-કોસ્ટ સેનીટેશન ૯૦/૧૦ સ્કીમ :-** વર્ષ દરમ્યાન ઉત્તર ઝોનના જુદા જુદા વિસ્તારોમાં વસતા ઓછી આવક ધરાવતા કુટુબોની ચાલી,ઝુંપડા તથા સ્લમ જેવી જગ્યાઓમાં લો-કોસ્ટસેનીટેશન ૯૦/૧૦ સ્કીમ હેઠળ સંડાશ બનાવવામાં આવેલ કુલ માંગણીઓ પૈકી ૩૩૧જેટલા જાજરૂ બાધવાની સુવિધા આપવમાં આવેલ અને રૂા.૯.૩૩ લાખ સબસીડી પેટે ચુકવવામાં આવેલ છે.

**શૌચાલ્ય અને ડ્રેનેજ કનેકશન :-** વર્ષ ૨૦૦૮/૦૯ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમા રૂા ૮.૯ લાખના ખર્ચે ૨નંગ પે એન્ડ યુઝ ટોઇલેટ બાંધવામાં આવેલ છે. તથા૧૨ નંગ શૌચાલય ૩.૨૨ લાખના ખર્ચે અધતન કરેલ છે.હયાત ૩૩૬ પેશાબ સંડાશ રૂા.૬૩.૦૬ લાખના ખર્ચે રીપેરીગ કરેલ છે. તથા માંગણી મુજબ ડ્રેનેજ લાઇનના ૩૫૨ કનેકશનો આપવામાં આવેલ છે.

**મરામતના કામો :-**૧૦ વોર્ડમા જુદા જુદા વિસ્તારોમાં આવેલ ૯ જેટલા પંમ્પીગ સ્ટેશનો મારફતે ગંદા પાણી નો નિકાલ કરવામાં આવેલ છે. અને ૦૮/૦૯ માં ૫૧૪૮૪ નંગ મેનહોલની સફાઇ કરાવેલ છે. ડ્રેનેજ લાઇનોમાથી સીલ્ટ કઢાવેલ છે. ૮ સ્થળો એ ડ્રેનેજ લાઇનોમાં ઓવરફલો અને ચોકીગ દુર કરવામાં આવેલ છે. ગંદા પાણીના નિકાલ અર્થે જરૂરીયાત વાળા

સ્થળોએ રૂા. ૬૧.૩૨ ના ખર્ચે ૫૮૨ મેનહોલ અને ચેમ્બર બનાવવામાં આવેલ છે. અને ૭૦ નંગ ડ્રેનેજ લાઇનનોના બ્રેક ડાઉન રૂા ૨૫.૨૯ લાખના ખર્ચે રીપેરીંગ કરવામાં આવેલ છે. તથા ૧૨૩૩ નંગ મેનહોલ ચેમ્બર રીપેરીંગ કરવામાં આવેલ.

**<u>પાણી અંગેના કામો</u>** :- ઉત્તર ઝોનના વિવિધ વિસ્તારોમા પીવાના પાણી નો પ્રશ્ન હલ કરવામાટે પ્રશર સુધારણા તથા પાણીની મુળભુત જરૂરીયાત સંતોષવા જુદા જુદા ડાયામીટર ની કુલ ૧૩.૧૪૯ કિ.મીટર લંબાઇની પાણીની પાઇપલાઇનો રૂા ૧૫૭.૧૭ લાખના ખર્ચે વર્ષ દરમ્યાન નાંખવામાં આવેલ છે.૧૮ ટ્યુબવેલ સ્ટેશનો મારફતે દૈનિક ૧૬૮ લાખ ગેલન જેટલો પાણી પુરવઠો આપવામાં આવેલ છે. તથા આ ટ્યુબવેલ સ્ટેશનો મારફતે વિવિધ વિસ્તારોમા પીવાના પાણીનુ પ્રેશર અને લેવલ જાળવી રાખવામાં આવેલ છે. અને પ્રજાને પુરતા પ્રમાણમા પાણી પુરુ પડાય છે. તથા ટ્યુબવેલ સ્ટેશનોમા જરૂરી સાફ સફાઇ સાર સંભાર રાખવામાં આવેલ છે.

**<u>વોટર કનેકશન</u>** :: જુદા જુદા વિસ્તારોમા વસતા રહીશોની માંગણી મુજબ જુદા જુદા ડાયા મીટરની કુલ ૧૦૬૩ જેટલા ઘર વપરાશ માટે અને ૩૩ જેટલા ધંધાર્થે મીટર થી પાણી ના કનેકશનો આપવામાં આવેલ છે.

**<u>પબ્લીક ટેપ :-</u> ઉત્તર ઝોનના** જુદાજુદા **વોર્ડમા રૂા. ૨.૧૧** લાખના ખર્ચે ૧૮ નવી પબ્લીક ટેપો નાંખવામાં આવેલ છે.

**<u>મ્યુનિ. મિલ્કતો કામો</u>** :- સ.ને ૨૦૦૮/૦૯ ના વર્ષમાં ઝોન વિસ્તારમાં આવેલી મ્યુનિ.મિલ્કતો જેવી કે દવાખના ,પ્રસુતિગૃહો.તથા શાળોઓમા સુધારા વધારા અને મરામતના કામો કરાવવામાં આવેલ છે. ઉત્તર ઝોનના નાગરિકોને માંદગી સમયે સારવાર પુરી પાડવી એક માત્ર જનરલ હોસ્પીટલ શા.ચી.લા માં નવુ ઓ.પી.ડી સંકુલ બનાવવાનુ કામ પુરુ કરેલ છે. જણાવેલ બાબતો ઉપરાત વર્ષે ૨૦૦૮ /૦૯ દરમ્યાન પ્રજાકીય કામો કરવામાટે મ્યુ.કોપોરેશનના જનરલ બજેટમાં રોડ,પાણી,ડ્રેનેજ અને r*f*Ozekk,,ના કામો તેમજ મરામત અને નિભાવના કામો કરાવવામાં આવેલ છે.

ઉત્તર ઝોનમા વસતા નાગરિકોને વધુમાં વધુ પાયાની સુવીધા પ્રાપ્ય બને તથા તેઓની સુખાકારી શિક્ષણ અને સ્વાસ્થ માં વધારો થાય તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે ઉત્તર ઝોનમાં વિકાસના કામો માં,નરોડા મુઠીયા,અસારવા વોર્ડમા તળાવ ડેવલોપ કરવાનુ કામ તથા પોર્ટલીયા વોર્ડમા સ્પોર્ટ કોમ્પ્લેક્ષ બનાવવાનુ કામ ચંદ્રપ્રકાશ દેસાઇ હોલ પાસે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનુ કામ ચાલુ છે. નરોડા મુઠીયા વોર્ડમા કોમ્યુનીટી હોલ બનાવવાનુ કામ પૂર્ણ કરેલ છે .સરસપુર વોર્ડમા શા.ચીલા જનરલ હોસ્પીટલમાં નવા ઓ.પી.ડી કોમ્પ્લેક્ષ ઉપર વધારાના પાંચ માળ બનાવવાનું કામ ચાલુ છે, તથા શા.ચી.લા હોસ્પીટલમા રેડીયોલોS તથા પેથોલોS વોર્ડમાં સુધારા વધારાનું કામ ચાલુ છે નાગરીકોની ફરિયાદોનો નિકાલ થાય તે ખાસ જોવામાં આવે છે.જુદા જુદા વોર્ડમા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્ર.વો.ડ્રે ના કામો ચાલુ છે .વોર્ડમાંથી આવતી ફરિયાદો તથા નાગરીકોના પ્રશ્નોનું યોગ્ય સમય સર નિકાલ થાય તે હેતું થી સમયાન્તરે અવલોકન અને મોજણી કરવામાં આવે છે. વોર્ડમાંથી ઉપસ્થીત તથા પ્રશ્નોનું નિરાકરણ લાવવા ચર્ચાઅને છણાવટ કરવા ઝોન કક્ષાએ ડે.મ્યુ.કમિશનરશ્રી(ઉત્તરઝોનના)અધ્યક્ષ સ્થાને એક મીટીંગ નું આયોજન કરવામાં આવે છે. જેમાં વોર્ડના ધારા સભ્યશ્રીઓ તથા મ્યુ.કાઉનસીલરશ્રી ઓને પણ આમંત્રણ આપીને પ્રશ્નોનો ઉકેલ કરાય છે.

ઉપરોકત સઘળી માહિતી જણાવ્યા પ્રમાણે ઉત્તરઝોન સરળ પારદર્શક અને લોકાભીમુંખ વહિવટી દ્રષ્ટિ રાખી નાગરીકોના પ્રશ્નોનો નિકાલ કરવામમાં આવે છે.

<u>**વર્ષ ૨૦૦૮ /૦૯ વાર્ષિક અહેવાલ**</u>

| અ.ન | વિગત | જથ્થો | ખર્ચ ( લાખમાં) |
|---|---|---|---|
| ૧ | **રસ્તા પાકા કર્યા** | **૧૭.૬૧૦** | **૧૯૯.૯૨** |
| ૨ | રસ્તા રીસરફેશ કર્યા | ૩૭.૦૯૫ | ૮૦૪.૦૧ |
| ૩ | નવી કેચપીટ બનાવી | ૧૫૦ | ૧૩.૬૪૫ |
| ૪ | કેચપીટ  સફાઇ | ૨૮૭૫ | ૧.૪૮ |
| ૫ | પથ્થર પેવીંગ | ૩૬૩૩૦ | ૮૬.૮૪ |
| ૬ | ડ્રેનેજ લાઇન નાંખી | ૧૪.૬૪૫ | ૧૨૮.૪૫ |
| ૭ | પાણી ની લાઇના નાંખવી | ૧૩.૨૪૨ | ૧૫૭.૧૭ |
| ૮ | ૯૦/૧૦ ની સ્કીમ હેઠળ જાજરૂ બાંધ્યા | ૩૩૧ | ૯.૩૩ |
| ૯ | પાણીના નવા કનેકશનો આપ્યા<br>પી.આર.સી કનેકશન | ૯૭૨<br>૩૬<br>૧૦૦૮ | ૦<br>૦ |
| ૧૧ | ડ્રેનેજ કનેકશનો આપ્યા | ૩૫૨ | ૦ |
| ૧૨ | પબ્લીક ટેપ બનાવી | ૧૮ | ૨.૧૧ |
| ૧૩ | પે એન્ડ યુઝ જાજરૂ બાંધ્યા | **૨** | **૮.૯** |
| ૧૪ | પબ્લીક ટોઇલેટ રીપેર/ અધતન કર્યા | **૩૩૬** | **૬૩.૦૬** |
| ૧૫ | મેનહોલ સફાઇ | **૫૧૪૮૪** | **૩૧.૭૫** |
| ૧૬ | ડ્રેનેજ લાઇન ડીસીલ્ટીગ | **૬૩૬૬.૨૫** | ૭.૭૫ |
| ૧૭ | મેનહોલ ચેમબર બનાવ્યા | **૫૮૨** | ૬૧.૩૨ |
| ૧૮ | મેનહોલ ચેમબર રીપેરીગ કર્યા | **૧૨૩૩** | ૧૨.૦૭ |
| ૧૯ | ડ્રેનેજ લાઇનના બ્રેક ડાઉન રીપેરીગ કર્યા | **૭૦** | **૧૯.૨૩** |

## પત્રક ૪.૧૦.૧

### અહેવાલી વર્ષ સને ૨૦૦૮-૦૯ દરમ્યાન ઉતરઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક

| અ. નં | વોર્ડ નું નામ | નવા રસ્તા બનાવ્યા કી.મી. | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી કી.મી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી કી.મી | નવી સ્ટ્રો.વો.ડ્રે. નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેક્શન આપ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મીટર વગર વસવાટ માટે | મીટરથી બીન વસવાટ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | સૈજપુર બોઘા | ૨.૭૯૦ | ૩.૯૧૦ | ૨.૬૮૦ | ૨.૦૬૨ | ૨.૬૮૦ | ૨૦૬ | ૨૦૬ | ૦ | ૨૦૬ |
| ૨ | સરસપુર | ૦.૮૨૦ | ૨.૦૪૦ | ૧.૧૯૫ | ૦.૬૮૦ | ૧.૧૯૫ | ૪ | ૭૯ | ૦ | ૭૯ |
| ૩ | પોટલીયા | ૦.૦૦૦ | ૫.૧૫૦ | ૧.૦૫ | ૩.૦૦ | ૧.૦૫૦ | ૨ | ૮૪ | ૦ | ૮૪ |
| ૪ | ઠક્કરબાપાનગર | ૧.૪૦૦ | ૪.૦૦૦ | ૧.૦૦૦ | ૦.૫૦૦ | ૧.૦૦૦ | ૨૦ | ૨૫ | ૦ | ૨૫ |
| ૫ | નરોડા મુઠિયા | ૩.૯૦૦ | ૩.૦૦૦ | ૧.૦૫ | ૦.૫૦૦ | ૧.૦૫૦ | ૩૫ | ૨૧૭ | ૩૩ | ૨૫૦ |
| ૬ | નરોડા રોડ | ૦.૦૦૦ | ૩.૦૦૦ | ૧.૧૦૦ | ૦.૮૦૦ | ૧.૧૦૦ | ૧૨ | ૨૯ | ૦ | ૧૯ |
| ૭ | સરદારનગર | ૨.૫૦૦ | ૫.૭૨૫ | ૧.૬૨૦ | ૨.૨૦૦ | ૧.૬૨૦ | ૪૦ | ૨૬૫ | ૦ | ૨૬૫ |
| ૮ | કુબેરનગર | ૧.૨૦૦ | ૫.૬૫૦ | ૨.૫૫૦ | ૨.૭૦૦ | ૨.૫૦૦ | ૨૫ | ૩૫ | ૦ | ૩૫ |
| ૯ | અસારવા | ૧.૦૦૦ | ૪.૬૨ | ૧.૪૦૦ | ૦.૮૦૦ | ૧.૪૦૦ | ૨ | ૨૩ | ૧ | ૨૪ |
| ૧૦ | નવા નરોડા રોડ | ૪.૦૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | ૦ | ૧.૦૦૦ | ૬ | ૯ | ૨ | ૧૧ |
| | કુલ | ૧૭.૬૧૦ | ૩૭.૦૯૫ | ૧૪.૬૪૫ | ૧૩.૨૪૨ | ૧૪.૫૯૫ | ૩૩૬ | ૯૭૨ | ૩૬ | ૧૦૦૮ |

## ૪.૧૧ ઈજનેર દક્ષિણઝોન

૦૮-૦૯

ઈજનેર દક્ષિણ ઝોનની કામગીરી એડી.સી.ઇ.શ્રી, ડે. મ્યુ.કમિ.શ્રી ની સીધી દેખરેખ હેઠળ સંભાળે છે. આ વિભાગમાં કુલ ૮ વોર્ડ આવેલા છે. મણિનગર, કાંકરિયા, બહેરામપુરા, દાણીલીમડા, વટવા, ઈસનપુર, બાગેફિરદોસ,લાંભા અહીં રોજબરોજનાં પ્રજાકીય કામો કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ ઝોન દ્વારા નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

**(૧) રસ્તા વિભાગના કામો :-**

દક્ષિણઝોનમાં જુદા જુદા વોર્ડમાં વર્ષ દરમ્યાન રૂા.૯૦.૫૭ લાખના ખર્ચે ૧૨.૭૦ કિ.મી. લંબાઇના રસ્તા પહોળા કરવામાં આવ્યા છે. અને રૂા.૧૭૬.૫૬ લાખના ખર્ચે ૧૭.૨૫ કી.મી.લંબાઈના રસ્તા નવા બનાવેલ છે તથા રૂા.૮૩૭.૦૦ લાખના ખર્ચે રૂા.૨૮.૪૫ કી.મી. લંબાઇના રસ્તા રીસરફેસ કરવામાં આવ્યા છે.વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ લાઇન નાખી ૫૪ કેચપીટ રૂા.૨.૪૩ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.૧૦.૪૧ કી.મી.સ્ટ્રોમ વોટર ડ્રેઇન રૂા.૫૨૯.૧૫ લાખના ખર્ચે નાખવામાં આવી છે.જી.આઇ.ડી.સી. વિસ્તારમાં કાચી નીકો તૈયાર પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે તથા નીકો સાફ કરવામાં આવી છે.

**(૨) ડ્રેનેજ વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૧૧.૪૦ કી.મી ની નવી ડ્રેનેજ લાઈન રૂા.૧૧૨.૦૫ લાખના ખર્ચે નાખવામાં આવી છે.રૂા.૧૯.૨૦ લાખના ખર્ચે ૨૧૮ નવા મેનહોલ બનાવવામાં આવેલ છે. તથા લો કાસ્ટ સેનીટેશનની ૯૦/૧૦ સ્કીમ હેઠળ ૩૦ જાજરૂ બાંધવાની મંજુરી આપવામાં આવી છે.

**(૩) પાણી વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૨૬ નવી પબ્લીક ટેપો નાંખવામાં આવેલ છે. ૧૯ જુની પબ્લિક ટેપોની મરામત કરાવવામાં આવી છે. પાણીની નવી ૧૫.૧૮ કિ.મી.ની પાઇપ લાઇનો રૂા.૧૩૩.૪૦ લાખના ખર્ચે નાખેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૦૪૧ ઘર વપરાશના મીટર વગરના પાણીના કનેકશન આપવામાં આવ્યા છે.૫ નંગ બિન વસવાટ માટે કનેકશન આપવામાં આવ્યા છે.૩૬૭ જગ્યાએ પાણીની લાઇનોનું વોશ આઉટ કરી ઓછુ પ્રેશર જણાય ત્યાં તેને સુધારવાની કામગીરી કરવામાં આવી છે.નાની મોટી લાઇનોના કુલ ૬૨૯૭ લીકેજ દુર કરવામાં આવ્યા છે.૧૦૧ જેટલી જગ્યાએ ઘરવપરાશની સડેલી મીટર નળીઓ બદલી તેમજ ૩૬૭ જગ્યાએ પાણીની લાઇનના છેડાઓ વોશ આઉટ કરવામાં આવ્યા છે.

**(૪) બિલ્ડીંગ વિભાગના કામો :-**

મ્યુ.માલિકીનાં અગત્યનાં અને લોકોપયોગી મકાનોમાં જરૂરી સુધારા-વધારા કરવા, તથા કેપીટલ અને મરામત નિભાવનાં કામો કરવામાં આવ્યા છે. અહેવાલી વર્ષમાં કોર્પો.નાં રેવન્યુ એકાઉન્ટમાં ખર્ચ પાડી કુલ ૮૪૦ કામો રૂા.૨૨૯.૨૯ લાખના ખર્ચે તથા કેપીટલ એકાઉન્ટમાં ખર્ચ પાડી કુલ ૨૪૨ કામો રૂા.૧૪૨૮.૮૪ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

અહેવાલી વર્ષ દરમ્યાન રોડ, પાણી, બિલ્ડીંગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના અને સ્ટ્રોમ વોટર ડ્રેઇનને લગતા કુલ ૩૩ કામો રૂા.૩૮.૯૦ લાખના ખર્ચે માન. ધારાસભ્યશ્રીનાં બજેટમાંથી કરવામાં આવેલ છે. રોડ, પાણી, બિલ્ડીંગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના, સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા બીલ્ડીગને ને લગતાં ૩૦ કામો રૂા.૪૮.૩૭ લાખનાં ખર્ચે માન.સંસદ સભ્યશ્રીનાં બજેટમાંથી કરવામા આવ્યા છે. રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના

અને સ્ટ્રોમ વોટર ડ્રેઈનને લગતા ૩૩૮ કામો રૂ.૧૩૮.૦૦ લાખના ખર્ચે મ્યુનિ.કાઉન્સીલર શ્રીના બજેટમાંથી કરવામાં આવ્યા છે.

ઈજનેર દક્ષિણ ઝોનનાં વોર્ડ વાઈઝ કરવામાં આવેલ કામોની માહિતી દર્શાવતુ પત્રક ૪.૧૧.૧ આ સાથે સામેલ છે.

**પત્રક ૪.૧૧.૧**

**અહેવાલી વર્ષ સને ૨૦૦૮-૦૯ દરમ્યાન દક્ષિણઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક**

| અ. નં | વોર્ડ | નવા રસ્તા બનાવ્યા કિ.મી. | નવા પહોળા કરેલ રસ્તા કી.મી. | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડેનેજ લાઈન બનાવી નાંખી કી.મી. | નવી પાણીની લાઈન | નવી સ્ટ્રો.વો.ડ્રે. નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેકશન ઘરવપરાશ | બીન વસવાટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મણીનગર વોર્ડ** | **૧.૦૦** | **૩.૦૦** | **૯.૦૦** | **૦.૧૫** | **૦.૧૮** | **૦.૨૦** | **૧૦.૦૦** | **૪૪.૦૦** | **૨.૦૦** |
| ૨ | કાંકરીયા વોર્ડ | ૦.૧૫ | ૦.૦૦ | ૦.૫૦ | ૪.૫૦ | ૪.૭૦ | ૦.૨૦ | ૪.૦૦ | ૧૦.૦૦ | ૩.૦૦ |
| ૩ | બહેરામપુરા વોર્ડ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૧.૦૦ | ૦.૯૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | દાણીલીમડા | ૦.૦૦ | ૨.૧૦ | ૩.૭૫ | ૧.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | બાગે ફિરદોશ વોર્ડ | ૦.૦૦ | ૧.૪૦ | ૧.૪૦ | ૨.૦૦ | ૧.૬૦ | ૦.૦૦ | ૩.૦૦ | ૬૮૫.૦૦ | ૦.૦૦ |
| ૬ | ઈશનપુર વોર્ડ | ૧.૧ | ૫.૫૦ | .૧.૫૦ | ૧.૨૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૩૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | વટવા વોર્ડ-૧ | ૮.૦૦ | ૦.૦૦ | ૧.૩૦ | ૧.૦૦ | ૪.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ |
| ૮ | વટવા વોર્ડ-૨ | ૩.૦૦ | ૦.૭૦ | ૨.૫૦ | ૦.૫૫ | ૦.૮૦ | ૮.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | લાંભા | ૪.૦૦ | ૦.૦૦ | ૬.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | કુલ | ૧૭.૨૫ | ૧૨.૭૦ | ૨૮.૪૫ | ૧૧.૪૦ | ૧૫.૧૮ | ૧૦.૪૦ | ૫૪.૦૦ | ૧૦૪૧.૦૦ | ૫.૦૦ |

**વર્ષ દરમ્યાન મ્યુનિ. કોર્પો. દ્વારા દક્ષિણઝોન ઈજનેર ખાતાને ફાળવેલ બજેટ અને ગ્રાન્ટ મુજબ નવા કામો તથા મરામતના કામો નીચે જણાવ્યા મુજબ છે.**

| **અ.નં.** | **ગ્રાન્ટનું નામ** | **પડેલ ખર્ચ રૂ. (રૂા. લાખમાં)** | **રીમાકર્સ** |
|---|---|---|---|
| ૧ | માન,સંસદસભ્ય શ્રી | ૪૮.૭ | |
| ૨ | માન.ધારાસભ્ય શ્રી | ૩૮.૯૦ | |
| ૩ | માન.મ્યુનિ.કાઉન્સીલર શ્રી | ૧૩૮.૦૦ | |
| ૪ | રેવન્યુ એકાઉન્ટ | ૨૨૯.૩૬ | |
| ૫ | કેપીટલ એકાઉન્ટ | ૩૩૨૯.૨૦ | |
| | **કુલ** | ૩૭૮૩.૮૩ | |

# ૪.૧૨ ઈજનેર ખાતુ, નવા પશ્ચિમ ઝોન.

૦૮-૦૯

નાગરિકોને સેવા મેળવવા માટે ઉચ્ચ અધિકારી સુધી જવુ ન પડે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા વહીવટનું વિકેન્દ્રીકરણ કરીને શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને છ ઝોનમાં વિભાજન કરેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી પશ્ચિમ ઔડા વિસ્તારના ૧૨ ન.પા. અને ૧૮ ગ્રા.પં. વિસ્તારનો સમાવેશ નવા પશ્ચિમ ઝોનમાં કરવામાં આવેલ છે. જેમાં માત્ર વહીવટી વ્યવસ્થા માટે ૯ વોર્ડમાં વિભાજન કરવામાં આવેલ છે. એટલે કે સરખેજ, બોડકદેવ, વેજલપુર, થલતેજ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, રાણીપ, કાળી, જોધપુર નો સમાવેશ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન દ્વારા દરેક વોર્ડમાં નાગરિકોને મ્યુનિ.કોર્પોરેશનની ઈજનેર ખાતાને લગતી સેવાઓ જેવી કે પાણી,ગટર,રસ્તા, જાહેર શૌચાલયો વિગરે સેવાઓ સરળતાથી મળે તે માટે સબ ઝોનલ ઓફીસોમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સબ ઝોનલ ઓફીસોમાં જઈ નાગરિકો તે વોર્ડ માં આવતા વિસ્તારની તેમની ઉપરોક્ત સેવાઓને લગતી ફરિયાદો કોમ્પ્યુટર ઉપર રજીસ્ટર કરાવી શકે છે, અને તે રીતે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે.

**-: ઈજનેર પાણી વહેંચણી વિભાગની કામગીરી :-**

પશ્ચિમ ઔડા વિસ્તારમાં આવેલા ૩૫ ન.પા. ગ્રા.પં. વિસ્તારની આશરે ૧૨ લાખ વસ્તીને ભૂગર્ભ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રા.પં. / ન.પા. અથવા પ્રાઈવેટ બોર દ્વારા પાણી મેળવવામાં આવતું હતું. આ ભૂગર્ભ બોરના પાણીમાં ક્ષારનું પ્રમાણ ઘણું વધારે હોઈ આ વિસ્તારમાં નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવા માટે ઔડા દ્વારા પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવેલ અને તે મુજબ ઔડા દ્વારા આ વિસ્તાર માટે નર્મદા કેનાલ માંથી સને ૨૦૧૬ સુધી આ વિસ્તાર માટે ૨૭૫ મી.લી. પ્રતિદિન તથા સને ૨૦૩૧ સુધી માટે ૪૦૦ મી.લી. પ્રતિદીન પાણી નર્મદા કેનાલમાંથી મેળવવા માટે સરદાર સરોવર નિગમ લી. માંથી રાજ્ય સરકાર શ્રી ની સહાય માથી જરૂરી મંજુરી મેળવેલ અને જાસપુર ગામ પાસે ધોળકા બ્રાન્ચ કેનાલ માંથી નર્મદાનું રો વોટર મેળવી તેને શુધ્ધ કરવા માટેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધવામાં આવેલ છે આ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ૩૫ ગામોને શુધ્ધ કરેલ પાણી પહોંચાડવા માટેની આશરે ૯૪ કી.મી. લાંબી ટ્રંક મેઈન લાઈન નાંખવાની કામગીરી પણ ઔડા દ્વારા પુરી કરવામાં આવેલ છે. આ ૩૫ ગામો પૈકીના વધુ વસ્તી ઘનતા ધરાવતા ૧૬ ગ્રા.પં./ ન.પા. વિસ્તારના પાણી વિતરણ કરવા માટે જરૂરી નવી ભૂગર્ભ ટાંકીઓ તથા પંપહાઉસ સાથેના કુલ ૩૨ હેડવર્ક્સ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. તથા આશરે ૫૦૦ કીમી જેટલી પાણી વિતરણની પીવીસી પાઈપલાઈનો નાંખવાની કામગીરી કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો. દ્વારા પ્રથમ તબક્કા ના આ ૧૬ ગામો પૈકીના ૧૩ ગામોના જેવા કે કાળી, રાણીપ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, મેમનગર, થલતેજ, સોલા, બોડકદેવ, આંબલી, જોધપુર, વસ્ત્રાપુર, વેજલપુર અને સરખેજ વિસ્તારોના નવા બનાવેલ આશરે ૨૯ હેડવર્ક્સ દ્વારા ૧૦૭૧૪૭૫ વસ્તીને પંચાયત સમયના જુના હયાત આશરે ૮૯૫૬૬ કનેક્શન ધારકોને નવા હેડવર્ક્સ તથા હયાત ઓવરહેડ ટાંકીઓની મદદથી નર્મદાના શુધ્ધ કરેલ પાણી વિતરણ કરવાની કામગીરી આ વર્ષે શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ વિસ્તારની પ્રાઈવેટ બોર આધારિત અન્ય પ્રાઈવેટ સોસા. પૈકી ૭૧૨ કનેક્શનો દ્વારા ૩૪૮૪૬ વધુ વસ્તીને નર્મદાના શુધ્ધ કરલા પાણી પહોંચાડવાની કામગીરી કરવામાં આવેલ છે.

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા પહેલા આ ૧૩ ગામોમાં ચાલતા ૮૦ બોર ઉપરથી રોજ અપાતો પાણી પુરવઠો હવે બંધ કરી જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા માર્ચ - ૨૦૦૮ ના અંત સુધીમાં આશરે ૧૫૦ મિલિયન લીટર પાણી પુરવઠો પ્રતિદીન પુરો પાડવામાં આવે છે. મુળ યોજના મુજબ ૮૦ પૈકીના માત્ર ૫૦ બોર વિસ્તારોનો આ યોજનાની વિતરણ વ્યવસ્થામાં સામેલ કરવામાં આવેલ. આથી મ્યુ.કોર્પોરેશન દ્વારા બાકીના વધુ ૩૦ બોરોના આ યોજનાની લાઈનો સાથે જોડાણ કરવાની કામગીરી ચાલુ વર્ષે કરી તેઓને આ યોજનામાં સાંકળવામાં આવેલ છે. આમ આ વિસ્તારની કુલ વસ્તીને ઉચ્ચ ગુણવત્તા વાળા નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવાની સિધ્ધિ હાંસલ કરેલ છે અને સાથે સાથે ૮૦ બોરના વીજળીનાં બીલોની બચત કરેલ છે. આ બોરોને ચાલુ અવસ્થામાં રાખી જાસપુર થી મળતા પાણી પુરવઠામાં જી.ઈ.બી

પાવરકટ કે અન્ય કારણસર ઘટ પડે ત્યારે તેમાંથી પાણી પુરવઠો પુરો પાડી પ્રજાની પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયાસ કરવામાં આવે છે .

નવા.પ.ઝોનની હદમાં સમાવિષ્ટ ૩૦ ગ્રા.પં./ ન.પા. વિસ્તારો પૈકીના ઉપર દર્શાવેલ ૧૩ ગામ સિવાયના અન્ય ૧૭ ગામોના જે તે પંચાયત સમયે ચાલુ ૬૨ બોરો દ્વારા હયાત જુની વ્યવસ્થા મુજબની પાણી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલ છે અને આ તમામ બોરો ની મશીનરીની તથા ઇલેક્ટ્રીક પાવરની મરામત નિભાવની કામગીરી પણ જાળવી રાખવામાં આવેલ છે.

હાલ ચાલુ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થામાં ક્લોરીનેટેડ પાણી આપવા માટે મ્યુ.કોર્પોરેશન દ્વારા નવા ક્લોરીન ડોઝર લગાવવાની કામગીરી પણ ચાલુ વર્ષે પુરી કરવામાં આવેલ છે. આમ આ બોર ઉપરથી તથા નર્મદા યોજનાના હેડવર્ક્સ ઉપરથી અપાતો તમામ પાણી પુરવઠો આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

મુળ નર્મદા યોજના માં પ્રતિવ્યક્તિ ૧૪૦ લિટર પાણી મુજબ ૧ ઘરમાં એવરેજ ૫ વ્યક્તિ મુજબ ઘર દીઠ આશરે ૭૦૦ લિટર કે તેથી વધુ પાણી ૮ કલાકમાં પ્રતિદીન આપવાનું આયોજન હતું. પરંતુ તે વ્યવહારુ અને લોક અપેક્ષા મુજબનું ન હોઇ મ્યુ.કોર્પોરેશન દ્વારા પંચાયતની જુની વ્યવસ્થા મુજબ હયાત કનેકશન ધારકોને પાણી આપવાનું ચાલુ રાખેલ છે તથા નવા કનેકશન ધારકોને ૮ કલાક ને બદલે ૨ કલાકમાં તેટલું જ પાણી આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે અને આ માટે નર્મદા યોજના અન્વયે નાખવામા આવેલ પાઇપલાઇનોના નેટવર્ક માં જરૂરી સુધારા વધારા કરવાની કામગીરી માં પણ જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ છે. નર્મદા યોજનામાં નાંખવામાં આવેલ પાણીની લાઇનો પીવીસીની હોવાથી તથા પંચાયત સમયની જુની હયાત લાઇનો પીવીસી અથવા એસી અથવા આરસીસી પાઇપ હોવાથી તેમાં જોવા મળતા લીકેજ તથા પોલ્યુશનના વધારે પ્રમાણને ધ્યાનમાં રાખતા તબક્કા વાર આ વિસ્તારમાં નવી ડી.આઇ. પાઇપલાઇન નાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૮૦ થી ૨૦૦ મીમી સુધી આશરે ૨૫.૭૪ કીમી લંબાઇની તથા ૨૦૦મીમી થી વધુ મોટી આશરે ૧૨.૪૮ કીમી ની મળીને કુલ ૩૮.૨૧ કીમી નવી લાઇનો નાખવાની કામગીરી કરવામાં આવેલ છે.

નવા.પ.ઝોનના ચાલી તથા ઝૂપડા વિસ્તારોમાં રહેતા ઓછી આવક વાળા શ્રમજીવી વર્ગને પણ નર્મદાના શુધ્ધ કરેલ પાણી મળી રહે તે હેતુથી રાણીપ, બોડકદેવ, થલતેજ વિગેરે વિસ્તારોમાં થઇ કુલ ૩૨ સ્થળોએ નવી પબ્લીક ટેપ મુકવાની કામગીરી કરવામાં આવેલ છે.

-: ઈજનેર રોડ વિભાગ ની કામગીરી :-

નવા.પ.ઝોનના આશરે ૧૯૨ કીમી વિસ્તારમાં આવેલા ૧૨ ન.પા. તથા ૧૮ ગ્રા.પં પૈકી ના ૧૩૨ ફૂટ રીંગ રોડ તથા એસ.જી.હાઇવે વચ્ચેના વિસ્તારના ૨૦ ટીપી વિસ્તારમાં રસ્તાઓના વિકાસ મરામત નિભાવની કામગીરી ન.પા. તથા ઔડા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી હતી. આ સિવાયની અન્ય નવી ટીપી સ્કીમોના વિસ્તારોમાં ડ્રાફટ ટીપી સકીમ મુજબ નવા રસ્તા ખોલવાની તથા તેનો વિકાસ અને મરામત નિભાવની કામગીરી ઔડા દ્વારા કરવામાં આવતી હતી.

મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવેશ થયા બાદ નવેમ્બર - ૨૦૦૭ પછી આ રસ્તાઓ માં અન્ય સર્વિસિસ માટે થયેલા ખોદાણકામો કે પાણીના ભરાવાને કારણે રસ્તા તુટવાના કીસ્સા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળેલ છે. આવા રસ્તાઓના મરામત નિભાવની કામગીરી પેચવર્ક દ્વારા મ્યુ.કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ અને ચાલુ વર્ષે મ્યુ.કોર્પોરેશનના મેટલ ડેપો ઉપરથી તથા કોન્ટ્રાકટર પાસેથી આશરે ૭૫૩૦ મે.ટન હોટમીક્ષ મટીરીયલ મેળવી પેચવર્કનાં કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત અગ્રતાના ધોરણે આશરે ૧૮.૦૦ કીમી રસ્તા પહોળા કરવાની તથા ૫.૨૪ કીમી રોડ નવા બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આશરે ૩૩.૦૦ કીમી લંબાઇના રોડ રીસરફેસ કરાવાની કામગીરી કરાવમાં આવેલ છે. તથા હાલમાં બીજા આશરે ૧૪ કી.મી. રસ્તા બનાવવા તથા પહોળા કરવાનુ કામ ચાલુ છે.

વિકાસના તબક્કામાં હોવાથી ટેલીફોન, ઇલેક્ટ્રીક કેબલ તથા ગેસ જેવી પાઇપલાઇન નાંખવાના કામો પ્રગતિમાં હોઇ આ ચાલુ કામોના કારણે થનાર ખોદાણ ને ધ્યાનમાં રાખી વધુ વિસ્તારોમાં રોડ વાઇડનીંગ તથા રીસરફેસનાં કામો આ ખોદાણનાં કામો પુરા થયા બાદ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સને ૨૦૦૮-૦૯ માં કુલ રૂા.૨૦૨૩ લાખ ના ખર્ચે રોડના કેપીટલના કામો તથા અંદાજે રૂા.૯૫૦ લાખનાં ખર્ચે મરામત નિભાવના કામો રેવન્યુ બજેટ હેડ ખાતે ખર્ચો પાડી કરવામાં આવેલ છે.

-: ઈજનેર બિલ્ડીગ વિભાગ ની કામગીરી :-

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા બાદ નવા.પ.ઝોનના વિસ્તારમાં આવતી તમામ ૧૧ ન.પા. દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય કાર્યાલયોમાં કાળી, ચાંદલોડીયા, રાણીપ, ઘાટલોડીયા, થલતેજ, મેમનગર, વેજલપુર, સરખેજ, વસ્ત્રાપુર, જોધપુર, બોડકદેવ મ્યુ.કોર્પોરેશનની સબઝોનલ ઓફીસો તથા અન્ય ઓફીસો ની બેસવાની વ્યવસ્થા ગોઠવી આ વિસ્તારને પ્રજાની લોકસુખાકારીની પ્રાથમિક ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જગતપુર, ચેનપુર, ઓગણજ, ગોતા, ભાડજ, આંબલી, મકરબા, મક્તમપુરા, ની ગ્રા.પં. ઓફીસો દ્વારા પંચાયત સમયે અપાતી માળખાકીય સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવી હદના વિસ્તારોમાં ટેક્ષની નવી આકારણી થાય ત્યાં સુધી પંચાયત સમયે આકારણી મુજબ લેવાતા કરની પ્રથા ચાલુ રાખી અને ઉપરોક્ત ઓફીસો દ્વારા કર ઉઘરાવવાની પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત જન્મ-મરણનાં દાખલા આપવાની સેવા પણ આ ઓફીસો ઉપરથી ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સરખેજ, જોધપુર, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર, થલતેજ, ઘાટલોડીયા, ચાંદલોડીયા વિસ્તારોમાં અગાઉ જીલ્લા પંચાયત સમયના હેલ્થ સેન્ટરો ઉપરથી અપાતી સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવા.પ.ઝોનના મુખ્ય ઝોનલ ઓફીસ નું કામ રૂા.૫૮૧૦૦૦૦૦ ના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. આ ઝોનલ ઓફીસનું કામ પુરુ થાય ત્યાં સુધી જુની મેમનગર ન.પા.ના મકાનમાં હંગામી વ્યવસ્થા રૂપે ઝોનલ ઓફીસ શરૂ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન ઈજનેર ખાતા દ્વારા ઉપરોક્ત ઓફીસોના મરામત નિભાવ માટેના રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોરમાંથી મેળવી કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત ન.પા. તથા પંચાયત સમયના પુર્વ હોદેદારો, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ / દર્શાવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

-: ઈજનેર ડ્રેનેજ વિભાગ ની કામગીરી :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારો માં તૈયાર થયેલ ટી.પી.સ્કીમ વિસ્તારો માં ઔડા દ્વારા ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઇનો નાંખવાની કામગીરી જુદા જુદા તબક્કામાં કરવામાં આવતી હતી. આ લાઇનોની જાળવણી માટે ઔડા દ્વારા જેટીગ મશીન તથા ગલી એમ્ટીયર મશીનો વસાવી ચોકીગની આવતી ફરીયાદોના નિકાલ માટે આ મશીનરીઓથી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવતી હતી. આ ઉપરાંત આ લાઇનોનાં નિયમીત જાળવણી અને ડીસીલ્ટીગ માટે ભાડાની ડીસીલ્ટીગ રીક્ષાઓ તથા અન્ય સાધનો તથા મજુરો રાખી કોન્ટ્રાકટ પધ્ધતિ થી કરાવવામાં આવતી હતી. ત્યારબાદ ઉચ્ચ કક્ષાએ લેવાયેલ નિર્ણય મુજબ તા. ૧.૪.૦૮ થી આ પ્રકારની સમગ્ર મરામત નિભાવની ની કામગીરી ઔડા દ્વારા મ્યુનિ. કોર્પોની સોંપવામાં આવેલ છે.જેમાં ૩.૭૨ કિમી. નવી ડ્રેનેજ લાઇન નાંખવામાં આવેલ છે અને ૧.૬ કિમી. ડ્રેનેજ લાઇન નો વધારો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪.૭૭ કિમી ની નવી સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન નાંખવામાં આવેલ છે તથા ૦.૭૫ કિમી સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન નો વધારો કરવામાં આવેલ છે.

-: કેપીટલ વર્કસ :-

સને ૨૦૦૮-૦૯માં  નવા પશ્ચિમ ઝોનમાં જુદા જુદા કેપીટલના કામો કરવા માટે રૂા.૪૭.૯૭ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનનાં ૯ વોર્ડમાં પ્રાથમિક તબકકે કરવાના થતા જરૂરી કામો નો સર્વે કરી તે મુજબ ૧૪૨ કામો ના અંદાજો બનાવી ટેન્ડરો મંગાવી તેના કામો હાથ ધરવામાં આવેલ છે.

આ કામોમાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રસ્તા રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા, શક્ય હોય તથા લેવલ મળતું હોય તેવી જગ્યાએ સ્ટ્રોંમ વોટર ડ્રેઇન તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુર થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જે મુજબ રોડ વિભાગનાં ૫૮ કામો માટે ૨૦૨૩.૪૦ લાખના, ડ્રેનેજ વિભાગનાં ૧૩ કામો માટે રૂા.૬૪૭.૦૦ લાખનાં, સ્ટ્રોંમ વોટર ડ્રેઇન વિભાગનાં ૧૫ કામો માટે રૂા.૨૨૭.૨૧ લાખનાં, પાણી વિભાગનાં ૩૬ કામો માટે રૂા.૧૦૩૩.૫૦ લાખનાં, સ્મશાનગૃહ માટે ૬ કામોનાં રૂા.૩૭.૦૦ લાખ, ફૂટપાથનાં ૧ કામો માટેનાં રૂા.૨૫.૦૦ લાખ, બિલ્ડીંગ વિભાગનાં કામો માટર ૧૨ કામોના ૭૯૯.૪૬ લાખનાં કામો હાથ ધરવામાં આવેલ છે.

રાણીપ વોર્ડમાં સ્લમ વિસ્તાર જેવા કે હનુમાનનગરનાં છાપરાં, ભરવાડવાસ, મગનપુરા ની ચાલી, બકરામંડી, સાંઇબાબા ની ચાલી, મદ્રાસી નાં છાપરા વગેરે વસાહતોને ડ્રેનેજ/ પાણી ની સગવડ આપવાનું કામ કરવામાં આવેલ છે.

બોડકદેવ વોર્ડનાં મકરબા વિસ્તારમાં આવેલ વિવિધ સ્લમ વિસ્તાર જેવા કે નહેરૂનગર, ઇનદીરાઆવાસ, રાજીવનગર વગેરેમાં હયાત ઓપન ડ્રેનેજની કાચી નીકને પાકી બનાવવા માટેનું કામ હાથ ધરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોનમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જુદા જુદા બજેટહેડ હેઠળ રોડ રીસરફેસ કરવા માટે જુદા જુદા વોર્ડમાં D.B.M. ૧૪૧૯૩તથા B.C. ૨૪૮૨૧ એમ કુલ ૩૯૦૧૪મે.ટન હોટમીક્ષ વાપરીને નવા પશ્ચિમ ઝોનના રોડનું સ્ટેટસ અપગ્રેડ કરવામાં આવેલ છે.

Annual Administrative Report
New West Zone - Engineering Department (Year 2008 - 2009)

| S. No. | ITEM | DETAIL | | NEW WEST ZONE | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | TOTAL | Thaltej | Memnagar | Chandlodiya | Ranip | Bodakdev | Jodhpur | Sarkhej | Kali | Vejalpur | Ghatlodi |
| 1 | EXT. ROAD WIDENING | LENGHT IN Km. | 18.035 | 1.500 | 2.030 | 0.000 | 7.205 | 2.000 | 0.320 | 4.180 | 0.000 | 0.000 | 0.800 |
| 2 | NEW ROAD CONSTRUCTION | LENGHT IN Km. | 5.236 | 0.000 | 0.000 | 0.781 | 0.000 | 0.000 | 0.000 | 2.120 | 0.135 | 0.400 | 1.800 |
| 3 | RESURFACE OF EXT. ROAD / NEW ROAD | LENGHT IN Km. | 33.024 | 6.350 | 2.030 | 0.500 | 2.884 | 1.100 | 5.440 | 1.420 | 2.970 | 9.100 | 1.230 |
| 4 | WATER PIPE LINE - 80 mm TO 200 mm | LENGHT IN Km. | 25.737 | 3.165 | 2.965 | 2.642 | 0.916 | 4.045 | 1.432 | 2.669 | 2.088 | 2.482 | 3.333 |
| 5 | WATER PIPE LINE - 200 mm & ABOVE DIA | LENGHT IN Km. | 12.487 | 1.513 | 2.098 | 0.000 | 0.000 | 1.779 | 0.022 | 0.000 | 0.223 | 1.495 | 5.357 |
| 6 | WATER CONNECTION - RESIDENTIAL | No. | 326.000 | 20.000 | 16.000 | 10.000 | 9.000 | 37.000 | 71.000 | 0.000 | 68.000 | 64.000 | 31.000 |
| 7 | WATER CONNECTION - COMMERCIAL | No. | 64.000 | 0.000 | 40.000 | 0.000 | 0.000 | 3.000 | 2.000 | 0.000 | 0.000 | 19.000 | 0.000 |
| 8 | PUBLIC TAPS | No. | 2.000 | 0.000 | 0.000 | 0.000 | 2.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 |
| 9 | 90*10 TOILET SCHEME TOILETS+ gmfb | No. | 1928.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 945.000 | 945.000 | 38.000 | 0.000 | 0.000 |
| 10 | DRAINAGE LINE NEW | LENGHT IN Km. | 3.712 | 0.270 | 0.350 | 0.000 | 1.927 | 0.530 | 0.205 | 0.000 | 0.000 | 0.000 | 0.430 |
| 11 | DRAINAGE LINE EXT. - EXTENTION | LENGHT IN Km. | 1.605 | 0.300 | 0.150 | 0.000 | 0.000 | 0.000 | 0.200 | 0.200 | 0.705 | 0.050 | 0.000 |
| 12 | STORM WATER DRAINAGE LINE NEW | LENGHT IN Km. | 4.771 | 0.220 | 0.560 | 0.000 | 0.481 | 0.000 | 0.250 | 0.000 | 0.800 | 1.550 | 0.910 |
| 13 | STORM WATER DRAINAGE LINE EXT. - EXTENTION | LENGHT IN Km. | 0.745 | 0.000 | 0.000 | 0.352 | 0.043 | 0.000 | 0.000 | 0.350 | 0.000 | 0.000 | 0.000 |
| 14 | RESURFACE ( AC + DBM ) | M.T. | 33865.150 | 12270.000 | 1080.000 | 417.000 | 2008.300 | 962.650 | 3104.800 | 5230.000 | 2559.0 | 5615.0 | 618.40 |
| 15 | OTHER SPECIAL WORKS CARRIED OUT | PL. ENCLOSE SEPERATE SHEET | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 | 0.000 |

# ૪.૧૩ બગીચા ખાતું

**૦૮-૦૯**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાનાં ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુકત શહેર બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે તથા પર્યાવરણ સુરક્ષા હેતુસર મ્યુનિ.કોર્પો.નાં બગીચા વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૮-૦૯માં કરવામાં આવેલ કામગીરી તેમજ આયોજનની વિગતો નીચે મુજબ છે.

(૧) નવા બગીચાઓ બનાવવા - Appendix-A

(૨) હયાત બગીચાઓનું રીનોવેશન કરવું - Appendix-B

(૩) ટ્રાફીક સર્કલો તથા સેન્ટ્રલ વર્જ બ્યુટીફીકેશન - Appendix- C

(૪) પ્લાન્ટેશન - Appendix-D

(૫) નર્સરી- Appendix-E

(૬) વિશિષ્ટ કામગીરી અને અસરો- Appendix-F

## (૧) નવા બગીચાઓ:

| અ.ન. | બગીચાનું નામ | વિસ્તાર | ઝોન | અંદાજીત એરીયા (સ્કે.મી.) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બાગેફિરદોશ વોર્ડમાં આવેલ મ્યુનિ.પ્લોટ ટી.પી. નં.૫૦ એફ.પી.નં.૯૪ ક્ષેત્રફળ-૬૦૧૮ ચો.મી. | જામફળવાડી રોડ ઉપર શકરીબા પાર્ટીપ્લોટ સામે | દક્ષિણ | ૬૦૧૮=૦૦ | અંદાજ વધી જતાં નવું ટેન્ડર મંગાવી મંજુર થયેલ છે જેની કામગીરી ચાલુ છે. |
| ૨ | ઘોડાસર, મણીનગર માંથી પસાર થતી ચંડોળા ફીડર કેનાલ ઉપર અંદાજે ૧.૬ કિ.મી. વિસ્તાર | ચંડોળા તળાવ થી ઘોડાસર પોલીસ ચોકી સુધી | ” | ૧.૬ કી.મી. લંબાઈની ગાર્ડન સ્ટ્રીપ | લોન પ્લોટ ડેવલપમેન્ટ અને પ્લાન્ટેશનની કામગીરી ૮૫% પૂર્ણ થઇ ગયેલ છે. હાલમાં કામ ચાલુ છે. |
| ૩ | ઢોર બજાર કમ્પાઉન્ડ ગાર્ડન | બહેરામપુરા | ” | ૨૦૦૦=૦૦ | ઢોર બજાર કમ્પાઉન્ડમાં નવો ગાર્ડન બનાવેલ છે. |
| ૪ | ધનલક્ષ્મી મ્યુનિ.પ્લોટ | સોનીની ચાલી | પૂર્વ | ૨૦૨૩=૪૩૭ | કામ ચાલુ છે. |
| ૫ | નિકોલ- શિરોમણી સોસા. પાસેનો પ્લોટ | નિકોલ | ” | ૬૦૦૦=૦૦ | કમ્પાઉન્ડવોલનું કામ પુરૂ થઇ ગયેલ છે. બગીચા ખાતાની કામગીરી માટે ટેન્ડરની કામગીરી ચાલુ છે. |
| ૬ | સૈજપુર જુની ચાલી પાસેનો પ્લોટ | સૈજપુર | ઉત્તર | ૨૦૦૦=૦૦ | ૯૦% કામગીરી પુરી થઇ ગયેલ છે. કામ ચાલુ છે. |
| ૭ | આઝાદ હલવાઇ, આશ્રમ રોડ પાછળનો પ્લોટ | વાડજ | પશ્ચિમ | ૯૦૦=૦૦ | જીમ્નેશીયમનું કામ ચાલુ છે. ત્યારબાદ બગીચાની કામગીરી હાથ ધરાશે. |
| ૮ | વાસણા બેરેજ ગાર્ડન | વાસણા | ” | ૩૩૦૦૦=૦૦ | અંદાજ મંજુર થઇ ગયેલ છે. પ.ઝોન ઇજનેર વિભાગેથી ટેન્ડર ઇનવાઇટ કરવાની કાર્યવાહી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | હાથ ધરેલ છે. |
| ૯ | સિનિયર સિટીઝન પાર્ક | નવા વાડજ | ” | ૪૦૪૭=૦૦ | બગીચો જાહેર જનતા માટે ખુલ્લો મુકેલ છે ને નામકરણ કરેલ છે. |
| ૧૦ | ઈશ્વર ભુવન પાસેનો પ્લોટ | નવરંગપુરા | ” | ૮૦૬૪=૦૦ | કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરી પુરી થઈ ગયેલ છે. અન્ય કામો માટે ઝોન દ્વારા ટેન્ડર ઈનવાઈટ કરેલ છે. |
| ૧૧ | સેન્ટ્રલ સ્ટોર્સ ઓફીસ ગાર્ડન | જમાલપુર દરવાજા બહાર | મધ્યઝોન | ૮૦૦=૦૦ | સે.સ્ટોર્સ કમ્પાઉન્ડનાં પાછળનાં ભાગમાં નવો ગાર્ડન બનાવેલ છે. |

## (૨) હયાત બગીચાઓનાં રીનોવેશન : -

| અન. | બગીચાનું નામ | વિસ્તાર | ઝોન | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | માધવ સ્મૃતિ ઉદ્યાન | ડી કે પટેલ હોલ પાસે | પશ્ચિમ | બગીચાની નામકરણને ધ્યાને લઇ જરૂરી કામગીરી પૂર્ણ કરાવેલ. |
| ૨ | વૃંદાવન વાટીકા | પલીયર્ડનગર, નારણપુરા | ” | બગીચો જાહેર જનતા માટે ખુલ્લો મુકેલ છે ને નામકરણ કરેલ છે. |
| ૩ | મંજુલાલ એસ ઉદ્યાન | પાલડી | પશ્ચિમ | કામ ચાલુ છે. |
| ૪ | ટાઇગર ફ્લેટ પાસેનો બગીચો | વાડજ | ” | ” |
| ૫ | મંછાની મસ્જીદ પાસેનો બગીચો | અંબર સિનેમા પાસે | ઉત્તર | ” |

## (૩) ટ્રાફીક સર્કલ તથા સેન્ટ્રલ વર્જ પ્લાન્ટેશનઃ -

### ટ્રાફીક સર્કલ

બગીચા ખાતા દ્વારા શહેરનાં રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફીક સર્કલો, ટ્રા-એંગલોને બ્યુટીફાઇ કરી શહેરની સુંદરતામાં વધારો કરવાનું કામ કરવામાં આવે છે. મોટા ભાગે આ પ્રકારની કામગીરી પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ દ્વારા કરાવવામાં આવે છે. પરંતું જે સ્થળો માટે સ્પોન્સરર ન મળે તેવા ટ્રાફીક સર્કલો, ટ્રા-એંગલોને બગીચા ખાતા દ્વારા સુંદર પ્લાન્ટેશન કરી બ્યુટીફાઇ કરવામાં આવેલ છે.

| અન | ઝોન | સ્થળ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ન.પ.ઝોન | સાલ હોસ્પીટલ ચાર રસ્તા સર્કલ | |
| ૨ | ” | જજીસ બંગલા રોડ, ગોરમો સર્કલ | પ્રાઇડ હોટલ દ્વારા ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે. |
| ૩ | દક્ષિણઝોન | પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્ટેચ્યુ સર્કલ, કાંકરીયા | |
| ૪ | ” | બીગ બજાર સામે, રાયપુર સર્કલ | આઇડીયા કંપની દ્વારા ડેવલપ કરેલ છે. |
| ૫ | ” | કાંકરીયા નહેરૂ સર્કલ | સર્કલ રીનોવેટ કરેલ છે. |
| ૬ | પૂર્વઝોન | નિકોલ ગામ બસ સ્ટેન્ડ પાસેનું સર્કલ | |
| ૭ | ” | બાપુનગર ઘંટી સ્ટેન્ડ પાસેનું સર્કલ | |
| ૮ | ” | અનુપમ સિનેમા સામેનું સર્કલ | સર્કલ રીનોવેટ કરેલ છે. |

### સેન્ટ્રલ વર્જઃ -

| અન | સ્થળ | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | સીટીએમ ચાર રસ્તાથી હાટકેશ્વર સર્કલ રોડ | |
| ૨ | રાજસ્થાન હોસ્પી. રોડ, શાહીબાગ | |
| ૩ | વિદ્યાનગર સ્કુલ સામેની સે.વર્જ | |
| ૪ | સાયન્સ સીટી રોડ, નવા પશ્ચિમઝોન | |
| ૫ | વાસણા થી એપીએમસી માર્કેટ રોડ | |
| ૬ | કાંકરીયા અપ્સરા સિનેમા સામેની સે.વર્જ | |
| ૭ | એરપોર્ટ સેન્ટ્રલ વર્જ | રીનોવેશનનું કામ કરેલ છે. |

## (૪) પ્લાન્ટેશનઃ -

બગીચા ખાતા દ્વારા શહેરમાં દર વર્ષે ચોમાસામાં સ્થળની ઉપલબ્ધીને ધ્યાને લઇ રોડ સાઇડ, સેન્ટ્રલ વર્જ, ખુલ્લા મ્યુનિ.પ્લોટ, મ્યુનિ.બગીચા, પંપીગ સ્ટે., મસ્ટર સ્ટે., દવાખાના, હોસ્પિટલો, મ્યુનિ.સ્કૂલો વગેરે પ્રકારનાં વિવિધ સ્થળોએ વૃક્ષ વાવેતર કરાવવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ માં બગીચા ખાતા દ્વારા શહેરમાં કરવામાં આવેલ વૃક્ષારોપણની વિગતો નીચે મુજબ છે.

| અનું.નં. | વિગત | વૃક્ષારોપણની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | રોડ સાઇડ પ્લાન્ટેશન વીથ ટ્રી-ગાર્ડ | ૯૩૧૫ | માન. સાંસદ સભ્ય શ્રી/ ધારા સભ્ય શ્રી/ મ્યુનિ.કાઉન્સિલર શ્રી દ્વારા ફાળવેલ બજેટનાં ટ્રી-ગાર્ડ |
| ૨ | બ્લોક પ્લાન્ટેશન | ૩૫૨૦૦ | મ્યુ.ગાર્ડન, પ્લોટ, સ્કુલો, મસ્ટર સ્ટે., પંપીગ સ્ટે., વોટર ડીસ્ટ્રી.સ્ટે. જેવા સ્થળોએ પ્લાન્ટેશન |
| | કુલ વૃક્ષારોપણની સંખ્યા | ૪૪૫૧૫ | |

## (૫) <u>નર્સરીઃ -</u>

બગીચા ખાતા હસ્તકની કોતરપુર નર્સરી, નવદીપ હોલ સામેની નર્સરી, વાસણા કેનાલ નર્સરી, દેડકી નર્સરી, ચકુડીયા નર્સરી ખાતે આગામી ચોમાસામાં શહેરમાં વૃક્ષારોપણ કરવા માટે ૫ થી ૬ ફુટ ઉંચાઈનાં મોટા તંદુરસ્ત રોપાનો ઉછેર કરેલ છે. વધુમાં નર્સરીમાં સિઝનલ ફલાવરનાં ધરૂ તૈયાર કરી મ્યુનિ.બગીચાઓમાં સિઝનલ રોપેલા છે જેને કારણે બગીચાઓની સુંદરતામાં વધારો થયેલ છે.

**Appendix-F**

## (૬)<u>વિશિષ્ટ કામગીરી અને અસરોઃ -</u>

- કાંકરીયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અતંર્ગત તૈયાર કરેલ આઉટર રીગ રોડ ઉપર બગીચા ખાતા દ્વારા ટ્રી-ગાર્ડ સાથે મોટા જથ્થામાં પેન્ડુલા પ્લાન્ટેશન કરી રોડની શોભામાં વધારો કરેલ છે. ઉપરાંત કાંકરીયા તળાવની આસ-પાસ ફોક્ષટેલ પામની ડેકોરેટીવ વેરાઈટીથી પ્લાન્ટેશન કરેલ છે તેમજ તૈયાર કરેલા પ્લાન્ટરમાં જથ્થામાં પ્લાન્ટેશન કરી શોભામાં વધારો કરેલ છે.
- કાંકરીયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અતંર્ગત આસ-પાસનાં વિસ્તારને ડેવલપ કરવાનાં કામ અંતર્ગત કાંકરીયા પાણીની ટાંકી, ઉજાણીગૃહ, બાલવાટીકા અને વન ટ્રી હીલ ગાર્ડનમાં નવીનીકરણ તથા નવા બગીચાઓ તૈયાર કરેલ છે.
- વાસણા એસટીપી ખાતેથી અગાઉ કરવામાં આવેલ જુના પ્લાન્ટેશનમાંથી અંદાજે ૩૬૦૦૦ નંગ વૃક્ષોનું એસટીપી અને ગ્યાસપુર પ્લાન્ટેશન સાઈટ ખાતે રી-પ્લાન્ટેશન કરાવેલ જેમા ૮૦% જેટલી સફળતા મળેલ છે.
- નર્સરીમાં જાતે રોપ ઉછેર કરવાને કારણે મ્યુનિ.કોર્પો.ને જરૂરી પ્લાન્ટસ ઇનહાઉસ મળી રહે તે માટેનાં પ્રયત્નો કરેલ છે. નર્સરીમાં ઉંચા હાઈટવાળા રોપા ડેવલોપ કરવાને કારણે આવા વૃક્ષોથી શહેરનાં રોડ ઉપર વૃક્ષારોપણ કરવામાં આવે છે જેને કારણે વૃક્ષોનો મૃત્યુદર ઘટે છે અને વૃક્ષનો વિકાસ ઝડપથી થાય છે. વધુમાં આવા વૃક્ષોની જાળવણીનો ખર્ચ પણ પ્રમાણમાં ઓછો રહે છે. જેને કારણે ઓછા જાળવણી ખર્ચે ઉત્તમ પરીણામ મેળવી શકાય છે.

## ૪.૧૪ દિવાબત્તી ( લાઈટ)

૦૮-૦૯

અમદાવાદ શહેરનાં ઝડપી વિકાસને કારણે શહેરના રસ્તાઓ ઉપરનાં ટ્રાફિકની ગીચતામાં તથા વાહનોની અવરજવરમાં સતત વધારો થતો જાય છે. ટ્રાફિકથી ધમધમતા માર્ગો ઉપરના પ્રકાશમાં સુધારો-વધારો કરવો જરૂરી હોવાથી તે અંગેની સઘળી કામગીરીનું આયોજન લાઈટ ખાતા દ્વારા કરવામાં આવે છે.

શહેરના ગીચ ટ્રાફિકવાળા મોટા માર્ગો પર ૨૫૦ વોટ, ૧૫૦ વોટ, ૧૦૦ વોટ, તથા ૭૦ વોટના સોડિયમ ફીટીંગ્સ લગાવી લાઈટીંગમાં સુધારો કરવામાં આવેલ છે. ચાલી અને ઝૂંપડામાં ગોળાઓની જગાએ ૧૧ વોટ સી.એફ.એલ.માં રૂપાંતર કરવામાં આવેલ તથા ૪૦ વોટ ટયુબલાઈટનાં પોલ, ટી.પી.રોડ તથા સોસાયટીઓનાં અંદરના રસ્તાઓ ઉપર મુકવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં જનરલ બજેટ,સંસદસભ્યશ્રીનું બજેટ તથા ધારાસભ્યશ્રીઓનું બજેટ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી સ્ટ્રીટ લાઈટની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં શહેરમાં નાખેલ ટયુબલાઇટની સંખ્યા,મરકયુરી તથા સોડીયમની લાઇટ સંખ્યા ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઇટની સંખ્યા સામાન્ય લાઇટની સંખ્યા તથા કુલ થાંભલાની સંખ્યા આ સાથે સામેલ પત્રક ૪.૧૪.૧ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં કુલ ૩૬૧૦૬ કીલો વોટ યુનિટ વીજળીનો વપરાશ થયો છે. જે અંગેનો કુલ ખર્ચ રૂા.૧૩૫૯.૫૪ લાખ જેટલો થયો છે. તથા યુનિટ દીઠ વપરાશ ખર્ચ રૂા. ૩.૭૬ થાય છે. આ અંગેની છેલ્લા ચાર વર્ષની માહિતી પત્રક ૪.૧૪.૨ માં દર્શાવવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં નવા ૨૮૧૬ લાઇટના થાંભલા નાંખવામાં આવ્યાં છે.આમ કુલ થાંભલાની સંખ્યા ૮૨૮૭૪ જેટલી થાય છે. જ્યારે શહેરમાં કુલ બત્તીની સંખ્યા ૮૯૫૨૩ થાય છે. બત્તીનાં પોઈન્ટ દીઠ સરેરાશ ઈલેકટ્રીક લોડ (વોટ) તથા બત્તી દીઠ સરેરાશ વીજળી વપરાશ અને ખર્ચની માહિતી પત્રક ૪.૧૪.૩ માં વિગતવાર દર્શાવેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન સ્ટ્રીટ લાઇટની અંગેની આવેલ ફરિયાદો તથા થયેલ નિકાલ અંગેની માહિતી પત્રક ૪:૧૪:૪ માં વિગતવાર દર્શાવેલ છે.

શહેરની લાઇટની સંખ્યામાં થયેલ વધારાને કારણે તેમજ સ્ટ્રીટ લાઈટીગ સુધારાને કારણે લોડ વધવાથી લોડ ડીસ્ટ્રીબ્યુશન કરવા માટે વધારાના ૧૭૨ સ્વીચીંગ પોઇન્ટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્વીચીંગ પોઇન્ટ મૂકવામાં આવેલ જે સાથે કુલ સ્વીચીંગ પોઇન્ટની સંખ્યા-૧૦૯૬ થયેલ છે.

સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન રોશની મરામત નિભાવ લાઈટીંગ સુધારણા તથા નવા પોલ મૂકવા અંગેના બજેટમાં ખર્ચ રૂા.૩૦૮.૬૬ લાખ તથા સ્ટ્રીટ લાઇટ જનરલ અંગેના લાઇટીંગ સુધારવા તથા પોલ ખસેડવા અંગેના બજેટમાં રૂા.૪૭.૯૭ લાખના ખર્ચ થયા છે.

## પત્રક ૪.૧૪.૧
## શહેરનાં રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારની દિવાબત્તીની સંખ્યા દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષ દરમ્યાન નાંખેલ નવા પોલની સંખ્યા | ટયુબલાઈટ ની સંખ્યા | મરક્યુરી લાઈટની સંખ્યા | સોડિયમ લાઈટની સંખ્યા | ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા | સામાન્ય લાઈટની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૭૩ | ૨૩,૪૫૩ | ૨,૨૯૨ | ૩૯૮૬૧ | ૧૩૪૨૯ | ૩૧૨ | ૭૯૩૪૭ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૯૨ | ૨૫,૭૩૪ | ૨,૬૫૭ | ૩૭૦૩૬ | ૧૩૮૪૮ +૨૯૬ | ૨૭૮ | ૭૯૮૪૯ |
| ૨૦૦૬-૦૭ | ૩૫૭૮ | ૨૪૪૬૦ | ૨૮૮૯ | ૩૮૧૩૫ | ૧૭૧૨૨+ ૪૨૩ ફલ્ડ લાઈટ | ૩૯૮ | ૮૩૪૨૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૮૦ | ૨૫૬૫૪ | ૨૯૫૭ | ૩૮૯૪૯ | ૧૮૧૯૪+ ૫૭૬ ફલ્ડ લાઈટ | ૩૭૭ | ૮૬૭૦૭ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૧૬ | ૨૬૭૩૧ | ૩૦૬૪ | ૩૯૪૭૩ | ૧૯૧૯૧+ ૬૯૪ ફલડ લાઈટ | ૩૭૦ | ૮૯૫૨૩ |

## પત્રક ૪.૧૪.૨
## વીજળી વપરાશ અને ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| વર્ષ | વીજળી વપરાશ ૧૦૦૦ કિલોવોટ | ખર્ચ રૂા.લાખમાં | યુનિટ દીઠ સરેરાશ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૦૦૪-૦૫ | ૨૪,૫૬૮ | ૯૦૮.૦૩ | ૩.૭૦ |
| ૨૦૦૫-૦૬ | ૨૭,૩૩૯ | ૧૦૧૪.૮૭ | ૩.૭૧ |
| ૨૦૦૬-૦૭ | ૩૦૯૪૩ | ૧૧૪૩.૧૭ | ૩.૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૩૪૫૬૮ | ૧૩૧૯.૬૬ | ૩.૮૧ |
| ૨૦૦૮-૦૯ | ૩૬૧૦૬ | ૧૩૫૯.૫૪ | ૩.૭૬ |

## પત્રક ૪.૧૪.૩
### શહેરમાં આવેલ લાઈટનાં કુલ થાંભલા,બત્તીની સંખ્યા તેમજ બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશ દર્શાવતુ પત્રક

| વર્ષ | થાંભલા ની સંખ્યા | | બત્તીની કુલ સંખ્યા | બત્તીના પોઈન્ટ દીઠ સરેરાશ ઈલે. લોડ (વોટ) | બત્તીદીઠ સરેરાશ વિજળી વપરાશ (યુનિટ) | બત્તીદીઠ સરેરાશ વીજળી વપરાશનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| | વર્ષ દરમ્યાન નવા | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૦૦૪-૦૫ | ૧,૦૭૩ | ૭૩,૦૦૦ | ૭૯,૩૪૭ | ૯૪.૬૮ | ૩૦૯.૬૩ | ૧૧૪૪.૩૭ |
| ૨૦૦૫-૦૬ | ૧,૨૯૨ | ૭૩,૨૦૦ | ૭૯,૮૪૯ | ૯૪.૬૯ | ૩૪૨.૩૮ | ૧૨૭૦.૯૮ |
| ૨૦૦૬-૦૭ | ૩૫૭૮ | ૭૬૭૭૮ | ૮૩૪૨૭ | ૯૦.૭૪ | ૩૭૦.૮૯ | ૧૩૭૦.૨૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૮૦ | ૮૦૦૫૮ | ૮૬૭૦૭ | ૮૭.૩૪ | ૩૯૮.૬૮ | ૧૫૨૧.૯૮ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૧૬ | ૮૨૮૭૪ | ૮૯૫૨૩ | ૮૬.૭૪ | ૪૦૩.૩૨ | ૧૫૧૮.૬૫ |

## પત્રક ૪:૧૪:૪
### વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સ્ટ્રીટ લાઈટ અંગેની આવેલ ફરિયાદો તથા થયેલ નિકાલ અગેની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં. | ઝોનનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન આવેલ ફરિયાદોની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન થયેલ ફરિયાદોની નિકાલની સંખ્યા | તાઃ૩૧/૦૩/૦૯ ના અંતે બાકી રહેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મધ્ય ઝોન | ૯૯૮૯ | ૯૯૬૭ | ૨૨ |
| ૨ | દક્ષિણ ઝોન | ૧૦૪૨૧ | ૧૦૩૮૭ | ૩૪ |
| ૩ | ઉત્તર ઝોન | ૧૦૫૭૩ | ૧૦૫૩૪ | ૩૯ |
| ૪ | પૂર્વ ઝોન | ૧૦૬૨૫ | ૧૦૫૮૪ | ૪૧ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૧૦૧૦૬ | ૧૦૦૮૨ | ૨૪ |
| ૬ | નવા પશ્ચિમ ઝોન | ૧૦૮૫૧ | ૧૦૮૦૭ | ૪૪ |
| કુલ | | ૬૨૫૬૫ | ૬૨૩૬૧ | ૨૦૪ |

## ૪.૧૫ સેન્ટ્રલ વર્કશોપ

૦૮ ૦૯

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપનું સંચાલન ડે.મ્યુનિસિપલ કમિશનર (નવા પશ્ચિમ ઝોન ) અને જે.ડી.(એમ.) વર્કશોપશ્રીની સીધી દેખરેખ હેઠળ થાય છે. આ ખાતામાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

(૧) મોટર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૩૨૧ સંખ્યા છે.
(૨) રોલર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૧૦૦ સંખ્યા છે.
(૩) ટ્રાન્સપોર્ટ વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી તથા રોજીંદા ડ્રાયવરો મળીને કુલ ડ્રાયવર ૪૦૬ છે. આમ કુલ મળીને ૮૨૭ કર્મચારીઓ ફરજ બજાવે છે.

### ૧.<u>રોલર વિભાગઃ</u>-

રોલર વિભાગ શ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા હેલ્થ વિભાગની શહેરની સફાઇની મહત્વની કામગીરી માટે તથા ઇજનેર વિભાગ તેમજ પાણી ખાતાની કામગીરી માટે વપરાતા જુદા જુદા પ્રકારના મશીનોની મરામત અને નિભાવનું કામ કરવામાં આવે છે. જે મુખ્યત્વે ઇજનેર, રોડ ખાતાના કામ, રેફયુઝ ખાતાના કામ,હેલ્થ ખાતાના કામો તથા રોડ રીસરફેસીંગના કામો માટે વપરાય છે. રોડ રીસરફેસીંગના કામ માટે વિભાગીય પેવર ફીનીશર મશીન, રોડ રોલરની મરામત તથા જાળવણીનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રેફયુઝ, હેલ્થ તથા દબાણ ખાતાની કામગીરી માટેની હેવી ડયુટી મશીનરી જેવાકે વ્હીલડોઝર, બુલડોઝર, ફ્રન્ટ એન્ડ લોડર મશીનોની મરામત તથા નિભાવની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ખાળકુવા સફાઇની ગાડીઓના તથા ન્યુસન્સ વોટરીંગ ગાડીઓના પંપસેટ ઉપરાંત અન્ય ખાતાઓના ડેડસ્ટોક રજીસ્ટર પર ચાલતા મશીનો જેવા કે સુએઝ ક્લીનીંગ મશીનો,પોર્ટેબલ વાન ફોગ મશીનો, હોન્ડા મશીનની પણ રીપેર-નીભાવની કામગીરી અત્રેથી કરવામાં આવે છે. વધુમાં ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં નિકાલ માટે જરૂરી ટ્રોલી માઉન્ટેડ ડીવોટરીંગ પંપો સેન્ટ્રલ વર્કશોપ દ્વારા જે તે ઝોનને ફાળવવામાં આવે છે.

### . ૨. <u>મોટર વિભાગઃ</u>-

શહેરમાં જુદા જુદા ધાર્મિક પ્રસંગો, મેળાવડા, સમારોહ, જાહેર સભા વિગેરે પ્રસંગોએ તથા ઘણી વખત એન્જી./હેલ્થ વિભાગની જરૂરીયાત અન્વયે મોબાઇલ ટોઇલેટ યુનીટો વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા-જુદા વિભાગોની કામગીરીઓ અનુસંધાને ખાતાનાં વડા અધિકારીશ્રીઓ ઉપરાંત ક્ષેત્રિય કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓને પણ વાહનો સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે. ઉપરાંત જરૂરીયાતનાં વાહનો/સાધનો જેવાકે ટ્રીપર ટ્રક, ડમ્પર પ્લેસર વાહનો, વોટર ટેંકર,ન્યુસન્સ ટેન્કર સહિતનાં તમામ જરૂરી વાહનો કે જે સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે તેનાં રીપેર-નીભાવની કામગીરી મોટર વિભાગ દ્વારા કરવામાં આવે છે. મોટર વિભાગ હસ્તક હાલમાં ૬૭૩ વાહનો ઉપલબ્ધ થયેલ છે.

તાજેતરમા મ્યુનિ.સેન્ટ્રલ વર્કશોપ દ્વારા રોડ વેક્યુમ સ્વીપર મશીનો તેનાં ઓપરેશન અને મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટની કામગીરી સહિત ખરીદ કરી શહેરનાં જુદાં જુદાં જાહેર માર્ગો,રાજમાર્ગો, મુખ્ય માર્ગો વિગેરેની સફાઇની કામગીરી ઝોનના હેલ્થ વિભાગ મારફત હાથ ધરવામાં આવે છે.

સેન્ટ્રલ વર્કશોપ હસ્તકનાં કુલ વાહનોનું લીસ્ટ પત્રક-અ(મોટર વિભાગ) તથા પત્રક-બ (રોલર વિભાગ)આ સાથે સામેલ છે.

### ૩.<u>ટ્રાન્સપોર્ટ વિભાગઃ</u>-

આ વિભાગ દ્વારા જુદા જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી માટે વાહનો ત્રણ શીફટમાં પુરા પાડવામાં આવે છે. તેમજ વર્ષાન્તે ૪૦૬ જેટલા ડ્રાઈવર્સની શીફટ અનુસાર દૈનિક ધોરણે વાહન ખાતાની માંગણીઓ અનુસાર ફાળવણી પણ કરવામાં આવે છે. સારા નરસા પ્રસંગોએ જાહેર જનતાને વોટર ટેન્કર દ્વારા પાણી વેચાણથી નીચે જણાવેલ દરથી આપવામાં આવે છે.

૧. લગ્ન/ મરણ જેવા સારા નરસા પ્રસંગોએ ૨૫૦૦ લીટર કેપેસીટીની પીવાના પાણીની ટેન્કરનાં ૧ ફેરાના રૂપિયા ૭૫/- ચાર્જ લેવામાં આવે છે.
૨. છાંટવા માટે ૨૫૦૦ લીટર કેપેસીટીના પાણીની ટેન્કરના એક ફેરાના ૧૫૦/- રૂપિયા લેવામાં આવે છે.
૩. વ્યક્તિગત કે જાહેર સંસ્થાને પાણીની ટેન્કરનાં એક ફેરાના ૧૦૦/- રૂપિયા લેવામાં આવે છે.
૪. ઈન્ડસ્ટ્રીઝને પાણીની જરૂર પડે તો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કરનાં એક ફેરાના રૂપિયા ૧૫૦/- લેવામાં આવે છે.
૫. બાંધકામ માટે સામાન્ય રીતે પાણી આપવામાં આવતુ નથી. પરંતુ ખાસ સંજોગોમા પાણી આપવાની જરૂરીઆત જણાયતો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કર ૧ ફેરાના રૂપિયા ૩૦૦/- લેવામાં આવે છે.
૬. ધાર્મિક પ્રસંગે જાહેર સંસ્થાઓને ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનું હોય ત્યારે રૂપિયા ૧૦,૦૦૦/- ની મર્યાદામાં ૫૦% ના દરે પાણીનો ચાર્જ લેવામાં આવે છે.
૭. મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનું હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર વધારાના પ્રત્યેક કિ.મી.દીઠ રૂપિયા ૧૦/- ચાર્જ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષ દરમ્યાન જુદા-જુદા ઉપયોગ માટે વર્કશોપમાંથી પુરી પાડેલ પાણીની ટેન્કરોની માહિતી પત્રક 'ક' માં દર્શાવી છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કોર્પોરેશનના તમામ વિભાગોને ફાળવવામાં આવતાં વાહનો/ સાધનોમાં જે પેટ્રોલ / ડીઝલ વિગેરે ઈસ્યુ કરવામાં આવે છે. તેનાં સંભવિત દુરઉપયોગ કે ગેરરીતિ અટકાવવા સારૂ કડક પગલાં લેવાયેલ તથા આ કામગીરીનું સીધું સંચાલન જવાબદાર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટર હસ્તક મુકી સમગ્ર કામગીરી ઉપર કડક નિયંત્રણ અને સુપરવિઝન રખાયેલ જેનાં પણ સારા પરિણામો પ્રાપ્ત થયેલ છે. કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે જે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમાં સેન્ટ્રલ વર્કશોપ દ્વારા પુરા પાડવામાં આવતાં વાહનોનો મોટો ફાળો હોય છે. આ વાહનો દ્વારા કોર્પોરેશનનાં જુદા-જુદા ઝોનમાંથી કચરો એકત્ર કરી નિયત ડમ્પીગ સાઈટ પર તેનો નિકાલ કરવામાં આવે છે. ઉપરાંત વર્કશોપ ખાતે શિસ્તપાલનને પણ પુરી અગ્રીમતા અપાયેલ છે.

## પત્રક ૪.૧૫.૧ (અ મોટર વિભાગ)

**મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું પત્રક.**

| વર્ષ | ટ્રક્સ એચ.એમ.વી. | મીડીયમ પ્રકારનાં ગુડઝ વ્હીકલ એચ.એમ.વી. | જીપ અને તે પ્રકારનાં વ્હીકલ એલ.એમ.એલ. | ટ્રેકટર | ટ્રેકટર ટેઈલર અને જીપ ટ્રેલર | રીક્ષા | કુલ | ટકાવારી % |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨૦૦૬-૦૯ | - | ૧૧ | ૩૦ | ૯ | ૬૧ | ૬ | ૧૧૭ | ૧૭.૩૯ |
| ૨૦૦૧-૦૫ | ૩૩ | ૧ | ૩૮ | ૬ | ૫ | ૧૮ | ૧૦૧ | ૧૫.૦૧ |
| ૧૯૯૬-૨૦૦૦ | ૪૯ | ૨૬ | ૩૦ | ૨ | ૧૬ | ૫ | ૧૨૮ | ૧૯.૦૨ |
| ૧૯૯૧-૧૯૯૫ | ૫૯ | ૯ | ૧૩ | ૧ | ૪ | - | ૮૬ | ૧૨.૭૮ |
| ૧૯૮૬-૧૯૯૦ | ૧૩ | ૭ | - | - | ૧ | - | ૨૧ | ૩.૧૨ |
| ૧૯૮૧-૧૯૮૫ | ૧૮ | - | - | - | ૮ | - | ૨૬ | ૩.૮૬ |
| ૧૯૭૬-૧૯૮૦ | ૪ | - | - | - | ૭ | - | ૧૧ | ૧.૬૩ |
| ૧૯૭૧-૧૯૭૫ | ૪ | - | - | - | - | - | ૪ | ૦.૫૯ |
| ૧૯૬૬-૧૯૭૦ | ૫ | - | - | - | - | - | ૫ | ૦.૭૪ |
| નગરપાલિકા | - | - | ૩ | ૫૩ | ૬૪ | ૧૧ | ૧૩૧ | ૧૯.૪૭ |
| એ.એમ.ટી.એસ | ૪૩ | - | - | - | - | - | ૪૩ | ૬.૩૯ |
| **કુલ** | **૨૨૮** | **૫૪** | **૧૧૪** | **૭૧** | **૧૬૬** | **૪૦** | **૬૭૩** | **૧૦૦** |

## પત્રક ૪.૧૫.૨ (બ રોલર વિભાગ)

**મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું પત્રક.**

| વર્ષ | રોડ રોલર | જેસીબી | બુલડોઝર | વ્હીલડોઝર | ડી.વોટરીંગ પંપ | પંપ સેટ | બોબ કેટ | પંપટ્રોલી | મેલેરીયા મશીન | અન્ય મશીનરી | કુલ | ટકાવારી % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** |
| ૨૦૦૬-૦૯ | - | - | ૧ | ૧ | ૧૨ | ૨૬ | ૧ | ૨૬ | ૪૭ | - | ૧૧૪ | ૩૬.૦૮ |
| ૨૦૦૧-૦૫ | - | ૬ | - | ૧ | - | - | ૫ | - | ૨૫ | ૩ | ૪૦ | ૧૨.૬૬ |
| ૧૯૯૬-૨૦૦૦ | ૧ | - | ૩ | - | - | ૩ | - | - | ૧૦ | - | ૧૭ | ૫.૩૮ |
| ૧૯૯૧-૧૯૯૫ | - | ૪ | ૧ | ૧ | - | ૧૧ | - | - | ૫૦ | ૪ | ૭૧ | ૨૨.૪૭ |
| ૧૯૮૬-૧૯૯૦ | - | - | - | - | - | ૨૬ | - | - | ૧ | ૧ | ૨૮ | ૮.૮૬ |
| ૧૯૮૧-૧૯૮૫ | ૩ | - | - | - | - | ૬ | - | - | - | ૧ | ૧૦ | ૩.૧૬ |
| ૧૯૭૬-૧૯૮૦ | ૧૦ | - | - | - | - | ૧૫ | - | - | - | - | ૨૫ | ૭.૯૧ |
| ૧૯૭૧-૧૯૭૫ | ૬ | - | - | - | - | - | - | - | - | ૨ | ૮ | ૨.૫૩ |
| ૧૯૬૬-૧૯૭૦ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૯૬૧-૧૯૬૫ | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ | ૦.૯૫ |
| **કુલ** | **૨૩** | **૧૦** | **૫** | **૩** | **૧૨** | **૮૭** | **૬** | **૨૬** | **૧૩૩** | **૧૧** | **૩૧૬** | **૧૦૦** |

## પત્રક ૪.૧૫.૩

વોટર ટેન્કર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવેલ તેની વિગત

| અ.નં. | વિગત | ૨૦૦૭-૨૦૦૮ ફેરાની સંખ્યા | ૨૦૦૭-૨૦૦૮ થયેલ આવક (રૂા.) | ૨૦૦૮-૨૦૦૯ ફેરાની સંખ્યા | ૨૦૦૮-૨૦૦૯ થયેલ આવક (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન/ મરણ જેવા સારા નરસા પ્રસંગે આપેલ પાણીની ટેન્કરો | ૨૦૧૧ | ૧૫૧૦૫૦/- | ૨૨૨૩ | ૧૬૬૭૨૫/- |
| ૨ | છાંટવા માટે આપેલ પાણીની ટેન્કરો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | વ્યક્તિગત કે જાહેર સંસ્થાને આપેલ પાણીની ટેન્કરો | ૮૬૬ | ૮૬૬૦૦/- | ૧૨૪૬ | ૧૨૪૬૦૦/- |
| ૪ | ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવેલ પાણીની ટેન્કરો | ૨૨ | ૩૩૦૦/- | ૫૧ | ૭૬૫૦/- |
| ૫ | બાંધકામ માટે ખાસ કેસમાં આપેલ પાણીની ટેન્કરો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | જાહેર સંસ્થાઓને ધાર્મિક પ્રસંગે પુરૂ પાડેલ પાણી | ૫૯ | ૩૪૫૦/- | ૯૦ | ૪૫૦૦/- |
| ૭ | મ્યુ. હદ બહાર આપવામાં આવેલ પાણીની ટેન્કરો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલઃ- | ૨૯૫૮ | ૨૪૪૪૦૦/- | ૩૬૧૦ | ૩૦૩૪૭૫/- |

## પત્રક ૪.૧૫.૪

વર્કશોપનાં વાહનો દીઠ સરેરાશ પેટ્રોલ અને ડીઝલ વપરાશની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં | વર્ષ | પેટ્રોલથી ચાલતા વાહનોની સંખ્યા | પેટ્રોલ વપરાશ લીટરમાં | વાહન દીઠ સરેરાશ પેટ્રોલ વપરાશ લીટરમાં | ડીઝલથી ચાલતા વાહનોની સંખ્યા | ડીઝલનો વપરાશ લીટરમાં | વાહન દીઠ સરેરાશ ડીઝલ વપરાશ લીટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૫-૦૬ | ૫૨ | ૪૧૮૭૪ | ૮૦૫ | ૩૯૮ | ૧૨૫૧૪૫૩ | ૩૧૪૪ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૫૪ | ૪૩૫૬૦ | ૮૦૬ | ૪૨૬ | ૧૩૭૩૩૫૩ | ૩૨૨૩ |
| ૩ | ૨૦૦૭-૦૮ | ૬૭ | ૫૨૪૪૬ | ૭૮૨ | ૪૯૬ | ૧૪૧૬૭૨૩ | ૨૮૫૬ |
| ૪ | ૨૦૦૮-૦૯ | ૬૭ | ૫૪૬૦૭ | ૮૧૫ | ૫૫૨ | ૧૩૫૫૮૪૬ | ૨૪૫૬ |

## ૪.૧૬ સેન્ટ્રલ લેબોરેટરી

### ૦૮-૦૯

સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા વેસ્ટવોટર તથા સુએજના સેમપલ કલેકશન તથા એનાલીસીસ ની કામગીરી રોજબરોજ કરવામાં આવે છે. આ ઉપરાંત કાંકરીયા તથા નદીના પાણીના તથા અન્ય કોઈ પ્રોજેકટ અંગેના કામોના પણ સેમ્પલ એનાલીસીસ અંગેની કામગીરી સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે. લેબોરેટરી વોટર તેમજ વેસ્ટવોટર , ઈનડસ્ટ્રીયલ એફલ્યુઅન્ટસ, તેમજ વલ્ડ બેન્કની સહાયથી કરવામાં આવતા પ્રોજેકટ કામો માટે જરૂરી ટેસ્ટીંગ કરે છે. પીવાના પાણીના સેમ્પલોનું બેકટેરીયોલોજીકલ અને કેમીકલ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

**સેન્ટ્રલ લેબોરેટરીમાં ત્રણ અલગ અગલ વિભાગ માં કામગીરી કરવામાં આવે છે.**

૧. **ટ્રેડ વેસ્ટ** :-

ઉધોગોમાંથી નીકળતા ટ્રેડવેસ્ટ મ્યુનિસિપલ સુએજ(સ્ટાન્ડર્ડ ) ધારા-ધોરણ પ્રમાણે ન હોય તો તેની સામે બી.પી.એમ.સી.એકટ પ્રમાણે નોટીસ તેમજ કેસની કાર્યવાહી કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની જરૂરીયાત મુજબ વેસ્ટવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા ફરજ પાડવામાં આવે છે. જે જે યુનિટો ટ્રીટમેન્ટ પ્લાન્ટની સગવડ ન હોય તેવા યુનિટોને ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની ફરજ પાડવામાં આવે છે. આ બધાજ યુનિટો ટ્રીટમેન્ટ કર્યાબાદ જ વેસ્ટવોટરને જે તે રીતે નિકાલ કરે તેની ખાસ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. હાલ માં કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ના બદલે યુનિટોનું ડ્રેનેજ ડીસ-કનેકશનની કાર્યવાહી કરવમાં આવે છે. ઐધોગીક એકમો તેમનું વેસ્ટવોટર કોર્પોરેશનના નીતિ નિયમ મુજબ ન હોય તો નોટીસ બાદ તેમનેં ડ્રેનેજ , પાવર, પાણી, જે તે હુકમ અનુસાર કનેકશન ડિસકનેકટ ની કાર્યવાહી કરી બંધ કરવામાં આવે છે. જે બંધ કરવામાં આવેલ યુનિટો પાસેથી ડ્રેનેજ રિકનેકશન, વહીવટીય ચાર્જ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે નોન રિફંડેબલ છે. ચાલુ વર્ષે આવી કામગીરી રૂપે કુલ રૂા. ૭,૨૫,૦૦૦ /- એડમીનીસ્ટ્રેટીવ ચાર્જીસ વસુલ કરવામાં આવેલ છે.

૨. **પીવાનું પાણી** :-

પીવાના પાણીની ગુણવત્તા ચેક કરવાનું સને ૧૯૮૦માં નાનાપાયા ઉપર સે.લેબોરેટરીમાં સરૂ કરવમાં આવ્યુ હતું અને હાલમાં સમગ્ર શહેરમાં અમદાવાદ મ્યુનિ.કોર્પો.ધ્વારા સપ્લાય કરવામાં આવતા પાણીના નમુનાઓ દર મહિને આશરે ૨૦૦૦ જેટલા નમુનાઓ લેવામાં આવે છે. જેવા કે સોર્સ દુધેશ્વર વોટર વર્કસ, કોતરપુર વોટર વર્કસ, ફ્રેન્ચવેલ, જેકવેલ, ટયુબવેલ , કલોરીન ચેકીંગ એન્ડ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (સપ્લાય લાઈન) પબ્લીક ટેપ, સોર્સ, પ્રાઈવેટ ટેપ, ફરીયાદો, મ્યુનિ.હોસ્પિટલસ, પબ્લીક ઈટીંગ પ્લેસ, નું પૃથ્થકરણ કરવામાં આવે છે. હેલ્થ ડીપાર્ટમેન્ટ દ્રારા લેવામાં આવેલા પાણીના નમુનાઓનું પણ પૃથ્થકરણ કરવામાં આવે છે. સેન્ટ્રલ લેબોરેટરીમાં દર માસે આશરે ૩૫૦૦ જેટલા પાણીના સેમ્પલોનું એનાલીસીસ કરવામાં આવે છ. પ્રિમોન્સુન તેમજ રોગચાળો ફાટી નીકળે ત્યારે તકેદારીના પગલા રૂપે પાણીની ગુણવત્તા સચવાઈ રહે તે માટે સઘન પ્રયત્નો કરી મોનીટરીંગ કામગીરી કરવામાં આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા સુચવેલી સેમ્પલીંગ પધ્ધતિને સુધારી આપણા શહેરની પરિસ્થિતીને અનુલક્ષીને ગોઠવવામાં આવેલ પધ્ધતિથી સપ્લાય પાણીની ગુણવત્તામાં ધણો સુધારો થયેલ છે, અને તરત જ અસરકારક પગલા લેવાય છે. લેબોરેટરીના રીપોર્ટસના આધારે જે તે ખાતા ને તાકીદે જાણ કરી ખાતા ધ્વારા ધટતી કાર્યવાહી કરવમાં આવે છે અને પોલ્યુશનની ફરીયાદોનો તુરત જ નીકાલ થાય છે. લેબોરેટરી ધ્વારા કાંકરીયા તળાવ અને રીવરના પાણીના પણ નિયમિત ચેકીંગ કરવામાં આવે છે તેનું પણ એનાલીસીસ આ લેબોરેટરી ધ્વારા થાય છે. જેના સેમ્પલો પણ નિયમિત ધોરણે લેવમાં આવે છે.

કોતરપુર ખાતેના રાસ્કાવીયર સરફેસ વોટરનું બેકટોરીયોલોજીકલ તથા કેમીકલ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

૩. **<u>સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ</u>** :-

પિરાણા તથા વાસણા ખાતેના બે કન્વેન્શનલ પ્લાન્ટમાં દરેક યુનિટો નિયમિત ચેક કરી , પ્લાન્ટની એફીસીયન્સી ચકાસવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પો. વલ્ડ બેન્કની સહાયથી વિશાળ કદનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વાસણા અને પિરાણા ખાતે ઉભો કરેલ છે. આ નવા પ્લાન્ટ તદ્દન અલગ પ્રકારની ટ્રીટમેન્ટવાળા છે. સે.લેબોરેટરી ધ્વારા પ્લાન્ટના રોજબરોજ સેમ્પલ કલેકશન તથા એનાલીસીસ કરવામાં આવે છે. અને પ્લાન્ટ પરફોરમન્સનો નિયમિત ડેટા કલેકશન કરવામાં આવે છે. તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ ડેટા પ્લાન્ટ પરફોરમન્સ માટે ખુબજ ઉપયોગી હોય છે.

કાંકરીયાના પાણીની તથા સાબરમતી નદીમાં લેવામાં આવતાપાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તેના પાણીનું નિયમિત પૃથ્થકરણ કરવામાં આવે છે. તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશન તેમજ મેનહોમાંથી વખતો વખત સેમ્પલો એકત્ર કરી એનાલીસીસ કરવામાં આવે છે અને ડ્રેનેજની મેઈન લાઈનો નું પણ મેનહોલ ડ્રેનેજ ખાતાની મદદથી ચેક કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પો નાં નવા સામેલ વિસ્તારમાં નરોડા, ઓઢવ અને વટવા એમ ત્રણ જી.આઈ.ડી.સી. ઈનડસ્ટ્રીયલ એસ્ટેટસ આવેલા છે. જેમાં ઐધોગીક એકમો નાં ટ્રેડ વેસ્ટ નું સી.ઈ.ટી.પી માં લેવામાં આવે છે. અને જે ટ્રીટમેન્ટ કરી મેગા પાઈપ લાઈનમાં નાંખે છે ત્રણ પ્લાન્ટના આઉટલેટનું મોનીટરીંગ સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે.

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિ.કોર્પો. ધ્વારા ખરીદવામાં આવતા કેટલાક કેમીકલ્સ જેવા કે હાઈપોકલોરાઈડસ તેમજ બ્લીચીંગ પાવડર ની સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા તેમજ વાટરવર્ક ખાતા દ્રારા કામ કરી તેના રીપોર્ટ અંગે અત્રે જાણ કરવામાં આવે છે, અને સેમ્પલ લઈ એનાલીસીસ કરી આપવામાં આવે છે. તેમજ પ્રાઈવેટ સોસાયટી, ટયુબવેલ કે અન્ય પ્રાઈવેટ એકમોના પીવાના પાણીના સેમ્પલીંગ કરી એનાલીસીસ કામગીરી પણ આ ખાતા ધ્વારા નજીવી ફી લઈ આ કામગીરી કરવામાં આવે છે. જેથી લોકો પણ આનો સારો લાભ પોતાના વપરાસ અંગેના પાણીની ચકાસણી કરાવવા કરી શકે છે.

તેજ રીતે ઐધોગીક એકમો પણ તેમના ઔધોગિક ટ્રડ વેસ્ટના સેમ્પલો માટે પણ આ કામગીરી લેબોરેટરી દ્રારા સેમ્પલ એનાલીસીસ કામગીરી નકકી કરેલ ફી લઈ કરી આપવામાં આવે છે.

સને.૨૦૦૮-૨૦૦૯ વર્ષ દરમ્યાન **<u>પેઈડ સેમ્પલ ફીની આવક</u>** **રૂપિયા.<u>૨,૨૪,૦૮૫/-</u>** તથા કાંકરીયા કાર્નીલ ફંડ પેટે **<u>રૂા.૩,૧૩,૫૦૦</u>** થઈ હતી.

૪. **વિશિષ્ટ કામગીરી** :

જયારે જયારે રોદ્રાળાના આઉટ બ્રેક જેવી પરિસ્થિતિ ઉભી થાય છે ત્યારે અસર પામેલ વિસ્તારમાં પીવાના પાણીના સેમ્પલો લેવા તથા સતત મોનીટરીંગ સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે. અને તપાસ કરી હેલ્થ તથા એન્જીનીયરીંગ ખાતા સાથે કો-ઓર્ડીનેશન કરી ફિલ્ડ રિપોર્ટસ તૈયાર કરી, પોલ્યુશન સોર્સ શોધવા અંગે તપાસથી પોલ્યુશન નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરી તેનો સત્વરે નિકાલ થાય તેઅંગે ખાસ તકેદારી રાખવામાં આવે છે.

આ કામ પબ્લીક હેલ્થ તથા સુખાકારીનું હોઈ પ્રાયોરીટી ધોરણે તેનો નિકાલ કરવામાં આવે છે. દરેક ઝોનના ઓફીસરો સ્થળ પર સાથે હાજર રહી પોતાનું માર્ગદર્શન આપી પોતાનો ખૂબ મોટો ફાળો આપે છે. જેમાં મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રીનો ખૂબજ સહકાર મળે છે.

ચાલુ વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન સેમ્પલોની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**વાર્ષિક વહિવટીય અહેવાલ : એપ્રિલ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯**

| અ.નં. | વિગત | માહિતી આંકડામાં |
|---|---|---|
| ૧ | પીવાના પાણીના બેકટોરીયોલોજીકલ સેમ્પલો | ૪૦,૩૯૩ |
| ૨ | પીવાના પાણીના કલોરીન ચેકીંગના સેમ્પલો | ૬૦૧૪૦ |
| ૩ | પીવાના પાણીના કેમીકલ ચેકીંગના સેમ્પલો | ૬૭૩ |
| ૪ | ઐધોગીક એકમોના સેમ્પાલો | ૭૭૫ |
| ૫ | ઐધોગીક એકમોના વેસ્ટવોટરના પી.એચ.ચેકીંગ | ૪૮ |
| ૬ | સી.ઈ.ટી.પી.ના સેમ્પલો | ૪૬ |
| ૭ | ખારીકટ કેનાલના સેમ્પલો | ૪૧ |
| ૮ | ન્યુવાસણા તથા પિરાણા લગુન પ્લાન્ટનો સેમ્પલો | ૪૮૩ |
| ૯ | યુ.એ.એસ.બી. લગુન | ૫૯૨ |
| ૧૦ | કાંકરીયા તળાવ અને નદીના સેમ્પલો | ૩૨૨ |
| ૧૧ | પંપીગ સ્ટેશન તથા મેન-હોલ અને અન્ય સેમ્પલો | ૧૧૨ |
| ૧૨ | અમદાવાદ ઈલેકટ્રીક સીટી કુ. તથા અન્ય | ૧૫ |
| ૧૩ | ફી લઈને ટેસ્ટ કરેલ સેમ્પલો | ૩૯૬ |
| ૧૪ | સેમ્પલ ટેસ્ટીંગની કુલ આવક રૂપિયા | ૨,૨૪,૦૮૫ |
| ૧૫ | વહીવટીય  રીકનેકશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ રકમ. | ૧૦,૩૮,૫૦૦ |

# ૪.૧૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

૦૮-૦૯

અમદાવાદ શહેરની વસ્તીમાં દર વર્ષે ખુબજ ઝડપીથી વધારો થતો જાય છે. વસ્તી વધારાને કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ પણ ખૂબજ વધવા પામેલ છે. અને તેને કારણે ગંદા પાણીને પંપીંગ કરી નિકાલ કરવાનું તથા તેને ટ્રીટમેન્ટ આપવાનું કામ પણ ઘણુંજ વધવા પામેલ છે.

સાબરમતી નદીને કારણે અમદાવાદ શહેર બે ભાગમાં વહેચાયેલ છે. પૂર્વ તરફના ભાગમાં ૩૮ જેટલા સુએજ પંપીંગ સ્ટેશનો આવેલા છે. જેનું પંપીંગ થયેલ સુએજ પિરાણા ટર્મિનલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે. અને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

નદીના પશ્ચિમ તરફના વિસ્તારો તથા ઔડા વિસ્તારનું ગંદુ પાણી પશ્ચિમ વિસ્તારમાં આવેલા ૦૫ જુદા જુદા સુએજ પંપીંગ સ્ટેશનોથી પંપીંગ કરી વાસણા ટર્મિનલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લાવવામાં આવે છે. જ્યાં આ પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

જુના ૭૨ એમ.એલ.ડી. પિરાણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને એન.આર.સી.પી. પ્રોજેક્ટ હેઠળ રીનોવેટ કરી ૧૦૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વાસણા ખાતે ૧૨ એમ.જી.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને રીનોવેટ કરી ૧૨૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવામાં આવેલ છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી ઔધોગિક વસાહતોના ગંદા પાણીના નિકાલ માટે પણ અલગ પંપીંગ સ્ટેશન "પિરાણા જી.આઈ.ડી.સી. સુએજ પંપીંગ સ્ટેશન" બનાવવામાં આવેલ છે. જે કાર્યરત છે.

(૧) <u>વાસણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-</u>

સને. ૧૯૮૯ માં વર્લ્ડ બેન્કની સહાયથી આ પંપીંગ સ્ટેશન શરૂ કરવામાં આવેલ છે. અને હાલમાં સંપૂર્ણ રીતે કાર્યરત છે. અહેવાલી વર્ષમાં આ પંપીંગ સ્ટેશનની તમામ મિકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ મશીનરીઝનું નિયમિત રીતે મરામત તથા નિભાવનું કામ કરવામાં આવેલ છે. આ પંપીંગ સ્ટેશનથી દરરોજનું સરેરાશ ૫૧૦ લાખ ગેલન (૨૨૯૫ લાખ લીટર) ગંદુ પાણી પંપ કરવામાં આવેલ છે. સને. ૨૦૦૮ - ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન કુલ કલાકોની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવવામાં આવેલ છે.

પંપીંગ સ્ટેશનની ઈલેક્ટ્રીકલ ઈક્વીપમેન્ટસનું ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ અનુસાર ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટરશ્રી પાસે ઈન્સ્પેકશન કરાવવામાં આવેલ છે.

આ પંપીંગ સ્ટેશનની પાસે ૭૫ એમ.એલ.ડી.ની ક્ષમતાનો એરેટેડ લગુન્સ પદ્ધતિનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલો છે. જે કાર્યરત છે. આ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ કરવામાં આવતા ગંદા પાણીનું સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા નિયમિત રીતે સેમ્પલ લઈ પરિક્ષણ કરવામાં આવે છે.

(૨) **પિરાણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-**

વર્લ્ડ બેન્કની સહાયથી આ પંપીંગ સ્ટેશન સને. ૧૯૯૦ માં શરૂ કરવામાં આવેલ છે. અને હાલમાં કાર્યરત છે. પંપીંગ સ્ટેશનમાં આવેલી તમામ મિકેનીકલ તેમજ ઈલેક્ટ્રીકલ મશીનરીનું નિયમિત રીતે મરામત અને નિભાવનું કામ કરવામાં આવે છે. આ પંપીંગ સ્ટેશન વડે દરરોજનું સરેરાશ ૫૮૫ લાખ ગેલન (૨૬૩૨ લાખ લીટર) ગંદું પાણી પંપ કરવામાં આવેલ છે. પંપીંગ સ્ટેશનની બાજુમાં એરેટેડ લગુન્સ પદ્ધતિનો ૧૮૦ એમ.એલ.ડી.ની ક્ષમતાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલો છે. જેમાં ગંદા પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. ટ્રીટમેન્ટ આપેલ પાણીને નદીમાં ડીસ્ચાર્જ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં કુલ પંપીંગ કરવામાં આવેલ ગંદાપાણીનો જથ્થો, વર્ષ દરમ્યાન પંપોના વપરાશના કલાકો તેમજ વપરાયેલ વિજળીના યુનિટસની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવવામાં આવેલી છે.

આ પંપીંગ સ્ટેશનની તમામ ઈલેક્ટ્રીકલ મશીનરીનું એક્ટ મુજબ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટરશ્રી પાસે ઈન્સ્પેકશન કરાવવામાં આવેલ છે. ટ્રીટમેન્ટ પ્લાન્ટના ગંદાપાણીના સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા નિયમિત રીતે સેમ્પલો લઈ પરીક્ષણ કરવામાં આવેલ છે.

| **અં. નં.** | **પંપીંગ સ્ટેશનનું નામ** | **કામગીરીનો પ્રકાર** | **એકમ** | **સને ૨૦૦૮-૦૯ ની કામગીરી** |
|---|---|---|---|---|
| ૧ | વાસણા ટર્મિનલ સુ.પં.સ્ટેશન | પંપીંગ | લાખ ગેલન | ૧,૧૩,૨૬૯.૦૦ |
| | | યુનિટ | કે.ડબલ્યુ.એચ. | ૨૫,૦૦,૭૯૮.૦૦ |
| | | સમય | કલાક | ૧૬,૭૬૬.૦૦ |
| ૨ | પિરાણા ટર્મિનલ સુ.પં.સ્ટેશન | પંપીંગ | લાખ ગેલન | ૨,૦૧,૦૫૮.૦૦ |
| | | યુનિટ | કે.ડબલ્યુ.એચ. | ૨૬,૬૨,૪૭૪.૦૦ |
| | | સમય | કલાક | ૨૭,૭૧૫.૦૦ |

(૩) **યુ.એ.એસ.બી. બેઝડ-પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ(૧૦૬ એમ.એલ.ડી.) એન.આર.સી.પી.-૧ :-**

એન.આર.સી.પી. પ્રોજેક્ટ હેઠળ યુ.એ.એસ.બી.(અન એરોબીક સ્લજ બ્લેન્કેટ) બેઝડ-૧૦૬ એમ.એલ.ડી.પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ સને. ૨૦૦૧ માં ચાલુ કરવામાં આવેલ છે. સને. ૨૦૦૩ માં તમામ મિકેનીકલ અને ઈલેક્ટ્રીકલ મશીનરીઝ તથા એરેટર્સનું ઈન્સ્ટોલેશન કરી ટેસ્ટીંગ કરી તૈયાર કરેલ છે. પ્લાન્ટ કમીશન થઈ ગયેલ છે. અને અત્યારે ઓપરેશનમાં છે. સદરહું પ્લાન્ટના ઓપરેશન-મેન્ટેનન્સની કામગીરી પ્લાન્ટના ઈરેકશન-કમીશનીંગના કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવે છે. આ પ્લાન્ટની એવરેજ કેપેસીટી ૧૦૬ એમ.એલ.ડી. તથા પીક કેપેસીટી ૨૧૨ એમ.એલ.ડી. છે. પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મણિનગર,દાણીલીમડા,જમાલપુર તેમજ ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોનું સુએજ વોટર લેવામાં આવે છે. આ પ્લાન્ટની ડીઝાઈન વર્ષ ૨૦૦૧ માં કુલ પોલ્યુશન ૯.૦૬ લાખના આધારે તૈયાર કરવામાં આવેલ છે. તેમજ ડીઝાઈન સુએજ જનરેશન ૧૩૦ એલ.પી.સી.ડી. (લિટર/કેપીટા/દિવસ) છે. તેના રોજ બરોજનું રિઝલ્ટ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા ચેક કરવામાં આવે છે. આ પ્લાન્ટ યુ.એ.એસ.બી. બેઝડ હોવાથી તેનાથી બનતો મીથેન ગેસથી ડ્યુલ ફયુલ એન્જીન દ્વારા વિજળી ઉત્પન્ન કરવામાં આવે છે. અને આ વિજળી દ્વારા

પ્લાન્ટ ચલાવવામાં આવે છે. પ્લાન્ટ દ્વારા શુદ્ધિકરણ થઈ સુએજ વોટર કેનાલ દ્વારા નદીમાં છોડવામાં આવે છે. તેમજ ઉત્પાદન થતાં ડ્રાયસ્લજનું વેચાણ કરી આવક મેળવવામાં આવે છે.

(૪) <u>યુ.એ.એસ.બી.બેઝડ-વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ(૧૨૬ એમ.એલ.ડી.) એન.આર.સી.પી.- ૨ :-</u>

એન.આર.સી.પી. પ્રોજેક્ટ હેઠળ યુ.એ.એસ.બી. બેઝડ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ સને. ૨૦૦૩ માં ચાલુ કરવામાં આવેલ છે. જે મીકેનીકલ ઈલેક્ટ્રીકલ ઈક્વીપમેન્ટસની સપ્લાય,ઈરેકશન,ટેસ્ટીંગ તથા કમીશનીંગની કામગીરી પૂર્ણ કરી પ્લાન્ટ જુન-૨૦૦૫ માં કમીશનીંગ કરેલ છે. તેના રોજબરોજનું રિઝલ્ટ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા ચેક કરવામાં આવે છે. આ પ્લાન્ટની એવરેજ કેપેસીટી ૧૨૬ એમ.એલ.ડી. તથા પીક કેપેસીટી ૨૫૨ એમ.એલ.ડી.છે. વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ મ્યુનિ.કોર્પો.ના પશ્ચિમ વિસ્તારનું ૩૬ એમ.એલ.ડી. તથા ઔડા વિસ્તારનું ૯૦ એમ.એલ.ડી. લેવામાં આવે છે. સુએજ પ્લાન્ટના શુદ્ધિકરણ કરી ખેતી માટે ઉપયોગમાં લેવા માટે ફતેહવાડી કેનાલમાં છોડવામાં આવે છે.

(૫) <u>મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનો :-</u>

અમદાવાદ શહેરમાં મુખ્ય ત્રણ સુએજ પંપીંગ સ્ટેશનો આવેલા છે. આ મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનોથી સુએજ વોટરનું પંપીંગ કરી ટ્રીટમેન્ટ માટે ૧૦૬ એમ.એલ.ડી. પ્લાન્ટ ખાતે મોકલવામાં આવે છે. આ પંપીંગ સ્ટેશનોના નામ તથા દરેકની પંપીંગ કેપેસીટીની વિગત નીચેના ટેબલમાં સામેલ છે.

**મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશન**

| અ. નં. | મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનોના નામ | ઝોન | કેપેસીટી લાખ લીટર/કલાક |
|---|---|---|---|
| ૧ | ન્યુ સબર્બન સુએજ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૯૮.૮૦ |
| ૨ | જમાલપુર સુએજ પંપીંગ સ્ટેશન | મધ્ય | ૧૫૭.૫૦ |
| ૩ | મણિનગર સુએજ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૧૮૧.૬૦ |

(૬) <u>બ્રાન્ચ સુએજ પંપીંગ સ્ટેશનો :-</u>

અમદાવાદ શહેરના નદીના પૂર્વ તરફના તથા પશ્ચિમ તરફના વિસ્તારો અને ગુજરાત સરકાર પાસેથી મ્યુનિ.કોર્પોરેશને લીધેલ પૂર્વ અમદાવાદની નવી હદ સહીતના વિસ્તારમાં નાના-મોટા થઈને ૦૨ ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન, ૦૧ જી.આઈ.ડી.સી.એફ.પં.સ્ટે, ૦૧ વાસણા (ઔડા) પંપીંગ સ્ટેશન તથા ૦૩ મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનો ઉપરાંત કુલ-૩૪ જેટલા બ્રાન્ચ સુએજ પંપીંગ સ્ટેશનો દ્વારા મધ્યઝોન,ઉત્તરઝોન,પૂર્વઝોન અને પશ્ચિમઝોન તથા દક્ષિણઝોનના વિસ્તારોનું સુએજ વોટરનું પંપીંગ કરી મુખ્ય ત્રણ પંપીંગ સ્ટેશનો ઉપર પંપીંગ કરી ત્યાંથી જે તે પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારના ટ્રીટમેન્ટ પ્લાન્ટો ઉપર ટ્રીટમેન્ટ આપી ડીસ્પોઝલ નદીમાં કરવામાં આવે છે. આ તમામ ૪૧ સુએજ પંપીંગ સ્ટેશનો પર ત્રણ શીફટમાં કર્મચારીઓ ફરજ બજાવી સતત ચોવીસ કલાક સુએજ પંપો ચલાવવામાં આવે છે. પંપીંગ સ્ટેશનોમાં થતાં ઈલેક્ટ્રીકલ તથા મિકેનીકલ ફોલ્ટસને તાકીદે ઈમરજન્સીમાં એટેન્ડ કરી ફોલ્ટથી તાકીદે દુરસ્ત કરી ડ્રેનેજ પંપીંગની કામગીરી કાર્યક્ષમ રીતે જાળવી રાખવામાં આવેલ છે. ચોમાસાની ઋતુમાં આ પંપીંગ સ્ટેશનોમાં ડ્રેનેજ લાઈનના પાણી ઉપરાંત વરસાદી પાણી પણ પુષ્કળ પ્રમાણમાં આવે છે. જે તે પંપીંગ

કરવાની કપરી કામગીરી પણ આ પંપીંગ સ્ટેશનો દ્વારા કરવામાં આવેલ છે. આ સુએજ પંપીંગ સ્ટેશનોની પંપીંગ કેપેસીટીની વિગતો આ સાથે પત્રકમાં સામેલ છે. તદઉપરાંત વિજળીનો પુરવઠો બંધ થાય કે ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પંપીંગની કામગીરી માટે ૬૩ કે.વી.એ.ની ક્ષમતાના ડીઝલ જનરેટર સેટનો ઉપયોગ કરી સુએજ પંપીંગ સ્ટેશન ચાલુ રાખવામાં આવે છે. અને ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે.

(૭) **<u>સુઅર ક્લીનીંગ ઈક્વીપમેન્ટસ :-</u>**

શહેરના જુદા જુદા પંપીંગની પાંચેય ઝોનમાંથી આવતી માંગણી અનુસાર ખાતાના હસ્તકના ૩-નંગ જેટીંગ મશીનો, ૪-નંગ ગલીએમ્પ્ટીયર મશીનો, ૮-નંગ જેટીંગ-કમ-ગલી એમ્પ્ટીયર કમ્બાઈન્ડ મશીનો જરૂરીયાત મુજબ મોકલી ડ્રેનેજ લાઈનો ચોક-અપ થઈ જવાની ફરિયાદો તથા જરૂરી ૧-નંગ ડીપ સકશન મશીન તથા એમ.એમ.ચેમ્પીયન મશીનો જરૂરીયાત મુજબ મોકલી ડ્રેનેજ લાઈનો ચોક-અપ થવાની ફરિયાદો તથા જરૂરી ડીશીલ્ટીંગ કરી ડ્રેનેજ લાઈનો કાર્યરત કરી ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે. સને.૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન આવી કુલ ૪૨૨૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ડીપ સકશન મશીન તથા વેટવેલની રીક્ષા માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન-૧, ટ્રક માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૩ વડે જુદા જુદા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોની ઈનકમીંગ ચેમ્બરોમાં ડીશીલ્ટીંગ કરવાની તેમજ સ્ક્રીન ચેમ્બરો સાફ કરી આપવાની કામગીરી પણ કરવામાં આવેલ છે. તેમજ પિરાણા ટર્મિનલ,વાસણા ટર્મિનલ તથા ન્યુ સબર્બન જેવા મોટા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ ચેમ્બરમાંથી સ્પેશીયલ હેવી પ્રકારની હાઈડ્રા-૧૨, ક્રેઈન માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન વડે નિયમિત ડીશીલ્ટીંગ કરવામાં આવે છે. કમ્બાઈન્ડ મશીનોને ઔડા, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસીઝ, જામનગર, મહાનગર પાલીકા તથા કેન્ટોનમેન્ટ જેવી અન્ય સંસ્થાઓમાં ભાડે મોકલી તેઓની ડ્રેનેજ ચોક-અપ લાઈનોની મુશ્કેલી દુર કરી રેવન્યુ આવક મેળવવામાં આવેલ છે. તેમજ આશીમાં ડાયકેન ખાતેના ઈનફ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજ લાઈનમાંથી ખેંચેલ ગંદું પાણી આપીને રેવેન્યુ આવક મેળવવામાં આવે છે. વેટવેલની રીક્ષા માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૧ તથા ટ્રક માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૩ તેમજ પિરાણા ટર્મિનલ, વાસણા ટર્મિનલ તથા ન્યુ સબર્બન જેવા મોટા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ ચેમ્બરમાંથી સ્પેશ્યલ હેવી પ્રકારની હાઈડ્રા-૧૨ ક્રેઈન માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન વડે નિયમિત ડીશીલ્ટીંગ કરવામાં આવે છે.

(૮) **<u>ડ્રેનેજ પ્રોજેક્ટના કામો :-</u>**

સને.૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન એસ.ટી.પી. ખાતા દ્વારા જુદા જુદા પ્રોજેક્ટ અંતર્ગત મણિનગર(૧૩૦.૭૦ એમ.એલ.ડી.), નવાણા-વટવા (૧૪ એમ.એલ.ડી.), સરદારનગર (૧૫.૧૨ એમ.એલ.ડી.), નવા પિરાણા ટર્મિનલ (૧૮૦ એમ.એલ.ડી.) અને નારોલ શાહવાડી (૧૧ એમ.એલ.ડી.) પંપીંગ સ્ટેશનો કમીશનીંગ કરી ચાલુ કરવામાં આવેલ.

# સુએજ પંપીંગ સ્ટેશન

| અં. નં. | પંપીંગ સ્ટેશનનું નામ | ઈન્સટોલ કેપેસીટી (MLD) |
|---|---|---|
| | **મેઈન સુએજ પંપીંગ સ્ટેશન** | |
| ૧ | પિરાણા ટર્મિનલ | ૮૬૪ |
| ૨ | વાસણા ટર્મિનલ | ૬૪૮ |
| ૩ | જી.આઈ.ડી.સી. એફલ્યુઅન્ટ | ૨૨૭ |
| ૪ | વાસણા (ઔડા) | ૪૦૫ |
| ૫ | જમાલપુર | ૩૪૪ |
| ૬ | ન્યુ સબર્બન | ૩૫૦ |
| ૭ | નવા મણિનગર | ૪૨૪ |
| ૮ | પિરાણા (ન્યુ) | ૨૮૬ |
| | **દક્ષિણઝોન** | |
| ૯ | દાણીલીમડા | ૩૮.૧૩૬ |
| ૧૦ | બહેરામપુરા | ૧૨.૭૧૨ |
| ૧૧ | બાગેફિરદોશ | ૫૭.૬૫૮ |
| ૧૨ | ઈસનપુર-૧ | ૧૫.૪૩૬ |
| ૧૩ | ઈસનપુર-૨ (મોની) | ૨૧.૭૯૨ |
| ૧૪ | વટવા નિગમ | ૧૨.૨૫૮ |
| ૧૫ | નારોલ શાહવાડી | ૪૪.૮૦ |
| | **મધ્યઝોન** | |
| ૧૬ | દરિયાપુર | ૧૯૬.૧૨૮ |
| ૧૭ | શાહીબાગ | ૨૬.૩૩૨ |
| ૧૮ | નવા ગિરધરનગર | ૨૧.૭૯૨ |
| ૧૯ | જુના ગિરધરનગર | ૨૬.૩૩૨ |
| ૨૦ | મહેંદિકુવા | ૧૯.૫૨૨ |
| ૨૧ | દફનાળા | ૩૯.૦૪૪ |
| | **પૂર્વઝોન** | |
| ૨૨ | નવા ગોમતીપુર | ૧૯૨.૦૪૨ |
| ૨૩ | રખિયાલ | ૧૪.૦૭૪ |
| ૨૪ | અમરાઈવાડી | ૧૯.૫૨૨ |
| ૨૫ | વિરાટનગર | ૨૮.૬૦૨ |
| ૨૬ | અર્બુદાનગર | ૧૭.૭૦૬ |
| ૨૭ | અંબિકાનગર | ૧૭.૭૦૬ |
| ૨૮ | છોટાલાલની ચાલી | ૨૮.૬૦૨ |
| ૨૯ | રબારી વસાહત | ૧૧.૩૫ |
| ૩૦ | નવા ઓઢવ | ૧૪.૦૭૪ |
| ૩૧ | નવા નિકોલ | ૨૦.૮૮૪ |

| | | |
|---|---|---|
| | **ઉત્તરઝોન** | |
| ૩૨ | નવા સરદારનગર | ૩૦.૫૧ |
| ૩૩ | આંબાવાડી | ૮.૭૨ |
| ૩૪ | નવા કુબેરનગર | ૩૯.૨૨ |
| ૩૫ | નરોડા ગાયત્રી | ૨૩.૫૨ |
| ૩૬ | નરોડા જી.આઈ.ડી.સી. | ૭.૮૧ |
| ૩૭ | નરોડા સત્યમ | ૬.૩૫ |
| ૩૮ | સૈજપુર બોઘા | ૫૨.૩૦ |
| ૩૯ | ન્યુ ચમનપુરા | ૧૨૨.૫૮ |
| | **પશ્ચિમઝોન** | |
| ૪૦ | કેશવનગર | ૧૭.૨૫૨ |
| ૪૧ | પાલડી | ૨૯.૦૫૬ |
| ૪૨ | શારદા સોસાયટી | ૧૭.૨૫૨ |
| ૪૩ | જુહાપુરા | ૫.૪૪ |

## ૪.૧૮ સ્લમ નેટવર્કીંગં પ્રોજેકટ
## ૦૮-૦૯

અમદાવાદ શહેરમાં નવી નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના સમાવેશ પછી શહેરીની કુલ વસ્તી આશરે ૫.૫ મીલીયન થાય છે. અને કુલ વિસ્તાર આશરે ૪૬૬.૦૦ ચો.મી. જેટલો થાય છે. શહેરમાં કુલ ૭૧૦ જગ્યાએ ઝુંપડપટ્ટી તેમજ ૯૫૮ જગ્યાએ ચાલીઓ સહિત કુલ-૧૬૬૮ જગ્યાએ સ્લમ વિસ્તાર આવેલ છે.જેમાં આવેલ મકાનોની સંખ્યા આશરે ૩,૨૫,૭૭૬ જેટલી છે.તેમજ તેમાં વસતા લોકોની સંખ્યા આશરે ૧૬,૨૮,૮૮૦ જેટલી છે.જે જોતાં અમદાવાદ શહેરની વસ્તીના લગભગ ૪૬ ટકા લોકો સ્લમ વિસ્તારમાં વસવાટ કરે છે.

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટી તેમજ ચાલીઓના ગંદા વિસ્તારમાં વસતા નાગરિકોના જીવનની ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવાના શુભ આશયથી આવા સ્લમ વિસ્તારના સ્થાનિક રહીશો, શહેરના આદ્યોગિક ગૃહો, પ્રાઈવેટ સેકટર, તેમજ બિન સરકારી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના આર્થિક સહયોગથી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનનો સ્લમ નેટવર્કીંગં પ્રોજેકટ કાર્યરત છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ઘેર ઘેર ગટર કનેકશન, પાણીના કનેકશન, ઘરદીઠ જાજરુ,સ્ટ્રીટલાઈટ, પાકા રસ્તા, વરસાદી પાણી, તથા કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની ભૌતિક સુવિધાઓ એક સાથે પુરી પાડવામાં આવે છે.આવી આંતરિક સુવિધાઓને બાહય શહેરી સુવિધાઓ સાથે સાંકળી લેવામાં આવે છે. આ ઉપરાંત આ યોજનામાં જોડાનાર સ્લમ્સ વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, તેમજ આવકના સાધનો ઉભા કરવા વગેરે જેવા સામુદાયિક વિકાસના કામો પણ હાથ ધરવામાં આવે છે.

આ સમગ્ર સુવિધાઓ પુરી પાડી, યોજનાનો અમલ કરવા માટે હાલમાં મ્યુનિ.કોર્પોરેશનને આશરે અંદાજે ઘરદીઠ રુ.૧૫,૮૦૦/- જેટલો ખર્ચ થાય છે.

આ યોજના એ એક ભાગીદારી યોજના છે.જેમાં સ્લમ્સનાં રહીશોને લાભાર્થી નહીં, પણ ભાગીદાર ગણવામાં આવે છે.આ યોજનામાં જોડાવા માટે સ્લમ વિસ્તારનાં રહીશોએ મ્યુનિ.કોર્પોરેશનની આ યોજનાના નીતિ નિયમો મુજબ નાણાંકીય ફાળો આપવાની સંમતિ સાથે ,યોજનામાં જોડાવા માટે અરજી કરવાની હોય છે. ઉપરાંત જે તે સ્લમ વિસ્તારના રહીશોએ એક મંડળ બનાવી તેના ચેરમેન / સેક્રેટરી / પ્રમુખ નકકી કરી આવા મંડળ નું રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે.

આ યોજનાના અમલ માટે મ્યુનિ.કોર્પો.ને થનાર ઘરદીઠ અંદાજી ખર્ચ રુ.૧૫,૮૦૦/- ની સામે સ્લમ વિસ્તારનાં રહીશો ઘરદીઠ માત્ર રુ.૨૦૦૦/- નકકી આંશિક નાણાંકીય ફાળો આપી, ઉપર જણાવ્યા મુજબની બધીં જ સુવિધાઓ એકી સાથે મેળવી શકે છે. તેમજ સામાન્ય સંજોગોમાં કોર્પોરેશન ૧૦ વર્ષ સુધી તેમને હટાવશે નહી તેવી હૈયાધારણ આપવામાં આવે છે.જે સ્લમ વિસ્તારમાં ગટર, પાણી, જાજરુ જેવી સુવિધાઓ હયાત હશે અને નવા આયોજનમાં તેને બદલવાની જરુર જણાય નહીં તો આવી ઉપલબ્ધ સેવાઓને અનુલક્ષીને હયાત સુવિધા માટે ઘરદીઠ ભરવાની રકમ પૈકી અનુક્રમે રુ.૫૦૦/-, રુ.૫૦૦/- અને રુ.૩૦૦/- ની રાહત આપવામાં આવે છે.અને રહીશોએ માત્ર બાકીની રકમ ઘરદીઠ ભરવાની રહે છે.

આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારના રહીશોએ મંડળ બનાવવાની સાથે સાથે આ મંડળ રહીશો પાસેથી ઘરદીઠ રુ.૧૦૦/- નો ફાળો એકત્ર કરે છે.જે રકમ મંડળ પાસે જ રહે છે.અને સ્લમ વિસ્તારમાં ઉપલબ્ધ થનાર સેવાઓની જાળવણી માટે મંડળ પોતે જ આ રકમનો ઉપયોગ જે તે સમયની જરુર મુજબ કરે છે.

આ યોજનામાં જોડાવા માટે ઘરદીઠ ફાળો ઉઘરાવી મંડળે પોતાની પાસે તેનો વ્યવસ્થિત રેકર્ડ રાખી, જે તેના ખાતામાં જમા કરવાનો હોય છે,અથવા તો કોઈ બેંકમાં ખાતુ ખોલાવી જમા કરવાનો હોય છે. જો કોઈ સ્લમમાં કોઈ રહીશ રુ.૨૦૦૦/- નો ફાળો ચેક સાથે ભરી શકે તેમ ન હોય તો શહેરની ‘ સેવા ‘ બેંકમાં ખાતુ ખોલાવી રુ.૫૦૦/- જમા કરવાથી આયોજનામાં જોડાવા માટેની બાકી રકમ માટે બેંકના નીતિ નિયમો મુજબ લોન મેળવી શકે છે. જે તે સ્લમ વિસ્તારમાં

યોજનાનો અમલ શરુ થતાં કામના પ્રોગ્રેસ મુજબ કોન્ટ્રાકટર.ને બીલ ચૂકવવાના સમયે સ્લમના રહીશોનો નિયત ફાળો મંડળ ધ્વારા મ્યુનિ.કોર્પો.માં જમા કરાવવાનો રહે છે.

આ યોજનામાં જોડાવા માંગતા સ્લમ વિસ્તારોનાં રહીશોની અરજી આવેથી, ખાતાના ટી.ડી.ઓ. વિભાગ ધ્વારા જમીન માલીકી, ટી.પી.સ્કીમ નં., ફા.પ્લોટ નં., હેતુ, કોર્ટ લીટીગેશન વગેરે બાબતો ચકાસી આ સ્કીમના અમલ માટે મ્યુનિ.કમિશનરશ્રીની એન.ઓ.સી.મેળવવામાં આવે છે. ત્યારબાદ ઈજનેર વિભાગ ધ્વારા સ્થળનો સર્વે કરાવી ભૌતિક સુવિધાઓ આપવા માટે પ્લાનીંગ,ડીઝાઈન તૈયાર કરી અંદાજ બનાવવામાં આવે છે. અંદાજ મંજુર થતાં ટેન્ડર મંગાવી સ્થળ ઉપર કામ શરુ કરવાની તજવીજ કરવામાં આવે છે.સાથે સાથે જે તે સ્લમ માટે એન.જી.ઓ.તેમજ ઈન્ડસ્ટ્રીયલ પ્રાઈવેટ /સેકટર પાર્ટનર તરીકે નકકી કરવામાં આવે છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં અલગઅલગ જગાઓએ આવેલ સ્લમ/ચાલીઓ અંગે વર્ષ ૨૦૦૧ દરમ્યાન છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિની વિગતો સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.) એમ.એચ.ટી. અને સાથ તથા ટીડીઓ અને એન્જીનીયરીંગ ખાતાના સ્ટાફ મારફતે મોજણી કરાવી માહિતી તૈયાર કરવામાં આવી છે. આ અહેવાલ સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ મારફત કોમ્પ્યુટરાઈઝડ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવેલ છે. અહેવાલમાં સ્લમ/ચાલી અંગેની જુદી જુદી વિગતો જેવી કે ઝૂંપડાની સંખ્યા, ઝૂંપડાનો પ્રકાર, ઉપયોગ, પાણી-ગટર કનેકશન, સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન, ટોઈલેટ ફેસીલીટી, સ્ટ્રીટલાઈટ, પેવિંગ, સફાઈની સગવડ, હોસ્પિટલ-આંગણવાડીની સગવડ, જમીનની માલિકી, સર્વે નં. / ફાઈનલ પ્લોટ નં., અંદાજીત ક્ષેત્રફળ, રીઝર્વેશન, રોડ કપાતની વિગત, હયાત પાણી-ગટર લાઈનની સાઈઝ, પાણી ગટરની મેઈન લાઈનનું અંતર, પાણીનું પ્રેશર વિગેરે આવશ્યક માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.

<u>પુરા થયેલ કામની વિગત</u>

| અ.નં. | વિગત | વોર્ડ / ઝોન | ઝુંપડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રવિણનગર ગુપ્તાનગર બ્રિર | વાસણા | ૮૦૦ |
| ૨ | ચામુડાનગર | નારણપુરા | ૧૫૮ |
| ૩ | અભુજી કુવાજી ના છાપરા | ગાંધીગ્રામ | ૪૫ |
| | **કુલ** | | ૧૦૦૩ |

**નવા કામો ની વિગત**

| અ.નં | કામની વિગત | ઝોન/ વોર્ડ | ઝુંપડાની સંખ્યા | અંદાજીત રકમ (લાખમાં) | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨ | શહેરના તમામ સ્લમ વિસ્તારોનો ટોટલ સ્ટેશન સર્વે | તમામ ઝોન | ૧,૭૬,૦૦૦.૦૦ | ૪૫.૧૯ | કામગીરી ચાલુ છે |
| ૩ | શહેરના તમામ સ્લમ વિસ્તારોનો સોસાયોઈકોનોમીક તેમજ બાયોમેટ્રીક સર્વે | તમામ ઝોન | ૧,૭૬,૦૦૦.૦૦ | ૨૧૩.૭૧ | કામગીરી ચાલુ છે. |

| અ.નં | કામની વિગત | ઝોન/ વોર્ડ | ઝુંપડાની સંખ્યા | અંદાજીત રકમ (લાખમાં) | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | કેશાણી નગર | પશ્ચિમ વાસણા | ૧૨૫ | ૧૫૦૦.૦૦ | મંજુરીની વિધિમાં , ટેન્ડર મંજુર થયા બાદ ચાલુ થશે. |
| ૨ | ગણેશનગર-પીપળજ | નવા પશ્ચિમ લાંભા | ૩૦૦૦ | | |
| ૩ | અચેર કોલસી -સાબરમતી | પશ્ચિમઝોન સાબરમતી | ૧૮૦ | | |
| ૪ | ગણેશનગર જુનાવાડજ | પશ્ચિમ ઝોન જુના વાડજ | ૩૬૦ | | |

| અ.નં | કામની વિગત | ઝોન/ વોર્ડ | શૌચાલયની સંખ્યા | અંદાજીત રકમ (લાખમાં) | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | Integrated Low Cost Sanitation (20000 Toilet) | તમામ ઝોન | ૨૦૦૦૦ | ૨૦૦૦.૦૦ | કામ ચાલુ છે. |

**આયોજનઃ-**

**વ્યકિતગત તેમજ પે એન્ડ યુઝ શૌચાલય :-**

શહેરને ઓપન ડેફિકેશન થી સંપૂર્ણ રીતે મુકત કરવાનું આગામી વર્ષમાં આયોજન કરેલ છે જે અંતર્ગત ૧૦૦૦૦ જાજરૂ જી.એમ.એફ. બીના સહયોગ થી તેમજ ૨૦,૦૦૦ જાજરૂ કેન્દ્ર સરકારની ઈન્ટીગ્રેડેટ લો કોસ્ટ સેનીટેશન સ્કીમ અંતર્ગત તેમજ બાકીનાને વ્યકિતગત ૯૦:૧૦ ની સ્કીમ અંતર્ગત જાજરૂની સવલત આપવાનું આયોજન કરેલ છે. જે સ્લમ વિસ્તારમાં જગ્યાના અભાવે વ્યકિતગત શૌચાલય બનાવી શકાય તેમ ન હોય તેવી જગ્યાએ સામુહિક (પે એન્ડ યુઝ ) શૌચાલય બનાવવાની કામગીરીનું આયોજન કરેલ છે.

**સોશીયો ઈકોનોમીક તેમજ બાયોમેટ્રીક સર્વે :-**

શહેરમાં આવેલ તમામ ૭૧૦ સ્લમ પોકેટના રહેવાસીઓની તેમજ બિનસંગઠીત કામદારો માટે સામાજીક તથા આર્થિક સર્વેની કામગીરી શરૂ કરેલ છે. સાથે સાથે લાભાર્થીઓની ચોકકસ ઓળખ માટે બાયોમેટ્રીક સર્વે ની કામગીરી હાથ ધરાયેલ છે. જે અંતર્ગત સ્લમ રહેવાસીઓને સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. જેમાં વ્યકિતની પોતાની તેમજ કુટુંબ સંબંધિત સમગ્ર માહિતી રહેશે. જેના થકી જે તે યોજનાના ચોકકસ લાભાર્થીને લાભ મળી રહે તેમજ નવી યોજનાના અમલીકરણમાં લાભાર્થીને સમાવિષ્ટ કરવામાં સરળતા રહેશે.

**ટોટલ સ્ટેશન સર્વે :-**

તમામ સ્લમ વિસ્તારોમાં ટોટલ સ્ટેશન સર્વે દ્વારા મકાનોની હયાત પરિસ્થિતિ તેમજ સ્લમ વિસ્તારમાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રકચર નો સર્વે કરવામાં આવશે. સર્વે દ્વારા એકત્રિત થયેલ માહિતીના આધારે જે તે સ્લમના અધુરા ઈન્ફ્રાસ્ટ્રકચર પુરા કરવામાં આવશે અને પાયાની સગવડ માટે નવા ઈન્ફ્રાસ્ટ્રકચર નું આયોજન કરવામાં મદદરૂપ થશે.

# ૪.૧૯ - જનમાર્ગ- બી.આર.ટી.એસ

## ૦૮-૦૯

શહેરની ટ્રાફીકની સમસ્યા હલ કરવા તથા સક્ષમ પરીવહન સેવા પુરી પાડવા અન્ય ઉપલબ્ધ વિવિધ વિકલ્પો પૈકી સૌથી ઓછા ખર્ચા વાળી જનમાર્ગ (બી.આર.ટી.એસ.)નો અમલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટ સિસ્ટમને વિકસાવવાનાં હેતુ થી સામાજીક, આર્થિક પરીબળો, વાહનોની સંખ્યા વિગેરે ધ્યાનમાં રાખીને જનમાર્ગનું ત્રણ ફેઝમાં આયોજન કરવામાં આવેલ છે.

૧. ફેઝ-૧ ૬૦ કિમી. અંદાજ રૂા. ૪૯૬.૯૩ કરોડ કામ ઝડપથી ચાલી રહેલ છે.
૨. ફેઝ-૨ ૩૪ કિમી. અંદાજે રૂા. ૪૮૮.૧૩ કરોડ કેન્દ્ર સરકારની મંજુરી મળેલ છે.સર્વે પ્લાનીગ ચાલુ
૩. ફેઝ-૩ ૧૨૫કિમી.

અમદાવાદ શહેરનાં હયાત રસ્તાની પહોળાઇ તેમાં આવતા જંકશન ઉપર ટ્રાફીકની સમસ્યા વિગેરે ધ્યાનમાં રાખીને રોડની મધ્યમાં ડેડીકેટેડ બસ લેઇન આપીને જનમાર્ગનું આયોજન કરવામાં આવેલ છે. જ્યાં રાઇટ ઓફ વે ૩૫ મીટર ૪૦ મીટર અને ૬૦ મીટરનાં છે ત્યાં ફૂટપાથ તથા સાયકલ ટ્રેક તેમજ પાર્કીંગ તેમજ મીક્ષ ટ્રાફીક લેનનું પ્લાનીગ કરેલ છે. સરફેઝ ડ્રેઇન માટે રસ્તાનાં બનેં છેડે ફૂટપાથની નીચે આર.સી.સી. ડક્ટનું આયોજન છે.

ડેડીકેટેડ બસ લેન માં નિયત કરેલ જગ્યાએ બસ શેલ્ટર બનાવવાનું આયોજન છે. તેમજ રૂટ ઉપરનાં તમામ જંકશનને રીડીઝાઇન કરી સિગ્નલાઇઝડ કરવાનું પણ આયોજન છે. ફેઝમાં દોડનાર બસો માટે ટર્મિનલ સ્ટેશન, બસ ડેપો તથા વર્કશોપ તૈયાર કરવાનું પણ આયોજન છે. તથા આ બસનું નિયંત્રણ જી.પી.એસ. સિસ્ટમ દ્વારા તેમજ બસ સ્ટેન્ડ ઉપર આધુનિક આઇ.ટી. સિસ્ટમનો ઉપયોગ કરીને બસનું નિયંત્રણ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવે તેવું સુંદર આયોજન છે. તૈયાર કરવામાં આવનાર બસ શેલ્ટર અત્યંત આધુનીક ટેકનોલોજીથી સુસજ્જ બનાવવામાં આવશે. જેમાં ટ્રાન્સીટ મેપ, બસ રૂટની માહીતી, સેન્સર થી કંટ્રોલ થતાં ડોર્સ તેમજ પેસેન્જર ઇન્ફર્મેશન સિસ્ટમ, એન્ટ્રી- એક્ષીટ, ટર્ન સ્ટાઇલ થી કંટ્રોલ કરી શકાય તેવી સુવિધા છે.

ભારત સરકારશ્રીની જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન(JnNURM)હેઠળ ફેઝ-૧ માટે રૂા.૪૯૩.૩૨ કરોડનાં પ્રોજેક્ટને તથા ફેઝ-૨નાં રૂા.૪૮૮.૧૩ કરોડનાં જનમાર્ગ પ્રોજેક્ટને મંજુરી મળેલ છે.

જે પૈકી ફેઝ-૧માં વિકાસ કરવામાં આવી રહેલ જનમાર્ગની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અંદાજીત રકમ રૂા. (કરોડમાં) | થયેલ પ્રોગ્રેસ રૂા. કરોડમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | નારોલ સર્કલથી નરોડા પાટીયા(૧૩.૪ કિમી.) | ૧૨૫.૫૫ | ૪૩.૦૦ | કામ ચાલુ |
| ૨ | આર.ટી.ઓ. સર્કલ થી પીરાણા (૧૨.૫૦ કિમી.) | ૮૫.૮૯ | ૫૫.૦૦ | કામ ચાલુ |
| ૩ | પીરાણા થી દાણીલીમડા થી ચંડોળા થી નારોલ અને દાણીલીમડા થી શાહઆલમ થી પુષ્પકુંજ થી મણીનગર-(૧૧.૬૮ કિમી.) | ૯૦.૩૩ | ૧૯.૦૦ | કામ ચાલુ |
| ૪ | ૧૩૨ ફૂટ રીંગ રોડ થી વાડજ થી દુધેશ્વર થી દિલ્હીદરવાજા થી પ્રેમ દરવાજા(૫.૫કિમી.) | ૪૦.૮૭ | ૨.૩૫ | કામ ચાલુ |
| ૫ | બસ શેલ્ટર્સ તૈયાર કરવા અંગે | ૧૩.૫૭ | ૪.૦૪ | કામ ચાલુ |
| ૬ | જનમાર્ગ માટે ચંડોળા નજીક બસ ડેપો તૈયાર કરવાનાં કામ અંગે | ૨.૪૩ | ૦.૨૫ | કામ ચાલુ |
| ૭ | જનમાર્ગ માટે ચંડોળા નજીક બસ વર્કશોપ તૈયાર કરવાનાં કામ અંગે | ૫.૫૪ | ૦.૫૦ | કામ ચાલુ |
| | **કુલ્લે ખર્ચ** | **૩૬૪.૧૮** | **૧૨૪.૧૪** | |

ફેઝ-૧માં જનમાર્ગ ઉપર મીડીયમ ફલોર બસ દોડાવવામાં આવશે. તેની સંખ્યા લગભગ ૧૨૫ થી ૧૫૦ અંદાજે થશે. રૂટ ઉપર આ બસોની ફ્રીક્વન્સી ૩ મીનીટે એક બસની રહેશે. પ્રારંભિક ધોરણે ૫૦ બસો તૈયાર કરાવી વર્ષનાં અંત સુધીમાં દોડાવવામાં આવનાર છે. આ બસો એ.સી. તેમજ નોન એ.સી. હશે. જેમાં ઓટોમેટીક ટીકીટીગ ફેસેલીટી,

પેસેન્જર ઈન્ફેમેશન સિસ્ટમ, જી.પી.એસ. સિસ્ટમ થી સુસજ્જ રહેશે. બસ શેલ્ટરનું લેવલ બસનાં ફ્લોર લેવલે હોઇ સિનીયર સીટીઝન તેમજ ફીઝીકલી હેન્ડીકેપ વ્યક્તિ તેનો સરળતાથી ઉપયોગ કરી શકશે.

ફેઝ-૧માં રોડની મધ્યમાં બી.આર.ટી. લેનમાં બસ શેલ્ટર તૈયાર કરવામાં આવી રહેલ છે. આ બસ શેલ્ટરમાં બન્ને ડાયરેકશનથી બે - બે બસ એક સાથે ઊભી રહી શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. બસ શેલ્ટરમાં એન્ટ્રી માટે ટર્ન સ્ટાઇલ ટીકીટીગ સિસ્ટમ છે. બસ શેલ્ટરનું પ્લેટફોર્મ લેવલ બસનાં લેવલે રહેશે. શેલ્ટરનાં દરવાજા બસનાં દરવાજા સાથે સિન્ક્રોનાઇઝ કરાયેલ છે. તેમજ પેસેજર્સ માટે જરુરી એડવાન્સ માહીતી, એરીયા રૂટ મેપ, એલ.ઇ.ડી. પેસેન્જર્સ ઈન્ફરમેશન સિસ્ટમ વિગેરેની સુવિધાથી સુસજ્જ છે. સિનિયર સીટીઝન તેમજ શારીરીક વિકલાંગ વ્યકિતઓ માટે સ્પેશીયલ રેમ્પની સુવિધા છે. જેમાં સ્પેશીયલ કલરનાં ટેકટાઇલ ટાઇલ્સ લગાવેલ છે જે અંધજનોને બસમાં જવા- આવવા માટે મદદરૂપ રહેશે.

બસ શેલ્ટરમાં જવા - આવવા માટે પેડેસ્ટ્રીયન ક્રોસીંગ નો ઉપયોગ કરવાનો રહેશે જે સિગ્નલાઇઝડ અને નજીકનાં બન્ને જંકશન સાથે સિન્ક્રોનાઇઝડ હશે. નરોલ - નરોડાનાં સ્ટ્રેચમાં પેસેન્જરની અવર - જવર માટે બે જગ્યાએ પેડેસ્ટ્રીયન સબ-વે બનાવવામાં આવશે.

જનમાર્ગ ફેઝ-૨ માટે ૩૮ કિમી.નાં વિવિધ કોરીડોર આવરી લેવામાં આવેલ છે જેનાં ટેન્ડર મંગાવવામાં આવેલ છે. તેમજ દરિયાપુર દરવાજા સરસપુર સુધી ૪.૫૦ કિમી. નો એલીવેટેડ બી.આર.ટી. રોડ નું આયોજન કરવામાં આવેલ છે.

જનમાર્ગ યોજના હેઠળ બી.આર.ટી.રૂટ ઉપર ૧૩૨ ફૂટ રીંગ રોડ તેમજ ૨૦૦ ફૂટનાં નારોલ-નરોડા રોડ ઉપર તથા સાબરમતી નદી ઉપર બ્રીજ /ફલાયઓવર તથા આર.ઓ.બી. બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અંદાજીત રકમ રૂા.(કરોડમાં) | થયેલ પ્રોગ્રેસ રૂા.(કરોડમાં) | રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | વાડજ દુધેશ્વરને જોડતો ૬ લેનનો બ્રીજ | ૩૩.૪૮ | ૨૧.૫૦ | કામ ચાલુ |
| | **૧૩૨ ફૂટ રીંગ રોડ ઉપર આર.ઓ.બી તથા ફલાયઓવર** | | | |
| ૨ | ઓમકાર આર.ઓ.બી.(૪-લેન) | ૩૫.૬૮ | ૧૪.૮૦ | |
| ૩ | શિવરંજની જંકશન ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ | ૧૯.૧૦ | ૧૯.૧૦ | કામ પુરુ |
| ૪ | હેલ્મેટ જંકશન ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ | ૧૫.૧૫ | ૧૫.૧૫ | કામ પુરુ |
| ૫ | એ.ઇ.સી. સોલા ઉપર સ્પ્લીટ ફલાયઓવર કરવાનું કામ | ૧૮.૫૫ | ૧૮.૫૫ | કામ પુરુ |
| | **૨૦૦ ફૂટ નારોલ-નરોડા હાઇ-વે ક્રોસ ફલાય ઓવર** | | | |
| ૬ | સોની ની ચાલી જંકશન | ૪૦.૨૭ | ૧.૫૩ | કામ ચાલુ |
| ૭ | સી.ટી.એમ. જંકશન | ૪૨.૯૪ | ૩.૪૮ | કામ ચાલુ |
| ૮ | જશોદા નગર જંકશન | **૫૬.૬૧** | ૨.૭૩ | કામ ચાલુ |
| ૯ | ઈસનપુર જંકશન | ૨૫.૦૩ | ૧.૪૩ | કામ ચાલુ |
| ૧૦ | ઠક્કરબાપાનગર જંકશન | ૧૭.૪૭ | | કામ ચાલુ |
| | **કુલ્લે ખર્ચ** | **૩૦૪.૨૮** | **૯૮.૦૨** | |

ઉપરોક્ત દર્શાવેલ વિવિધ બ્રીજ, આર.ઓ.બી. તથા સ્પ્લીટ ફલાયઓવરનાં કારણે જનમાર્ગ ઉપર દોડનાર બી.આર.ટી. બસ સરળતા થી કોઇપણ પ્રકારનાં અવરોધ વગર પસાર થઇ શકશે. નારોલ - નરોડા હ્રા-વે ઉપર સી.ટી.એમ. જંકશન ઉપર અમદાવાદ -વડોદરાને જોડતો એક્ષપ્રેસ-વે નજીક હોઇ જંકશન ઉપર તે તરફે જતા વાહનોનું ભારણ ઓછુ કરવા તેમજ ટ્રાફીકની સમસ્યા દુર કરવા સી.ટી.એમ. જંકશન ઉપર હાઇ-વે ક્રોસ ફલયઓવર ઉપરાંત સેકન્ડ લેવલે એક્ષપ્રેસ-વે તરફ ઉતરતી વધારાની પાંખ બનાવવાનું આયોજન કરેલ છે. આ પ્રકારનાં બે લેવલ ઉપરનાં

ફલાયઓવરનું કામ અમદાવાદ શહેરમાં પ્રથમવાર બની રહેલ છે. તદ્‌ઉપરાંત સોનીની ચાલી તથા ઠક્કરબાપાનગર જંકશન નજીક તૈયાર થનાર બસ શેલ્ટર માટે સબ-વે નું આયોજન કરેલ છે.

ઉપરોક્ત સુવિધાઓને કારણે લોકોના ટ્રાવેલ ટાઈમમાં ઘટાડો થશે. કિંમતી ઈંધણ બચશે તેમજ હવામાં પ્રદુષણનું પ્રમાણ ઘટશે.

સમગ્ર ભારત તેમજ એશિયામાં જનમાર્ગનું અમલીકરણ પ્રથમવાર થઈ રહેલ છે અને જેને કારણે સામાન્ય નાગરીકને ખૂબ જ લાભ થશે તથા જનમાર્ગ આશીર્વાદરૂપ બનશે.

## ૪.૨૦ હાઉસીંગ પ્રોજેકટ

## ૦૮-૦૯

અમદાવાદ શહેરમાં વસતા શહેર ગરીબો માટે મ્યુનિ.કોર્પો. મારફત શહેરી ગરીબોને રાહતદરે આવાસો મળી રહે તે માટે ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ બનાવવાનું આયોજન આ વિભાગેથી કરવામાં આવે છે.

સદરહુ વિભાગ મારફત અત્યાર સુધીમાં પ્રથમ તબક્કાની ૪૮૪૮ મકાનો બનાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ જે પૈકી ૪૮૪૮ આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં સદરહુ વિભાગ મારફતે ગુલબાઈ ટેકરાના વિસ્થાપિતો માટે ૪૪૮ આવાસો તેમજ શહેરી ગરીબો માટે ૧૧૨ આવાસો ની કામગીરી વાસણા શાહવાડી પાસે પૂર્ણ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૪૮ મકાનોમાં ગુલબાઈ ટેકરાના વિસ્થાપિતોને પઝેશન આપેલ છે.

**જે.એન.એન.યુ.આર.એમ. :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે.એન.એન.યુ.આર.એમ.અંતર્ગત શહેરી ગરીબો માટે ૧૮,૯૭૬ આવાસો બનાવવા રૂા. ૩૩૮.૮૭ કરોડના પ્રોજેકટ અન્વયે ૨૯ જુદી જુદી જગ્યાએ ૧૮૯૭૬ આવાસો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ આવાસો બે રૂમ, કીચન, બાલ્કની તેમજ ટોયલેટ અને બાથરૂમ સહિત ૩૬.૫૦ સ્કેવર મીટર સુપર બીલ્ટ અપ અને ૨૬.૭૭ સ્કેવર કાર્પેટ એરીયાના અત્યંત આધુનિક ટેકનોલોજીથી કે જેમાં તમામ દિવાલો આર.સી.સી.ની અને આકર્ષક ફીનીશીગવાળી બનશે. આવાસો માટે જરૂરી માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, ગટર, ઈન્ટરનલ રોડ, પેવીગ , કમ્પાઉન્ડ વોલ તેમજ આઉટર ઈન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા સહિતના બનાવવામાં આવી રહેલ છે.

આવાસોના એલોટમેન્ટમાં શહેરી ગરીબો જેઓને વૈકલ્પિક વ્યવસ્થા કાયદાકીય રીતે આપવાની થતી હોય તેમજ અન્ય અસરગ્રસ્તોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આવાસોના બાંધકામનો ખર્ચની રકમ ૫૦% સેન્ટ્રલ ગર્વમેન્ટ, ૨૦ % સ્ટેટ ગર્વમેન્ટ મારફત અને ૩૦% લાભાર્થી તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફત ભોગવવામાં આવશે. તમામ જમીન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિના મુલ્યે ફાળવી આપશે. લાભાર્થીઓ પાસે ફકત કન્સ્ટ્રકશન કોસ્ટના આધારે ફાળો લેવામાં આવશે. આગામી વર્ષમાં ૨૦૧૨ સુધીમાં મ્યુનિ.કોર્પોરેશન કુલ ૬૦૦૦૦ આવાસો બાંધવાની કામગીરી હાથ ધરાનાર છે. મીશન પિરીયડ પુરો થતાં શહેરી ગરીબોને આવાસોની મહત્તમ સુવિધા ઉપલબ્ધ થશે.

**સફાઈ કામદાર માટેના આવાસો :-**

અમદાવાદ મ્યુનિ.કોર્પો. દ્વારા કોર્પોરેશનમાં કામ કરતાં સફાઈ કામદારો માટે કુલ ૨૦૦૦ આવાસો બનાવવાનું આયોજન છે તે પૈકી ૧૦૨૪ આવાસો બનાવવાનું કામ ગુજરાત સફાઈ કામદાર નિગમના સહયોગથી હાથ ધરવામાં આવેલ છે. જે આવાસો અત્યંત આધુનિક ટેકનોલોજી વાળા આર.સી.સી. ના બનાવવામાં આવે છે. જે પૈકી પ્રથમ ફેઝમાં ૧૦૨૪ આવાસો બનાવવાનું કામ શરૂ કરેલ છે. ત્યાર બાદ ૯૬૦ આવાસો બનવાવાના કામનું ટેન્ડર મંજુરીની વિધીમાં છે. જે મંજુરી મળે કામ શરૂ કરવામાં આવશે.

**આંગણવાડી/ હેલ્થ સેન્ટર/ સ્કુલઃ-**

શહેરમાં બાંધવામાં આવી રહેલ શહેરી ગરીબો માટેના આવાસોમાં રહેવા આવનાર બાળકોને સારુ આરોગ્ય તેમજ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે આવાસોની સાથે સાથે કુલ ૨૪ હેલ્થ સેન્ટર ૨૦ આંગણવાડી બનાવવાની

કામગીરી શરૂ કરવામાં આવેલ છે તેમજ શાહવાડી અને વટવા ખાતે બે સ્કુલો બનાવવાનું આયોજન કરેલ છે. જે મંજુર થયે કામગીરી શરૂ કરવામાં આવશે.

## **શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પીટલ કેમ્પસમાં ચાલતા કામોની વિગત**

**ટ્રોમા સેન્ટર :-**

શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પીટલ ખાતે અધતન ટ્રોમા સેન્ટર રૂા. ૭.૫૦ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી પૂર્ણતાને આરે છે. જેમાં દર્દીને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ઉત્તમ પ્રકારના મેડીકલ સાધનો મશીનો સાથે

૧. ગ્રાઉન્ડ ફલોર ઉપર ૫ જનરલ + ૧વી.આઈ.પી. = એમ કુલ ૬ ટ્રોમા બેડ માઈનોર ઓટી,

૨. ફસ્ટ ફલોર ઉપર ૧૯ બેડ ધરાવતું આઈ.સી. યુ. તથા એકયુટ કેર યુનિટ ,

૩. સેકન્ડ ફલોર ઉપર ૨૪ બેડ ધરાવતા એકસીડન્ટ વોર્ડ અને ૧ વી.આઈ.પી. બેડ, અને ૮ બેડ ધરાવતા પ્લાસ્ટીક વિભાગ તથા ૯ બેડ ધરાવતો બર્નસ વોર્ડ,

૪. થર્ડ ફલોર ઉપર ૧૮ બેડ ધરાવતો પોસ્ટ ઓપરેટીવ, ૨ રીકવરી બેડ , ૧ વી.આઈ.પી. બેડ નો પણ સમાવેશ કરેલ છે.

આમ, કુલ ૭૨ બેડની સુવિધા છે.

સદરહુ બિલ્ડીંગમાં અધતન સુવિધા ધરાવતા બે મોડયુલર ઓ.ટી., સોનોગ્રાફી, એકસ-રે વિભાગ તથા અન્ય સુવિધાઓ સેન્ટ્રલી એ.સી. ધરાવતા રૂમોનો સમાવેશ સદરહુ બિલ્ડીગમાં કરવામાં આવેલ છે.આ ઉપરાંત ઈમરજન્સી વખતે લાઈટ ચાલુ રહે તે માટે યુ.પી.એસ. તથા જનરેટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**નર્સીંગ સ્કુલ તથા હોસ્ટેલ બિલ્ડીંગ :-**

વી.એસ. હોસ્પીટલ કમ્પાઉન્ડમાં મ્યુનિ.કોર્પો. દ્વારા આઘુનિક સગવડ ગ્રાઉન્ડ તેમજ ચાર માળની નર્સીંગ સ્કુલ તથા હોસ્ટેલ બિલ્ડીગ રૂા.૧૨.૩૩ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર છે.

જેમાં સ્કુલ બિલ્ડીગમાં જરૂરીયાત મુજબ અધતન કલાસ રૂમ, ૭ આધુનિક લેબોરેટરી, જીમ્નેશીયમ, લાયબ્રેરી તેમજ આધુનિક કોન્ફરન્સ રૂમની સગવડ અને વહીવટી ઓફીસનો સમાવેશ કરવામાં આવેલ છે.

હોસ્ટેલ બિલ્ડીંગ ૧૦૦ રૂમની સગવડવાળુ એટેચ ટોયલેટ તેમજ દરેક રૂમમાં વિઘાર્થીનીઓ માટે અલગ પલંગ, રીડીગ ટેબલ વોર્ડરોબ , ની સગવડ રાખવામાં આવેલ છે. વિઘાર્થીનીઓ માટે ઠંડા પાણીના કુલર ફીલ્ટર સાથે ની વ્યવસ્થા દરેક ફલોર ઉપર રાખવામાં આવેલ છે. તેમજ વોશરૂમની સગવડતા રાખવામાં આવેલ છે.

બંને બિલ્ડીંગમાં લીફટનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

**હયાત કેથલેબ અને આઈ.સી.સી.યુ.નું સિવીલ તથા ઈન્ટીરીયર વર્ક :-**

વી.એસ.હોસ્પીટલમાં આવેલ હયાત કેથલેબ તેમજ આઈ.સી.સી.યુ. વિભાગનું રીપેરીગ, રીનોવેશન તથા ઈન્ટીરીયર વર્ક રૂા. ૨.૧૧ કરોડના ખર્ચે કરી અધતન બનાવવામાં આવનાર છે સદરહુ વોર્ડમાં એક વધારાની કેથલેબ કાર્યરત થશે.

**વી.એસ હોસ્પીટલમાં પાર્કીગ એરીયા ડેવલપમેન્ટ :-**

વી.એસ.હોસ્પીટલ ખાતે વાહનોની અવરજવર વધુ હોઈ જુદા જુદા પાર્કીગ એરીયા રૂા.૨૭.૬૨ લાખના ખર્ચે ડેવલપ કરવાનું કામ ચાલુ છે. આ પાર્કીગ એરીયામાં એમ-૩૫ ગ્રેડના પેવર બ્લોકથી કરવામાં આવે છે.

**વી.એસ.હોસ્પીટલ બિલ્ડીગ રેટ્રોફીટીગ અને રીપેરીગ કામ :-**

જુના ફીઝીયોથેરાપી બિલ્ડીગ, કાર્ડીઓથોરેસીક ઓપરેશન થિયેટર બિલ્ડીગ, આઈ.સી.સી.યુ. વોર્ડ બિલ્ડીગ રૂા. ૪.૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.

સ્ટ્રકચર સ્ટેબીલીટી, રીનોવેશન અને રીપેરીગ તેમજ સાકીયાર્ટીટ વોર્ડનું રીપેરીગ કામ રૂા. ૩૫.૦૦ ના ખર્ચ કરવામાં આવી રહેલ છે.

## ૪.૨૧ જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ

૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક ડ્રેનેજ પ્રોજેકટ અને દરેક ઝોન ખાતેથી સને ૨૦૦૮-૦૯માં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ થયેલ કામોના ખર્ચની વિગત આ સાથે સામેલ કરવામાં આવેલ છે.

(૧) અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા નવા પીરાણા ખાતે ૧૮૦ એમ.એલ.ડી. કેપેસીટીનો પ્લાન્ટ બનાવવાનું આયોજન કરેલ છે.
આ કામનો અંદાજીત ખર્ચ રૂા.૬૮.૭૨ કરોડનો છે. જે કામ પૂર્ણ કરી ટ્રાયલ રન શરૂ કરેલ છે. અત્યાર સુધીમાં સદર કામનો ખર્ચ રૂા.૫૧.૩૦ કરોડ થયેલ છે.

(૨) સાબરમતીના પૂર્વ કિનારાને સમાંતરે નાંખેલ ઈન્ટરસેપ્ટર ડ્રેનેજ લાઈનમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા માટે જુના પીરાણા ખાતે ૬૦ એમ.એલ.ડી. કેપેસીટીનો પ્લાન્ટ બનાવવાનું આયોજન કરેલ છે.
આ કામનો અંદાજીત ખર્ચ રૂ.૨૭.૫૨ કરોડનો છે. હાલમાં કામગીરી ચાલુ છે. જુન-૦૯માં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. અત્યાર સુધીમાં સદર કામનો ખર્ચ રૂા.૧૨.૩૭ કરોડ થયેલ છે.

(૩) સાબરમતીના પૂર્વ કિનારાને સમાંતરે નાંખેલ ઈન્ટરસેપ્ટર સુએજ લાઈનમાંથી એકત્રિત થતા સુએજને ટ્રીટ કરવા માટે જુના પીરાણા ખાતે ૩૫ એમ.એલ.ડી. કેપેસીટીનો પ્લાન્ટ બનાવવાનું આયોજન કરેલ છે.
આ કામનો અંદાજીત ખર્ચ રૂા.૧૬.૫૦ કરોડનો છે. હાલમાં કામગીરી ચાલુ છે. જુન-૦૯માં આ કામગીરી પુર્ણ કરવાનું આયોજન કરેલ છે. અત્યાર સુધીમાં સદર કામનો ખર્ચ રૂા.૭.૧૦ કરોડ થયેલ છે.

(૪) પશ્ચિમ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાનું આયોજન કરાયેલ છે.
આ કામ માટે પેકેજ-૧ અને ૨નો કુલ અંદાજીત ખર્ચ રૂા.૭૧.૦૬ કરોડનો થશે. અત્યાર સુધી પેકેજ-૧માં રૂા.૨૧.૩૦ કરોડનો ખર્ચે ૩૦.૬૩૫ કી.મી. તથા પેકેજ-૨માં રૂા.૧૩.૯૮ કરોડનો ખર્ચે ૧૫.૨૫૨ કી.મી. લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

(૫) નોર્થ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાનું આયોજન કરાયેલ છે.
આ કામ માટેના પેકેજ ૧,૨,૩ અને ૪ નો કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૧૭.૨૨ કરોડનો થશે. અત્યાર સુધી પેકેજ-૧માં રૂા.૯.૨૮ કરોડના ખર્ચે ૧૨.૩૬૦ કી.મી., પેકેજ-૨માં રૂા.૧.૬૧ કરોડના ખર્ચે ૩.૦૮૪ કી.મી., પેકજ-૩ માં રૂા.૧૧.૮૨ કરોડના ખર્ચે ૧૨.૮૦૮ કી.મી. અને પેકેજ-૪માં રૂા.૯.૨૧ કરોડનો ખર્ચે ૪.૮૮૫ કી.મી. લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

(૬) મધ્ય ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈનના મેન્ટેનન્સની કામગીરીનું આયોજન કરાયેલ છે.
આ કામ માટે અંદાજીત ખર્ચ રૂા.૧૦.૨૬ કરોડનો થશે. અત્યાર સુધીમાં રૂા.૫.૦૫ કરોડના ખર્ચે ૩.૮૨૦ કી.મી. સ્ટોર્મ વોટર ડ્રેઈનની મેન્ટેનન્સની કામગીરી કરેલ છે.

(૭) પૂર્વ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાનું આયોજન કરાયેલ છે.
આ કામ માટેના પેકેજ ૧ અને ૨નો કુલ અંદાજીત ખર્ચ રૂા.૬૪.૭૭ કરોડનો થશે. અત્યાર સુધી પેકેજ-૧માં રૂા.૧૬.૧૩ કરોડના ખર્ચે ૧૪.૩૩૯ કી.મી. અને પેકેજ-૨માં રૂા.૯.૯૨ કરોડના ખર્ચે ૨૧.૨૩૨ કી.મી. લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

(૮) દક્ષિણ ઝોનના જુદા જુદા વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાનું આયોજન કરાયેલ છે.

આ કામ માટેના પેકેજ ૧, ૨ અને ૩ નો કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૩૬.૯૯ કરોડનો થશે. અત્યાર સુધી પેકેજ-૧માં રૂા.૫.૭૯ કરોડના ખર્ચે ૧૧.૬૯૫ કી.મી. , પેકેજ-૨માં રૂા.૬.૦૭ કરોડના ખર્ચે ૫.૯૩૫ કી.મી. અને પેકેજ ૩માં રૂા.૪.૬૫ કરોડના ખર્ચે ૧૧.૭૨૦ કી.મી. લંબાઈમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી કરેલ છે.

(૯) શહેરના પૂર્વ અને દક્ષિણ ઝોનમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્વસ્તિક ક્રોસ રોડથી હાટકેશ્વર આવકાર હોલ દક્ષિણી બ્રીજ થઈ ખોડિયારનગરથી સાબરમતી નદી સુધી આર.સી.સી. ડકટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ કામનો અંદાજીત ખર્ચ રૂા.૩૫.૭૭ કરોડનો થશે. અત્યાર સુધીમાં રૂા.૨૯.૦૮ કરોડના ખર્ચે ૭.૫૬૫ કી.મી.લંબાઈમાં આર.સી.સી. ડકટ બનાવવાની કામગીરી કરેલ છે.

જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ શહેરમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી કરવાની થાય છે. જેમાં નવા પશ્ચિમ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરીના પેકેજ-૧ થી ૧૨(સોલા,ચાંદખેડા,મોટેરા,ત્રાગડ,થલતેજ,મકરબા વિગેરે), નવા સમાવિષ્ટ થયેલ પૂર્વ વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરીના પેકેજ-૧ થી ૬ તથા નવા પશ્ચિમ વિસ્તારોમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી પૈકી પેકેજ-૮(સોલા,થલતેજ,આંબલી)અને પેકેજ-૯(મેમનગર,વસ્ત્રાપુર,વેજલપુર)ની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. સદર પેકેજના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે. સદર કામગીરીમાં નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક નાંખવાના પેકેજ ૧ થી ૧૨ માં અંદાજીત ખર્ચ રૂા.૧૪૬.૦૪ કરોડનો થશે. નવા પૂર્વ વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૬૩.૨૯ કરોડનો થશે. નવા પશ્ચિમ વિસ્તારોમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨૪.૧૪ કરોડનો થશે.

## JnNURM પ્રોજેકટ
## પત્રક-૧ નાણાંકીય સિધ્ધી

| અ.નં. | કામનું નામ | અંદાજીત ખર્ચ રૂા.લાખમાં | તા.૩૧.૦૩.૦૯ અંતિતકુલ ખર્ચ રૂા.લાખમાં | ટકાવારી આર્થિક% |
|---|---|---|---|---|
| ૧ | પીરાણા (નવું) ખાતે ૧૮૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૬૮૭૨.૦૦ | ૫૧૩૦.૦૯ | ૭૫ |
| ૨ | પીરાણા (જુનું) ખાતે ૬૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૨૭૫૨.૦૦ | ૧૨૩૬.૫૫ | ૪૫ |
| ૩ | વાસણા ખાતે ૩૫ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૧૬૫૦.૦૦ | ૭૧૦.૩૮ | ૪૩ |
| ૪ | પશ્ચિમ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧ અને ૨. | ૮૧૩૧.૫૫ | ૩૫૨૭.૩૪ | ૪૩ |
| ૫ | ઉત્તર ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧, ૨,૩ અને ૪. | ૧૧૭૨૨.૫૪ | ૩૧૯૨.૭૫ | ૨૭ |
| ૬ | મધ્ય ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી. | ૧૦૨૬.૦૨ | ૫૦૫.૨૬ | ૪૯ |
| ૭ | પૂર્વ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧ અને ૨. | ૬૪૭૭.૨૧ | ૨૬૦૪.૭૯ | ૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | દક્ષિણ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧, ૨ અને ૩. | ૧૩૬૯૯.૯૧ | ૧૬૫૧.૩૩ | ૧૨ |
| ૯ | પૂર્વ અને દક્ષિણ ઝોનમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્વસ્તિક ક્રોસ રોડથી હાટકેશ્વર આવકાર હોલ દક્ષિણી બ્રીજ થઈ ખોડિયારનગરથી સાબરમતી નદી સુધી આર.સી.સી. ડકટ બનાવવાની કામગીરી. | ૩૫૭૭.૪૩ | ૨૯૦૭.૯૪ | ૮૧ |

# JnNURM પ્રોજેક્ટ
## પત્રક-૨ ભૌતિક સિધ્ધી

| અ.નં. | કામનું નામ | ૨૦૦૮ ૦૯ માં થયેલ પ્રગતિ% | નોંધ |
|---|---|---|---|
| ૧ | પીરાણા (નવું) ખાતે ૧૮૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૧૦૦ | ટ્રાયલ રન પ્રગતિમાં છે. |
| ૨ | પીરાણા (જુનું) ખાતે ૬૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૬૪ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૩ | વાસણા ખાતે ૩૫ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૫૪ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૪ | પશ્ચિમ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ-૧ અને ૨. | ૭૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૫ | ઉત્તર ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧, ૨,૩ અને ૪. | ૬૭.૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૬ | મધ્ય ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી. | ૭૦ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૭ | પૂર્વ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ ૧ અને ૨. | ૬૭.૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૮ | દક્ષિણ ઝોન ખાતે સ્ટોર્મ ડ્રેઈન નાંખવાની કામગીરી - પેકેજ-૧, ૨ અને ૩. | ૩૦ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૯ | પૂર્વ અને દક્ષિણ ઝોનમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્વસ્તિક ક્રોસ રોડથી હાટકેશ્વર આવકાર હોલ દક્ષિણી બ્રીજ થઈ ખોડિયારનગરથી સાબરમતી નદી સુધી આર.સી.સી. ડકટ બનાવવાની કામગીરી. | ૯૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |

# ૫.૦૦ ફાયરબ્રિગેડ

## ૦૮-૦૯

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ખાતુ ચીફ ફાયર ઓફિસરશ્રીની દેખરેખ હેઠળ ચાલે છે.અમદાવાદ શહેરનો વિસ્તાર વધીને આશરે ૪૫૨ ચોરસ કિલોમીટર છે.અમદાવાદ શહેર ઉપરાંત નજીકના ગામો તથા શહેરો તથા ડીસ્ટ્રીકટોને પણ જરૂર પડે ત્યારે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ કંન્ટ્રોલ રૂમના ટેલીફોન નંબર ૨૨૧૪૮૪૬૫ થી ૬૮ તેમજ ૧૦૧ તથા એમ્બ્યુલન્સ તેમજ શબ વાહિની સેવા માટે ટેલીફોન નંબર-૧૦૨ છે.તેમજ કોર્પોરેશન કંન્ટ્રોલ રૂમનો ટેલીફોન નંબર -૨૫૩૯૧૮૧૧ અને એક્ષટેન્શન નંબર-૪૯૨ છે.

અમદાવાદ શહેરના કુલ ૧૨ ફાયર સ્ટેશનો છે.

| અ.નં. | ફાયર સ્ટેશનનું નામ | ટેલીફોન નંબર |
|---|---|---|
| ૧ | દાણાપીઠ ફાયર સ્ટેશન(હેડ કવાટર્સ)ફાયર કંન્ટ્રોલ | ૨૨૧૪૮૪૬૫ તથા ૨૨૧૪૧૭૬૫ ૩૨૯૮૧૧૭૮-૭૯,૧૦૧ તથા ૧૦૨.૩૨૯૮૧૫૦૦ |
| ૨ | જમાલપુર ફાયર સ્ટેશન | ૨૨૧૪૮૪૬૫ થી ૬૮,એક્ષ નં.૨૪૫ ૩૨૯૮૧૪૩૧,૨૫૩૯૭૯૫૯ |
| ૩ | મણીનગર ફાયર સ્ટેશન | ૨૫૪૭૦૨૨૧ |
| ૪ | ગોમતીપુર ફાયર સ્ટેશન | ૨૨૭૭૬૯૯૬ |
| ૫ | નરોડા ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૭,૨૨૨૦૦૭૧૭ |
| ૬ | પાંચકુવા ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૫,૨૨૧૨૦૩૮૮ |
| ૭ | શાહપુર ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૬,૨૫૬૨૧૯૬૯ |
| ૮ | સાબરમતી ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૪૨,૨૭૫૦૭૩૦૨ |
| ૯ | મેમનગર ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૮,૨૭૯૧૦૨૦૩ |
| ૧૦ | ઓઢવ ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૪,૨૨૮૭૫૪૩૪ |
| ૧૧ | બોડકદેવ ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૩૮૨,૩૨૯૮૧૩૮૪ |
| ૧૨ | જશોદાનગર ફાયર સ્ટેશન | ૩૨૯૮૧૪૩૯ |

## એમ્બ્યુલન્સ અને શબ વાહિનીના ચાર્જીસ અંગેની માહિતી

- **એમ્બ્યુલન્સ કારનો દર**

પ્રથમ કલાકના અગર તેના ભાગ રૂપે રૂા.૧૬/-અને ત્યાર પછી દર એક કલાકના અગર તેના ભાગના રૂા.૧૨/- મ્યુનિ.હદની અંદર આઠ કિલોમીટરની અંદરના ઉપયોગ માટે દર કલાક અગર તેના ભાગરૂપે રૂા.૨૦/-મ્યુનિ.હદ આઠ કિલોમીટરની બહારના ઉપયોગ માટે દર કિલોમીટરે રૂા.૩/-(આવવા જવાના)

***વેઈટીંગ ચાર્જ**

પ્રથમ ૩૦ મિનિટ બાદ કરતાં તે પછીના દરેક ૩૦ મિનિટ અગર તેના ભાગના રૂા.૨૦/-

***શબ વાહિનીનો દર**

મ્યુનિ.હદમાં ઉપયોગ માટે દર કલાક અગર તેના ભાગ માટે રૂા.૧૬/- મ્યુનિ.હદ બહારના ઉપયોગ માટે દર કિલોમીટરે રૂા.૩/-(આવવા જવાના)

**વેઈટીંગ ચાર્જ**

પ્રથમ ૩૦ મીનીટ બાદ કરતાં ત્યાર પછીના દર ૩૦ મીનીટના અગર તેના ભાગના રૂા.૨૦/-

**એમ્બ્યુલન્સ ફી સર્વિસ**

૧. એમ્બ્યુલન્સ કારમાં ફાયરબ્રિગેડના કર્મચારીઓ માટે ફ્રી સર્વીસ

૨. મ્યુનિ.કાઉન્સીલરશ્રીની યાદી પ્રમાણે ફ્રી સર્વીસ

**એમ્બ્યુલન્સ તથા ડેડ બોડી વાનનો અહેવાલઃ**

૩. એમ્બ્યુલન્સ તથા શબવાહિની ચીલન રોજમેળ ભાડા ઉપજ રૂા.૧૧,૭૨,,૫૯૮/-

૪. એમ્બ્યુલન્સ તથા શબવાહિની ચીલન રોજમેળ ભથ્થાં અનામત રૂા.૧૮,૦૨૧/-

૫. એમ્બ્યુલન્સ તથા શબવાહિની કુલ આવક રૂા.૧૧,૯૦,૬૧૯/-

આ સાથે ફાયર બ્રિગેડ ખાતા દ્વારા અપાતી સેવાઓની માહિતી પત્રક ૫:૧:૧ થી ૫:૧:૯માં સામેલ છે.

## પત્રક ૫.૧.૧

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયરબ્રિગેડમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ફાયર સ્ટેશન પ્રમાણે વાહન દર્શાવતુ પત્રક

| ફાયર સ્ટેશનનું નામ | ફાયર ફાયટર | વોટર ટેન્કર | ફાયર એન્જીન | ટર્ન ટેબલ લેડર | ઈમરજન્સી ટેન્ડર | ફોમ ટ્રેન્ડર | ક્રેઈન | ફાયર જીપ | સ્નોર કેલ | બ્લડ કલેક્શન વાન | રેસ્કયુ વાન | એમ્બ્યુ. કાર | શબ વાહિની | શબ વાહિની બસ | ડ્રાય પાવડર ટ્રોલી | ટેલર પંપ | કોમ્યુ.વાન | ટાટા સુમો | એમ્બેસેડર | સુમો એ. કાર | ટોઈગ વાન | બસ | યામાહા બાઈક | હાઈ પ્રેશર વોટર પંપ | એર બોટ | ઈ. એમ.ટી. | શ. એ. કાર | સ્કોરપીયો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| દાણાપીઠ | ૨ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ |
| પાંચકુવા | ૩ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જમાલપુર | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શાહપુર | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મણિનગર | ૨ | ૩ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગોમતીપુર | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નરોડા | ૨ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| મેમનગર | ૨ | ૩ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ઓઢવ | ૩ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરમતી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બોડકદેવ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| જશોદા નગર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મણીનગર ખાતે | | ૨ | ૧ | ૧ | | | ૧ | ૩ | | | ૧ | ૮ | ૬ | ૧ | ૦ | ૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૫ | ૨૩ | | | ૪ | ૧ | ૦ | ૪ | ૧ | ૦ | ૧ | ૧૭ | ૧૮ | ૨ | ૧ | ૦ | ૧ | ૫ | ૦ | ૯ | ૧ | ૧ | ૫ | ૩ | ૨ | ૧ | ૦ | ૨ |

**વર્ષ ૨૦૦૮-૦૯ અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના જુદા જુદા ફાયર સ્ટેશનો દ્વારા બજાવવામાં આવેલ અંગાર કોલની માસવાર માહિતી, મ્યુનિ હદઅંદર**

**પત્રક-૫.૧.૨**

| અ.ન | માસ | કુલ બજાવેલ કોલ | દાણાપીઠ | જમાલપુર | નરોડા | પાંચકુવા | ગોમતીપુર | શાહપુર | મેમનગર | મણિનગર | ઓઢવ | સાબરમતી | બોડકદેવ | જશોદા નગર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ | | ૦૯ | ૨૦ | ૨૦ | ૦૮ | ૦૯ | ૧૩ | ૨૫ | ૦૬ | ૦૩ | ૦૫ | ૦૪ | ૦૫ |
| ૨ | મે | | ૦૭ | ૧૧ | ૧૭ | ૧૦ | ૧૪ | ૦૮ | ૧૨ | ૦૫ | ૦૫ | ૦૧ | ૦૯ | ૦૯ |
| ૩ | જુન | | ૦૭ | ૧૨ | ૧૫ | ૦૯ | ૦૪ | ૦૮ | ૦૭ | ૦૪ | ૦૫ | ૦૨ | ૦૭ | ૦૫ |
| ૪ | જુલાઇ | | ૦૪ | ૧૧ | ૧૧ | ૦૩ | ૦૨ | ૦૯ | ૧૫ | ૦૯ | ૦૩ | ૦૭ | ૦૪ | ૦૩ |
| ૫ | ઓગષ્ટ | | ૦૪ | ૦૮ | ૧૧ | ૦૩ | ૦૪ | ૦૯ | ૧૪ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૫ | ૦૨ |
| ૬ | સપ્ટેમ્બર | | ૦૯ | ૧૦ | ૦૯ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૯ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૩ |
| ૭ | ઓકટોબર | | ૧૧ | ૧૮ | ૧૦ | ૦૫ | ૦૮ | ૦૯ | ૨૯ | ૦૯ | ૦૯ | ૦૬ | ૧૧ | ૧૦ |
| ૮ | નવેમ્બર | | ૦૭ | ૨૧ | ૧૬ | ૦૮ | ૦૮ | ૦૫ | ૧૭ | ૦૯ | ૦૮ | ૦૨ | ૦૬ | ૦૬ |
| ૯ | ડિસેમ્બર | | ૦૬ | ૧૫ | ૧૧ | ૦૨ | ૦૫ | ૦૬ | ૧૫ | ૦૫ | ૦૬ | ૦૬ | ૦૯ | ૦૮ |
| ૧૦ | જાન્યુઆરી | | ૦૭ | ૧૨ | ૧૧ | ૦૭ | ૦૩ | ૦૭ | ૧૪ | ૦૬ | ૦૪ | ૦૩ | ૦૬ | ૦૫ |
| ૧૧ | ફેબ્રુઆરી | | ૧૧ | ૧૪ | ૧૦ | ૦૭ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૫ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૮ |
| ૧૨ | માર્ચ | | ૧૧ | ૧૬ | ૨૨ | ૧૦ | ૦૭ | ૧૪ | ૨૮ | ૦૯ | ૦૮ | ૦૬ | ૧૧ | ૦૯ |
| કુલ | | | ૯૩ | ૧૬૮ | ૧૬૩ | ૭૮ | ૬૦ | ૧૦૧ | ૨૦૧ | ૭૪ | ૬૨ | ૪૩ | ૮૦ | ૭૩ |

## વર્ષ ૨૦૦૮-૦૯ અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના જુદા જુદા ફાયર સ્ટેશનો દ્વારા બજાવવામાં આવેલ અંગાર કોલની માસવાર માહિતી, મ્યુનિ હદબહાર

### પત્રક-૫.૧.૩

| અ. ન | માસ | કુલ બજાવેલ કોલ | દાણાપીઠ | જમાલપુર | નરોડા | પાંચકુવા | ગોમતીપુર | શાહપુર | મેમનગર | મણિનગર | ઓઢવ | સાબરમતી | બોડકદેવ | જશોદા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | |
| ૨ | મે | ૨૦ | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૪ | |
| ૩ | જુન | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | |
| ૪ | જુલાઇ | ૧૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | |
| ૫ | ઓગષ્ટ | ૦૯ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | |
| ૬ | સપ્ટેમ્બર | ૧૨ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | |
| ૭ | ઓકટોબર | ૧૨ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૩ | |
| ૮ | નવેમ્બર | ૦૯ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | |
| ૯ | ડિસેમ્બર | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | |
| ૧૦ | જાન્યુઆરી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | |
| ૧૧ | ફેબ્રુઆરી | ૦૭ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | |
| ૧૨ | માર્ચ | ૧૧ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | |
| કુલ | | ૧૦૯ | ૦૪ | ૨૩ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૩૧ | ૦૦ | ૦૩ | ૦૪ | ૩૧ | |

**વર્ષ ૨૦૦૮-૦૯ અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના જુદા જુદા ફાયર સ્ટેશનો દ્વારા બજાવવામાં આવેલ બચાવ કોલની માસવાર માહિતી, મ્યુનિ હદઅંદર**

**પત્રક-૫.૧.૪**

| અ.ન | માસ | કુલ બજાવેલ કોલ | દાણાપીઠ | જમાલપુર | નરોડા | પાંચકુવા | ગોમતીપુર | શાહપુર | મેમનગર | મણિનગર | ઓઢવ | સાબરમતી | બોડકદેવ | જશોદાનગર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ | | ૧૪ | ૨૭ | ૧૧ | ૦૪ | ૧૪ | ૧૫ | ૧૩ | ૦૬ | ૦૬ | ૦૧ | ૦૬ | ૦૦ |
| ૨ | મે | | ૦૯ | ૧૩ | ૦૩ | ૦૩ | ૦૮ | ૦૭ | ૧૮ | ૦૫ | ૦૨ | ૦૪ | ૦૩ | ૦૩ |
| ૩ | જુન | | ૧૦ | ૦૮ | ૧૦ | ૦૪ | ૦૪ | ૧૦ | ૧૭ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૩ |
| ૪ | જુલાઇ | | ૧૧ | ૦૯ | ૦૪ | ૦૫ | ૦૪ | ૦૭ | ૨૨ | ૦૪ | ૦૬ | ૦૧ | ૦૫ | ૦૦ |
| ૫ | ઓગષ્ટ | | ૧૧ | ૧૯ | ૦૯ | ૦૬ | ૦૯ | ૦૭ | ૨૫ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૪ | ૦૫ |
| ૬ | સપ્ટેમ્બર | | ૧૫ | ૨૫ | ૦૭ | ૦૭ | ૦૪ | ૧૦ | ૧૩ | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૩ | ૦૬ |
| ૭ | ઓકટોબર | | ૦૬ | ૦૭ | ૦૯ | ૦૧ | ૦૫ | ૦૪ | ૧૧ | ૨ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૭ |
| ૮ | નવેમ્બર | | ૦૩ | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૩ | ૦૫ | ૦૮ | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૯ | ડિસેમ્બર | | ૧૩ | ૧૩ | ૦૭ | ૦૩ | ૦૯ | ૧૩ | ૧૦ | ૦૩ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૧૦ | જાન્યુઆરી | | ૩૦ | ૪૬ | ૧૪ | ૦૪ | ૧૪ | ૩૨ | ૪૪ | ૧૭ | ૦૩ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૧૧ | ફેબ્રુઆરી | | ૩૨ | ૪૧ | ૧૪ | ૦૫ | ૧૫ | ૨૧ | ૨૪ | ૧૦ | ૦૪ | ૦૩ | ૦૮ | ૦૨ |
| ૧૨ | માર્ચ | | ૩૦ | ૩૦ | ૧૩ | ૧૩ | ૧૧ | ૧૬ | ૪૦ | ૦૭ | ૦૨ | ૦૫ | ૦૪ | ૦૬ |
| કુલ | | | ૧૮૪ | ૨૫૧ | ૧૦૭ | ૫૫ | ૧૦૦ | ૧૪૩ | ૨૪૫ | ૭૯ | ૫૨ | ૨૮ | ૪૦ | ૪૨ |

## વર્ષ ૨૦૦૮-૦૯ અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના જુદા જુદા ફાયર સ્ટેશનો દ્વારા બજાવવામાં આવેલ બચાવ કોલની માસવાર માહિતી, મ્યુનિ હદ બહાર

### પત્રક-૫.૧.૫

| અ. ન | માસ | કુલ બજાવેલ કોલ | દાણાપીઠ | જમાલપુર | નરોડા | પાંચકુવા | ગોમતીપુર | શાહપુર | મેમનગર | મણિનગર | ઓઢવ | સાબરમતી | બોડકદેવ | જશોદા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ | | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૨ | મે | | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૩ | જુન | | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | |
| ૪ | જુલાઇ | | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫ | ઓગષ્ટ | | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૬ | સપ્ટેમ્બર | | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૭ | ઓકટોબર | | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૮ | નવેમ્બર | | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૯ | ડિસેમ્બર | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૧૦ | જાન્યુઆરી | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૧૧ | ફેબ્રુઆરી | | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૧૨ | માર્ચ | | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| કુલ | | | ૨૦ | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૩ | ૨૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૨ | |

કુલ રેસ્કયુ કોલઃ-૫૮

## વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા અલગ અલગ પ્રકારની હદ અંદરની આગનું માહિતી

**પત્રક નં.૫:૧:૬**

| અ.નં. | આગના પ્રકાર | સ્મોલ | મીડીયમ | સીરીયસ | કુલ | અંદાજીત નુકશાન રૂા.આશરે (લાખમાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | જોખમાયેલ માલની કિંમત રૂા.આશરે લાખમાં | બચાવેલ માલની કિંમત રૂા.આશરે લાખમાં |
| ૧ | કેમીકલ્સ કલરની આગ | ૧૮ | ૦૯ | ૦૪ | ૩૧ | ૩૨૩.૦૦ | ૨૪૦.૦૦ |
| ૨ | ઘરની આગ | ૧૬૪ | ૫૦ | ૦૪ | ૨૧૮ | ૩૭૭.૯૫ | ૧૫૩.૪૬ |
| ૩ | સેલ્યુલોઝ,સ્પેઈન,લીકવીડ,કેરોસીન | ૦૫ | ૦૬ | ૦૧ | ૧૨ | ૫૪.૮૫ | ૧૪.૦૦ |
| ૪ | ઈલેક્ટ્રીકલ સર્કીટ,ડેકોરેશન,ઈન્સટોલેશન | ૧૧૬ | ૨૧ | ૦૪ | ૧૪૧ | ૧૩૭.૧૩ | ૩૫.૮૭ |
| ૫ | પેટ્રોલીયમ,ઓઈલ,રીફાઈનીંગ | ૧૧ | ૦૮ | ૦૧ | ૨૦ | ૪૮૬.૩૧ | ૧૪૬.૦૨ |
| ૬ | શોપ્સ ઓફિસ,કોર્મશીયલ | ૨૩ | ૧૫ | ૦૨ | ૪૦ | ૪૮૧.૪૮ | ૨૦૧.૧૨ |
| ૭ | થીયેટર-સીનેમા-ડાન્સ હોલ,હોટલ | ૦૮ | ૦૯ | ૦૨ | ૧૯ | ૯૭.૨૯ | ૨૦.૨૭ |
| ૮ | શો-રેમ-રેસ્ટોરન્ટ | ૧૧ | ૦૫ | ૦૨ | ૧૮ | ૨૧.૦૦ | ૧૫.૨૫ |
| ૯ | રેલ્વે રોડસ વ્હીકલ | ૪૯ | ૨૬ | ૦૬ | ૮૧ | ૧૭૯.૦૨ | ૧૫૪.૧૨ |
| ૧૦ | સ્ટોરેજ-કોલસા-ગોડાઉન,કાગળ-રૂ ગોડાઉન | ૩૨ | ૪૫ | ૦૬ | ૮૩ | ૩૭૧.૬૨ | ૧૧૫.૨૫ |
| ૧૧ | ટેક્ષ ટાઈલ મીલ,ઈન્ડ ફેકટરી | ૭૯ | ૬૧ | ૦૬ | ૧૪૬ | ૯૯૬.૦૦ | ૮૪૫.૬૫ |
| ૧૨ | કાપડની તથા અન્ય દુકાનો | ૮૪ | ૩૬ | ૦૯ | ૧૨૯ | ૫૭૦.૩૫ | ૨૮૨.૮૫ |
| ૧૩ | પ્રિન્ટીંગ મશીન પ્રેશ | ૧૦ | ૦૮ | ૦૧ | ૧૯ | ૧૦.૪૦ | ૦૬.૦૦ |
| ૧૪ | ગેસ બોટલ,સ્ટવ,ઈલે.વોટર સુએઝ | ૧૧૦ | ૨૬ | ૦૫ | ૧૪૧ | ૩૨.૦૭ | ૨૦.૪૧ |
| ૧૫ | ઘાસની આગ,ઝાડની આગ વિગેરે | ૩૭ | ૦૫ | ૦૧ | ૪૩ | ૦૫.૦૩ | ૦૧.૦૬ |
| ૧૬ | મંદિર,મસ્જીદ,દેવળ તથા ધાર્મીક સ્થળ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧.૦૦ | ૦૦.૪૦ |
| ૧૭ | પરચુરણ અન્ય. | ૪૪ | ૦૮ | ૦૧ | ૫૩ | ૨૭.૫૦ | ૧૬.૮૫ |
| **કુલ** | | **૮૦૩** | **૩૩૮** | **૫૫** | **૧૧૯૬** | **૪૧૭૨.૦૦** | **૨૨૬૮.૫૬** |

## વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન અમદાવાદ મ્યુનિ.કોર્પો.ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા અલગ અલગ પ્રકારની હદ બહારની આગનું માહિતી

### પત્રક નં.૫.૧.૭

| અ.નં. | આગના પ્રકાર | સ્મોલ | મીડીયમ | સીરીયસ | કુલ | અંદાજીત નુકશાન રૂ.આશરે (લાખમાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | જોખમાયેલ માલની કિંમત રૂ.આશરે લાખમાં | બચાવેલ માલની કિંમત રૂ.આશરે લાખમાં |
| ૧ | કેમીકલ્સ કલરની આગ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૯.૦૦ | ૦૩.૫૦ |
| ૨ | ઘરની આગ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૫ | ૧૬.૦૦ | ૦૭.૦૦ |
| ૩ | સેલ્યુલોઝ,સ્પેઇન,લીકવીડ,કેરોસીન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૪ | ઈલેકટ્રીકલ સર્કીટ,ડેકોરેશન,ઈન્સટોલેશન | ૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૪.૨૦ | ૦૧.૫૦ |
| ૫ | પેટ્રોલીયમ,ઓઈલ,રીફાઈનીગ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૨.૦૦ | ૦૦.૨૦ |
| ૬ | શોપ્સ ઓફિસ,કોર્મશીયલ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨.૦૦ | ૦૦.૦૦ |
| ૭ | થીયેટર-સીનેમા-ડાન્સ હોલ,હોટલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૮ | શો-રેમ-રેસ્ટોરન્ટ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૯ | ખેતરો-ઘાસ ગંજી વિગેરે | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૧૦ | રેલ્વે રોડસ વ્હીકલ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૫ | ૫૧.૫૦ | ૨૯.૬૦ |
| ૧૧ | સ્ટોરેજ-કોલસા-ગોડાઉન,કાગળ-રૂ ગોડાઉન | ૦૩ | ૦૪ | ૦૩ | ૧૦ | ૧૪૩૦.૦૦ | ૯૯૭.૫૦ |
| ૧૨ | ટેક્ષ ટાઈલ મીલ,ઈન્ડ ફેકટરી | ૦૧ | ૦૪ | ૦૪ | ૦૯ | ૫૮૩૮.૦૦ | ૨૪૩૦.૦૦ |
| ૧૩ | કાપડની તથા અન્ય દુકાનો | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ | ૧૦.૦૦ | ૦૬.૦૦ |
| ૧૪ | પ્રિન્ટીગ મશીન પ્રેશ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૧૫ | ગેસ બોટલ,સ્ટવ,ઈલે.વોટર સુએઝ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૧૬ | ઘાસની આગ,ઝાડની આગ વિગેરે | ૦૩ | ૦૬ | ૦૦ | ૦૯ | ૦૭.૦૦ | ૦૩.૦૦ |
| ૧૭ | મંદિર,મસ્જીદ,દેવળ તથા ધાર્મીક સ્થળ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૧૮ | પરચુરણ અન્ય. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| **કુલ** | | **૧૨** | **૩૩** | **૦૮** | **૫૩** | **૭૩૬૭.૭૦** | **૩૪૭૮.૩૦** |

## વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન આગમાં તથા બચાવ કોલમાં ઈજા પામેલ તથા મરણ પામેલાની વિગત દર્શાવતુ પત્રક

**પત્રક-૫.૧.૮**

| વિગત | આગના કોલ | | | | | | બચાવના કોલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈજા | | | મરણ | | | ઈજા | | | મરણ | | |
| | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| પુરૂષ | ૩૬ | - | ૩૬ | ૧૪ | - | ૧૪ | ૭૯ | ૦૬ | ૮૫ | ૧૩૪ | ૩૦ | ૧૬૪ |
| સ્ત્રી | ૩૫ | - | ૩૫ | ૧૩ | - | ૧૩ | ૨૭ | - | ૨૭ | ૧૬ | ૦૬ | ૨૨ |
| જાનવર | ૦૨ | - | ૦૨ | - | - | - | ૧૮૩ | ૦૧ | ૧૮૪ | ૦૫ | - | ૦૫ |
| પક્ષી | ૦૦ | - | - | - | - | - | ૬૦૬ | - | ૬૦૬ | - | - | - |
| કુલ | ૭૩ | - | ૭૩ | ૨૭ | - | ૨૭ | ૮૯૫ | ૦૭ | ૯૦૨ | ૧૫૫ | ૩૬ | ૧૯૧= |

## ફાયર ખાતાના એમ્બ્યુલન્સ વાનની તથા શબવાહિની કુલ કોલ તથા આવકની છેલ્લા બે વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

**પત્રક ૫.૧.૯**

| | | કોલની માહિતી | | | | આવક રૂા. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માફી | સરકારી | અન્ય | કુલ | ચાર્જ કોલ | ૦૭-૦૮ | ચાર્જ કોલ | ૦૮-૦૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | એમ્બ્યુલન્સ | ૨૦૮૮ | ૪૯૯૪ | - | ૭૦૮૨ | ૨૨૭૦૮ | ૫૫૦૫૯૯ | ૨૦૪૩૩ | ૫૪૨૮૦૬ |
| | | | | | | | | | |
| ૨ | શબ વાહિની | ૫૧૦ | ૨૮૬૫ | - | ૩૩૭૫ | ૧૮૭૧૧ | ૫૮૧૧૮૫ | ૧૭૫૦૬ | ૫૪૧૧૬૧ |
| | | | | | | | | | |

## ૫.૧ કોમ્યુનિકેશન વિભાગ

૦૮-૦૯

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ, કોમ્યુનિકેશન ઓફિસર શ્રી એન.સી.મહેતાની દેખરેખ હેઠળ સમગ્ર કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓની જરૂરીયાત મુજબની કોમ્યુનિકેશન વ્યવસ્થા ગોઠવી આપવામાં આવે છે. કોમ્યુનિકેશન ખાતા ધ્વારા દરેક ખાતાઓના કોમ્યુનિકેશનના સાધનોનું મરામત નિભાવ તેમજ નવું ઈન્સ્ટોલેશન કંટ્રોલરૂમના જરૂરી સાધનો તેમજ રેકોર્ડની જવાબદારી સંભાળે છે.તદ્ ઉપરાંત રાષ્ટ્રીય કાર્યક્રમો, રાજય સરકાર દ્વારા ચૂંટણી પ્રસંગોએ તેમજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચો, લોકમેળો વિગેરે કાર્યક્રમોમાં પણ વાયરલેસ, કોમ્યુનીકેશનની વ્યવસ્થા જરૂર પડે ત્યારે માંગણી કરવામાં આવે પૂરી પાડવામાં આવે છે.કોર્પોરેશનના ઈમરજન્સી ખાતાઓ જેવા કે ફાયર બિગ્રેડ, રાસ્કા વિયર પ્રોજેકટ, એમ્બ્યુલન્સ સેવાઓ હોસ્પિટલો તેમજ સીકયોરીટી વિગેરેને વાયરલેસ તેમજ પેજીંગ સીસ્ટમ જેવી સેવાઓ સતત ૨૪ કલાક પુરી પાડવામાં આવે છે. આકસ્મીક અને કુદરતી હોનારત જેવી કે ધરતીકંપ, અતિવૃષ્ટિ જેવા સમયે પણ જુદી જુદી જગ્યાએ કંટ્રોલરૂમો ઉભા કરી કોમ્યુનિકેશનની વ્યવસ્થા જાળવી રાખવામાં આવે છે.

અમ.મ્યુ.કોર્પો. ના જુદા જુદા કટ્રોલરૂમ જેવા કે ફાયર બિગ્રેડ, ઓકટ્રોય તેમજ ઝોનલ કંટ્રોલરૂમોના વાયરલેસ સેટો તેમજ તેમાંના સાધનોની જાળવણી કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે

કોમ્યુનિકેશન ખાતા દ્વારા ભારતમાં પ્રથમવાર પાંચ ચેનલની અધ્યતન યુ.એચ.એફ.સીસ્ટમ ઈન્સટોલ કરવામાં આવેલ છે. આ સીસ્ટમ કોર્પોની માલિકીની હોવાથી તથા તેના દ્વારા કોમ્યુનિકેશનની રેન્જમાં વધારો થતા ઝડપી કોમ્યુનીકેશનની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકી છે. સદરહું સીસ્ટમથી કોર્પો.નો રીકરીંગ ખર્ચમાં ઘટાડો થઈ શકયો છે અને જાહેર જનતાને ઝડપી સેવાઓનો લાભ મળી રહયો છે. અ.મ્યુ. કોર્પો.માં મુખ્ય ચાર કંટ્રોલરૂમો છે.

(૧) દાણાપીઠ ફાયર કંટ્રોલરૂમ.
(૨) મણિનગર યુ.એચ.એફ. વાયરલેસ કંટ્રોલરૂમ.
(૩) આંગડીયા નાકા ઓકટ્રોય કંટ્રોલરૂમ.
(૪) અ.મ્યુ.કોર્પો. કંટ્રોલરૂમ.

**અ.મુ.કોર્પો.ના મુખ્ય ત્રણ કંટ્રોલરૂમો છે.**

| | |
|---|---|
| **૧.દાણાપીઠ ફાયર કંટ્રોલરૂમઃ- ટેલી.નં.** | ૨૨૧૪૮૪૬૫ થી ૬૮,૨૨૧૪૧૭૬૫ |
| | ૨૫૩૯૧૮૧૧/૪૯૨ |
| **ફાયર અને રેસ્કયુ કોલ અંગે** | ૧૦૧(પાંચ લાઈન) |
| **એમ્બ્યુલન્સ તથા ડેડબોડી વાન અંગે** | ૧૦૨(પાંચ લાઈન) |

આ કંટ્રોલરૂમ ખાતે ૧૦૧ અને ૧૦૨ ની ટેલીફોન ઉપર કોલર આઈડીફીકેશન મારફતે, કોમ્પ્યુટરરાઈઝડ રેકોર્ડ રાખવામાં આવે છે.આ લાઈનો ઉપર માસિક આશરે ૫૫૦૦ કોલ એટેન્ડ કરવામાં આવે છે.આ કંટ્રોલરૂમ સતત ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવે છે.

**૨.મણીનગર યુ.એચ.એફ.વાયરલેસ કંટ્રોલરૂમ :**

આ કંટ્રોલરૂમ અધ્યતન યુ.એચ.એફ.ટેકનોલોજીની વાયરલેસ સીસ્ટમઇન્સટોલ કરવામાં આવેલ છે.આ યુ.એચ.એફ. ટેકનોલોજી વાયરલેસ સીસ્ટમ મારફતે વાયરલેસ કોમ્યુનિકેશનની રેન્જ અને ક્ષમતા વધારી છે.આ કંટ્રોલરૂમ સતત ૨૪ કલાક કાર્યરત છે.

**૩.અ.મ્યુ.કોર્પો. કંટ્રોલરૂમ : ટેલી.નં.૨૫૩૯૧૮૧૧/૫૫૭**

સદરહું કંટ્રોલરૂમ દ્વારા અ.મ્યુ.કો.ના દરેક ખાતાઓના કોમ્યુનિકેશનના મેસેજ આપવામાં આવે છે.તદ્ ઉપરાંત જાહેર જનતાની ફરિયાદી સ્વિકારવામાં આવે છે.આ કંટ્રોલરૂમ સતત ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવે છે.

**૫.પેજીંગ કંટ્રોલરૂમ**

**કોમ્યુનિકેશન ખાતાના અધિકારી તેમજ સ્ટાફની વિગત**

| અ.નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | કોમ્યુનિકેશન ઓફિસર | ૦૧ | -- |
| ૨ | આસી.વાયરલેસ ઓફિસર | ૦૧ | ૦૧ |
| ૩ | રેડીયો મીકેનીક | ૦૪ | -- |
| ૪ | ટેલીફોન કમ વાયરલેસ ઓપરેટર | ૨૨ | ૨૨ |
| ૫ | વાયરલેસ ઈલેકટ્રીશ્યન | ૦૪ | ૦૩ |
| ૬ | વાયરલેસ હેલપર | ૦૪ | ૦૧ |
| | | ૩૬ | ૨૭ |

**-એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફની વિગતઃ-**

હાલમાં કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટને એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ ફાળવવામાં આવેલ નથી.હાલમાં જયાં સુધી એડ. સ્ટાફની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ફાયર ખાતાનાં એડ. સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

**-એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચની યાદીઃ-**

કોમ્યુનિકેશન ખાતાનો એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચ રૂ/.૧૭,૯૦,૦૦૦/- થયેલ છે. જેમાં સ્ટાફનો પગાર તેમજ એસ્ટા. ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

કોમ્યુનિકેશન ખાતા દ્વારા ઉપર જણાવેલ સાધનો, વાયારલેસ સેટો વિગેરેના વાર્ષિક આશરે ૨૧૬૩ જેટલા બ્રેક ડાઉનો એટેન્ડ કરવામાં આવેલ છે.

કોમ્યુનિકેશન ખાતા દ્વારા રાજય સરકાર તેમજ રાષ્ટ્રીય કક્ષાના નીચે મુજબના કાર્યક્રમોમાં વાધારાની કોમ્યુનિકેશન અંગેની વ્યવસ્થા કોમ્યુનિકેશન ખાતા દ્વારા કરવામાં આવે છે.

૧. પોલીયો કાર્યક્રમ દરમ્યાન કોમ્યુનીકેશનની વ્યવસ્થા .
૨. ક્રિકેટ મેચ દરમ્યાન સ્ટેડીયમમાં કોમ્યુનીકેશનની વ્યવસ્થા
૩. રાજય સરકાર ધ્વારા આયોજીત કરવામાં આવેલ ઈલેકશન સમયે કોમ્યુનીકેશન ની વ્યવસ્થા.
૪. રથયાત્રા દરમ્યાન કોમ્યુનકેશનની વ્યવસ્થા.
૫. ગણેશ વિસર્જન વખતે કોમ્યુનીકેશનની વ્યવસ્થા.
૬. જાહેર પ્રદર્શનો,સર્કસના કાર્યક્રમો સમયે કોમ્યુનિકેશનની વ્યવસ્થા.

કોમ્યુનિકેશન ખાતાની વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતું પત્રક ૫:૨:૧ ઉપર છે.જયારે ખાતા પાસેના સાધનોની માહિતી દર્શાવતું પત્રક ૫:૨:૨ ઉપર દર્શાવેલ છે.

**પત્રક-૫.૧.૧**

**કોમ્યુનિકેશન વિભાગની વાર્ષિક ખર્ચની માહિતી ૨૦૦૮-૦૯(રૂા. લાખમાં)**

| અ.ન. | બજેટ હેડ | ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | પગાર ખર્ચ | ૧૭.૯૦ |
| ૨ | મરામત-નિભાવ ખર્ચ | ૧૦.૧૦ |
| ૩ | ટેલીફોન તેમજ કટ્રોલરૂમનું બજેટ | લાઇટ ખાતે |
| ૪ | લાયસન્સ ફી | ૧૨.૦૦ |
| | કુલ | ૪૦.૦૦ |

**પત્રક ૫.૧.૨**
**કોમ્યુ. ખાતા પાસેના સાધનોની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | જથ્થો (નંગ) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વી.એચ.એફ.વાયરલેસ સેટ. | ૫૦૫ |
| ૨ | રીપીટર સીસ્ટમ | ૦૦૪ |
| ૩ | ડી.સી.પાવર સપ્લાય | ૯૧ |
| ૪ | ગ્રાઉન્ડપ્લેન એન્ટેના સીસ્ટમ | ૧૩૦ |

| | | |
|---|---|---|
| ૫ | ૧૨ વોલ્ટ ૧૨૦ એ.એચ. બેટરી | ૧૧૫ |
| ૬ | યુ.પી.એસ.વીથ બેટરી બેક અપ | ૦૦૨ |
| ૭ | ૧૦ x૫૬ઈ.પી.એ.બી.એક્સ | ૦૦૧ |
| ૮ | કોમ્પ્યુટર સીસ્ટમ | ૦૦૩ |
| ૯ | પ્રીન્ટર | ૦૦૧ |
| ૧૦ | એ.સી.મશીનો | **૦૦૩** |
| ૧૧ | બેટરી ચાર્જર મશીનો | ૦૦૨ |
| ૧૨ | મરામતના સાધનો | ૦૨૦ |
| ૧૩ | યુ.એચ.એફ વાયરલેસ સેટો | ૧૪૫ |
| ૧૪ | સી.સી.ટી.વી.સીસ્ટમ કેમેરા,ટી.વી.વી.સી.આર | ૦૦૬ |
| | **કુલ** | **૧૦૨૮** |

# ૬.૦૦ આરોગ્ય અને તબીબી સેવાઓ

## ૦૮-૦૯

મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગની કામગીરી છ ઝોનમાં વહેંચવામાં આવી છે. જેનો વહીવટ છ ડેપ્યુટી હેલ્થ ઓફિસરશ્રી કરે છે.આરોગ્ય ખાતાનાં વડા અધિકારી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ છે. જે ડે. મ્યુ.કમિ.(હેલ્થ)શ્રીનાં અંકુશ હેઠળ કામગીરી સંભાળે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગની કામગીરી નીચે મુજબ થયેલ છે.

**<u>૬.૧ જન્મ-મરણ વિભાગ:</u>**

બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ અનુસાર અમદાવાદ શહેરમાં ૪૩ ઇલેકશન વોર્ડમાં વોર્ડવાઇઝ તે ઉપરાંત વિ.એસ.હોસ્પિ.,સીવીલ હોસ્પિ.માં પણ અલગ વોર્ડની જન્મ મરણની નોંધણી માટે કેન્દ્રની ઓફિસ આવેલ છે આ ઉપરાંત રાજય સરકારના જાહેરનામા અનુસાર ૧૭ નગર પાલિકાઓ તથા ૩૦ ગ્રામ પંચાયતોનો સમાવેશ કરી નવા બનાવેલ ૧૦ વોર્ડમાં વોર્ડ વાઇઝ જન્મ મરણની નોંધણી અમ.મ્યુનિ.કોર્પો.ધ્વારા શરૂ કરાયેલ છે.

જન્મની અને મરણની નોંધ જન્મ/મરણ થયાથી ૨૧ દિવસમાં જન્મ/મરણ નોંધણી કેન્દ્ર ઉપર કરાવવી ફરજીયાત છે.જન્મની નોંધણી ૨૧ દિવસ વીતી ગયા બાદ ૩૦ દિવસ સુધી જન્મ મરણની મુખ્ય ઓફિસે નમુના ક્રમાંક-૧ ભરી રૂા.૨.૦૦ ની ફી સાથે એક વર્ષની અંદરના સમયગાળા માટે રૂ.૫ લેઇટ ફી તથા કોર્ટ એફીડેવીટ તેમજ ૧ વર્ષ વીતી ગયા બાદ જન્મ ની નોંધણી માટે ફર્સ્ટ કલાસ જયુડીસીયલ મેજીસ્ટ્રેટના હુકમ સાથે નમુના ક્રમાંક-૧ તથા લેઇટ ફી રૂા.૧૦ ભરવાની રહે છે. આ જ મુજબની કાર્યવાહી મરણની નોંધણી મટે નમુના ક્રમાંક-૨ ભરીને કરવાની રહે છે.

જન્મ/મરણની નોંધણી થયા બાદ પ્રમાણપત્રની વધુ નકલો જોઇતી હોયતો નાગરીકોએ જન્મ મરણની મુખ્ય ઓફિસ સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ તેમજ કોઇ પણ વોર્ડના સીવીક સેન્ટર ઉપર અરજી કરી નકલદીઠ ૨૫ ફી જમા કરાવવાથી જરૂરીયાત અનુસાર ગુજરાતી તથા અંગ્રેજીમાં કોમ્પ્યુટરાઇઝડ લેમીનેટેડ નકલ કાઢી આપવામાં આવે છે.

જન્મ/મરણ દાખલામાં બાળકનું નામ એક વર્ષની અંદર જે તે કેન્દ્ર ઉપર વિના મુલ્યે લખાવવાનું રહે છે જયારે એક વર્ષ બાદ રૂા.૫ લેઇટ ફી ભરી મુખ્ય ઓફિસે અરજી કરી નામ દાખલ કરવામાં આવે છે.તેમજ જન્મની નોંધ સાથે બાળ સરંક્ષણ કાર્ડ આપવામાં આવે છે જેથી વાલી સમયસર રોગ પ્રતિકારક રસીઓ બાળકો ને મુકાવી રોગ મુકત રાખી શકાય.

અહેવાલી વર્ષમાં કુલ ૧૦૪૭૬૧ જન્મ નોંધાયેલ છે.જેમાં ૫૫૬૭૯ પુરૂષો તથા ૪૯૦૮૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.જીવીત જન્મનો દર હજારે ૨૦.૪૮ છે અને વર્ષ દરમ્યાન ૧૨૫૯ મૃત જન્મ નોંધાયેલ છે તેમજ અહેવાલી વર્ષમાં ૩૬૬૩૨ મરણ નોંધાયેલ છે.જેમાં ૨૨૧૫૨ પુરૂષો તથા ૧૪૪૮૦ સ્ત્રીઓનો સમાવેશ થાય છે આમ મરણનો દર હજારે ૭.૧૬% જેટલો રહે છે.વર્ષ દરમ્યાનમાં થયેલ મરણમાં કુલે ૧૨૫૯ બાળ મરણનો સમાવેશ થાય છે. બાળમરણનું પ્રમાણ દર હજારે ૨૧.૩૭% છે.

૨૦૦૮ના વર્ષમાં આ વિભાગમાં કુલે ૨૬૧૪૪૬અરજીઓ આવેલ.જેમાં ૧૩૫૯૫૮ અરજીઓ જન્મ-મરણને લગતી ૮૧૯૧૯ જન્મ-મરણની નકલો માટેની તથા ૩૧૧૯૭ અરજીઓ લેઇટ જન્મ-મરણ અંગેની અને જન્મ-મરણ પ્રમાણપત્રમાં સુધારા અંગેની જેનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે.

રાજય સરકારશ્રીના આદેશ અનુસાર તથા લગ્ન નોંધણી અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત તા:૦૧/૦૧/૨૦૦૮ થી લગ્નની નોંધણી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના જન્મ મરણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેથી જે પ્રમાણે જન્મ મરણના સ્થળ અનુસાર જે તે વોર્ડમાં જન્મ-મરણની નોંધણી કરવામાં આવે છે તે જ પ્રમાણે લગ્ન સ્થળ પ્રમાણે જે તે વોર્ડમાં લગ્નની નોંધણી કરવામાં આવે છે.અને લગ્ન પ્રમાણપત્ર અરજદારની જરૂરીયાત પ્રમાણે ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં ઇસ્યુ કરવામાં આવે છે.સને ૨૦૦૮ માં કુલ ૨૦,૦૨૦ લગ્નની નોંધણી કરવામાં આવેલ.

વોર્ડવાઇઝ જન્મ-મરણની માહિતી પત્રક ૬.૧.૧

જાતિ અને ધર્મ પ્રમાણે જન્મ-મરણની માહિતી ૬-૧-૨માં દર્શાવેલ છે.તથા .નોંધાયેલ બાળમરણ તથા તેના દરની વિગતો પત્રક ૬:૧:૩માં દર્શાવેલ છે.સીટી સીવીક સેન્ટર ઉપર જન્મ-મરણ સર્ટીની નકલ અંગેની આવક દર્શાવતું પત્રક ૬:૧:૪માં છે. લગ્નના વોર્ડવાઈઝ નોંધણીની આંકડાકીય માહિતી પત્રક ૬:૧:૫માં છે.

## ૬.૨ રોગ પ્રતિકારક રસીઓઃ

ડીપ્થેરીયા ,ધનુર, મોટી ઉધરસ, બાળલકવા, ટી.બી. તથા ઓરીના રોગો સામે બાળકો તથા સગર્ભા માતાઓને રક્ષણ આપવા પોલીયો, ત્રિગુણી, બી.સી.જી.,ટી.ટી., ઓરી અને દ્વિગુણી રસીઓ જન્મ-મરણ નોંધણી કેન્દ્રો, મ્યુ. .મેટરનીટી હોમ, શહેરી પરિવાર કલ્યાણકેન્દ્રો, રોજગાર વિમા યોજના અને અમદાવાદ મેડીકલ અસોસીએશન સંચાલિત કેન્દ્રમાથી આપવામાં આવે છે.

## ૬.૩ એપેડેમિક સેલઃ

એપેડેમિક સેલમાં પર્યાવરણ તથા પાણીના પ્રદુષણોને લઈને ઝાડા-ઉલ્ટી, ઓરી-અછબડાં, ડિપ્થેરીયા, મેનીગોગોકલ, મેનીન્જાઈટીસ વિગેરે રોગોની તપાસ કરી પ્રતિકારક પગલાં લઈ રોગ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન જુદા જુદા રોગોના કેસોની માહિતી પત્રક ૬.૩.૧ મા દર્શાવેલ છે.

## ૬.૪ તબીબી વિભાગઃ

શહેરના જુદા જુદા વિસ્તારોમાં મ્યુ.કોર્પો.દ્વારા ૧૯ દવાખાના, પ્રસુતિગૃહો ચેપી રોગની હોસ્પીટલ, દાંતના દવાખાના, કાશીબેન જનરલ હોસ્પીટલ તેમજ ટી.બી. હોસ્પીટલનું સંચાલન આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ નીચે કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ૧૯ દવાખાના મારફતે કુલ ૩૧૫૮૫૫ નવા કેસના દર્દીઓને ૫૪૧૩૭૮ જુના કેસના દર્દીઓને સારવાર આપવામાં આવ છે કુલ ૮૫૭૨૩૩ દર્દીઓને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે. જેની દૈનિક સરેરાશ ૨૮૫૭ દર્દીઓની થાય છે. જયારે દવાખાના દીઠ સરેરાશ ૧૪૩ દર્દીઓની થાય છે.ગત વર્ષે દરમ્યાન દવાખાના દીઠ ૧૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૧ માં આપવામાં આવી છે.

રાયપુર દાંતના દવાખાનામાં કુલ ૪૮૮૪૫ દર્દીઓએ સારવાર લીધેલ છે. જેની માસિક સરેરાશ૪૦૭૦.૪૨ દૈનિક સરેરાશ અને યુનિટ દીઠ સરેરાશ ૧૬૨.૮૨ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૨ માં આપવામાં આવી છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં ૧૦ પ્રસુતિગૃહોનું સંચાલન કરવામાં આવે છે. અહીં એન્ટીનેટલ, પોસ્ટનેટલ અને પ્રસુતાઓને સારવાર આપવામાં આવે છે. બધાં જ પ્રસુતિગૃહોમાં કુલ ૧૫૭ પથારીઓની વ્યવસ્થા છે. અહેવાલી વર્ષમાં ૧૦૯૨૬ ઈન્ડોર પેશન્ટને સારવાર આપવામાં આવેલ છે અને ૨૭૩૮ પ્રસુતિ થયેલ છે.જયારે ૯૬૫૫૦ નવા કેસ ૧૧૧૧૬૧ જૂના કેસ મળી કુલ ૨૦૭૭૧૧ કેસોમાં આઉટડોર સારવાર આપવામાં આવી છે. આમ ઈન્ડોરપેશન્ટની દૈનિક સરેરાશ ૩૨૧.૮૩ જયારે આઉટડોર પેશન્ટની દૈનિક સરેરાશ ૨૫૩ કેસની આવેલ છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૩ માં આપવામાં આવી છે.

વટવાની કાશીબેન હોસ્પીટલમાં ૧૮ પથારીઓની વ્યવસ્થા છે સને ૧૯૮૬ થી મ્યુ.કોર્પો. તેનું સંચાલન કરે છે. ઓ.પી.ડી.વિભાગમાં કુલ ૩૬૦૨૨ અને ઈન્ડોર પેશન્ટ તરીકે ૭૨૮૩ દર્દીઓને સારવાર આપવામાં આવી છેઅને ૪૪૩ પ્રસુતિ પણ કરાવવામાં અઅવી છે. દૈનિક આઉટડોર પેશન્ટની સરેરાશ ૧૨૦ અને ઈન્ડોર પેશન્ટની સરેરાશ ૨૪.૨૮ આવેલ છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૪ માં આપવામાં આવી છે.

## ૬.૫ ચેપી રોગની હોસ્પીટલ:

જમાલપુર દરવાજા બહાર આવેલ ચેપીરોગની હોસ્પિટલ ૧૧૦ પથારીઓની સગવડ ધરાવે છે.આ હોસ્પિટલમા ંઓરી, અછબડા, ડીપ્થેરીયા, ગાલપચોડીયુ, મરડો, ઝાડા ઉલ્ટી, કોલેરા, કમળાના દર્દીઆને દાખલ કરીને દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં ંઆવે છે . આ હોસ્પિટલમાં અમદાવાદ શહેરના ૧૯૧૯ તેમજ બહારગામના ૩૬ દર્દીઓએ સારવાર લીધેલ છે. ઓ.પી.ડી.વિભાગમાં કુલ ૨૭૧૧૯ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. જયારે ઈન્ડોર દર્દી તરીકે ૧૯૫૫ મળી કુલ્લે ૨૯૦૭૪ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.આ હોસ્પિટલમાં દર્દીઓના કેસોની રોગવાર માહિતી પત્રક ૬.૫.૧માં આપવામાં આવી છે.એન.આઈ.સી.ડી. દ્વારા પ્રોજેકટ માટે કોમ્પ્યુટર,પ્રીન્ટર,ફેક્સ મશીન અને રૂા.૧,૫૦,૦૦૦/- ચેપીરોગ હોસ્પિટલને ફાળવેલ છે.

## ૬. ૬ ન્યુ ચેસ્ટ કલીનીક (ટી.બી. હોસ્પિટલ):

શહેરના આસ્ટોડીયા વિસ્તારમાં ક્ષયના દર્દીઓની વિના મુલ્યે સારવાર આપતી આ હોસ્પીટલમાં ઈન્ડોર વિભાગમાં ૩૨ પથારીઓની સુવિધા ઉપલબ્ધ છે. વર્ષ દરમ્યાન કુલે ૭૦૫૫ બહારના દર્દીઓએ સારવાર મેળવેલ છે જયારે ૧૫૮૨૬ અંદરના દર્દીઓ એ સારવાર મેળવેલ છે.કુલ ૨૨૮૮૧ દર્દીઓએ સારવાર લીધેલ છે.આ હોસ્પિટલની આંકડાકીય માહિતી ૬.૬.૧ માં દર્શાવેલ છે.

સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયત્રંણ કાર્યક્રમ ૧૯૯૮થી અમલમાં મુકાયેલ છે જેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ મુખ્ય બે ધ્યેય નકકી કરેલ છે.(૧) ટી.બી.ના નવા દર્દીઓને ૮૫ % રોગ મુકિત દર્દ મેળવવો.(૨) ઉપરોકત હેતુ સિધ્ધ કરી ૭૦ % નવા દર્દીઓ શોધવા.

ઉપરોકત બંને ધ્યેય અમદાવાદ સીટી કન્ટ્રોલ સોસાયટી દ્વારા સિધ્ધ કરવામાં આવેલ છે.

જુદ જુદા તપાસેલ શંકાસ્પદ દર્દીઓમાંથી ૩૭૮૩ દર્દીઓ ટી.બી.ના માલુમ પડેલ.વળી જાન્યુ. ૨૦૦૭થી નવા સમાવેશ થયેલ વિસ્તાર સહિત ૪૯ લાખની વસતિમાં આર.એન.ટી.સી.પી.ની સેવાઓ આપવામાં આવેલ. જાન્યુ.૨૦૦૭થી ૧૦ ટ્રીટમેન્ટ યુનિટ ૪૪ લેબોરેટરી,૪૨૬ ડોટ સેન્ટરો,૧૨૮ પી.એચ.આઇ.,૧૨૧૪ ખાનગી ડોકટર્સ અને ૫૩ એન.જી.ઓ.ના સક્રિય સહકારથી આ સેવાઓ આપવામાં આવેલ છે.

અમ.મ્યુ.કોર્પો.માં આ યોજનાની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાને લઈ કેન્દ્ર અને રાજય સરકારે ડોટસ પ્લસ કાર્યક્રમ આપેલ છે.જેમાં ૧ પેશન્ટ પાછળ રૂા.૧૩૦૦.૦૦ની દવાઓ વિના મુલ્યે આપવામાં આવનાર છે.

## ૬.૭ સ્લોટર હાઉસ:

શહેરમાં વસતી માંસાહારી પ્રજાને સ્વચ્છ તાજુ માંસ પુંરૂ પાડવું એ મ્યુ.કોર્પો.ની આવશ્યક સેવા ગણાય છે તેથી સ્લોટર હાઉસનું સંચાલન કરવામાં આવે છે. એનીમલ પ્રીઝર્વેશન એકટ હેઠળ રાજય સરકારશ્રી તરફથી મોટા જાનવરો માટેના કવોટા ૨૧૨ પ્રતિ અઠવાડીક છે. જયારે નાના જાનવરો માટે કુલ મહત્તમ મર્યાદા બાંધેલ નથી. સ્લોટર હાઉસમાં કસાઈઓને જરૂરી જગા, પાણી, લાઈટ, મીટવાન, સફાઈ વિગરેની સુવિધાઓ આપવામાં આવે છે. જે બદલ મોટાં જાનવરો દીઠ રૂા.૨૫/- અને નાના જાનવરો દીઠ રૂા.૪/- ફી લેવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૭૭૦૧ મોટા જાનવરો અને ૧૭૦૧૬ નાના જાનવરોની કતલ કરવામાં આવે છે.તે પેટે કુલે રૂા.૨.૬૩ લાખની આવક આવેલ છે.સ્લોટર હાઉસનો

સમય રાત્રે ૧ થી ૮ તથા નાના જાનવરો માટે રાત્રે ૧ થી ૬ વાગ્યા સુધીનો સમય નિયત કરવામાં આવેલ છે. સદર માહિતી પત્રક ૬:૭:૧ માં દર્શાવેલ છે.

**૬.૮ મેલેરીયા ખાતુ:**

આ ખાતામાં મચ્છર ત્રાસ નિવારણ યોજના અને રાષ્ટ્રીય મેલેરિયા નાબુદી યોજના હેઠળ જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. સરકારશ્રી તરફથી દવાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. જે જે સ્થળે મચ્છરોની ઘનતા વધુ જણાય તેવા સ્થળોએ પોરાનાશક તથા મચ્છરનાશક પગલાં લેવામાં આવે છે. તેમજ શહેરમાં વાનફોગ મશીન દ્વારા મચ્છરગ્રસ્ત વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવામાં આવે છે. રાષ્ટ્રીય મેલેરિયા અંકુશ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં સ્લમ વિસ્તારમાં, ઝુંપડપટ્ટી વિસ્તારમાં નદી કિનારાના વિસ્તારોમાં ઘરે ઘરે ફરીને અર્બન હેલ્થ સેન્ટરના મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો તેમજ લીંક વર્કરો ધ્વારા તાવના દર્દીઓના લોહીના નમુના મેળવવામાં આવે છે તપાસાર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવે છે.

જુદા જુદા ૫૭ વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર આવેલ છે ત્યાં તેમજ કોર્પો.સંચાલિત દવાખાનામાં તાવના દર્દીઓના લોહીના નમુના પેશીવ સર્વેલન્સની કામગીરી હેઠળ મેળવવામાં આવે છે તથા દર્દીઓને સારવાર આપવામાં આવે છે.

ડેન્ગ્યુ,ચિકન ગુનિયા રોગ નિદાન માટે સિરિંજ સેમ્પલ એકત્ર કરવા માટે ૧૫ નવા સિરો સર્વેલર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જેમાં એકત્ર કરવામાં આવેલ નમુના પરીક્ષણ હેઠળ વી.એસ.હોસ્પિ.તથા બી.જે. મેડીકલ કોલેજ ખાતે મોકલવામાં આવે છે. મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકન ગુનિયાના તપાસેલ નમુના અને કેસની માહિતી ૬.૮.૧માં આપવામાં આવેલ છે.

**૬.૯. પબ્લિક હેલ્થ લેબોરેટરી:**

પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં અહેવાલી વર્ષ દરમ્યાન દૂધ, ઘી, તેલ, મરચાં, હળદર, ધાણા, શરબત, આઈસ્ક્રીમ, વિગેરે નમૂનાઓ મ્યુ. કોર્પો.ની ફલાઈંગ સ્કવોર્ડના ફૂડઈન્સ્પેકટરો તરફથી મોકલવામાં આવેલ છે. ઉપરાંત ફુડ ઈન્સ્પેકટર દ્વારા તથા મધ્યાહન ભોજન યોજનાના અધિકારી દ્વારા મોકલવામાં આવેલ ઈન્ફોર્મલ સેમ્પલ તથા ખાનગી વ્યકિતઓ તરફથી ખાધપદાર્થોમાં ભેળસેળ જાણવા નમૂના અત્રે તપાસાર્થે મોકલવામાં આવેલ તે તપાસવામાં આવેલ છે. ઉપરાંત સ્વીમીંગપુલ, ફીઝેયોથેરાપી સેન્ટર,સેન્ટ્રલ મેડીકલ સ્ટોર તરફથી મોકલવામાં આવેલ નમુનાઓ તપાસવામાં આવેલ છે.

વા.સા.હોસ્પીટલના નર્સીંગ સ્ટાફને તથા ગુજરાત જયુડીસીયલ એકેડમીના ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટને તેમની તાલીમ દરમ્યાન ખાધપદાર્થેમાં ભેળસેળ અંગે માહિતિ અને સમજણ આપવામાં આવેલ.અહેવાલી વર્ષ દરમ્યાન પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ૨૭૩૩ નમૂનાઓની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ભેળસેળવાળા ૩૦૬ માલૂમ પડયા હતા.સદર માહિતી પત્રક ૬:૯:૧માં દર્શાવેલ છે.

**૬.૧૦ હેલ્થ ફલાઈંગ સ્કવાર્ડ:**

અહેવાલી વર્ષમાં પી.એફ.એ.એક્ટ અન્વયે ખાધચીજોના કુલ ૨૧૦૧ નમૂનાઓ લેવામાં આવેલ છે.જે પૈકી ૩૧૩ નમૂનાઓ લેબોરેટરી દ્વારા ભેળસેળવાળા જાહેર થયેલ અગાઉ ના વર્ષમાં દાખલ કરવામાં આવેલ કોર્ટ કેસ પૈકી ૫૬ કેસોનો નિકાલ કોર્ટ દ્વારા થયેલ. જેમાં ૮ કેસમાં સજા અને દંડ કરવામાં આવેલ.અને કોર્ટ દ્વારા રૂા.૮૦૦૦/- દંડ વસુલ લીધેલ છે.શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર ત્રિજયામાં આજુબાજુના વિસ્તારોમાં ગુટકાના વેચાણ કરતાં છુટક વેપારીઓ પાસેથી અલગ અલગ બ્રાન્ડના ૫૨૧૩ ગુટખાના પાઉચ પેકીંગનો નાશ કરવામાં આવેલ છે.નિયમોના ભંગ બદલ ૭૨ નોટિસો આપવામાં આવેલ છે.ગુના માંડવાળ બદલ રૂા.૩૭૦૦ વસુલ લેવામાં આવેલ છે.

શહેરમાં ચાલતા રાત્રિ ખાણીપીણીના બજારમાં સઘન તપાસ કરી બિન આરોગ્યપ્રદ ખાધ ચીજોનો નાશ કરવામાં આવે છે. સીઝનમાં મરચું -મસાલાની ખરીઓમાં વેચાણ માટે રાખેલ સડી ગયેલ બીન આરોગ્યપ્રદ મરચાનો મોટો જથ્થો

નાશ કરેલ છે. તેમજ માવો,બનાવટી ઘી, વિગેરેનો નાશ કરવામાં આવેલ છે.તથા કસુરદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૮,૨૦૦/- વસુલ કરવામાં આવેલ છે.સદર માહિતી પત્રક ૬:૧૦:૧ માં દર્શાવેલ છે.

**૬.૧૧. સંકલિત બાળવિકાસ યોજનાઃ**

ભારત સરકારના માર્ગદર્શન હેઠળ, ગુજરાત સરકાર દ્વારા મ્યુ.કોર્પો. મારફતે સમાજનાં આર્થિક નબળા વર્ગોના પોષણ તથા આરોગ્ય વિષયક વિવિધ સેવાઓ સંકલિત રીતે પુરી પાડવાના હેતુથી શહેરી સ્લમ વિસ્તારમા ૫ ઘટકમાં આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.ઘટકવાર આંગણવાડીઓનું સંચાલન જુદી જુદી સ્વૈચ્છીક સંસ્થઓને ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ સોંપવામાં આવે છે. જે મુજબ આઇ.સી.ડી.એસ.ઘટક-૧ અન્વયે ૨૬૯, આઇ.સી.ડી.એસ.ઘટક -૨ અન્વયે ૩૧૦, આઇ.સી.ડી.એસ.ઘટક-૩ અન્વયે ૨૮૩ , આઇ.સી.ડી.એસ.ઘટક-૪અન્વયે ૨૯૩ ,અને આઇ.સી.ડી.એસ.ઘટક- ૫ અન્વયે ૨૪૭ આંગણવાડીઓ હાલમાં કાર્યરત છે.આ યોજનામાં શહેરી સ્લમ વિસ્તારના જુથો જેવા કે સગર્ભા બહેનો,ધાત્રી માતાઓ,૦ થી ૬ વર્ષની વયના બાળકો તેમજ ૧૫ થી ૪૫ વર્ષની વયની બહેનોને આરોગ્ય અને પોષણ વિષયક વિવિધ પ્રકારની કુલ -૬ સેવાઓનો લાભ આપવામાં આવે છે.સદર માહિતી પત્રક ૬:૧૧;૧માં દર્શાવેલ છે.

અહેવાલી વર્ષમાં આ યોજના હેઠળ નીચેની સેવાઓ આપવામાં આવી હતી.

**(૧) પૂરક પોષણઃ-**

સ્લમ વિસ્તારના લાભાર્થીઓના રોજીંદા ખોરાકમાં રહેલ પ્રોટીન-કેલેરીની ઉણપ દૂર કરવા માટે પૂરક પોષણ આપવામાં આવે છે. તેમજ ગ્રેડ ૩-૪ના બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રીને ડબલ રેશન આપવામાં આવે છે. ઘટક વાર આ યોજના હેઠળ લાભ આપેલ લાભાર્થીઓની માહિતી પત્રક ૬.૧૧.૨માં આપવામાં આવેલ છે.

**(૨) રોગ પ્રતિકારક રસીઓઃ**

માતાઓ તથા બાળકોને જીવલેણ રોગોમાંથી બચાવવા માટે વિવિધ પ્રકારની રસીઓ આપવામાં આવે છે. લોહતત્વની ખામી નિવારવા માટે સગર્ભા ધાત્રી માતા તથા બાળકોને આયર્ન,કોલિક એસિડની ગોળીઓ આપવામાં આવે છે.અર્બન હેલ્થ સેન્ટરો મારફતે રસીકરણની કામગિરી કરવામાં આવે છે.

**(૩) આરોગ્ય તપાસઃ**

આ યોજનામાં મેડીકલ ઓફિસરશ્રી, ઓકઝીલીયર નર્સ, મીડવાઇફ બહેનો દ્વારા આંગણવાડીની રોજીંદી મુલાકાત લઇ લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧૭૨૧ બાળકો,૧૦૪૦ સગર્ભા બહેનોની આરોગ્યની તપાસ કરવામાં આવે છે.ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દ્વારા ઘટક ૧ થી ૫માં કુલે ૧૦૦૧૭૨ બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવેલ છ.જેમાંથી ૧૫૯૯૬ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ છે.તથા ૧૧૩ હદયની બિમારી અને ૨૩ કીડનીની બિમારીવાળા તથા ૬ કેન્સરની બીમારીવાળા કેસો જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

## (૪) રેફરલ સેવાઓ

આરોગ્ય સેવાઓ તપાસ દરમ્યાન નબળા જણાતા બાળકો અને માતાઓને નિષ્ણાત તબીબી સહાય માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. જેથી યોગ્ય સારવાર પ્રાપ્ત થઇ શકે.

## (૫) આરોગ્ય શિક્ષણ

૧૫થી૪૫ વર્ષની તમામ સ્ત્રીઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ દૃશ્ય લાઇવ શોમહિલા મંડળની મીટીંગો તેમજ ચાર્ટ તેમજ પોસ્ટરો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. પાંચેય ઘટકમાં બ હેનોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.

## (૬) પુર્વ પ્રાથમિક શિક્ષણ

આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષની વયના બાળકોને અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.બાળકોમાં સ્વચ્છતા રાખવા બાબત તેમજ કીટ તેમજ શીશુવાટિકાની શિક્ષકપોથી પણ અપવામાં આવે છે ચાર્ટ તેમજ પોસ્ટરો દ્વરા જુદી જુદી પ્રવૃતિઓ શીખવાડવી એ આ સેવાનો પ્રાધાન્ય ભાગ છે. બાળકોને પાંચેય ઘટકોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.

આ ઉપરાંત વિશિષ્ટ કામગીરીમાં વિશ્વ આરોગ્ય દિન સ્તનપાન સપ્તાહની ઉજવણી રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી,આંતરરાષ્ટ્રીય મહિલ દિનની ઉજવણી, એઇડઝ દિન,બાળદિન જેવા રાષ્ટ્રીય કર્યક્રમમાં ભાગ લઇ વિશિષ્ટ કામગીરી કરેલ છે.

## ૬.૧૨ બાળલકવા નાબુદી અભિયાનઃ

ભારત સરકારે સમગ્ર દેશમાંથી સને ૨૦૦૦ સુધીમાં બાળલકવા નાબુદી અભિયાન હાથ ધરેલ. જેની કામગીરી મ્યુ.કોર્પો.ને સોંપી છે. બાળલકવા મુકત કરવાના હેતુથી શહેરમાં વોર્ડવાર લક્ષ્યાંક નકકી કરી અલગ અલગ વિસ્તારોમાં રસી આપવાના કેન્દ્રો માટે મ્યુ. દવાખાના, પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પીટલો, કુટુંબ કલ્યાણ એકમ, જન્મ-મરણ નોંધણી ઓફિસો તથા નિયુકત કેન્દ્રોમાં આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય વિભાગોના કર્મચારીઓ, મેડીકલ કોલેજના વિધાર્થીઓ, ઇન્ટરનીઝ ડોકટરો, રેસીડેન્ટ ડોકટરો, પ્રાથમિક નર્સીંગ સ્ટાફ, શિક્ષકો તથા સેવાભાવી સંસ્થાઓ મળીને તમામના સહકાર થી સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.

## ૬.૧૩ શહેરી કુટુંબ કલ્યાણ એકમ :-


## ૦૮-૦૯

ધી કેટલ ટ્રેસ પાસ એકટની જોગવાઈ અનુસાર ઢોરોને પક્ડીને ડબ્બામાં પુરવાની તથા પકડાયેલા ઢોરોના માલિકો તરફથી નક્કી થયા મુજબ દંડ તથા ખોરાકી ખર્ચ વસૂલ કરી ઢોરોને ડબ્બામાંથી છોડવાની કામગીરી કરવામાં આવે છે.નિયત સમયમાં પકડાયેલાં ઢોરોના માલિકો ઢોરોને છોડાવી ન જાય તો ઢોરોને ગુજરાતની અલગ-અલગ પાંજરાપોળોમાં મોકલવામાં આવે છે. બી.પી.એમ.સી. એક્ટ શીડયુલ ‘એ’ ચેપ્ટર-૧૪ નાં રૂલ્સ ૨૨ મુજબ ચોપગા જાનવરો રાખવાની પરમીટ લેવી ફરજીયાત છે.આ અંગે ખાતા તરફથી પરમીટ આપવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બિનકાયદેસર ઢોરો રાખનાર સામે કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.

ધી જીવદયા મંડળી મુંબઈ, તરફથી એમ્બ્યુલન્સ વાન અ.મ્યુ.કોર્પો.ને દાનમાં મળી છે. શહેરનાં રસ્તાઓ ઉપર બિમાર રહેતા તમજ ડબ્બાઓમાં બિમાર થતાં ઢોરોને સારવાર માટે આ એમ્બ્યુલન્સ દ્વારાં પાંજરાપોળમાં મોકલવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં બે પાળીમાં ઢોરોને પકડવાની કામગીરી કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન કુલ ૬૦૩૨ ઢોરોને પકડીને ડબ્બામાં પુરવામાં આવ્યા હતા.જુદા જુદા ડબામાં પુરવામાં આવેલ ઢોરો તેમના માલીકો ધ્વારા દંડ ખોરાકી વસુલ લઇને કુલ ૩૪૫૯ ઢોરોને છોડેલ છે.દંડ પેટે રૂ.૩૩,૦૯,૮૮૦/- અને ખોરાકી પેટે રૂ.૫,૮૯,૩૮૬/- મળી કુલ રૂ.૩૮,૯૯,૨૬૬/- વસુલ કવામાં આવેલ છે.(પત્રક નં.૭.૨.૧ મુજબ)

સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન કુલ ૯૯૪ ઢોરોની નોંધણી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.નિયત સમય મર્યાદામાં નહી છોડાવી જનાર ઢોરોને મુંબઇની શ્રી જીવદયા મંડળીને ઢોર દીઠ રૂ.૬/- લેખે ટોકન રેઇટથી આપવામાં આવે છે.શ્રી જીવદયા મંડળી મારફતે આ વર્ષમાં કુલ ૧૮૯૧ ઢોરોને ગુજરાતની અલગ અલગ પાંજરાપોળમાં મોકલી આપવામાં આવેલ છે.

પકડાયેલાં ઢોરોને ડબ્બા દંડ અને ખોરાકી ચાર્જ અંગેનું પત્રક આ સાથે સામેલ છે.(પત્રક નં.૭.૨.૨ મુજબ ઢોરોની સંખ્યા તથા આવક દર્શાવતુ પત્રક ૭.૨.૩માં દર્શાવેલ છે.જયારે પકડાયેલ ઢોર તથા જુદા જુદા પ્રકારે થયેલ તેના નિકાલની છેલ્લા બે વર્ષની માહિતી પત્રક ૭.૨.૪માં દર્શાવેલ છે.

વર્ષ દરમ્યાન જાનવરોને પુરુ પાડવામાં આવતુ ઘાસ(ખોરાકી)અંગેનો ખર્ચઃરૂ.૧૩,૭૩,૦૩૯/-

વહીવટી ખર્ચ રૂ.૧,૫૨,૦૫,૬૫૩/-

અન્ય ખર્ચ રૂ.૩૫,૫૮,૦૮૫/-

સને ૨૦૦૮-૦૯માં રાજય સરકારમાંથી ડેપ્યુટેશન ઉપર પોલીસ ખાતાના ૪૭ કર્મચારીઓ આવેલ છે.જેનો પગાર ખર્ચ સી.એન.સી.ડી.ખાતે પાડેલ છે.

સને ૨૦૦૬-૦૭માં એમ.ઓ.યુ.થયેલ હતુ.જેનું બીલ એકાઉન્ટ ખાતે બનતુ હતુ.પણ ખર્ચ (૪૧૧ સી.એન.સી.ડી હેડ) હેઠળ પડતુ હતુ.જેના કારણે અગાઉના વર્ષ કરતાં વહીવટી ખર્ચમાં વધારો થવા પામેલ છે.

**છેલ્લા પાંચ વર્ષના આવકના આંકડા નીચે મુજબ છે.**

**પત્રક નં.૭.૨.૧**

| ક્રમ | વર્ષ | દંડ રૂ. | ખોરાકી રૂ. | પરચુરણ રૂ. | કુલ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૯૯૪૨૦ | ૪૧૧૦૦ | ૧૯૩૩૮૭ | ૫૩૩૯૦૭ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૫૮૨૭૦ | ૩૦૬૮૫ | ૨૧૨૨૦૨ | ૪૦૧૧૫૭ |
| ૩ | ૨૦૦૬- ૨૦૦૭ | ૭૭૧૫૬૦ | ૧૧૮૨૫૮ | ૭૩૭૬૦ | ૯૬૩૫૭૮ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૩૭,૦૭,૫૮૦ | ૫,૨૪,૧૫૫ | ૫૧,૫૬૭ | ૪૨,૮૩,૩૦૨ |
| ૫ | ૨૦૦૮-૨૦૦૯ | ૩૩,૦૯,૮૮૦ | ૫,૮૯,૩૮૬ | ૮૨,૩૮૬ | ૩૯,૮૧,૬૫૨ |

**ગર્વમેન્ટ ઓફ ગુજરાત હોમ ડીપાર્ટમેન્ટ નંઃજા. ૯૭/૧૪૧/સીટીએ.૧૦૯૨/૩૫૧૯/એમ તા.૧૩-૧૦-૯૮ મુજબ દિન-૧ના વર્ષ પ્રમાણે જાનવર દીઠ વસુલલેવાના દંડ અને મ્યુ.કોર્પોને નકકી કરેલ ખોરાકીનું પત્રક નીચે મુજબ છે.**

**પત્રક નં.૭.૨.૨**

| અ.નં | ઢોરની વિગત | દંડ રૂ. (૨૮-૧૦-૦૩સુધી) | દંડ રૂ.(અમલ તા.૨૯-૧૦-૦૩) | ખોરાકી રૂ. |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૨૦૦૦ | ૫૦૦૦ | ૭૫ |
| ૨ | ઉંટ | ૪૦૦ | ૧૫૦૦ | ૭૫ |
| ૩ | ભેંસ્રપાડો,ખચ્ચર,આંખલો,બળદ,ગાય | ૨૫૦ | ૧૦૦૦ | ૫૦ |
| ૪ | ધાવતા વાછરડા,વાછરડી,પાડો-પાડી | ૧૫૦ | ૫૦૦ | ૨૫ |
| ૫ | ગધેડા,ભૂંડ | ૧૫૦ | ૫૦૦ | ૧૫ |
| ૬ | ઘેટા-બકરાં | ૧૦૦ | ૩૦૦ | ૧૦ |
| ૭ | ઘોડો | ૨૫૦ | ૧૦૦૦ | ૭૫ |

## એપ્રિલ ૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ સુધી ઢોરની સંખ્યા તથા આવક દર્શાવતું પત્રક

### પત્રક નં ૭.૨.૩

| માસ વર્ષ | પકડાયેલા ઢોર | દંડથી છુટેલ ઢોર | બિમાર ઢોર | મરણ ઢોર | પાંજરા પોળ મોકલેલ ઢોર | દંડની રકમ | ખોરાકીની રકમ | કુલ આવક દંડ+ખોરાકી | રજીસ્ટ્રેશનની રકમ | એમ્બયુલન્સ રકમ | પરચુ. રકમ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૦૮ | ૫૩૧ | ૨૯૩ | ૩૯ | ૨૫ | ૩૨૫ | ૨૭૭૯૧૦ | ૩૪૨૧૩ | ૩૧૨૧૨૩ | ૪૪૧૦ | ૧૨૦ | ૧૯૫૦ | ૩૧૮૬૦૩ |
| મે-૦૮ | ૪૪૫ | ૨૪૯ | ૨૪ | ૨૨ | ૨૦૬ | ૨૩૯૩૭૦ | ૩૦૦૧૩ | ૨૬૯૩૮૩ | ૩૭૮૦ | ૩૦ | ૧૨૩૬ | ૨૭૪૪૨૯ |
| જુન-૦૮ | ૪૯૧ | ૨૩૨ | ૩૩ | ૧૬ | ૧૧૪ | ૩૧૪૦૦૦ | ૩૧૧૫૦ | ૩૪૫૧૫૦ | ૧૧૧૩૦ | ૩૦ | ૬૮૪ | ૩૫૬૯૯૪ |
| જુલાઈ-૦૮ | ૪૮૮ | ૨૮૯ | ૪૫ | ૧૩ | ૯૬ | ૩૭૩૩૦૦ | ૨૭૮૦૫ | ૩૦૧૧૦૫ | ૮૪૦૦ | ૯૦ | ૫૭૬ | ૩૧૦૧૭૧ |
| ઓગષ્ટ-૦૮ | ૪૬૯ | ૨૪૦ | ૨૪ | ૨૩ | ૧૧૪ | ૨૨૭૧૫૦ | ૩૦૭૨૫ | ૨૫૭૮૭૫ | ૬૦૯૦ | ૧૨૦ | ૬૮૪ | ૨૬૪૭૬૯ |
| સપ્ટે: ૦૮ | ૬૩૫ | ૩૭૧ | ૩૧ | ૩ | ૧૬૨ | ૩૫૪૦૬૦ | ૫૬૧૭૫ | ૪૧૦૨૩૫ | ૧૪૬૩૦ | ૧૫૦ | ૯૭૨ | ૪૨૫૯૮૭ |
| ઓકટો.-૦૮ | ૩૫૦ | ૨૨૧ | ૨૩ | ૫ | ૧૩૩ | ૨૧૦૧૨૦ | ૪૫૫૧૦ | ૨૫૫૬૩૦ | ૩૬૪૦ | ૧૨૦ | ૭૯૮ | ૨૬૬૧૮૮ |
| નવે.-૦૮ | ૩૦૨ | ૨૭૨ | ૨૧ | ૧૧ | ૧૬૦ | ૨૫૭૨૭૦ | ૫૬૪૭૦ | ૩૧૩૭૪૦ | ૬૦૯૦ | - | ૯૬૦ | ૩૨૦૭૯૦ |
| ડિસે.-૦૮ | ૬૪૬ | ૪૧૨ | ૩૦ | ૧૪ | ૧૮૯ | ૩૯૭૫૬૦ | ૯૧૪૦૦ | ૪૮૮૯૬૦ | ૬૯૩૦ | ૨૪૦ | ૧૧૩૪ | ૪૯૭૨૬૪ |
| જાન્યુ.-૦૯ | ૪૩૦ | ૨૦૮ | ૩૨ | ૧૦ | ૧૧૯ | ૧૯૮૭૯૦ | ૫૭૨૦૦ | ૨૫૫૯૯૦ | ૭૦૦ | ૧૨૦ | ૬૧૪ | ૨૫૭૪૨૪ |
| ફેબ્રુ.-૦૯ | ૪૬૬ | ૨૪૬ | ૨૭ | ૬ | ૧૪૦ | ૨૩૬૮૮૦ | ૬૦૨૨૫ | ૨૯૭૧૦૫ | ૨૪૫૦ | ૧૮૦ | ૮૪૦ | ૩૦૦૫૭૫ |
| માર્ચ-૦૯ | ૫૭૯ | ૩૩૫ | ૩૨ | ૧૦ | ૧૩૩ | ૩૨૩૪૭૦ | ૬૮૫૦૦ | ૩૯૧૨૭૦ | ૧૫૪૦ | ૧૫૦ | ૭૯૮ | ૩૯૪૪૫૮ |
| કુલ | ૬૦૩૨ | ૩૪૫૯ | ૩૬૧ | ૧૫૮ | ૧૮૯૧ | ૩૩૦૯૮૮૦ | ૫૮૯૩૮૬ | ૩૮૯૯૨૬૬ | ૬૯૭૯૦ | ૧૩૫૦ | ૧૧૨૪૬ | ૩૯૮૧૬૫૨ |

## પકડાયેલાં ઢોર તથા જુદા જુદા પ્રકારે થયેલ તેનાં નિકાલની છેલ્લા ૨ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

**પત્રક નં.૭.૨.૪**

| અનુ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતમાં ડબ્બાઓમાં બાકી રહેલ ઢોરોની સંખ્યા | ૩૩૯ | ૫૮૧ |
| ૨ | વર્ષ દરમ્યાન નવા પકડાયેલાં ઢોરોની સંખ્યા | ૮૧૭૯ | ૬૦૩૨ |
| | **કુલ** | **૮૫૧૮** | **૬૬૧૩** |
| ૩ | ડબ્બા-દંડ ખોરાકી વસુલ કરીને છોડેલ ઢોરોની સંખ્યા | ૩૮૫૯ | ૩૪૫૯ |
| ૪ | દંડ ખોરાકી વસુલ કર્યા વગર છોડેલ ઢોરોની સંખ્યા | ----- | ૩૭૮ |
| ૫ | જીવદયા મંડળીને ટોકન રેટથી આપેલ ઢોર | ૨૯૦૦ | ૧૮૯૧ |
| ૬ | માંદા અશક્ત મરણ પાંજરા પોળ મોકલેલ ઢોરોની સંખ્યા | ૧૧૭૮ | ૫૧૯ |
| ૭ | વર્ષની આખરે બાકી રહેલ ઢોરની સંખ્યા | ૫૮૧ | ૩૬૬ |
| | **કુલ સંખ્યા** | **૮૫૧૮** | **૬૬૧૩** |

# ૮.૧ શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ
## ૦૮-૦૯

સને ૧૯૩૦-૩૧ માં ભારતની આઝાદીની ચળવળમાં સત્યાગ્રહ અને અસહકારનાં આંદોલનમાં ભાગ લેતાં સ્વયંસેવકોની સારવાર આપવાનાં આશયથી , સ્વ.શેઠ શ્રી વાડીલાલ સારાભાઈનાં કુટુંબીજનોને, હોસ્પિટલ શરૂ કરવાની પ્રેરણા મળતાં રૂ.૪ લાખનાં દાનથી, ૧૨૦ પથારીઓથી હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી હતી. અ.મ્યુ.કોર્પો.એ ટ્રસ્ટીઓ સાથે કરેલ કરાર મુજબ આ સંસ્થા નિભાવવાની તમામ જવાબદારી ઉપાડી છે. આ સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ અન્વયે રજીસ્ટર્ડ કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં પથારીની સંખ્યા વધીને ૧૧૧૫ ની થવા પામી છે.ઉપરાંત નવનિર્મીત ઈમરજન્સી કમ ટ્રોમા સેન્ટરમાં ૭૯ પથારીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સંસ્થાનો વહીવટ ટ્રસ્ટ ડીડ અન્વયે રચાયેલ વ્યવસ્થાપક મંડળના ૧૦ સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ મંડળની ૧૩ બેઠકોમાં ૩૧૯ ઠરાવ પસાર કરવામાં આવ્યાં છે.

હોસ્પિટલમાં મેડીકલ, કાર્ડિયોલોજી, કીડની તથા પેશાબનાં દર્દોનો વિભાગ, ન્યુરોલોજી, એન્ડોક્રીનોલોજી ન્યુક્લીયર મેડિસીન , સર્જરી, કાર્ડિયો થોરેસીક સર્જરી, ગેસ્ટ્રો એન્ટરોલોજી સર્જરી , પ્લાસ્ટીક સર્જરી, પિડીયાટ્રીક સર્જરી,ઓબસ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, સોનોગ્રાફી,ઓર્થોપેડિક, ન્યુરો સર્જરી, ઈ.એન.ટી.સર્જરી, પિડીયાટ્રીક સાયક્યાટ્રીક, ડેન્ટલ, ઓપ્થલ્મીક,એનેસ્થેશીયા, પેથોલોજી, માઈક્રો બાયોલોજી, ફોરેન્સીક મેડીસીન, રેડિયોલોજી, કેજ્યુઅલ્ટી, તબીબી તથા તબીબી શિક્ષણ જેવાં વિભાગો આવેલાં છે.

મેડિસીન વિભાગમાં કુલ ૬ યુનીટમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે.પિડીયાટ્રીક તથા પીડયાટ્રીક સર્જરી વિભાગમા કુલ ૧૧૫ ,ઓર્થોપેડિક વિભાગમાં ૯૦ પથારીઓ, જનરલ સર્જરીમાં ૧૮૦ પથારીઓ,સાઇક્યાટ્રીક વિભાગમાં ૩૦ પથારીઓ, ઓપન હાર્ટ સર્જરી વિભાગમાં ૨ પથારીઓ, ન્યુરોસર્જરી વિભાગમાં ૨૦ પથારીઓ, ઈ.એન.ટી.માં ૩૦,ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેક વિભાગમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૧ માં દર્શાવી છે.

મ્યુ.મેડીકલ કોલેજ સાથે સંલગ્ન આ સંસ્થામાં ગુજરાત યુનિવર્સીટી માન્ય થયેલ ક્લીનીકલ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવે છે. અનુસ્નાતક કક્ષા માટે કે.એમ.સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીસીન અને રીસર્ચ દ્વારા ચલાવાતા અભ્યાસક્રમ અહી કરવામાં આવે છે.જેમાં એમ.ડી.ની ડીગ્રી માટે, જનરલ મેડીસીન , પેથોલોજી, ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, પીડીયાટ્રીક્સ, એનેસ્થેશીયોલોજી, રેડિયો ડાયગ્નોસીસ ડરમેટોલોજી, સાયકોલોજીકલ મેડીસીનનાં વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. એમ.એસ.ની ડીગ્રી માટે જનરલ સર્જરી, ઈ .એન.ટી. સર્જરી, ઓર્થોપિડીક સર્જરી, ઓપ્થેલ્મીક સર્જરી વિ. વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. ઉપરાંત એમ.સી.એચ.ની ડીગ્રી માટે ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, પીડીયાટ્રીક સર્જરી, સી.ટી.સર્જરી વિ. વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તથા ડી.સી.પી., ડી.જી.ઓ., ડી.પેડ., ડી.એ., ડી.એમ.આર.ઈ.સ, ડી.વી.ડી., ડી.પી.એમ., ડી.એલ.ઓ., ડી.ઓ. જેવાં ડિપ્લોમાં કોર્સ માટે આ સંસ્થાને માન્યકરવામાંઆવીછે.

**એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીઃ-**

**આ** હોસ્પિટલમાં નવી ફીઝીયોથેરાપી કોલેજ સદ્ભાવના ટ્રસ્ટના પ્રાથમિક રૂા.૫૧લાખના દાનથી શરૂ કરેલ છે.જે ને ગુજરાત યુનિવર્સીટીની માન્યતા મળેલ હોવાથી જુન-૯૯થી ૩૦ વિધ્યાર્થીઓથી ૪.૫ વર્ષનો બી.ફીઝીયો.ડીગ્રી કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન લેવાયેલ ફીઝીયોથેરાપી પરિક્ષાના જુદા જુદા વર્ષમાં પરિક્ષામાં બેસેલ કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૧૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.અને એમ.પી.ટી.પરીક્ષામાં બેસેલ કુલ ૧૦ માંથી ૯ વિધાર્થીઓ ઉત્તીર્ણ થયેલ હતા.

આ સંસ્થામાં અદ્યતન તબીબી પુસ્તકાલય છે જેનો ઉપયોગ શિક્ષણગણ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિ.મેડીકલ કોલેજનાં વિદ્યાર્થીઓ કરે છે. અહી મેડીકલ વિદ્યાશાખાનાં નાના મોટાં થઈને ૨૫૧૫૫ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. અહેવાલી વર્ષ દરમ્યાન નેશનલ અને ઈન્ટરનેશનલએમ કુલ ૭૨ મેડીકલ સામાયિકો મંગાવવામાં આવેલ.વા.સા.હોસ્પિ.અને મ્યુ.મેડીકલ કોલેજના સંયુકત લાયબ્રેરીમાં ઈન્ટાસ ઈન્ફોર્મેશન સેલ નામથી કોમ્પ્યુટર સેન્ટર છે.જેમાં વિશ્વમાં બહાર પડતા અંદાજે ૩૭૦૦ મેડીકલ સમાયિકોના લેખોની ટુંકી માહિતી જોવા મળી શકે છે જેના આધારે ડોકટર્સ તેમજ મેડીકલ સ્ટુન્ડટસ કોઇ પણ રોગની વિશેષ માહિતી તથા તેને લગતુ વિશેષ જ્ઞાન મેળવી શકે છે.

આ હોસ્પિટલમાં નર્સીગનું શિક્ષણ આપવાનું કાર્ય પણ ચાલે છે. પરિચારિકા શાળામાં વ્યાખ્યાન ખંડો, રમત-ગમતનું મેદાન,પુસ્તકાલય, હોસ્ટેલ, મેસ,વિ. સુવિધા મળેલ છે. આ શાળાને ગુજરાત નર્સીગ કાઉન્સીલની તેમજ ઈન્ડીયન નર્સીગ કાઉન્સેલની માન્યતા મળી છે જેમાં સ્ટુડન્ટ નર્સીસની સંખ્યા ૧૮૮ હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષની નર્સીગની પરીક્ષામાં કુલ ૨૦૨ વિદ્યાર્થીનીઓમાંથી ૧૯૨ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા પાસ કરી હતી.આ સંસ્થામાં મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન (સી.એમ.એલ.ટી) નો ૧ વર્ષનો સર્ટીફીકેટ કોર્ષ ચાલે છે.જેમાં દર વર્ષે ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.સફળતાપૂર્વક તાલીમ પુરી કરનાર વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવે છે.આ કોર્ષમાં લ.ગો.હોસ્પિટલ અને શા.ચી.લા. હોસ્પિટલ પણ જોડાયેલ છે.આ સર્ટી કોર્ષ માટે દર વર્ષે જુલાઇ-ઓગષ્ટ મહિનામાં એડમીશન થાય છે.

આ સંસ્થામાં રેડિયોગ્રાફર કોર્ષની શરૂઆત સને ૧૯૬૩થી કરવામાં આવેલી.અહેવાલી વર્ષ દરમ્યાન ૨૦ વિદ્યાર્થીઓને આ કોર્ષમાં દાખલ કરવામાં આવેલ છે.આ કોર્ષમાં દર વર્ષે જુલાઇ ઓગષ્ટ માસમાં એડમીશન થાય છે.

હોસ્પિટલમાં અહેવાલી વર્ષમાં કુલ ૫૦૨૨૯ દર્દીઓએ અંદરનાં દર્દી તરીકે સારવાર લીધી હતી. જેમાં નવા જન્મેલા બાળકોની સંખ્યા ૪૮૬૪ ની હતી. બહારના નવા દર્દીઓની સંખ્યા ૧૮૪૦૯૮ તથા બહારના જુના દર્દીઓની સંખ્યા ૩૫૮૨૩૧ મળી કુલ દર્દીઓની સંખ્યા ૫૪૨૩૨૯ જેટલી થાય છે. પ્રતિદિન સરેરાશ બહારનાં દર્દીઓની સંખ્યા ૧૪૮૬ હતી, ગતવર્ષે આ સંખ્યા ૧૩૩૫ ની હતી. એન્ટીરેબીક સારવાર નવા ૯૮૮૮ અને જુના ૨૬૬૬૧ મળી કુલ ૩૪૬૬૪ દર્દીઓને સારવાર આપેલ. ગતવર્ષે આ સંખ્યા ૩૪૭૯૫ ની હતી. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં મેજર ૧૧૨૭૩ અને માઈનોર ૯૪૧૩ એમ કુલ ૨૦૬૮૬ ઓપરેશન કરવામાં આવેલ. ગતવર્ષે આ સંખ્યા ૨૦૧૦૩ ની હતી. આ અંગેની માહિતી પત્રક ૮.૧.૩ માં દર્શાવી છે.

**ઓપન હાર્ટ સર્જરી વિભાગ (કાર્ડિયોથોરેસીક સર્જરી) :-**

ગુજરાતમાં ઓપનહાર્ટ સર્જરીની કોઈ સગવડ ન હતી ત્યારે તા.૨૭/૭/૮૭ના રોજ સૌ પ્રથમ અહીં ઓપનહાર્ટ સર્જરીના ઓપરેશન કરવામાં આવેલ. સને ૯૫ માં સૌ પ્રથમ કોરોનરી બાયપાસ સર્જરીનું ઓપરેશન કરવામાં આવેલ. બહારથી એન્જીઓગ્રાફી કરાવેલ દર્દીનું બાયપાસ સર્જરીનું ઓપરેશન પણ કરવામાં આવે છે. ચાર નિષ્ણાંત સર્જનો દ્વારા અદ્યતન સારવારથી હદય અને ફેફસાનાં ઓપરેશન કરવામાં આવે છે. ઉપરાંત વાલ્વ રીપ્લેસમેન્ટ એ.એસ.ડી., વી.એસ.ડી., પેસ મેકર મુકવું બ્રોન્કોસ્કોપીની પણ અહીં વ્યવસ્થા છે. ન્યુ.મોથોરેક્સ,એમ્પાઈમા, લોબેક્ટોચી, ન્યુમોનેકટોચી,લંગ બાયોપ્સી વિગેરે ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં ૧. હાર્ટ લન્ગ મશીન, ૨. ડીફીબ્રીલેટર, ૩. કાર્ડિઆક મોનીટર, ૪. પલ્સ ઓક્સીમીટર, ૫. બ્લડ ગેસ એનાલાઈઝર , ૬. લેટેસ્ટ જર્નલ શોક, ૭. થર્મા ડાયલ્યુશન યુનિટ, ૮. ફલેઈમ ફોટો મીટર, ૯. રેસ્પીરેટર, ૧૦. ઈન્ફયુઝન પંપ ટુ ચેનલ મોનીટર, ૧૧. પેરીફરેલ વાસ્ક્યુલર ડોપ્લર, ૧૨. ઈન્ટ્રા એઓર્ટિક બલુન જેવા આધુનિક સાધનો વસાવવામાં આવ્યા છે. ઓપન હાર્ટ સર્જરી માટે

અલાયદું થીયેટર અને પોસ્ટ ઓપરેટીવ વોર્ડ ઉપલબ્ધ છે. વાસ્કયુલર સર્જરીની અને લોહીની નળીની સારવાર હવે શક્ય બની છે. ઉપરાંત આ વિભાગમાં કાર્ડીયોથોરેસીક માટે સુપર સ્પેશ્યાલીટી એમ.સી.એચ.નો અભ્યાસક્રમ ચાલે છે. બાયપાસ સર્જરી,વાલ્વ રીપ્લેસમેન્ટ,એ.એસ.ડી.,વી.એસ.ડી.,પેસમેકર મુકવુ વિગેરે બ્રોન્કોસ્કોપીની પણ અંહી વ્યવસ્થા છે.ન્યુમોથોરેકસ,એમ્પાઇમા,લોબેક્ટોમી,ન્યુમોનેકટોમી,લંગ બાયોપ્સી વિગેરે ઓપરેશન કરવામાં આવે છે.નવા અભ્યાસક્રમ પ્રમાણે ઇંગ્લીશના વિષય માટે પ્રથમ વર્ષની વિદ્યાર્થીઓને ટ્રેનીંગ માટે ટીચર તેમજ કોમ્પ્યુટર ટ્રેનીગ માટે કોમ્પ્યુટર લેબ શરૂ કરવામાં આવેલ છે.જે માટે નિષ્ણાત શિક્ષક રોકવામાં આવેલ છે આની વધારાની ૧૫ સીટો સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચાલુ વર્ષથી ભરવામાં આવે છે

**<u>ન્યુરો મેડીસીન વિભાગ :-</u>**

પાંચ નિષ્ણાત તબીબો દ્વારા બહારનાં તેમજ અંદરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. સ્ટ્રોક સ્પેશીયલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ છે.મગજના રોગો, વાઈની બિમારી, મગજમાં સોજો આવવો, ગાંઠ હોવી વિગેરેના નિદાન માટે કેરોટીડ એન્જીયોગ્રાફી ઉપરાંત ઈ.ઈ.જી.- ઈ.સી.જી. ની જરૂરી છે. આ વિભાગમાં ૧૬ ચેનલ વાળો ઈ.ઈ.જી. મશીન છે.

**<u>રેડીયોલોજી વિભાગ :-</u>**

આ વિભાગ રેડીયો ડાયગ્નોસીસ માટેના અદ્યતન સાધનોથી સુસજ્જ કરવામાં આવેલ છે.આ વિભાગમાં બેરીયમ સ્ટડીઝ, ઈન્ટ્રાવીન સપાયલોગ્રાફી, પેરીક્રેરલ એન્જીયોગ્રાફી વિગેરે ઈન્વેસ્ટીગેશન દ્વારા શરીરનાં જુદાજુદા અવયવોના એક્સ-રે લેવામાં આવે છે. સર્જીકલ ઓ.પી.ડી. વિભાગમાં એક્સ - રે ફિલ્મ પ્રોસેસર મુકવામાં આવેલ છે. કલર ડોપ્લરથી લોહીની નળીઓમાં લોહીના પ્રવાહની માહીતી મેળવી શકાય છે અને વાસ્ક્યુલર સર્જરીમાં સરળતા રહે છે. અલ્ટ્રાસાઉન્ડ પધ્ધતિથી એન્જીયોગ્રાફીની કામગીરીમાં સરળતા રહે છે. યકૃત, બરોળ, સ્વાદુપિંડ, પિત્તાશયની કોથળી, કીડની, પ્રોસ્ટેટ ગ્રંથિ , ગર્ભાશય, અંડબીજ વિગેરેની અલ્ટ્રા સાઉન્ડ પધ્ધતિથી નિદાન કરવામાં આવે છે. આ વિભાગમાં રૂા. દોઢ કરોડના ખર્ચે અદ્યતન હોલ બોડી સ્કેનની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત તાજેતરમાં ડાહયાભાઇ છોટાભાઇ ચેરીટી ફાઉન્ડેશન ટ્રસ્ટના રૂા.૧૫લાખના દાનથી નવું આઇ.આઇ.ટી.વી.મશીન ખરીદવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬માં રૂા ૪ કરોડના ખર્ચે કોર્પો.ની લોનમાંથી નવું એમ.ડી.સીમેન્સ ૬૪ સીટી સ્કેન વસાવેલ છે અને નવું ઇમેજ ઇન્ટેશી ફાયર તેમજ એકસ રે મશીન વસાવેલ છે. અહીંયા ટેક્નીશીયન, રેસીડેન્ટ અને રેડિયોલોજીની સેવા ૨૪ કલાક મળી શકે છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં કુલ ૧૦૬ એક્સ-રે કરવામાં આવ્યા છે.રૂા.૮૩ લાખના ખર્ચે અદ્યતન ડીઝીટલ સી.આર.સી. સીસ્ટમ તેમજ રૂા. ૨૦ લાખના ખર્ચે નવું કલર ડોપ્લર મશીન વસાવેલ છે જે ધ્વારા રાહત દરે દર્દીઓ ને સારી કવોલીટી એકસરે ફીલ્મ આપી શકાય છે. જે અંગેની વિગતવાર માહિતી પત્રક ૮.૧.૪ માં દર્શાવી છે.

**<u>ન્યુક્લીયર મેડીસીન વિભાગ :-</u>**

આ વિભાગમાં થાઈરોઈડ અને અંતઃસ્ત્રાવને લગતાં લોહીનાં ટેસ્ટ જેવાં કે સીરમ ટી–૩, ટી-૪, ટી.સી.એચ., સીરમ એફ.એસ.એચ.,એલ.એચ.,પ્રોલેક્ટીન,બીટા એચ.સી.જી.,યુરીનરી માઈક્રો આલ્બ્યુમીન કરવામાં આવે છે. ઉપરાંત ટી.બી.ની તપાસ માટે ટયુબરકલ આઈ.જી.જી.આઈ.જી.એમ. ટેસ્ટ કરવામાં આવે છે.હાલમાં એઈડઝના રોગ માટે અત્યંત સંવેદનશીલ ટેસ્ટ વેસ્ટર્ન બ્લોટ શરૂ કરવામાં આવ્યો છે. ભારત સરકાર સી.એસ.આઇ.આર. નવી દિલ્હીના નેજા હેઠળ ટેકનોલોજી નેટવર્ક અને બીઝનેસ ડેવલેપમેન્ટ વિભાગ શરૂ કરેલ છે તેના દ્વારા હાલમાં જુદી જુદી હર્બલ દવાઓ જેમકે હળદર,આમળાં તથા અન્ય દવાઓનાં ડાયાબીટીસના દર્દીઓમાં પ્રયોગ કેવામાં આવે છે.એન્ડોક્રાઇનને લગતું રીસર્ચ પણ અહિં કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં એઈડઝના એચ.આઈ.વી.૧૦૯૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૮૭૭

વ્યક્તિઓને ઈ.સી.ટી. સારવાર તથા ૪૩૯૮૬ વ્યક્તિઓને ઈ.સી.જી. સારવાર, ૧૭૦૫ વ્યક્તિઓને ઈ.ઈ.જી. સારવાર આપવામાં આવી છે. હીમોડાયાલીસીસના ૨૧૦૫ દર્દીઓ તથા પ્લાઝમર ફેરેસીસ ડાયાલીસીસનાં ૧૯૫ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૫ માં દર્શાવી છે.

**<u>ફિઝીયોથેરાપી વિભાગ :-</u>**

અહેવાલી વર્ષમાં ૩૦૧૨૫ દર્દીઓને ડાયાથર્મી, ૧૭૭૭૯ દર્દીઓને મેડીકલ કરંટ, ૧૫૦૦ દર્દીઓને અલ્ટ્રાવાયોલેટ કિરણ, ૩૯૬૨ દર્દીઓને હાઈડ્રો થેરેપી, ૨૭૫૪૮ દર્દીઓને અલ્ટ્રાસોનીક, ૭૭૮૮૫ દર્દીઓને કસરત થેરોપી તથા ૧૬૨૯૫ દર્દીઓને આઈ.એફ.ટી અને લેસરની સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૬ માં આપી છે.

**<u>ઓર્થોપેડીક વિભાગ :-</u>**

હાડકા અંગેની સારવારમાં આ હોસ્પિટલ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થવાથી દર્દીઓની સારવાર માટે ત્રણ વોર્ડ રાખવામાં આવેલ છે. આ વિભાગમાં આંગળાનાં સાંધાની માઈક્રો સર્જરી કરવામાં આવે છે. ઉપરાંત સાંધા બદલવાના , ઘૂંટણનો સાંધો , થાપાનો સાંધો બદલવાના ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં બે ઈમેજ ઈન્ટેન્સીફાયર ટી.વી.યુનિટ દ્વારા ચોકસાઈપૂર્વક સફળ ઓપરેશન કરી શકાય છે.જેનાથી દર્દીઓને ખૂબજ રાહત થાય છે.

**<u>વોલેન્ટરી બ્લડ બેંક :-</u>**

ઓપરેશનના દર્દીઓને લોહીની જરૂર પડતાં યોગ્ય ગ્રુપનું લોહી પુરૂ પાડવાની જવાબદારી બ્લડ બેંક ઉપાડે છે. દર્દીઓના સગાએ દર્દીને અપાયેલ લોહી રીપ્લેસ કરવાનું હોય છે. છતાં જો દર્દીનાં સગા લોહી રીપ્લેસ ન આપે તો બ્લડ બેંકમાં લોહીનો પુરવઠો જાળવવાનું મુશ્કેલ બને છે. આ માટે વોલન્ટરી બ્લડ બેંક , ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની મદદથી, વિમા કંપની, મીલો, શાળા કોલેજ, બેંકો, સોસાયટીઓ તથા શહેરનાં વિસ્તારો તથા બહારગામથી આઉટડોર ટેપીંગ કરી લોહીની બોટલો પ્રાપ્ત કરી હોસ્પિટલ માટે લોહીનો જરૂરી પુરવઠો જાળવી રાખવામાં આવે છે. લોહીની બોટલો જાળવી રાખવા બ્લડ સ્ટોરેજ કેબીનેટની વ્યવસ્થા કરવામાં આવી છે.આ વિભાગમાં બ્લડ, કોમ્પોનન્ટ સેપરેશન યુનિટમાં નાકો તરફથી રૂા.૨૨લાખની સાધન સામગ્રી મળેલ છે.આ સુવિધાથી દર્દીને જરૂરિયાત પ્રમાણે રક્તના ઘટકો જેવાકે રક્તકણ,ત્રાકકણ,પ્લાઝમા વિ.વિના મૂલ્યે આપવામાં આવે છે. સ્વૈછિક રકતદાન વધુ મળી રહે તે માટે માનનીય સંસદ સભ્યશ્રી કે.જના.ક્રિષ્નામૂર્તિની એમ.પી.ની રૂા.૧૫ લાખની ગ્રાન્ટમાંથી મોબાઇલ બ્લડ કલેકશન વાન ઉપલબ્ધ કરવામાં આવી છે.તેમજ રૂા.૧૩ લાખની ગ્રાન્ટમાંથી ઓટો બ્લડ સેલ કાઉન્ટર હિમોમીક્ષચર ટયુબસીલર વસાવવામાં આવેલ છે. રક્તદાતાના લોહીનો ઓસ્ટ્રેલીયા એન્ટીજન , એચ.આઈ.વી., વી.ડી.આર.એલ. અને એમ.પી.માટે ટેસ્ટ કરવામાં આવે છે.પેથોલોજી વિભાગમાં બ્લડનાં જુદા જુદા ટેસ્ટ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રીપ્લેસમેન્ટ દ્વારા ૫૦૯૦ બોટલ્સ બ્લડ પ્રાપ્ત કરવામાં આવ્યુ. જ્યારે સ્વૈચ્છિક રક્તદાન દ્વારા ૭૭૧૬ બોટલ્સ બ્લડ મેળવવામાં આવેલ. કુલ ૧૮૭૫૯ બોટલ્સ લોહી દર્દીઓને આપવામાં આવ્યું હતું. આ અંગેની વિસ્તૃત માહિતીપત્રક ૮.૧.૭ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં પોસ્ટ પાર્ટમ યુનિટ (કુટુંબ કલ્યાણ કેન્દ્ર) દ્વારા વાઝેક્ટોમીના ૭ ઓપરેશન તથા ટયુબેકટોમીના ૭૧૩ ઓપરેશન કરવામાં આવ્યા છે. ૧૨૭૦ બહેનોએ આંકડી મુકાવી છે. તથા ૧૪૨૫ વ્યક્તિઓએ કોન્ટ્રાસેપ્ટીવનો

ઉપયોગ કરેલ છે.૯૫૦૩ વ્યક્તિઓએ ઓરલ ગોળીઓ લીધી છે. અહેવાલી વર્ષમાં આ કેન્દ્રને અનામત પથારી માટે ગુજરાત સરકારની રૂા. ૧.૦૦ લાખની તથા કુટુંબ કલ્યાણ ઈન્સેન્ટીવ ગ્રાંટ પેટે રૂા.૩.૫૦ લાખ મળેલ છે.બાકી

પથારી દીઠ દૈનિક ખર્ચ અહેવાલી વર્ષમાં રૂા.૧૬૯૫ થવા પામેલ છે. જે ગતવર્ષે રૂા. ૧૦૬૪ નું હતું. અહેવાલી વર્ષમાં વ્યક્તિ અગર સંસ્થા તરફથી મળેલ દાનઅને ભેટની વિગત પત્રક ૮.૧.૮ માં દર્શાવી છે તથા દર્દી દીઠ દૈનિક સરેરાશ ખર્ચ પત્રક ૮.૧.૯ માં દર્શાવેલ છે. અહેવાલી વર્ષમાં રૂા.૫૩૭.૯૭ લાખની આવક થઈ છે. જનરલ વોર્ડમાં ગરીબ દર્દીને સંપૂર્ણ માફી આપવામાં આવે છે જ્યારે અહેવાલી વર્ષમાં કુલ ખર્ચ રૂા. ૪૭૨૮.૫૦ લાખનો થયો છે. અહેવાલી વર્ષ દરમ્યાન અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે.તેની માહિતી પત્રક ૮.૧.૧૦ માં દર્શાવી છે.

ઉપરાંત આ હોસ્પિટલમાં સને ૫૬ - ૫૭ થી કૃત્રિમ અવયવો બનાવવા માટે એક વર્કશોપ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગ મ્યુ.મેડિકલ કોલેજના ભોંયરામાં આવેલ છે.દર્દીને પીટીસી અને બનાવટી હાથ,પગ,સીએન્ડ ઈ હોલ બુટ,કેલીપર ફુટ,સર્વાઈકલ કોલર સ્પલીન્ટ,એન્ટી રીટર,પોસ્ટ રીટયર ગાર્ડ, કેલિપર્સ, લાકડાની ચાલવાની ઘોડી વગેરે વાજબી ભાવે બનાવી આપવામાં આવેછે.ઉપરાંત પી.ડી.બી. કેલિપર્સ શુઝ,બેલ્ટ વિગેરેનું રીપેરીંગ કામ પણ કરવામાં આવે છે.

સને ૭૦ થી ઈમરજન્સી વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ધરાવતાં ડોક્ટર્સ સતત ૨૪ કલાક ફરજ પર હાજર રહે છે. સને ૭૨ થી શરૂ કરાયેલ આઈ.સી.સી.યુ. વિભાગને ૧૯૯૭ માં વાતાનુકુલિત બનાવી અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યો છે, અહી સેન્ટ્રલ કોન્સોલ સીસ્ટમ દ્વારા દર્દીને તુર્ત જ ૨૪ કલાક યોગ્ય સારવાર મળી શકે છે. અહીં દર્દીની આવક પ્રમાણે ચાર્જ લેવાય છે. ગેસ્ટ્રો એન્ટરોલોજી વિભાગમાં, ગાયનેક વિભાગ, ઓબસ્ટ્રેટીક્સ, મેડીસીન, પીડીયાટ્રીક્સ, ન્યુરોસર્જરી, ઈ .એન. ટી., પીડીયાસ્ટ્રીક સર્જરી જેવા અન્ય વિભાગ પણ આવેલ છે.મેડીસીન વિભાગમાં પલ્યોનરી ફંકશન સુવિધા ઉપલબ્ધ છે.એક નવો અદ્યતન વોર્ડ ઓ.એન.જી.સી.ની રૂા.૩૫ લાખની સહાયથી બનાવેલ છે.મેડીકલ વોર્ડ નં.-૨ નું મ્યુ.કોર્પો. દ્વારા રૂા.૩૦ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય ભાવનાથી શરૂ કરવામાં આવેલ આ સંસ્થાના નિભાવ પેટે મ્યુ.કોર્પો.નો રેવન્યુ ખર્ચમાં મોટો ભાગ રહેલ છે. આ હોસ્પિટલ શહેર તથા ગુજરાતનું ગૌરવ છે. મ્યુ. કોર્પો. તેની સીમિત આવકના સાધનોથી હોસ્પિટલમાં જરૂરી અદ્યતન સાધનો વસાવવા તથા નિભાવવા , હોસ્પિટલની કામગીરી વધુ ને વધુ લોકોપયોગી બનાવવા શક્ય તમામ પ્રયત્નો કરી રહયું છે.

અહેવાલી વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબની વિશેષ કરેલ કામગીરીની વિગતો

૧. સ્ટેટ ઓફ ધી આર્ટ ટેકનોલોજીના ઉચ્ચતમ ગુણવતા ધરાવતા લેબોરેટરી સાધનો રેન્ટલ બેઝ પર મેળવી નવી અઘતન પેથોલોજી લેબ શરૂ કરવામાં આવેલ છે.

૨. રૂા.૨૨ લાખના ખર્ચે નવી અઘતન બ્લડ બેંક બનાવવામાં આવેલ છે.

૩. વોર્ડ નં-૧,૩ તથા ૫ ની રીપેરીંગ રીટ્રોફીટીંગ રૂ.૯૦ લાખના ખર્ચે તથા એલ.ઓ.ટી.નું રીપેરીંગ રીનોવેશન રૂા. ૨૫ લાખના ખર્ચે નવા ઈલેકટ્રીફીકેશન સાથે કરવામાં આવ્યું.

૪. પોસ્ટમોટમ વિભાગને રૂા.૧૫.૬૬ લાખના ખર્ચે ૩ નવા કોલ્ડ મોર્ચ્યુરી ચેમ્બરની વ્યવસ્થા તથા બે રૂમોનું રીનોવેશન કરવામાં આવ્યું.

૫. નવા ઈલે.સબ સ્ટેશન માટે જરૂરી ઈલે.ઇકવીપમેન્ટસ ખરીદ કરવાની કાર્યવાહી ચાલુ છે.

૬. માન.મેયરશ્રી અમિતભાઇ શાહના બજેટમાંથી રૂા.૨ લાખના ખર્ચે ઇ.સી.જી.રૂમનું રીનોવેશન કરવામાં આવેલ છે.

૭. નિર્મળ ગુજરાત અંતર્ગત ગંદકી ફેલાવતા શખ્શોને દંડ કરી રૂા. ૧ લાખની રકમ મેળવવામાં આવી હતી.

૮. હોસ્પિટલના કર્મચારીઓના પગારની પે સ્લીપ અને પી.એફ સ્લીપની કામગીરી રૂા.૩.૫૦ લાખના ખર્ચે વસાવેલ હાઈ સ્પીડ પ્રીન્ટર ધ્વારા ઇન હાઉસ શરૂ કરવામાં આવેલ છે.

૯. દર્દીઓની સુવિધા માટે અંદાજીત રૂા.૨૭૯ લાખના ઇકવીપમેન્ટ વસાવવાની કામગીરી ચાલુ છે.

૧૦. નર્સીંગ ડીપ્લોમાની ૪૫ બેઠકો વધારીને ક્ષમતા ૬૦ ની કરવામાં આવી વધારાની ૧૫ સીટો સેલ્ફ ફાયનાન્સ ધોરણે ભરતા આ વર્ષે ૬ લાખની અંદાજીત આવક થયેલ છે.

૧૧. એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીના સ્નાતક ફીઝીયોથેરાપીની ૩૦ સીટોની ઇન્ટેક કેપેસીટીમાં ૨૦ સીટો માટે સરકારશ્રી ની મંજુરી મેળવી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવી ૨૦૦૭-૦૮ના અભ્યાસક્રમ માટે પ્રવેશ આપવામાં આવેલ છે.

૧૨. મ્યુનિ.કાઉન્ સીલરશ્રી પુષ્પાબેન મીસ્ત્રીની રૂા.૧.૦૦ લાખની ગ્રાંટ માંથી લાયબ્રેરી માટે પુસ્તકો તથા સાધનો વસાવવામાં આવ્યા.

**પત્રક ૮.૧.૧**

**વિભાગવાર પથારીઓનું વર્ગીકરણ**

| અ.નં | વોર્ડનું નામ | પથારીની સંખ્યા | અ.નં | વોર્ડનું નામ | પથારીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મંડિકલ વોર્ડ-૧ | ૩૮ | ૧૯ | સ્પે.રૂમ એ- | ૧૬ |
| ૨ | મેડિકલ વોર્ડ-૨ | ૩૮ | ૨૦ | સ્પે.રૂમ બી- | ૭ |
| ૩ | મેડિકલ વોર્ડ- ૧૦ અને ૧૦ એ | ૬૦ | ૨૧ | પિડિયાટ્રીક વોર્ડ નં.૧૩ | ૫૫ |
| ૪ | વોર્ડ-૭ (પુરૂષ) અને ૮ સ્ત્રી (જૈન) | ૨૬ | ૨૨ | ઇમરજન્સી વોર્ડ | ૧૨ |
| ૫ | મેડિકલ મેઇલ(એમ.એમ.એસ.) | ૧૨ | ૨૩ | ઓર્થો પોષ્ટ ઓપ વોર્ડ | ૨૪ |
| ૬ | સર્જીકલ વોર્ડ-૪ | ૩૮ | ૨૪ | સ્કીન વોર્ડ | ૧૬ |
| ૭ | સર્જીકલ વોર્ડ-૧૧ | ૬૦ | ૨૫ | સાયકયાટ્રી વોર્ડ | ૧૮ |
| ૮ | સર્જીકલ વોર્ડ-૧૨ | ૬૦ | ૨૬ | સી.એમ.એચ.બીલ્ડીગ | |
| ૯ | સર્જીકલ વોર્ડ-૧૫ | ૩૨ | ૨૭ | લેબરરૂમ | ૨૪ |
| ૧૦ | સર્જીકલ સ્પેશ્યાલીટી વોર્ડનં.૫ | ૪૭ | ૨૮ | મેટરનીટી વોર્ડ નં.૧ થી ૪ | ૬૩ |
| ૧૧ | ઓર્થો વોર્ડ -૩ | ૩૬ | ૨૯ | મેટરનીટી વોર્ડ નં ૫ થી ૬ | ૨૮ |
| ૧૨ | ઓર્થો વોર્ડ-૯ | ૩૬ | ૩૦ | ફેમીલી પ્લાનીગ વોર્ડ | ૩૩ |
| ૧૩ | હેન્ડ સર્જરી વોર્ડ | ૧૨ | ૩૧ | ગાયનેક વોર્ડ | ૪૪ |
| ૧૪ | સર્જીકલ વોર્ડ-૬ | ૩૯ | ૩૨ | નીયોનેટલ | ૩૫ |
| ૧૫ | સીટી પોસ્ટ ઓપ<br>(ઓ.એચ.ઓ.આઇ.સી.યુ. | ૨ | ૩૩ | પીડીયાટ્રીક સર્જરી વોર્ડ | ૩૦ |
| ૧૬ | આઇ.સી.સી.યુ | ૧૦ | ૩૪ | સી.એમ.એચ.સ્પે.રૂમ | ૧૩ |
| ૧૭ | કેથલેબ કાર્ડીયોલોજી વોર્ડ,પોષ્ટ કેથલેબ વોર્ડ | ૦૮ | ૩૫ | સર્જીકલ ગેસ્ટ્રોલોજી વોર્ડ<br>મેડીકલ ગેસ્ટ્રોલોજી વોર્ડ<br>સી.એમ.એચ.સ્પે વોર્ડ-૮ | ૪૩ |
| ૧૮ | વોર્ડ નં. -૧૪ | ૪૨ | ૩૬ | સ્પે.સેમી | ૬ |
| | કાર્ડિયોલોજી | | ૩૭ | આરોગ્ય ભુવન | ૩૦ |
| | ન્યુરોલોજી | | ૩૮ | એકિસડન્ટ વોર્ડ | ૨૨ |
| | એન્ડોક્રિનોલોજી | | | | |
| | | | | કુલ | ૧૧૧૫ |

| | | |
|---|---|---|
| ૧ | શેઠ.વા.સા.જનરલ હોસ્પિટલ | ૭૬૬ |
| ૨ | શેઠ ચિનાઇ પ્રસુતિ હોસ્પિટલ | ૩૧૯ |
| ૩ | આરોગ્ય ભુવન | ૩૦ |
| | કુલ | ૧ ૧૧૫ |

**પત્રક ૮.૧.૨**

**ઈન્ડોર અને આઉટડોર વિભાગમાં સારવાર આપેલ દર્દીઓની માહિતી**

| અ.નં. | વિભાગ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | અંદરના દર્દી તરીકે સારવાર આપેલ દર્દીની સંખ્યા<br>( નવા જન્મેલા બાળક સાથે) | ૪૮૭૩૬ | ૫૦૨૨૯ |
| ૨. | નવા જન્મેલા બાળકોની સંખ્યા | ૪૩૯૫ | ૪૮૬૪ |
| ૩. | અંદરનાં દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૭૪૪ | ૭૪૩ |
| ૪. | બહારનાં દર્દીઓનો વિભાગ<br>અ. નવા કેસ<br>બ. જુના કેસ<br>**કુલ** | **૧૬૧૮૪૨**<br>**૩૨૨૧૧૫**<br>---------------<br>**૪૮૩૯૫૭** | **૧૮૪૦૯૮**<br>**૩૫૮૨૩૧**<br>---------------<br>**૫૪૨૩૨૯** |
| ૫. | બહારનાં નવા જુના સારવાર આપેલ દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૧૩૨૫ | ૧૪૮૬ |
| ૬. | એન્ટી રેબિક સારવાર<br>અ. નવા દર્દીની સંખ્યા<br>બ. જુના દર્દીની સંખ્યા<br>**કુલ** | ૮૦૦૩<br>૨૬૬૬૧<br>-------------<br>૩૪૬૬૪ | ૯૮૮૮<br>૨૪૯૯૧<br>------------<br>૩૪૮૭૯ |

## પત્રક ૮.૧.૩

## ઓપરેશનની વિગતો દર્શાવતુ પત્રક

| અ.નં. | ઓપરેશનની વિગત | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | મેજર | માઈનોર | મેજર | માઈનોર |
| ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ઓબ્સ્ટ્રે. અને ગાયનેક | ૨૫૬૫ | ૪૧૬ | ૨૭૫૧ | ૪૬૬ |
| ૨. | જનરલ સર્જરી | ૨૩૭૨ | ૧૮૬૨ | ૨૩૭૭ | ૧૪૦૫ |
| ૩. | ઓથોપેડિક સર્જરી | ૧૮૦૨ | ૧૪૦૩ | ૧૭૨૮ | ૧૪૫૨ |
| ૪. | ઈ .એન.ટી. સર્જરી | ૩૧૧ | ૮૧૫ | ૩૧૯ | ૮૯૬ |
| ૫. | કાર્ડિયોથોરેસીક સર્જરી | ૪૦૦ | ૨૮૫ | ૩૨૭ | ૧૬૪૯ |
| ૬. | ન્યુરો સર્જરી | ૭૩૯ | ૬૪ | ૬૦૩ | ૬૦૭ |
| ૭. | પીડીયાટ્રીક સર્જરી | ૭૯૧ | ૫૮૩ | ૪૫૭ | ૧૫૯ |
| ૮. | ગેસ્ટ્રો એન્ટ્રોલોજી | ૧૫૩ | ૧૫૪૮ | ૭૩૯ | ૭૧ |
| ૯. | ડેન્ટલ સર્જરી | - | ૧૬૮૫ | ૭૯ | - |
| ૧૦. | કેજ્યુલીટી ઓપરેશન | - | ૮૪૮ | - | ૧૦૬૩ |
| ૧૧. | ઓપન હાર્ટ ઓપરેશન | ૪૮ | - | ૬૮૬ | ૬૦૨ |
| ૧૨. | પ્લાસ્ટીક સર્જરી | ૭૩૮ | ૬૭૫ | ૧૨૦૭ | ૧૦૪૩ |
| | **કુલ** | **૯૯૧૯** | **૧૦૧૮૪** | **૧૧૨૭૩** | **૯૪૧૩** |

# પત્રક ૮.૧.૪

## કાર્ડિયોલોજી, હેમો ડાયાલીસીસ અને ન્યુરો મેડીસીન તથા ઈ.સી.ટી., ઈ.સી.જી. તેમજ રેડિયોલોજી વિભાગની કામગીરી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અ | કાર્ડિયોલોજી વિભાગ | | |
| | ૧. પેસમેકર ( ટેમ્પરરી) | ૫૪ | ૧૨ |
| | ૨. પેસમેકર ( પરમેન્ટ ) | ૩૪ | ૩૨ |
| | ૩. ઈકો રેકોર્ડસ | ૮૪૨૧ | ૯૫૨૨ |
| | ૪. કાર્ડિયોવર્ઝન | ૧૨૫૦ | ૧૧૪૦ |
| | ૫. ટ્રેડ મીલ એક્સરસાઈઝ ટેસ્ટ | ૭૯૬ | ૮૪૫ |
| | ૬. હોલ્ટર ટેસ્ટ | ૩૩ | ૫૬ |
| | ૭. લેઈટ પોટેશીયમ ટેસ્ટ | ૦ | |
| | ૮. કાર્ડીયાક કેથેટર્સ | - | |
| બ | હેમો ડાયાલીસીસની વિગત | | |
| | ૧. હેમોડાયાલીસીસ | ૧૬૦૦ | ૨૧૦૫ |
| | ૨. પેરી ટોનીયલ ડાયાલીસીસ | - | - |
| ક | ન્યુરો મેડીસીન વિભાગ | | |
| | ૧. ઈ.ઈ.જી. | ૧૫૯૦ | ૧૭૦૫ |
| ડ | ઈ.સી.ટી. અને ઈ.સી.જી. વિભાગ | | |
| | ૧. ઈ.સી.ટી. સારવાર લેનાર દર્દીની સંખ્યા | ૮૮૦ | ૮૭૭ |
| | ૨. ઈ.સી.જી. લેવામાં આવ્યાં હોય તેવા દર્દીઓ | ૪૩૨૩૮ | ૪૩૯૮૬ |
| ઈ | રેડિયોલોજી વિભાગ | | |
| | ૧. દર્દીઓનાં લીધેલ એક્સ-રેની સંખ્યા | ૧૪૧૯૩૨ | ૧૦૬ |
| | ૨. સી.ટી. સ્કેન | ૧૧૭૦૯ | ૧૩૭૫૦ |
| | ૩. યુ.એસ.જી. (એકસરે વિભાગ) | ૩૩૯૨૦ | ૨૬૫૭૮ |

# પત્રક ૮.૧.૫

## ન્યુક્લીયર મેડીસીન વિભાગની આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ટી-૩ અને ટી-૪ ( બાયઆર.આઈ.એ.ટેકનિક) | ૧૭૦૮ | ૨૦૪૦ |
| ૨. | ટી.એસ.એચ. | ૪૦૬૧ | ૬૧૩૦ |
| ૩. | એફ.એસ.એચ. | ૨૧૦ | ૨૮૦ |
| ૪. | એલ.એચ. | ૧૮૧ | ૨૫૫ |
| ૫. | પી.આર.એલ. | ૧૫૭ | ૪૫ |
| ૬. | બી.એચ.સી.જી. | ૨ | - |
| ૭. | થાઈરોઈડ એન્ટી બોડીઝ | ૯૬ | ૧૫૦ |
| ૮. | ગ્રોથ હોરમોન્સ | ૯૭ | ૫૩ |
| ૯. | ટેસ્ટોસ ટેરોન | ૪૭ | ૭૯ |
| ૧૦. | સીરમ ટ્રીપોનીન ટી. | ૪૨૨ | ૨૪૧ |
| ૧૧. | યુરીનરી માઈક્રો એલ્બ્યુમીન | ૧૩૯ | ૫૮ |
| ૧૨. | કોર્ટીસોલ | ૮૬ | ૧૧૯ |
| ૧૩. | ફ્રી.ટી. ૪ | ૭૦૩ | ૧૪૨૫ |
| ૧૪. | ફ્રી.ટી.૩ | ૫૩૩ | ૧૦૪૭ |
| ૧૫. | ઈસ્ટ્રેડીયોલ | ૩૧ | ૨૦ |
| ૧૬. | ડી.એચ.ઈ.એ.એસ. | ૧૩ | ૨૪ |
| ૧૭. | આઈ.જી.એફ.-૧ | ૦૨ | ૧૨ |
| ૧૮. | પી.એસ.એ. | ૨૩૯ | ૩૦૫ |
| ૧૯. | એ.એન.એ. | ૫૯૪ | ૮૩૩ |
| ૨૦. | એન્ટી ફોસ્કોલીપીડ એ.બી.એસ. | ૧૨૪ | ૧૦૦ |
| ૨૧. | એ.એન.એ.બ્લોટ | ૫૮ | ૪૪ |
| ૨૨. | સી.ઇ.એ. | ૦૩ | - |

## પત્રક ૮.૧.૬

## ફિઝીયોથેરાપી વિભાગની આંકડાકીય માહિતી  દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ડાયાથર્મી આપેલ દર્દીઓની સંખ્યા | ૨૮૮૪૨ | ૩૦૧૨૫ |
| ૨. | મેડીકલ કરંટ આપેલ દર્દીઓની સંખ્યા | ૧૬૫૭૯ | ૧૭૭૭૯ |
| ૩. | અલ્ટ્રાવાયોલેટ કિરણ આપેલ દર્દીઓની સંખ્યા | ૬૦૦ | ૧૫૦૦ |
| ૪. | હાઈડ્રોથેરેપી | ૩૭૬૨ | ૩૯૬૨ |
| ૫. | અલ્ટ્રા સોનીક | ૨૬૧૯૨ | ૨૭૫૪૮ |
| ૬. | કસરત થેરાપી | ૭૬૪૮૫ | ૭૭૮૮૫ |
| ૭. | આઈ.એફ.ટી.અને લેસર | ૧૫૨૬૫ | ૧૬૨૯૫ |

## પત્રક ૮.૧.૭

## વોલન્ટરી બ્લડ બેંકની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રીપ્લેસમેન્ટ દ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ/બેગ્સ | ૫૦૯૦ | ૫૭૦૪ |
| ૨. | સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવેલ બ્લડ બોટલ/બેગ્સ | ૭૭૧૬ | ૫૨૦૪ |
| ૩. | દર્દીઓને આપવામાં આવેલ બ્લડ અને કોમ્પોનેન્ટની બોટલ્સ/બેગ્સ | ૧૮૭૫૯ | ૧૬૫૧૭ |
| | | ૩૧૫૬૫ | ૨૭૪૨૫ |

## અહેવાલી વર્ષ દરમ્યાન ૫૦૦૦/- થી વધુ મળેલ દાનની રકમ દર્શાવતુ પત્રક

| અ.ન. | વિગત | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧ | મે.અમદાવાદ સ્ટોક એક્ષચેન્જ લી. | ૫૦૦૦.૦૦ |
| ૨ | મે.ખાંડવાલા ઈન્ટ્રીગ્રેટેડ ફિન સર્વિસ | ૫૦૦૦.૦૦ |
| ૩ | શ્રી રાજેશ જાની | ૫૦૦૦.૦૦ |
| ૪ | શ્રી રાજેશ જાની | ૫૦૦૦.૦૦ |
| ૫ | શ્રી અબ્દુલહમીદ શેખ | ૧૦૦૦૦.૦૦ |
| ૬ | મે.ખાંડવાલા ઈન્ટ્રીગ્રેટેડ ફિન સર્વિસ | ૫૦૦૦.૦૦ |
| ૭ | શ્રી ર્ડા માલીનીબેન અતીત | ૧૦૦૦૦.૦૦ |
| ૮ | મે.ખાંડવાલા ઈન્ટ્રીગ્રેટેડ ફિન સર્વિસ | ૫૦૦૦.૦૦ |
| ૯ | શ્રી પ્રભાબેન કે.શેઠ ર્ડા દક્ષાબેન શાહ | ૫૦૦૦.૦૦ |
| ૧૦ | શ્રી જયેન્દ્ર પોપટલાલ શાહ | ૧૦૦૦૦.૦૦ |
| ૧૧ | શ્રી પટેલ ચંદુભાઇ ચુનીલાલ | ૫૦૦૦.૦૦ |
| ૧૨ | મે.કે.આઇ.એફ.એસ.સીકયુરીટી પ્રા.લી. | ૫૦૦૦.૦૦ |
| ૧૩ | મે.અમદાવાદ સ્ટોક એક્ષચેન્જ લી. | ૫૦૦૦.૦૦ |
| ૧૪ | શ્રી પટેલ હસમુખલાલ રતનસિંહ | ૧૦૦૦૦.૦૦ |
| ૧૫ | ધી કાલુપુર કો-ઓપરેટીવ બેંક લી. | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૬ | કુલ | ૧૦,૯૪,૦૦૦.૦૦ |

## કલમ ૩૫એસી હેઠળ દાનમાં મળેલ રકમ રૂા.૭,૫૫,૮૨૪/-

## રૂા.૫,૦૦૦/- થી વધારે દાન આપનારની યાદી

| અ.ન. | વિગત | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧ | Sam.K.Dastur | ૧૦૦૦૦૦ |
| ૨ | સાકરલાલ બલાભાઇ પબ્લી.ચેરી.ટ્રસ્ટ | ૫૦૦૦૦૦ |
| ૩ | ભારતીબેન સી.ત્રિવેદી | ૧૦૦૦૦ |
| ૪ | શૈલેષભાઇ શાન્તીલાલ ભાઉ | ૫૦૦૦ |
| ૫ | ચોકસી રમેશચંદ્ર નાનાલાલ | ૧૦૦૦૦ |
| ૬ | વિનોદભાઇ સી.મોદી | ૧૦૦૦૦ |
| ૭ | અશોક ટી.પટેલ | ૫૧૦૦ |
| ૮ | શારદાબેન પ્રવિણચંદ્ર ખત્રી | ૨૨૨૨૨ |
| ૯ | ભારતીબેન સી.ત્રિવેદી | ૫૦૦૦૦ |
| ૧૦ | નિરજ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૦૦૦૦ |
| ૧૧ | જીતેન્દ્ર પી.વ્યાસ | ૫૦૦૦ |
| ૧૨ | જીતેન્દ્ર એચ.સાવત | ૫૦૦૦ |

## પત્રક ૮.૧.૮

## ભેટ (દાન) મળેલ ચીજ વસ્તુઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં | દાતાનું નામ | વસ્તુનુંનામ/જથ્થો |
|---|---|---|
| ૧ | શ્રી એસ.બી.જોષી (ચંદ્રનગર) | વોલ ફેન ૧ નંગ |
| ૨ | શ્રી વશી શકુંતલા કે.(વી.એસ.હોસ્પિટલ, નર્સિંગ ટયુટર) | ઈલેકટ્રીક ગીઝર નંગ-૧,લોખંડનો રેક નંગ-૧ |
| ૩ | શ્રી રાજુભાઇ ઠક્કર(કાલુપુર) | દિવાલ ઘડિયાળ નંગ-૧ |
| ૪ | મે.સ્વામીબાપા મેડીકલ સ્ટોર્સ | સાઈડેક્ષ ટ્રે નંગ-૧ |
| ૫ | શ્રી બદરૂન્નીશા પ્યારેસાહેબ કાદરી | બાયપેપ એપરેટસ ઈકલપ્સ નંગ-૧ |
| ૬ | શ્રી ચંદ્રકાંત જી ભટ્ટ | નેબ્યુલાઈઝર નંગ-૧ |
| ૭ | શ્રી જીવદયા મુંગા પશુમાનવ રાહત ટ્રસ્ટ(અમરાઇવાડી) | વ્હીલચેર નંગ-૧૦ |
| ૮ | શ્રી ઓમ મેડીકસ(ડોકટર હાઉસ) | વીન્ડો એ.સી.૧.૫ ટન |
| ૯ | શ્રી ડો.સ્નેહલભાઇ શાહ અને મિત્રો તરફથી) | કોટન વુલ આઇ.પી.૫૦૦ એમ-૩૭ પેકેટ,લેટેકસ એકઝામીશન ગ્લોઝ ૩૦૦ નંગ,સ્ટર્લાઇઝ નંગ-૨ |
| ૧૦ | શ્રી જીતુભાઇ શાહ અને પાયલબેન શ્રોફ | નેબ્યુલાઈઝર નંગ-૨ |
| ૧૧ | શ્રી વિનોદભાઇ શાંતિલાલ અદાણી | હેન્ડી નેબ ૫ નંગ આઇ.એસ.ઓ ૯૦૦૧-૨૦૦૦ કંપની ન્યુલાઇફ |
| ૧૨ | શ્રી અલ્ટ્રા સાયન્ટીફીક ઈન્સ્ટમેન્ટ | વેકયુમ કલીનર નંગ-૧ |
| ૧૩ | શ્રી નર્સિંગ સ્ટુડન્ટ તરફથી | પેડલ પંખો નંગ-૧,ઘડિયાળ નંગ-૧ |
| ૧૪ | શ્રી જગદીશભાઇ એમ. પટેલ | નેબ્યુલાઈઝર નંગ-૧ |

## પત્રક ૮.૧.૯

## દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક (રૂા.માં)

| અ.નં. | વિભાગ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૮૧૭ | ૧૩૩૨ |
| ૨. | દવા, ઈન્જેક્શન એપ્લા. ખર્ચ | ૧૪૧ | ૨૧૦ |
| ૩. | ખોરાક ખર્ચ | ૧૮ | ૨૯ |
| ૪. | કાપડ અને ધોવરામણ ખર્ચ | ૪ | ૬ |
| ૫. | બીજા ખર્ચ | ૮૪ | ૧૧૮ |
| | કુલ | | |
| ૬. | અંદરના દર્દીઓની પથારીની સંખ્યા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૭. | નિયત પથારીની સંખ્યા દીઠ દૈનિક સરેરાશ ખર્ચ (તમામ ખર્ચ સહિત) | ૧૦૬૪ | ૧૬૯૫ |

## પત્રક ૮.૧.૧૦

## ૨૦૦૮-૦૯ દરમ્યાન ભેટ(દાન) મળેલ મેડીકલ ઈકવીપમેન્ટની વિગત દર્શાવતુ પત્રક

| દાનમાં આવેલ તબીબી સાધનો | | | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| | બીપેપ ઈન્વેશીવ વેન્ટીલેટર | ૦૧ | શ્રી સૈયદ સરદાર સુમુદ્દિન કાદરી |
| | ઓટોસ્કોપ | ૦૧ યુનિટ | શ્રી સુનિધી ટ્રસ્ટ |

### (એ)જી.એમ.એફ.બી.તરફથી મળેલ શહેરી વિકાસ યોજનાની ગ્રાંન્ટમાંથી વસાવેલ તબીબી સાધનો

| અ.નં. | આઈટમનું નામ | જથ્થો | કુલ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ઓપરેટીંગ માઈક્રસ્કોપ | ૦૧ યુનિટ | ૨૮૬૫૬૦૦ |
| ૨ | હોલબોડી એનબી-એનવીબી થેરાપી | ૦૧ યુનિટ | ૩૯૨૦૦૦ |
| ૩ | માઈક્રોવાસ્કયુલર ઈન્સ્ટુમેન્ટ | ૦૨ સેટ | ૭૪૨૨૯૫ |
| ૪ | ઈલેકટ્રીક ટુરનીકેટ વીથ સ્ટેન્ડ એસેસરીઝ | ૦૨ યુનિટ | ૨૦૩૪૨૪ |
| ૫ | ઓપરેશન ટેબલ(ગાયનેક)વીથ સ્ટેન્ડ એસેસરીઝ | ૦૨ સેટ | ૨૯૬૫૦૦ |
| ૬ | પિડીયાટ્રીક સાયોયુરેથ્રોસ્કોપી | ૦૧ સેટ | ૩૧૫૩૮૧ |
| ૭ | એન્ડોસ્કોપ યુરોલોજીકલ ઈન્સ્ટુમેન્ટ | ૦૧ સેટ | ૧૭૭૨૭૦૫ |
| ૮ | ડિઝીટલ ડાયગ્નોસ્ટીક ઓડિયોમીટર | ૦૧ યુનિટ | ૧૮૭૨૦૦ |
| ૯ | માઈક્રોમીટર સીસ્ટમ | ૦૧ યુનિટ | ૨૧૧૫૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | નેફ્રોસ્કોપી સેટ ફોર પિડીયાટ્રીક સર્જરી | ૦૧ સેટ | ૩૬૭૩૫૦ |
| ૧૧ | ફલેકસીબલ યુરેથ્રોસ્કોપ ફોર પિડિયાટ્રીક સર્જરી | ૦૧ સેટ | ૪૧૭૩૧૪ |
| ૧૨ | ૩ ચીપ લેપ્રોસ્કોપીક કેમેરા | ૦૧ સેટ | ૬૨૯૧૧૨ |
| (બી)જી.એમ.એફ.બી તરફથી મળેલ વ્યવસાયવેરાની ગ્રાંટમાંથી વસાવેલ તબીબી સાધનો | | | |
| ૧ | ઇ.સી.જી.મશીન | ૦૨ | ૧૯૫૦૨૦ |
| ૨ | લિથોટ્રિપ્સી ઇન્સ્ટુમેન્ટ | ૦૧ યુનિટ | ૬૧૧૨૦૫૩ |
| ૩ | વેલા વેન્ટીલેટર | ૦૪ યુનિટ | ૩૮૫૨૦૦૦ |
| (સી) ટ્રોમા સેન્ટર મેડીકલ ઇકવીપમેન્ટ ગ્રાન્ટમાંથી વસાવેલ તબીબી સાધનો | | | |
| ૧ | ઇન્ફુઝન પમ્પ | ૩૨+૫ | ૧૪૪૧૯૪૦ |
| ૨ | વેલા વેન્ટીલેટર | ૧૬+૧ | ૧૬૮૭૦૦૦૦ |
| ૩ | ગેમ્બ્રો ડાયાલીસીસ મશીન | ૦૧ યુનિટ | ૭૫૦૩૪૦ |
| ૪ | કન્ટીન્યઅસ ગ્લુકોઝ મોનીટરીંગ સીસ્ટમ | ૦૧ સેટ | ૪૪૮૮૭૫ |
| ૫ | નર્વે લોકેટર | ૦૩ નં. | ૧૫૬૦૭૦ |
| (ડી) અન્ય ગ્રાન્ટમાંથી વસાવેલ તબીબી સાધનો | | | |
| ૧ | હેન્ડી પલ્સ ઓકસીમીટર | ૦૧ | ૨૧૨૭૫ |
| ૨ | ડીફીબ્રીલેટર | ૦૧ | ૩૦૮૭૦૦ |
| ૩ | હાયડ્રોલીકલી ઓપરેટેડ ડેન્ટલી ચેર | ૦૧ | ૨૯૪૦૦ |
| ૪ | ૪-ડી કલર ડોપ્લર | ૦૧ યુનિટ | ૨૦૦૦૦૦૦ |
| (ઇ)અસામાન્ય ખર્ચ ગ્રાન્ટમાંથી વસાવેલ તબીબી સાધનો | | | |
| ૧ | ઇન્ફયુઝન પમ્પ | ૦૨ | ૭૯૮૦૦ |
| ૨ | ડીફીબીલેટર | ૦૩ | ૯૨૬૧૦૦ |
| ૩ | હાયપોકસીસ ગાર્ડ ફોર ટ્રોલી | ૨૩ | ૫૨૨૨૬૮ |
| ૪ | વેલા વેન્ટીલેટર | ૦૨યુનિટ | ૧૮૮૪૩૭૫ |
| | | | |
| (જી) મ્યુનિસિપલ કાઉનસીલરશ્રીની ગ્રાન્ટમાંથી વસાવેલ તબીબી સાધનો | | | |
| ૧ | પલ્સ ઓકસીમીટર | ૦૧ | ૫૦૦૦૦ |

## ૮.૨ શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ

### ૦૮-૦૯

શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ સને ૧૯૫૪થી અમદાવાદ શહેરની મણિનગર અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોને વૈદકિય સહાય પૂરી પાડે છે. અહેવાલી વર્ષમાં હોસ્પિટલની આવક રૂા.૨૩૭.૬૯ લાખ અને ખર્ચ રૂા.૧૨૭૩.૦૦ લાખ થયેલ છે. ગત વર્ષે આવક રૂા.૨૬૦.૩૩ લાખ અને ખર્ચ રૂા.૧૩૦૨.૯૩ લાખ થયો હતો.

આમ કુલ ૪૭૦ પથારીઓની સુવિધા પૈકી કુલ-૨૬ યુનિટો તેમજ હોસ્પિટલ સંલગ્ન ચાર યુનિટો સહિત ૩૦ યુનિટો કાર્યરત છે. હોસ્પિટલના જુદા જુદા વિભાગોમાં દર્દીઓને સારવાર આપતાં યુનીટની માહિતી નીચે મુજબ છે.

| અનં. | વિભાગ | યુનીટ |
|---|---|---|
| ૧ | મેડિકલ | ૩ |
| ૨ | સર્જીકલ | ૩ |
| ૩ | ગાયનેક | ૩ |
| ૪ | પીડીયાટ્રીક | ૨ |
| ૫ | આંખ | ૧ |
| ૬ | ડેન્ટલ | ૧ |
| ૭ | ઈ.એન.ટી. | ૧ |
| ૮ | ઓર્થોપેડીક | ૧ |
| ૯ | ન્યુરો મેડિસીન | ૧ |
| ૧૦ | ન્યુરો સર્જીકલ | ૧ |
| ૧૧ | આર્યુવેદિક | ૧ |
| ૧૨ | ફીજીયોથેરાપી | ૧ |
| ૧૩ | સ્કીન એન્ડ વી.ડી. | ૧ |
| ૧૪ | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૧ |
| ૧૫ | સાઈક્રાટીક્સ | ૧ |
| ૧૬ | એનેસ્થેસીયા | ૧ |

| અનં. | વિભાગ | યુનીટ |
|---|---|---|
| ૧૭ | નીયોનેટલ | ૧ |
| ૧૮ | ટ્રોમા એન્ડ કેજયુલીટી | ૧ |
| ૧૯ | પોસ્ટ પાર્ટમ | ૧ |
| ૨૦ | એક્સ-રે | ૧ |
| ૨૧ | સોનોગ્રાફી | ૧ |
| ૨૨ | લેબોરેટરી | ૧ |
| ૨૩ | બ્લડ બેન્ક | ૧ |
| ૨૪ | આઈસીસીયુ | ૧ |
| ૨૫ | આઈસીયુ | ૧ |
| ૨૬ | સ્પેશ્યલ રૂમ | ૧ |
| ૨૭ | મેડીકલ સ્ટોર | ૧ |
| ૨૮ | ધોબી કોન્ટ્રાકટ | ૧ |
| ૨૯ | સાયકલ સ્ટેન્ડ કોન્ટ્રાકટ | ૧ |
| ૩૦ | સીકયુરીટી વિભાગ | ૧ |
| | | |
| | | |

હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓના ઓપરેશન માટે નીચે મુજબ જુદા જુદા ઓપરેશન થીયેટર્સની સગવડ ઉપલબ્ધ છે.

(૧) સર્જીકલ - ચાર ટેબલ
(૨) ગાયનેક - ત્રણ ટેબલ
(૩) ઈએનટી પ્લાસ્ટી સર્જરી અને ઓર્થોપેડીક - સાત ટેબલ
(૪) એન્ડોસ્કોપી - એક ટેબલ
(૫) ટ્રોમા થીયેટર - બે ટેબલ

અહેવાલી વર્ષમાં બહારના વિભાગમાં નવા ૧,૨૦,૧૩૬ દર્દીઓ, અને જૂના ૧,૭૨,૯૮૪ દર્દીઓ મળી કુલ ૨,૯૩,૧૨૦ દર્દીઓએ સારવાર લીધી હતી. જયારે અંદરના નવા દાખલ થયેલ દર્દીઓની સંખ્યા ૨૮,૧૬૩ હતી. આ અંગેની જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવાર અંગેની છેલ્લા બે વર્ષની માહિતી સામેલ પત્રક ૮.૨.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં કેટલીક નવી વધારાની સગવડો ઉભી કરવા માટે પ્રમાણમાં આધુનિક સાધન સામગ્રી ખરીદવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

વર્ષ ૨૦૦૮-૦૯ માં ખરીદેલ સાધનોની વિગત :-

| અનં. | સાધનોનું નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | બાયનો ક્યુલર માઈક્રોસ્કોપ | ૫૬,૧૬૦-૦૦ |
| ૨ | ડીઝટલ કેમેરા | ૧,૬૧,૪૬૦-૦૦ |
| ૩ | સીર્જીકો ૬૦ ડીએચએફ મોબાઈલ સી.આર્મ.આઈ.આઈ.ટીવી | ૭,૪૪,૦૮૭-૦૦ |
| ૪ | ઈલેક્ટ્રીક ન્યુમેટીક ટુર્નિકેટ | ૧,૦૧,૭૧૨-૦૦ |
| ૫ | સીરીજ ઈન્ફયુજન પંપ નંગ ૧૮ | ૫,૨૧,૭૩૦-૦૦ |
| ૬ | પલ્સ ઓસીમીટર નંગ-૬ | ૧,૨૭,૫૩૮-૦૦ |
| ૭ | એનેસ્થેસિયા વર્ક સ્ટેશન નંગ-૮ | ૨૮,૯૮,૫૪૪-૦૦ |
| ૮ | ટ્રાન્સપોર્ટ વેન્ટીલેટર નંગ -૨ | ૨,૯૯,૫૧૬-૦૦ |
| ૯ | ટોશીબા કલર ડોપલર (સોનોગ્રાફી મશીન) | ૨૧,૪૭,૦૦૦-૦૦ |
| ૧૦ | મલ્ટીપેરામોનીટર નંગ-૫ | ૮,૯૪,૩૭૫-૦૦ |
| ૧૧ | મલ્ટીમીડીયા પ્રોજેકટર (નર્સિંગ સ્કુલ માટે) | ૯૭,૫૦૦-૦૦ |
| ૧૨ | માઈક્રોમોટર ડ્રીલવીથ હેન્ડપીશ | ૪૭,૦૨૬-૦૦ |
| ૧૩ | ડેન્ટલ ઈન્સ્ટુમેન્ટ્સ | ૪૪,૫૭૩-૦૦ |
| ૧૪ | એનેથેસીયા વેન્ટીલેટર નંગ-૧૦ | ૧૪,૫૬,૦૦૦-૦૦ |
| ૧૫ | ડીજીટલ એકસરે મશીન | ૩૯,૦૦,૦૦૦-૦૦ |
| ૧૬ | ઓ.એ.ઈ.મશીન | ૩,૩૧,૮૭૫-૦૦ |
| ૧૭ | ઈર્મ્પોટેડ માઈક્રોટોમ મશીન | ૬,૩૭,૮૯૮-૦૦ |
| ૧૮ | મલ્ટી પેરા મોનીટર નંગ-૧૨ (આઈ.સી.યુ માટે) | ૩૫,૭૭,૫૦૦-૦૦ |
| ૧૯ | એડજેસ્ટેબલ બેડસાઈડ ટેબલ નંગ-૧૦ | ૪૫,૯૨૦-૦૦ |
| ૨૦ | સોની કલર મોનીટર | ૭૮,૦૪૭-૦૦ |
| ૨૧ | વિડીયો ગેસ્ટ્રોસ્કોપ અને કોલોનોસ્કોપ | ૧૫,૭૦,૭૯૮-૦૦ |
| ૨૨ | ફોર્સ ટ્રેઈલ જનરેટર (લીગાસ્યોર ) | ૧૫,૭૮,૫૦૦-૦૦ |
| ૨૩ | સર્જીકલ ઓપરેટીંગ માઈક્રોસ્કોપ | ૨,૦૬,૧૫૦-૦૦ |
| | **કુલ રૂા.** | **૨,૧૫,૨૩,૯૦૯-૦૦** |

આ ઉપરાંત ......

- અહેવાલી વર્ષ દરમ્યાન શેઠ લ.ગો.જન.હોસ્પિટલને આધુનિક ટર્શીયરી કેર હોસ્પિટલમાં પરિવર્તિત કરવા મલ્ટી સ્ટોરી બિલ્ડીંગના બાંધકામનું કામ શરૂ કરવામાં આવેલ છે.
- ડિઝાસ્ટર મેનેજમેન્ટના ભાગરૂપે આધુનિક સુવિધા ધરાવતું ઈમરજન્સી સારવાર કેન્દ્ર (કેજયુલીટી) કાર્યરત કરવામાં આવેલ છે. જેની સાથે સાથે ટ્રોમા વિભાગને પણ બે ઓપરેશન થિયેટર્સથી સુસજ્જ એવો આધુનિક બનાવવામાં આવેલ છે.
- પેથોલોજી વિભાગના હિમેટોલોજી વિભાગને આધુનિક સાધનોથી સુસજ્જ બનાવી દર્દીઓની સારવારના સ્તરમાં અભિવૃધ્ધિ કરવામાં આવેલ છે.

હોસ્પિટલની બ્લડ-બેન્કને ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ વિભાગ દ્વારા લાયસન્સ મળેલ છે. અહીં સરકારશ્રીના ધારાધોરણ મુજબ દરેક દર્દીને એચઆઈવી હીપેટાઈટસ વિગેરેની તપાસ કર્યા બાદ લોહી આપવામાં આવે છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગ્રાંટ યોજના સાથે સંકળાયેલ આ બ્લડ બેન્કમાં અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૫૩૫૯ બોટલ લોહી મેળવવામાં આવ્યું છે. હોસ્પિટલનો પેથોલોજી વિભાગ બ્લડ ગેસ એને લાઈઝર, બ્લડ કેમેસ્ટ્રી એનેલાઈઝર અને બ્લડ સેલ કાઉન્ટર જેવા કિંમતી અને અદ્યતન સાધનોથી સુસજ્જ થતાં દર્દીનું લોહી લઈ વ્યવસ્થિત પૃથક્કરણ કરી શકાય છે. અહેવાલી વર્ષમાં ૯,૯૫,૬૬૫ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા ૯૦૫૭૬૦ હતી. આ અંગેની માહિતી પત્રક ૮.૨.૩ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં કુલ ૮૪,૨૨૭ એકસ-રે, ૧૯,૮૩૦ સોનોગ્રાફી ૭૧૧ ઈ.ઈ.જી. લેવામાં આવ્યા હતાં. અહેવાલી વર્ષમાં ૫૫૦૦ મેજર ઓપરેશન, ૪૭૪૪ માઈનોર ઓપરેશન મળી કુલ ૧૦,૨૪૪ ઓપરેશન કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા અનુક્રમે ૪,૮૧૩, ૫૩૬૨ અને ૧૦,૭૭૪ હતી. આ અંગેનું તુલાત્મક પત્રક ૮.૨.૪ માં આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઈન્ડોર વિભાગમાં સરેરાશ દૈનિક દર્દીઓની સંખ્યા ૨૯૭.૭ છે. જે ગત વર્ષે ૩૦૦ ની હતી. અહેવાલી વર્ષમાં દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચ રૂા.૧૨૭૩.૦૦ થયેલ છે. જે ગત વર્ષે રૂા.૧૧૮૯.૮૯ હતું. આ અંગેની માહિતી પત્રક ૮.૨.૫ માં દર્શાવી છે.

વર્ષ દરમ્યાન દાતાઓનો સહકાર હોસ્પિટલને મળેલ છે. માનનીય સંસદસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓએ તેમને ફાળવેલ બજેટમાંથી સંસ્થાને ઉદાર હાથે મોટી રકમો ફાળવી સંસ્થાને અદ્યતન બનાવવામાં ખૂબ સહયોગ આપેલ છે. જેની આ તબક્કે નોંધ લેવી જરૂરી છે.

આમ હોસ્પિટલનો સઘળો વિકાસ વૃધ્ધિ અને સારી તબીબી સારવારનો યશ દાનવીર સદગૃહસ્થોની ઉદારતા તબીબોની ઉચ્ચ કુશળ ક્ષમતા અને નર્સીસ સ્ટાફની સૌજન્યતા અને માવજત તથા દરેક વર્ગના કર્મચારીઓને ફાળવે જાય છે.

**પત્રક : ૮.૨.૧**

**વિભાગ વાઈઝ પથારીનું પૃથ્થકરણ - વર્ષ : ૨૦૦૮-૦૯**

| ક્રમ | યુનિટનું નામ | પુરૂષ | સ્ત્રી | બાળક | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | મેડિકલ યુનિટ-૧ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| | મેડિકલ યુનિટ-૨ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| | મેડિકલ યુનિટ-૩ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| ૨ | સર્જીકલ યુનિટ-૧ | ૧૩ | ૧૨ | -- | ૨૫ |
| | સર્જીકલ યુનિટ-૨ | ૧૩ | ૧૨ | -- | ૨૫ |
| | સર્જીકલ યુનિટ-૩ | ૧૨ | ૧૨ | -- | ૨૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ગાયનેક | -- | ૩૮ | -- | ૩૮ |
| ૪ | મેટરનીટી | -- | ૪૦ | -- | ૪૦ |
| ૫ | નિઓનેટલ | -- | -- | ૧૦ | ૧૦ |
| ૬ | સ્કીન અને વી.ડી. | ૫ | ૫ | -- | ૧૦ |
| ૭ | ઓર્થોપેડીક | ૨૪ | ૧૪ | -- | ૩૮ |
| ૮ | પ્લાસ્ટીક સર્જરી | ૧૫ | ૧૦ | -- | ૨૫ |
| ૯ | ઈ.એન.ટી. | ૧૦ | ૧૦ | -- | ૨૦ |
| ૧૦ | પીડીયાટ્રીક | -- | -- | ૪૨ | ૪૨ |
| ૧૧ | પી.પી.યુનિટ | -- | ૧૨ | -- | ૧૨ |
| ૧૨ | આઈ.સી.યુ. | ૪ | ૪ | -- | ૮ |
| ૧૩ | આઇ.સી.સી.યુ | ૨ | ૨ | -- | ૪ |
| ૧૪ | ટ્રોમા | ૫ | ૫ | -- | ૧૦ |
| ૧૫ | લેબર રૂમ | -- | ૧૩ | -- | ૧૩ |
| ૧૬ | બર્ન્સ | ૭ | ૯ | ૨ | ૧૮ |
| ૧૭ | સ્પે.રૂમ | ૧૫ | -- | -- | ૧૫ |
| ૧૮ | સેમી.સ્પે.રૂમ | ૪ | ૪ | -- | ૮ |
| ૧૯ | સ્ટાફ રૂમ | -- | ૩ | -- | ૩ |
| ૨૦ | આઇ | ૨ | ૨ | -- | ૪ |
| | **કુલ...** | **૧૭૦** | **૨૪૬** | **૫૪** | **૪૭૦** |

**પત્રક : ૮.૨.૨**

**વર્ષ : ૨૦૦૮-૦૯**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **નવા દાખલ** | **દરરોજ સરાસરી મુજબ માસિક દર્દીની સંખ્યા** | **મરણ** |
|---|---|---|---|---|
| ૧. | મેડિકલ | ૪૫૧૭ | ૨૨૨૨૮ | ૨૨૩ |
| ૨. | સર્જીકલ | ૩૧૧૭ | ૧૭૦૮૦ | ૧૭ |
| ૩. | ગાયનેક | ૭૫૭૧ | ૨૭૭૧૦ | - |
| ૪. | પીડીયાટ્રીક | ૨૩૯૦ | ૯૫૯૧ | ૭૭ |
| ૫. | ઓર્થોપેડીક | ૧૨૯૯ | ૮૮૪૧ | ૧ |
| ૬. | પ્લાસ્ટીક એન્ડ બર્ન્સ | ૭૯૭ | ૮૯૪૪ | ૯૭ |
| ૭. | ઈ.એન.ટી. | ૪૨૮ | ૧૩૯૪ | - |
| ૮. | સ્કીન એન્ડ વી.ડી. | ૨૫ | ૫૬ | - |
| ૯. | આઈ. | ૫૫ | ૨૧ | - |
| ૧૦. | પોસ્ટ પાર્ટમ | - | - | - |
| ૧૧. | ટ્રોમા | ૧૫૨૩ | ૨૨૨૬ | ૭૬ |
| ૧૨. | આઈ.સી.યુ. | ૩૫૪૧ | ૨૯૪૪ | ૪૬૦ |
| ૧૩. | આઈ.સી.સી.યુ. | ૧૨૪૦ | ૮૬૮ | ૧૬૩ |
| ૧૪. | સ્પે.રૂમ | ૮૮૧ | ૩૭૫૪ | ૧૨ |
| ૧૫. | નીઓનેટલ | ૭૭૯ | ૩૮૧૮ | ૨૨૯ |
| | **કુલ ...** | **૨૮૧૬૩** | **૧૦૯૪૭૫** | **૧૩૫૫** |

## પત્રક : ૮.૨.૩

## વર્ષ ૨૦૦૮-૨૦૦૯

## આઉટ ડૉર (બહારના દર્દીઓ)

| ક્રમ | વિભાગનું નમ | નવા | જુના | કુલ |
|---|---|---|---|---|
| ૧. | મેડિકલ | ૨૨૧૦૫ | ૩૭૭૪૫ | ૫૯૮૫૦ |
| ૨. | સર્જીકલ | ૧૭૧૮૯ | ૧૮૦૮૧ | ૩૫૨૭૦ |
| ૩. | ગાયનેક | ૧૯૭૪૪ | ૨૦૮૬૨ | ૪૦૬૦૬ |
| ૪. | પીડીયાટ્રીક | ૧૦૨૯૪ | ૧૮૦૦૬ | ૨૮૩૦૦ |
| ૫. | ઓર્થોપેડીક | ૧૨૮૬૨ | ૧૮૭૮૭ | ૩૧૬૪૯ |
| ૬. | પ્લાસ્ટીક એન્ડ બર્ન્સ | ૪૧૭૪ | ૬૮૦૯ | ૧૦૯૮૩ |
| ૭. | ઈ.એન.ટી. | ૭૭૩૧ | ૫૯૭૫ | ૧૩૭૦૬ |
| ૮. | સ્કીન એન્ડ વી.ડી. | ૧૩૨૧૯ | ૧૩૪૪૬ | ૨૬૬૬૫ |
| ૯. | ડેન્ટલ | ૩૪૫૭ | ૪૦૬૩ | ૭૫૨૦ |
| ૧૦. | આઈ | ૪૩૫૬ | ૧૯૮૪ | ૬૩૪૦ |
| ૧૧. | સાયક્યાટ્રીક | ૧૩૦૯ | ૧૮૫૦ | ૩૧૫૯ |
| ૧૨. | ફીઝીયોથેરાપી | ૨૮૦૫ | ૨૪૬૬૪ | ૨૭૪૬૯ |
| ૧૩. | ન્યુરો ફીઝીશીયન | ૫૯૧ | ૪૫૯ | ૧૦૫૦ |
| ૧૪. | ન્યુરો સર્જરી | ૩૦૦ | ૨૫૩ | ૫૫૩ |
| | **કુલ ...** | **૧૨૦૧૩૬** | **૧૭૨૯૮૪** | **૨૯૩૧૨૦** |

| | | ઓ.પી.ડી. | ઈન્ડોર |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેરના નવા કેસો | ૧૧૬૩૪૪ | ૨૬૫૨૭ |
| ૨ | શહેર બહારના નવા કેસો | ૩૭૯૨ | ૧૬૩૬ |
| ૩ | કુલ નવા કેસો | ૧૨૦૧૩૬ | ૨૮૧૬૩ |

| | નવા | જુના | કુલ |
|---|---|---|---|
| એન્ટી રેબીક | ૮૫૯૦ | ૨૧૬૧૮ | ૩૦૨૦૮ |

ફેમીલી પ્લાનીંગ

| ટયુબેકટોમી | વાઝેકટોમી | એમ.ટી.પી. | કોપરટી |
|---|---|---|---|
| ૮૮૭ | ૦૧ | ૩૬૫ | ૭૭૩ |

પ્રસુતિ

| નોર્મલ | એબનોર્મલ | કુલ |
|---|---|---|
| ૩૧૮૧ | ૧૪૭૬ | ૪૬૫૭ |

## પત્રક : ૮.૨.૪

## જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવારની છેલલા બે વર્ષની માહીતી

| અનં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | પથારીઓની સખ્યા | ૪૭૦ | ૪૭૦ |
| ૨ | ઓપીડી વિભાગની માહિતી :-<br>(અ) નવા દર્દીઓ<br>(બ) જુના દર્દીઓ<br>કુલ ..... | <br>૧૧૬૬૨૩<br>૧૭૧૦૭૯<br>૨૮૭૭૦૨ | <br>૧૨૦૧૩૬<br>૧૭૨૯૮૪<br>૨૯૩૧૨૦ |
| ૩ | અંદરના દર્દીઓની સંખ્યા | ૨૭૦૩૩ | ૨૮૧૬૩ |
| ૪ | દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૧૧૦૦૨૬ | ૧૦૯૪૭૫ |
| ૫ | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ | ૩૦૦.૫ | ૨૯૯.૭ |
| ૬ | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૧૪૨૪ | ૧૩૫૫ |
| ૭ | પ્રસુતિની સંખ્યા | ૪૧૧૮ | ૪૬૫૭ |
| ૮ | એકસ-રે તથા સોનોગ્રાફી :-<br>(અ) એકસ-રે<br>(બ) સોનોગ્રાફી<br>(ક) ઈઈજી ની સંખ્યા | <br>૮૯૬૯૮<br>૨૬૪૦૩<br>૬૫૯ | <br>૮૪૨૨૭<br>૧૯૮૩૦<br>૭૧૧ |
| ૯ | હડકવા વિરોધી રસી :-<br>(અ) નવા કેસ<br>(બ) જુના કેસ<br>કુલ .... | <br>૭૩૭૧<br>૧૮૩૪૨<br>૨૫૭૧૩ | <br>૮૫૯૦<br>૨૧૬૧૮<br>૩૦૨૦૮ |
| ૧૦ | કુટુંબ કલ્યાણની કેન્દ્રની માહિતી :-<br>(પોસ્ટ પાર્ટમ યુનિટ)<br>(૧) ફેમીલી પ્લાનીંગ ઓપરેશન<br>(અ) ટયુબેક ટોમી<br>(બ) વાકેઝ ટોમી<br>કુલ ....<br>(૨) કોપર ટી<br>(૩) એમટી એકટ મુજબ ગર્ભપાત | <br><br><br>૮૯૨<br>૪<br>૮૯૬<br>૮૨૬<br>૩૭૯ | <br><br><br>૮૮૭<br>૦૧<br>૮૮૮<br>૭૭૩<br>૩૬૫ |

## પત્રક : ૮.૨.૫
## વર્ષ : ૨૦૦૮-૦૯

ઓપરેશનની માહિતી : -

| | | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **મેજર** | **માયનોર** | **કુલ** | **મેજર** | **માયનોર** | **કુલ** |
| ૧. | સર્જીકલ | ૧૦૩૦ | ૧૪૬૩ | ૨૪૯૩ | ૧૦૩૧ | ૧૨૪૯ | ૨૨૮૦ |
| ૨. | ગાયનેક | ૨૧૩૯ | ૫૪૫ | ૨૬૮૪ | ૨૬૬૦ | ૬૨૫ | ૩૨૮૫ |
| ૩. | ઈ.એન.ટી. | ૧૮૩ | ૫૨૭ | ૭૧૦ | ૨૪૪ | ૪૪૩ | ૬૮૭ |
| ૪. | ઓર્થોપેડીક | ૮૫૦ | ૪૯૧ | ૧૩૪૧ | ૮૩૨ | ૪૯૭ | ૧૩૨૯ |
| ૫. | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૪૦૯ | ૪૪૩ | ૮૫૨ | ૫૪૦ | ૨૦૯ | ૭૪૯ |
| ૬. | બર્ન્સ એન્ડ પ્લા. ઓ.પી.ડી. | - | ૯૩૪ | ૯૩૪ | - | ૮૨૬ | ૮૨૬ |
| ૭. | ટ્રોમા | - | - | --- | - | - | - |
| ૮. | એન્ડોસ્કોપી | ૧૬૦ | ૧૫૯ | ૩૧૯ | ૧૩૮ | ૧૫૮ | ૨૯૬ |
| ૯. | આઈ. | ૪૨ | - | ૪૨ | ૫૫ | - | ૫૫ |
| ૧૦. | ડેન્ટલ ઓપીડી | - | ૭૯૯ | ૭૯૯ | - | ૭૩૭ | ૭૩૭ |
| | **કુલ ...** | **૪૮૧૩** | **૫૩૬૧** | **૧૦૧૭૪** | **૫૫૦૦** | **૪૭૪૪** | **૧૦૨૪૪** |

## પત્રક : ૮.૨.૬
## લેબોરેટરી તપાસ

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | ઝાડાની તપાસ | ૮૯૩૦ |
| ૨. | પેશાબની તપાસ | ૩૦૯૮૭ |
| ૩. | બ્લડ ટેપીંગ | ૫૩૫૯ |
| ૪. | બ્લડ ટ્રાન્સ્ફયુઝન | ૪૯૨૨ |
| ૫. | સ્પુટમ | ૧૫૮૮ |
| ૬ | લોહી | ૪૭૧૩૦૩ |
| ૭. | બ્લડ ગૃપીંગ મેચીંગ | ૩૪૧૨૫ |
| ૮. | ઓસ્ટ્રેલીયા એન્ટીજન | ૧૨૭૭૨ |
| ૯. | બાયોકેમેસ્ટ્રી | ૩૭૯૯૦૫ |
| ૧૦. | વીડાલ, સીએસ. એફ વીડીઆરએલ, હીસ્ટો | ૪૫૭૭૪ |
| | **કુલ ...** | **૯૯૫૬૬૫** |

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | એકસરેની સંખ્યા | ૮૪૨૨૭ |
| ૨. | સોનોગ્રાફી સંખ્યા | ૧૯૮૩૦ |
| ૩. | ઈઈજી સંખ્યા | ૭૧૧ |
| ૪ | હોસ્પિટલની કુલ આવક | ૨૩૭૬૯૫૩૨-૦૦ |
| ૫ | ડીજીટલ એકસરે | ૪૨૪૧ |
| ૬ | કલર ડોપ્લર | ૧૨૨ |

**પત્રક : ૮.૨.૭**

**છેલ્લા બે વર્ષની પથારીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની તુલનાત્મક માહિતી દર્શાવતું**

| અનં. | વિગત | ૦૭-૦૮ | ૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૮૯૦.૫૦ | ૮૮૨.૪૦ |
| ૨ | લીનન ખર્ચ | ૫.૦૦ | ૩૫૬ |
| ૩ | દવા, ઈન્જેકશન ખર્ચ | ૭૧.૦૦ | ૬૬.૬૭ |
| ૪ | ખોરાકી ખર્ચ | ૪૮.૦૦ | ૩૮.૮૯ |
| ૫ | અન્ય ખર્ચ | ૨૮૮.૪૩ | ૨૮૧.૪૮ |
| | | **૧૩૦૨.૯૩** | **૧૨૭૩.૦૦** |

## ૮.૩ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ

### ૦૮ ૦૯

શેઠ શ્રી ચીમનલાલ લાલભાઇ તરફથી મળેલ રૂા. ૨૫૦૦૦૧/- દાનથી શરૂ કરવામાં આવેલ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ અમદાવાદ શહેરનાં ઔદ્યોગિક તેમજ મજુર વિસ્તારવાળા રહીશો, ઉપરાંત ગુજરાત રાજ્ય અને તેની સંલગ્ન આવેલા રાજયો બહારનાં દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે. તા.૨૮/૦૧/૧૯૫૯નાં રોજ ભારતનાં વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુનાં વરદ હસ્તે ખુલ્લી મુકાયેલ આ હોસ્પિટલે ૫૦ વર્ષ પુરા કરી ૫૧માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧૯૬૩ સુધી આ હોસ્પિટલમાં ૮૦ પથારી હતી. જેમાં ઉત્તરોતર જરૂરીયાત પ્રમાણે વધારો કરી પ્રસુતિગૃહમાંથી વિકસેલ આજે ૪૯૦ પથારી ધરાવતી એક જનરલ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણ આપતી જનરલ હોસ્પિટલ છે. હાલમાં હોસ્પિટલમાં નીચે મુજબની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| ૧ | સર્જીકલ | ૩ યુનિટો |
| ૨ | મેડીકલ | ૩ યુનિટો |
| ૩ | ઓબ્સ્ટ્રેટીકસ એન્ડ ગાયનેકોલોજી | ૩ યુનિટો |
| ૪ | પીડીયાટ્રીકસ | ૨ યુનિટો |

આ ઉપરાંત ઓર્થોપેડીક વિભાગ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટિક સર્જરી, નાક-કાન-ગળાનાં દર્દી માટે ઇ.એન.ટી. વિભાગ, આંખ વિભાગ, માનસિક રોગોના દર્દીઓ માટે સાઇકીયાટ્રી વિભાગ, ચામડીના દર્દી માટે ડર્મેટોલોજી વિભાગ, ઈમરજન્સી વિભાગ, એકસ-રે વિભાગ, પેથોલોજી લેબોરેટરી, બ્લડ બેન્ક, ડેન્ટલ, નર્સીંગ સ્કુલ, આર્યુવેદીક વિભાગ, એઇડઝ વિભાગ તથા ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી વિભાગ, ની સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

હોસ્પિટલમાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી થયેલ છે.

(૧) રેડીયોલોજી , પેથોલોજી વિભાગ, લેબર રૂમ અને પી.પી.યુનિટ વિભાગનું ફલોરીગ ઉંચુ લેવાનુ કામ ચાલુ કરવામાં આવેલ છે. તથા ઉપરોક્ત વિભાગમાં રીનોવેશનની કામગીરી ચાલુ છે.

(૨) હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં અને મેડીસીન વિભાગમાં કુલ નંગ ૨ કલર ડોપ્લર મશીન રૂા. ૪૪ લાખના ખર્ચે વસાવવામાં આવેલ છે.

(૩) હોસ્પિટલમાં મૃત્યુ પામેલ દર્દીઓના શરીરને સાચવી રાખવા માટેના મોરચ્યુરી કેબીનેટ રૂા.૩,૬૦,૦૦૦/-ના ખર્ચે વસાવવામાં આવેલ છે. જેમાં એક સાથે ૦૪(ચાર) મૃતદેહ સાચવી શકાશે. જે કાર્યરત થયેલ છે.

(૪) હોસ્પિટલમાં પાણીનો પુરવઠો ખૂબ જ ઓછો હોવાથી જૂની પાઇપ લાઇન બદલી નવી નાખવામાં આવેલ છે.

(૫) રેસીડેન્ટ તબીબોના ક્વાર્ટસનું રિનોવેશન તથા સમારકામ કરવામાં આવ્યું છે.

(૬) આર.એમ.ઓ. / મેટ્રન ક્વાર્ટસ- જૂનાં જર્જરિત હતાં તે તોડી પાડીને નવેસરથી બાંધવામાં આવ્યાં છે.

(૭) નવા ઓ.પી.ડી. બિલ્ડીગની ઉપર પાંચ માળ બાંધવામાં આવી રહ્યાં છે. જેમાં નવા સર્જીકલ ઓપરેશન થિયેટરો, વોર્ડ અને નર્સિંગ સ્કૂલનું આયોજન કરવામાં આવ્યું છે.

(૮) સ્ટેન્ડિંગ કમીટીના ઠરાવ મુજબ તમામ પાંચ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તથા સગર્ભા સ્ત્રીઓને માર્ચ -૨૦૦૯ સુધી વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

(૯) સંસદ સભ્યશ્રીના બજેટમાંથી હેલ્થચેકઅપ મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં ૫,૦૦૦ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

(૧૦) રૂા.૧૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ)ના ખર્ચે ગાયનેક ઓપરેશન થિયેટર માટે લીગાશ્યોર નામનું આધુનિક ઓપરેશન મશીન વસાવવામાં આવ્યું છે.

(૧૧) હોસ્પિટલના તમામ જૂના ગાદલાનો નિકાલ કરીને તથા નવા યુ ફોમના ગાદલા વસાવવામાં આવ્યાં છે.

(૧૨) સંસદ સભ્યશ્રીના બજેટમાંથી રૂા.૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ)ના ખર્ચે નર્વ લોકેશન માટે અલ્ટ્રા સાઉન્ડ મશીન વસાવવામાં આવ્યું છે.

(૧૩) નર્સિંગ સ્કૂલ માટે રૂા.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ)ની ગ્રાન્ટમાંથી એક ૨૨ સીટની મીની બસ ખરીદવામાં આવી છે.

આમ દિન પ્રતિદીન વધતા જતા શહેરીકરણ તથા વહેપારીકરણના માહોલમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત આ હોસ્પિટલ દ્વારા રાહતના દરે અપાતી તબીબી સેવાઓ આ વિસ્તારની જનતા માટે ખુબ આર્શીવાદરૂપ છે. હોસ્પિટલ દ્વારા ગુજરાત નર્સીંગ કાઉન્સીલ માન્ય એવી નર્સીંગ સ્કુલ ચલાવવામાં આવે છે. જેની વાર્ષિક ક્ષમતા પ્રથમ વર્ષે ૨૦ વિદ્યાર્થીઓની છે. આ નર્સીંગ કોર્ષની અવધિ સાડા ત્રણ વર્ષની છે.

આ વર્ષ દરમિયાન કુલ આવક રૂા.૧,૬૫,૧૪,૩૬૯/- (અંકે રૂપિયા એક કરોડ પાસઠ લાખ ચૌદ હજાર ત્રણ સો ઓગણસિત્તેર પૂરા) થયેલ છે. જ્યારે ખર્ચ રૂા.૧૨,૯૯,૯૧,૧૧૨/- (અંકે રૂપિયા બાર કરોડ નવ્વાણું લાખ એક્કાણું હજાર એકસો બાર પૂરા) થયેલ છે.

હોસ્પિટલનાં વિકાસ તથા તેની ઉચ્ચ કક્ષાની કાર્યક્ષમતા દાનવીરો અને સદગૃહસ્થોની દુરંદેશી, ચુંટાયેલ પાંખ તથા વહીવટી પાંખની સંનિષ્ઠ કુશળ કામગીરી, તબીબોની કાર્ય પરાયણતા, નર્સીંગ સ્ટાફની લાગણીસભર અન્ય કર્મચારી ભાઇ-બહેનોની સેવાના પ્રદાનને આભારી છે.

**પત્રક ૮.૩.૧**

**સને ૨૦૦૮-૦૯ દરમ્યાન હોસ્પિટલમાં વિભાગવાર પથારીઓનું પૃથ્થકરણ**

| અ.નં | વિભાગનું નામ | યુનીટ એ | યુનીટ બી | યુનીટ સી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મેડીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૨ | સર્જીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૩ | ઓબ.એન્ડ ગાયનેક | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૪ | લેબરરૂમ/વેઇટીંગ રૂમ | - | - | - | - |
| ૫ | પી.એન.સી | - | - | - | - |
| ૬ | પીડીયાટ્રીક્સ | ૩૦ | ૩૦ | - | ૬૦ |
| ૭ | નીયોનેટલ | ૧૦ | - | - | ૧૦ |
| ૮ | બર્ન્સ વોર્ડ/પ્લાસ્ટીક સર્જરી | ૩૦ | - | - | ૩૦ |
| ૯ | ઓપ્થેલ્મોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| ૧૦ | ઓર્થોપેડીક્સ | ૩૦ | - | - | ૩૦ |
| ૧૧ | ઇ.એન.ટી. | ૩૦ | - | - | ૩૦ |
| ૧૨ | ડર્મેટોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| | **ખુલ** | | | | ૪૯૦ |

**નોંધ :- નીચે દર્શાવેલ પથારીઓનો ઉપરોક્ત પથારીઓમાં સમાવેશ થયેલ નથી.**

| | |
|---|---|
| **આઈ.સી.સી.યુ** | ૧૦ |
| **સ્પેશીયલ રૂમ** | ૧૨ |
| **સેમી સ્પેશીયલ રૂમ** | ૦૭ |
| **કેજ્યુઅલ્ટી** | ૦૧ |
| **ઈમરજન્સી** | ૧૦ |
| **કુલ :-** | ૪૦ |

**અહેવાલી વર્ષમાં હોસ્પિટલની કામગીરીની વિસ્તૃત આંકડાકીય માહિતી**
**પત્રક ૮.૩.૨**

| **અ.નં.** | **હોસ્પિટલના જુદા જુદા વિભાગો** | **૨૦૦૮- ૨૦૦૯** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પથારીઓની સંખ્યા | ૪૯૦ |
| ૨ | ઓ.પી.ડી. વિભાગની માહિતી<br>(અ)નવા દર્દીઓ<br>(બ) જુના દર્દીઓ<br>**કુલ દર્દીઓ:-**<br>(ક) ઓ.પી.ડી. ના સરેરાશ દૈનિક દર્દીઓ<br>(ડ) બહારના દર્દીઓના દવા આપી તેના દિવસો | <br>૧,૦૫,૮૬૮<br>૨,૫૭,૨૦૯<br>૩,૬૩,૦૭૭<br>૯૯૪.૭<br>૧૦,૫૧,૮૨૨ |
| ૩ | અંદરના દર્દીઓ તરીકે દાખલ થયેલા | ૨૧,૫૯૨ |
| ૪ | દૈનિકસરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૮૬,૫૪૬ |
| ૫ | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૨૩૭.૧ |
| ૬ | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૭૯૫ |
| ૭ | પ્રસુતિની સંખ્યા | ૩૦૭૬ |
| ૮ | કુલ બાળકો | ૩૧૨૪ |
| ૯ | જન્મતાની સાથે મરણ | ૭ |
| ૧૦ | એક્સ-રે<br>- જનરલ -૪૮,૮૨૪<br>- એમ.એલ.સી. -૬૬૧૪<br>- ચારમુદ્દા -૩૪૯ | ૫૫,૭૮૭ |
| ૧૧ | સ્કીનીંગ - | - |
| ૧૨ | સોનોગ્રાફી (યુ.એસ.જી.)<br>ઓ.પી.ડી. ૧૦,૦૭૯+ ઈન્ડોર ૧૧૯૪૦ | ૨૨,૦૧૯ |
| ૧૩ | ઈકોકાર્ડીયાગ્રાફી<br>ઓ.પી.ડી. + ઈન્ડોર | ૭૭૦ |
| ૧૪ | ટ્રેડમીલ ટેસ્ટ | ૮ |

| | | |
|---|---|---|
| ૧૫ | પી.એફ.ટી. - | - |
| ૧૬ | ડોપ્લર ૧૦૯+૨૦૩<br>ઓ.પી.ડી. + ઈન્ડોર | ૩૧૨ |
| ૧૭ | મેજર ઓપરેશન<br>એબ્ડોમીનલ ૬૯૩ | ૩,૪૫૨ |
| ૧૮ | માઈનોર ઓપરેશન<br>- માઈનોર ૪૮૫૭<br>- વાઝેકટોમી ૦૨<br>- એમ.ટી.પી. ૩૦૬<br>- કોપર ટી. ૬૮૯<br>- કેજયુલીટી ૨૧૭૫ | ૮૦૨૯ |

| | | |
|---|---|---|
| ૧૩૭<br>૭૪ | હડકવા વિરોધી રસી<br>**(અ)** નવા કેસ ૬૩૭૫<br>**(બ)** જુના કેસ ૭૩૯૯ | **૧૩,૭૭૪** |
| | **કુલઃ-** | |
| ૨૦ | રોગ પ્રતિકારક બી.સી.જી. રસીના લાભાર્થી બાળકો | ૩૦૦૩ |
| ૨૧ | ત્રિગુણી તથા બાળ લકવા વિરોધી રસીના લાભાર્થી બાળકો | ૭૪૦૬ |
| ૨૨ | બાળ લકવા પોલીયો સાથે | ૪૭૩૮ |

**નોંધઃ** ઓ.પી.ડી. માટે કેજ્યુલીટી વોર્ડ જાહેર રજાના દિવસે પણ ચાલુ રહેતો હોઈ સરેરાશ માટે ૩૬૫ દિવસ ધ્યાનમાં લીધેલ છે.

**પત્રક ૮.૩.૩**
**પેથોલોજી વિભાગની માહિતી દર્શાવતુ પત્રક**

| **ક્રમની સંખ્યા** | **લેબો. જુદા જુદા વિભાગ** | **તપાસ કરેલા નમુનાની સંખ્યા** |
|---|---|---|
| **૧** | **લોહી સી.બી.સી.ઇ.એસ. આર તથા મેલેરીયા તપાસ** | **૭૯,૫૫૮** |
| **૨** | **બાયોમેડીકલ ઈન્વેસ્ટીગેશન** | **૮૧,૨૭૦** |
| **૩** | **હીસ્ટોલોજી વિભાગઃ-** | |
| | (૧) ટીસ્યુ | ૧,૬૫૧ |
| | (૨) સેકશન | ૯,૮૭૩ |
| | (૩) એફ. એન. ફ્રેસી. | ૩૩૪ |
| | (૪) સાયટોલોજી | ૧૧૦ |
| **૪** | **બેક્ટેરીયોલોજી વિભાગ** | |
| | કલ્ચર/સેન્સીટીવીટી | ૨ |
| | સ્મીયર સ્ટડી | ૮૫૫ |
| | કોલેરા માટે | ૫૨૪ |

| | | |
|---|---|---|
| | પ્રેગ્નન્સી ટેસ્ટ | ૦૦ |
| ૫ | સીરમ વિડાલ | ૨,૧૪૯ |
| | સીરમ વી.ડી.આર.એલ. | ૧,૨૬૬ |
| | અન્ય સીરોલોજી (સી.આર.પી.,એ.એસ.ઓ.,આર.એ.) | ૧,૪૯૬ |
| | ઓસ્ટ્રેલીયા એન્ટીજન ટેસ્ટ | ૮,૮૬૧ |
| ૬ | **બ્લડ બેંક વિભાગ** | |
| | બ્લડ ગ્રુપીગ | ૨૪,૬૪૫ |
| | બ્લડ ટ્રાન્સફયુઝન | ૧,૯૮ |
| | સ્વૈચ્છીક રક્તદાન સંખ્યા | ૭૩૩ |
| | રીપ્લેસમેન્ટ | ૧,૪૫૧ |
| | કુમ્બ્સ ટેસ્ટ | ૧૭૪ |
| ૭ | **ક્લીનીકલ પેથોલોજી** | |
| | પેશાબ | ૧૧,૬૩૨ |
| | ઝાડાની તપાસ | ૧,૧૩૬ |
| | સીમેન | ૩૩૮ |
| | સી.એસ. એફ. | ૨૧૨ |
| | બોડી ફલ્યુડ | ૩૧૮ |
| | સ્પુટમ | ૨૮૩ |
| ૮ | **ઈમરજન્સી લેબોરેટરી** | **૭૮,૬૦૩** |
| | | |

| ક્રમ | વિગત | તપાસ |
|---|---|---|
| ૧ | પેશાબની તપાસ | ૮૨૨૪ |
| ૨ | ઝાડાની તપાસ | ૬૫૬ |
| ૩ | બ્લડ ટેપીગ | ૨૧૮૪ |
| ૪ | બ્લડ ટ્રાન્સફયુજન | ૧૯૨૮ |
| ૫ | સ્પુટમ | ૨૩૩ |
| ૬ | બ્લડ ગ્રુપીગ મેચીંગ | ૧૯૭૧ |
| ૭ | ઓસ્ટ્રેલીયા એન્ટીજન | ૮૮૬૧ |
| ૮ | સીરમ વિડાલ | ૨૧૪૯ |
| ૯ | સી. એસ. એફ. | ૨૧૨ |
| ૧૦ | વી.ડી.આર.એલ. | ૧૨૬૬ |
| ૧૧ | બાયોકેમેસ્ટ્રી | ૮૧૨૭૦ |
| ૧૨ | હીસ્ટોલોજી | ૧૧૯૬૮ |
| ૧૩ | એઇડસ ટેસ્ટ | ૮૪૬૫ |
| ૧૪ | સીમેન | ૨૩૮ |

**પત્રક ૮.૩.૪**

**બ્લડ બેંક વિભાગની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૪ |
| ૧ | બ્લડગ્રુપીગના કેસોની સંખ્યા | ૨૧૫૩૯ | ૨૪૬૪૫ |
| ૨ | દર્દીઓની આપવામાં આવેલ લોહીની બોટલની સંખ્યા | ૨૩૩૫ | ૧૯૨૮ |
| ૩ | સ્વૈચ્છીક રક્તદાનની સંસ્થા તરફથી મળેલ લોહીની બોટલ | ૫૬૬ | ૭૩૩ |
| ૪ | રીપ્લેસમેન્ટ દ્વારા મળેલ લોહીની બોટલ | ૧૮૭૮ | ૧૪૫૧ |
| ૫ | કુમ્સ ટેસ્ટ | ૧૬૬ | ૧૭૪ |

**પત્રક ૮ઃ૩ઃ૫**

**દર્દીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | ખર્ચની રકમ | રોજીંદા દર્દીની સંખ્યા | રોજીંદા દર્દીઓનું એક દિવસનું ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | એસ્ટાબલીસમેન્ટ | ૯,૬૬,૩૬,૮૧૯ | ૨૩૭.૧/૩૬૬ | ૧૧૩.૬૦ |
| ૨ | ખોરાકી | ૪૪,૭૭,૪૦૭ | ૨૩૭.૧/૩૬૬ | ૫૧.૫૯ |
| ૩ | દવા-ઈન્જેક્શન | ૧,૫૧,૨૧,૭૬૭ | ૨૩૭.૧/૩૬૬ | ૧૭૪.૨૫ |
| ૪ | લીનન | ૬,૭૮,૧૪૨ | ૨૩૭.૧/૩૬૬ | ૭.૮૧ |
| ૫ | અન્ય | ૧,૩૦,૭૬,૯૭૭ | ૨૩૭.૧/૩૬૬ | ૧૫૦.૬૯ |
| કુલ | | ૧૨,૯૯,૯૧,૧૧૨ | ---- | ૧૪૯૭.૯૬ |

| | |
|---|---|
| ૩૬૬ | દિવસનું વર્ષ |
| - ૬૩ | દિવસ રજા |
| ૩૦૩ | |

| | |
|---|---|
| ૧૧ | દિવસ હોસ્પિટલની રજા |
| ૫૨ | દિવસ રવિવારની રજા |
| ૬૩ | કુલ રજાના દિવસો |

રોજીંદા દર્દીની સંખ્યા - દર્દીની સંખ્યા/૩૬૬
- ૮૬,૫૪૬/૩૬૬
- ૨૩૭.૧

# ૮.૪ શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ

## ૦૮-૦૯

અમદાવાદ શહેરની જનતાને આંખના રોગો સામે જુદાજુદા પ્રકારની સારવાર આપવા માટે શ્રી.ચી.હ.નગરી આંખની હોસ્પિટલનું સંચાલન મ્યુનિ.કોર્પો. તરફથી કરવામા આવે છે.આ હોસ્પિટલમાં આંખના રોગોની સારવાર માટે અદ્યતન સાધનો વિકસાવવામાં આવેલ છે. અને નિષ્ણાંત ડોક્ટરો દ્વારા દર્દીઓને સારામાં સારી સારવાર મળે છે.

❖ **<u>ઓ.પી.ડી. :</u>**

નગરી આંખની હોસ્પિટલમાં દરરોજ સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ અને બપોરે ૨-૦૦ થી ૪-૦૦ ના સમય દરમ્યાન ઓ.પી.ડી. વિભાગ ચલાવવામાં આવે છે. જેમાં આંખને લગતા રોગોની તપાસ અને સારવાર કરવામાં આવે છે. જેનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજ્યનાં તેમજ અન્ય રાજ્યોના શહેર તેમજ ગામડાઓમાંથી આવતા દર્દીઓ લે છે.

અહેવાલી વર્ષમા ઓ.પી.ડી. વિભાગમાં જુના નવા મળી <u>કુલ- ૮૪૬૧૦</u> દર્દીઓને તથા ઇન્ડોર વિભાગમાં <u>૫૪૬૪</u> દર્દીઓને વિવિધ આંખનાં રોગોની સારવાર આપવામાં આવી છે.

આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે સોમવાર થી શુક્રવાર દરમ્યાન બપોરે ૨-૩૦ થી ૫-૦૦ વાગ્યા સુધી નીચી જણાવેલ સ્પે.ક્લીનિક ચલાવવામા આવે છે.

❖ **<u>સ્પેશ્યાલીટી ક્લીનીક :</u>**

- ✓ ઝામરનું ક્લીનીક
- ✓ પડદાનુ ક્લીનીક
- ✓ કોર્નિયા ક્લીનીક
- ✓ કોન્ટેકલેન્સ ક્લીનીક
- ✓ ત્રાંસી આંખનું ક્લીનીક
- ✓ ઓકયુટોપ્લાસ્ટીક કલીનીક
- ✓ ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આંખની ખાસ તપાસ

આ સ્પે. કલીનીકો માં જે દર્દીઓએ લાભ લીધેલ છે.જેની માહિતીનું પત્રક ૮ઃ૪ઃ૮ સામેલ છે.માહે-ફેબ્રુઆરી-૨૦૦૪ થી બપોરની ઓ.પી.ડી. વિભાગની સેવાઓ આપવાનુ ચાલુ કરેલ છે. જેનો લાભ જરૂરતમંદ નાગરીકો ને થયેલ છે. આથી હોસ્પિટલની સેવાનો વ્યાપ વધેલ છે.

❖ **<u>ડાયાબીટીસના દર્દીઓ માટે આંખની ખાસ તપાસ</u>**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન અને સંવેદના ટ્રસ્ટ (અમેરીકા)અને વર્લ્ડ ડાયાબીટીક ફાઉન્ડેશન(ડેન્માર્ક) ના સહયોગથી નગરી હોસ્પિટલ ખાતે જાન્યુઆરી-૨૦૦૭ થી " સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં નગરી હોસ્પિટલથી પેરા-મેડીકલ સ્ટાફની ફાળવણી કરવામાં આવેલ છે. તેઓને

સોમવાર અને શુક્રવાર... શારદાબેન જનરલ હોસ્પિટલ(આંખની ઓ.પી.ડી.)
સમય.. સવારે ૯ થી ૧૨

સોમવાર થી શુક્રવાર..... નગરી આંખની હોસ્પિટલ (પડદાનો વિભાગ-)
સમય.. સવારે ૯ થી ૫

બુધવાર અને શનિવાર... વી.એસ.જન. હોસ્પિટલ (ડાયાબીટીસ કલીનીક)

સમય.. સવારે ૯ થી ૧૨

મંગળવાર અને ગુરૂવાર.. એલ.જી.જનરલ હોસ્પિટલ (આંખની ઓ.પી.ડી)

સમય .. સવારે ૯ થી ૧૨ દરમ્યાન દર્દીઓની તપાસ કરવામાટે મોકલવામાં આવે છે.શહેરના તમામ ઝોનમાં ડાયાબીટીસના દર્દીઓની તપાસ માટે કેમ્પ રાખવાનું આયોજન કરવામા આવેલ છે.હાલમાં મધ્યઝોનથી શરૂઆત કરવામા આવેલ છે, જેમાં શાહપુર,રાણીપ, દૂધેશ્વર ,નિકોલ,ઓઢવ એમ અલગ અલગ જગ્યાએ ૪૨ કેમ્પ કરવામાં આવેલ, જેમાં કુલ ૫૧૧૭ દર્દીઓએ લાભ લીધેલ છે.તેમજ તેમજ એપ્રિલ-૦૮ થી માર્ચ-૦૯ સુધી ઉપરોકત પ્રોજેકટ હેઠળ કુલ- ૩૬૦૯૪ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે. જેની માહીતી દર્શાવતું પત્રક ૮ઃ૪ઃ૭ સામેલ કરેલ છે.

ઉપરોકત તપાસ દરમ્યાન જે કોઇ દર્દીને ડાયાબીટીસને કારણે પડદા ઉપર અસર થઇ હોય અને તેઓને લેસર સારવાર અથવા ઓપરેશનની જરૂર હોય તો નગરી હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે નિદાન અને સારવાર કરવામાં આવે છે.

**હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સાધનો અને સગવડ :**

શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે આંખના તમામ પ્રકારના રોગોની નિદાન તથા સારવાર માટે ના અતિઆધુનિક એવા સાધનો ઉપલબ્ધ છે. જેનો લાભ ફક્ત અમદાવાદ ના નાગરીકો જ નહી પરંતુ રાજ્યના તથા પાડોશી રાજ્યોના દર્દીઓ પણ લે છે.

શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે વર્ષ-૨૦૦૮-૦૯ દરમ્યાન આંખના જુદાજુદા પ્રકારના ૫૪૬૪ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં મોતિયો કાઢી કુત્રિમ નેત્રમણી બેસાડવાના, ઝામરના,પડદાના,ઢળેલા પોપચાને ઠીક કરવાના,કીકી પ્રત્યારોપણ કરવાના,ત્રાંસી આંખના જુદા જુદા ઓપરેશન સામેલ છે.નગરી હોસ્પિટલ ખાતે મોતિયાની આધુનિક સેવા Phacoemulsification ના ઓપરેશન સફળતાપૂર્વક કરવામા આવે છે.

નગરી હોસ્પિટલ ખાતે વસાવવામાં આવેલ આધુનિક સાધનો નીચે મુજબ છે.

ઓપરેટીગ માઇક્રોસ્કોપ : આંખના નાજુક ભાગોનુ ઓપરેશન કરવા માટે જુદાજુદા માઇક્રોસ્કોપ વડે ત્રણ થીયેટર સજ્જ છે. ઉપરાંત એક સેપ્ટીક ઓપરેશન થીયેટર અલગ છે.

એ'સ્કેન બાયોમેટ્રી મશીન : મોતિયાના ઓપરેશન પછી કુત્રિમ નેત્રમણી બેસાડવામાં આવે છે જેના માપ માટે મશીનનો ઉપયોગ થાય છે.

યાગ લેસર : મોતિયાના ઓપરેશન પછી થતી છારી બાળવા માટે

આરગન લેસર : પડદાના અને ઝામર ના દર્દીઓની સારવાર માટે.

બીસ્કેન અલ્ટ્રાસાઉન્ડ મશીન : આંખની અંદરના ભાગના વિશ્લેષણ માટે.

વીડીયો એન્જીયોગ્રાફી મશીન : પડદાના વિવિધ રોગો જેવા કે ડાયાબીટીક,રેટીનોપથી જેમા પડદાની લોહીની નળી ની તકલીફ હોય તેવા દર્દીઓની આંખની એન્જયોગ્રાફી કરવા માટે.

ફેકો ઇમલ્સીફીકેશન મશીન : મોતિયાના અતિઆધુનીક એવા ઓપરેશન માટે, જેમાં મોતિયાને આંખની અંદર જ ઓગાળીને કાઢી લીધા બાદ નેત્રમણી પ્રત્યારોપણ કરવામા આવે છે.

વીટ્રેક્ટ્રોમી મશીન : પડદાના જુદાજુદા પ્રકારના રોગો માટે

ટોપોગ્રાફી મશીન : આંખના કીકી જેવા નાજુક ભાગનું માપ લેવા માટે

સ્પેકયુલર માઇકોસ્કોપઃ કીકીના અંદરના નાજુક સુક્ષ્મ કોષોની સંખ્યા ગણવાનુ મશીન

ઓપરેટીગ માઇક્રોસ્કોપ : આંખના બધા જ ઓપરેશનો માઇક્રોસ્કોપ મશીન દ્વારા કરવામા આવે છે. જેવા કે

મોતિયાના ફેકો ઓપરેશન માટે,ઝામર,કીકીબદલવાના,ત્રાંસી આંખના વીટ્રેક્ટોમી ની ઓપરેશન માટે

ડાયોડ લેસર : આંખના પડદાને લગતી વિશીષ્ટ સારવાર માટે જેવા કે ડાયાબીટીસ,બી.પી. ના દર્દીઓની આંખના પડદા પર લોહી આવી જાય અથવા પડદામાં કાણા પડી જાય તથા પડદો ખસતો હોય તેવા કેસોમા તે અંગેની સારવાર કરવા માટે.

O.C.T.(ઓ.સી.ટી) સીટી સ્કેન અને એમ.આર.આઇ ની મદદથી જેવી રીતે શરીરના જુદા જુદા ભાગોનું કટ સેક્શનમા જોઇને નિદાનકરીશકાય છે. તે રીતે આંખના પડદા અને નસનો જુદાજુદા કટ સેક્શનમાં જોઇ નિદાન કરી શકાય છે. તેથી પડદાના રોગોનો પ્રોગ્રેસ,સારવાર નીઅસર તથા ઝામરથી થતા નુકશાનની વિશેષ જાણકારી મેળવી શકાય છે.

નગરી હોસ્પિટલમાં મોતિયાના,ઝામરનાં,આંખની કીકી બેસાડવાના ,મોતિયા કાઢી તેની જગ્યાએ નેત્રમણી (ઇન્ટ્રાઓક્યુલર લેન્સ) મુકવાના,આંખના ખસી ગયેલા પડદા,ત્રાંસી આંખના,ઢળી ગયેલા પોપચાના તેમજ નાસુરનાં ઓપરેશન કરવામાં આવે છે. આ ઉપરાંત ચશ્માના નંબર કાઢી આપવામાં આવે છે.ઉપરાંત ફલોરેશીન ફન્ડસ કેમેરા વડે પડદાના રોગોનો અભ્યાસ કરી, નિદાન કરી લેસરની સારવાર આપવામાં આવે છે.એસ્કેન ફોર બાયોમેટ્રી નામના સાધન વડે ઇન્ટ્રાઓક્યુલર લેન્સનો પાવર માપવામાં આવે છે.ઉપરાંત યાગ આરગન મશીન વસાવવામાં આવેલ છે.જેનાથી ડાયાબીટીસના દર્દીઓની આંખના પડદાના રોગોનો ઇલાજ કરવામાં આવે છે.યાગ લેસરનાં ઉપયોગથી નેત્રમણીની પાછળ છારી બાળી નાંખવામા આવે છે.ઉપરાંત ઝામરની સારવાર માં પણ વપરાય છે.આંખના બધા જ ઓપરેશન માઇક્રોસ્કોપ દ્વારા કરવામાં આવતા હોવાથી દર્દીઓ જલદીથી ઘરે પાછા જઇ શકે છે અને ઓપરેશનનાં સારા પરિણામોને કારણે હોસ્પિટલનો ખર્ચ ઘટયો છે. અહેવાલી વર્ષમાં નાના મોટા મળી કુલ ૫૪૬૪ ઓપરેશન કરવામાં આવેલ છે.

<u>આઇ બેન્ક</u> :

આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે આઇ બેન્કની સ્થાપના કરવામાં આવેલ છે. અને ઓલ ઇન્ડીયા આઇ બેન્ક એસોસીએશનની મેમ્બરશીપ મળેલ છે. જેમાં મરણ પામેલા વ્યકિતઓની દાનમાં મળેલ આંખો રાખવામા આવે છે. જરૂરીયાત મુજબની કોર્નીયા બદલવામા આ દાનમાં મળેલ આંખોનો ઉપયોગ કરવામા આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૨૫૯ આંખો દાનમાં મળેલ છે.

❖ <u>ટીચીંગ</u> :

ચી.હ.નગરી આંખની હોસ્પિટલ ,શ્રીમતી એન.એચ.એલ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે.હોસ્પિટલ ખાતે અન્ડર ગ્રેજ્યુએટ તથા પોષ્ટગ્રેજ્યુએટ ટીચીંગ સુવીધા ઉપલબ્ધ છે.નગરી આંખની હોસ્પિટલમાં આંખના વિભાગ તરીકે ગુજરાત યુનિવર્સીટી તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનો માન્ય અનુસ્નાતક ડીગ્રીનાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

❖ <u>રીસર્ચ :</u>

અહેવાલી વર્ષમાં આ હોસ્પિટલમાં વિવિધ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થયેલ છે. જેમાં જુદાજુદા ડોકટરોએ જરૂરી સંશોધન કરી પેપર્સ તૈયાર કરેલ છે. જેને ઓપ્થોલ્મોલોજી સોસાયટી ઓફ ઇન્ડીયા માં પણ સ્થાન મળેલ છે.

વધુમાં NERF દ્વારા યોજવામાં આવેલ આંખના રોગોનાં વિશેષજ્ઞો સાથેનાં પ્રોગ્રામમાં ભાગ લઇ આધુનિક સારવાર માટેની માહિતીઓ મેળવેલ છે.

❖ <u>દૃષ્ટી પ્રોજેકટ :</u>

શાળાઓમાં ભણતા વિધ્યર્થીઓની શાળાઓમાં આંખોની તપાસ કરવા તેમજ આંખના રોગોની સમજ આપવા સને.૧૯૯૬ માં દૃષ્ટી પ્રોજેક્ટ ની સ્થાપના કરવામાં આવેલ. આ ઉપરાંત ગરીબી રેખા નીચે જીવતા અને સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોની તપાસ અને સારવાર તેમના રહેઠાણ નજીક મળી રહે તે હેતુથી પ્રોજેકટ ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન <u>૪૨</u> કેમ્પ યોજી <u>૩૬૦૯૪</u> દર્દીઓ ની આંખોની તપાસ કરી સારવાર આપવામા આવેલ છે.

❖ <u>હોસ્પિટલ ખાતે ચશ્માની સગવડ :</u>

જરૂરીયાતમંદ દર્દીઓને ચશ્મા " નહી નફો નહી નુકશાન " નાં ધોરણે વ્યાજબી ભાવથી અત્રેથી મળી રહે તે માટે હોસ્પિટલમાં ચશ્મા વિતરણ કેન્દ્ર વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ મહત્તમ દર્દીઓ લઇ રહયા છે.

❖ **<u>નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી :</u>**

નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી કોલેજની ઓગષ્ટ-૦૪ માં સ્થાપના કરવા માં આવેલ છે. ગુજરાત રાજયમાં જે અભ્યાસક્રમ નથી, તેવો વિશિષ્ટ અને જરૂરી બેચલર ઓફ ઓપ્ટોમેટ્રીનો કુલ ચાર વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ ઓગષ્ટ -૦૪ થી શરૂ કરવામાં આવેલ છે.

કોલેજના સાધનો ખરીદ કરવા , જરૂરીયાત મુજબ ટીચીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફ માટેની જરૂરીયાતને અનુલક્ષીને અન્ય આનુસાંગીક કામગીરી માટે સ્ટે.ક.ઠ.નં.- ૧૪૪૮ તા.૨૭-૨-૨૦૦૪ અને મ્યુ.કોર્પો.ઠ.નં.૯૨૪ તા.૨૪-૩-૨૦૦૪ થી આપેલ મંજુરી અનુસાર સને ૦૮-૦૯ માં રૂ.૫૦-૦૦ લાખ ની સહાય (નોન રીફંડેબલ ) મ્યુનિસિપલ કોર્પોરેશને " નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન " ને આપેલ છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓપ્ટોમેટ્રીના અભ્યાસક્રમને મંજુરી આપેલ છે. જેમાં પ્રથમ વર્ષમાં -૩૦, બીજા વર્ષમાં -૩૦, ત્રીજા વર્ષમાં -૩૦- વિધાર્થીઓ અને વિધાર્થીનિઓને પ્રવેશ આપવામાં આવેલ છે. સને ૦૮-૦૯ માં ૨૯વિધાર્થીઓ પાસ થયેલ છે.

વધુમાં નગરી આંખની હોસ્પિટલના વધુ વિકાસાર્થે સાધનો વિકસાવવામા આવી રહેલ છે. આ સાધનો માટે અને સંસ્થા પાસેથી દાન મળે તે હેતુથી સ્ટે.ક.ઠ.નં. ૨૨૩૮ તા. ૨૧-૩-૧૯૯૧ અનુસાર " નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન " નામનુ ટ્રસ્ટ શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રસ્ટને અવાર-નવાર નાના-મોટા દાનની રકમ રોકડમાં તેમજ સાધનના સ્વરૂપમાં મળેલ છે. આ ટ્રસ્ટને મળનાર દાન ને ભારત સરકારનાં ઇન્કમટેક્ષ ખાતા તરફથી ૧૦૦% કરમુક્તિ આપવામાં આવેલ છે. વધુમાં વધુ દાનની રકમ મેળવી અતિ આધુનિક સાધનો વસાવી તેમજ આંખના રોગો ની સારવાર માટે સંશોધન ની કાર્યવાહી પણ નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઓ.પી.ડી. પેશન્ટ તરીકે ૮૪૬૧૦ દર્દીઓએ સારવાર લીધેલ છે. જેમાં વર્ષ દરમ્યાન રૂ.૩૨,૭૬,૩૭૭/- ની આવક થયેલ જે પૈકી રૂ.૩,૨૩,૬૪૫/- સ્પે.વોર્ડની છે. તેમજ હોસ્પિટલનો કુલ ખર્ચ રૂ. ૧,૭૬,૬૭,૯૧૯/- જેટલો થયો છે.દર્દી દીઠ દૈનિક ખર્ચ રૂ.૧૫૯.૦૦/- થયેલ છે.નગરી હોસ્પિટલ ખાતે થયેલ કામગીરી અંગેની માહિતી નીચે મુજબના પત્રકમાં દર્શાવવામાં આવેલ છે.

(૧)પત્રક ૮:૪:૧ હોસ્પિટલની આવક અને ખર્ચનું પાંચ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

(૧)પત્રક ૮:૪:૨ ઓ.પી.ડી.તથા ઈન્ડોર કેસનું માસવાર પત્રક

(૨)પત્રક ૮:૪:૩ નાના મોટા ઓપરેશનની સંખ્યા દર્શાવતુ પત્રક

(૩) પત્રક ૮:૪:૪ આંખના દર્દીઓના ઓપરેશનનું છેલ્લા ત્રણ વર્ષનું તુલનાત્મક પત્રક

(૪) પત્રક ૮:૪:૫ હોસ્પિટલના દર્દીની સંખ્યા દર્શાવતુ પત્રક

(૫) પત્રક ૮:૪:૬ સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેક્ટ હેઠળ તપાસ કરેલ દર્દીઓની માહિતી દર્શાવતુ પત્રક

(૬)પત્રક ૮:૪:૭ સ્પે કલીનીકોમાં દર્દીઓએ લીધેલ લાભની માહિતી દર્શાવતું પત્રક

## પત્રક ૮:૪:૧

### હોસ્પિટલની છેલ્લા પાંચ વર્ષની આવક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| વર્ષ | હોસ્પિટલની આવક | હોસ્પિટલનો ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૫,૧૭,૭૧૭/- | ૭૩,૯૩,૩૨૬/- |
| ૨૦૦૫-૦૬ | ૪૮,૬૦,૭૧૨/- | ૧,૩૧,૬૫,૮૮૫/- |
| ૨૦૦૬-૦૭ | ૨૯,૫૬,૬૪૮/- | ૨,૧૨,૭૨,૩૬૪/- |
| ૨૦૦૭-૦૮ | ૩૩,૯૫,૧૫૩/- | ૨,૪૯,૯૫,૩૨૫/- |
| ૨૦૦૮-૦૯ | ૩૨,૭૬,૩૭૭/- | ૧,૭૬,૬૭,૯૧૯/- |

## પત્રક- ૮:૪:૨

## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલનાં સને.૨૦૦૮-૦૯ ના વર્ષમાં ઓ.પી.ડી.,નવા-જુના કેસ,સ્પે.રૂમ, મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન કેસ તથા ઈન્ડોરકેસનું માસવાર પત્રક

| ઓ.પી.ડી.કેસની માહિતી | | | | | | | | | | ઈન્ડોર કેસની માહિતી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | માસ | કેસ નવા | કેસ જુના | સ્પે. કેસ. | મ્યુ.કેસ નવા | મ્યુ.કેસ જુના | મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન નવા | મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન જુના | કુલ | જનરલ | સ્પે. | ડીસ્ચાર્જ | લેસર | દાખલ ઈન્ડોર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | એપ્રિલ-૦૮ | ૨૮૧૭ | ૩૨૫૫ | ૩ | ૩૦૪ | ૩૧૬ | ૬ | ૯ | ૬૭૧૦ | ૨૪૧ | ૧૭ | ૨૫૮ | ૧૯૯ | ૩૩૭ |
| ૨ | મે-૦૮ | ૩૦૮૨ | ૩૭૦૯ | ૯ | ૩૦૯ | ૩૬૨ | ૧૦ | ૨૨ | ૭૫૦૩ | ૨૪૯ | ૧૮ | ૨૬૭ | ૧૫૯ | ૩૪૫ |
| ૩ | જુન-૦૮ | ૩૧૪૪ | ૩૫૧૦ | ૨૮ | ૩૨૬ | ૩૪૪ | ૯ | ૨૭ | ૭૩૮૮ | ૨૫૨ | ૧૭ | ૨૬૯ | ૧૦૩ | ૪૧૨ |
| ૪ | જુલાઈ-૦૮ | ૨૬૨૫ | ૩૪૩૫ | ૧૯ | ૨૫૮ | ૩૫૫ | ૧૬ | ૧૯ | ૬૭૨૭ | ૨૫૭ | ૧૫ | ૨૭૨ | ૨૫૭ | ૩૮૭ |
| ૫ | ઓગષ્ટ-૦૮ | ૨૨૭૨ | ૨૯૨૯ | ૧૦ | ૨૧૯ | ૨૯૨ | ૨૦ | ૪૦ | ૫૭૮૨ | ૧૮૭ | ૧૩ | ૨૦૦ | ૧૭૪ | ૨૮૬ |
| ૬ | સપ્ટે.-૦૮ | ૨૫૯૮ | ૩૧૬૩ | ૧૦ | ૨૮૧ | ૩૫૨ | ૨૬ | ૪૩ | ૬૪૭૩ | ૨૨૮ | ૧૧ | ૨૩૯ | ૧૯૦ | ૩૪૫ |
| ૭ | ઓક્ટો-૦૮ | ૨૦૪૮ | ૨૫૪૪ | ૦ | ૨૨૯ | ૨૩૨ | ૧૮ | ૪૮ | ૫૧૧૯ | ૧૮૦ | ૧૩ | ૧૯૩ | ૧૯૮ | ૨૬૦ |
| ૮ | નવે.-૦૮ | ૨૯૮૫ | ૩૨૫૬ | ૪ | ૩૪૭ | ૩૧૭ | ૭૦ | ૬૩ | ૭૦૪૨ | ૨૭૮ | ૧૨ | ૨૯૦ | ૧૮૮ | ૪૫૮ |
| ૯ | ડીસે.૦૮ | ૩૧૪૮ | ૩૫૬૭ | ૧૫ | ૪૨૫ | ૩૭૩ | ૩૧૬ | ૨૦૯ | ૮૦૫૩ | ૩૪૨ | ૨૦ | ૩૬૨ | ૨૩૩ | ૫૮૨ |
| ૧૦ | જાન્યુ.-૦૯ | ૨૮૪૬ | ૩૮૩૯ | ૧૫ | ૨૬૭ | ૪૨૪ | ૧૯૩ | ૧૭૪ | ૭૭૫૮ | ૨૯૬ | ૧૦ | ૩૦૬ | ૧૮૧ | ૪૫૬ |
| ૧૧ | ફેબ્રુ-૦૯ | ૨૯૪૫ | ૩૭૯૫ | ૨૧ | ૩૩૩ | ૪૧૭ | ૧૮૩ | ૧૫૩ | ૭૮૪૭ | ૨૮૩ | ૧૫ | ૨૯૮ | ૨૬૦ | ૪૬૩ |
| ૧૨ | માર્ચ-૦૯ | ૩૦૯૨ | ૪૦૪૮ | ૨૨ | ૩૫૯ | ૪૧૮ | ૧૧૯ | ૧૫૦ | ૮૨૦૮ | ૨૨૯ | ૧૦ | ૨૩૯ | ૨૪૧ | ૩૪૯ |
| | કુલ.... | ૩૩૬૦૨ | ૪૧૦૫૦ | ૧૫૬ | ૩૬૫૭ | ૪૨૦૨ | ૯૮૬ | ૯૫૭ | ૮૪૬૧૦ | ૩૦૨૨ | ૧૭૧ | ૩૧૯૩ | ૨૩૮૩ | ૪૬૮૦ |

**કુલ નવા કેસ: ૩૮૪૦૧ (કોલમ:૩+૫+૬+૮)**

**કુલ જુના કેસ: ૪૬૨૦૯ (કોલમ;૪+૭+૯)**

**કુલ કેસ: ૮૪૬૧૦**

# પત્રક-૮:૪:૩
## નાન મોટા ઓપરેશનની સંખ્યા દર્શાવતું પત્રક
## સને-૨૦૦૮-૦૯

| માસ | સ્ત્રી દર્દી | પુરૂષ દર્દી | બાળક દર્દી | કુલ દર્દી | મેજર ઓપરેશન | માઈનોર ઓપરેશન |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૦૮ | ૧૫૪ | ૨૪૯ | ૬ | ૪૦૯ | ૩૨૩ | ૮૬ |
| મે-૨૦૦૮ | ૧૫૬ | ૨૨૬ | ૩૦ | ૪૧૨ | ૩૧૬ | ૯૬ |
| જુન-૨૦૦૮ | ૨૦૫ | ૨૨૦ | ૨૮ | ૪૫૩ | ૩૭૨ | ૮૧ |
| જુલાઈ ૨૦૦૮ | ૧૯૬ | ૨૪૭ | ૨૯ | ૪૭૨ | ૩૮૨ | ૯૦ |
| ઓગષ્ટ-૨૦૦૮ | ૧૪૩ | ૧૭૭ | ૧૫ | ૩૩૫ | ૨૭૧ | ૬૪ |
| સપ્ટે; ૨૦૦૮ | ૧૭૯ | ૨૧૬ | ૨૧ | ૪૧૬ | ૩૨૨ | ૯૪ |
| ઓક્ટો.-૨૦૦૮ | ૧૧૯ | ૧૫૯ | ૨૦ | ૨૯૮ | ૨૨૮ | ૭૦ |
| નવે.-૨૦૦૮ | ૨૩૩ | ૨૩૦ | ૩૭ | ૫૦૦ | ૪૦૦ | ૧૦૦ |
| ડીસે.-૨૦૦૮ | ૨૯૮ | ૩૧૬ | ૨૭ | ૬૪૧ | ૫૩૭ | ૧૦૪ |
| જાન્યુ.-૨૦૦૯ | ૨૨૧ | ૨૯૧ | ૩૩ | ૫૪૫ | ૪૪૭ | ૯૮ |
| ફેબ્રુઆરી-૨૦૦૯ | ૨૪૯ | ૨૮૩ | ૨૧ | ૫૫૩ | ૪૩૧ | ૧૨૨ |
| માર્ચ-૨૦૦૯ | ૧૫૩ | ૨૫૪ | ૨૩ | ૪૩૦ | ૩૧૯ | ૧૧૧ |
| કુલ........ | ૨૩૦૬ | ૨૮૬૭ | ૨૯૦ | ૫૪૬૪ | ૪૩૪૮ | ૧૧૧૬ |

## પત્રક: ૮:૪:૪

## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલમાં આંખના જુદી જુદી કેટેગરી ના ઓપરેશન મુજબ દર્દીઓની સંખ્યાનું છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતુ તુલનાત્મક પત્રક

| અ.નં. | ઓપરેશનનુ નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | મોતિયાનુ ઓપરેશન | ૩૬ | ૩૭ | ૫૧ |
| ૨ | કુત્રિમ નેત્રમણી | ૨૧૫૧ | ૨૨૪૫ | ૨૪૩૩ |
| ૩ | મોતિયા સાથે ફેકો સર્જરી | ૪૭ | ૬૦ | ૮૨ |
| ૪ | ફેકો આઇ.ઓ.એલ. | ૨૦૭ | ૩૦૮ | ૩૪૫ |
| ૫ | ઝામર | ૧૫૯ | ૧૧૫ | ૧૪૩ |
| ૬ | નવી કીકી બદલવી | ૭૭ | ૮૧ | ૯૨ |
| ૭ | ત્રાંસી આંખનુ ઓપરેશન | ૨૪ | ૩૨ | ૧૭ |
| ૮ | પડદાનુ ઓપરેશન | ૮૬ | ૭૯ | ૪૫ |
| ૯ | વિટ્રીયસનું ઓપરેશન | ૩૧૨ | ૫૨૮ | ૬૩૫ |
| ૧૦ | નાસુર ડી.સી.આર. | ૧૧૨ | ૧૦૪ | ૭૪ |
| ૧૧ | ૧ થી ૧૦ ની રીસર્જરી | ૬૪ | ૧૬૭ | ૪૦૦ |
| ૧૨ | પોપચાનુ ઓપરેશન | ૪૭ | ૪૫ | ૪૧ |
| ૧૩ | આંજણી વેલ ટાંકા લેવા | ૭૮ | ૮૦ | ૧૭૪ |
| ૧૪ | એફ.બી.રીમુવલ | ૯૯ | ૧૭૪ | ૧૮૭ |
| ૧૫ | પડદાના ઝામરની તપાસ કરવી,ડોળો ખોતરવો | ૧૩૯ | ૧૨૧ | ૭૭ |
| ૧૬ | ઠંડો શેક આપવો | ૨૩૫ | ૩૭૭ | ૫૮૮ |
| ૧૭ | અન્ય. આર.કે.ડાયોલેઝર | ૬૫ | ૪૬ | ૫૮ |
| ૧૮ | અન્ય | ૧૧૯ | ૧૬૭ | ૨૨ |
| | કુલ..... | ૪૦૬૦ | ૪૭૬૬ | ૫૪૬૪ |

## પત્રકઃ ૮:૪:૫
## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ
## સને.૨૦૦૮-૦૯ હોસ્પિટલની માસવાર ઈન્ડોર દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી

| માસ-વર્ષ | સારવાર આપેલ દર્દીઓની સંખ્યા |
|---|---|
| એપ્રિલ-૨૦૦૮ | ૭૯૬ |
| મે-૨૦૦૮ | ૭૧૬ |
| જુન-૨૦૦૮ | ૮૨૩ |
| જુલાઈ-૨૦૦૮ | ૮૬૫ |
| ઓગષ્ટ-૨૦૦૮ | ૬૨૭ |
| સપ્ટે.-૨૦૦૮ | ૭૧૬ |
| ઓક્ટો- ૨૦૦૮ | ૫૪૮ |
| નવે.-૨૦૦૮ | ૯૮૦ |
| ડીસે.-૨૦૦૮ | ૧૨૨૮ |
| જાન્યુ.-૨૦૦૯ | ૧૦૦૭ |
| ફેબ્રુઆરી-૨૦૦૯ | ૯૦૫ |
| માર્ચ-૨૦૦૯ | ૭૪૬ |
| | ===== |
| | **૯૯૫૭** |

| દૈનિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | દિવસ | દૈનિક સારવાર આપેલ સરેરાશ દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૯૯૫૭ | ૩૬૫ | ૨૭ |

| ખર્ચની વિગત | કુલ ખર્ચની રકમ | સરેરાશ દર્દીદીઠ દૈનિક ખર્ચ |
|---|---|---|
| ૧.દવા-ઈન્જેકશન | ૭૧૮૫૪૦/- | ૭૨.૧૬ |
| ૨.કાપડ ધોલાઈ | ૮૦૦૦૦/- | ૮.૦૩ |
| ૩.ખોરાકી | ૨૩૨૩૯૩/- | ૨૩.૩૩ |
| ૪.અન્ય ખર્ચ | ૫૫૦૭૮૭/- | ૫૫.૩૧ |
| | ------------- | ----------- |
| હોસ્પિટલનો દર્દીઓ પાછળ નો કુલ ખર્ચ. /- | ૧૫૮૧૭૨૦/- | ૧૫૮.૮૩ |
| દર્દી દીઠ ખર્ચ------------------------ | | ૧૫૯/- |

## પત્રક- ૮:૪:૬

## સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેકટ હેઠળ તપાસ કરેલ દર્દીઓની માહીતી દર્શાવતું પત્રક

## જાન્યુ.- ૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯

| ડાયાબીટીક રેટીનો પ્રોજેકટ જાન્યુ-૨૦૦૮ થી ડીસેમ્બર-૨૦૦૮ | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હોસ્પિટલ નાં નામ | એપ્રિલ-૨૦૦૮ | મે | જુન | જુલાઇ | ઓગષ્ટ | સપ્ટે | ઓકટો | નવેમ્બર | ડીસે. | જાન્યુ-૨૦૦૯ | ફેબ્રુ | માર્ચ | કુલ |
| વી.એસ.હોસ્પિટલ | ૨૮૪ | ૨૧૫ | ૨૮૧ | ૨૦૫ | ૧૨૯ | ૬૦ | ૪૩ | ૬૨ | ૭૭ | ૬૯ | ૧૦૨ | ૭૮ | ૧૬૦૫ |
| શા.ચી.લાહોસ્પિટલ | ૫૦૫ | ૧૬૩ | ૧૮૪ | ૬૪ | ૦ | ૭૯ | ૬૨ | ૪૪ | ૯૦ | ૧૦૦ | ૧૫૩ | ૧૫૦ | ૧૫૯૪ |
| એલ.જી હોસ્પિટલ | ૧૯૪ | ૧૩૭ | ૨૨૮ | ૧૭૧ | ૯૮ | ૧૧૦ | ૪૨ | ૭૪ | ૧૦૨ | ૧૩૧ | ૧૫૩ | ૧૪૮ | ૧૫૮૮ |
| કેમ્પ | ૮૮૧ | ૬૮૮ | ૪૪૬ | ૩૦૩ | ૪૫૨ | ૧૯૯ | ૩૨૯ | ૨૫૫ | ૨૨૭ | ૨૧૬ | ૪૨૫ | ૬૯૬ | ૫૧૧૭ |
| નગરી હોસ્પિટલ | ૧૭૩૬ | ૧૭૬૯ | ૧૮૬૯ | ૧૪૪૫ | ૧૩૮૬ | ૧૬૪૭ | ૧૨૨૦ | ૧૮૨૪ | ૨૦૧૫ | ૧૭૧૫ | ૧૮૬૨ | ૧૮૯૧ | ૨૦૫૭૯ |
| અર્બન હેલ્હત સેન્ટર | ૪૨૪ | ૭૫૬ | ૪૯૬ | ૬૦૮ | ૬૮૬ | ૨૯૭ | ૧૫૦ | ૩૯૬ | ૩૨૨ | ૫૩૯ | ૪૩૫ | ૫૦૨ | ૫૬૧૧ |
| **કુલ** | **૪૦૨૪** | **૩૭૨૮** | **૩૫૦૪** | **૨૯૯૬** | **૨૭૫૧** | **૨૩૯૨** | **૧૮૪૬** | **૨૬૫૫** | **૨૮૩૩** | **૨૭૭૦** | **૩૧૩૦** | **૩૪૬૫** | **૩૬૦૯૪** |

## પત્રકઃ- ૮ઃ૪ઃ૭

## સ્પે.કલીનીકોમાં દર્દીઓએ લાભ લીધેલ તેની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં. | કલીનીક | કુલ કેસ |
|---|---|---|
| ૧ | ઝામરનું કલીનીક | |
| | ઝામરની વિશિષ્ટ તપાસ | ૧૧૧૮ |
| | ઝામરની સ્પેશ્યલ તપાસ | ૯૧૬ |
| | લેસર દ્વારા સારવાર | ૧૪૩ |
| | ઝામરનાં ઓપરેશન | ૪૯ |
| | | ----------- |
| | | કુલ કેસઃ ૨૨૨૬ |
| ૨ | પડદાનુ ક્લીનીક | |
| | આરગન લેસર................. | ૯૫૪ |
| | ફ્લોરેસીન એન્જીયોગ્રાફી..... | ૮૦૩ |
| | અલ્ટ્રા સોનોગ્રાફી.............. | ૧૬૪૨ |
| | સર્જીકલ રેટીના................ | ....... |
| | ઓ.સી.ટી. .................... | ૧૭૧૬ |
| | કુલ ઓ.પી.ડી................. | ૧૦૭૭૧ |
| ૩ | કોર્નીયા ક્લીનીક | ૧૪૨૩ |
| ૪ | કોન્ટેકલેન્સ કલીનીક | ૨૦૧ |
| ૫ | ત્રાંસી આંખનુ કલીનીક | |
| | ત્રાંસી આંખના કેસ......... | ૮૦૫ |
| | નબળી આંખના કેસ........ | ૯૫ |
| | લકવાના કેસ ............... | ૬૫ |
| | પોપચુ ...................... | ૧૨ |
| | કસરત ...................... | ૪૫ |
| | ચશ્મા ....................... | ૩૦ |
| | કુલ કેસ..................... | ૧૦૫૨ |

# ૯.૧ સાર્વજનિક કેળવણી

## ૦૮-૦૯

**કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવ ૨૦૦૮ :**

રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગના આદેશ અનુસાર અમદાવાદ મ્યુ.સ્કૂલ બોર્ડની તમામ શાળા સંકુલોમાં વર્ષ-૨૦૦૮ના જૂન માસની તા.૧૯, ૨૦ અને ૨૧ના રોજ કન્યાકેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવ ૨૦૦૮ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

સ્કૂલ બોર્ડ તરફથી આપવામાં આવેલ કાર્યક્રમના સ્વરૂપ મુજબ જ નિયત કરવામાં આવેલ સમય, સ્થળ અને તારીખે કાર્યક્રમ યોજવામાં આવ્યાં. દરેક સંકુલમાં યોજાયેલ કાર્યક્રમનું સંચાલન એક કુમાર અને કન્યા દ્વારા કરવામાં આવ્યું. નવા દાખલ થયેલ બાળકોનું કુમકુમથી તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું. તેમજ શિક્ષણ ઉપયોગી કિટ આપાવમાં આવી. તા.૧૯ થી ૨૧ જૂન દરમિયાન ધોરણ-૧ માં ૨૦,૫૬૫ જેટલાં વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો. નવા સત્રમાં ધોરણ-૧માં કુલ ૨૯,૩૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો જ્યારે ૮૯ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોક સહયોગમાં રૂા.૮,૭૫,૬૬૬/-નું વસ્તુ તથા રોકડ સ્વરૂપે દાન પ્રાપ્ત થયું.

રોજના ૨૩ રૂટ પ્રમાણે તા.૧૯, ૨૦, ૨૧ જૂન દરમિયાન ત્રણ દિવસ સુધી માન.મંત્રીશ્રી તથા ધારાસભ્યશ્રી તેમજ રાજ્ય સરકારના ૪ આઈ.એ.એસ., ૨૫ આઈ.પી.એસ. ૭ સચિવાલય કેડરના અધિકારીશ્રી ૧ શિક્ષણ ખાતાના અધિકારીશ્રી એમ કુલ ૩૭ અધિકારીશ્રીઓ તથા કોર્પો.ના પદાધિકારીશ્રીઓ દ્વારા શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી.

**ઘરખાનગી અભ્યાસ પરીક્ષા-૨૦૦૮ :**

૬ થી ૧૪ વર્ષ વચ્ચેની ઉંમરનું કોઈ પણ બાળક કેટલાક કારણોસર શાળામાં જઈ અભ્યાસ કરી કયું ન હોય કે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો હોય તેમજ જે બાળકો અમદાવાદ શહેર કોર્પો. વિસ્તારની કોઈ પણ માન્ય ખાનગી શાળા કે મ્યુ.શાળામાં દાખલ થયા સિવાય ઘેર અભ્યાસ કરીને પરીક્ષા આપી ઉત્તીર્ણ થઈ અમદાવાદ શહેરની કોઈપણ માન્ય ખાનગી કે મ્યુ.શાળામાં દાખલ થઈ આગળ અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧ થી ૬ની ઘરખાનગી અભ્યાસ પરીક્ષા-૨૦૦૮નું મ્યુ.સ્કૂલ બોર્ડ દ્વારા તા.૦૯-૦૭-૨૦૦૮ થી તા.૧૨-૦૭-૨૦૦૮ દરમિયાન એલિસબ્રીજ શા.નં.૧૪ પાલડીના કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

**ચેસ તાલીમ :**

જી.સી.ઈ.આર.ટી.ની સૂચના મુજબ તમામ મ્યુ.શાળાઓમાં રમાડવામાં આવતી વ્યક્તિગત અને સાંઘિક રમતોની સાથે સાથે ઈન્ડોર રમત તરીકે ચેસની રમતનો પણ સમાવેશ કરવો તે અંતર્ગત ચેસની રમત દ્વારા વિદ્યાર્થીઓ માનસિક રીતે સજ્જ બને તે હેતુથી મ્યુ.શાળાના શિક્ષકો તથા આચાર્યોને પાંચ દિવસની તાલીમ ગત જૂન માસમાં આપવામાં આવી હતી. આ તાલીમની સાથે સાથે શાળા કક્ષાએ ચેસની કીટ, ચેસ અંગેની માર્ગદર્શિકા તેમજ શિક્ષક દીઠ પણ ચેસની કિટ આપવામાં આવી હતી. તા.૨૭-૦૬-૨૦૦૮ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ચેસ તાલીમ શિબિરનો સમાપન સમારોહ યોજાઈ ગયો.

**વિજ્ઞાન-ગણિત પ્રદર્શન :**

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અમદાવાદ શહેર તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શહેર કક્ષાની પ્રાથમિક શાળાઓ માટે 'વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-૨૦૦૮'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન તા.૦૪-૧૦-૨૦૦૮ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી રમણભાઈ વોરાના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

'વિશ્વના અસ્તિત્વને ટકાવી રાખવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજી' વિષય સાથે આયોજિત આ પ્રદર્શન કુલ પાંચ વિભાગમાં વિવિધ કૃતિઓ સાથે પ્રદર્શિત થયું હતું. આ પ્રદર્શનમાં મ્યુનિ.સ્કૂલ બોર્ડ સંચાલિત ૧૬૧ શાળાઓ તેમજ

૩૯ ખાનગી પ્રાથમિક શાળાઓની પાંચ વિભાગમાં કુલ ૨૦૦ કૃતિઓ રજૂ થઈ હતી. વોર્ડ કક્ષાએ યોજાયેલ પ્રદર્શનમાં ૪૧૫ મ્યુનિ.શાળાઓએ તથા ૫૭ માન્ય પ્રાથમિક શાળાઓએ પાંચ વિભાગમાં કુલ ૬૭૫ કૃતિઓ રજૂ કરેલ જે પૈકી દરેક વિભાગમાંથી એક શ્રેષ્ઠ કૃતિ શહેર કક્ષાએ યોજાયેલ આ પ્રદર્શનમાં રજૂ કરાઈ હતી. સ્કૂલ બોર્ડના તથા ખાનગી પ્રાથમિક શાળાઓના આશરે ૫૦,૦૦૦ બાળકોએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો.

**શિક્ષકદિન :**

તા.૫ મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં શિક્ષકદિન નિમિત્તે માન.મુખ્યમંત્રીશ્રીના ઉદ્દબોધનને વિદ્યાર્થીઓ સ્ક્રિન પર જોઈ શકે અને સાંભળી શકે તેવો પ્રબંધ સેટેલાઈટના માધ્યમથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ પાંચેય ઝોનના કુલ ૧૫૮૫૪૮ વિદ્યાર્થીઓ તથા તમામ શિક્ષકોએ નિહાળ્યો હતો.

**વક્તૃત્વ સ્પર્ધા :**

મ્યુ.શાળાઓમાં ધોરણ-૫ થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વક્તૃત્વકલા વિકસે તે માટે સ્કૂલ બોર્ડ, અમદાવાદ અને રોટરી કલબ, અમદાવાદ મેટ્રોના સંયુક્ત ઉપક્રમે ‘સોનાબા શાહ’ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૪-૦૮-૨૦૦૮ના રોજ શાળા કક્ષાએ, તા.૧૮-૦૯-૨૦૦૮ના રોજ વોર્ડ કક્ષાએ તા.૨૯-૦૯-૨૦૦૮ ના રોજ ઝોન કક્ષાએ યોજાયેલ આ સ્પર્ધામાં ઝોન કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે ૨૭ નવેમ્બર ૨૦૦૮ના રોજ આંતરઝોન કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહાનગરના મેયરશ્રી કાનાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને આયોજિત આ કાર્યક્રમમાં ઝોન કક્ષાએ વિજેતા કુલ ૧૬ બાળકોએ પસંદગીના વિષય પર વક્તૃત્વ આપ્યું હતું. જેમાંથી પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર તેમજ મોમેન્ટોની ભેટ તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી બિરદાવ્યા હતા.

**સાક્ષરતાદીપ કાર્યક્રમ :**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તથા નિયામકશ્રી સારક્ષરતા અને નિરંતર શિક્ષણની સૂચના મુજબ તા.૨૪-૧૧-૨૦૦૮ થી ૦૬-૧૨-૨૦૦૮ દરમિયાન સાક્ષરતાદીપ-૨૦૦૮ની ઉજવણી તમામ મ્યુ.શાળાઓમાં કરવામાં આવી.

**શ્રેષ્ઠ શિક્ષક પ્રતિયોગિતા :**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યો કે સ્કૂલ બોર્ડમાં કાર્યરત શિક્ષકો પૈકી જેમનો જ્ઞાનલબ્ધિ અને કામગીરી ઉત્કૃષ્ટ હોય તેમને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી જાહેરમાં બિરદાવવામાં આવે. આ માટે થીયરીકલ રજૂઆત અને પ્રેક્ટીકલ વર્ક જોઈ નિર્ણય કરવાનો વિચાર સ્વીકારવામાં આવ્યો. કુલ ૧૦૦ ગુણ (૭૦ થીયરીકલ + ૩૦ પ્રેક્ટીકલ)માંથી શ્રેષ્ઠ શિક્ષકની તારવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**બાળરમતોત્સવ :**

મ્યુ.શાળાઓમાં તા.૧૮-૧૨-૨૦૦૮ના રોજ શાળાકક્ષા તથા તા.૨૨-૧૨-૨૦૦૮ના રોજ બીટક્ષાનો બાળરમતોત્સવ યોજાઈ ગયો. બીટકક્ષાએ યોજાયેલ આ રમતોત્સવનું આયોજન પાંચેય ઝોનમાં જુદા જુદા ૧૦ કેન્દ્રો ખાતે કરવામાં આવ્યું હતું. શાળાકક્ષા તથા બીટકક્ષાના રમતોત્સવની પૂર્ણાહૂતિ બાદ ઝોન કક્ષાએ બાળ રમતોત્સવ તા.૩૦-૧-૨૦૦૯ના રોજ પાંચેય ઝોનના જુદા જુદા પાંચ કેન્દ્રો ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં બીટકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીઓએ તેમજ સાંઘિક રમતોમાં પ્રથમ તથા દ્વિતીય ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા આયોજિત

શહેર કક્ષાના વાર્ષિક બાળ રમતોત્સવ ૨૦૦૮-૦૯નો ઉદ્‌ઘાટન સમારોહ મહાનગરના માનનીય મેયરશ્રી કાનાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને તા.૧૦-૦૨-૨૦૦૯ના રોજ એસ.આર.પી.શા.નં.૨, નરોડા ખાતે યોજાઈ ગયો.

**સ્ટુડન્ટ એચીવમેન્ટ પ્રોફાઈલ :**

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તથા જી.સી.ઈ.આર.ટી.ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના આધારે ગ્રેડેશન આપવાનું નિયત કરવામાં આવેલ. તે અનુસંધાને તા.૦૬-૧૨-૨૦૦૮ના રોજ તમામ મ્યુ.શાળાોમાં અભ્યાસ કરતાં ધોરણ-૪ અને ધો.૭ના વિદ્યાર્થીઓની એક બહુવિકલ્પ પ્રકારની કસોટી લેવામાં આવી. જેમાં મ્યુનિ.શાળાઓના ૨૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કસોટી આપી હતી. 'જીઈઁ' અંતર્ગત લીધેલ આ કસોટી દ્વારા દરેક શાળાને ગ્રેડ આપવામાં આવેલ છે.

**કાંકરિયા કાર્નિવલ :**

અમદાવાદ મહાનગરની એક આગવી ઓળખ બની ગયેલ અને અતિ પ્રાચીન એવા કાંકરિયા તળાવમાં પુનઃનિર્માણ બાદ તેના લોકાર્પણનો કાંકરિયા કાર્નિવલ ઉત્સવ તા.૨૫-૧૨-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ દરમિયાન યોજાઈ ગયો. જેમાં મ્યુ.શાળાઓના બાળકો તથા શિક્ષકો રંગોળી, રન-ફોર કાંકરિયા અને માનવ - સાંકળ તથા સૂર્યનમસ્કાર અને યોગ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

**વાઈબ્રન્ટ ગુજરાત તથા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ :**

વાઈબ્રન્ટ ગુજરાત તથા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૦૯નો ઉદ્‌ઘાટન સમારોહ તા.૧૧-૦૧-૨૦૦૯ ના રોજ શાહીબાગ પાલીસ સ્ટેડિયમ ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ પંડિત નવલકિશોર શર્મા તથા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

**ઓલ ઈન્ડિયા ડ્રોઈંગ એન્ડ હેન્ડ રાઈટીંગ કોન્ટેસ્ટ :**

અખિલ ભારતીય નાગરિક વિકાસ કેન્દ્ર, ઔરંગાબાદ તરફથી ઑલ ઈન્ડિયા ડ્રોઈંગ એન્ડ હેન્ડ રાઈટીંગ સ્પર્ધઆનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુ.શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ડ્રૉઈંગ સ્પર્ધામાં કુલ ચાર ગ્રુપમાં સંસ્થા દ્વારા અપાયેલ જુદા જુદા વિષયોમાં ચિત્ર દોરી, રંગ પૂરી ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા આયોજિત હેન્ડ રાઈટીંગ સ્પર્ધામાં પણ હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં સુલેખન કર્યુ હતું.

૨૬ મ્યુનિ.શાળાઓના ૨૨૩ વિદ્યાર્થીઓએ ડ્રૉઈંગ અને ૨૮૫ વિદ્યાર્થીઓએ હેન્ડ રાઈટીંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ઑલ ઈન્ડિયા લેવલે ૦૯ બાળકોએ વિજેતા બની કલારત્ન એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. આ બંને સ્પર્ધામાં વિજેતા થયેલ બાળકોને મોમેન્ટો તથા પ્રમાણપત્ર તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તથા તેમને પ્રોત્સાહન આપનાર તમામ શિક્ષકોને પણ પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

**મેરિટ સ્કૉલરશિપ પરીક્ષા અને સ્કૉલરશિપ વિતરણ :**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા દર વર્ષે યોજાતી મેરિટ સ્કૉલરશિપ પરીક્ષા તા.૨૧-૦૨-૨૦૦૯ના રોજ પાંચ ઝોનના કુલ-૬ કેન્દ્રો ખાતે યોજવામાં આવી હતી.

મેરિટ સ્કોલરશિપ પરીક્ષામાં ઉમેદવારી કરનાર ધોરણ-૫ના કુલ ૪૫૭૬ વિદ્યાર્થીઓ પૈકી ૩૪૬૮ વિદ્યાર્થીઓ અને ધોરણ-૬માં ૧૯૬૪ પૈકી ૧૬૧૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ગુજરાતી, ઉર્દૂ, હિન્દી, મરાઠી, તામિલ અને અંગ્રેજી એમ કુલ-૬ માધ્યમના ૫૦૭૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત હતા. જે પૈકી ૭૦% થી વધુ ગુણ મેળવનાર ૨૪૯ વિદ્યાર્થીઓને સ્કૂલ બોર્ડના શાસનાધિકારીશ્રી ડૉ.લગધીરભાઈ દેસાઈના હસ્તે રૂા.૫૦૦/- મેરિટ સ્કૉલરશીપ આપવામાં આવી હતી. વર્ષ-૨૦૦૫-૦૬ના પાત્રતા ધરાવતા કુલ ૧૧૧ વિદ્યાર્થીઓને રૂા.૨૫૦/- લેખે તથા વર્ષ-૨૦૦૬-૦૭ના પાત્રતા ધરાવતા કુલ ૫૧૯ વિદ્યાર્થીઓને પણ રૂા.૫૦૦/- મેરિટ સ્કોલરશિપ લેખે આપવામાં આવ્યા હતા.

**વિદ્યાસહાયક નવસંસ્કરણ શિબિર :**

સ્કૂલ બોર્ડ ખાતે નવનિયુક્ત વિદ્યાસહાયકોને શૈક્ષણિક અને વ્યાવસાયિક રીતે સજ્જ બનાવવા માટે તા.૨૭-૦૩-૨૦૦૯ના રોજ એલિસબ્રીજ શાળા નં.૨/૨૪ ખાતે 'વિદ્યાસહાયક નવસંસ્કરણ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫૧ જેટલા નવનિયુક્ત વિદ્યાસહાયકોને તજજ્ઞોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**બાળમેળો :**

તા.૧૨-૦૨-૨૦૦૯ના રોજ તમામ શાળામાં બાળમેળાનું આયોજન કરાવમાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ રંગપૂરણી, અભિનયગીત, છાપકામ, ચીટકકામ, કાગળકામ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ધોરણ ૫ થી ૭ના વિદ્યાર્થીઓએ ચિત્રકામ, અભિનયગીત, રંગોળી, માટીકામ, પ્રયોગ અને નાટક જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

**વાલીદિન :**

સ્કૂલ બોર્ડ સંચાલિત તમામ શાળાઓમાં તા.૨૧-૦૩-૨૦૦૯ના રોજ વાલીદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અંગે તેમના વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓની નિયમિતતા, ગૃહકાર્ય, સ્વસ્છતા જેવી બાબતો અંગે શિક્ષકોએ ઉપસ્થિત વાલીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

**વાચન સપ્તાહ :**

સ્કૂલ બોર્ડની તમામ શાળાઓમાં તા. ૧૬-૦૨-૨૦૦૯ થી તા. ૨૧-૦૨-૨૦૦૯ દરમ્યાન વાંચન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તે દરમ્યાન મુખવાંચન પ્રોજેકટ, પુસ્તકાલયની મુલાકાત,વાચનસ્પર્ધા, પુસ્તકસમીક્ષા જેવી પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લઇ સુંદર દેખાવ કર્યો હતો.

**બાળ-પુસ્તક વાચન કાર્યક્રમ :**

તા. ૨૭-૦૨-૨૦૦૯ ના રોજ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત ઉસ્માનપુરા શાળા નં ૨, એલિસબ્રીજ શાળા નં. ૧૦, શાહપુર શાળા નં. ૫ તથા શાહપુર શાળા નં. ૭ ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ઉસ્માનપુરા શાળા નં. ૨ ની ધોરણ ૬ ની વિદ્યાર્થીની પૂજા તુલસીભાઇ પરમારે બાળ-પુસ્તક વાચનમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

**સાયન્સ સીટી મુલાકાત :-**

ફેબ્રુઆરી-૨૦૦૯ દરમ્યાન મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં ધોરણ-૫ થી ૭ ના ૩૮૦૦૦ વિદ્યાર્થીઓને સાયન્સ સીટી, સોલાની નિઃશુલ્ક મુલાકાત લેવાની તક સ્કૂલ બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સાયન્સ સીટીમાં આવેલ જુદા જુદા વિભાગોની મુલાકાત લઇ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષયક વિશાળ માહિતી પ્રાપ્ત કરી ગમ્મત સાથે જ્ઞાન અને પ્રત્યક્ષ વિજ્ઞાનનો અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

**સમર કેમ્પ :-**

મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત પુરુષોત્તમનગર શાળા, જહાંગીરપુરા શાળા નં. ૧, ૨ તથા એલિસબ્રીજ શાળા નં.૨ માં વેકેશન દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૩ વર્ગોમાં ૧૩૪ બાળકોએ લાભ લીધો હતો. બાળકો રોજબરોજની શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃતિઓ દ્વારા જીવન જીવવાની કળા હસ્તગત કરે અને તે દ્વારા પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી સમાજને ઉન્નતિ તરફ દોરી જાય તથા વેકેશનના સમયનો સદુપયોગ થાય તે હેતુસર યોજાયેલ આ કેમ્પમાં હેંગીગ બ્રીજ, કમાન્ડો બ્રીજ, ટારઝન જમ્પ, ટનલ પાસીંગ, રાયફલ શુટીંગ, હાઇકીંગ, કેમ્પ ફાયર, શિલ્પકલા, ચિત્રકલા, યોગ, રમતગમત, બેન્ડ જેવી જીવન કૌશલ્યોના વિકાસની પ્રવૃતિને ઉત્તેજન મળે તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

**લોકસહયોગ :**

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા શાહીબાગ શાળા નં.૬ ના ધોરણ ૧ ના વિદ્યાર્થીઓને ગેઇમ કિટ, ધોરણ-૨ થી ૪ ના વિદ્યાર્થીઓને પેન્સિલબોક્ષ તથા ધોરણ-૫ થી ૭ ના વિદ્યાર્થીઓને ભૂગોળપોથી તેમજ વિજ્ઞાનપોથી આપવામાં આવી હતી. આજ શાળાના બે વિદ્યાર્થીઓને દત્તક લઇ તેમના ભાવિવિકાસ અને અભ્યાસની જવાબદારી પણ એસ.બી.આઇ.એ સ્વીકારી હતી. આમ બેંકે લોક સહયોગ પૂરો પાડી સમાજને સુંદર ઉદાહરણ પુરું પાડયું હતું.

**શાળા કક્ષાએ યોજાયેલ વિશેષ પ્રવૃત્તિઓ :-**

- જુલાઇ -૨૦૦૮ દરમ્યાન કાંકરિયા શાળા નં.૮ ખાતે ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. અમરાઇવાડી શાળા નં. ૮ ના ધોરણ ૫ થી ૭ ની ૧૦૦ વિદ્યાર્થીની દ્વારા કેશગૂંથન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું.

- ઓગસ્ટ-૨૦૦૮ દરમ્યાન દાણીલીમડા શાળા નં. ૩ ખાતે ધોરણ-૬ ના વિદ્યાર્થીઓની મહેંદી હરીફાઇનું અયોજન કરવામાં આવ્યું હતું

- સપ્ટેમ્બર-૨૦૦૮ દરમ્યાન અમરાઇવાડી શાળા નં.૮ની ધોરણ ૭ ના ૧૧ વિદ્યાર્થીઓએ જાદુના પ્રયોગો રજૂ કર્યા હતા. તેમજ દાણીલીમડા શાળા નં.૩ ના ધોરણ ૫ ના વિદ્યાર્થીઓની ચિત્રસ્પર્ધા યોજાઇ ગઇ.

- નવેમ્બર-૨૦૦૮ દરમ્યાન અમરાઇવાડી શાળા નં. ૮ ના ધોરણ ૫ થી ૭ ના ૬૨ બાળકોએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અરાઇવાડી શાળા નં. ૧ ના ધોરણ ૫ થી ૭ ના ૧૦૦ બાળકો વચ્ચે બાલગીત સ્પર્ધા યોજવામં આવી હતી. તા.૧૪ નવેમ્બરના રોજ બહેરામપુરા ઉર્દૂ શાળા નં. ૫ અને ૬ માં આનંદમેળો ઉજવવામાં આવ્યો હતો.

- ડિસેમ્બર-૨૦૦૮ દરમ્યાન મણિનગર શાળા નં. ૬ માં વિદ્યાર્થીઓની ચેસ સ્પર્ધા રાખવામાં આવી હતી. બહેરામપુરા ઉર્દૂ શાળા નં. ૫ અને ૬ ની શાળાના લઘુમતી વર્ગના ગરીબ બાળકના વાલીને રૂા. ૧૦૦૦/- નીઅનાજની કીટ અર્પણ કરવામાં આવી હતી.

- માર્ચ - ૨૦૦૯ દરમ્યાન કાંકરિયા શાળા નં. ૯ ના તમામ બાળકોએ હોળીના ઉત્સવની ઉજવણી કરી હતી.

- ૧૪ એપ્રિલ-૨૦૦૯ ના રોજ બાગે ફિરદોશ શાળા નં. ૧ ના ૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા આંબેડકર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

**શાળાઓ,શિક્ષકો અને વિધાર્થીઓની છેલ્લા પાંચ વર્ષની માહિતી**

**પત્રકઃ૯ઃ૧ઃ૧**

| ક્રમ | વર્ષ | શાળા | શિક્ષકો | વિધાર્થીઓ | વિધાર્થીઓનું સરેરાશ પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|
| | | | | | શાળાદીઠ | શિક્ષકદીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૪૮૩૦ | ૧૮૯૦૪૫ | ૩૫૪ | ૩૯.૧૩ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૪૭૮૫ | ૧૮૭૧૧૫ | ૩૪૬ | ૩૯.૧૦ |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૪૫૫૯ | ૧૬૪૦૫૮ | ૩૭૦ | ૩૫.૯૮ |
| ૪ | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૪૩૨૪ | ૧૬૨૮૮૬ | ૩૬૨ | ૩૭.૬૭ |
| ૫ | ૨૦૦૮-૦૯ | ૪૬૨ | ૪૧૨૧ | ૧૫૮૫૪૮ | ૩૪૩ | ૩૮.૪૬ |

## માધ્યમવાર શાળાઓ,વર્ગો,શિક્ષકો અને વિધાર્થીઓની માહિતી(તાઃ૩૧/૦૮/૦૮ મુજબ)

પત્રકઃ૯ઃ૧ઃ૨

| ક્રમ | માધ્યમ | શાળાઓ | વર્ગો | શિક્ષકો | વિધાર્થીઓ | વિધાર્થીઓનું સરેરાશ પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વર્ગદીઠ | શિક્ષકદીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગુજરાતી | ૨૮૭ | ૨૫૨૭ | ૨૭૬૭ | ૧૦૮૨૦૪ | ૪૨.૮૧ | ૩૯.૧૦ |
| ૨ | ઉર્દૂ | ૭૩ | ૫૩૫ | ૫૮૬ | ૨૩૦૪૭ | ૪૩.૦૭ | ૩૯.૩૦ |
| ૩ | હીન્દી | ૬૬ | ૫૭૩ | ૬૧૯ | ૨૩૧૩૩ | ૪૦.૩૭ | ૩૭.૩૭ |
| ૪ | મરાઠી | ૨૦ | ૭૭ | ૯૭ | ૨૪૪૨ | ૩૧.૭૧ | ૨૫.૧૭ |
| ૫ | સિંધી | ૦૫ | ૧૮ | ૧૨ | ૪૦૦ | ૨૨.૨૨ | ૩૩.૩૩ |
| ૬ | તામીલ | ૦૬ | ૨૪ | ૨૭ | ૬૫૮ | ૨૭.૪૧ | ૨૪.૩૭ |
| ૭ | તેલૂગુ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦૪ | ૦.૦ | ૪.૦૦ |
| ૮ | મલયાલમ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦૩ | ૦.૦ | ૧.૫૦ |
| ૯ | અંગ્રેજી | ૦૪ | ૧૬ | ૧૦ | ૬૫૭ | ૪૧.૦૬ | ૬૫.૭૦ |
| | કુલ | ૪૬૨ | ૩૭૭૦ | ૪૧૨૧ | ૧૫૮૫૪૮ | ૪૨.૦૫ | ૩૮.૪૭ |

## શાળાદીઠ/વિદ્યાર્થીદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

પત્રક : ૯ઃ૧ઃ૩

| ક્રમ | વર્ષ | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | કુલ ખર્ચ રૂ.લાખમાં | શાળાદીઠ | વિદ્યાર્થીદીઠ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૧૮૯૦૪૫ | ૧૧૩૭૩.૭૯ | ૨૧૨૯૯૨૩ | ૬૦૧૬ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૧૮૭૧૧૫ | ૧૨૦૯૨.૦૦ | ૨૨૩૫૧૨૦ | ૬૪૬૨ |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૧૬૪૦૫૮ | ૧૩૫૬૧.૦૩ | ૩૦૬૧૧૮૦ | ૮૨૬૬ |
| ૪ | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૧૬૨૮૮૬ | ૧૬૯૯૪.૦૦ | ૩૭૭૬૪૪૪ | ૧૦૪૩૩ |
| ૫ | ૨૦૦૮-૦૯ | ૪૬૨ | ૧૫૮૫૪૮ | ૧૫૬૩૩.૪૬ | ૩૩૮૩૮૬૫ | ૯૮૬૦ |

## પ્રાથમિક શાળાઓ અંગે થયેલ કુલ ખર્ચ અને મળેલ અનુદાની માહિતી દર્શાવતુ પત્રક

પત્રક : ૯ઃ૧ઃ૪

| ક્રમ | વર્ષ | શાળાઓની સંખ્યા | કુલ ખર્ચ રૂ. લાખમાં | મળેલ અનુદાન રૂ.લાખમાં | ખર્ચ સામે અનુદાનની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૧૧૩૭૩.૭૯ | ૮૩૦૫.૦૦ | ૭૩.૦ |
| ૨. | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૧૨૦૯૨.૦૦ | ૯૧૮૦.૦૦ | ૭૫.૭૫ |
| ૩. | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૧૩૫૬૧.૦૩ | ૮૯૨૦.૦૦ | ૭૨.૨૬ |
| ૪. | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૧૬૯૯૪.૦૦ | ૧૧૮૭૦.૨૬ | ૬૯.૨૨ |
| ૫. | ૨૦૦૮-૦૯ | ૪૬૨ | ૧૫૬૩૩.૪૬ | ૧૨૭૭૪.૯૯ | ૮૧.૭૧ |

## ૯.૨ માધ્યમિક શાળાઓ

## ૦૮-૦૯

| અ.નં | શાળાનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | **મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ** | દાણાપીઠ, અમદાવાદ-૧. |
| ૨ | રખિયાલ મ્યુનિ. ઉર્દૂ માધ્યમિક શાળા | રખિયાલ ચાર રસ્તા, રખિયાલ, અમદાવાદ. |
| ૩ | બાપુનગર મ્યુનિ. હિંદી માધ્યમિક શાળા | રખિયાલ ગામ, રખિયાલ, અમદાવાદ |
| ૪ | અસારવા મ્યુનિ. ગુજરાતી માધ્યમિક શાળા | મહાપ્રભુજીની બેઠક, અસારવા, અમદાવાદ |
| ૫ | મણિનગર મ્યુનિ. ગુજરાતી માધ્યમિક શાળા | રોહિતમીલ સર્કલ, ખોખરા, અમદાવાદ |

આમ ઉપરોક્ત પાંચ માધ્યમિક શાળાઓ પૈકી શહેરની મધ્યમાં કન્યાઓને અભ્યાસ કરવા માટે મ્યનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ સને ૧૯૩૦ થી ચલાવવામાં આવે છે. આ શાળામાં ધોરણ-૮ થી ૧૦ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. જયારે બીજી ચાર માધ્યમિક શાળાઓ સને ૧૯૮૫ થી શરૂ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં કુમાર અને કન્યાઓ સંયુક્ત અભ્યાસ કરે છે. આ શાળાઓમાં ધોરણ-૮ થી ૧૦ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. ઉપરોક્ત તમામ શાળાઓમાં ઉત્તમ શિક્ષણ માટે સારી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવામાં આવેલ છે. આ શાળામાં શિક્ષણ ઊપરાંત શિક્ષણને લગતી ઈતર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત્ત કરવા માટે વિવિધ હરીફાઈઓ ગોઠવવામાં આવે છે. શાળાઓમાં ગીત સ્પર્ધા, વર્ગ સુશોભન હરીફાઈ, એકપાત્રીય અભિનય, જ્ઞાનગોષ્ઠી, વગેરેનું આયોજન કરવામાં આવે છે.

આ પાંચ માધ્યમિક શાળાઓમાં સને ૨૦૦૮-૦૯ ના શૈક્ષણિક વર્ષમાં શિક્ષકોની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| વર્ષ | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫ | ૩૬ | ૧૪૨૩ |

આ પાંચ માધ્યમિક શાળાઓમાં સને ૨૦૦૮-૦૯ માં ધોરણ અને વર્ગોની વાર્ષિક સરેરાશ સંખ્યા તેમજ વર્ગ વાઈઝ સરાસરી હાજરી નીચે મુજબ છે.

| અ.નં | શાળાનું નામ | ધોરણ/વર્ગો | વર્ષ દરમ્યાન સરાસરી સંખ્યા | સરાસરી હાજરી |
|---|---|---|---|---|
| ૧ | **મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ** | ૮-અ | ૩૬.૦૦ | ૩૫.૦૦ |
| | | ૮-બ | ૩૬.૦૦ | ૩૫.૦૦ |
| | | ૯-અ | ૩૬.૦૦ | ૩૫.૦૦ |
| | | ૯-બ | ૩૬.૦૦ | ૩૫.૦૦ |
| | | ૧૦ | ૩૪.૦૦ | ૩૪.૦૦ |
| | | | | |
| ૨ | રખિયાલ મ્યુનિ. ઉર્દૂ માધ્ય. શાળા | ૮-અ | ૬૩.૦૦ | ૬૨.૦૦ |
| | | ૮-બ | ૫૭.૦૦ | ૫૭.૦૦ |
| | | ૮-ક | ૬૧.૦૦ | ૬૦.૦૦ |
| | | ૮-ડ | ૫૭.૦૦ | ૫૬.૦૦ |
| | | ૮-ઈ | ૫૭.૦૦ | ૫૬.૦૦ |
| | | ૯-અ | ૫૫.૦૦ | ૫૫.૦૦ |
| | | ૯-બ | ૫૪.૦૦ | ૫૪.૦૦ |
| | | ૯-ક | ૫૪.૦૦ | ૫૪.૦૦ |
| | | ૯-ડ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| | | ૧૦-અ | ૬૭.૦૦ | ૬૭.૦૦ |
| | | ૧૦-બ | ૬૮.૦૦ | ૬૮.૦૦ |
| ૩ | બાપુનગર મ્યુનિ. હિંદી માધ્ય. શાળા | ૮-અ | ૩૭.૭૨ | ૩૫.૩૫ |
| | | ૮-બ | ૩૫.૫૪ | ૩૦.૮૭ |
| | | ૯-અ | ૩૩.૪૫ | ૨૯.૮૪ |
| | | ૯-બ | ૨૯.૦૦ | ૨૬.૫૪ |
| | | ૧૦-અ | ૩૨.૧૮ | ૨૯.૮૮ |
| | | ૧૦-બ | ૨૬.૯૦ | ૨૧.૭૦ |
| ૪ | અસારવા મ્યુનિ. ગુજ. માધ્ય. શાળા | ૮-અ | ૪૨.૫૦ | ૩૮.૭૮ |
| | | ૮-બ | ૪૦.૨૫ | ૩૫.૨૪ |
| | | ૮-ક | ૩૭.૫૦ | ૩૬.૫૭ |
| | | ૮-ડ | ૩૮.૬૭ | ૩૬.૨૬ |
| | | ૯-અ | ૫૦.૦૮ | ૪૪.૬૯ |
| | | ૯-બ | ૫૧.૨૫ | ૪૬.૭૮ |
| | | ૯-ક | ૫૦.૫૦ | ૪૨.૯૫ |
| | | ૧૦ | ૨૭.૦૦ | ૨૪.૮૬ |
| ૫ | મણિનગર મ્યુનિ. ગુજ. માધ્ય. શાળા | ૮ | ૩૯.૦૦ | ૩૬.૦૦ |
| | | ૯ | ૩૭.૩૪ | ૩૪.૩૧ |
| | | ૧૦ | ૧૭.૦૦ | ૧૩.૦૦ |

અમદાવાદ મહાનગર સેવા સદન સંચાલિત પાંચ માધ્યમિક શાળાના વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓ તથા આયોજનની રૂપરેખા નીચે મુજબ છે.

મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં સત્રની શરૂઆત નવી બાળાઓની આવકારીને કરવામાં આવી. શાળામાં પ્રવેશોત્સવ ઉજવ્યો. વર્ગ પ્રતિનિધિની લોકશાહી ઢબે નિમણૂંક કરી. ઓગષ્ટ માસમાં તાલુકા કક્ષાએ યોજેલ યુવા મહોત્સવમાં ભાગ લીધો. શાળામાં ડોક્ટરી તપાસ બાળકોની કરવામાં આવી. જરૂરીને દવા ગોળી તથા ચશ્મા આપવામાં આવ્યા. ઓગષ્ટ માસમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી. નવેમ્બર માસમાં નૂતન વર્ષ તેમજ ઈદ ના તહેવારની ઉજવણી કરવામાં આવી. ડિસેમ્બર માસમાં કાંકરીયા કૈર્નવલ પ્રોગ્રામમાં ભાગ લીધો. જાન્યુઆરી માસમાં ૨૬-મી જાન્યુઆરીની ઉજવણી કરી. ફેબ્રુઆરી માસમાં રમતોત્સવ ની ઉજવણી કરી. માર્ચ માસમાં એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ તથા માસના અંતે તેઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો.

રખિયાલ મ્યુનિસિપલ ઉર્દૂ માધ્યમિક શાળામાં નવા સત્રના પ્રારંભે પ્રવેશોત્સવ ઉજવી નવા આવનાર વિદ્યાર્થીઓને આવકાર આપવામાં આવ્યો. ધોરણ-૮ ની નિદાન કસોટી પછી સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કર્યુ. લોકશાહી ઢબે વર્ગ પ્રતિનિધિની ચુંટણી યોજી. જુલાઈ માસમાં નિબંધ સ્પર્ધા, કેશ ગૂંફન, મહેંદી હરીફાઈ જેવી સ્પર્ધાઓ યોજી. વક્તૃત્વ સ્પર્ધા યોજી ઓગષ્ટ માસમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી. શાળામાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની ડોક્ટર્સ ટીમ દ્વારા આરોગ્યની ચકાસણી કરવામાં આવી. અંધજન સોસાયટી ગાંધીનગર દ્વારા બાળકોના આંખોની તપાસ કરી ચશ્મા આપવામાં આવ્યા. નવેમ્બર માસમાં મેટ્રો ચેરીટી વોક-૨ માં શાળાના વિદ્યાર્થીઓએ વસ્ત્રાપુરના કાર્યક્રમમાં ભાગ લીધો. ડિસેમ્બર માસમાં કાંકરીયા કાર્નિવલના રન ફોર કાંકરીયા કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો. ૧૨-મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી તથા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. શાળાકીય રમત ગમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ. તથા પ્રજાસત્તાક દિનની ઉજવણી તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો, માર્ચ માસના પ્રારંભે ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો .

બાપુનગર મ્યુનિસિપલ હિંદી માધ્યમિક શાળાએ જૂન-૨૦૦૮ માં જાહેર થયેલ એસ.એસ.સી. બોર્ડની પરિક્ષાના પરિણામમાં ૧૪૦% ઉપરાંતનો નોંધપાત્ર સુધારો જાળવી રાખ્યો. ત્યારબાદ કન્યા કેળવણી બેટી બચાઓ રેલીમાં વિદ્યાર્થીઓએ હિસ્સો લીધો. તા. ૨૩-૧૧-૦૮ ના રોજ વસ્ત્રાપુર લેક ખાતે યોજાયેલ મેટ્રો સીટી વોક-૨ માં વિદ્યાર્થીઓ ભાગ લીધો. ડિસેમ્બર-૦૮ દરમ્યાન યોજાયેલ ગુજરાતની ગરીમા સમા યોજાયેલ કાંકરીયા કાર્નિવલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત દોડમાં વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો. અવાજ સંસ્થા તરફથી સ્કૂલ મેન્ટલ હેલ્થ પ્રોજેક્ટનો લાભ વિદયાર્થીઓને મળ્યો. નિરોગી બાળ વર્ષ નિમિત્તે નેત્ર નિદાન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ જોડાયા. અન્ય હિન્દી શાળાની જેમ વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાની સાર્વત્રિક સમસ્યા સામે અત્રેની શાળાએ બ્લેકબોર્ડ, વિષયની લાયકાત ધરાવતા પૂર્ણ સમયના શિક્ષકો તથા ક્લાર્ક મેળવવા શાળા કક્ષાએ અનેક સંઘર્ષોનો સામનો કરવાનો થયો. અને શાળા કક્ષાએ વિદ્યાર્થી હિતને અગ્રતા આપવામાં આવી.

અસારવા મ્યુનિસિપલ ગુજરાતી માધ્યમિક શાળામાં નવા સત્રની શરૂઆતમાં ધોરણ-૮ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા તેઓને માધ્યમિકમાં ધોરણ-૮ માંના અભ્યાસક્રમ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. શાળામાં સમયાંતરે વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ સ્પર્ધાઓ, વક્તૃત્વ સ્પર્ધા, રમતગમતની વિવિધ હરીફાઈઓ, ચિત્ર સ્પર્ધા તથા સંગીત સ્પર્ધાઓ યોજવામાં આવી. શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે અવનવા પ્રોગ્રામ રાખવામાં આવ્યા તથા દેશ ભક્તિના ગીતોની સ્પર્ધા રાખવામાં આવી. શાળાના નવરાત્રીની ઉજવણી નિમિત્તે રાસ ગરબાની હરીફાઈ રાખવામાં આવી. દિવાળી તેમજ ઈદના તહેવારોની ઉજવણી કરવામાં આવી. કાંકરીયા કાર્નિવલના પ્રોગ્રામની વિવિધ હરીફાઈમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે શાળામાં વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું. શાળાનું પરિણામ સુધારવા માટે શાળાના ધોરણ-૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓના વધારાના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું તથા એકમ કસોટીઓ લેવામાં આવી. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓને રૂબરૂ બોલાવીને

તેમના બાળકોના અભ્યાસ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી માસથી એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા સુધી પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યુ.

મણિનગર મ્યુનિસિપલ ગુજરાતી માધ્યમિક શાળામાં સત્રની શરૂઆત નવા વિદ્યાર્થીઓનું સ્વાગત સાથે આવકારવામાં આવ્યા. પ્રવેશોત્સવ ઉજવ્યો, વર્ગ પ્રતિનિધિની લોકશાહી ઢબે નિમણૂંક કરી. ઓગષ્ટ માસમાં તાલુકા કક્ષાએ યોજેલ યુવા મહોત્સવમાં ભાગ લીધો. શાળામાં ડોક્ટરી તપાસ કરવામાં આવી અને જરૂરી દવા, ગોળી તથા ચશ્મા આપવામાં આવ્યા. ઓગષ્ટ માસમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. નવેમ્બર માસમાં નૂતન વર્ષ તહેવાની ઉજવણી કરવામાં આવી. ડિસેમ્બર માસમાં કાંકરીયા કાર્નિવલ મહોત્સવમાં ગરબા સ્પાર્ધા હરીફાઈમાં ભાગ લીધો. જાન્યુઆરી માસમાં ૨૬-મી જાન્યુઆરીની ઉજવણી કરી. ફેબ્રુઆરી માસમાં રમતોત્સવ ની ઉજવણી કરી. માર્ચ માસમાં એસ.એસ.સી. ના વિદ્યાર્થ્રીઓને બોર્ડની પરીક્ષા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ તથા તેઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો.

પત્રક ૯.૨.૨

**આ પાંચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ પરિણામની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | શાળાનું નામ | શિક્ષકોની સંખ્યા (આચાર્ય સહિત) | ધોરણ | વર્ગોની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | | | પરીક્ષામાં બેઠા | પાસ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુમાર | કન્યા | કુલ | | | |
| ૧ | મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ | ૬ | ૮ | ૨ | ૦ | ૭૨ | ૭૨ | ૭૧ | ૫૦ | ૭૦.૪૨ |
| | | | ૯ | ૨ | ૦ | ૭૨ | ૭૨ | ૭૨ | ૩૬ | ૫૦.૦૦ |
| | | | ૧૦ | ૧ | ૦ | ૩૪ | ૩૪ | ૩૦ | ૬ | ૨૦.૦૦ |
| ૨ | રખિયાલ મ્યુનિ. ઉર્દૂ માધ્ય. શાળા | ૯ | ૮ | ૫ | ૧૨૦ | ૧૭૫ | ૨૯૫ | ૨૯૧ | ૨૩૨ | ૭૯.૭૩ |
| | | | ૯ | ૪ | ૫૯ | ૧૫૪ | ૨૧૩ | ૨૧૩ | ૧૬૮ | ૭૮.૮૭ |
| | | | ૧૦ | ૨ | ૪૩ | ૯૩ | ૧૩૬ | ૧૩૫ | ૧૧૯ | ૮૮.૧૫ |
| ૩ | બાપુનગર મ્યુનિ. હિંદી માધ્ય. શાળા | ૭ | ૮ | ૨ | ૩૮ | ૨૭ | ૬૫ | ૬૫ | ૫૭ | ૮૭.૬૯ |
| | | | ૯ | ૨ | ૩૪ | ૨૭ | ૬૧ | ૬૧ | ૫૨ | ૮૫.૨૫ |
| | | | ૧૦ | ૨ | ૩૫ | ૨૧ | ૫૬ | ૫૬ | ૨૯ | ૫૧.૭૯ |
| ૪ | અસારવા મ્યુનિ. ગુજરાતી માધ્ય. શાળા | ૧૧ | ૮ | ૪ | ૮૩ | ૫૫ | ૧૩૮ | ૧૩૮ | ૬૩ | ૪૫.૬૫ |
| | | | ૯ | ૩ | ૯૦ | ૫૦ | ૧૪૦ | ૧૪૦ | ૪૩ | ૩૦.૭૧ |
| | | | ૧૦ | ૧ | ૧૨ | ૧૫ | ૨૭ | ૨૬ | ૬ | ૨૩.૦૮ |
| ૫ | મણિનગર મ્યુનિ. ગુજરાતી માધ્ય. શાળા | ૪ | ૮ | ૧ | ૨૩ | ૧૩ | ૩૬ | ૩૫ | ૩૨ | ૯૧.૪૩ |
| | | | ૯ | ૧ | ૨૫ | ૧૦ | ૩૫ | ૩૪ | ૩૨ | ૯૪.૧૨ |
| | | | ૧૦ | ૧ | ૧૩ | ૨ | ૧૫ | ૧૫ | ૧ | ૬.૬૭ |

## ૯.૩ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ

**૦૮-૦૯**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજની સ્થાપના સને ૧૯૬૩ના જુન માસમાં થયેલ હતી. મેડીકલ કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક તબીબી શિક્ષણ આપવામાં આવે છે. આ કોલેજ ગુજરાત રાજયની નામાંકિત કોલેજ છે. આ કોલેજને ૧૦૦ તબીબી સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી. પરંતુ સને ૨૦૦૦ માં વધુ ૫૦ સીટોનો વધારો કરી કુલ ૧૫૦ તબીબી સીટો રાખવામાં આવેલ છે. મ્યુનિસિપલ મેડીકલ કોલેજને ગુજરાત યુનિવર્સિટી તેમજ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા તરફથી માન્યતા મળેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ, શા.ચી.લા.જન.હોસ્પિટલ, એલ.જી.જન.હોસ્પિટલ, શ્રી ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ તેમજ ટી.બી. એન્ડ ચેસ્ટ હોસ્પિટલ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે. સને ૨૦૦૮-૨૦૦૯ના આખરે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૬૨૪ અને બીજી ટર્મમાં ૬૨૩ હતી અને જૂન ૨૦૦૮ થી શરુ થતા સત્રમાં ૧૫૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કોલેજનું કુલ ખર્ચ ૧૩,૩૬,૧૭,૦૦૦/- થયો છે. જે ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ દરમ્યાન રુ. ૯૬૯.૩૪ લાખ થયેલ હતું ચાલુ વર્ષે ૦૦૮-૨૦૦૯ ની ટયુશન ફીની આવક રુ.૧૪,૦૭,૦૪,૨૫૪/૮૩ થઈ છે. સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ દરમ્યાન રુ.૬,૭૧,૫૦,૬૭૦/- થયેલ હતી. આ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કિલનીક શિક્ષણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલોમાં મોકલવામાં આવે છે. આ કોલેજ સાથે સંલગ્ન હોસ્પિટલોમાં પોસ્ટ ગ્રેજયુએટનો કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પૂરતી સગવડ આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં પ્રથમ એમ.બી.બી.એસ.માં ઓગષ્ટ‘૨૦૦૮માં પ્રથમ વર્ષનું પરિણામ ૮૪.૭૧% હતું. દ્વિતિય વર્ષનું પરિણામ ૬૫.૦૦ % હતું અને તૃતિય વર્ષનું પરિણામ પાર્ટ-૧ નું ૮૬.૨૧%, પાર્ટ-૨નું ૬૮.૭૫% હતું. જયારે જાન્યુઆરી ૨૦૦૯માં લેવાયેલ પરીક્ષામાં પ્રથમ વર્ષનું પરિણામ ૮૬.૯૬% દ્વિતિય વર્ષનું પરિણામ ૮૨.૭૧% અને તૃતિય વર્ષ પાર્ટ-૧નું ૯૫.૫૯%, પાર્ટ-૨ નું ૯૦.૩૦% પરિણામ આવેલ છે. એકંદરે ત્રણે વર્ષના ૮૧૮ વિધાર્થીઓમાંથી ૫૮૭ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

ડીપાર્ટમેન્ટ વાઈઝ કામગીરી તેમજ ટર્મવાઈઝ પરીક્ષાની વિગત નીચે મુજબ છે.

**<u>ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા અને ટકાવારી દર્શાવતું પત્રક</u>**

| અનું નં. | વિગત | જુલાઈ‘૨૦૦૮ | | | જાન્યુઆરી‘૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વિદ્યાર્થીઓ | પાસ થયેલ વિદ્યાર્થીઓ | ટકાવારી | કુલ વિદ્યાર્થીઓ | પાસ થયેલ વિદ્યાર્થીઓ | ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. | ૧૫૭ | ૧૩૩ | ૮૪.૭૧% | ૨૩ | ૨૦ | ૮૬.૯૬% |
| ૨ | દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ. | ૪૦ | ૨૬ | ૬૫.૦૦% | ૧૩૩ | ૧૧૦ | ૮૨.૭૧% |
| ૩ | તૃતીય વર્ષ એમ.બી.બી.એસ. પાર્ટ – ૧ | ૨૯ | ૨૫ | ૮૬.૨૧% | ૧૩૬ | ૧૩૦ | ૯૫.૫૯% |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | તૃતીય વર્ષ એમ.બી.બી.એસ. પાર્ટ - ૨ | ૩૨ | ૨૨ | ૬૮.૭૫% | ૧૩૪ | ૧૨૧ | ૯૦.૩૦% |
| **કુલ....** | | **૩૯૨** | **૨૦૬** | | **૪૨૬** | **૩૮૧** | |

પરીક્ષામા બેઠેલા કુલ વિદ્યાર્થીઓ : ૮૧૮

પરીક્ષામાં પાસ થયેલ કુલ વિદ્યાર્થીઓ : ૫૮૭

# કોલેજ ડીપાર્ટમેન્ટની માહિતિ

## ૧) એનોટોમી વિભાગ :

એમ.બી.બી.એસ.(પ્રથમ વર્ષ)ના વિદ્યાર્થીઓનું એનેટોમીનું શિક્ષણ કાર્ય આ વિભાગમાં ચાલે છે તેમજ એનોટોમી (એમ.એસ.)ના વર્ગો પણ આ વિભાગમાં લેવાય છે. ડીપાર્ટમેન્ટના સુવ્યવસ્થિત મ્યુઝીયમની મુલાકાતે આવતા વિવિધ શાળાના વિદ્યાર્થીઓને મુલાકાત જાણકારી આપવા અંગેની કામગીરી આ વિભાગ મારફતે થાય છે. સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિતઓ મેડીકલ શિક્ષણમાં મદદની ભાવનાથી પોતાનું દેહદાન આપીને આ પ્રવૃત્તિને બળ પુરુ પાડે છે. અહેવાલી વર્ષ એપ્રિલ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન આ વિભાગને ૪૧ વ્યકિતઓના દેહદાન મળેલ હતા. એનોટોમી વિભાગમાં આવેલ મ્યુઝિયમમાં માનવ અને પ્રાણીઓના દેહના અવયવ અને બોર્ન્સનો સંગ્રહ કરીને માનવ જાતના અભ્યાસ માટેની સંશોધનની કામગીરી કરવામાં આવે છે. આ વિભાગમાં ૬ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજયુએશનનો પણ અભ્યાસ કરે છે અને પી.એચ.ડી.ના ૩ વિદ્યાર્થીઓ ગુજરાત યુનીવર્સીટી સાથે રજીસ્ટ્રેશન કરી થીસીસ તૈયાર કરી રહયા છે.

## ૨) ફિઝીયોલોજી વિભાગ:

ફિઝીયોલોજી વિભાગમા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમ MBBS માં ૧૫૧ વિદ્યાર્થીઓએ એડમીશન મેળવેલ હતું. ફીઝીયોલોજીમાં એમને હિમેટોલોજી એકસપરીમેન્ટલ અને કલીનીકલ લેબોરેટરીમાં પ્રેકટીકલ ટ્રેનીંગ આપવામાં આવી અને જેના ૧૮૦ લેકચર્સ લેવામ આવ્યા. જેમાં ફીઝીયોલોજી થીયરી ભણાવવામાં આવી તેમની ફસ્ટર્ ટર્મીનલ પરીક્ષા જાન્યુ.૦૯માં લેવામાં આવી.

૫મી એપ્રિલ ૦૮ એપીપીઆઈ ની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ તેમાં ગુજરાતમાંથી ૧૫૦ ડેલીગેટ આવેલ હતા એપ્રિલ ૦૮ માં પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ ખાતે ‘કવીઝ કોમ્પીટીશન‘ નું આયોજન કરવામાં આવેલ હતુ. પિયુષ ગુપ્તા, મૌસમ શાહ, સોનલ તિબરેવાલ વિજેતા થયા હતા.

તા.૧૧-૬-૨૦૦૮ના રોજ પવન ગોહેલ , વનિતા પંચાલ, ધર્મિષ્ઠા ચાવડા આ ત્રણ વિદ્યાર્થીઓએ એમ.ડી

ફિઝીયોલોજી કરવા એડમીશન લીધું.

## ૩) બાયોકેમેસ્ટ્રી વિભાગ :

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમની આ વિષયની કોલેજની તથા યુનિવર્સટીની તમામ પરીક્ષાઓ ડીપાર્ટમેન્ટ દ્વારા લેવાય છે. તદ્ઉપરાંત ફિઝિયોથેરાપી કોલેજના ૫૦ વિદ્યાર્થીઓ આ વિષયનો અભ્યાસ કરે છે. તે જ રીતે નગરી હોસ્પિટલના ઓપ્ટોમેટ્રીના ૩૦ વિદ્યાર્થીઓ પણ આ કોલેજમાં બાયોકેમેસ્ટ્રી વિષય ભણે છે. શેઠ વા.સા.જન.હોસ્પિટલમાં મેડીકલ લેબ.ટેકનીશીયનનો કોર્સ ચાલે છે જેમાં ૭૦ વિદ્યાથીઓ આ વિષયનો અભ્યાસ કરે છે તથા તેઓની પરીક્ષા અહીંયા લેવાય છે. શેઠ વા.સા.જન.હોસ્પિટલની બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીમાં વિવિધ પ્રકારના ૧૮૦૦ જેટલા ઈન્વેસ્ટીગેશન થાય છે. જેનું સંચાલન આ વિભાગ સંભાળે છે.આ વિભાગમાં Ph.D.(Medical Biochemistry) નો અભ્યાસક્રમ ચાલુ થયેલ છે. જેમા પ્રોફેસર અને ખાતાના વડા ડો.શોભાબેન એ. ચોકસીના માર્ગદર્શન હેઠળ શ્રી એસ.એલ.શર્મા તથા મીસીસ સ્મિતા બહેડીયા અભ્યાસ કરે છે.અત્રેની કોલેજમાં M.D.(Biochemistry)નો અભ્યાસક્રમ ગુજરાત યુનીવર્સીટીમાં પ્રથમ વખત શરુ કરેલ છે. જેમા હાલમાં ૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

## ૪) પેથોલોજી વિભાગ :

આ વિભાગમાં દર્દીઓના લોહી તથા સઘળી જાતના લેબોરેટરી તપાસનું કાર્ય થાય છે. આ વિભાગમાં એમ.બી.બી.એસ. અને પોસ્ટ ગ્રેજયુએટ (એમ.ડી. અને ડી.સી.પી.)ની ડીગ્રી માટેના તેમજ લેબોરેટરી ટેકનોલોજીનો કોર્ષ

(એમ.એલ.ટી.)ના વિદ્યાર્થીઓને શિક્ષણ પણ આપવામાં આવે છે. રીસર્ચ પેપર પ્રગટ કરવાનું અને ડેઝરટેશન તૈયાર કરવાનું કામ આ વિભાગના વડાઓના માર્ગદર્શન નીચે કરવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. કલીનીકલ પેથોલોજી

૨. હિસ્ટો પેથોલોજી

૩. સાઈટો પેથોલોજી

૪. હિમેટો પેથોલોજી

૫. બ્લડ બેંક

૬. મ્યુઝિયમ

અત્રેની કોલેજ ખાતે સંકળાયેલ હોસ્પિટલોમાં ઉપરના વિભાગ કાર્યરત છે અને કોલેજ પેથોલોજી વિભાગના પ્રોફેસરથી માંડીને જુની. લેકચરર સુધી તબિબી શિક્ષકો જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવે છે તથા કલીનીકલ ડયુટી કરે છે.

**અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગ તરફથી કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.**

| **નમુનાનું વર્ણન** | **તપાસાયેલા નમુનાની વિગત સને ૨૦૦૮-૨૦૦૯** |
|---|---|
| સી.બી.સી | ૭૦૯૩૮ |
| બી.ટી.સી.ટી | ૨૬૫૯૭ |
| પી.ટી | ૧૬૪૨૮ |
| એન.પી. | ૪૩૦૧૧ |
| ઈએસઆર | ૧૫૬૯૮ |
| સ્પેશ્યલ ટેસ્ટ | ૨૯૩૨ |
| રીપ્લેસમેન્ટ ધ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ | ૫૭૦૪ |
| સ્વૈચ્છિક રકતદાન ધ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ | ૫૨૦૪ |
| ઈસ્યુ કરાયેલ બ્લડ બોટલ્સ | ૬૮૬૪ |
| બ્લડ કોમ્પોનેન્ટ બનાવ્યા | ૧૦૦૧૦ |
| બ્લડ કોમ્પોનેન્ટ આપ્યા | ૯૬૫૩ |
| રકતદાતાના બ્લડ ગ્રુપની સંખ્યા | ૧૦૯૦૮ |
| દર્દીના બ્લડ ગ્રુપની સંખ્યા | ૨૬૫૪૪ |
| બ્લડ ડોનેશન કેમ્પની સંખ્યા | ૬૯ |
| યુરીન ટેસ્ટ | ૨૪૩૫૭ |
| હિસ્ટો પેથો. સ્પેસીમેન | ૫૨૭૦ |
| હિસ્ટો પેથો. સ્પેસીમેન સ્લાઈડસ | ૩૦૦૫૫ |
| ઓપ્ટોપ્સી સ્પેસીમેન | ૩૩૭૯ |
| ઓપ્ટોપ્સી સ્પેસીમેન સ્લાઈડસ | ૩૫૮૮ |
| સાયટોલોજી એફએનએ | ૭૬૩ |

## ૫) <u>માઈક્રોબાયોલોજી વિભાગ :</u>

અમદાવાદ શહેરમાં જયારે કોઈપણ રોગચાળો ફેલાય ત્યારે તેની બેકટેરીયોલોજી તપાસ આ વિભાગમાં થાય છે. દા.ત. ડેન્ગ્યુ, મેનેન્જાઈટીસ,ટાઈફોઈડ,કોલેરા,પ્લેગ,ગેસગેન્ગ્રીન વિગેરે. આ ઉપરાંત એમ.બી.બી.એસ., એમ.ડી.,ફીઝીયોથેરાપી,ઓપ્ટોમેટ્રી, એમ.એલ.ટી.ના વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અને પરીક્ષા કાર્ય આ વિભાગમાં થાય છે. આ વિભાગમાં નીચે મુજબના સંશોધન કાર્ય થાય છે.

૧) ગુજરાત સ્ટેટ એઈડસ કન્ટ્રોલ સોસાયટી અને એ.સી.એસ.(મ્યુનિસિપલ કોર્પોરેશન)દ્વારા પીપીટીસી અને આઈસીટીસી સેન્ટર ચાલે છે.

૨) છેલ્લા પાંચ વર્ષથી એન્ટીનેટલ સર્વેલન્સ પ્રોજેકટ ચાલે છે.

૩) એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ તથા વી.એસ.હોસ્પિટલમાં એચ.આઈ.વી.લેબોરેટરીને SRL (સ્ટેટ રેફરલ લેબોરેટરી) તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ગુજરાતની આશરે ૪૦ થી વધુ સેન્ટરોમાં એચ.આઈ.વી.ટેસ્ટીંગનું કવોલીટી પરીક્ષણ કરવામાં આવે છે.

**અહેવાલી વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન એચ.આઈ.વી(પેશન્ટ) લેબોરેટરીમાં નીચે જણાવેલ વિગત મુજબના નમૂના ટેસ્ટ કરવામાં આવેલ હતા.**

| અ.નં. | નમુનાનું વર્ણન | સંખ્યા |
|---|---|---|
| ૧ | સી.રીએકટીવ પ્રોટીન(સી.આર.પી.) | ૫૪૦ |
| ૨ | રુમે ટોઈડ આરથ્રાઈટીસ(આર.એ.) | ૭૫૨ |
| ૩ | એન્ટી સ્ટ્રેપ્ટોલાઈસીન ઓ.(એ.એસ.ઓ.) | ૧૯૪ |
| ૪ | વેનરલ ડીસીઝ રીસર્ચ લેબોરેટરી ટેસ્ટ (વી.ડી.આર.એલ.) | ૪૫૧ |
| ૫ | વીડાલ (ટાઈફોઈડ માટે) | ૨૦૪૮ |
| ૬ | હ્યુમન ઈમ્યુનો ડેફીસીયન્સી વાયરસ એન્ટીબોડી (એચ.આઈ.વી.) | ૨૦૧૫૮ |
| ૭ | હીપેટાઈટીસ બી સરફેસ એન્ટીજન (એચ.બી.એસ.) | ૨૧૪૧૬ |
| ૮ | હીપેટાઈટીસ 'સી' વાયરસ એન્ટીબોડી (એચ.આઈ.વી.) | ૨૫૧૩ |
| ૯ | ડેન્ગ્યુ ઈમ્યુનો ગ્લોબ્યુલીન 'M' એન્ટીબોડી | ૧૨૪૫ |
| ૧૦ | ઝાડાની તપાસ | |
| ૧૧ | એચ.આઈ.વી.ની તપાસ (પીપીટીસીટી) | ૪૧૧૯ |
| ૧૨ | એચ.આઈ.વી.ની તપાસ (વીસીટીસી) | ૩૩૦૯ |
| ૧૩ | એચ.આઈ.વી.ની તપાસ (એન્ટીનલ સર્વેલન્સ પ્રોગ્રામ) | ૩૬૩૮ |
| ૧૪ | કલ્ચર એન્ડ સેન્સીટીવીટીની તપાસ અને સ્મીયર તપાસ (પેશાબ,લોહી,ગળફો,પરુ, સીએસએફ,ઝાડા,ટીસ્યુ) | ૧૧૨૫૪ |
| ૧૫ | ગળાની તપાસ/ડીપ્થેરીયા | ૨૭૭ |
| ૧૬ | ફકત સ્મીયર ગ્રામસ્ટેઈન/ઝેડએન સ્ટેઈન | ૭૭૧ |
| ૧૭ | ફન્ગસ (ફૂગ) | ૨૩૪ |
| ૧૮ | ઝાડાની તપાસ (કોલેરા) | ૪૦૪ |
| ૧૯ | પેશાબ(પ્રેગનેન્સી ટેસ્ટ) | ૧૫૭૭ |
| ૨૦ | ઝાડાની તપાસ | ૧૪૯૬ |
| ૨૧ | ઓપરેશન થીયેટર સર્વેલન્સના સ્વોબ | ૧૩૩ |
| ૨૨ | પોસ્ટ મોર્ટમના સેમ્પલ | ૮૪ |
| ૨૩ | પેથોલોજી લેબોરેટરીના (સ્મીયર એએફબી)/ઝેડ એન સ્ટેઈનની તપાસ) | ૭૫ |

**ફાર્માકોલોજી વિભાગ :**

મેડીકલ કોલેજના આ વિભાગ દ્વારા દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ. (સ્નાતક) અને એમ.ડી. (અનુસ્નાતક) કક્ષાના વિદ્યાર્થીઓને ઔષધશાસ્ત્રની તાલીમ આપવામાં આવે છે. હાલમાં ૯ વિદ્યાર્થીઓ એમ.ડી. ના અભ્યાસક્રમમાં કાર્યરત છે. તા.૨૨ઓકટોબર,૨૦૦૮ના રોજ ફીઝીયોલોજી વિભાગ ધ્વારા ''ગુડ કલીનીકલ પ્રેકટીસ ઈન કલીનીકલ ટ્રાયલ'' વિશે એક દિવસના કાર્યશિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમાં વિવિદ્ય વિષયોના ૪૬ જેટલા તબિબી શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ વિભાગના શિક્ષકો ધ્વારા સેકન્ડ એમ.બી.બી.એસના વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક ધોરણે ''ઓબ્જેકટીવ સ્ટ્રકચર્સ પ્રેકટીકલ એકઝામીનેશન''નું આયોજન કરાયેલ હતુ. વિદ્યાર્થીઓ આ વિશે વિદ્યાયક પ્રતિભાવો આપ્યા હતા. તા.૧-૨-૦૯ના રોજ રાજકોટ ખાતે ''ગુજરાત સ્ટેટ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયા ફાર્મેકોલોજી સોસા.''માં આ વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિભાગના વડા ડો.વર્ષા પટેલે તા.૨૧ ઓકટોબર ૨૦૦૮ના રોજ વાઘોડીયા ફાર્મસી કોલેજ ખાતે યોજાયેલ એક દિવસીય પરિસંવાદમાં ''રોલ ઓફ એથીકસ કમીટી ઈન કલીનીકલ ટ્રાયલ્સ'' વિશે વકતવ્ય રજુ કયું હતું. આ ઉપરાંત સહપ્રાધ્યાપક ડો.એ.જે.સીંધે ઈન્ડીયા ફાર્મેકોલોજી સોસા., અમદાવાદ બ્રાન્ચની સાયન્ટીફીક મીટીંગમાં તા.૧૨-૨-૦૯ના રોજ ''રોલ ઓફ મેડીકલ ફાર્માકોલોજીસ્ટ ઈન ઈન્ડસ્ટ્રી'' વિશે વકતવ્ય રજુ કર્યુ હતું.

ડો.વર્ષા પટેલ, ડો.હેમંત ઝવેરી, અને ડો.સાંઘાણીનો '' સેલ્ફ મેડીકેશન ઈન અર્બન પોપ્યુલેશન'' વિશે સંશોધન લેખ 'જર્નલ ઓફ ફાર્માકોવિજીલન્સ એન્ડ ડ્રગ સેફટી' ના ૦૮ના અંકમાં પ્રસિધ્ધ થયો હતો.

કોલેજના મેડીકલ એજયુકેશન યુનિટનું સંચાલન વિભાગના વડા ડો.વર્ષા પટેલ દ્વારા ડીનશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. જેની વિવિધ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

૧) પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. તથા દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ (માર્ગદર્શન).

૨) તા.૨૨ થી ૨૪ જુલાઈ, ૨૦૦૮ અ.મ્યુ.કો. સંચાલિત નર્સીંગ સ્કુલના શિક્ષકો માટે 'એજયુકેશન ટેકનોલોજી' વિષય પર કાર્યશાળા યોજી હતી. જેમાં ૨૭ શિક્ષકોએ ભાગ લીધો હતો.

૩) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈનડીયાના પ્લેટીનમ જયુબીલી વર્ષની ઉજવણી નિમિત્તે બે કાર્યક્રમ યોજાયા હતા

(અ) ''શું રિસર્ચ, સ્નાતક કક્ષાના શૈક્ષાણિક કાર્યક્રમનો ભાગ હોવો જોઈએ ? '' આ વિષય પ રડીબેટ અને પેનલ ડીસ્કશન તા.૨૭ ઓગસ્ટ ૦૮ના રોજ યોજાયેલ, જેમાં કોલેજના અનુસ્નાતક વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન અને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પોતાના મંતવ્ય રજુ કર્યા હતા.

(બ) તા.૧૭ સપ્ટેમ્બર, ૦૮ના રોજ ''ઓબ્જેકટીવ સ્ટ્રકચર્ડ કલીનીકલ એન્ઠ પ્રેકટીકલ એકઝામીનેશન'' વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાયેલ જેમાં ૪૧ જુદા જુદા વિષયોના અને જુદી જુદી મેડીકલ કોલેજના તબીબી શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા અનુદાન આપવામાં આવેલ.

## ૭) <u>ફોરેન્સીક મેડીસીન વિભાગ :</u>

૧) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ. અને એમ.ડી.(ફોરેન્સીક મેડીસીન)ના વિદ્યાર્થીઓને તે અંગેનું શિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

૨) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા શેઠ વા.સા.જન.હોસ્પિટલમાંથી આવેલ મેડીકો લીગલ કેસીસમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવે છે. જે ૧લી એપ્રિલ ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર સુધી પોસ્ટમોર્ટમ ૯૯૨ ૧લી જાન્યુઆરી ૨૦૦૯ થી ૩૧ માર્ચ ૨૦૦૯ સુધી પોસ્ટ મોર્ટમ ૨૭૯

આમ સને ૨૦૦૮-૦૯માં ઉપર જણાવ્યા મુજબ કુલ  કુલ ૧૨૭૧ પોસ્ટ મોર્ટમ  કરવામાં આવેલ છે.

૩) ફોરેન્સીક મેડીસીન વિભાગના તબીબી અધિકારીઓ દ્વારા પોસ્ટ મોર્ટમના કામ અન્વયે વિવિદ્ય ગુન્હાઓમાં ગુજરાતમાંથી તેમજ ગુજરાત રાજય બહાર ક્રીમીનલ તેમજ સિવીલ કોર્ટમાં સરકાર તરફથી કોર્ટમાં જુબાની તેમજ અભિપ્રાય આપવાનું કામ થાય છે.

૪) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતામાંથી કર્મચારીઓની ઉંમર અંગેની કાર્યવાહી માટે મોકલાતા કર્મચારીઓની ઉંમર અંગેની તપાસ કરી ઉંમર અંગેનું સર્ટીફીકેટ આપવાનું કામ અત્રેથી થાય છે.

## ૮) પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીન વિભાગ :

# ACTIVITIES OF THE DEPARTMENT OF COMMUNITY MEDICINE DURING THE YEAR 2008-2009

### I. ROME (Re- Orientation of Medical Education) SCHEME:

ROME scheme activities from 1st April 2008 to 31st March 2009

| CASES | Gulbai Tekra area | Kagdivad area | Acher area | Total |
|---|---|---|---|---|
| New Cases | 616 | 657 | 621 | 1894 |
| Old Cases | 458 | 1118 | 1072 | 2648 |
| Total visits | 83 | 88 | 86 | 257 |

ROME scheme Vaccination from 1st April 2008 to 31st March 2009

| Vaccine | Doses Given to children |
|---|---|
| BCG | 28 |
| OPV | 210 |
| DPT | 199 |
| Hepatitis-B | 177 |
| Measles | 74 |
| Vitamin-A | 89 |
| DT | 33 |
| TT | 04 |

## Conferences, Workshops, Seminars, Training Programmes & CMEs:

Two faculty members delievered Guest Lecture on “Adverse Sex Ratio” during a sensitization seminar of IMNCI under RCH-II & NRHM to Chiranjeevi scheme enrolled Gynaecologists of Himmatnagar District on 21st September 2008.

PSBH Reunion Workshop for VII semester students on 17th October 2008 where some 25 Research Projects were presented and submitted by the students.

Four Training for Staff Nurses on HIV/AIDS were conducted in the Department
I.M.N.C.I. (Integrated Management of Neonatal & Childhood Illness) Training was conducted by the faculty at NHLMMC and at Mehsana

HIV Sentinel surveillance at eight different sites for ANC/STD sites has been conducted by the Department of Community Medicine and Microbiology in December 2008.

Two such trainings were conducted in the Department and one Monitoring Supervisory training at Mehsana by the faculty of the department.

Three Faculty members have worked facilitators for IMNCI training at Mehsana for five such trainings.

Three Faculty members attended the State level review workshop on “Mamta Divas / Routine Immunization & Preparation of District PIP’s 2009-2010” at Vadodara on 5-6 January 2009 organised by the Health & Family Welfare Department & supported by UNICEF.

Regional workshop of West Zone organized at Ahmedabad for the Platinum Jubilee Celebration of Medical Council of India on 10th January 2009 jointly organized by Smt NHL Municipal Medical College & BJ Medical College was attended by Prof. & HOD and one faculty member.

National Conference of IAPSM at Aurangabad on 21st to 23rd January 2009 was attended by two residents of the department. They both presented scientific papers also.

Representative faculties attended Symposium on “Doctor of First Contact – A Dire Need of Today’s India” on 26th February 2009 organised by the “Sumandeep Vidyapeeth University – S.B.K.S. Medical Institute & Research Centre” on the occasion of Platinum Jubilee Celebration of Medical Council of India.

“International Symposium on Tribal Health” was attended at Jabalpur on 27, 28 February & 1st March 2009 by four Residents. One resident presented scientific paper.

One faculty members delivered Guest Lecture on “First Aid in Animal Bites & Burns” on 28th February 2009 at Nagar School of Optometry during a conference on “Advanced First-aid” organised jointly by Association of Physiologists and Pharmacologists of India-Ahmedabad Chapter and National Service Scheme Unit of Nagar School of Optometry.

PSBH workshop for VI semester students on 17th and 18th March 2009 was held in the department

Training of Multipurpose Health Workers (MPWs) of Ahmedabad city on Vaccination & Mamta Day activities from 23/3/09 to 27/3/09 at Smt. NHL Municipal Medical College, Ahmedabad was done

MCCD workshop for resident doctors on 30th and 31st March 2009 was organized in the Department

## <u>Other Activities:</u>

Two Faculty members and four residents of the department attended the Pre Conference workshop on “Medical Curriculum” and also on “Health Insurance” at C.U. Shah Medical College, Surendranagar on 18th December 2008.

The Faculty members and residents of the Department attended the State Level Conference of IAPSM Gujarat Chapter at C.U. Shah Medical College, Surendranagar on 19th December 2008. All the residents and a few faculty presented Scientific Papers in the conference.

ICTC counselors’ examination on HIV/AIDS was conducted in the Department.

Gujarat University Examinations for Final MBBS students were conducted in the Department in July 2008 and January 2009.

Intra Domestic Survey by faculty / residents of the Department every month for 2 weeks on a regular basis in the AMC area.

IPPIP (Intensified Pulse Polio Immunization Programme) Monitoring was done in AMC area and Gandhinagar District in December 2008 and February 2009 by the Faculty members and residents of the Department.

Total 16 visits were done as State Routine Immunization Monitor (SRIM) in AMC area for monitoring of Routine immunization by one faculty member.

Total 10 visits in Gandhinagar district were done as State Routine Immunization Monitor (SRIM) for monitoring of Routine immunization and 1 refresher training on vaccination was organized for FHWs and FHSs of Mansa Block of Gandhinagar District by one faculty member.

Process Evaluation of School Health Programme of Surendranagar District and Ahmedabad Municipal Corporation in January 2009 and of Ahmedabad District in February 2009 was done by the faculty members of the Department.

An ongoing International Project on causes of Deaths using the SRS sample in collaboration with University of Toronto, Canada and Registrar General of India and coding the causes of death as per ICD-10. Twelve members have been trained for the project and continuously participating in this ongoing project.

SRS-Health check up training was done by the faculty and pilot project and report writing has been done by the Department

**Awards:**

Special appreciation award from Department of Health & Family Welfare, Government of Gujarat on 7$^{th}$ April 2009 (World Health Day) for the work as a State Routine Immunization Monitor (SRIM) for the Ahmedabad Municipal Corporation (AMC) area during the year 2008-2009 was given to Dr. J.K.Sheth

## Trainings Organised at UHTC, Sabarmati for the Intern Doctors

The following trainings for the intern doctors were organised at the Urban Health Training Centre, Sabarmati.

| No. | Date | Topic | No. of Participants (interns) |
|---|---|---|---|
| 1 | 27-28 Feb 2008 | HIV/AIDS | 51 |
| 2 | 29 Feb 2008 | RNTCP | 39 |
| 3 | 29 May 2008 | RNTCP | 41 |
| 4 | 3-4 Jun 2008 | NVBDCP | 54 |
| 5 | 10 Jun 2008 | NPSP | 30 |
| 6 | 14 Jun 2008 | MCCD | 15 |
| 7 | 25 Jul 2008 | RNTCP | 24 |
| 8 | 26 Jul 2008 | MCCD | 24 |
| 9 | 20 Aug 2008 | NPSP | 21 |
| 10 | 25-26 Aug 2008 | HIV-AIDS | 21 |
| 11 | 8-9 Sep 2008 | NVBDCP | 31 |
| 12 | 20 Nov 2008 | Vaccination | 40 |
| 13 | 21 Nov 2008 | RNTCP | 26 |
| 14 | 22 Nov 2008 | MCCD | 25 |
| 15 | 24-25 Nov 2008 | NVBDCP | 41 |
| 16 | 26 Nov 2008 | First Aid | 48 |
| 17 | 27 Nov 2008 | NPSP | 46 |
| 18 | 28 Nov 2008 | RNTCP | 21 |
| 19 | 29 Nov 2008 | MCCD | 21 |

**લાયબ્રેરી :**

કોલેજનીસેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૨૨૩ પુસ્તકોનો ઉમેરો થયો છે. લાયબ્રેરીમાં ૧૮,૩૫૩ પુસ્તકો અને ૬,૮૦૨ જેટલા બાંધેલા સામાયિકો મળી કુલ ૨૫,૧૫૫ પુસ્તકો અને સામાયિકો છે. આ ઉપરાંત આ લાયબ્રેરીમાં ૧૩૨ કેસેટો, ૧૪૩ ફિલ્મ સ્લાઈડ અને ૫૩ વિડીયો કેસેટસ છે.

વર્ષ દરમ્યાન કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરી માટે કુલ ૨૩,૩૨,૭૦૯નો ખર્ચ કરવામાં આવેલ છે. આ રકમમાંથી કુલ રુા.૪,૫૦,૩૪૫ના પુસ્તકો અને રુા.૧૮,૮૨,૩૬૪ના સામાયિકો ખરીદવામાં આવ્યા છે.

કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરી બ્રિટીશ લાયબ્રેરીની ઈન્સ્ટીટયૂશનલ મેમ્બરશીપ ધરાવે છે. કોલેજના તથા કોલેજ સંલગ્ન હોસ્પિટલોના ટીચીંગ/કલીનીકલ સ્ટાફના મેમ્બરોને કાર્ડ પર બ્રિટીશ લાયબ્રેરીમાંથી પુસ્તકો લેવા માટેની વ્યવસ્થા કરેલી છે. કોલેજની લાયબ્રેરીમાં રીસર્ચ કરતા ડોકટરોને ઉપયોગી તબીબી વિષયના ડેઝરટેશન લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે તેમજ કોલેજની લાયબ્રેરીમાં નવા ખરીદાયેલા પુસ્તકો/ સામાયિકો માટે ન્યુ એરાઈવલ રેક રાખવામાં આવેલ છે.

કોલેજની લાયબ્રેરીમાં Foreign Journals (Electronic Medium on CD ROM of OVID Teachnologies with 59 Journals + Full medline -1966 to present 2001 + 1 year + 3 Drives daisy chained CD ROM Tower પણ વસાવેલ છે. લાયબ્રેરીમાં મેડીકલ ઈન્ફરમેશન વિભાગની શરુઆત તા. ૨૯/૪/૯૮ થી કરવામાં આવેલ છે. જેમાં વિશ્વભરમાં પ્રકાશિત થતા મેડીકલ સામાયિકોમાં છપાયેલ લેખો સંબંધી ઈન્ડીકેટીવ અને ઈન્ફરમેટીવ માહિતિ Med-Line દ્વારા મેળવી શકાય છે.

લાયબ્રેરીમાં અંડર ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, વિદ્યાર્થીઓ તેમજ તબીબી શિક્ષકો મેડીકલ ક્ષેત્રની ઈન્ટરનેટની સુવિધા છે. જેનો વિદ્યાર્થીઓ તેમજ તબીબી શિક્ષકો મહત્તમ ઉપયોગ કરે છે. આ ઉપરાંત લાયબ્રેરીની કામગીરી કોમ્પ્યુટરથી કાર્યરત કરવા '' સોલ સોફટવેર'' ખરીદ કરવામાં આવેલ છે તેમજ લાયબ્રેરી ઓટોમેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

# ૯.૪ પુસ્તકાલયો અને વાંચનાલયો

## ૦૮-૦૯

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાનપિપાસા સંતોષવા તથા દરેક નાગરિકને દેશ દુનિયાની ખબરોથી વાકેફ રાખવા ,જાગૃતતા લાવવા,માહિતી અને મનોરંજન  તથા જ્ઞાન સાથે ગમ્મતથી જ્ઞાનનું અવિરત ઝરણું વહેવડાવવાની સાથે જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયખાતું સદા કાર્યશીલ રહયું છે. ઉત્સાહી તેમજ ઉત્સુક વાંચકો માટે અત્યારે શહેરના પાંચ ઝોનમાં વાંચનાલય સાથે પુસ્તકાલય સેવાના જ્ઞાનની પરબ સમાન  કુલ ૨૮ યુનિટ કાર્યરત છે. માહિતી, મનોરંજન અને પ્રેરણા પુરી પાડતા દરેક પુસ્તકાલય તથા વાંચનાલયમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી મળી કુલ ૮૪૦ સામાયિકો તથા ૩૦૧ દૈનિકો  મંગાવી દરેક પ્રકારના વાંચક વર્ગની જ્ઞાનપિપાસા સંતોષાય તે માટે ખાતુ હંમેશા પ્રયત્નશીલ  રહયું છે.

શહેરના પૂર્વ,પશ્ચિમ,ઉત્તર,દક્ષિણ તથા મધ્યઝોનમાં અનુક્રમે વિમળભાઈ નગીનદાસ શાહ લાયબ્રેરીમાં ૧૯૫૮૧, મહાત્મા ગાંધી લાયબ્રેરીમાં ૮૫૦૭, પટેલ કે.કે. પુસ્તકાલય(નરોડા)માં ૯૩૮૯,મણીનગર મ્યુ.પુસ્તકાલયમાં ૧૩૭૮૧  તથા ભાઈશંકર નાનાભાઇ લાયબ્રેરીમાં ૨૦૪૧૯ મળીને કુલ  ૧૩૧૫૬૮ પુસ્તકોનો વિપુલ ગ્રંથસંગ્રહ વિચારશીલ વાચકોના માટે આપ-લે અર્થે મુકાયેલ છે.

અહેવાલી વર્ષમાં ભા.ના. પુસ્તકાલયમાં કુલ ૧૬૪૦ સભાસદ, શ્રી.વિ.ન.શાહ પુસ્તકાલયમાં ૧૦૭૮ સભાસદ, શ્રી મહાત્મા ગાંધી પુસ્તકાલયમાં ૧૫૫૭ સભાસદ, કે.કે.પટેલ પુસ્તકાલય ૮૦૨ અને મણિનગર મ્યુ. પુસ્તકાલયમાં ૨૮૪૫  સભાસદ મળી કુલ ૭૯૨૨ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવિરત લાભ લેતા રહયા છે. એક વાંચનાલયમાં રોજના સરેરાશ ૧૦૦ થી ૧૫૦ વાંચકો વાંચનાલય સેવાનો લાભ લઈ રહયા છે જે એક ગૌરવની વાત છે.

ઉપરોક્ત પાંચ લાયબ્રેરીમાંથી કોઈપણ  વાચક સભ્યપદ મેળવવા ઈચ્છે તો ગ્રંથાલયના નિયત ફોર્મમાં વિગત ભરવા સાથે કાઉન્સીલરશ્રી મ્યુ.કમિશનરશ્રી સહિત મ્યુ.હદના સ્કુલ કોલેજના આચાર્યશ્રી તથા મ્યુ.કોર્પોરેશનની કોઈપણ કમિટીના ચૂંટાયેલા ચેરમેન; ડે.ચેરમેન તથા મ્યુ.હદમાંથી ચૂંટાયેલ વિધાનસભા અને  લોકસભાનાં પ્રતિનિધિશ્રી વિ.ની સહી જામીનગીરી માટે મેળવી સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

દરમ્યાન અહેવાલી વર્ષમાંરૂા.૯૫૦ ના ખર્ચે કુલ ૩૯ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વર્ષ દરમ્યાન પુસ્તકાલય તેમજ વાંચનાલયમાં દૈનિક સામાયિકો તથા વાંચકોની સંખ્યા દર્શાવતું પત્રક ૯.૪.૧ અને ૯.૪.૨ આ સાથે સામેલ છે. વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો કુલ ખર્ચ રૂા.૩.૦૭ લાખ થયો છે.

આમ પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાંચકો માટે વિશાળ પટ પર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાચનાલયો દ્વારા  સમાજમાં શિક્ષણ, સંસ્કાર સીંચતું માહિતી અને મનોરંજન પૂરૂ પાડતું તથા લોકકલ્યાણની ભાવના કેળવતું  ઉતમ માધ્યમ છે.

# પત્રક ૯.૪.૧

## ૨૦૦૮-૦૯ વર્ષ દરમ્યાન વાંચનાલયોની માહિતીની સંખ્યા દર્શાવતું પત્રક

| અનુ. નં | મ્યુ.પુસ્તકાલયનું નામ | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ગોમતીપુર મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૦/૭૨ | ૧૪ | ૩૦ | ૨૨૨૩૦ |
| ૨ | બહેરામપુરા મ્યુનિસિપલ વાંચનાલય | ૨૨/૦૭/૮૪ | ૧૦ | ૩૦ | ૨૪૦૫૦ |
| ૩ | અસારવા મ્યુનિસિપલ વાંચનાલય | ૧૩/૦૨/૮૩ | ૦૮ | ૩૦ | ૧૭૦૧૧ |
| ૪ | જી.કની પોળ મ્યુનિસિપલ વાંચનાલય | ૦૭-૦૨-૦૭ | ૧૨ | ૩૦ | ૧૪૬૮૮ |
| ૫ | ઢાળની પોળ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૩/૦૯/૭૮ | ૧૨ | ૩૦ | ૧૬૭૦૯ |
| ૬ | તાનગરવાડ મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૧/૦૧ | ૧૩ | ૩૦ | ૧૩૬૮૬ |
| ૭ | મનુસુરીની ચાલી મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૦/૦૭ | ૦૮ | ૩૦ | ૮૮૪૧ |
| ૮ | સ.બ.ગી.ઉ. મ્યુનિસિપલ વાંચનાલય | ૧૯૫૨ | ૧૪ | ૩૦ | ૯૪૭૧ |
| ૯ | રાયખડ મ્યુનિસિપલ વાંચનાલય | ૨૨/૦૭/૮૪ | ૧૩ | ૩૦ | ૧૧૩૨૬ |
| ૧૦ | સરદારનગર મ્યુનિસિપલ વાંચનાલય | ૨૩/૦૪/૮૭ | ૦૮ | ૩૦ | ૧૧૫૩૯ |
| ૧૧ | તીર્થંકર ગાર્ડન મ્યુનિસિપલ વાંચનાલય | ૨૬/૦૮/૦૭ | ૧૦ | ૩૦ | ૭૨૫૨ |
| ૧૨ | જેઠાભાઇ ગાર્ડન મ્યુનિસિપલ વાંચનાલય | ૦૫/૦૯/૦૭ | ૦૬ | ૩૦ | ૧૦૧૯૪ |
| ૧૩ | ગાંધીપાર્ક મ્યુનિસિપલ વાંચનાલય,નિકોલ | મે-૨૦૦૮ | ૦૪ | ૦૦ | ૧૦૮૦ |
| | **કુલ** | | **૧૨૮** | **૩૬૦** | **૧૬૮૦૭૭** |

## પુસ્તકાલયની સંક્ષિપ્ત માહિતી
## સને ૨૦૦૮-૦૯

| | | |
|---|---|---|
| વાંચન સેવાની શરૂઆત | : | સને ૧૯૭૪ |
| પુસ્તકાલયઓની સંખ્યા | : | ૧૬ |
| સ્વતંત્ર વાંચનાલયોની સંખ્યા | : | ૧૨ |
| નવા ઉમેરાયેલા પુસ્તકોની સંખ્યા | : | ૧૨૬૯ |
| નવા ઉમેરાયેલા પુસ્તકોની કિંમત | : | ૧,૩૪,૦૮૬ |
| કુલ વર્તમાન પત્રોની સંખ્યા | : | ૨૯૩ |
| કુલ સામયિકોની સંખ્યા | : | ૮૧૦ |
| કુલ વાર્ષિક દૈનિકો તથા સામાયિકોનો ખર્ચ | : | ૩૭૩૦૮૧/- |
| કુલ સભાસદોની સંખ્યા | : | ૮૦૬૩ |
| પુસ્તક મોડાઇ ફી દંડની આવક | : | ૫૯૨૧.૨૫/- |
| સભ્ય ફોર્મ ફી ની ઉપજ | : | ૯૧૩૧/- |
| કુલ વાચકોની સંખ્યા | : | ૩,૯૨,૭૫૧ |

# પુસ્તકાલયોના પુસ્તકો અંગેની માહિતી સને ૨૦૦૮-૦૯
## પત્રક ૯:૪:૨

| અ.નં. | પુસ્તકાલયનુ નામ | શરૂ થયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વર્ષ આખરેના કુલ પુસ્તકોની સંખ્યા | વર્ષ આખરના કુલ પુસ્તકોની કિંમત | વાંચકોની વાર્ષિક સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભા.ના. મ્યુનિ.પુસ્તકાલય | ૧૧/૧૧/૭૮ | ૧૪ | ૩૦ | ૨૦૪૧૯ | ૮૦૪૭૩૯.૭૮ | ૪૪૬૨૫ |
| ૨ | મણીનગર મ્યુનિ.પુસ્તકાલય | ૦૯/૦૪/૭૫ | ૧૩ | ૩૦ | ૧૩૭૮૧ | ૬૯૧૮૮૭.૨૯ | ૧૫૦૯૧ |
| ૩ | મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય | ૨૨/૦૧/૮૬ | ૦૭ | ૩૦ | ૮૫૦૭ | ૫૨૧૨૨૨.૫૬ | ૧૧૬૧૪ |
| ૪ | વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય | ૨૧/૦૭/૭૬ | ૧૪ | ૩૦ | ૧૯૫૮૧ | ૬૪૦૩૨૨.૦૧ | ૨૦૨૧૪ |
| ૫ | શાહપુર મ્યુનિ.પુસ્તકાલય | ૧૧૮૮૪ | ૧૨ | ૩૦ | ૫૨૧૯ | ૩૫૦૫૪૪.૮૫ | ૧૩૪૧૨ |
| ૬ | પટેલ કે.કે. મ્યુનિ.પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૮ | ૩૦ | ૯૩૮૯ | ૧૪૮૦૮૩.૭૦ | ૧૫૯૮૨ |
| ૭ | કાંટોડીયા મ્યુનિ.પુસ્તકાલય | ૦૧/૦૯/૭૫ | ૧૩ | ૩૦ | ૨૫૯૩૬ | ૩૮૭૫૨૯.૧૭ | ૧૪૮૦૧ |
| ૮ | ખોખરા મ્યુનિ.પુસ્તકાલય | ૦૨/૧૨/૭૯ | ૧૩ | ૩૦ | ૧૨૭૦૭ | ૬૯૦૧૮.૯૦ | ૨૫૧૨૦ |
| ૯ | દા.ન. મ્યુનિ.પુસ્તકાલય | ૧૬/૦૬/૩૦ | ૧૩ | ૩૦ | ૫૬૯૨ | ૪૪૮૧૮.૭૪ | ૫૨૦૫ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | સીની.સીટી. મ્યુનિ.પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૦ | ૪૨૭૫ | ૬૩૭૬૯.૭૩ | ૧૪૧૩૧ |
| ૧૧ | સ્વ.લા.કું. મ્યુનિ.પુસ્તકાલય | ૦૧/૦૭/૦૩ | ૧૧ | ૩૦ | ૧૫૬૨ | ૧૪૯૩૩૬.૦૦ | ૪૮૦૪ |
| ૧૨ | પં.દિ.દ.ઉ. મ્યુનિ.પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૦૭ | ૩૦ | ૧૩૦૧ | ૬૯૩૯૮.૦૫ | ૬૯૫૦ |
| ૧૩ | ડૉ.બાબા.સા.આં મ્યુનિ.પુસ્તકાલય | ૧૨/૦૭/૦૭ | ૦૮ | ૩૦ | ૭૯૬ | ૮૦૦૨૫.૫૦ | ૫૬૦૪ |
| ૧૪ | હાજીપુરા ગાર્ડન મ્યુનિ.પુસ્તકાલય | ૨૬/૦૮/૦૭ | ૧૩ | ૩૦ | ૪૭૪ | ૫૮૮૫૧.૦૦ | ૧૨૬૨૦ |
| ૧૫ | દયાનંદ મ્યુનિ.પુસ્તકાલય | ૧૩/૦૨/૮૩ | -- | -- | ૯૭૮ | ૮૪૪૬૪.૦૦ | ૦૦ |
| ૧૬ | પોટલીયા વોર્ડ મ્યુનિ.પુસ્તકાલય | ૨૫/૦૯/૦૭ | ૧૨ | ૩૦ | ૯૫૧ | ૭૪૪૫૬.૦૦ | ૧૪૫૦૧ |
| | **કુલ** | | **૧૬૫** | **૪૫૦** | **૧૩૧૫૬૮** | **૪૨૩૮૪૬૭.૨૮** | **૨૨૪૬૭૪** |

| અ.નં. | પુસ્તકાલયનું નામ | વર્ષની શરૂમાં પુસ્તકોની સંખ્યા એપ્રિલ ૦૭ | નવા ઉમેરાયેલ પુસ્તકોની સંખ્યા | ફાટેલા કમી થયેલા પુસ્તકોની સંખ્યા | ઘટ કમી કરેલ પુસ્તકોની સંખ્યા | વર્ષ આખરેના કુલ પુસ્તકોની સંખ્યા માર્ચ ૦૮ (૩+૪:૬) | વર્ષની શરૂઆતમાં પુસ્તકોની કિંમત રૂપિયામાં એપ્રિલ ૦૮ | નવા ઉમેરાયેલા પુસ્તકોની કિંમત રૂપિયા લાખમાં | ફાટેલા કમી કરેલા પુસ્તકોની કિમંત રૂપિયા લાખમાં | ઘટ કમી કરેલા પુસ્તકોની કિંમત રૂપિયા લાખમાં | વર્ષ આખરના કુલ પુસ્તકોની કિંમત (એપ્રિલ ૦૮) (૮+૯:૧૧ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભા.ના. મ્યુનિ.પુસ્તકાલય | ૨૦૨૯૪ | ૧૩૯ | - | ૧૪ | ૨૦૪૧૯ | ૭૯૦૧૦૬.૭૮ | ૧૫૫૭૯ | | ૯૪૬.૦૦ | ૮૦૪૭૩૯.૭૮ | |
| ૨ | મણીનગર મ્યુનિ.પુસ્તકાલય | ૧૩૬૩૮ | ૧૪૩ | - | - | ૧૩૭૮૧ | ૬૭૬૨૮૭.૨૯ | ૧૫૬૦૦ | | - | ૬૯૧૮૮૭.૨૯ | |
| ૩ | મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય | ૮૩૫૫ | ૧૫૨ | ૦૮ | - | ૮૫૦૭ | ૫૦૩૪૬૨.૦૦ | ૧૭૭૬૦ | | - | ૫૨૧૨૨૨.૫૬ | |
| ૪ | વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય | ૧૯૪૪૩ | ૧૩૮ | - | - | ૧૯૫૮૧ | ૬૨૪૭૩૫.૦૦ | ૧૫૫૮૭ | | - | ૬૪૦૩૨૨.૦૧ | |
| ૫ | શાહપુર મ્યુનિ.પુસ્તકાલય | ૫૦૮૦ | ૧૩૯ | - | - | ૫૨૧૯ | ૩૩૪૯૫૪.૮૫ | ૧૫૫૯૦ | | - | ૩૫૦૫૪૪.૮૫ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | પટેલ કે.કે. મ્યુનિ.પુસ્તકાલય | ૯૨૫૧ | ૧૩૮ | - | - | ૯૩૮૯ | ૧૩૬૮૨૫.૭૦ | ૧૧૨૫૮ | | - | ૧૪૮૦૮૩.૭૦ | |
| ૭ | કાંટોડીયા મ્યુનિ.પુસ્તકાલય | ૨૫૭૯૯ | ૧૩૭ | - | - | ૨૫૯૩૬ | ૩૭૧૯૪૨.૧૭ | ૧૫૫૮૭ | | - | ૩૮૭૫૨૯.૧૭ | |
| ૮ | ખોખરા મ્યુનિ.પુસ્તકાલય | ૧૨૭૦૭ | ૦૦ | - | - | ૧૨૭૦૭ | ૬૯૦૧૮.૯૦ | - | | - | ૬૯૦૧૮.૯૦ | |
| ૯ | દા.ન. મ્યુનિ.પુસ્તકાલય | ૫૬૯૨ | ૦૦ | - | - | ૫૬૯૨ | ૪૪૮૧૮.૭૪ | - | | - | ૪૪૮૧૮.૭૪ | |
| ૧૦ | સીની.સીટી. મ્યુનિ.પુસ્તકાલય | ૪૧૩૩ | ૧૪૨ | - | - | ૪૨૭૫ | ૫૨૨૪૧.૯૦ | ૧૧૫૨૮ | | - | ૬૩૭૬૯.૭૩ | |
| ૧૧ | સ્વ.લા.કું. મ્યુનિ.પુસ્તકાલય | ૧૫૬૨ | ૦૦ | - | - | ૧૫૬૨ | ૧૪૯૩૩૬.૦૦ | - | | - | ૧૪૯૩૩૬.૦૦ | |
| ૧૨ | પં.દિ.દ.ઉ. મ્યુનિ.પુસ્તકાલય | ૧૨૯૮ | ૦૩ | - | - | ૧૩૦૧ | ૬૯૩૮૮.૦૫ | ૧૦ | | - | ૬૯૩૯૮.૦૫ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ડૉ.બાબા.સા. આં મ્યુનિ.પુસ્તકાલય | ૭૯૬ | ૦૦ | - | - | ૭૯૬ | ૮૦૦૨૫.૫૦ | - | | - | ૮૦૦૨૫.૫૦ | |
| ૧૪ | હાજીપુરા ગાર્ડન મ્યુનિ.પુસ્તકાલય | ૪૭૪ | ૦૦ | - | - | ૪૭૪ | ૫૮૮૫૧.૦૦ | - | | - | ૫૮૮૫૧.૦૦ | |
| ૧૫ | કૌટીલ્ય મ્યુનિ.પુસ્તકાલય | ૯૭૮ | ૦૦ | - | - | ૯૭૮ | ૮૪૪૬૪.૦૦ | - | | - | ૮૪૪૬૪.૦૦ | |
| ૧૬ | પોટલીયા વોર્ડ મ્યુનિ.પુસ્તકાલય | ૮૧૩ | ૧૩૮ | - | - | ૯૫૧ | ૫૮૮૬૯.૦૦ | ૧૫૫૮૭ | | - | ૭૪૪૫૬.૦૦ | |
| | **કુલ સંખ્યા** | **૧૩૦૩૧૩** | **૧૨૬૯** | **૦૮** | **૧૪** | **૧૩૧૫૬૮** | **૪૧૦૫૩૧૭.૮૮** | **૧૩૪૦૮૬** | | **૯૪૬.૦૦** | **૪૨૩૯૪૦૩** | |

## પુસ્તકાલયખાતાના દૈનિકો/સામાયિકો/સભાસદ સંખ્યા તથા સભાસદ અનામત વગેરે માહીતી સનેઃ૨૦૦૮-૦૯

### પત્રક ૯ઃ૪ઃ૩

| અ.ન. | પુસ્તકાલયનું નામ | શરૂ થયા તારીખ | દૈનિકો ની સંખ્યા | સામાયિકોની સંખ્યા | પુસ્તકોની સંખ્યા | નવા ઉમેરાયેલા પુસ્તકોની સંખ્યા | કુલ પુસ્કોની કિંમત રૂ.માં | સભાસદની સંખ્યા | વાર્ષિક ઇસ્યુ સંખ્યા | સભાસદ અનામતની રકમ રૂ.માં | પુસ્તક લેટ ફીની આવક રૂ.માં | સભાસદ ફોર્મની આવક રૂ.માં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાંટોડીયા મ્યુ. પુસ્તકાલય | ૧/૯/૭૫ | ૧૩ | ૨૮ | ૨૫૬૬૨ | ૦૦ | ૩૫૬૩૫૫.૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૨ | ખોખરા મ્યુ. પુસ્તકાલય | ૨/૧૨/૭૯ | ૧૨ | ૩૦ | ૧૨૭૦૭ | ૦૦ | ૬૯૦૧૮.૯૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૪ | દા.ન. મ્યુ. પુસ્તકાલય | ૧૬/૬/૩૦ | ૧૨ | ૨૯ | ૫૬૯૨ | ૦૦ | ૪૪૮૧૮.૭૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૫ | ભા.ના.મ્યુ.પુસ્તકાલય | ૧૧/૧૧/૭૮ | ૧૩ | ૩૧ | ૨૦૨૮૭ | ૦૮ | ૭૮૯૧૭૬.૭૮ | ૧૬૪૦ | ૪૭૪૦ | ૨૨૨૦ | ૧૫૯૦.૨૫ | ૫૦૦ | |
| ૬ | મણીનગર મ્યુ.પુસ્તકાલય | ૯/૪/૭૫ | ૧૨ | ૨૯ | ૧૩૬૩૭ | ૦૧ | ૬૭૬૨૮૭.૨૯ | ૨૮૪૫ | ૧૦૧૩૫ | ૨૮૦૦ | ૨૦૩૮.૦૦ | ૮૦૦ | |
| ૭ | મ.ગાંધી મ્યુ.પુસ્તકાલય | ૨૨/૧/૮૬ | ૦૭ | ૩૨ | ૮૩૪૬ | ૦૯ | ૫૦૨૨૯૨.૫૬ | ૧૫૫૭ | ૨૮૮૭ | ૨૨૨૦ | ૧૦૩૭.૦૦ | ૨૦૦ | |
| ૮ | વિન.શાહ મ્યુ.પુસ્તકાલય | ૨૧/૭/૭૬ | ૧૨ | ૨૯ | ૧૯૪૪૩ | ૦૦ | ૬૨૪૭૩૫.૦૧ | ૧૦૭૮ | ૧૯૦૫ | ૧૫૦૦ | ૫૯૯.૨૫ | ૨૫૦ | |
| ૯ | શાહપુર મ્યુ.પુસ્તકાલય | ૧૧/૮/૮૪ | ૧૨ | ૩૩ | ૬૩૨૮ | ૦૨ | ૩૪૯૪૫૬.૫૯ | ૫૩ | ૪૧૧ | ૧૨૦ | ૦૦ | ૨૨ | |
| ૧૦ | પટેલ કે.કે. મ્યુ.પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૮ | ૩૧ | ૯૨૪૨ | ૦૯ | ૧૩૬૮૨૫.૭૦ | ૮૦૨ | ૧૯૩૦ | ૫૦૦ | ૦૦ | ૧૨૫ | |
| ૧૧ | દયાનંદ સરસ્વતી મ્યુ.પુસ્તકાલય | ૬/૯/૦૭ | ૦૮ | ૩૦ | ૯૭૮ | ૦૦ | ૮૪૪૬૪.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૧૨ | સીની સીટીઝન મ્યુ.પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૨ | ૪૧૨૧ | ૦૦ | ૨૭૪૨૦૨.૯૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | સ્વ.લા.કું મ્યુ.પુસ્તકાલય | ૦૧/૦૭/૦૩ | ૧૧ | ૨૯ | ૧૫૨૭ | ૦૫ | ૧૪૯૨૧૧.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| | પ.દી.દ.ઉ.મ્યુ પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૭ | ૩૧ | ૧૩૯૧ | ૦૫ | ૧૫૯૪૮.૫૦ | ૮૮ | ૨૯૮ | ૨૦૦ | ૨૭ | ૩૪ | |
| ૧૪ | ડો.બા.સા.આં. મ્યુ.પુસ્તકાલય | ૧૨/૭/૦૭ | ૦૮ | ૨૯ | ૭૯૬ | ૦૦ | ૮૦૦૨૫.૫૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૧૫ | હાજીપુરા ગાર્ડન મ્યુ.પુસ્તકાલય | ૨૭/૮/૦૭ | ૧૦ | ૨૪ | ૪૭૪ | ૦૦ | ૫૮૮૫૧.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૧૬ | પોટલીયા મ્યુ.પુસ્તકાલય | ૨૫/૯/૦૭ | ૧૦ | ૩૦ | ૦૦ | ૮૧૩ | ૫૮૮૬૯.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| | **કુલ સરવાળો** | | **૧૬૨** | **૪૭૭** | **૧૩૦૬૩૧** | **૮૫૨** | **૪૩૩૦૫૩૮.૬૪** | **૮૦૬૩** | **૨૨૩૦૬** | **૯૫૬૦** | **૫૨૯૧.૫૦** | **૧૯૩૧** | |

## પત્રક ૯:૪:૪

## ૨૦૦૮-૦૯ વર્ષ દરમ્યાન પુસ્તકાલયમાં દૈનિકો/સામયિકો અને વાંચકોની સંખ્યા દર્શાવતુ પત્રક

| અનુ. નં | મ્યુ.પુસ્તકાલયનું નામ | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કાંટોડિયા મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૧.૦૯.૭૫ | ૧૩ | ૩૦ | ૧૪૮૦૧ |
| ૨ | ખોખરા મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૨.૧૨.૭૯ | ૧૩ | ૩૦ | ૨૫૧૨૦ |
| ૩ | દાદાભાઈ નવરોજી મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૬.૦૬.૩૦ | ૧૩ | ૩૦ | ૫૨૦૫ |
| ૪ | ભાઈશંકર નાનાભાઈ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૧.૧૧.૭૮ | ૧૪ | ૩૦ | ૪૪૬૨૫ |
| ૫ | મણિનગર મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૯.૪.૭૫ | ૧૩ | ૩૦ | ૧૫૦૯૧ |
| ૬ | મહાત્મા ગાંધી મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૨.૦૧.૮૬ | ૦૭ | ૩૦ | ૧૧૬૧૪ |
| ૭ | શ્રી વિ.ન.શાહ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૧.૦૭.૭૬ | ૧૪ | ૩૦ | ૨૦૨૧૪ |
| ૮ | શાહપુર મ્યુ. પુસ્તકાલય મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૧.૦૮.૮૪ | ૧૨ | ૩૦ | ૧૩૪૧૨ |
| ૯ | પટેલ કે.કે. મ્યુ. મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૮ | ૩૦ | ૧૫૯૮૨ |
| ૧૦ | દયાનંદ સરસ્વતી મ્યુ પુસ્તકાલય | ૦૬/૦૯/૦૭ | -- | -- | -- |
| ૧૧ | સીની સીટીઝન મ્યુનિસિપલ પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૦ | ૧૪૧૩૧ |
| ૧૨ | પં.દી.દ.ઉ. મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૦૭ | ૩૦ | ૬૯૫૦ |
| | | | ૧૨૧ | ૩૩૦ | ૧૮૭૧૪૫ |

## ૯.૫ બાલભવન
## ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બાલભવન ખાતા દ્વારા હાલમાં(૧)ઢાળની પોળ બાલભવન(૨)મણિનગર બાલભવન(૩)સરસપુર બાલભવન(૪)ફતેહપુરા બાલભવન(૫)ગોમતીપુર બાલભવન હતાં.ત્યારબાદ સને ૨૦૦૮માં ખાડિયા વોર્ડના ધારાસભ્યશ્રી અશોકભાઇ ભટ્ટ સાહેબની માંગણીના અનુસંધાને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી દક્ષિણઝોનની મંજુરીથી ઓકટોબર માસમાં તાઃ૨૧-૧૦-૨૦૦૮ ના રોજ સ્ટેન્ડીગ કમિટીના ચેરમેનશ્રી અસિતભાઇ વોરા સાહેબના હસ્તે રાયપુર બાલભવનનું રીઓપનીગ કરવામાં આવ્યું.આ પ્રસંગે રિક્રિએશન કમિટીના ચેરપર્સન રમાબેન કે.જોષી તથા ડે.ચેરપર્સન શ્રી શર્મિષ્ઠાબેન આઇ.પટેલ તથા રિક્રીએશન કમિટીના સભ્યો ઉપસ્થિત હતા.આમ સને ૨૦૦૮ -૦૯ ના વર્ષમાં બાલભવન ખાતાના યુનિટોની સંખ્યા કુલ ૬ સુધી પહોંચી જે શહેરના ૦૫ થી ૧૫ વય જુથના બાળકોની ઉપયોગી સેવા પુરી પાડે છે.અમદાવાદ ન્યુનિ.કોર્પોરશન ની આ એક નિસ્વાર્થ એવી મરજીયાત સેવા છે.જેમાં બાળકોને વિના મૂલ્યે વિવિધ સવલતો પુરી પાડવામાં આવે છે.

આ સાથે બાલભવનોમાં આવતા બાળકોની જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા માટે ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાના વૈવિધ્યસભર કુલ ૪૧૪૨૯ સંખ્યાના બાળ પુસ્તકો કુલરૂા.૨૭૪૫૫૯.૨૫ કિંમતના વસાવવામાં આવેલા છે.વધુમાં વિશ્વના સાંપ્રત પ્રવાહોથી બાળકો માહિતગાર થાય માટે તે માટે વિવિધ સામાયિકોની જોગવાઈ કરવામાં આવેલ છે.રમતગમતમાં રૂચી ધરાવનાર બાળકો માટે અહી ઈન્ડોર અને બૌદ્ધીક વિકાસ માટે રમતોની સુવિધા છે.આ સાથે બાળકોના મનોરંજન માટે સરસપુર અને મણિનગર બાલભવન ખાતે સુંદર બાલક્રિડાંગણ બનાવવામાં આવેલ છે.આ ઉપરાંત સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન બાળકોની સુવિધા માટે કુલ રૂા.૧૪,૯૬૦/- ના રમકડા તથા ઈન્ડોર રમત ગમતના સાધનો વસાવવામાં આવેલ છે.

વધુમાં બાળકોની અનુકુળતા માટે તેઓના શાળાના સમયે અનુકુળ બની બાલભવનો બે પાળીમાં એટલે સવારે ૮.૩૦ થી બપોરે ૧૨.૦૦ કલાક અને સાંજે ૩.૩૦ કલાકેથી ૭.૦૦ કલાક દરમ્યાન કાર્યરત હોય છે.જાહેર રજાઓ અને શુક્રવારની સાપ્તાહિક રજાઓ બાદ કરતાં દર રવિવારે પણ બાલભવનો બાળકો માટે સેવા પુરી પાડે છે.

સને.૨૦૦૮-૦૯ વર્ષ દરમ્યાન કુલ ૨૮૮૮૬ બાળકોએ બાલભવનનો લાભ લીધેલ છે.બાલભવનના બાળકોની શકિતઓને વેગ આપી ભવિષ્ય માટે સ્વરોજગાર લક્ષી અભિગમ કેળવવા પ્રયાસ કરવામાં આવે છે.ઉપરાંત બાળકોને ટી.વી. અને ડી.વી.ડી.ના માધ્યમથી પણ બાળકોને મનોરંજન પુરૂ પાડવામાં આવે છે.વિશેષ કરી ચિત્રકામ,પુંઠાકામ,કોતરણીકામ માટેના રમકડા બનાવવાની સાથે ફલાવર મેકીગ,ગ્લાસ પેઈન્ટીગ,મોતીના તોરણો,સુશોભીત વોલપીસ તથા વેસ્ટમાંથી બેસ્ટ વિગેરે જેવી પ્રવૃત્તિઓની તાલીમ દ્વારા વિવિધ કલાઓ માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે.

મ્યુનિ.બાલભવનોમાં નિયમિત રીતે કરાવવામાં આવતી વાંચનેતર,હસ્તકલા કામગીરી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતીઃ-

| નં. | વાંચનેતર અને ઈત્તર પ્રવૃત્તિઓ | હસ્તકલા કારીગરી | સાંસ્કૃતિક કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | નિબંધ લેખન | રંગ પૂરણી | અંતાક્ષરી |
| ૨ | વકતૃત્વ સ્પર્ધા | પુઠાં કામ | રાસ ગરબા |
| ૩ | વાર્તા કથન | ચિત્રકામ | વેશભૂષા |
| ૪ | મહાપુરૂષોના જીવન ચરિત્ર વાંચન | રંગોલી સજાવટ | પર્વોની ઉજવણી |
| | | કાગળમાંથી કોતરણી | |
| ૫ | કવિતા પઠન | માટીકામ | પર્યાવરણને લગતા |
| | | | કાર્યક્રમો |
| ૬ | કાવ્ય લેખન | વેસ્ટમાંથી બેસ્ટ | |

**સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન કરાવેલ વિશિષ્ય કાર્યક્રમોની માહિતી**

બાળકોમાં રહેલી સર્જનાત્મક શકિતઓને વેગ મળે તથા બાળકોની સર્વાંગી વિકાસ થાય તે હેતુસર વર્ષ દરમ્યાન કેટલાક વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ આ ઉપરાંત બાળકો માટે ભવિષ્યમાં ઉપયોગી બને તે હેતુસર સ્વરોજગાર લક્ષી કાર્ય શીબીરનું પણ આયોજન કરવામાં આવે છે.અને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું.

**(૧)ગૌરીવ્રત નિમિત્તે બાલભવનના યુનીટોના બાળકો દ્વરા રાસ ગરબાના કાર્યક્રમઃ-**

ગૌરીવ્રત નિમિત્તે બાલભવનના યુનીટોના બાળકો દ્વારા તાઃ૨૦/૦૭/૦૮ ને રવીવારના રોજ ચાચા નેહરુ બાલવાટીકા ખાતે રાસ ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમા ઉંમર (૧)૫ થી ૧૦ વર્ષ એ ગ્રુપ(૨)૧૧ થી ૧૫ વર્ષ બી ગ્રુપ નક્કી કરવામાં આવેલ.જેમાં કુલ ૧૨૦ બાળકોએ ભાગ લીધો હતો.અને બંન્ને ગ્રુપમાંથી અનુક્રમે ૧ થી ૩ આવેલ બાળકોને હાજર આમિત્રત મહેમાનશ્રી મારફત ઈનામો આપવામાં આવ્યા હતા.

**(૨)દિવાળી પર્વ નિમિત્તે ગ્રીટીંગ કાર્ડસ બનાવવાઃ-**

સને ૨૦૦૮નું વર્ષ નિમીત્તે બાળ તંદુરસ્તી,સ્ત્રીભૃણ હત્યા,બાળરસીકરણ,સાક્ષારતા અભિયાન,કન્યા કેળવણી,વિકલાંગ પ્રવૃત્તિ,પાણી બચાવો,જીવન બચાવો અંગેના મેસેજ બાળકો દ્વારા ગ્રીટીંગ કાર્ડ ઉપર તૈયાર કરાવવામાં આવ્યા હતા.અને આ ગ્રીટીંગ કાર્ડસ બાલવાટીકાની ટીકીટબારી ઉપરથી બાલવાટીકાની મુલાકાતે આવતા બાળકોને ભેટ આપી ઉપરોકત મેસેજ પહોંચાડવામાં આવેલ હતો.જેને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી દક્ષિણ ઝોન દ્વારા ઠ.નં.૫ તાઃ૧૩/૦૯/૦૮ થી મંજુરી આપવામાં આવી હતી.

**(૩)રાયપુર બાલભવનનું રીઓપનીંગ તથા પ્રદર્શનઃ-**

ખાડીયા વોર્ડના ધારાસભ્યશ્રી અશોકભાઇ ભટ્ટ સાહેબની માંગણીના અનુસંધાને રાયપુર દરવાજા બહાર મહીપતરામ આશ્રમ સામે જયા અગાઉ રાયપુર બાલભવન હતુ.તેનું ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી દ.ઝોન ઠ.નં.૮ તાઃ૧૭/૧૦/૦૮ ની મંજુરીથી તાઃ૨૨/૧૦/૦૮ ના રોજ સ્ટે.ક.ના ચેરમેનશ્રી અસિતભાઇ વોરા સાહેબના વરદ હસ્તે રીઓપનીગ કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રીક્રીએશન કલ્ચરલ હેરીટેજ કમીટી ના ચેરપર્સનશ્રી રમાબેન કે જોષી તથા અતિથિ વિશેષ તરીકે સર્મિષ્ઠાબેન આઇ.પટેલ ડે.ચેરપર્સનશ્રી રીક્રીએશન કલ્ચરલ અને હેરીટેજ કમીટી તથા મહેમાન તરીકે ખાડીયા વોર્ડના કાઉન્સીલરશ્રી મયુરભાઇ એન.દવે,શ્રી ભુષણભાઇ ભટ્ટ તથા શ્રી બિરાજબેન જે.સુરતી હાજર રહયા હતા.

આ પ્રસંગે બાલભવનના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રીટીંગ કાર્ડસનું પ્રદર્શન પણ ખુલ્લો મુકવામાં આવ્યુ હતુ.

**(૪)બાલભવનના દરેક યુનીટ ઉપર દર રવીવારે રમત ગમત હરીફાઈનું આયોજનઃ-**

બાલભવનમાં આવતા બાળકોના માનસીક વિકાસ માટે દરેક યુનીટ ઉપર દર રવીવારે જુદી જુદી રમતોની હરીફાઈનું આયોજન કરવામાં આવયુ હતુ.જેમાં વિજેતા બનેલા કુલ ૫૬ બાળકોને પણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

**(૫)રમત ગમતના સાધનો-રમકડાની ખરીદીઃ-**

બાલભવનના બાળકો માટે સને ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ રૂ.૧૪,૯૬૦/-ની કિંમતના રમકડા તથા ઈન્ડઓર રમતના સાધનનો ખરીદ કરવામાં આવેલ છે.આમ,સને ૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન ઉપરોકત જુદા જુદા કાર્યક્રમો દ્વારા બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

**યુનિટના નામ વર્કીંગ દિવસની માહિતી**

| માસ વર્ષ | મણિનગર | સરસપુર | ગોમતીપુર | ઢાળની પોળ | ફતેહપુરા | રાયપુર |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૨૦૦૮ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| મે-૨૦૦૮ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ |
| જુન-૨૦૦૮ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ |
| જુલાઇ-૨૦૦૮ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ઓગષ્ટ-૨૦૦૮ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ |
| સપ્ટેમ્બર-૨૦૦૮ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ઓકટોબર-૨૦૦૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ |
| નવેમ્બર-૨૦૦૮ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ડિસેમ્બેર-૨૦૦૮ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૦૯ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ફેબ્રુઆરી-૨૦૦૯ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| માર્ચ-૨૦૦૯ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| કુલ | ૨૬૮ | ૨૬૮ | ૨૬૮ | ૨૬૮ | ૨૬૮ | ૨૬૮ |

**વર્કીંગ દિવસ :૨૬૮**
**અઠવાડીક રજા :૫૧**
**બીજો શનીવાર :૧૨**
**ચોથો શનીવાર :૧૨**
**જાહેર રજા :૨૨**
**.......**
**૩૬૫**

**પત્રક ૯.૫.૧**

## સને ૨૦૦૮-૦૯ દરમ્યાન કાર્યરત બાલભવનોની આંકડાકીય માહિતી

| અ.નં | બાલભવન યુનીટનું નામ | શરૂ થયા તારીખ | પુસ્તક વાંચનાર બાળકોની સંખ્યા | ઈત્તર પ્રવૃત્તિ તથા રમકડાથી રમનાર બાળકોની સંખ્યા | બાલભવ નામાં આવનાર બાળકોની સંખ્યા | વંચાયેલ પુસ્તકોની સંખ્યા | બુક લીસ્ટ ઉપર હયાત પુસ્તકોની સંખ્યા | હયાત પુસ્તકોની કુલ કિમત રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ઢાળની પોળ | ૧-૯-૫૯ | ૨૭૫૩ | ૨૨૫૧ | ૫૦૦૪ | ૨૭૧૨ | ૧૨૮૬૧ | ૫૫૬૪૯.૧૫ |
| ૨ | સરસપુર | ૨૯-૯-૫૯ | ૬૪૧ | ૧૫૫૪ | ૨૧૯૫ | ૫૨૮ | ૬૧૭૦ | ૩૫૪૭૫.૪૬ |
| ૩ | ફતેહપુરા | ૬-૫-૮૨ | ૨૭૬૧ | ૨૩૩૮ | ૫૦૯૯ | ૨૬૪૦ | ૯૬૨૮ | ૭૫૪૪૮.૮૩ |
| ૪ | મણિનગર | ૧૯-૩-૬૧ | ૨૭૧૧ | ૬૩૭૪ | ૯૦૮૫ | ૮૯૪૯ | ૧૧૮૪૬ | ૮૮૦૭૦.૧૫ |
| **૫** | **ગોમતીપુર** | **૭-૪-૦૬** | **૨૪૪૫** | **૨૪૨૭** | **૪૮૭૨** | **૪૭૯૯** | **૨૨૦** | **૭૯૫૭.૦૦** |
| **૬** | **રાયપુર** | **૨૧-૧૦-૦૮** | **૮૪૬** | **૧૭૮૫** | **૨૬૩૧** | **૮૩૩** | **૭૦૪** | **૧૧૯૧૦.૬૬** |
| | | | | | | | **૪૧૪૨૯** | **૨,૭૪,૫૫૯.૨૫** |

પત્રક ૯.૫.૨

૨૦૦૭-૦૮અને ૨૦૦૮-૦૯માં મ્યુ.કોર્પો. સંચાલિત બાલભવનોમાં લાભલેનાર સરેરાશ બાળકો અને વંચાયેલ સરેરાશ પુસ્તકોની તુલનાત્મક વિગત દર્શાવતુ પત્રક.

| અ. નં. | હયાત બુક લીસ્ટ ઉપર પુસ્તકો | બાલભવન | વર્ષ | લાભ લેનાર બાળકોની સંખ્યા | વંચાયેલ પુસ્તકોની સંખ્યા | માસિક સરેરાશ | | દૈનિક સરેરાશ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૧૨૮૬૧ | ઢાળની પોળ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | ૪૭૪૭<br>૫૦૦૪ | ૧૨૪૦૮<br>૨૭૧૨ | ૩૯૬<br>૪૧૮ | ૧૦૩૪<br>૨૨૬ | ૧૮<br>૧૯ | ૪૭<br>૧૦ |
| | | | | | | | | | |
| ૨ | ૬૧૭૦ | સરસપુર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | ૬૮૮૭<br>૨૧૯૫ | ૬૦૭૨<br>૫૨૮ | ૫૫૦<br>૧૮૦ | ૫૦૬<br>૪૪ | ૨૫<br>૦૮ | ૨૩<br>૦૨ |
| | | | | | | | | | |
| ૩ | ૯૬૨૮ | ફતેહપુરા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | ૩૧૦૦<br>૫૦૯૯ | ૯૫૦૪<br>૨૬૪૦ | ૨૪૨<br>૪૧૮ | ૭૯૨<br>૨૨૦ | ૧૧<br>૧૯ | ૩૬<br>૧૦ |
| | | | | | | | | | |
| ૪ | ૧૨૫૫૦ | મણીનગર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | ૬૬૫૮<br>૯૦૮૫ | ૧૨૧૪૪<br>૮૯૪૯ | ૫૨૮<br>૭૪૨ | ૧૦૧૨<br>૭૪૬ | ૨૪<br>૩૪ | ૪૬<br>૩૪ |
| | | | | | | | | | |
| ૫. | ૨૨૨૦ | ગોમતીપુર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | ૩૩૩૯<br>૪૮૭૨ | ૨૯૯<br>૪૭૯૯ | ૨૯૯<br>૩૯૬ | ૫૨૮<br>૪૦ | ૨૪<br>૧૮ | ૦૪<br>૧૮ |
| | | | | | | | | | |
| ૬. | ૭૦૪ | રાયપુર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | --<br>૨૬૩૧ | --<br>૮૩૩ | --<br>૧૨૦ | --<br>૬૯ | --<br>૨૩ | --<br>૦૩ |

**નોંધ :-** સને ૨૦૦૭-૦૮ માટે વર્કીંગ દિવસ ૨૭૨ ગણતરીમાં લીધેલ છે.
સને ૨૦૦૮-૦૯ માટે વર્કીંગ દિવસ ૨૬૮ ગણતરીમાં લીધેલ છે.
રાયપુર બાલભવનનું રીઓપન કર્યું ૨૧/૧૦/૦૮ વર્કીંગ દિવસ ૧૧૧ ગણતરીમાં લીધેલ છે.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન મેગાસીટીને વેગ આપવા અંગેના આયોજન કરવા વિચારેલ છે.જેમાં અગાઉ અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૧૬ બાલભવનો કાર્યરત છે.જે પૈકી ૧૯૯૪માં ૧૨ બાલભવનો બંધ કરવામાં અઅવ્યા હતા.તે પૈકી ગોમતીપુર બાલભવન યુનિટ સને ૨૦૦૬માં ચાલુ કરવામાં આવ્યું રાયપુર બાલભવન યુનિટ ૨૧-૧૦-૨૦૦૮ માં ચાલુ કરવામાં આવ્યું તે જ રીતે બાકી રહેતા ૧૦ બંધ બાલભવનો ફરીથી ચાલુ કરાવવા અંગેની કાર્યવાહી ચાલુ છે.જેથી કરીને અમદાવાદના વિવિધ વિસ્તારોમાં બાલભવનો ખોલી બાળ કલ્યાણની પ્રવૃત્તિને વેગ આપી શકાય.

આ ઉપરાંત સને ૨૦૦૯-૨૦૧૦ માં ટી.વી.અને ડી.વી.ડી.દ્વારા બાળકોને શૈક્ષણિક કાર્યક્રમો બતાવી સ્વરોજગારી તાલીમ આપવી જેમકે ફ્લાવર મેકીંગ ગ્લાસ પેઇન્ટીગ,મોતીના તોરણ બનાવવા,સુશોભિત વોલપીસ બનાવવા અને વેસ્ટમાંથી બેસ્ટ એવી પ્રવૃત્તિઓની તાલીમ દ્વારા વિવિધ કલા માટે પ્રોત્સાહન મળે તે માટે વ્યવસ્થિત આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.આ ઉપરાંત અમદાવાદ શહેર લેવલે બાળકોના મેગા ઈવેન્ટ કાર્યક્રમ કરવા બાબતે બાલભવન પ્રયત્નશીલ છે.

## ૯.૬ વ્યાયામ વિદ્યાલય

### ૦૮-૦૯

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તેની ફરજીયાત પ્રવૃતિઓ સાથે મરજીયાત પ્રવિૃતઓ કરે છે. કાંકરીયા તળાવ પાસે આવેલ અંબુભાઇ પુરાણી વ્યાયામ વિધાલય નું ઉદ્‌ઘાટન મુંબઇ ઈલાકાના પ્રધાન બાળગંગાધર ખેર સાહેબના વરદ હસ્તે તા-૧૫ જુન સને ૧૯૩૮ ને બુધવારના રોજ કરવામાં આવેલ હતું. અમદાવાદ શહેરના યુવાનોનું શરીર સૌષ્ઠવ, નિયમિતતા તથા સદ્‌ભાવના કેળવવાના હેતુથી શરૂઆતમાં ૧૯૭૬ માં વ્યાયામ વિધાલય કાંકરીયા તથા ૧૯૮૪ માં મણિનગર તથા માણેકબા, સંસ્કારવાડી, શાહપુર ખાતે જીમ્નેશીયમ શરૂ કરવામાં આવેલ હતા.

હાલમાં કુલ ૨૧ બારબેલ જીમ્નેશીયમ અને વાસણા, મેઘાણીનગર તથા નિકોલ વોર્ડમાં ૩ સ્વયં સંચાલિત ઉપરાંત મણિનગર તથા રાણીપ વોર્ડમાં વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેટીંગ રીંક ચલાવવામાં આવે છે. જેનો શહેરીજનો બહોળી સંખ્યામાં લાભ લઇ રહયા છે.

વ્યાયામ વિધાલયની મુખ્ય કામગીરીમાં (૧) વાર્ષિક રમતોત્સવ (૨) ઈન્ટર ડિપાર્ટમેન્ટ ક્રિકેટ ટુનામેન્ટ (૩) વિકલાંગ રમતોત્સવ (૪) નેશનલ/સ્ટેટ કક્ષાની ઈન્ટર કોર્પોરેશન સ્પર્ધાઓમાં કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરાવવું (૫) રાજય/રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાત કર્મચારી ખેલાડીઓનું પ્રતિનિધિત્વ કરાવવું (૬) વિવિધ રમતોના એસોસીએશન તથા ચેરીટી ટ્રસ્ટોને રમત-ગમત માટે મેસનો ભાડે આપવા (૭) નગરજનો માટે અનેકવિધ રમતોના નગરરમતોત્સવ યોજવા વગેરે છે.

*અહેવાલી વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ખેલાડીઓએ વાર્ષિક રમતોમાં ભાગ લીધો હતો.*

| અનુ.નં. | રમતનું નામ | ખેલાડીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાઇઓ | ભહેનો | કુલ |
| ૧. | ઈન્ડોર રમતો | ૩૫૦ | ૨૫૦ | ૬૦૦ |
| ૨. | સાંધિક રમતો | ૪૦૦ | ૩૨૫ | ૭૨૫ |
| ૩. | ખેલકુદ રમતો | ૪૭૦ | ૩૫૦ | ૮૨૦ |
| ૪. | રાયફલ શુટીંગ | ૨૫ | ૧૦ | ૩૫ |
| કુલ | | ૧૨૪૫ | ૯૩૫ | ૨૧૮૦ |

રમતોત્સવના પુર્ણાહુતિ સમારંભમાં માનનીય મેયરશ્રી તથા મા. કમિશનરશ્રીની ટીમો વચ્ચે ક્રિકેટ મેચ તથા રસ્સાખેંચમાં મૈત્રી મુકાબલાનું તા.- ૨૭/૦૧/૨૦૦૯ ના આયોજન થયેલ હતું. વાર્ષિક રમતોત્સવ ઓવરઓલ ચેમ્પીયનશીપ મેળવનાર ખાતાને શીલ્ડ વિતરણ ધ્વારા પ્રોત્સાહિત કરેલા હતા. જયારે બેસ્ટ સ્પોર્ટસમેન, સ્પોર્ટવુમન તથા પ્રત્યેક રમતમાં ત્રણ વિજેતાઓને  પ્રોત્સાહક ઈનામો આપવામાં આવેલ હતા. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વિકલાંગ રમતોત્સવનું ભવ્ય આયોજન વ્યાયામ વિધાલય કાંકરીયા ખાતે તા.- ૨૫,૨૬,૨૭, ડિસેમ્બર ૨૦૦૮ યોજવામાં આવેલ હતો. જેમાં અંદાજે ૨૦૦૦ ભાઇ- બહેનોએ ભાગ લીધો હતો.

વર્ષ દરમ્યાન ક્રિકેટ, ટેબલ ટેનીસ, તથા સ્કેટીંગ રમતોના કોચીંગ કેમ્પનું આયોજન કરેલ હતું.જેમાં ભાગ લઇ મધ્યમ વર્ગના બાળ ખેલાડીઓ નેશનલ સ્કુલ ગેમ્સ માટે પસંદગી પામે છે.આમાંથી ચાલુ વર્ષે ઓલ ગુજરાત સ્કૂલ ગેમ્સ માટે (૧) પાર્થ એન પંડયા દિવાન બલ્લુભાઇ સ્કૂલ, કાંકરિયાનો વિધાર્થી સિલેકટ થયેલ છે. કુ.આરતીબેન અય્યર સરકાર તરફથી પુરુષાર્થ ગૌરવ એવોર્ડ શિક્ષણમંત્રી શ્રી આનંદીબેન પટેલ ધ્વારા અર્પણ કરવામાં આવેલ હતો. જીમ્નેશીયમ તાલીમ લઇ નીચેના તાલીમાર્થીઓએ જયદીપસિંહજી એવોર્ડ મેળવ્યો છે.

(૧) મૌલિકભાઇ ડાભી (૨) ઈન્દ્રસિંહ ગજજર

અહેવાલી વર્ષમાં નીચે મુજબની આવક થવા પામી છે.

| અનુ.નં. | ફી | આવક |
|---|---|---|
| ૧. | કોચીગ કેમ્પ ફી (૧) સ્કેટીગ<br>(૨) ટેબલ ટેનીસ | રૂા.૧,૩૧,૫૦૦/-<br>રૂા. ૪,૨૦૦/- |
| ૨. | જીમનેશીયમ સભ્ય ફી | રૂા. ૧૮,૧૫,૩૪૦/- |
| ૩. | મેદાન ભાડા આવક | રૂા. ૧,૭૦,૬૫૪/- |
| ૪. | અનુદાન / ગ્રાન્ટ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૫. | વિકલાંગ રમતોત્સવ | રૂા. ૪,૭૫૬/- |

આમ અં. પુ. વ્યાયામ વિધાલય ધ્વારા વિવિધ રમત-ગમતની પ્રવૃતિઓ થી નાગરિકોના આરોગ્યનું ધોરણ ઉચું લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે, જેની કદર રૂપે યુવક સેવા તથા સાંસ્કૃતિક ભવન રાજય સરકાર રૂા. ૧,૦૦,૦૦૦/- નું મહતમ અનુદાન સ્પોર્ટસની પ્રવૃતિઓને વેગ આપવા વ્યાયામ વિધાલય આપે છે. જે અ. મ્યુ. કો. માટે ગૌરવની બાબત છે.

## ૯.૭ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય

### ૦૮-૦૯

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસીક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નું શ્રી. રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહુર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું.શેઠ શ્રી રસિકલાલ તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો મળતા સુભદ્રાબેન માણેકલાલ વાચનાલય અને બાળકિશોર વિભાગ પણ અસ્તિત્વમાં આવ્યો. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ.૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુકત કરવામાં આવ્યા.૧૯૭૪ અને પછીના વર્ષોમાં રૂા.૧૬.૫૦ લાખની રકમ અ.મ્યુ.કોર્પો. તરફથી મળતા ગ્રંથાલય ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યુ. વર્ષ ૨૦૦૪-૦૫માં પુનઃ રૂા.૨૨.૦૦ લાખની કેપીટલ રકમ મળતા રેફરન્સ એન્ડ રીસર્ચ સેકશન તથા જ્ઞાન વિહાર વિઘાર્થી વાચનાલય વિભાગ અસ્તિત્વમાં આવ્યો. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપક મંડળ હસ્તક છે. જેમાં અધ્યક્ષ સ્થાને અહેવાલી વર્ષમાં શ્રી અમિતભાઇ શાહ હતા..તેઓની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ ૬ સભા મળી હતી. જેમાં કુલ ૮૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પુસ્તકો,સામાયિકો, તથા અન્ય સામગ્રી સીડી, વીસીડી, ડીવીડી તેમજ ઓડીયો કેસેટની પસંદગી અને પ્રાપ્તિ અત્રેથી થાય છે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક સમિતિમાં અહેવાલી વર્ષમાં સભ્ય સ્થાને શ્રી જયપ્રકાશભાઇ દેસાઇ હતાં. જ્યારે શ્રી રઘુવીર નાયક તા.૧૦.૦૮.૦૬ થી તથા શ્રીમતી મીનાક્ષીબેન દેસાઇ વિદ્વાન સભ્ય તરીકે તા.૧૦.૦૮.૦૬ થી રહયાં હતાં અને વર્ષાંતે કુલ ૩૭૭ કામોનો નિકાલ કર્યો હતો.

પુસ્તકાલયના કર્મચારીઓની કુલ ૧૧૮ હાલમાં ભરેલી જગાઓ કુલ ૮૨, ૨૦ વ્યાવસાયિક, ૨૯ અર્ધ વ્યાવસાયિક અને ૩૩ બિન વ્યાવસાયિક કર્મચારીઓ છે.પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી જવાબદારી અ.મ્યુ.કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૪૬૩૬૦૦૦૦/- અંકે રૂા.ચાર કરોડ ત્રસઠ લાખ સાઈઠ હજાર પુરા મંજૂર થયેલ, જે પૈકી રૂા.૨,૨૦,૫૮,૦૦૦/- બે કરોડ વીસ લાખ અઠ્ઠાવન હજાર ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા.પુસ્તકાલયની અન્ય આવક રૂા.૧૬,૭૯,૪૪૫/-ની થયેલ.

જ્યારે વર્ષ ૦૮-૦૯ દરમ્યાન આવક કરતાં ખર્ચ રૂ.૧,૨૧,૨૮૯/- વધી જતા પુસ્તકાલયના જનરલ ફંડમાંથી બાદ કરવામાં આવેલ છે.

**ગ્રંથ સંગ્રહ**

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૩૧૩૪૩ ગ્રંથો નવા ઉમેરવામાં આવ્યા હતા.જે પૈકી ૨૪૪૯૧ ગ્રંથો રૂા.૨૦.૨૫ લાખના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૬૮૫૨ પુસ્તકો ભેટમાં મળ્યા હતા.

વિષયાનુસાર ગ્રંથસંગ્રહમાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, મરાઠી, સંસ્કૃત ભાષાના કુલ ૩૧૩૪૩ પુસ્તકો નવા ઉમેરવામાં આવ્યા છે.વર્ષાન્તે નવા ઉમેરાયેલા પુસ્તકો સહીતના ૬૫૮૯૨૨ ની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

## સંદર્ભ ગ્રંથસંગ્રહ :-

આ વિભાગની વિપુલતા અને વિવિધતા એ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાંચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાયે આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કર્યો હતો. વર્ષ દરમ્યાન ૬૩૭૫ વાંચકોએ ૪૧૪૭૩ જેટલાં સંદર્ભગ્રંથનો ઉપયોગ પુસ્તકાલયમાં બેસીને કર્યો હતો.

## વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઇભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે.તેમજ અધ્યયન અર્થે ઉપયોગી બની રહે તે માટે છ ક્યુબિક્લ્સ બનાવવામાં આવેલ છે.અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઈસ્યુ કરવામાં આવતા નથી.

(૧) **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથ સંગ્રહ:** સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણી અલગ મુકવામાં આવ્યા છે.

(૨) **ગાંધી સાહિત્ય:** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલ તેમજ તેમના વિશે લખાયેલા ગ્રંથોને અલાયદા ખંડમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.જે સારો એવો લાભ સંગ્રહનો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા લેવામાં આવે છે.

(૩) **નહેરુ સાહિત્ય:**નહેરૂ સાહિત્ય માત્ર તેમના અભ્યાસુઓ માટે નહી પરંતુ ભારતીય ઈતિહાસની ઝાંખી મેળવનારાઓ માટે પણ ઉપયોગી બની રહયુ છે.

(૪) **સરદાર પટેલ સાહિત્ય:** ગુજરાતના પનોતાપુત્ર એવા સરદાર પટેલ સાહિત્યનો લાભ અભ્યાસુઓ અને જીજ્ઞાસુઓ માટે લાભદાયી બની રહયો છે.

(૫) **ડો.આંબેડકર સાહિત્ય:** ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.આંબેડકરનું સાહિત્ય તેમનાં અભ્યાસુઓ માટે મહત્તમ ઉપયોગી બનતું જાય છે.

(૬) **અહિંસક અને શોષણવિહિન કેન્દ્ર:**શ્રી.અતુલભાઈ શાહની પ્રદિક્ષા નિમિત્તે પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થયેલ રૂા.૧.૦૦ લાખના અનુદાનથી અહિંસક અને શોષણવિહીત કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.જેમાં જૈન ધર્મને લગતા વિશિષ્ટ પુસ્તકોનો સંગ્રહીત કરવામાં આવેલ છે.

(૭) **આપણું અમદાવાદ:**અમદાવાદ અને અ.મ્યુ.કો.ને સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ'આપણું અમદાવાદ' માં નગર વિશેની તમામ માહિતી ઉપલબ્ધ છે.

(૮) **ગુજરાત સ્થાનિક ઈતિહાસ:** ગુજરાત સ્થાનિક ઈતિહાસ' નાં વિભાગમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોક સાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ, સ્થાપત્ય વિગેરે વિષયોને સ્પર્શતા ગુજરાત સ્થાનિક ઈતિહાસના વિભાગમાં સંગ્રહીત છે.

(૯) **સને ૧૯૦૦ પહેલાં પ્રકાશિત થયેલ પુસ્તકો:** મુદ્રણકળાના પ્રથમ તબક્કામાં છપાયેલ પુસ્તકોની મહત્તા અને મૂલ્યને ધ્યાનમાં લઇ સને ૧૯૦૦ પહેલાં પ્રકાશિત થયેલ પુસ્તકોનો અલગ સંગ્રહ કરવામાં આવેલ છે. જે પૈકીનું પ્રથમ પુસ્તક સને ૧૮૫૯ માં મુદ્રિત થયેલુ છે

(૧૦) **સામાયિક સંપુટો :** સંશોધનકારો અને જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલયમાં આવતા સામાયિકોની ફાઈલ બંધાવીને ગ્રંથ સ્વરૂપે રાખવામાં આવ્યા છે.

(૧૧) **ડોરમેટરી:**ડોરમેટરી વિભાગમાં નહીવત અને ક્વચિત જ ઉપયોગમાં લેવાતા આશરે ૬૦૦૦ ઉપરાંત ગ્રંથોનો સંગ્રહ છે.

(૧૨) **ગુજરાતી સાહિત્ય સંદર્ભ:** ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ અને થઇ રહેલ તમામા નવલકથાઓ, કાવ્યો અને નાટકો સંદર્ભ માટે ઉપયોગી બને તે માટે ગુજરાતી સાહિત્ય સંદર્ભ સંગ્રહ અલગ રાખવામાં આવેલ છે.

(૧૩) **એજ્યુકેશનલ વોકેશનલ ગાઈડન્સ:** સ્કૂલ કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષિત બેરોજગારોને માર્ગદર્શન માહિતી મળી રહે તે માટે અલગ વિભાગ બનાવી સાહિત્યનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(૧૪) **કોમ્પ્યુટર અને ઈન્ફર્મેશન ટેકનોલોજી:**-માહિતી યુગની જરૂરિયાત અનુસાર આ વિષયમાં થયેલા વિકાસને અનુલક્ષીને યુવા વાચકોને મદદરૂપ થવા અદ્યતન વાચન સામગ્રી ખરીદી નવો વિભાગ બનવવામાં આવેલ છે.

**<u>ગ્રંથ ગોઠવણી :-</u>**

આ માટે ગ્રંથાલયમાં બે વર્ગીકરણ પધ્ધતિનો ઉપયોગ થાય છે. ભારતીય ભાષાઓનાં તમામ ગ્રંથોની ગોઠવણી કોલન કલાસીફિકેશન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે દેવનાગરી લિપિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાની નવલકથાઓનું વર્ગીકરણ દ્વિબિંદુ માંથી પરિવર્તીત કરી દશાંશમાં ફેરવવામાં આવ્યું છે. ગુજરાતી નવલકથાની ગોઠવણી લેખક અનુસાર જયારે અંગ્રેજી પુસ્તકોની ગોઠવણી ‘ડયુઈ ડેસીમલ ક્લાસીફીકેશન’ અનુસાર કરવામાં આવે છે.

**<u>ગ્રંથાલય સૂચિ :-</u>**

કોઈ એક ગ્રંથ પુસ્તકાલયમાં હોય તો તે ક્યાં ગોઠવાયેલ છે તેની માહિતી આમાંથી મળે છે. અંગ્રેજી ગ્રંથો માટે એ.એ.સી.આર. પધ્ધતિ અને ભારતીય ભાષાના ગ્રંથો માટે અનુવર્ગ સૂચિકલ્પનો ઉપયોગ કરવામાં આવ્યો છે.જયારે ભારતીય ભાષાના ગ્રંથો માટે અનુવર્ગ સૂચિ કલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.આગામી દિવસોમાં તમામ વાચન સામગ્રીની સુચિ કોમ્પ્યુટરાઇઝ કરાવી ઓન લાઇન સેવાઓ પુરી પાડવામાં આવશે.

**<u>વાંચનાલય :-</u>**

પુસ્તકાલયના લોકપ્રિય અને ચહલપહલવાળા આ વિભાગમાં ૧૯૦ બેઠકોની વ્યવસ્થા છે. વર્ષમાં ૩૬૪ દિવસ સતત ૨૪ કલાક સેવાઓ અપાય છે. અહીં ૮ ભાષાના ૫૦૬ સામાયિકો-વર્તમાનપત્રો આવે છે. જે પૈકી ૩૯૬ સામાયિકો-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમાં રૂા. ૨.૧૩ લાખ ભરવામાં આવ્યુ હતું.૧૧૦ સામાયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. ભારતનાં તમામ મુખ્ય શહેરોમાંથી પ્રગટ થતા ૭૯ વર્તમાનપત્રો આ વિભાગમાં ઉપલબ્ધ છે. સિંગાપુરથી પ્રગટ થતું ‘ઈન્ટરનેશનલ હેરાલ્ડ ટ્રીબ્યુન’ પણ અત્રે મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન વાંચકોની કુલ સંખ્યા ૨,૦૨,૦૦૦/- રહી હતી.

**સભ્યપદ :-**

પુસ્તકાલયના ગ્રંથ ઘેર વાંચવા લઈ જવા માટે સભ્યપદ મેળવવું આવશ્યક છે. આ માટે નિયત અરજીપત્રકમાં આવશ્યક વિગતો ભરી જામીનદારની સહી લાવવાની રહે છે.

| અ. નં | વાચક સભ્યનો પ્રકાર | સભ્ય પદની મુદત | સભાપદ ડીપોઝીટ રૂ.(રીફન્ડેબલ) | લવાજમ રૂા. | ઓળખ પત્ર | વાચક ટીકીટો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વયસ્ક વાચક | બે વર્ષનો બ્લોક | - | ૧૨૦.૦૦ | ૧ | ૨ |
| | વયસ્ક વાચક | આજીવન | - | ૫૦૦.૦૦ | ૧ | ૪ |
| ૨ | મહિલા,વિદ્યાર્થીઓ અને બાળકિશોર વિભાગના બાળકો માટે | બે વર્ષનો બ્લોક | - | ૬૦.૦૦ | ૧ | ૨ |
| | ,, | આજીવન | - | ૨૫૦.૦૦ | ૧ | ૪ |
| ૩ | વિશિષ્ટ પ્રકારના વાચકો જેવા કે વિકલાંગ, બહેરામૂંગા, પ્રજ્ઞાચક્ષુ અને સીનીયર સીટીઝન વાચકો | બે વર્ષનો બ્લોક | - | ૬૦.૦૦ | ૧ | ૨ |
| | ,, | આજીવન | - | ૨૫૦.૦૦ | ૧ | ૪ |
| ૪ | વાચનાલય અને સામયિક વિભાગના વાચકો | - | - | મુક્ત પ્રવેશ | - | - |
| ૫ | ઈન્સ્ટીટયુશનલ મેમ્બર શીપ | બે વર્ષનો બ્લોક | - | ૩૦૦૦.૦૦ | ૧ | ૨૦ |
| | ,, | આજીવન | | ૨૫૦૦૦.૦૦ | ૧ | ૨૦ |
| | **ડિઝીટલ લાયબ્રેરી** | | | | | |
| ૧ | વયસ્ક વાચક | વર્ષનો બ્લોક | ૧૦૦ | ૧૦૦ | ૧ | ૨ |
| ૨ | વિદ્યાર્થી વાચક | વર્ષનો બ્લોક | ૭૫ | ૭૫ | ૧ | ૨ |
| ૩ | બા.કિ.વિ.ના વાચકો | વર્ષનો બ્લોક | ૫૦ | ૫૦ | - | ૧ |
| ૪ | આજીવન વાચક | આજીવન | ૧૦૦ | - | ૧ | - |

તા.૧/૪/૦૫ થી તા.૩૧/૩/૦૭ સુધીના બે વર્ષના બ્લોક દરમ્યાન અહેવાલી વર્ષના અંત સુધીમા કુલ ૯૬૭ આજીવન સભ્યો નોંધાયા હતા.અહેવાલી વર્ષને સમાવતા બે વર્ષના બ્લોકમાં વયસ્ક સભ્યોની સંખ્યા ૫૪૯ હતી. વિશિષ્ટ વાચક સભ્ય સંખ્યા વર્ષ ૨૦૦૮-૦૯ માં ૬૪૮ અને આજીવન ૮૭૯ ની હતી. બાળકિશોર વિભાગમાં વર્ષ ૨૦૦૮-૦૯ના બે વર્ષના બ્લોકમાટે સભ્યોની સંખ્યા ૪૫ હતી.જ્યારે આજીવન સભાસદો ૫૮ થયા હતા.વયસ્ક સભાસદોમાં ૧૦૦% પુરુષ સભાસદોની ગણતરી કરેલ છે. અને સ્ત્રી સભાસદોની ગણતરી વિશિષ્ટ વાચકોમાં કરેલ છે.વયસ્ક

સભાસદોમાં ૧૫થી૨૪ વર્ષના સભ્યો ૪૫.૩૫%, ૨૫થી૩૪ વર્ષના ૩૨.૯૭% અને ૩૫ વર્ષથી ૫૦ વર્ષના સભ્યો ૧૩.૧૧% ૫૧ થી ૬૦ વર્ષના સભ્યો ૮.૫૭% નોંધાયેલ છે.

**ગ્રંથ પરિક્રમણ :-**

પુસ્તકાલયનું સભ્યપદ મેળવનારને ૨ સભ્યપદ ટીકીટો આપવામાં આવે છે. જેના પર વાચક એક સાથે બે પુસ્તક ૧૪ દિવસ માટે ઈસ્યુ કરાવી શકે છે. નિયત તારીખે કે તે પહેલા પુસ્તક પરત કરવામાં ન આવે તો ત્યારબાદના દરેક દિવસના પુસ્તક દીઠ રૂા.૧.૦૦ અતિદેય તરીકે વાચક પાસેથી વસૂલ કરવામાં આવે છે. ગ્રંથ લેવડ દેવડ માટે અત્રે રંગનાથન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.સાથે જ દિવસ દરમ્યાન ઈસ્યુ થતા પુસ્તકોની પરિક્રમિત સંખ્યાની જાણ માટે અવર્લી ચાર્ટ રાખવામાં આવે છે.

**અન્યાદેયીકરણ :-**

ગ્રંથાલયમાં વાંચકોને જો મનવાંછિત પુસ્તક પ્રાપ્ત ન થાય તો પુસ્તક માટે ક્લેઈમ નોંધવાની સુવિધા છે. (નવલકથા સિવાય) આ માટે વાચકે નિયતપત્રક ભરી ટપાલ ટીકીટ લગાવી, તે પત્રક આપ-લે વિભાગમાં આપવાનું રહે છે.

**આંતર ગ્રંથાલય લેવડ-દેવડ :-**

સંસ્થાઓ અને સંશોધકો માટે આંતર ગ્રંથાલય લેવડ દેવડ અન્વયે પુસ્તકો મેળવવાની આ વિશિષ્ટ સુવિધાનો વર્ષ દરમ્યાન ૧૨૫ જેટલી સંસ્થાઓને તથા વાચકોને ૧૨૪૦ પુસ્તકો ઈશ્યુ કરવામાં આવ્યા છે.

મ્યુ.સ્કુલોમાં પુસ્તકોનુ વિતરણઃ-

મ્યુ.સ્કુલોમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને અભ્યાસની સાથે માનસિક વિકાસ ઉપરાંત શિક્ષણ પ્રત્યે રુચિ કેળવીને નિયમિત રીતે વાંચતા થાય તે હેતુને લક્ષમાં લઈ અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુ.સ્કુલબોર્ડ સંચાલીત ૩૦ જેટલી શાળાઓમાં શાળા દીઠ ૨૫૦ પુસ્તકો લેખે ૭૫૦૦ પુસ્તકો જે તે શાળાઓના પુસ્તક વાંચન કેન્દ્રમાં મોકલી આપવામાં આવેલ છે.જેમાં ગુજરાતી,હિન્દી,ઉર્દૂ.મરાઠી,અને અંગ્રેજી ભાષાના બાળસાહિત્યનો સમાવેશ કરવામાં આવેલ છે.પુસ્તકાલયની ઓડિયો-વિડિયો મોબાઈલ વાન દ્વારા જે તે કેન્દ્રોને પુસ્તકોનું વિતરણ કરી આપવામાં આવે છે.આ પ્રક્રિયા દર વર્ષે ચાલુ રાખવામાં આવનાર છે.

**વિશિષ્ટ વાચક સેવા :-**

માહિતી- વાંચકોને કોઈપણ માહિતી ત્વરિત મળી રહે તે માટે, માહિતી સેવા શરૂ કરવામાં આવેલ. આ સેવાનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને સંશોધકો કરે છે. આ સેવાનો લાભ રૂબરૂ તથા ટેલીફોન ,ઈન્ટરનેટ તેમજ ફેકસ દ્વારા મેળવી શકાય છે.

**અનુલય સેવા-** નવા આંગતુકને જુદા જુદા વિભાગો અને સેવાઓની માહિતી અનુલય સેવા વિભાગ દ્વારા મળે છે. ત્વરીત અનુલયસેવા આપી શકાય તે માટે સંદર્ભગ્રંથો કાયમ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેનો શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ તથા જીજ્ઞાસુઓ સતત ઉપયોગ કરી શકે છે.પુસ્તકાલય સંશોધકોને સાહિત્ય સુચી સેવા પણ આપે છે.વિશેષ કરીને તેનો લાભ શોધ નિબંધ અને મહાનિબંધ તૈયાર કરવામાં વાચકો લઈ રહયા છે. **પ્રતિલિપિ સેવા**-કોઈપણ વાચકને તેની માહિતી જેવી કે ન્યુઝ પેપર સામાયિક કે સંદર્ભગ્રંથમાંથી મેળવેલ હોય તેની પ્રતિકૃતિ ત્વરાએ મળી રહે તે માટે કોપીયર મશીન વસાવવામાં આવ્યું છે. જેનો લાભ વાચક વર્ગ દ્વારા સતત લેવામાં આવે છે.વિઘાથીઓને માત્ર ૦.૨૫ પૈસામાં નકલ કાઢી આપવામાં આવે છે.

**ઈન્ટરનેટ સેવા-** ટેકનોલોજીના આ યુગમાં ઝડપથી માહિતી પ્રાપ્ત કરવા માટે કોમ્પ્યુટર વિભાગમાં તા.૨૩/૫/૯૯થી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ૩૬૪૨ સભાસદોએ આ સેવાનો લાભ લીધેલ છે.ઈન્ટરનેટ સેવાઓ વાંચક દીઠ કલાકના માત્ર ૧૦ રૂપિયા ચાર્જ લઈને સેવા આપવામાં આવે છે.

**ડિજીટલ લાયબ્રેરી**-પુસ્તકાલયમાં તા.૧૪/૯/૦૪થી ડિજીટલ લાયબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે.જેમાં હાલમાં કુલ ૨૦૫૪ સી.ડી.છે.તા.૩૧/૩/૦૮ સુધીમાં કુલ ૫૦૧ સભ્ય છે.

**રેડી રેફરન્સ વિભાગઃ**-આ વિભાગમાં અમદાવાદને લગતાં ૯૬ પુસ્તકો મુકવામાં આવેલ છે.જેમાં અમદાવાદને લગતી પ્રાચિન અવ્રાચીન માહિતીનો પુસ્તકરૂપી સગ્રહ કરવામાં આવેલ છે.તેમજ અમદાવાદને લગતા પેપર કલીપીગની ફાઈલ પણ તૈયાર કરવામાં આવેલ છે.

**બાળ કિશોર વિભાગ :-**

યુનેસ્કો લાયબ્રેરી ડેવલપમેન્ટ પ્લાન અન્વયે ૧૯૫૬ માં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો માટે વૈવિધ્યસભર વાંચન, વાંચનેતર અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકો માટે વાંચનટેવ ખીલવી શકાય તેમજ તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય તે આશયથી આ વિભાગમાં ૭૦ બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં બાળકોની કુલ હાજરી ૫૩૯૩ હતી તેઓ દ્વારા કુલ ૧૩૧૦૮ પુસ્તકો વંચાયેલ. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી વિવિધ ભાષાના બાળ સામાયિકો મંગાવવામાં આવે છે. નાના ભૂલકાંઓ માટે રમકડાંગૃહ બનાવવામાં આવ્યું છે.

**સામયિકઃ-**

બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપે તેવા વિવિધ ભાષાના જુદા જુદા બાળ સામાયિકો અહીં મંગવવામાં આવે છે.જયારે જુના વર્ષના સામાયિકો અહીં વેચાણ માટે મુકવામાં આવે છે જે ખુબ જ નજીવા દરે ખરીદી શકાય.

**રમકડાગૃહઃ**

બાળ વિભાગમાં મહિલા સેવા સંકુલ સાથે સંલગ્ન પરિસરમાં આ વિભાગમાં આવતા સૌ બાળકોને વેકેશન દરમ્યાન તેમને અનુરૂપ શૈક્ષણિક તથા ઈલેકટ્રોનિકસ ગેમ રમાડવામાં આવે છે. સાથે જ આ વિભાગમાં બાળકોલક્ષી ફિલ્મ શો પણ વેકેશન દરમ્યાન બતાવવામાં આવે છે.જે કોઈપણ બાળક અહીં કોઇ પણ પ્રકારની ફી કે ચાર્જ આપ્યા વગર દરરોજ માણી શકે છે.

**મહિલા વિભાગ :-**

વૈવિધ્યભરી અને વિશેષ વાંચન સામગ્રી ધરાવતાં આ વિભાગમાં ૪૫ બેઠકોની વ્યવસ્થા છે. મહિલાઓને વિશેષ ઉપયોગી એવા ગૃહસજાવટ, પાકશાસ્ત્ર, આરોગ્ય, સૌંદર્ય, ભરત-ગુંથણ, સીવણ, સ્ત્રી ધર્મ, દાંમ્પત્ય, બાળ ઉછેર,મહેંદીભજન,ગરબાવલી,ધાર્મિક તેમજ આજના સાંપ્રત પ્રવાહને લગતા પુસ્તકો-વિષયો નો દેય ગ્રંથ સંગ્રહ છે. છે. આ વિભાગમાં મહિલાઓને લોકપ્રિય તેવા વિવિધ ભાષાનાં સામાયિકો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૬૩૫૫ મહિલાઓએ આ વિભાગનો ઉપયોગ કર્યો હતો.અહેવાલના વર્ષ દરમ્યાન ૪૯૦ જેટલી મહિલા વાચકો દ્વારા અહીં મૂકવામાં આવેલ ડીસ્પ્લે કબાટના અદેય પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.તેઓ દ્વારા ૫૪૯૩ પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરેરાશ ૧૫ હતી.

## સર્જન શીલા :-

મહિલાઓ રચિત સાહિત્યનો નવીન વિભાગ સર્જનશીલા સને ૯૫માં શરૂ કરવામાં આવ્યો છે.આ વિભાગમાં માત્ર મહિલા લેખિકાઓ દ્વારા રચિત પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.જે મહિલાઓ માટે લેખન પ્રક્રિયામાં પ્રેરક બની રહે છે.

**બ્રેલ અને ટોકીંગ વિભાગ :-**

અંધ વિદ્યાર્થીઓ અને વયસ્ક પ્રજ્ઞાચક્ષુઓ માટેના આ વિભાગમાં અભ્યાસલક્ષી અને આનુષંગિક વિષયોને લગતી ઓડીયો કેસેટસ છે.ઉપરાંત બ્રેલ પુસ્તકો અને બ્રેલ સામાયિકો પણ ઉપલબ્ધ છે.

**અધ્યયન વિભાગ :-**

અદેય ગ્રંથોના ઉપયોગ માટેના આ વિભાગમાં અહેવાલી વર્ષમાં ૬૩૭૫ વાંચકોએ ૩૭૪૭૩ થી વધુ ગ્રંથોનો ઉપયોગ કર્યો હતો.વિશેષમાં પોતાના ગ્રંથો સાથે બેસવાની વિદ્યાર્થીઓને અત્રે વિશેષ સગવડ આપવામાં આવે છે.રેફરન્સ

અને સંશોધન માટે આ વિભાગનો ઉપયોગ થાય છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૯૬૦૦ વિધાર્થીઓએ અધ્યયન વિભાગની વિશેષ સગવડનો લાભ લીધેલ.

**ગ્રંથ બંધામણી :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૮૫૦ પુસ્તકો બંધાવવામાં આવેલ હતા .તે માટે રૂા. ૧૦૮૭૫/--નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

**વિડીયો કેસેટ લાયબ્રેરી :-**

ગ્રંથોની સાથે દશ્ય - શ્રાવ્યનું મહત્વ વધતાં આ લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. હાલમાં આ પુસ્તકાલય પાસે ૨૪૭ ઉપરાંત વિડીયો કેસેટસ છે.

**ઓડિયો કેસેટ શ્રવણ વિભાગ :-**

ગુજરાતનાં સાહિત્ય સર્જકોની ગદ્ય-પદ્ય કૃતિઓનું સ્વમુખે પઠન કરાવે તેવી કુલ ૪૯ કેસેટ તથા વિશિષ્ટ સર્જકોની ભારતીય રાગ સંગીતની માણવા યોગ્ય સ્વર વાદ્યની સંકલિત ૩૪૩ કેસેટસ વસાવવામાં આવી છે.

**આર્ટ અને પિકચર ગેલેરી :-**

કાયમી ધોરણે આયોજન કરવામાં આવેલ આર્ટ ગેલેરીમાં 'અમદાવાદ ગઈકાલ અને આજના' ફોટોગ્રાફ્સ વિશેષ આકર્ષણ ધરાવે છે.જેમાં અમદાવાદને લગતા ૯૬ પુસ્તકોનો વિશીષ્ટ સંગ્રહ કરવામાં આવે છે.

**પેપર કલીપીંગ ફાઈલ :-**

વાર તહેવાર, જન્મ જયંતિ, પૂણ્યતિથી પ્રસંગે વિવિધ પ્રદર્શનો ગોઠવવામાં આવે છે.તેમજ રાજનૈતિક ઘટનાક્રમને લગતી અલગ અલગ વિષયોની ફાઈલો તૈયાર કરવામાં આવે છે.અહેવાલના વર્ષ દરમ્યાન ૮૧ નવી ફાઇલો તૈયાર કરવામાં આવેલ છે.

**બાળકો માટેનું ફરતું પુસ્તકાલય :-**

શહેરનાં પરા અને મજૂર વિસ્તારનાં બાળકોને ઘરઆંગણે પુસ્તકાલયની સેવાઓ મળી રહે તે માટે સને ૧૯૭૯ થી ફરતુ બાળ પુસ્તકાલય શરૂ કરવામાં આવેલ છે. જે કુલ ૧૦ વિસ્તારનાં ૨૭ સેવા કેન્દ્રો ઉપર ગ્રંથપરિક્રમણ સેવા આપે છે.અહેવાલી વર્ષમાં ૨૫૯ બાળકો સભાસદ બન્યા હતા અને તેઓએ કુલ ૭૧૩૩ ગ્રંથનો લાભ લીધો હતો.

**મહિલાઓ માટે ફરતું પુસ્તકાલય :-**

ગૃહકાર્યમાં વ્યસ્ત મહિલાઓ નવરાશના સમયનો સર્જનાત્મક ઉપયોગ કરે અને અદ્યતન માહિતી મેળવે તે હેતુને લક્ષમાં રાખી શહેરના દૂર અને પરા વિસ્તારની મહિલાઓને ઘરઆંગણે સુવિધા પુરી પાડવા સને ૧૯૮૯માં મહિલાઓ માટેના ફરતા પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે કુલ ૧૦ વિસ્તારના ૩૩ સેવા કેન્દ્રો ઉપર સેવા આપે છે. અહેવાલી વર્ષમાં ૭૧ સભાસદ મહિલાઓએ ૧૧૬૧૩ પુસ્તકોના વાંચનનો લાભ મેળવ્યો હતો.

**ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી :-**

પ્રગતિશીલ યુગમાં સમયનાં અભાવને કારણે અમદાવાદ તેમજ દૂરનાં અને પરાનાં મજૂર વિસ્તારોમાં જયાં ઈલેકટ્રોનિક સાધનો ઉપલબ્ધ નથી ત્યાં બાળકો તેમજ આમ જનતાને સામાજીક શૈક્ષણિક તેમજ વિજ્ઞાનથી માહિતગાર કરવા માટે આ લાયબ્રેરી વિના મૂલ્યે સેવાઓ પુરી પાડે છે. સોમવારથી શુક્રવાર દરમ્યાન આ મોબાઇલ વાન અલગ અલગ વિસ્તારમાં ૪૫ મીનીટ આ મનોરંજનાત્મક કાર્યક્રમોની કેસેટ બતાવામાં આવે છે.બાળકોમાં દેશભક્તિની ભાવના બળવતર બને તે માટે પરમવીરચક્ર,ચાણક્ય,ગાંધીજી,શહીદ વીર ભગતસિંહ જેવી ટી.વી. સીરીયલોની કેસેટસ પણ બનાવવામાં આવે છે. રામાયણ, મહાભારત જેવી સિરીયલોની કેસેટસનું મહિલાઓને બતાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલયો :-**

મા.જે.પુસ્તકાલય સંચાલિત વિજયનગર વાંચનાલય નારણપુરા વિસ્તારમાં તા.૧/૫/૯૭ થી હાઉસીગ બોર્ડના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. અહીં વાંચનકક્ષની સુવિદ્યા આપવામાં આવે છે. જેમાં ૧૫૦ વિદ્યાથીઓ એક સાથે બેસી વાંચી શકે છે. સામાન્ય રીતે જાન્યુઆરી સુધી વાંચનકક્ષનો સમય સવારે ૮ થી રાત્રિના ૮ સુધી ખુલ્લો રહેતો વાંચનકક્ષ

પરીક્ષા સમયે સવારે ૮ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લો રહે છે. વાંચનાલય વિભાગમાં કુલ ૬૪ વર્તમાનપત્રો-સામાયિકો પૈકી ૩૭ લવાજમથી મંગાવવામાં આવે છે. જેના લવાજમનું અહેવાલી વર્ષમાં ખર્ચ રૂા.૫૫,૫૨૭/- થયેલ હતું. વર્ષ દરમ્યાન કુલ ૧,૭૫,૬૨૬ વાંચકોએ લાભ લીધો હતો.સને૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન શાખા પુસ્તકાલય વિજયનગર ખાતે ૩૧૯ વયસ્ક,૯૭ આજીવન અને ૪૩ બાળકિશોર સભાસદ થયા હતા.વયસ્ક સભાસદોમાં કુલ ૬૮૨૪૦ ગ્રંથપરિક્રમણ થયેલ. બાળ કિશોર વિભાગમાં કુલ ૨૦૮૩૫ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

અજીત ભગત શાખા પુસ્તકાલય (કાલુપુર)માં મહિલાઓમાં લોકપ્રિય તેવા વિવિધ ભાષાના ૧૧ જેટલા સામાયિકો મંગાવવામાં આવલ હતા.જેનો ખર્ચ રૂા.૫૭૧૭/- થયેલ.વર્ષ દરમ્યાન મહિલા વિભાગમાં ૨૩૧૦ અને બાળકિશોર વિભાગમાં ૩૩૩૧ સભાસદો રહયા હતા.જેમાં અનુક્રમે કુલ ૪૨૩૨ અને ૩૭૧૬ગ્રંથ પરિક્રમણ થવા પામ્યા હતા.

સને ૧૯૯૮થી શરૂ કરવામાં આવેલ શાખા પુસ્તકાલય નરોડામાં વયસ્ક, બાળકો તેમજ મહિલાઓને ઉપયોગી થાય તેવા પુસ્તકો, વર્તમાનપત્રો તથા સામાયિકો મંગાવવામાં આવે છે.અહેવાલી વર્ષમાં અહીં મંગાવાયેલ ૭ સામાયિક-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવેલ છે.જયારે ૨ સામયિક વર્તમાન જેનો ભેટ સ્વરૂપે આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૧૦,૯૭૪/- થયેલ.અહીં વર્ષ દરમ્યાન વયસ્ક ૪ અને બાળકિશોર ૪ સભાસદ થયેલ. વર્ષ દરમ્યાન ૯૨૫૬ વાંચકોમાં ૩૫૨૦ ગ્રંથપરિક્રમણ થયેલ.જયારે બાળકિશોર વિભાગમાં કુલ ૧૨૭૪૦ બાળકોએ હાજરી આપેલ.બાળકિશોર વિભાગમાં ૪૨૯ ગુજરાતી અને ૨૫૮ મરાઠી પુસ્તકોનું ગ્રંથપરિક્રમણ થવા પામેલ.

## મ્યુ.કોર્પોરેશન રેફરન્સ લાયબ્રેરીઃ-

પુસ્તકાલય સંચાલીત મ્યુ.કોર્પો.માં રેફરન્સ લાયબ્રેરીનું તા.૨૩-૮-૨૦૦૪ના રોજ શુભારંભ કરવામાં આવેલ.આ લાયબ્રેરીમાં મુખ્યત્વે વહીવટી બાબતો,સંસદીય બાબતો,કાનુની બાબતો,વિવિધિ કોર્ટોના ચુકાદો,અ.મ્યુ.કોર્પો.અંગેની માહીતી,મ્યુ.કોર્પો.ને સ્પર્શતા કાયદા-કાનૂન અને નિયમો,અમદાવાદ શહેરની માહીતી,કેન્દ્ર સરકાર અને રાજયસરકારની વિવિધ યોજનાઓ,નીતિઓ,ઠરાવો,પરિપત્રો,મ્યુ.કોર્પો.ની વિધિ કમિટીઓ,સ્ટે.કમિટી અને જનરલ બોર્ડના એજન્ડા,ઠરાવો,પ્રોસીડીગ,મ્યુ.કોર્પો.ના તમામ ખાતાના સરક્યુલરો ઉપરાંત વિવિધ વિષયોના મોટી સંખ્યામાં પુસ્તકો અને સામયિકો રાખવામાં આવેલ છે.

**શાખા પુસ્તકાલયઃઅમરાઈવાડી**

અમદાવાદના પૂર્વ ઝોનના પરા વિસ્તારોના નગરજનોના લાભાર્થે ન્યુ કોટન સર્કલ પાસે અમરાઈવાડી વિસ્તારમાં તા.૭/૩/૦૫ના રોજ આ વાંચનાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો.આ વાંચનાલયમાં ૫ સામાયિકો અને ૭ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલયઃસરસપુર**

ઉત્તર ઝોન વિસ્તારના નગરજનોના લાભાર્થે મ્યુ.શાળા નં.૯-૧૦,સરસપુર માં તા.૭/૩/૦૫ના રોજ આ પુસ્તકાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો.આ વાંચનાલયોમાં ૧૪ સામાયિકો તેમજ ૧૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલય- હિંમતલાલપાર્ક**

શહેરથી દુર વસતા નાગરીકોને પુસ્તકાલય સેવા પુરી પાડવા મટે આઝાદ સોસા. પાસે હિંમતલાલ પાર્ક ખાતે તા.૧૦/૦૭/૦૬ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યુ આ વિભાગમાં વાંચનાલય વિભાગ,પુસ્તક આપ લે વિભાગ અને વિઘાર્થીઓને અભ્યાસલક્ષી અને વાંચનકક્ષની સુવિધા આપવામાં આવે છે.૪૦ વિઘાર્થીઓ એકસાથે બેસી શકે તેવી ક્ષમતા છે.વર્ષ દરમ્યાન દૈનિક સરેરાશ પ્રમાણે ૫૫ જેટલા વિઘાર્થીઓ એ આ વાચનકક્ષનો ઉપયોગ કરેલ છે.

**સામયિકઃ**-આંબાવાડી વિસ્તારના હાર્દ સમા હિમંતલાલ પાર્ક શાખા પુસ્તકાલયનમાં વાચકોનો પ્રિય વિભાગ વાંચનાલય છે.આ વિભાગમાં ૪૦ બેઠકોની વ્યવસ્થા છે.અઅ વિભાગ જાહેર તહેવારની રજા સિવાય ૧૨ કલાક સેવાઓ આપે છે.

**આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરીઃ-**

મણિનગર વોર્ડમાં ઉત્તમનગર વિસ્તારમાં આવેલ કમલા નહેરૂ ઉધાનની બાજુમાં આત્માના સહયોગથી બનાવવામાં આવેલ આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરી મણિનગરનું લોકાર્પણ તાઃ૧૧/૦૮/૨૦૦૭ ને શનિવારના રોજ માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શુભ હસ્તે કરવામાં આવ્યુ.

આ લાયબ્રેરીમાં ૪ સામયિકો તેમજ ૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

અહેવાલના વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય મણીનગરમાં આજીવન સભાસદની સંખ્યા ૬૩ હતી.જયારે વયસ્ક સભાસદની સંખ્યા ૧૩ હતી.અને વાચકોની સંખ્યા ૯૬૭૩ હતી.

**મા.જે.પુસ્તકાલય સંચાલિત ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરીઃ-**

વાસણા વોર્ડમાં ચંદ્રનગર પાસે આવેલ ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરીનું લોકાર્પણ તાઃ૦૨/૧૦/૦૭ ના રોજ માન.સંસદ સભ્યશ્રી સુરેન્દ્રભાઇ પટેલ અને માન.મેયરશ્રી અમિતભાઇ શાહના શુભ હસ્તે કરવામાં આવ્યુ.

આ લાયબ્રેરીમાં ૨૮ સામયિકો તેમજ ૧૫ વર્તમાન પત્રઓ મંગાવવામાં આવે છે.

અહેવાલી વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય વાસણામાં વયસ્ક સભાસદની સંખ્યા ૫૬૧ હતી.તથા બા.કિ.વિભાગમાં સભાસદની સંખ્યા ૨ હતી.તેમજ વાંચકોની સંખ્યા ૧૪૦૯૭ હતી.તથા શાખા પુસ્તકાલય વાસણામાં ગ્રંથ પરિક્રમની સંખ્યા ૧૭૪૬૫ હતી.

**મા.જે.પુસ્તકાલય સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી લાયબ્રેરી-વેજલપુરઃ-**

ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી ઓવરબ્રીજ નીચે વેજલપુર વિસ્તારમાં માન.સંસદ સભ્યશ્રી અને લોકસભા ના વિપક્ષનાનેતાશ્રી લાલકૃષ્ણ અડવાણીજીના બજેટમાંથી નવનિર્મિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી લાયબ્રેરીની લોકાર્પણ વિધી તાઃ૨૨/૦૧/૦૮ ના રોજ માન.મંત્રીશ્રી અમિતભાઇ શાહના વરદ્હસ્તે કરવામાં આવેલ

આ લાયબ્રેરીમાં ૯ સામયિકો તેમજ ૧૩ વર્તમાન પત્રો મંગાવવામાં આવે છે.

શાખા પુસ્તકાલય વેજલપુરમાં વાંચકોની સંખ્યા ૮૭૮૨ હતી.

**<u>વિશિષ્ટ સેવાઓ :-</u>**

વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરે તે માટે વિશિષ્ટ વાંચનેત્તર અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ યોજવામાં આવે છે. વર્ષાંતે કુલ ૨૩ પ્રદર્શનોનું આયોજન કરી વાચકોને ગ્રંથાલય પ્રતિ આકર્ષવામાં આવેલ છે. બાળકોની વક્તૃત્વ કલાના વિકાસાર્થે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

## સાહિત્ય વર્તુળ :-

૧૮ જુલાઇ ૧૯૮૫થી સાહિત્ય વર્તુળની રચના કરવામાં આવી છે.આ વર્તુળ દ્વારા આજ સુધીમાં લગભગ ૩૫૨ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી યોજાય છે. જેમાં કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટયકાર, નિબંધકાર, પત્રકાર, વિવેચક, હાસ્ય લેખક વિગેરેનો સમાવેશ થાય છે.પ્રતિષ્ઠિત સર્જકો ઉપરાંત નવોદિત લેખકો,કવિઓ અને તેમની કૃતિઓની નવોદિત લેખક સમારોહમાં અભિવ્યક્તિ કરવામાં આવી હતી.તેમજ સાહિત્ય વર્તુળની મારી અનુપમ ક્ષણ ગુજરાતી સાહિત્ય કવીઝ, મારૂ પ્રિય પુસ્તક અને પાદપુર્તિ જેવા વાંચનન ભાવ જગતને સાહિત્ય સુઝને મુખરીત કરતા વિશેષ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.આ સાહિત્ય વર્તુળના ઉપક્રમે જુદા જુદા લેખકો સાથેનો વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ભવિષ્યમા ંઆ પુસ્તકાલય દ્વારા સિનિયર સીટીઝન કોર્નર,પુસ્તકાલયમા ંઓડિયો-વિડીયો,સી.ડી તથા વી.સી.ડી.વસાવવા મ્યુ.કોર્પો. સંચાલિત શાળાઓ અને બાલભવનમાં જગાની અનૂકુળતા મુજબ વિદ્યાર્થીઓ માટે વાંચનાલયની રચના,સંપુર્ણ વાચન સામગ્રીનું કેટલોહ તથા તમામ વિભાગનું કોમ્પ્યુટરાઇઝેશન ,પુસ્તકાલયમાં લેન

સીસ્ટમ અને ઈન્ટરનેટ સીસ્ટમનું આયોજન, ગાંધી સાહિત્ય અને ઇ.સ. ૧૯૦૦ પહેલાના પુસ્તકોનું માઇક્રો ફિલ્મીકરણ,ઇ બુકસ-ઇ જર્નલ્સ,રાષ્ટ્રીય પુસ્તકમેળો ,ઈનામી કૃતિઓનો સંગ્રહ ,સીનીયર સીટીઝન અને અશકત વાચકોને ઘેર બેઠા વાંચન સેવાઓ પુરી પાડવી ,રમકડાગૃહો અને બાળ કિશોર વિભાગનો વિકાસ,કોર્પો.ના દરેક ઝોનમાં સમૃધ્ધ અને અધતન પુસ્તકાલયો શરૂ કરવા,બાળ કિશોર વિભાગ અને મહિલા વિભાગનું નવીનીકરણ ,સીની.સીટીઝન અને અશકત વાચકો માટે પુસ્તકાલયોમાં લીફટની સુવિધા જેવા ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવાની વિચારણા ચાલુ છે.

**પત્રક ૯.૭.૧**
**સંક્ષિપ્ત માહિતી**

| | |
|---|---|
| **સ્થાપના વર્ષ** | ૧૯૩૮ |
| **પુરસ્કર્તા** | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| **વ્યવસ્થા** | મા.જે.પુસ્તકાલય,વ્યવસ્થાપક મંડળ |
| **કુલ ખર્ચ** | રૂા.૨,૪૩,૫૮,૭૩૪/- પૂરા |
| **કર્મચારીગણ** | ૧૧૮ પૈકી હાલમાં ૮૨ જગ્યાઓ ભરેલી. |
| **વ્યાવસાયિક** | ૨૦ |
| **અર્ધ વ્યાવસાયિક** | ૨૯ |
| **બિન વ્યાવસાયિક** | ૩૩ |
| **વાચક સેવાઓ :-** | |
| સામાન્ય | વર્તમાનપત્રો- સામયિકો |
| | અધ્યયન( સંદર્ભ ) |
| | અધ્યયન( વિદ્યાર્થી) |
| ગ્રંથ પરિક્રમણ | વયસ્ક |
| | બાળકિશોર |
| | મહિલા |
| | ફ.બા.પુ. |
| | ફ.મ.પુ. |
| | શાખા પુસ્તકાલય<br>(વિજયનગર, કાલુપુર, નરોડા,સરસપુર-હિંમતલાલપાર્ક) |
| | વયસ્ક |
| | બાળકિશોર |
| | બ્રેલ |
| | આંતર ગ્રંથાલય |
| **પ્રલેખન માહિતી સેવા** | અનુલય ( સંદર્ભ ) |
| | માહિતી |
| | વાડમય સૂચિ |
| | પ્રતિલિપિ |
| **વિભાગીય** | રમકડાં વિભાગ |

| | |
|---|---|
| | બાળકિશોર વિભાગ |
| | બાળ સંગ્રહાલય |
| | બ્રેલ અને ટોકિંગ બુક |
| | મહિલા વિભાગ |
| વિસ્તરણ | શાખા પુસ્તકાલય |
| | ફરતું બાળ પુસ્તકાલય |
| | આર્ટ અને પિક્ચર ગેલેરી |
| | મહિલાઓ માટેનું ફરતું પુસ્તકાલય |
| | ડીજીટલ લાયબ્રેરી |
| | કાવ્યધારા |
| | કેસેટસ શ્રવણ |
| | ગ્રંથ પ્રદર્શન |
| | દ્રશ્ય - શ્રાવ્ય |
| | ઓડિયો |
| | ઓડિયો – વિડીઓ<br>સીડી- ડી.વી.ડી. - વી.સી.ડી. |
| | જ્ઞાનસત્ર<br>ઇ.બુક્સ , ઇ.જર્નલ્સ,ડીજીટલાઇઝેશન |
| | જ્ઞાનોદ્યાન |
| | સાંસ્કૃતિક પ્રવૃતિઓ |
| | વિસ્તરણ પ્રવૃતિઓ |
| | ઉદ્યાન પુસ્તકાલય |
| | કોમ્પ્યુટર |
| | શાખા પુસ્તકાલય - વિજયનગર |
| | અજીત ભગત મહિલા પુસ્તકાલય |
| | શાખા પુસ્તકાલય - નરોડા,સરસપુર,હિંમતલાલ પાર્ક |
| | વાંચનાલય- અમરાઈવાડી |
| | મ્યુ.કોર્પો.રેફરન્સ લાયબ્રેરી |
| | આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લયબ્રેરી -મણિનગર |
| | ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સુરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરી વાસણા |
| **શિક્ષણ વિભાગ** | ગ્રંથાલય પ્રશિક્ષણ |
| | વાંચનાલય |
| | અધ્યયન ( કિશોર ) |
| | અધ્યયન ( વયસ્ક ) |
| | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પ્રમાણપત્ર અભ્યાસક્રમ વર્ગ(સરકાર માન્ય) |

| | |
|---|---|
| **ગ્રંથ ભંડાર ( સામાન્ય )** | દેય |
| | અદેય |
| **ગ્રંથભંડાર ( વિશિષ્ટ )** | આપણું અમદાવાદ |
| | ગુજરાત સ્થાનિક ઈતિહાસ |
| | ૧૯૦૦ પહેલાં પ્રકાશિત ગુજરાતી ભાષાનાં પુસ્તકો |
| | નવલકથા સંગ્રહ |
| | અમદાવાદનો વારસો-અમદાવાદનો અક્ષરદેહ-અમદાવાદની અસ્મિતા |
| **વિશિષ્ટ સાહિત્ય** | સત્યાગ્રહ આશ્રમ |
| | ગાંધી સાહિત્ય |
| | નહેરૂ સાહિત્ય |
| | સરદાર પટેલ સાહિત્ય |
| | ડૉ.આંબેડકર સાહિત્ય |
| | સર્જનશીલા |
| | રીસર્ચ એન્ડ રેડી રેફરન્સ વિભાગ |
| | એજયુકેશનલ એન્ડ વોકેશનલ ગાઈડન્સ વિભાગ |
| | કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ |
| | બ્રેલ એન્ડ ટોકીગ બુક લાઈબ્રેરી |
| **વિશિષ્ટ** | પેપર ક્લીપીગ ફાઇલ |
| **નવા ઉમેરાયેલાં ગ્રંથો** | ૧૨૬૩૪ |
| **કુલ ગ્રંથસંગ્રહ** | ૬૭૧૫૮૬ |
| **સામયિકો** | ૫૨૪ |
| **કુલ સભ્ય સંખ્યા** | |
| વયસ્ક<br>સામાન્ય<br>વિજયનગર<br>નરોડા<br>વિશિષ્ટ<br>મહિલા(મોબાઇલ)<br>મહિલા(કાલુપુર)<br>આજીવન<br>આજીવન(વિજયનગર)<br>સરસપુર<br>હિમ્મતલાલપાર્ક | ૧૮૪૨૪<br>(તમામ પુસ્તકાલયો સાથે)<br>તમામ વિભાગો-શાખા પુસ્તકાલયો માટે વાચક સભ્યપદ કોમન છે.તા-૩૧/૦૩/૦૮ સુધીની આશરે આજીવન વાચક સંખ્યા ૧૨૩૩૮ છે.બે વર્ષના બ્લોક વર્ષની વાચક સંખ્યા આશરે ૨૧૭૭ છે. |
| બાળકિશોર<br>આજીવન<br>ફરતુ પુસ્તકાલય | ૧૫૨૪<br>(તમામ પુસ્તકાલયો સાથે)<br>તમામ વિભાગો-શાખા પુસ્તકાલયો માટે વાચક સભ્યપદ |

| | |
|---|---|
| વિજયનગર<br>કાલુપુર<br>નરોડા | કોમન છે.તા-૩૧/૦૩/૦૮ સુધીની આશરે આજીવન વાચક સંખ્યા ૧૨૦૫ છે.બે વર્ષના બ્લોક વર્ષની વાચક સંખ્યા આશરે ૫૪૨ છે. |
| **કુલ ગ્રંથ પરિક્રમણ** | |
| વયસ્ક | ૨૭૧૧૫૫ |
| બાળકિશોર | ૪૩૬૯૧ |
| **ફરતું બાળ પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૩૩ |
| **ફરતું મહિલા પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૩૩ |
| **ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી** | |
| વિસ્તાર | ૧૩ |
| સેવા કેન્દ્ર | ૧૫ |

**નોંધઃ** પુસ્તકાલયના ઠરાવ નં.૮૩ઃ૦૩-૦૪ તા.૦૩/૦૩/૦૪ અનુસાર આજીવન અને સામાન્ય સભ્યપદના તમામ પ્રકારના વાચકસભ્યો તેમની વાંચક ટીકીટોનો ઉપયોગ મા.જે.પુસ્તકાલય,શાખા પુસ્તકાલયો,ફરતા પુસ્તકાલયો,અને ડીજીટલ લાઈબ્રેરીમાં એક સરખી રીતે (કોમન) ઉપયોગ કરી શકે છે.પરંતુ તેઓએ જે જગ્યાએથી પુસ્તકો મેળવ્યા હોય ત્યાં જ જમા કરાવવાના રહેશે.

## પત્રક ૯.૭.૨

## પુસ્તકાલયના તમામ પુસ્તકોની ભાષાવાર અને વિષયવાર માહિતી : ૨૦૦૮-૦૯

| વિષય | અંગ્રેજી | ગુજરાતી | હિન્દી | ઉર્દૂ | મરાઠી | સંસ્કૃત | બંગાળી | સિંધી | ફ્રેંચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સર્વસાધારણ | ૧૦૬ | ૮ | ૫૩ | ૮ | - | - | - | - | - | ૧૭૫ |
| તત્વજ્ઞાન | ૧૭ | ૫૧ | ૧૨ | - | - | - | - | - | - | ૮૦ |
| ધર્મ | ૧૦૨ | ૧૫૦ | ૮૯ | ૪ | - | - | - | - | - | ૩૪૫ |
| સમાજશાસ્ત્ર | ૪૦૮ | ૩૮ | ૧૨૭ | - | - | - | - | - | - | ૫૭૩ |
| ભાષાઅલંકાર | ૪૦ | ૮ | ૧૦ | ૧ | - | - | - | - | - | ૫૯ |
| વિજ્ઞાન | ૫૩ | ૧૦ | ૨૪ | - | - | - | - | - | - | ૮૭ |
| ઉપયોગી કળાઓ | ૧૩૬ | ૩૯ | ૨૭ | - | - | - | - | - | - | ૨૦૨ |
| લલિતકળાઓ | ૬૮ | ૧૭ | ૧૮ | - | - | - | - | - | - | ૧૦૩ |
| સાહિત્ય( નવલકથા સિવાય ) | ૨૫૭ | ૧૦૫૯ | ૧૦૦૦ | ૧૭૪ | - | ૨ | - | - | - | ૨૪૯૨ |
| જીવનચરિત્ર | ૭૪ | ૫૯ | ૮૮ | ૩ | - | - | - | - | - | ૨૨૪ |
| ભૂગોળ પ્રવાસ | ૨૨ | ૩ | ૯ | - | - | - | - | - | - | ૩૪ |
| ઈતિહાસ | ૩૭ | ૬ | ૩૪ | ૧ | - | - | - | - | - | ૭૮ |
| નવલકથા | ૧ | ૭૩૯ | ૩૯ | ૨૮ | - | - | - | - | - | ૮૦૭ |
| બાળ સાહિત્ય | ૧૭૩ | ૬૨૮ | ૩૨૩ | - | - | - | - | - | - | ૧૧૨૪ |
| ફરતું બાળ પુસ્તકાલય | - | ૨૨ | - | - | - | - | - | - | - | ૨૨૨ |
| મહિલા વિભાગ | ૫૫ | ૨૬૦ | ૬૨ | - | - | - | - | - | - | ૩૭૭ |
| સર્જનશીલા | - | - | - | - | - | - | - | - | - | - |
| ફરતું મહિલા વિભાગ | - | ૧૯૭ | ૨ | - | - | - | - | - | - | ૧૯૯ |
| અમદાવાદનો અક્ષરદેહ | - | - | - | - | - | - | - | - | - | - |
| પુસ્તક સન્માન યોજના | - | - | - | - | - | - | - | - | - | - |
| મ્યુ.કોર્પો.રેફ.લાય. | - | - | - | - | - | - | - | - | - | - |
| શાખા પુસ્તકાલય – વિજયનગર | ૧૨૯ | ૬૩૨ | ૧૪૨ | - | - | - | - | - | - | ૯૦૩ |
| શાખા પુસ્તકાલય – કાલુપુર | - | ૧૬૩ | ૧૮ | - | - | - | - | - | - | ૧૮૧ |
| શાખા પુસ્તકાલય – નરોડા | - | ૩૬૩ | ૧૭ | - | - | - | - | - | - | ૩૮૦ |
| શાખા પુસ્તકાલય- સરસપુર | - | ૩૪૨ | ૧૭ | - | - | - | - | - | - | ૩૫૯ |
| **શાખા પુસ્તકાલય હિંમતલાલપાર્ક** | ૧૧ | ૨૯૨ | ૨૯ | - | - | - | - | - | - | ૩૩૨ |
| **શા.પુ.મણીનગર** | ૮૪૯ | - | - | - | - | - | - | - | - | ૮૪૯ |
| **શા.પુ.વાસણા** | - | ૩ | ૩ | - | - | - | - | - | - | ૬ |
| **શા.પુ.વેજલપુર** | - | ૪૩૫ | - | - | - | - | - | - | - | ૪૩૫ |
| **ન.પ.ઝોન.ફ.બા.પુ.** | ૧૯૭ | ૧૦૬૩ | ૭ | - | - | - | - | - | - | ૧૨૬૭ |
| **શાહીબાગ મહિલા લાય.** | ૨૩ | ૬૩૩ | ૮૫ | - | - | - | - | - | - | ૭૪૧ |
| **કુલ** | **૨૭૫૮** | **૭૪૨૦** | **૨૨૩૫** | **૨૧૯** | - | ૨ | - | - | - | **૧૨૬૩૪** |

# ૧૦ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ.

## ૦૮-૦૯

અ.મ્યુ.ટ્રા.સર્વિસનો વહીવટ મ્યુ.કોર્પો. એકટની જોગવાઈઓ અનુસાર નિમાયેલ ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રીની દેખરેખ નીચે ચાલે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા વખતો-વખત નકકી થતી નીતિ અનુસાર વહિવટી તંત્રનું સંચાલન કરવાનું કામ ખાતાના વડાઅધિકારી તરીકે ટ્રાન્સપોટ મેનેજરશ્રી બજાવે છે.

અમદાવાદ શહેરના બસ વ્યવહારનું રાષ્ટ્રીયકરણ સને ૧૯૪૭માં કરવામાં આવ્યું અને અમદાવાદ મ્યુનિસિપાલીટીએ શહેરમાં બસ પરિવહનનું ભગીરથ કાર્ય શરૂ કર્યું. આ સંસ્થાએ સને ૨૦૦૮-૨૦૦૯માં ૬૨ વર્ષ પુરા કર્યા છે. જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સામાન્ય રીતે સંચાલન થાય છે.

અમદાવાદ શહેરની વસ્તીમાં તથા વિસ્તારમાં પ્રતિવર્ષ વધારો થતો જ જાય છે. આ વધારા પ્રમાણે પ્રવાસી જનતાને પરિવહનની સગવડતા મળી રહે તે માટે સંસ્થા પોતાના મર્યાદિત સાધનોથી શકય તેટલા પ્રયત્નો કરે છે.

ફકત ૩૮ રૂટો પર ૧૧૨ બસોના કાફલાથી આ સંસ્થાનો પ્રારંભ થયો. હાલ સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં સરેરાશ રોડ પર ફરતી બસોની સંખ્યા ૩૯૩ + ૪૨૩ = ૮૧૬ અને વર્ષ આખરે રૂટની સંખ્યા ૧૫૬ થઈ છે. વર્ષ આખરે ફલીટની સંખ્યા જે હતી તે નીચે જણાવેલ કોઠા મુજબ છે.

| અ.નં. | વિગત | સંસ્થાના વાહનોની સંખ્યા | પ્રાઈવેટ ઓપરેટરના વાહનોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સ્પે.વાઈકીંગ | ૨૧૩ | - |
| ૨ | વાઈકીંગ | ૧૩૮ | - |
| ૩ | લેલેન્ડ માર્ક-૩ | ૧ | - |
| ૪ | ટાટા | ૨૦ | - |
| ૫ | સી.એન.જી. | ૧૦૩ | - |
| | **કુલ :-** | **૪૭૫** | **૫૨૬** |

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન સંસ્થાની બસોમાં પ્રવાસ કરતાં પ્રવાસીઓમાં થયેલ ઘટાડાને ધ્યાનમાં રાખી વધુ પ્રવાસીઓ બસ સેવા તરફ આકર્ષાય અને તેટલા અંશે વધુ આવક મેળવી શકાય તે માટે નીચે મુજબનાં પગલાઓ ભરવામાં આવેલા છે.

૧.પ્રવાસીઓ માટે સહેલાઈથી પ્રવાસ કરવા માટે " મનપસંદ પ્રવાસ યોજના " અઠવાડિયાના તમામ દિવસો માટે સોમથી રવિ સવારના ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી અમલી બનાવાઈ છે. આ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ ઘટાડેલા દરે સ્ત્રીઓ માટે રૂા.૧૦/- અને બાળકો માટે રૂા.૩/-ના દરો મુજબની "મન પસંદ પ્રવાસ યોજના " બપોરનાં ૧૧.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી અમલી બનાવેલ છે.

૨.નિયમિત પ્રવાસ કરતાં પ્રવાસીઓ માટે ૫૦ ટકાના ભાડા મુજબની માસિક, ત્રિમાસિક પાસ યોજના ચાલુ રાખેલ છે.
સને ૨૦૦૮-૨૦૦૯નાં વર્ષ દરમ્યાન શહેરીજનોનાં સ્વાસ્થ્ય અને સુખાકારી માટે તેમજ પર્યાવરણની સાચવણીનાં ભાગરૂપે સંસ્થાની બસોમાં ડીઝલની બસો સાથે ગેસ આધારિત સી.એન.જી.બસોનો પ્રારંભ કરવામાં આવેલો છે.

**અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ**

**પત્રક -૧૦.૧**

| વર્ષ | દરરોજની સરેરાશ કુલ આવક | દરરોજના સરાસરી પ્રવાસીઓ | વર્ષ દરમ્યાન કુલ પેસેન્જરોની સંખ્યા | દરરોજના ગ્રોસ કી.મી. | વર્ષ દરમ્યાન કુલ ગ્રોસ કી.મી. |
|---|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ AMTS | ૧૮૧૩૪૨૬ | ૩૯૭૮૯૦ | ૧૪૫૨૩૦૦૦૦ | ૮૨૮૩૧ | ૩૦૨૩૩૨૩૪ |
| ૨૦૦૫-૦૬ PVT | ૫૨૧૩૮૬ | ૧૮૧૩૬૪ | ૬૬૧૯૮૦૦૦ | ૪૦૨૫૦ | ૧૪૬૯૧૨૫૦ |
| ૨૦૦૬-૦૭ AMTS | ૧૬૯૧૧૮૯ | ૪૩૧૩૭૬ | ૧૫૭૪૫૨૦૦૦ | ૮૯૧૩૧ | ૩૨૫૩૨૬૯૫ |
| ૨૦૦૬-૦૭ PVT | ૯૧૭૪૦૩ | ૩૧૪૯૧૮ | ૧૧૪૯૪૫૦૦૦ | ૮૧૩૨૭ | ૨૯૬૮૪૫૩૧ |
| ૨૦૦૭-૦૮ AMTS | ૧૫૧૫૬૯૭ | ૪૦૧૫૦૮ | ૧૪૬૯૫૨૦૦૦ | ૮૮૨૮૧ | ૩૨૩૧૦૮૯૯ |
| ૨૦૦૭-૦૮ PVT | ૧૪૮૪૫૧૨ | ૪૪૨૨૬૫ | ૧૬૧૮૬૯૦૦૦ | ૧૨૧૯૨૮ | ૪૪૬૨૫૫૫૫ |
| ૨૦૦૮-૦૯ AMTS | ૧૬૪૭૫૦૮ | ૩૮૭૩૯૦ | ૧૪૧૩૯૭૦૦૦ | ૮૪૦૯૪ | ૩૦૬૯૪૧૫૭ |
| ૨૦૦૮-૦૯ PVT | ૧૫૪૫૩૩૧ | ૪૩૩૦૭૪ | ૧૫૮૦૭૨૦૦૦ | ૧૦૭૯૫૨ | ૩૯૪૦૨૫૮૦ |

પત્રક -૧૦.૨

| ક્રમ | વિગત | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૧મી માર્ચના રોજ બસોનું ફલીટ | ૮૪૮ | ૧૦૨૫ | ૯૮૬ | ૧૦૦૧ |
| ૨ | સરેરાશ દૈનિક રોડ ઉપર ફરતી બસોની સંખ્યા | ૫૪૫ | ૭૨૭ | ૮૮૪ | ૮૧૬ |
| ૩ | રોડ પર ફરતી બસોની કેરીંગ કેપેસીટી | ૩૨૫૩૩ | ૪૧૮૦૧ | ૫૧૩૯૩ | ૪૮૫૦૦ |
| ૪ | વર્ષ દરમ્યાન કુલ ગ્રોસ કી.મી. | ૪૪૯૨૪૪૮૪ | ૬૨૨૧૭૨૨૬ | ૭૨૪૮૦૦૧૬ | ૭૦૦૯૬૭૩૭ |
| ૫ | દરરોજની સરેરાશ સીંગલ ટ્રીપોની સંખ્યા | ૮૦૬૭ | ૧૦૫૬૭ | ૧૧૬૮૪ | ૧૦૪૫૨ |
| ૬ | વર્ષ દરમ્યાન કુલ પ્રવાસીઓની સંખ્યા | ૨૧૧૪૨૮૦૦૦ | ૨૭૨૩૯૭૦૦૦ | ૩૦૮૮૨૧૦૦૦ | ૨૯૯૪૬૯૪૦૨ |
| ૭ | દરરોજના સરેરાશ પ્રવાસીઓની સંખ્યા | ૫૭૯૨૫૪ | ૭૪૬૨૯૪ | ૮૪૩૭૭૩ | ૮૨૦૪૬૪ |
| ૮ | વર્ષ દરમ્યાન કુલ આવક (રૂા.) | ૮૫૨૨૦૬૬૩૯ | ૯૫૨૧૩૬૧૪૧ | ૧૦૯૮૦૭૬૬૪૪ | ૧૧૨૯૬૦૩૦૦૦ |
| ૯ | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ (રૂા.) | ૧૨૪૩૭૩૮૪૮૫ | ૧૧૮૨૪૦૧૪૭૭ | ૧૯૫૦૨૯૧૧૧૨ | ૨૧૩૭૨૮૧૦૦૦ |
| ૧૦ | એસ્ટાબલીસમેન્ટનું ખર્ચ (રૂા.) | ૫૫૭૧૩૨૮૪૯ | ૭૨૩૯૭૧૮૭૬ | ૭૬૮૫૫૫૧૮૦ | ૯૫૨૮૦૦૦૦૦ |
| ૧૧ | પોલીસમાં નોંધાયેલા અકસ્માતોની સંખ્યા | ૫૨ | ૭૭ | ૮૫ | ૧૯૪ |
| ૧૨ | વર્ષ દરમ્યાન પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા | ૧૫ | ૧૬ | ૩૩ | ૧૯ |
| ૧૩ | લોડ ફેકટરનું પ્રમાણ (%) | ૬૦.૭૦ | ૬૩.૯૦ | ૫૪.૭૭ | ૫૪.૩૩ |
| ૧૪ | દરરોજના સરેરાશ કે.એમ.પી.એલ. | ૩.૫૫ | ૩.૫૪ | ૩.૪૭ | ૩.૪૯ |
| ૧૫ | વર્ષ આખરે રૂટની કુલ સંખ્યા | ૧૩૧ | ૧૪૩ | ૧૫૨ | ૧૫૬ |

**નોંધ :-** ૨૦૦૮-૦૯માં કુલ આવક અને કુલ ખર્ચ અને એસ્ટા. ખર્ચના આંકડા એકાઉન્ટ ખાતેથી પ્રોવિઝનલ આંકડાને આધારે દર્શાવેલ છે.

## બસોની ઉમર

## ૩૧મી માર્ચના રોજ બસોની સંખ્યા

| અ.નં | ગાડી નં. | મેઈક | ઉમર વર્ષમાં | બસોની સંખ્યા | કુલ ઉમર બસોની |
|---|---|---|---|---|---|
| ૧ | *૧ થી ૪ વર્ષ* | | | | |
| | સી.એન.જી.૫૮ થી ૧૦૨ | ટાટા | ૩ | ૪૫ | ૧૩૫ |
| | સી.એન.જી.૩ થી ૫૭ | ટાટા | ૪ | ૫૫ | ૨૨૦ |
| | કુલ | | | ૧૦૦ | |
| ૨ | *૫ થી ૮ વર્ષ* | | | | |
| | સી.એન.જી.૧ | લેલેન્ડ | ૫ | ૧ | ૫ |
| | સી.એન.જી.૨ | ટાટા | ૫ | ૧ | ૫ |
| | જલપરી | લેલેન્ડ માર્ક-૩ | ૮ | ૧ | ૮ |
| | કુલ | | | ૩ | |
| ૩ | *૯ થી ૧૦ વર્ષ* | | | | |
| | ૭૨૬ થી ૭૪૫ | ટાટા | ૧૦ | ૨૦ | ૨૦૦ |
| | ૬૮૬ થી ૭૦૦ અને ૭૦૨ થી ૭૨૫ | લેલેન્ડ સ્ટાન્ડર્ડ વાઈકીંગ (નવી) | ૧૦ | ૩૯ | ૩૯૦ |
| | ૭૦૧ (સી.એન.જી રૂપાંતર) | લેલેન્ડ સ્ટાન્ડર્ડ વાઈકીંગ (નવી) | ૧૦ | ૧ | ૧૦ |
| | કુલ | | | ૬૦ | |
| ૪ | *૧૧ થી ૧૫ વર્ષ* | | | | |
| | ૯૧૬ થી ૯૧૯ | | ૧૨ | ૪ | ૪૮ |
| | ૫૨૫ થી ૫૩૦ | | ૧૨ | ૬ | ૭૨ |
| | ૫૮૬ થી ૬૭૦ | | ૧૨ | ૮૫ | ૧૦૨૦ |
| | ૬૭૨ થી ૬૮૫ | | ૧૨ | ૧૪ | ૧૬૮ |
| | ૪૩૧ થી ૫૧૨ | | ૧૩ | ૮૨ | ૧૦૬૬ |
| | ૫૧૪ થી ૫૨૪ | | ૧૩ | ૧૧ | ૧૪૩ |
| | ૫૩૧ થી ૫૮૫ | | ૧૩ | ૫૫ | ૭૧૫ |
| | ૯૧૧ થી ૯૧૫ | | ૧૩ | ૫ | ૬૫ |
| | પર્યટક બસ ૩ અને ૪ (એ.સી.) | | ૧૩ | ૨ | ૨૬ |
| | ૩૮૬ થી ૪૩૦ | | ૧૪ | ૪૫ | ૬૩૦ |
| | કુલ | | | ૩૦૯ | |
| ૫ | *૧૬થી ૨૦ વર્ષ* | | | | |
| | ૩૮૪ થી ૩૮૫ | | ૧૬ | ૨ | ૩૨ |
| | ૩૭૮ | | ૧૭ | ૧ | ૧૭ |
| | કુલ | | | ૩ | |
| કુલ બસો | | | | ૪૭૫ | ૪૯૭૫ |

| બસોની કુલ ઉંમર | બસોની સંખ્યા | એવરેજ બસોની ઉંમર |
|---|---|---|
| ૪૯૭૫ | ૪૭૫ | ૧૦.૪૭ |

ઉંમર પ્રમાણે બસો

| વર્ષ | બસોના નંબર | ટકાવારી (%) | |
|---|---|---|---|
| ૧ થી ૪ | ૧૦૦ | ૨૧.૦૫ | |
| ૫ થી૮ | ૩ | ૦.૬૩ | |
| ૯ થી ૧૦ | ૬૦ | ૧૨.૬૩ | |
| ૧૧થી ૧૫ | ૩૦૯ | ૬૫.૦૫ | ૮ વર્ષ થી વધુ ઉંમર |
| ૧૬થી ૨૦ | ૩ | ૦.૬૩ | ૭૮.૩૨ |
| કુલ | ૪૭૫ | ૧૦૦.૦૦ | |

**પત્રક ૧૦.૪**

**એ.એમ.ટી.એસ.ની બસોની ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ દર્શાવતું પત્રક.**

| અ.નં. | વર્ષ | બસોની ઉંમર (વર્ષમાં) | | | | બસોની કુલ સંખ્યા | સરેરાશ ઉંમર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | | ૧થી૪ | ૫થી૮ | ૯થી૧૦ | ૧૧ અને વધુ | | |
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૦૦ | ૩ | ૬૦ | ૩૧૨ | ૪૭૫ | ૧૦.૪૭ |
| | ટકાવારી | (૨૧.૦૫) | (૦.૬૩) | (૧૨.૬૩) | (૬૫.૬૮) | ૧૦૦% | |

**પત્રક ૧૦.૫**

**બસોની ફ્લીટ, દૈનિક સરાસરી બસો, મુસાફરો અને ગ્રોસ કી.મી. દર્શાવતું પત્રક.**

| અનુ. નં. | વર્ષ | બસોની સંખ્યા | બસ રૂટસની સંખ્યા | રસ્તા પર ફરતી બસો | દૈનિક સરાસરી ગ્રોસ કી.મી. | દરરોજના સરાસરી મુસાફરોની સંખ્યા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ **AMTS** | ૪૮૪ | ૯૫ | ૪૧૯ | ૮૮૨૮૧ | ૪૦૧૫૦૮ |
| ૨ | **PVT** | ૫૦૨ | ૫૭ | ૪૬૫ | ૧૨૧૯૨૮ | ૪૪૨૨૬૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ **AMTS** | ૪૭૫ | ૯૨ | ૩૯૩ | ૮૪૦૯૪ | ૩૮૭૩૯૦ |
| ૪- | **PVT** | ૫૨૬ | ૬૪ | ૪૨૩ | ૧૦૭૯૫૨ | ૪૩૩૦૭૪ |

## પત્રક ૧૦.૬
## એ.એમ.ટી.એસ.ના ભાડાના દરોનું પત્રક

| અંતર કી.મી.માં | એ.એમ.ટી.એસ. (અમલ તા.૫-૧૧-૦૪) |
|---|---|
| ૦-૧ | ૧૦૦ |
| ૧-૨ | ૧૦૦ |
| ૨-૩ | ૩૦૦ |
| ૩-૪ | ૩૦૦ |
| ૪-૫ | ૪૦૦ |
| ૫-૬ | ૪૦૦ |
| ૬-૭ | ૫૦૦ |
| ૭-૮ | ૫૦૦ |
| ૮-૯ | ૬૦૦ |
| ૯-૧૦ | ૬૦૦ |
| ૧૦-૧૧ | ૭૦૦ |
| ૧૧-૧૨ | ૭૦૦ |
| ૧૨-૧૩ | ૭૦૦ |
| ૧૩-૧૪ | ૭૦૦ |
| ૧૪-૧૫ | ૮૦૦ |
| ૧૫-૧૬ | ૮૦૦ |
| ૧૬-૧૭ | ૮૦૦ |
| ૧૭-૧૮ | ૮૦૦ |
| ૧૮-૧૯ | ૯૦૦ |
| ૧૯-૨૦ | ૯૦૦ |
| ૨૦-૨૧ | ૯૦૦ |
| ૨૧-૨૨ | ૯૦૦ |
| ૨૨-૨૩ | ૧૦૦૦ |
| ૨૩-૨૪ | ૧૦૦૦ |
| ૨૪-૨૫ | ૧૦૦૦ |
| ૨૫-૨૬ | ૧૦૦૦ |
| ૨૬-૨૭ | ૧૧૦૦ |
| ૨૭-૨૮ | ૧૧૦૦ |
| ૨૮-૨૯ | ૧૧૦૦ |
| ૨૯-૩૦ | ૧૧૦૦ |
| ૩૦-૩૧ | ૧૧૦૦ |
| ૩૧-૩૨ | ૧૧૦૦ |
| ૩૨-૩૩ | ૧૨૦૦ |
| ૩૩-૩૪ | ૧૨૦૦ |
| ૩૪-૩૫ | ૧૨૦૦ |
| ૩૫-૩૬ | ૧૨૦૦ |
| ૩૬-૩૭ | ૧૨૦૦ |
| ૩૭-૩૮ | ૧૨૦૦ |
| ૩૮-૩૯ | ૧૩૦૦ |
| ૩૯-૪૦ | ૧૩૦૦ |

## પત્રક ૧૦.૭

### અ મ્યુ ટ્રા.સ.ની રોડ પર ફરતી બસોની છેલ્લા ત્રણ વર્ષની કેરીંગ કેપેસીટી અને તેનો ટકાવારી ઉપયોગ દર્શાવતું પત્રક.

| અનુ. નં. | વિગત | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | **AMTS** | **PVT.** | **AMTS** | **PVT.** | **AMTS** | **PVT.** |
| ૧ | રોડ ઉપર ફરતી બસોની સંખ્યા. | ૪૨૧ | ૩૦૬ | ૪૧૯ | ૪૬૫ | ૩૯૩ | ૪૨૩ |
| ૨ | રોડ ઉપર ફરતી બસોની કેરીંગ કેપેસીટી. | ૨૭૮૯૭ | ૧૩૯૦૫ | ૨૭૭૧૩ | ૨૩૬૮૦ | ૨૫૮૯૩ | ૨૨૬૦૭ |
| ૩ | રોડ ઉપર ફરતી પ્રતિબસદીઠ સરેરાશ કેરીંગ કેપેસીટી. | ૬૬.૨૬ | ૪૫.૪૧ | ૬૬.૧૪ | ૫૦.૯૨ | ૬૫.૦૭ | ૫૩.૪૫ |
| ૪ | દરરોજની સરેરાશ સીંગલ ટ્રીપો | ૫૮૪૨ | ૪૭૨૫ | ૫૭૫૭ | ૫૯૨૭ | ૫૩૩૨ | ૫૧૨૦ |
| ૫ | રોડ પર ફરતી બસોની દૈનિક સરેરાશ કેપેસીટી | ૩૮૭૦૯૧ | ૨૧૪૫૬૨ | ૩૮૦૭૬૮ | ૩૦૧૮૦૩ | ૩૪૬૯૫૩ | ૨૭૩૬૬૪ |
| ૬ | ખરેખર દૈનિક સરેરાશ મુસાફરોની સંખ્યા. | ૪૩૧૩૭૬ | ૩૧૪૯૧૮ | ૪૦૧૫૦૮ | ૪૪૨૨૬૫ | ૩૮૭૩૯૦ | ૪૩૩૦૭૪ |
| ૭ | કેરીંગ કેપેસીટીનો ટકાવારી ઉપયોગ. | ૧૧૧.૪૪ | ૧૪૬.૭૭ | ૧૦૫.૪૫ | ૧૪૬.૫૪ | ૧૧૧.૬૫ | ૧૫૮.૨૫ |

## પત્રક ૧૦.૮

### આવક, ખર્ચ અને ખોટની માહિતી દર્શાવતું પત્રક.

દૈનિક (રૂા. હજારમાં)

| અનુ. નં. | વર્ષ | વાર્ષિક (રૂા.લાખમાં) | | દૈનિક (રૂા.હજારમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | | આવક | ખર્ચ | આવક | ખર્ચ | ખોટ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૬૪૬૧.૨૦ | ૮૯૯૭.૮૭ | ૧૭૭૦ | ૨૪૬૫ | ૬૯૫ |
| ૨ | ૨૦૦૭-૦૮ **AMTS** | ૫૫૪૭.૪૫ | ૧૧૯૮૮.૦૭ | ૧૫૧૬ | ૩૨૭૫ | ૧૭૫૯ |
| | **PVT.** | ૫૪૩૩.૩૨ | ૭૫૧૪.૮૪ | ૧૪૮૪ | ૨૦૫૩ | ૫૬૯ |
| ૩ | ૨૦૦૮-૦૯ **AMTS** | ૫૭૩૧.૮૭ | ૧૩૪૫૭.૦૩ | ૧૫૭૦ | ૩૬૮૭ | ૨૧૧૭ |
| | **PVT.** | ૫૫૬૪.૧૬ | ૭૯૧૫.૭૮ | ૧૫૨૪ | ૨૧૬૯ | ૬૪૫ |

## પત્રક ૧૦.૯
## સ્ટોર્સ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ખરીદીની માહિતી દર્શાવતું પત્રક.

| અનુ. નં. | ખરીદીની વિગત | ખરીદીની કિંમત (રૂા.લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧ | લેલેન્ડ અને માઈક્રો | ૩૦૦.૭૭ | ૧૬૨.૫૪ | ૧૩૧.૨૬ |
| ૨ | મીનીબસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૬ |
| ૩ | સ્ટાફકાર અને મીસે. વેહીકલ્સ | ૧.૦૨ | ૦.૭૧ | ૦.૭૮ |
| ૪ | બેટરી | ૧૮.૩૩ | ૧૫.૫૧ | ૧૬.૬૬ |
| ૫ | મીસેલીનીયસ | ૭૭.૧૫ | ૪૮.૭૬ | ૩૮.૮૨ |
| ૬ | ટાયર રીસોલ્ટ | ૨૪.૦૪ | ૩૮.૪૦ | ૫૬.૩૨ |
| ૭ | ટાયર ટયુબ | ૮૪.૯૩ | ૯૩.૮૭ | ૭૫.૫૪ |
| ૮ | લુબ્રીકન્ટ | ૮૦.૪૦ | ૯૭.૫૩ | ૧૧૩.૮૩ |
| ૯ | ટુલ્સ | ૧.૪૯ | ૧.૮૦ | ૨.૨૧ |
| ૧૦ | તાતા | ૨૫.૮૬ | ૬૪.૫૪ | ૯૪.૯૮ |
| | કુલ | ૬૧૩.૯૯ | ૫૨૩.૬૬ | ૫૩૦.૪૬ |

## પત્રક ૧૦.૧૦
## કસુરદાર કર્મચારીઓને આપવામાં આવેલ નોટીસો તથા તેના નિકાલની માહિતી દર્શાવતું પત્રક.

| અનુ. નં. | વિગત | કુલ નોટીસ આપેલ કર્મચારીઓની સંખ્યા | નોટીસ કેસના નિકાલની માહિતી. | | | |
|---|---|---|---|---|---|---|
| | | | દંડ | તાકીદ | દફતરે | પેન્ડીંગ |
| ૧ | ડ્રાયવર્સ | ૮૮૫ | ૫૬૩ | - | ૯ | ૩૧૩ |
| ૨ | કંડકટર્સ | ૯૩૯ | ૬૧૮ | ૨ | ૨ | ૩૧૭ |
| ૩ | કુલ | ૧૮૨૪ | ૧૧૮૧ | ૨ | ૧૧ | ૬૩૦ |

## પત્રક ૧૦.૧૧

### કસુરદાર કર્મચારીઓ સામે મુકવામાં આવેલ ચાર્જશીટો અને તેના નિકાલની માહિતી દર્શાવતું પત્રક.

| ક્રમ | વિગત | કુલ ચાર્જશીટ કેસો | ચાર્જશીટ કેસમાં નિકાલની માહિતી. | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સખ્ત તાકીદ | લઘુત્તમ પગાર | દંડ | ઈન્ક્રી. રોકવા | સસ્પેન્ડ | બરતરફ | દફતરે | પેન્ડીંગ | કામ બંધ કરવાનું. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| ૧ | ડ્રાયવર્સ | ૧૦૬ | ૪ | - | ૫ | ૯ | - | - | ૩ | ૮૫ | - |
| ૨ | કંડકટર્સ | ૯૨ | - | ૨ | - | ૧૪ | - | - | ૧ | ૭૧ | ૪ |
| ૩ | ઓફિસ સ્ટાફ તથા સુપરવાઈઝરી સ્ટાફ | ૧૦ | - | - | - | ૧ | - | - | - | ૯ | - |
| | | ૨૦૮ | ૪ | ૨ | ૫ | ૨૪ | - | - | ૪ | ૧૬૫ | ૪ |

## પત્રક ૧૦.૧૨

### અકસ્માત અને બ્રેકડાઉનની માહિતી દર્શાવતું પત્રક.

| અ.નં. | વર્ષ | પોલીસમાં નોંધાયેલ કેસો | પોલીસમાં નહીં નોંધાયેલ કેસો | કુલ | વાર્ષિક ગ્રોસ કી.મી. લાખમાં | દૈનિક સરેરાશ બ્રેકડાઉન | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ટાયરમાં પંકચર સાથે | ટાયરમાં પંકચર વગર |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | ૨૦૦૭-૦૮ **AMTS** | ૫૮ | ૧૯૮ | ૨૫૬ | ૩૨૩.૧૧ | ૨૧ | ૧૬ |
| | **PVT** | ૨૩ | ૧૫૩ | ૧૮૦ | ૪૪૬.૨૬ | ૭૭ | - |
| ૨ | ૨૦૦૮-૦૯ **AMTS** | ૫૩ | ૧૫૧ | ૨૦૪ | ૩૦૬.૯૪ | ૨૩ | ૧૭ |
| | **PVT** | ૧૪૧ | ૩૪૭ | ૪૮૮ | ૩૯૪.૦૩ | ૯૫ | - |